ચોથી શ્રેણી

પુસ્તક ૩૧

તા. ૩જી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે
થી
તા. ૪થી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક ૩૧)**

## અ નુ ક્ર મ ણિ કા

**ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **ગુરુવાર, તા. ૩જી માર્ચ, ૨૦૧૬ ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૦ |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | ૧૧ | ૮૪ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૮૫ | ૮૬ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૮૭ | ૯૫ |
| બિન–સરકારી સંકલ્પો | ૯૬ | ૧૧૧ |
| **તા.૪થી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૧૨ | ૧૨૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨૪ | ૧૯૩ |
| અતારાંકિત યાદી | ૧૯૪ | ૩૯૪ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૯૫ | ૪૧૭ |

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૩જી માર્ચ, ૨૦૧૬**
**ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

અધ્યક્ષશ્રી : અત્યારે બેસી જાઓ. અત્યારે કોઇ ચર્ચા ન હોય આપ બેસી જાઓ. પ્લીઝ. આપ બેસી જાઓ. અત્યારે બેસી જાઓ. માનનીય પરેશભાઇ પ્રશ્ન મૂવ કરો.

અમરેલી શહેરમાં પાઇપલાઇનથી રાંધણ ગેસ પહોંચાડવાની કામગીરી

* ૨૧૯૭૬ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-જાન્યુઆરી ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી શહેરમાં પાઇપ લાઇન મારફતે રાંધણગેસ પહોંચાડવાની કામગીરી કયા તબક્કે છે, (૨) ઉક્ત કામગીરી કઈ કંપનીને સોંપવામાં આવેલ છે, અને | (૧) અને (૨) કોઈપણ શહેર, તાલુકા તથા ગામમાં પી.એન.જી. ઘર વપરાશનો ગેસ પુરો પાડવા માટે પી.એન.જી.આર.બી. દ્વારા ઓથોરાઈઝેશન જરૂરી છે. હાલમાં અમરેલી શહેરમાં પાઈપલાઈન દ્વારા ગેસ કનેકશન આપવા માટે કોઈ પણ શહેરી ગેસ વિતરણ કંપનીને પી.એન.જી.આર.બી.નું ઓથોરાઈઝેશન મળેલ નથી. |
| (૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) તાજેતરમાં પી.એન.જી.આર.બી. દ્વારા અમરેલી વિસ્તાર માટે સ્પર્ધાત્મક ધોરણે બિડિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે અને આ બિડિંગ પ્રક્રિયામાં ગુજરાત ગેસ લી. દ્વારા ભાગ લેવામાં આવેલ છે. પી.એન.જી.આર.બી. ની બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે તે સફળ બિડર (સીજીડી) કંપનીને ઉપરોક્ત વિસ્તાર ફાળવવામાં આવશે તે સીજીડી કંપની દ્વારા ઉપરોક્ત વિસ્તારમાં શહેરી ગેસ વિતરણ નેટવર્ક (પી.એન.જી./ સી.એન.જી.) સ્થાપવાની જરૂરી કામગીરી હાથ ધરી શકાય. |

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમરેલી શહેરમાં ઘરેઘરે પી.એન.જી. ગેસ આપવા માટે ગેસનો પુરવઠો અમરેલી સુધી પહોંચાડતી પાઇપલાઇનનું કામ હાલ કયા સ્તરે છે? હાઉસ કનેક્શન આપવાની કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે? માનનીય મંત્રીશ્રીએ જવાબમાં આપ્યું છે કે કોઇ કંપનીના પી.એન.જી.આર.બી. ઓથોરાઇઝેશન મળેલ નથી. પ્રક્રિયા ચાલુ કરી છે, તો આ પ્રક્રિયામાં ગુજરાત ગેસ સહિત કુલ કેટલી કંપનીઓએ ભાગ લીધો હતો? આ પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો? આ મહત્વનો મુદ્દો છે. ભૂતકાળમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ અમરેલીમાં આવી ઘરેઘરે લોકોને ગેસ પહોંચતો થશે તેવી જાહેરાત કરી હતી. અમરેલીના લોકો ઇચ્છે છે કે ઘરેઘરે ગેસ પહોંચે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી થોડીક બાબતો જાણવા માગું છું કે હાલ જે પી.એન.જી. નીચે અમરેલીને ગેસ નેટવર્કથી જોડવામાં આવશે. એમને એલ.પી.જી. સબસિડીવાળો બાટલો મળતો હતો, તો એલ.પી.જી. ઉપર સબસિડી મળે છે, તે પી.એન.જી. કનેક્શન લેનારને મળશે કે કેમ? બીજો મુદ્દો પી.એન.જી. કનેક્શન હોલ્ડર એક મહિનો, બે મહિના બહારગામ ગયા અને ગેસનો ઉપયોગ ન કરી શક્યા, તો જેમ ગાંધીનગરમાં મીનીમમ યુઝર્સ ચાર્જિસ છે, તો કેટલા યુનિટના મીનીમમ બિલ આકારવામાં આવશે. કેટલી રકમ વસૂલવામાં આવશે. ત્રીજો મુદ્દો છે કે ઘર વપરાશના પી.એન.જી. ઉપર સરકારી વેરા કયા કયા પ્રકારે અને કેટલા દરથી વસૂલવામાં આવશે?

શ્રી સૌરભ પટેલ : લાગણી સભ્યશ્રીની સમજી શકું છું. ઘણાં વર્ષોથી એમની માગણી હતી અને ભારતીય જનતા પાર્ટીની આ સરકાર ઇચ્છતી હતી કે વહેલામાં વહેલી તકે ગેસ અમરેલી શહેર અને જિલ્લામાં પહોંચે, પરંતુ કયા શહેરોને ગેસ આપવો એ રાજ્ય સરકારના હાથમાં નથી. પી.એન.જી.આર.બી. એ ઓપન ટેન્ડરની બીડ પ્રોસેસ કરે છે. અને બીડ પ્રોસેસ કર્યા પછી જેના લોએસ્ટ ભાવ આવે એ શહેરના લોકોને ગેસ આપવા માટે બીડમાં એ કંપનીને નક્કી કરતા હોય છે. રાજ્ય સરકારની જી.એસ.પી.એલ. ગેસ ટ્રાન્સમીશન પાઇપલાઇન છે, એમાં દાહોદ જાફરાબાદ પાઇપલાઇન ઓલરેડી નખાઇ ગયેલ છે. જે કોઇ સકસેસફુલ બીડર હશે તેણે આ ગેસમાંથી ખાલી ટેપિંગ ચાલુ કરવાનું છે. પી.એન.જી.આર.બી.એ ટેન્ડરની બીડ પ્રોસેસ ચાલુ કરી નાખેલ છે. અમરેલીના બીડ

એ લોકોએ જાન્યુઆરી–૨૦૧૬ ની અંદર બીડ પ્રોસેસ માટે મૂક્યા હતા. અને એ બીડ પ્રોસેસના આધાર ઉપર ગુજરાત ગેસે બીડ પ્રોસેસ ભર્યું છે. એક્સ્પેક્ટેશન છે કે એપ્રિલ–મે સુધીમાં ચોક્કસપણે પ્રક્રિયા ફાઇનલ થશે. પ્રક્રિયા ફાઇનલ થશે અને જે કંપનીનું બીડિંગ આવશે એ અમરેલીના આ શહેર માટે એ લોકો બીડિંગ કરશે. બીજું રેટની વાત કરી. એલ.પી.જી. બાટલમાં સબસિડી અપાય છે. ડોમેસ્ટિક ગેસ આજે ઘરવપરાશ માટે આપવામાં આવે છે. એ ડોમેસ્ટિક ગેસનો રાજ્યમાં જે ભાવ હશે તે ભાવે ડોમેસ્ટિક ગેસ આપવામાં આવશે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમરેલી જિલ્લામાં પી.એન.જી. અને સી.એન.જી. પૂરો પાડવા માટે કેટલી અરજીઓ મળેલ છે. તાજેતરમાં પી.એન.જી.આર.બી.ની બિડિંગ પ્રોસેસમાં અમરેલી જિલ્લાના કયા કયા તાલુકા અને ગામડાંઓનો કુલ કેટલો વિસ્તાર અને વસ્તીને આવરી લેનાર છે. અમરેલી શહેર અને જિલ્લામાં સફળ બીડર દ્વારા આવરી લેવામાં આવનાર પી.એન.જી. ઘરેલું ગ્રાહકો અને સી.એન.જી.સ્ટેશનોની સંખ્યા કેટલી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે ૯ અરજીઓ રાજ્ય સરકારમાં આવી હતી. તેમાં ધારાસભ્યશ્રી વઘાસીયાજીની અરજી હતી, પરેશભાઇ ધાનાણી તથા બાવકુભાઇ ઉંઘાડની પણ અરજી હતી. બીજા અન્ય લોકોની અરજીઓ પણ આપણને મળી છે. પરંતુ આપણા હાથમાં સત્તા ન હતી એટલે આપણે વારંવાર દરખાસ્ત વર્ષોથી કેન્દ્ર સરકારને કરતા હતા અને રજુઆત કરતા હતા કે તાત્કાલિક ઓથોરાઇઝેશન આપો. તે લોકોને પી.એન.જી. અને સી.એન.જી.ના ઓથોરાઇઝેશન માટે વિનંતી કરતા હતા. જયારે એન.ડી.એ. સરકાર આવી એટલે તેમણે આ બીડનું કામ હાથમાં લીધુ. અમરેલી આખા જિલ્લામાં બાબરા, કુંકાવાવ વડીયા, બગસરા, અમરેલી તાલુકો, લાઠી, લીલીયા, સાવરકુંડલા, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ આમ ૧૧ તાલુકાઓની અંદર ગેસની પાઇપલાઇન માટે બિડિંગ આવેલ છે. આ ઉપરાંત ૩૨ મોટા ગામડાંઓ કે જેની વસ્તી પાંચ હજાર કરતાં વધારે છે તેનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. કુલ એરીયા ૭૭૪૭ ચોરસ કિ.મી. છે. ૧૫ લાખની વસતિ છે અને ૩૨ મોટા ગામડાંઓનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૨ સી.એન.જી. સ્ટેશન અમરેલી જિલ્લાની અંદર નાંખવા પડે. અમરેલી શહેરની અંદર ૨૨ હજાર હાઉસ સરવેમાં એપ્રોક્સીમેટલી આવ્યા છે અને જિલ્લાની અંદર ૬૮ હજાર હાઉસનો પણ સરવે કરવામાં આવ્યો છે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગુ છું કે આનાથી આ યોજનાને વિસ્તારવામાં લોકોની સમજ પણ કેળવાશે. સી.એન.જી.માં મિનિમમ યુઝર્સ ચાર્જીસ જેમ ગેસની બોટલ લઇએ અને તે ન વાપરીએ તો કોઇ ચાર્જ લાગતો નથી. ગાંધીનગરમાં અમે રહીએ છીએ તો મિનિમમ ૩૦૦ થી ૩૫૦ રૂપિયાનું બીલ એકપણ યુનિટનો ગેસ વપરાશ કરતા નથી છતાં આવે છે. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે નોનયુઝ કનેકશન હોય તો તેમાં મિનિમમ કેટલા યુનિટ વપરાશ ગણવામાં આવશે અને તેના ઉપર કેટલી રકમ વસુલવામાં આવશે. બીજું પી.એન.જી. ઉપર કયા કયા પ્રકારના સરકારી વેરાઓ કેટલા ટકાના દરથી વસુલવામાં આવશે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે બિડિંગ પ્રોસેસની અંદર જે કંપની ક્રાઇટેરીયા મૂકશે કે હું આટલું ભાડુ લઇશ અને આટલા ચાર્જીસ લઇશ તો તેમાંથી ઓછામાં ઓછા જેના હશે તેને જ પી.એન.જી.આર.બી. ઓથોરાઇઝેશન કરશે. એટલે જેના ભાવ ઓછા હશે તેને મળશે. આમાં ઇન્ફ્રાસ્ટ્રકચર નાંખવામાં કરોડો રૂપિયા વપરાય છે. કરોડો રૂપિયાનું ઇન્ફ્રાસ્ટ્રકચર નાંખવાના કારણે બેઝીક ખર્ચ દરેક કંપનીઓ લેતી હોય છે. પરંતુ આપણે અહીં ગુજરાત ગેસે બિડીંગ કર્યુ છે તે ખૂબ એગ્રેસીવી બિડિંગ કર્યુ છે. ઓછામાં ઓછા રેટે ગુજરાતની પ્રજાને ગેસ મળે તે પ્રમાણે આપણે આગળ વધીશું. બીજુ રાજય સરકારના જે ટેકસેસનના રેટ હોય છે તે રેટ આખા રાજયમાં જે રીતે લાગતા હોય છે તે રીતે અહીં લગાવીશું.

બોટાદ જિલ્લામાં પૂર્ણ કરેલ વ્યક્તિગત શૌચાલય

* ૨૦૮૭૯ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બોટાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) બોટાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે | એ.પી.એલ. કુટંબો માટે | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૬૯ | ૩૨૫૯ | ૩૪૨૮ |
| ૨૦૧૫ | ૭૨ | ૩૯૯૬ | ૪૦૬૮ |
| કુલઃ– | ૨૪૧ | ૭૨૫૫ | ૭૪૯૬ |

(૨) તેની પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| વર્ષ | બી.પી.એલ. | એ.પી.એલ. | કુલ |
|---|---|---|---|

તારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૩.૦૮ | ૧૧૩.૫૮ | ૧૧૬.૬૬ |
| ૨૦૧૫ | ૫.૭૮ | ૨૭૫.૮૮ | ૨૮૧.૬૬ |
| કુલઃ− | ૮.૮૬ | ૩૮૯.૪૬ | ૩૯૮.૩૨ |

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા પ્રધાનમંત્રીશ્રી દ્વારા સ્વચ્છ ભારત મિશન કે જે સ્વચ્છતા અને આરોગ્યનો પાયો છે. આ ઝૂંબેશ માટે નરેન્દ્રભાઇ મોદીજીને ખૂબ ખૂબ અભિનંદન. સાથે આ યોજના અંતર્ગત આખા ભારતમાં બનેલ શૌચાલયોમાં એકલા ગુજરાતે ૭૦ ટકા જેટલા શૌચાલયો બનાવ્યા છે. તે ગતિશીલતા માટે મુખ્યમંત્રીશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન. આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે વ્યક્તિગત શૌચાલયોના બાંધકામની ગતિમાં વેગ આપવા માટે અધિકારીશ્રીઓ કે કર્મચારીશ્રીઓને આ કામગીરી સાથે જોડવા કોઇ નવતર અભિગમ દાખવવામાં આવ્યો છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયાઃ માનનીય અધ્યશ્રી, સમગ્ર દેશ અને સમગ્ર ગુજરાત રાજયની અંદર દેશના વડા પ્રધાને ઘર ઘર શૌચાલય બનાવવાનું લક્ષ્યાંક દરેક રાજયને આપ્યું છે અને એના માટે આપણા મુખ્ય મંત્રીશ્રીએ વિશેષ ચિંતા કરીને સમગ્ર ગુજરાતની અંદર આ કાર્યને દિશા આપી છે. જો કાર્યને ગતિ આપવી હોય તો ગતિ માટેનું આયોજન કરવું પડતું હોય છે. સભ્યશ્રી પૂછી રહ્યા છે કે આને ગતિ આપવા માટેનું આયોજન કર્યું છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં સમગ્ર જિલ્લામાં, જિલ્લા કક્ષાએ જે કલાસ−૧ અધિકારીઓ છે એ અધિકારીઓને દરેક તાલુકાના નોડેલ બનાવવામાં આવ્યા છે અને કહ્યું છે કે, આ તાલુકાના આ કામને ગતિ મળે એની જવાબદારી તમારી રહેશે. પછી તાલુકાની અંદર કોઇ ૧૦૦ ગામનો તાલુકો છે, કોઇ ૫૦ ગામનો તાલુકો છે તો ત્યાં અમે તાલુકાના ગામનું કોરમ બનાવ્યું છે, એમાં ૨૦ ગામ હોય, ૧૫ ગામ હોય, ૧૦ ગામ હોય એ રીતે કોરમ બનાવીને એ ગામની કલાસ−૨ અધિકારીને જવાબદારીઓ આપી છે. સમગ્ર જિલ્લા પંચાયતનું મહેકમ બહુ મોટું છે અને આજે હું ગૌરવ સાથે કહું છું કે, શિક્ષણ વિભાગનો સ્ટાફ છે એ પણ ગામની અંદર આ સર્વે કરી રહ્યો છે. ઘણી જગ્યાએ તો આચાર્ય હોય એ એમ કહે છે કે હું પાંચ શૌચાલય બનાવવા માટે મદદ આપીશ. આજે જિલ્લા પંચાયતના એકે એક કર્મચારી એમાં આરોગ્યના કર્મચારી હોય, કૃષિના હોય, શિક્ષણના હોય એ તમામ કર્મચારીઓએ પોતાનું કામ સમજીને જે જવાબદારી લીધી છે એનાથી આ કામમાં ગતિ આપવા માટે અમારું સો ટકા આયોજન છે.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગુ છું કે, તા.૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ અમારા બોટાદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ.પૈકી પાંચ કેટેગરીના કુટુંબોના વ્યક્તિગત શૌચાલયો કેટલા પૂર્ણ કરવામાં આવ્યા છે, અને કેટલા બાકી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બોટાદ તાલુકાની વાત કરી છે કે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? બોટાદ તાલુકામાં બી.પી.એલ. અને એ.પી.એલ. પાછળ ટોટલ ૯ લાખ ૪૩ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગઢડા તાલુકામાં બંનેનો થઇને ૧૯ લાખ ૨૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે, બાવળા તાલુકામાં ૧ કરોડ ૪૭ લાખ ૯૭ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે, રાણપુરમાં ૧ કરોડ ૨૧ લાખ ૭૨ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, ટોટલ ખર્ચ કરવામાં આવ્યો છે ૩ કરોડ ૯૮ લાખ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આપણે બી.પી.એલ.ના જે શૌચાલયો આપીએ છીએ એમાં બે ખાડાઓ કરવામાં આવે છે એ બે ખાડાઓ શું કામમાં આવે છે? બીજો મારો પ્રશ્ન એ છે કે, આ શૌચાલયો બનાવવા માટે વ્યક્તિગત આપણે કેટલા નાણાં આપીએ છીએ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જે પ્રશ્ન પૂછી રહ્યા છે એ ભારત સરકારે બે શોષ ખાડા કરવા માટેનો નિયમ કર્યો છે અને એની નિયમની તારીખથી અમલવારી કરવાનું કહ્યું છે. સમગ્ર દેશમાં જે વિષય છે અને ગુજરાતની અંદર હું ચોક્કસ પણે કહું છું કે, એવા એક શોષ ખાડાના કેટલાય શૌચાલયો બની ગયા હતા. રાજયના મુખ્ય મંત્રીશ્રી પાસે અમે આ માટે ચિંતા વ્યકત કરી કે ગામડાંનો ગરીબ માણસ હોય એણે ખર્ચો કરી નાંખ્યો છે તો જયારે બીજો શોષ ખાડો થાય ત્યારે જ એને પેમેન્ટ મળે છે. રાજયના મુખ્ય મંત્રીશ્રીએ નિર્ણય લીધો મેં અગાઉ પણ કહ્યું તેમ સમગ્ર ગુજરાતમાંથી આની યાદી મંગાવવામાં આવી કે એક શોષ ખાડાવાળા કેટલા શૌચાલયો છે? તો ૭૪ હજાર શૌચાલયોની ગુજરાતમાંથી યાદી આવી, ૬૭ કરોડ રૂપિયાનું પેમેન્ટ ચૂકવવાનું થતું હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્ય મંત્રીશ્રીએ નિર્ણય લીધો કે આપણે અત્યારે ૯૦૦૦ રૂપિયા તમામને ચૂકવી દઇએ કેમ કે ગરીબ માણસ હોય તો એને મુશ્કેલી પડી હોય. તેને ૯ હજાર ચૂકવવા માટેનો નિર્ણય લીધો અને ૯ હજાર રૂપિયા અમે તમામને ચૂકવી આપ્યા અને બીજો શોષ ખાડો એ કરે ત્યારે તેને ૩ હજાર રૂપિયા ચૂકવવાના છે. મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે, એવા બીજા શોષ ખાડા બનાવીને ૪૧ હજાર લોકોએ ફરીને એક શોષખાડો વધારાનો બનાવીને ત્રણ હજાર રૂપિયા તેને પણ ચૂકવી દેવામાં આવ્યા છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, બે શોષખાડા કરવામાં આવે છે તો બીજો ખાડો શેના માટે કરવામાં આવે છે ?

અધ્યક્ષશ્રી : આમાં તેનો શું ઉપયોગ થાય છે તે આખા ગૃહને ખ્યાલ છે આપ જવાબ ના આપો બેસી જાવ.

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદવાના કરાર બાબત

* ૨૨૮૬૪ શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ, પાસેથી વીજળી ખરીદવાના કરાર છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ વીજ કંપનીઓ પાસેથી કેટલા વર્ષ માટે શું ભાવે વીજળી ખરીદવાના કરાર થયેલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી વર્ષવાર કેટલા મી.યુ. વીજળી શું ભાવે ખરીદવામાં આવી?

જવાબ

(૧) હાજી.

(૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા ખાનગી વીજ ઉત્પાદકો સાથે કરવામાં આવેલ લાંબાગાળાના વીજ ખરીદી કરારની વિગત નીચે મુજબ છે.

| કંપનીનું નામ | કરારનો કાર્યકાળ (વર્ષ) | ટેરિફ/ભાવ |
|---|---|---|
| ચાઈના લાઈટ પાવર લી. | ૨૦ | વીજ ખરીદી કરાર (પી.પી.એ.) ની જોગવાઈ મુજબ |
| એસ્સાર પાવર લી ગેસ આધારીત | ૨૦ | |
| કોસ્ટલ ગુજરાત પાવર લી (મુન્દ્રા યુએમપીપી) | ૨૫ | ૨.૨૬ |
| અદાણી પાવર લી. (બીડ–૧) | ૨૫ | ૨.૮૯ |
| અદાણી પાવર લી. (બીડ–૨) | ૨૫ | ૨.૩૫ |
| એસ્સાર પાવર ગુજરાત લી | ૨૫ | ૨.૪૦ |
| એસીબી ઈંડીયા લી | ૨૫ | ૨.૨૫ |

(૩) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જીયુવીએનએલ દ્વારા છેલ્લા બે કેલેન્ડર વર્ષ દરમ્યાન લાંબાગાળાના વીજ ખરીદી કરારો અંતર્ગત ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ખાનગી સાહસો | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ (પ્રોવીઝનલ) | |
|---|---|---|---|---|---|
| | | મી.યુ. | સરેરાશ રૂ/યુનીટ | મી.યુ. | સરેરાશ રૂ/યુનીટ |
| ૧ | એસ્સાર પાવર ગુજરાત લી. | ૫૩૪૨ | ૩.૦૪ | ૪૮૮૯ | ૩.૩૪ |
| ૨ | ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા લી. | ૨૬૪ | ૪.૪૦ | ૬૨૧ | ૩.૨૫ |
| ૩ | અદાણી પાવર લીમીટેડ–૧ | ૬૮૬૪ | ૨.૯૦ | ૫૮૭૨ | ૩.૧૦ |
| ૪ | અદાણી પાવર લીમીટેડ–૨ | ૭૨૧૬ | ૨.૩૮ | ૭૫૫૯ | ૨.૩૦ |
| ૫ | એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૧૩૦૬ | ૨.૦૫ | ૧૫૧૩ | ૧.૯૮ |
| ૬ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૧૧૫૭૩ | ૨.૪૪ | ૧૧૫૪૩ | ૨.૫૧ |

નોંધ:–એસ્સાર પાવર લિ ગેસ આધારિતના ભાવો મેરીટ ઓડર્સમાં ન આવવાના કારણે વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫માં કોઈ ખરીદી કરેલ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજય સરકાર ગતિશીલ ગુજરાતની વાત કરે છે પણ ગતિશીલ ગુજરાની એક પોલ હું હાઉસ સમક્ષ મૂકવા માગુ છું. જે રીતે રાજય સરકાર દ્વારા રાજય સરકારના વીજ મથકો અને આઇ.પી.ઓ.દ્વારા તેની વીજ ક્ષમતામાં ૨૦૧૨ના પ્રમાણમાં ૨૦૧૫ માં ૧૭૦૦ મેગાવોટનો જયારે વધારો થયો હોય ત્યારે તેની સામે વીજળી વધવી જોઇએ ત્યારે સરકારની વીજળીમાં ઘટાડો થયો છે. એની સામે ખાનગી વીજ મથકોમાં ૨૦૧૨ના પ્રમાણમાં ૨૦૧૫ની અંદર ૨૦૦૦ મેગાવોટનો વધારો થયો છે. તેની સામે તે લોકોની વીજળી વધી છે. આપણે ૧૨ હજાર મિલિયન યુનિટ વીજળીનો ઘટાડો થયો છે જયારે ખાનગી યુનિટોમાં ૧૫ હજાર મિલિયન યુનિટ વીજળીનો વધારો થયો છે. માનનીય મંત્રીશ્રી પાસે મારે એટલુ જ જાણવું છે કે, મારો પ્રશ્ન એ છે કે મેગાવોટમાં વધારો થયો પછી વીજળીમાં ઘટાડો કેમ થયો ? પ્રશ્ન નંબર.૨ સરકારશ્રીએ જે સાત કંપનીઓ સાથે કરારો કર્યા છે તે કરારોની અંદર, કરારો કર્યા પછી પણ જે ભાવે વીજળી ખરીદવી જોઇએ તેના કરતા પણ મોંઘા ભાવે સરકારે વીજળી ખરીદી છે તો આ મોંઘા ભાવે વીજળી ખરીદવાના શું કારણો ? બીજુ, છેલ્લા બે વર્ષમાં કેટલા મિલિયન યુનિટ પ્રમાણે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને વીજળી ખરીદી માટે થોડું જ્ઞાન આપવુ છે. ઘણાં વર્ષોથી આ વિધાનસભાની અંદર વીજળી ખરીદી માટેનો વિષય આવે છે કે ખાનગી પાસે ખરીદો છો. સભ્યશ્રીને જાણ કરવી છે

કોની પાસેથી ખરીદવી તે રાજય સરકાર પાસે સત્તા જ નથી. હું ફરીથી રિપિટ કરું છું કે, રાજય સરકાર કે જીયુવીએનએલ ખરીદવાની કોઇ સત્તા એવી નથી એ સત્તા છે તે રેગ્યુલેટર પાસે છે અને રેગ્યુલેટર મેરિટ ઓર્ડર આપે છે કે આટલી આટલી કંપની પાસેથી તમારે વીજળી ખરીદવાની. અને એ જે મેરિટ ઓર્ડર આપે છે તેના મૂળ કારણો છે અને મૂળ કારણ એ છે કે, સૌથી સસ્તી વીજળી કોની છે તે નક્કી કરવામાં આવે છે અને એ નક્કી કરવાના આધાર ઉપર તે લોકો આપે છે કે પહેલું, બીજુ, ત્રીજુ, ચોથુ, પાંચમુ, છઠ્ઠું અને પચાસમો નંબર. હવે જેમ માગ વધે એટલે પહેલું ખરીદવુ પડે, પછી બીજુ ખરીદવુ પડે એમ કરીને બધાના નંબર લાગતા હોય છે. જે વીજળી સસ્તી એ વીજળી અમારે ખરીદવી પડે જે વીજળી મોંઘી તે અમારે ખરીદવી ના પડે નંબર વન. નંબર ટુ કે આજની તારીખમાં તમે પ્રશ્ન જોશો તો તેમાં સ્પષ્ટપણે લખ્યું છે કે આ ખાનગી કંપનીઓ પાસેથી વીજળી જે ખરીદીએ છીએ તેની અંદર સરેરાશ વીજળીના ભાવો પણ આપ્યા છે દા.ત. ૨૦૧૪ની અંદર જોઇએ તો એસ્સાર પાવરમાં ૩ રૂપિયા અને ૪ પૈસા, ચાઇના લિગ્નાઇટમાં ૪.૪૦, અદાણી પાવર ૨.૯૦, અદાણી પાવર ૨.૩૮, એ.સી.બી. ૨.૦૫, કોસ્ટલ ૨.૪૪ બરાબર છે ? હવે તેની સામે યુનિટ પણ લખ્યા છે એસ્સાર ચાઇના લિગ્નાઇટમાં ખાલી ૨૪૪ મિલિયન યુનિટ લખ્યા છે એટલા ઓછાં છે તેનું કારણ છે મેરિટ ઓર્ડરમાં એટલું ઓછું આવ્યુ છે પરંતુ તેની સામે તમે એવરેજ ભાવ જોશો તો માહિતી આપું કે જીયુવીએનએલના ભાવો મેરિટ ઓર્ડરમાં જીસેકની કંપનીઓના વધારે આવે છે. દા.ત. જીસેકના એવરેજ ૨૦૧૪માં ૪ રૂપિયાને ૭ પૈસા આવે છે, આનું મૂળ કારણ પણ સમજાવી દઉં, મૂળ ચાર રૂપિયા ને સાત પૈસાએટલે આવે છે કે, પહેલું કે જીસેકના ઘણા બધા પ્લાન્ટો જૂના થયા છે, એટલે એનું કોલસાનું ફ્યુઅલ વધારે આવે છે, બીજું, એને કોલસો દૂરથી આવે છે, એટલે કોલસા કરતાં કોલસાનું ભાડુ વધારે છે. ત્રીજું, એની અંદર આપણે wash કરવું પડે છે કે ash content વધારે છે એટલે આ બધા કારણસર એને ચાર રૂપિયા અને સાત પૈસે યુનિટ પડે છે, અને એટલે એના મેરિટ ઓર્ડરમાં ઓછા આવવાના કારણે ઓછો વપરાય છે, આપણે મોંઘી વીજળી ખરીદીને ગ્રાહકને આપવા માગતા નથી. એ રેગ્યુલેટર સસ્તી વીજળી જે હોય એ કરે એટલે એના આધાર ઉપર આ થાય છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. આપ જયારે લાંબાગાળાના વીજ કરાર કરો છો ત્યારે આપણે સસ્તી અને લાંબા સમયની વીજળી મળે છે એ ભાવ ઓછા હોય છે, એના માટે સામે સરકારે એ કંપનીઓને કોન્ટ્રેક્ટ કરતી વખતે ઇન્સેન્ટીવ આપ્યા છે, એના સામે બીજી જયારે વીજળીની ઘટ પડે છે ત્યારે આપ ટૂંકા સમયની વીજળી ખરીદો છો એના ભાવ ભલે રેગ્યુલેટર નક્કી કરે, પણ રેગ્યુલેટર પાસેથી લેવા જતાં આપણને ખૂબ મોંઘી વીજળી લેવી પડે છે. મારે આપના પાસેથી એટલું જ જાણવું છે, કારણ કે મારી જે માહિતી છે, હું ખોટો હોઉં તો આપ મને કરેક્ટ કરજો. જેમના સાથે લાંબાગાળાના કરાર થયા છે, એમણે જે વીજળી વાર્ષિક આપણને આપવાની છે, જે યુનિટમાંથી જે ઉત્પાદન કરે એમાંથી પૂરતી વીજળી આપણને આપતા નથી, બાજુનું બીજું જનરેશન બતાવે એ જનરેશન અને મારી જે વાત છે કે જેને આપને સી.એ.જી.એ પણ ધ્યાન દોર્યું છે કે, આપના લાંબાગાળાના કરારથી આપને ફાયદો થાય એ નથી કરતા, અને ટૂંકાગાળાની વીજળી ખૂબ મોંઘી ખરીદો છો, કરાર મુજબ મને એટલું જ્ઞાનવર્ધન કરાવજો જરા, મને ટૂંકમાં એટલો જ જવાબ જોઇએ છે કે, દા. ત. ત્રણ કંપનીઓ, એસ્સાર, અદાણી અને એ.સી.બી. એમણે આપણને વાર્ષિક કેટલી વીજળી આપવી જોઇએ અથવા કયા યુનિટ પરથી આપવી જોઇએ એના સામે આપણને આપી કેટલી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહલો પ્રશ્ન એમણે કર્યો કે ઇન્સેન્ટીવ રાજય સરકારે આપ્યા છે, તો મારે સ્પષ્ટપણે કહેવું છે કે કોઇ ઇન્સેન્ટીવ રાજય સરકારે આપ્યા નથી. અરે, ભાઇ સાંભળો, મારે જવાબ આપવાનો છે અને હું ખોટો હોય તો કહેજો. આપણે પહેલી વસ્તુ કે કોઇ વીજળી ખરીદીની અંદર રાજય સરકારે કોઇ ઇન્સેન્ટીવ આપેલ નથી. બીજું, જમીન માટેનો આપે જે વિષય ઉપાડ્યો એ રેવન્યુ ડિપાર્ટમેન્ટે કદાચ, હું પ્રશ્ન મૂકું છું મને ખ્યાલ નથી, પણ એની અંદર પણ કોઇ સબસિડી આપેલ નથી અને એ પણ રાજય સરકારે નીતિ નિયમ પ્રમાણે આપેલું છે. ત્રીજું, કોસ્ટલ ગુજરાત કંપનીનું ટેન્ડર દિલ્હીથી આવ્યું હતું, કેન્દ્ર સરકાર દિલ્હીમાં યુ.પી.એ. સરકાર હતી, અને યુ.પી.એ. સરકારે બે રૂપિયાને છવ્વીસ પૈસાનું b i d આપ્યું હતું, એની અંદર મોટાભાગનો ફિક્સ કોસ્ટ છે બાકીનો એસ્કેલેબલ કોસ્ટ છે, એટલે એનો અર્થ એ થયો કે કોલસાના ભાવ અને કોલસા ભાવ વધે એટલે પાસ થ્રુ થાય, આ એ કેન્દ્ર સરકારે અલ્ટ્રામેઘાટ ની અંદર કર્યું હતું અને એની અંદર આપણો જે હિસ્સો છે એ ૫૦ ટકા ઉપરનો હિસ્સો મળ્યો છે, અને બાકીનો હિસ્સો હરિયાણા અને બીજા રાજયોને મળ્યો છે. બીજી આપે એ.સી.બી.ની વાત કરી બે રૂપિયા અને પાંચ પૈસા એની અંદર આપણને જેટલો પૂરતો જોઇતો હોય એટલો આપણે લઇએ છીએ એની અંદર કોઇ જગ્યાએ શોર્ટફોલ આવતું નથી. તમે જે ત્રીજી વાત કરી અદાણીની, તો અદાણીમાં પણ અંદર કરારની અંદર મારે બીજું ધ્યાન દોરવું છે કે પી.પી.એ.ની અંદર ક્લોઝની અંદર એવું છે કે મીનીમમ આટલું આપવું જ પડે, અગર મીનીમમ એ કંપની ના આપે તો આપણે એના ઉપર પેનલ્ટી ચાર્જ કરીએ છીએ એટલે કોઇપણ કંપની હોય એ મીનીમમ જનરેશન ખાતરી આપવી પડે અને એ જનરેશન ઉપર ન આપી શકે, જનરેશન જેટલું મટિરિયલ્સ ન આપી શકે તો રાજય સરકાર કે જી.યુ.વી.એન.એલ. કંપનીને એને પેનલ્ટી આપવી પડે છે, એટલે આ બધી જ કંપનીઓએ એણે જરૂરિયાત પ્રમાણે આપણને વીજળી આપી અને બીજો એક પ્રશ્ન છે કે, શોર્ટટર્મ વીજળી, હાલમાં આપણી પાસે વીજળીનું ઉત્પાદન એટલું છે કે આપણે અત્યારે કોઇ જગ્યાએ શોર્ટટર્મ વીજળી ખરીદતા નથી. એટલે મારે માનનીય શકિતસિંહજીને ત્રણેય વિષય પર કહેવું છે કે કોઇ ઇન્સેન્ટીવ આપતા નથી. કોઇ ઇન્સેન્ટિવ આપતા નથી એટલે આપની વાત યોગ્ય નથી. કોઇ શોર્ટ ટર્મ ખરીદી કરતા નથી. બીજું આપે જનરેશનની વાત કરી કે આ બધી કંપનીઓએ જનરેશન પ્રમાણે વીજળી આપવી પડે અને ન આપે તો આપણે એને હેવી પેનલ્ટી લગાડી શકીએ છીએ. પરંતુ અત્યાર સુધી

મારા ધ્યાન પ્રમાણે એવો એક પણ કેસ બન્યો નથી કે એ લોકોએ આપણને વીજળી આપી ન હોય અને આપણે પેનલ્ટી લગાડવી પડી હોય.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : ગુજરાત રાજય વીજળીમાં સરપ્લસ છે એનું કારણ એ છે કે ગુજરાત સરકારની પારદર્શી નીતિ છે. આપણે ૨૦–૨૦ વર્ષના લાંબા ગાળા માટે ઓછા ભાવે જયારે વીજળી ખરીદી છે માટે હું સરકારશ્રીને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન છે કે આપણે કયા કયા વીજ સેકટરો પાસેથી કે ઉત્પાદકો પાસેથી વીજળી ખરીદીએ છીએ, અને તેના ભાવો કોણ નક્કી કરે છે.

શ્રી સૌરભ પટેલ : હું દાખલા તરીકે કહું કે સન ૨૦૧૪ માં ૮૦,૫૫૪ મિલિયન યુનિટ ખરીદ્યા હતા. એ ૮૦ હજાર મિલિયન યુનિટમાં આપણે જે ભાવો આપ્યા હતા જીસેકમાં ૪ રૂપિયાને ૭ પૈસાનો એવરેજ ભાવ આપ્યો હતો. પછી આપણી જે સ્ટેટ ગવર્નમેન્ટની કંપની છે જે લિગ્નાઇટ આધારિત હોય કે કે બીજું ફ્યુઅલ હોય એ લોકોને ૩ રૂપિયાને ૫૬ પૈસા આપ્યા હતા. ત્રીજું સેન્ટ્રલ સેકટરનો શેર મળે છે અને યુઝવલી સેન્ટ્રલ સેકટરના પ્લાન્ટોના વીજળીના ભાવો ઓછા હોય છે કારણ કે એ પીટહેડ ઉપર હોય છે, કોલસાના આધાર ઉપર હોય છે. એમાં આપણને ૨ રૂપિયાને ૯૨ પૈસા પડે છે. સૌથી સસ્તી વીજળી જો આપણે જોવા જઇએ તો એ ખાનગી કંપનીઓ પાસેથી મળે છે એની એવરેજ છે એ ૨ રૂપિયાને ૭૭ પૈસા. એટલે રીન્યુએબલમાં ૬ રૂપિયાને ૧૩ પૈસા છે એટલે એવરેજ પ્રાઇઝ ૩ રૂપિયા ૩૬ પૈસા પર યુનિટ ૨૦૧૪માં પડ્યો હતો. એમાં સૌથી સસ્તી વીજળી ૨ રૂપિયાને ૭૭ પૈસા પર યુનિટ એ ખાનગી પાસેથી મળી હતી. ભાવ નક્કી કોણ કરે છે તો સેન્ટ્રલ સેકટરનો સીઇઆરસી નક્કી કરે છે. ન્યુકલીયર પાવર કોર્પોરેશન છે એ ડિપાર્ટમેન્ટ ઓફ એટેમિક એનર્જી નક્કી કરે છે. અને જે જીસેકના ભાવ આપણે રેગ્યુલેટર જીઇઆરસી નક્કી કરે છે. આ ત્રણેય ભાવ નક્કી કરે છે અને આ ત્રણેય પાસેથી આ પ્રમાણે આપણે વીજળી ખરીદીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીને પૂછવા માગું છું કે અદાણી પાવર પાસેથી બીડ નંબર–૧માં ૨.૮૯ પૈસે આપણે ૨૫ વર્ષના કરારથી લેવાની છે. અને બાકીની જેટલી કંપનીઓ છે એમાં કોઇના ૨.૨૪ પૈસા, ૨.૨૫ પૈસા, ૨.૪૦ પૈસા. તો આપણે જે ખરીદી કરીએ છીએ બીડ નંબર–૧માં બધા જ કરાર આપણે સાથે થયા છે તો ૨ રૂપિયાને ૮૯ પૈસાની જે વીજળી ખરીદી છે એમાં ૩૭૦૦ કરોડ રૂપિયાનો ફરક પડે છે. એક યુનિટે ૬૪ પૈસા આપણે વધારે આપીએ છીએ. તો આ બધા બીડોમાં સૌથી વધારે આ બીડ આપવા પાછળનું આ સરકારનું શું કારણ હતું?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી આપના ધ્યાને લાવું કે પારદર્શક રીતે બીડ થાય છે. એમાં બધા ભાગ લે છે.મારે કહેવું છે કે એ વખતે જયારે બીજી સરકારો હતી હરિયાણામાં આપની સરકાર હતી એણે ૨ રૂપિયાને ૯૪ પૈસા અહીંયાથી બીડ કરેલ હતી. અદાણી પાવરે મહારાષ્ટ્રની અંદર ૩ રૂપિયાને ૨૮ પૈસાએ કરાર કરેલ છે હું આ જ સમયની વાત કરી રહ્યો છું. એ જ સમયે બિહારમાં ૩.૫૯ રૂપિયા આપ્યા હતા. એ વખતે બીડની અંદર શર્ટન કન્ડિશન હતી એમાં ફ્યુઅલનો મેઇન પ્રશ્ન હતો, લીકેજનો પણ પ્રશ્ન હતો એના કારણે એ વખતે ૨ રૂપિયા ૮૯ પૈસા ૨૦ વર્ષના કરાર એ નાની વાત નથી. આજની તારીખમાં તમે કોઇપણ ખાનગી કંપનીનો કરાર જૂઓ તો સાડાચાર ૫ રૂપિયા આવે છે અને ૨ રૂપિયા ૮૯ પૈસા જે પારદર્શક રીતે લાવ્યા છે. જયારે ગુજરાતની કંપનીઓ વણાકબોરીનું યુનિટ છે એમાં સાડાચારથી પાંચ રૂપિયા યુનિટ પડે છે એટલે મારા ખ્યાલ પ્રમાણે કોઇપણ ભાવ ૩ રૂપિયાથી ઓછો મળ્યો હોય કોઇપણ બીડરને તો એ સારો ગણાય અને એને લાંબા ગાળાના ૨૦ વર્ષના કરાર ઉપર ફ્યુઅલ ટાઇપ જોડે એ વખતે કોસ્ટલ બિડીંગમાં સેન્ટ્રલ ગવર્નમેન્ટે કર્યું એસકેલેબલ કોસ્ટ કે ફ્યુઅલનું ભારણ રાજય સરકાર ઉપર પડે આની અંદર ફ્યુઅલનું ભારણ ૨૫ વર્ષ સુધી કંપની પર પડે એટલે આ ૨.૮૯ પૈસાનો ભાવ યોગ્ય ગણાય.

શ્રી શૈલેષ મ. પરમાર : આમાં ગઇ કાલે ગોવાભાઇએ કહ્યું કે વીજ કનેક્શનના સરકારના નિયમ અનુસાર છ દિવસ મોડી અરજી કરી તો પેલા માણસને વીજ જોડાણ ન આપ્યું. નિયમો સાથે સરકાર ચાલે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવી જાવ. આ વીજળી ખરીદવાનો પ્રશ્ન છે. વીજળી આપવાનો પ્રશ્ન નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : વીજળી આપવામાં સરકાર કટિબદ્ધ હોય..

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, તમારો પ્રશ્ન વીજળી ખરીદવા બાબતના કરારનો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો પ્રશ્ન એટલો જ છે. ત્રણ કંપનીઓ કોસ્ટલ ગુજરાત પાવર કંપની, અદાણી પાવર (બીડ–૧) અને એસ્સાર પાવર. સરકારે એમની સાથે જે કરારો કર્યા છે એ કરારો કરતા પણ સરકારે વધારે ભાવે વીજળી ખરીદી. તો શું કરારભંગ થયેલો છે? કયા કારણોસર આટલો વધારે ભાવ આપવો પડ્યો?

શ્રી સૌરભ પટેલ : એક પૈસો વધારે આપ્યો નથી. તમને સમજાવું.

અધ્યક્ષશ્રી : આપ મંત્રીશ્રીનો જવાબ સાંભળો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે. દા.ત. એ.સી.બી.(ઇન્ડિયા) લી.ના ટેરિફનો ભાવ ૨.૨૫ પૈસા છે. આ ૨.૨૫ પૈસાની સામે આપણે ખરીદીએ ૨.૦૫ પૈસા અને બીજા વર્ષે ૧.૯૮ પૈસા. આનું મૂળ કારણ શું કે જે કરાર કર્યો હોય એ કરાર સર્ટન પર્સન્ટેજના બેઝ ઉપર કર્યો હોય કે આની ફીક્સ કોસ્ટ છે અને જેટલા યુનિટ વધારે ઉત્પાદન થાય એટલે લેવલાઇઝ ટેરિફ તેને કહેવાય. એટલે કે ૧૦૦ ટકા ઉત્પાદનનું ટેરિફ ગણીએ કે ૯૦ ટકા કે ૮૦ ટકા જે ટેરિફ નક્કી કરીએ

અને લેવલાઇઝ ટેરિફ થાય. એ લેવલાઇઝ ટેરિફ ઉપર વધારે ખર્ચો કરીએ એટલે જે ફીક્સ કોસ્ટ હોય એ આખા યુનિટ ઉપર ડીવાઇડ થાય. એટલે બીજી ભાષામાં કહું તો ૧૦૦ યુનિટમાં ૧૦૦ રૂપિયાનો ખર્ચો હોય તો એક રૂપિયો લાગે. હવે ૧૦૦ની જગ્યાએ ૧૧૦ પ્રોડક્શન કરે તો ૯૦ પૈસા લાગે. અને ૯૦ કરે તો ૧૧૦ પૈસા લાગે. એટલે ટેરિફ તો લેવલાઇઝ ટેરિફ જ હોય. વીજનું ઉત્પાદન વધે–ઘટે તેના કારણે તમે બીજા વર્ષે જૂઓ કે એ.સી.બી.નું ૧.૯૮ પૈસા ૨૦૧૫માં કારણ કે વધારે ઉત્પાદન થયું એટલે ફીક્સ કોસ્ટ વધારે ડિવિઝન થયું એટલે તેના ભાવ ઘટ્યા. એટલે આ લેવલાઇઝ ટેરિફમાં ઉત્પાદન કેટલું થાય તેના ફીક્સ કોસ્ટનો આધાર ડીવાઇડ થાય. કોઇ સંજોગોમાં કોઇ પણ સરકાર આવે, કોઇ પણ કંપની હોય, જે પી.પી.એ. નક્કી કર્યું હોય તેનાથી એક પૈસો વધારે આપી ન શકે. બીજા દિવસે રેગ્યુલેટર સવાલ પૂછે, અને શક્ય જ નથી. એટલે માનનીય સભ્યશ્રી આપ મનમાંથી કાઢી નાખજો કે એક પૈસો પી.પી.એ.થી વધારે અમે આપી ન શકીએ.

## ખેડા જિલ્લામાં ખનીજ ચોરીઓ

* ૨૩૨૯૪ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ખનીજની ચોરીઓ થાય છે તે હકીકત સરકાર જાણે છે, અને<br>(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કુલ કેટલી રકમ દંડ પેટે વસુલ થઈ અને બાકી રહેતી દંડની રકમ કેટલા સમયમાં વસુલવામાં આવશે? | (૧) અને (૨) રાજ્ય સરકાર ખાણ–ખનીજની ચોરી અટકાવવા કટીબદ્ધ છે તે માટે સમયાંતરે અને જ્યારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે, અને<br>ખેડા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ રૂ. ૧૨૬.૨૮ લાખની રકમ દંડ પેટે વસુલ થઈ અને અન્ય દંડની રકમ નોટીસો તથા સુનાવણીની કાર્યવાહી તથા ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસુલવામાં આવશે. |

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે રજૂઆત મળે ત્યારે કાર્યવાહી કરી છે. તે સિવાય પણ કોઇ કાર્યવાહી ન કરવાના કારણો કયા? કેટલી રજૂઆતો મળી છે? કેટલા વાહનો ખનિજ ચોરી કરતા પકડાયા અને કેટલાને આકારવામાં આવ્યા? આ માટીચોરી રાત્રે ડમ્પર મારફતે થાય છે. આ જે ચોરી થઇ છે તેની મુવી ઉતારીને બરાબર તપાસ કરવા માગો છો કે કેમ? ખેડા જિલ્લામાં જે ખનિજ ઓફિસ છે તે અધિકારીઓ ચોરી કરાવે છે કે કેમ? તેમને બદલવા માગો છો કે કેમ? જે ખનિજ ચોરી કરી છે તેમાં મુવી ઉતારીને તપાસ કરાવવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી પૂછે તો સારું, બધું તો સંભળાયું જ નથી.

અધ્યક્ષશ્રી : બાપુ, એકાદ મહત્વનો પ્રશ્ન પૂછો.

શ્રી સૌરભ પટેલ : મારી પાસે જે માહિતી છે તે આપી દઉં.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : આ કરો. એક કરોડ રૂપિયાની ખનિજ ચોરી કરી છે. કશું કરતા નથી.

અધ્યક્ષશ્રી : નટવરસિંહ બાપુ, પ્રશ્ન પૂછો.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : કેસ કરતા નથી. આ લેખિત છે જુઓ. કશું નહીં ચાલે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવી જાઓ.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારને રજૂઆત મળે ત્યારે કાર્યવાહી કરે છે એ સિવાય કોઇ કાર્યવાહી નહીં કરવાના કારણો શું ? કેટલી રજૂઆતો મળી? કેટલા વાહનો ઓવરલોડ ખનીજ ચોરી કરતા પકડાયા? એમને કેટલો દંડ આકારવામાં આવ્યો? આ માટી ચોરી રાત્રે ડમ્પર મારફતે થાય છે તો રેડ પાડો છો કે કેમ? મુવી ઉતારીને બરાબર તપાસ કરાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : બસ, બસ. માપમાં રાખો, નહીં તો ફરીથી મંત્રીશ્રી પૂછવાનું કહેશે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એમાં બને એટલો જવાબ આપવાની કોશિશ કરું છું. ખેડા જિલ્લાની અંદર ૨૫૩ ચેકીંગ ડ્રાઇવ કરી છે એની અંદર રૂ.૧.૨૬ કરોડનો દંડ કર્યો છે અને એમના ઉપર કેસીસ કરવામાં આવ્યા છે. ૨૫૩માંથી ૫૨ કેસોમાં નોટિસ આપેલી છે. ૧૯૬ કેસો ગેરકાયદેસર ટ્રાન્સપોર્ટેશનના છે, ૫૨ કેસો ગેરકાયદેસર માઇનીંગના છે, ૫ કેસ ગેરકાયેદસર ખોદકામના છે. માનનીય સભ્યશ્રીએ આવી ફરિયાદો આપી હતી. આ ફરિયાદોના કિસ્સામાં થોડીક માહિતી આપું. ત્રણ ફરિયાદો આવી હતી. એમાં એક ગેરકાયદેસર ખોદકામ માટેની છે એમાં નોટિસ આપી છે અને કલેક્ટર પાસે હિયરીંગ ચાલુ છે. બીજી એમની રજૂઆત પ્રમાણે વિનુભાઇ ભરવાડ અને કાનાભાઇ ભરવાડને ત્યાં તપાસ કરાવી હતી એમાં ગેરકાયદેસર એક્ટીવીટી મળી નથી. ત્રીજામાં હાલમાં જોઇન્ટ મેજરમેન્ટ થયું છે અને હિયરીંગ પ્રોસેસમાં છે. બીજી ૪૩ ફરિયાદો આવી હતી. એમાં પહેલા વર્ષમાં ૨૫ ફરિયાદો આવી હતી. એમાં ૧૫ કેસોમાં રૂ.૧૨.૧૨ લાખની પેનલ્ટી કરાઇ છે, ૬ કેસ હિયરીંગમાં છે, ૧ કેસમાં કોઇ મળ્યું નથી અને ૩માં શો–કોઝ નોટિસ આપી છે. બીજા વર્ષમાં ૧૨ કેસોમાં રૂ.૧૦.૮૫ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ બે વર્ષની વિગતો આપી છે. સરકાર ચોરી રોકવા કટિબદ્ધ છે. આપે કહ્યું તે પ્રમાણે જેની પણ ફરિયાદ આવે છે એ ધ્યાને લઇ ચોરી રોકવા માટેની કાર્યવાહી કરવામાં આવે છે.

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્રસિંહજી ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખનીજ ચોરી કરતા વાહનો આપ પકડો છો પરંતુ મારે કહેવું છે કે એ લાખો રૂપિયાની ચોરી કરે છે અને દંડ ખૂબ ઓછો કરો છો. એટલે એના ઉપર કડકમાં કડક પગલા લેવા માગો છો કે નહીં?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કડકમાં કડક પગલાં લેવા માગીએ છીએ અને મારે સભ્યશ્રીને જણાવવું છે કે, ટૂંક સમયમાં જ આની વાઇડ પબ્લિસીટી દ્વારા સરકાર ક્યા ક્યા પગલાં લેવાની છે એની જાહેરાત કરવામાં આવશે. કોલ સેન્ટર દ્વારા અમે માહિતી લઇશું. એ કોલ સેન્ટરમાં કોઇપણ ફરિયાદ આવે, એ કલેક્ટરથી માંડીને, પ્રાંત અધિકારી, મામલતદાર, જીયોલોજીસ્ટ, સીજીએમ અને મારી ઓફિસમાં એની જાણ થાય એવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. એ પછી ક્લેરીટી સાથે તાત્કાલિક એનું ચેકીંગ ડ્રાઇવ થાય એવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે અને એનું મોનીટરીંગ કરવામાં આવશે. મોનીટરીંગ કર્યા પછી એમાં કેટલી પ્રોસિઝર થઇ એની તપાસ કરવામાં આવશે. હાલમાં દંડની પદ્ધતિ છે એની ચકાસણી કરવામાં આવશે અને દંડ ક્યા કેસમાં કેટલો થયો છે એ મિડિયા દ્વારા પ્રોપર માહિતી આપી કડકાઇથી કાર્યવાહી કરવા માગીએ છીએ.

શ્રી સતિશભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ગેરકાયદેસર ખનીજની ચોરી અટકાવવા માટે શું પગલાં લીધાં છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મેં વિગતવાર વાત કરી. એ ઉપરાંત વાત કરું તો ૨૪/૭ કંટ્રોલ રૂમ ચાલે છે. સસ્પેન્શન, કેન્સલેશન ઓફ વ્હીકલ ડ્રાઇવીંગ લાયસન્સ કમ્પલસરી વેહીમેન્ટ હોવું જોઇએ. કયા કેસની અંદર એફ.આઇ.આર. ફાઇલ થાય, બાઉન્ડ્રીનું ડીમાર્કેશન લીઝવાળાએ બરાબર કર્યુ છે કે નહીં? જે પબ્લીક ઓકશન દ્વારા લીઝ આપવામાં આવે છે એ બરાબર કામ ચાલે છે કે નહીં? ઇ-રોયલ્ટી પાસનું વેરીફીકેશન પ્રોપર થાય છે? મારે માનનીય સભ્યશ્રીઓને જણાવવું છે કે ઇ-રોયલ્ટી પાસની અંદર પણ ડુપ્લીકેશન મોટા પ્રમાણમાં થતું હતું એટલે અત્યારે અમે સ્પેશીયલ પેપર ડુપ્લીકેશન ન થાય, એટલા માટે ઇ-રોયલ્ટી પાસનો પેપર પણ એપ્રુવ કર્યો છે. બહુ જ ટૂંક સમયમાં એ સ્પેશીયલ પેપર પણ એપ્રુવ કરીને એના દ્વારા ઇ-રોયલ્ટી પાસ નીકળે એવી પદ્ધતિ અમે ગોઠવવા માગીએ છીએ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા અને પંચમહાલ આ બે જિલ્લાની વચ્ચે મહીસાગર નદી પસાર થાય છે. આ નદી ઉપર નર્મદાની મુખ્ય કેનાલ પસાર થાય છે. સ્ટેટ હાઇવે અને નેશનલ હાઇવે નંબર-૫૮ પસાર થાય છે. આ બન્ને વચ્ચે નર્મદા કેનાલ અને નેશનલ હાઇવે ૫૮ વચ્ચે ખેડા જિલ્લા અને પંચમહાલ જિલ્લાની હદ હોવાને કારણે ન તો ખેડા જિલ્લાના જીઓલોજીસ્ટવાળા તપાસ કરતા કે નથી પંચમહાલ જિલ્લાના જીઓલોજીસ્ટવાળા તપાસ કરતા. આજે બેફામ રીતે ૫૦૦ મીટર દૂર જે એમના નિયમ મુજબ હોય એ ૫૦૦ મીટરની અંદર આ બન્ને નર્મદા કેનાલ અને નેશનલ હાઇવે નંબર ૫૮ આવેલ છે. ભવિષ્યમાં નર્મદા મુખ્ય કેનાલને નુકસાન ન થાય આ ગેરકાયદેસર જે પત્થરનું ખનન કરે છે એમને રોકીને એમની તપાસ કરીને એને રદ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી આપી, તાત્કાલિક ચેક કરાવી લઇશું જયાં જયાં ચોરી થતી હશે ત્યાં તાત્કાલિક રોકવા પ્રયત્ન કરીશું.

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખનીજ ઉત્ખનન માટેની લીઝ

* ૨૨૪૦૫ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઈ ખનિજ ઉત્ખનન માટેની કેટલી લીઝ આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનીજ ઉત્ખનન કરતા કેટલા ઈસમો પકડાયા અને તે ઈસમો સામે શું પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧) ગાંધીનગર જીલ્લામાં સાદી રેતી ખનિજની ૧૩ લીઝ અને મહેસાણા જીલ્લામાં સાદી રેતી ખનીજની ૨૦ લીઝ તથા ગ્રેનાઈટ ખનિજની ૦૨ લીઝ આપવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | ઈસમો |
|---|---|
| તા. ૧-૨-૧૪ થી તા. ૩૧-૧-૧૫ | ૪૪ |
| તા. ૧-૨-૧૫ થી તા. ૩૧-૧-૧૬ | ૭૮ |

સદર ઈસમોને વસુલાત અર્થે નોટીસ આપવાની, દંડનીય રકમની વસુલાતની તથા કેટલાક ઈસમો વિરુદધ એફ.આઈ.આર. દાખલ કરવાના પગલાં ભરવામાં આવ્યાં.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં તારીખ. ૩૧-૩-૨૦૧૦ પછી લીઝો કે ખાણો મંજૂર કરવા માટે કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલી અરજીઓમાં લીઝો કે ખાણો મંજૂર કરવામાં આવી? સુપ્રીમ કોર્ટના ચૂકાદા અન્વયે તારીખઃ ૩૧-૩-૨૦૧૦ પછી હરાજી કર્યા વગર લીઝો મંજૂર ન કરી શકાતી હોવા છતાં આવી લીઝો મંજૂર કરવાના કારણો શું? અને મારો બીજો પ્રશ્ન કે મારા મત વિસ્તાર ધાનોદ ગામે પંચાયતનું ઓછામાં ઓછું ૩૦ થી ૩૫ વિઘા ગૌચાર તોડી અને સતરાલ ઓવરબ્રીજ બાંધવાના કામે વાપરવામાં આવેલ છે એગ્રીમેન્ટની શરતો મુજબ માટીકામ માટે ગૌચરની માટી વાપરવાનું નકકી થયેલ હતું કે કેમ અને જો થયેલ હોય તો ગ્રામ પંચાયતની માટીનો ઉપયોગ માટે લીઝની પરવાનગી કોન્ટ્રાકટરને આપવામાં આવેલ હતી કે કેમ અને આપવામાં આવેલ હોય તો એની પાસેથી કેટલી લીઝની રકમ વસુલ કરી છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પાંચ વર્ષનું કીધું પણ મારી પાસે બે વર્ષના આકડા છે એની અંદર મેં કીધું કે ગાંધીનગરની અંદર બે વર્ષમાં ૧૩ લીઝ આપવામાં આવી છે અને મહેસાણામાં ૨૨ આપવામાં આવી છે. જે ૧૩ લીઝો આપવામાં આવી છે એમાં ૯ લીઝ ઓકશન કરવામાં આવી છે અને ઓકશનના કારણે દહેગામ તાલુકાની અંદર ૯ બ્લોકોમાં આપણને ૪ કરોડ ૨૮ લાખની આવક થઇ છે અને જે ચાર લીઝો આપવામાં આવી છે એ એકઝીસ્ટીંગ સીસ્ટમના કારણે આપણે સીસ્ટમની અંદર જે લોકોએ જૂની અરજી કરી હોય અને જૂની અરજીમાં સીંગલ અરજી હોય તો આપણે નિયમો પ્રમાણે, કાયદા પ્રમાણે એ લોકોને મંજૂરી આપીએ છીએ. કેન્દ્ર સરકારનો કાયદો છે. બે–ત્રણ કારણસર લીઝ જૂની હોય એમાં જો રીવીઝનની અરજી આપવી પડે છે, સીંગલ અરજી આવી હોય તો સીંગલ અરજી આપવી પડે છે એવી માત્ર ચાર આપવામાં આવી છે. બાકીનો એમણે જે પ્રશ્ન કહ્યો સરપંચનો એની મારી પાસે અત્યારે માહિતી નથી.

અધ્યક્ષશ્રી : અત્યારે એમની પાસે માહિતી નથી. પછી આપી દેશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી મોટી ચોરી છે.

અધ્યક્ષશ્રી : એમણે ના કયાં પાડી છે?

શ્રી સૌરભ પટેલ : સ્પેસિફિક ગામનો વિષય કહ્યો છે. સ્પેસીફીક ગામના વિષય માટે મારી પાસે અત્યારે માહિતી નથી અને આપને એ જે વિષયની માહિતી છે એ આપની જાણમાં મૂકીશ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ લીઝની મંજૂરી લીધી હતી કે કેમ એટલી તો માહિતી આપો.

શ્રી સૌરભ પટેલ : મારી પાસે અત્યારે માહિતી નથી.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખનિજ ચોરીના કેટલા કેસો પકડવામાં આવ્યા અને તેમની પાસેથી કેટલી રકમ વસુલ કરવામાં આવી?

શ્રી સૌરભ પટેલ : છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તા. ૧–૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ દરમિયાન ૧૪ ઇસમો પકડાયા અને રૂપિયા ૩૨.૯૧ લાખની પેનલ્ટી રીકવર કરવામાં આવી. બીજા વર્ષમાં તા. ૧–૨–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ દરમિયાન ગાંધીનગરમાં ૧૯ કેસોમાં રૂપિયા ૫૫.૫૧ લાખ રીકવર કરવામાં આવ્યા છે. ૨૪ કેસમાં એફ.આઇ.આર. ફાઇલ કરી છે. મિનરલ ઓર્ડીનરી સેન્ડની કિંમત ૧ કરોડ ૩૪ લાખ થાય છે. આની અંદર ઇલીગલ એસ્કેવેશનમાં ઇસમોની વાત કરી પણ આ ઉપરાંત બીજા બધા થેપ્ટ્સની વાત કરીએ ઇલીગલ અસ્કેવેશન સિવાયના, તો ગાંધીનગરમાં ૬૦.૫૭ લાખના ૮૯ કેસો કરવામાં આવ્યા છે.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, લીઝ ધારધારકો વારંવાર ખનિજનું ગેરકાયદેસર ખોદકામ કરતા હોય તો ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ ફોજદારી ફરિયાદ કરવાનું બને છે તો કલમ–૫૩ હેઠળ આ લીઝધારકોની લીઝ ૩ માસ સુધી રદ કરવાની હોય છે તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આવા કોઇ પગલાં ભરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : કાયદાની જોગવાઇ પ્રમાણે અને જુદા જુદા રુલ્સ બનાવ્યા એના આધારે જુદી જુદી એક્ટિવિટી થતી હોય એના નિયમો પ્રમાણે આપણે પગલાં લઇએ છીએ. માઇનર હોય તો માઇનર પગલાં અને મેઝર હોય તો મેઝર પગલાં લઇએ છીએ. આ પ્રમાણે આપણા રાજ્યમાં હાલમાં પગલાં લેતાં આવ્યાં છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકાર ખનિજોની હરાજી કરે છે તેની પદ્ધત્તિ શું છે અને બીજું કે, રેતીની લીઝ માટે એન્વાર્યનમેન્ટ કલીયરન્સ સર્ટિફિકેટનું એન.ઓ.સી. જોઇએ છે અને આ સર્ટિફિકેટ મેળવવામાં ખૂબ વિલંબ થાય છે તો સરકાર આવું સર્ટિફિકેટ વહેલું આપવા માગે છે કે કેમ અને ૫ હેકટરથી ઓછી લીઝ હોય તો કલેકટરને પાવર આપવામાં આવ્યા છે એ વાત સાચી છે?

શ્રી સૌરભ પટેલ : આપણે ઇ–ઓકશન દ્વારા ખૂબ પારદર્શિતાથી ઓકશન કરીએ છીએ. એની અંદર જે બ્લોક હોય એ અંગે નોટિફિકેશન કરીએ છીએ અને પબ્લિક ડોમેઇનમાં મૂકીએ કે આટલા આટલા બ્લોકમાં આટલી રેતી છે અને ઓકશનમાં આવવા માટે ઇન્વાઇટ કરીએ છીએ. બીડર્સ હોય છે એમાં આપણે એક બેઝ પ્રાઇઝ નક્કી કરીએ છીએ અને એ બેઝ પ્રાઇઝ ઉપર એ લોકો બીડિંગ પ્રોસેસ ચાલુ કરે છે. અને જે વ્યક્તિ વધારે બીડ આપે છે ઇ–ઓકશનમાં એ લોકોને સંમતિ આપીએ છીએ. આમાં ખૂબ મોટો લાભ આપણને થયો છે. આપણા મોટા ભાગના સેન્ડ બ્લોક્સના કામો ઇ–ઓકશન દ્વારા કરવામાં આવ્યા છે. જે એન્વાર્યન્મેન્ટ કલીયરન્સ સર્ટિફિકેટની વાત કરી એમાં અમારા એન્વાર્યનમેન્ટ વિભાગે ખૂબ સ્પીડથી એન્વાર્ટન્મેન્ટ રીલેટેડ ઇશ્યુ લીઝના પૂરા કર્યા છે. એ ફરજિયાત છે અને કાયદા પ્રમાણે જ કરવું પડે. હવે આપણે એવું નક્કી કર્યું કે આ ઇ.સી.ના જે કોઇ કેસો હોય એની જિલ્લા લેવલે સંપૂર્ણપણે સત્તા કલેકટરને આપી છે. જીઓલોજિસ્ટને મેમ્બર સેક્રેટરી બનાવ્યા છે. આવતા દિવસોમાં કોઇને ગાંધીનગર ન આવવું પડે અને ૫ હેકટરથી નાની લીઝ હોય એ બધાની મંજૂરી આપણે કલેકટર લેવલ ઉપર આપીએ અને ૫ હેકટરથી વધારે હોય તો વધારે સ્પીડમાં આપણે લોકોનું કામ પતે એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સાહેબ, માહિતી નથી આપી તો ટેબલ ઉપર મૂકજો.

શ્રી સૌરભ પટેલ : જે કાંઇ માહિતી છે એ ચોક્કસ આપીશ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સાહેબ, મારે આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવું છે કે, ૨૦૧૫–૧૬માં ૪૪ અને ૭૮ એમ મળીને ૧૨૨ કેસો થયાં, તેમાં તમે એવું લખ્યું છે કે સદર ઇસમોને વસુલાત અર્થે નોટિસ આપવાની, દંડનીય રકમની વસૂલાતની તથા કેટલાક ઇસમો વિરુદ્ધ એફ.આઇ.આર. દાખલ કરવાના પગલાં ભરવામાં આવ્યાં તો આ ૧૨૨માંથી કેટલા ઇસમો ઉપર પોલીસ ફરિયાદ કરવામાં આવી અને કેટલા પર નથી કરવામાં આવી? જો ના કરવામાં આવી હોય તો તેના કારણો શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિગતવાર આપું તો ગાંધીનગરની અંદર ટોટલમાં ૭૮ માંથી એક ઉપર પોલીસ ફરિયાદ કરવામાં આવી છે?

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને સફાઈ કરની ગ્રાન્ટની જોગવાઈ

* ૨૨૧૯૯ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના કેટલા ગામોને આ ગ્રાન્ટ આપવામાં આવી? | (૨) નીચે મુજબ |

(૨)

| ક્રમ | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૫૨૯ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૫૨૧ |
| | કુલ | ૧૦૫૦ |

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા : અધ્યક્ષ મહોદય, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ગુજરાતના ગ્રામ્ય લેવલ સુધી સ્વચ્છ અને સ્વસ્થ ગામના હેતુસર રાજ્ય સરકારની યોજના સ્વચ્છ ગામ– સ્વસ્થ ગામ યોજનામાં સુરત જિલ્લાની અંદર ગ્રામ પંચાયતને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો હેતુ ગ્રામ પંચાયત અને ગામડું તંદૂરસ્ત હરિફાઇ કરે. એ જ રીતે સુરતના પ્રશ્નની અંદર ઓલપાડ તાલુકાના ૯૬ ગામ છે એમાંથી ૯૫ ગામને પોષાક ગ્રાન્ટ તરીકે ૧૩ લાખ ૨૦૧૪માં ચૂકવવામાં આવ્યાં છે અને ૨૦૧૫–૧૬ની અંદર ૯૬ ગામમાં ૬૨ લાખ એટલે ટોટલ ૭૮ લાખ રૂપિયા ઓલપાડ તાલુકાને ચૂકવવામાં આવ્યાં છે. ચોર્યાસી તાલુકાની અંદર ૪૧ ગામમાંથી ૨૦૧૪–૧૫ માં ૩૭ ગામ, ૨૦૧૫–૧૬ માં ૩૭ ગામ ટોટલ ૬૦ લાખ રૂપિયા ચોર્યાસી તાલુકાને ચૂકવવામાં આવ્યાં છે. કામરેજ તાલુકાની અંદર ૫૯ ગામને ટોટલ ૫૫ લાખ ૧૪ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે. પલાસણ તાલુકાના ૪૪ ગામ ૫૧ લાખ ૯૫ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે. બારડોલી તાલુકાને ૭૬ ગામમાંથી ૭૨ ગામને ૩૧ લાખ ૭૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે. મહુવા તાલુકાના ૬૨ ગામની અંદર ૧૩ લાખ ૬૭ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે. માંડવી તાલુકાની અંદર ૮૬ માંથી ૫૯ ગામ ૮ લાખ ૮૩ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે. માંગરોળ તાલુકાની અંદર ૬૮ ગામને ૨૪ લાખ ૫૬ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે. ઉંમરપાડા તાલુકામાં ૩૩ ગામમાં ૫ લાખ ૮૪ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ તે પહેલા મારી એક વિનંતી છે કે મારી આગળ બેઠેલા જીતુભાઇ વાઘાણી જેઓની હાઇટ ૬ ફૂટ ૨ ઇંચ છે. મારી હાઇટ ૫ ફૂટ ૪ ઇંચ અને હર્ષભાઇની પણ એટલી જ છે એટલે સાહેબ દેખાતા નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવી જાવ. બિલકૂલ એવું ના કહો. બધાને દેખાય છે. આપ પ્રશ્ન પૂછો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સ્વચ્છ ગામ– સ્વસ્થ ગામ યોજના હેઠળ સહાયની રકમ ચૂકવવાપત્ર ગ્રામ પંચાયતો નક્કી કરવા માટે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત કક્ષાએ કોઇ સમિતિની રચના કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રામ પંચાયત સારુ કામ કરતી હોય એવી ગ્રામ પંચાયતોની અંદર ગ્રામ પંચાયત સ્તરે ગ્રામ પંચાયત સુખાકારી સમિતિની રચના કરવામાં આવી છે, એના મેમ્બર તરીકે સરપંચ અધ્યક્ષ રૂએ હોદ્દેદાર છે. મેડિકલ ઓફિસર છે, પ્રાથમિક શાળાના આચાર્ય છે, ગામની દૂધ મંડળી અગર તો સહકારી મંડળીના ચેરમેન અને તલાટી છે. આ લોકો ગામની અંદર નક્કી કરતા હોય છે અને એમાં પોઇન્ટ ઉપર તમામ ગ્રામ પંચાયતોના આધારે તાલુકાને મોકલતા હોય છે. તાલુકાની અંદર તાલુકા વિકાસ અધિકારી હોદ્દાની રૂએ અધ્યક્ષ છે. મેડિકલ ઓફિસર છે. તાલુકા વિકાસ અધિકારી (કેળવણી) છે, નિરીક્ષક, સમાજ કલ્યાણના અધિકારી છે અને તાલુકા ન્યાય સમિતિના અધ્યક્ષ પણ છે. આ દરખાસ્ત જ્યારે જિલ્લામાં મોકલવામાં આવે ત્યારે જિલ્લા વિકાસ અધિકારી, આ સમિતિના અધ્યક્ષ છે, નિયામકશ્રી ગ્રામ વિકાસ, સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી અને જિલ્લાના ન્યાય સમિતિના અધ્યક્ષ છે અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી આના સભ્ય સચિવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉદ્દેશ ગામડું અને ગ્રામ પંચાયત સ્વચ્છતાની હરિફાઇ કરે, જે એનો વેરો પચાસ ટકાથી વધારે ઉઘરાવે એને જ દેવાના આ પૈસા સહાયકના, પ્રોત્સાહકના થાય છે. એટલા માટે રાજ્ય સરકારનો ઉદ્દેશ છે કે, દરેક ગામડું અને ગ્રામ પંચાયત આ કામગીરીમાં હરિફાઇ કરે આ ઉદ્દેશ સાથે ચૂકવાય છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, "સ્વચ્છ ગામ– સ્વસ્થ ગામ" યોજનાની સહાયનો ઉપયોગ કયા કયા કામો માટે કરવાની જોગવાઇ છે ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે તે વખતે રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે, આ જે સહાય પેટેના પૈસા મળે છે, એમાંથી સફાઇની પ્રવૃત્તિ માટે ગામની અંદર વપરાય, સફાઇના સાધનો ખરીદવા માટે વપરાય, ગામની અંદર ગટર વ્યવસ્થાના બાંધકામ માટે વપરાય અને સામૂહિક શૌચાલયમાં, સુખાકારીમાં વધારો થાય એ કરવા માટે શૌચાલય પાછળ પણ વપરાય.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગુ છું કે, માંડવી તાલુકાના ૧૪૯ ગામો છે પણ ૮૬ ગામોમાં ગ્રામ પંચાયતો છે, એમાં ૫૯ ગામોને ગ્રાન્ટ ફાળવી છે ૮.૬ લાખ એટલે ૭૦,૦૦૦/– જેટલી એક ગ્રામ પંચાયતને આપી છે. તો કેટલી ગ્રામ પંચાયતોના પૂરેપૂરા પૈસા વાપર્યા છે ? અને ક્યાંક કોઇ ગેરરીતિ આપના ધ્યાને આવી હોય તો જણાવવા વિનંતી છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું છે કે, જે સફાઇ વેરો ૬૧ ટકા થી વધારે જે ગ્રામ પંચાયત ઉઘરાવે એને જ આ રકમ આપવાપાત્ર થાય છે. એમણે બીજો પ્રશ્ન કર્યો કે, આવી કોઇ પૈસા વાપરવાની ફરિયાદ, માનનીય અધ્યક્ષશ્રી, મન

## અતારાંકિત પ્રશ્નોત્તરી

કોઇ ફરિયાદા આ બાબતે મળી નથી, સભ્યશ્રી પાસે જો આવી કોઇ ફરિયાદ હશે તો ચોક્કસપણે અમે તપાસ કરાવીશું.

શ્રીમતી ઝંખના હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, "સ્વચ્છ ગામ– સ્વસ્થ ગામ" યોજનામાં ગ્રામ પંચાયતની સહાયક ગ્રાન્ટ ફાળવવા માટે માર્કીંગ સિસ્ટમના ધોરણો શું છે ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રામ પંચાયતોની અંદર માર્કીંગ સિસ્ટમ છે. એમાં જે સફાઇ વેરામાં ૯૧ થી ૧૦૦ સુધી ઉઘરાવે અને એ જે ગ્રાન્ટ ઉઘરાવે ગ્રામ પંચાયત દસ હજાર ઉઘરાવે તો સરકાર એને વીસ હજાર આપે છે પછી ૮૧ થી ૯૧ના માર્કસ સુધી ઉઘરાવે તો એને ડબલ આપે છે, પચાસ હજાર ઉઘરાવે તો પચાસ હજાર આપે છે. ૬૧ થી ૮૦ માર્કસ સુધી એને પણ પચાસ ટકા રકમ આપે છે. તો આ જે માર્કસ મૂકવાની સભ્યશ્રીએ વાત કરી છે એમાં જે સમિતિ બનાવી છે, એ સમિતિ નોર્મસ નક્કી કરે છે. આજે સફાઇ વેરો ગ્રામ પંચાયતે નાખ્યો તો એને કેટલા વર્ષ થયા ? તો એમાં એને માર્કસ આપવાના છે કે, ૮ માર્કસ આપે, કોઇને ત્રણ વર્ષ થયા હોય, કોઇને બે વર્ષ થયા હોય પણ કોઇ ગ્રામ પંચાયત સફાઇ વેરો નાખ્યા પછી જો વધારે તો એને પોઇન્ટ વધારે આપવના આ નક્કી થાય છે.

### રાજ્યમાં હવાઈ સેવા

* ૨૧૧૭૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં આંતર રાજ્ય હવાઈ સેવા છેલ્લા બે વર્ષમાં ક્યારે ચાલુ કરવામાં આવેલ, | (૧) રાજ્યમાં આંતર રાજ્ય હવાઈ સેવા તા. ૫–૧–૨૦૧૫ થી શરૂ કરવામાં આવેલ. |
| (૨) ઉક્ત હવાઈ સેવા કયા કયા શહેરોને જોડતી હતી, | (૨) ઉક્ત હવાઈ સેવા અમદાવાદ, ભુજ, જામનગર અને પોરબંદર શહેરોને જોડતી હતી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આંતર રાજ્ય હવાઈ સેવા ચાલુ છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો ઉક્ત હવાઈ સેવા બંધ હોય તો ક્યારે બંધ કરવામાં આવેલ અને તેના કારણો શા છે? | (૪) મે. મેહેર એર કંપનીએ, કંપનીને નુકશાન થતું હોવાના કારણે તા. ૦૮–૦૨–૨૦૧૫થી આ હવાઈ સેવા બંધ કરેલ છે. |

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યા પ્રમાણે કહી શકાય કે, ૩૪ દિવસમાં હવાઇ સેવા, હવામાં ઓગળી ગઇ. આ હવાઇ સેવા શરૂ કરતા પહેલાં રાજ્ય સરકાર દ્વારા સરવે કરવામાં આવેલ હતો કે કેમ ?

મારો બીજો સવાલ એ છે કે, જ્યારે આ હવાઇ સેવા બંધ કરવામાં આવી છે ત્યારે રાજ્ય સરકાર પોતાના ખર્ચે આંતર હવાઇ સેવા શરૂ કરવા માગે છે કે કેમ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે, સરવે કરવામાં આવ્યો હતો કે કેમ ? તો માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એવું રાજ્ય છે કે, જે વિકસીત રાજ્ય છે અને વિકસીત રાજ્યમાં દરેક બાબતોમાં વિકાસમાં હરણફાળ ભરી છે ત્યારે જે ઉડ્ડયનમાં શરૂઆત કરી છે, શુભ હેતુ એવો છે કે, આ વિકાસની ગાથામાં....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## **અતારાંકિત પ્રશ્નોત્તરી**

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમરેલી જિલ્લામાં પૂર્ણ કરેલ વ્યક્તિગત શૌચાલય

* ૨૦૮૭૭ શ્રી બાવકુભાઈ ઉંઘાડ (લાઠી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યિાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) અમરેલી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યિાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, |

| વર્ષ (કેલેન્ડર) | બીપીએલ કુટુંબો | એપીએલ કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૦૦૦ | ૬૨૭૧ | ૭૨૭૧ |
| ૨૦૧૫ | ૧૬૧૬ | ૧૦૧૩૯ | ૧૧૭૫૫ |
| કુલઃ– | ૨૬૧૬ | ૧૬૪૧૦ | ૧૯૦૨૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો. |

(રૂ. લાખમાં)

| વર્ષ (કેલેન્ડર) | બીપીએલ કુટુંબો માટે | એપીએલ કુટુંબો માટે | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૬૨.૦૩ | ૨૪૭.૯૮ | ૩૧૦.૦૧ |
| ૨૦૧૫ | ૧૪૯.૩૯ | ૧૦૪૮.૪૪ | ૧૧૯૭.૮૩ |

અતારાંકિત પ્રશ્નોત્તરી

| | | | |
|---|---|---|---|
| કુલઃ- | ૨૧૧.૪૨ | ૧૨૯૬.૪૨ | ૧૫૦૭.૮૪ |

રાજકોટ જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૧૩૮૩ શ્રી પ્રવીણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ ૧૦૨ સબ સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૫ (પાંચ), અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૭ (સત્તર) એમ કુલ ૨૨ (બાવીસ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ તમામે તમામ નવીન વીજ સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન કુલ ૪ (ચાર) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.<br>• બાકી રહેતા સબસ્ટેશનોના બાંધકામનું કાર્ય પ્રગતિ હેઠળ છે. જે માર્ચ ૨૦૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) વર્ષ ૨૦૧૪માં રૂ. ૨૭૧૭.૫૨ લાખ અને વર્ષ ૨૦૧૫ માં રૂ. ૮૦૦૦.૬૪ લાખ ખર્ચ થયેલ છે. |

જામનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

*૨૧૩૭૦ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ જામનગર જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨) વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રૂ. ૧૦૯.૭૮ લાખના ખર્ચે કુલ ૩૧૫ કી.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા. |

સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજનામાં માનવદિન રોજગારી

* ૨૦૮૯૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું, | (૧) સાબરકાંઠા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૪.૮૭ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું. |
| (૨) તેની સામે તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને | (૨) તેની સામે તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ ૪.૬૨ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે? | (૩) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ મહિલાઓ માટે ૨.૧૦ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

રાજ્યમાં પવન ઊર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૧૩૮૦ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછારોડ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પવન ઊર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે ? | તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પવન ઊર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૩૮૧૧.૦૭૫ મેગાવોટ છે. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### આણંદ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ

* ૨૧૮૧૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રી (પંચાયત) નું મંજૂર થયેલ મહેકમ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

(૧)

| અ.નં. | તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | આણંદ | ૫૯ |
| ૨ | ઉમરેઠ | ૩૨ |
| ૩ | બોરસદ | ૭૦ |
| ૪ | આંકલાવ | ૩૦ |
| ૫ | પેટલાદ | ૬૦ |
| ૬ | સોજીત્રા | ૨૩ |
| ૭ | ખંભાત | ૬૮ |
| ૮ | તારાપુર | ૩૬ |
| | કુલ | ૩૭૮ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| અ.નં. | તાલુકો | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૪ | ૧૫ |
| ૨ | ઉમરેઠ | ૨૯ | ૩ |
| ૩ | બોરસદ | ૫૮ | ૧૨ |
| ૪ | આંકલાવ | ૨૨ | ૮ |
| ૫ | પેટલાદ | ૪૮ | ૧૨ |
| ૬ | સોજીત્રા | ૧૯ | ૪ |
| ૭ | ખંભાત | ૪૯ | ૧૯ |
| ૮ | તારાપુર | ૨૯ | ૭ |
| | કુલ | ૨૯૮ | ૮૦ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| અ.નં. | તાલુકો | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે તેવી સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૪ |
| ૨ | ઉમરેઠ | ૦ |
| (૩) તે અન્વયે કેટલી કામગીરી થયેલ છે ? | (૩) કચ્છ જિલ્લાના મુંધવાઈ, રામાણીયા અને ગોયલા ખાતે લાઈમસ્ટોન ખનિજ માટે ૨૭૦ બોરહોલ કરીને ૧૯,૬૭૫ મીટર શારકામ કરવામાં આવેલ છે. |

### આણંદ જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજનાનો અમલ

* ૨૨૧૯૮ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના કયા વર્ષથી અમલમાં આવી, | (૧) વર્ષ–૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે. |

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના ૫,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા કેટલા ગામોને આ ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લાના ૫,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોને આ યોજના હેઠળ ગ્રાન્ટ આપવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૩૧–૧૨–૨૦૧૪ | ૧૦૧ |
| ૨ | ૩૧–૧૨–૨૦૧૫ | ૧૦૦ |

બનાસકાંઠા જિલ્લામાં રેતીની લીઝ પેટે વસુલ કરેલ રોયલ્ટીની રકમ

* ૨૨૯૧૨ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીમાંથી કેટલી રકમ બનાસકાંઠા જિલ્લાને ચુકવવાની થતી હતી,

(૧) સને ૨૦૧૩–૧૪ માટે રૂા. ૮૮૦.૨૩ લાખ અને સને ૨૦૧૪–૧૫ માટે રૂા. ૯૧૪.૬૫ લાખ.

(૨) તે પૈકી કેટલી રકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ચુકવવામાં આવી છે, અને

(૨) રૂ. ૧૭૯૪.૮૮ લાખ

(૩) બાકીની રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૩) તમામ રકમ ચુકવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજકોટ અને મોરબી જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાઓ

* ૨૨૭૨૫ શ્રી મહમદજાવિદ પીરજાદા (વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ તથા મોરબી જિલ્લા પંચાયતમાં વર્ગ–૧ તથા વર્ગ–૨ના અધિકારીશ્રીઓની કેટલી જગ્યા ક્યારથી ખાલી છે, અને

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ તથા મોરબી જિલ્લા પંચાયતમાં વર્ગ–૧ (નાયબ જિલ્લા વિકાસ અધિકારી) તથા વર્ગ–૨ (તાલુકા વિકાસ અધિકારી)ની નીચે મુજબ જગ્યાઓ ખાલી રહેલ છે.

| જિલ્લો | વર્ગ–૧ | વર્ગ–૨ |
|---|---|---|
| રાજકોટ | ૦૧ | ૦૮ |
| મોરબી | ૦૧ | ૦૫ |

| ક્રમ | જિલ્લાનું નામ | જગ્યાનું નામ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ના.જિ.વિ.અ.શ્રી, (મહેસુલ) | તા. ૨૨–૦૨–૧૪ |
| ૨ | | તા.વિ.અ.શ્રી, (ચીટનીશ) (જ.દ.) | તા. ૦૧–૦૬–૧૨ |
| ૩ | | તા.વિ.અ.શ્રી ધોરાજી | તા. ૦૧–૦૮–૧૫ |
| ૪ | | તા.વિ.અ.શ્રી, જેતપુર | તા. ૨૪–૦૮–૧૫ |
| ૫ | | તા.વિ.અ.શ્રી, ગોંડલ | તા. ૩૧–૧૦–૧૫ |
| ૬ | | તા.વિ.અ.શ્રી, પડધરી | તા. ૧૭–૦૪–૧૫ |
| ૭ | | તા.વિ.અ.શ્રી, જસદણ | તા. ૧૮–૦૪–૧૫ |
| ૮ | | તા.વિ.અ.શ્રી, કોટડા–સાંગાણી | તા. ૨૫–૦૮–૧૧ |
| ૯ | | તા.વિ.અ.શ્રી, વિંછીંયા | તા. ૦૨–૦૨–૧૩ |
| ૧૦ | મોરબી | ના.જિ.વિ.અ.શ્રી, | તા. ૧૧–૧૦–૧૩ |
| ૧૧ | | તા.વિ.અ.શ્રી, મોરબી | તા. ૧૭–૦૬–૧૫ |
| ૧૨ | | તા.વિ.અ.શ્રી, વાંકાનેર | તા. ૦૫–૦૫–૧૪ |
| ૧૩ | | તા.વિ.અ.શ્રી, માળીયા–મીંયાણા | તા. ૧૭–૦૬–૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | | તા.વિ.અ.શ્રી, ટંકારા | તા. ૧૬-૦૬-૧૫ |
| ૧૫ | | તા.વિ.અ.શ્રી, હળવદ | તા. ૧૭-૦૮-૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શું પગલા ભર્યા ?

(૨) નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ની ખાલી જગ્યાઓ બઢતી આપી ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તાલુકા વિકાસ અધિકારીશ્રીની સીધી ભરતીની ૧૦૦ (સો) જગ્યાનું માંગણાપત્રક જી.પી.એસ.સી.માં મોકલવામાં આવેલ છે. તથા વર્ગ-૩માંથી બઢતી આપી બનતી ત્વરાએ આ ખાલી જગ્યા ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

લુણાવાડા તાલુકામાં કોલવણ ગ્રામ પંચાયતને કામો માટે નાણાંકીય રકમ

* ૨૦૫૯૬ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં કોલવણ ગ્રામ પંચાયતને એચ.એસ.જી. ૩ માળખાકીય સુવિધા યોજના અન્વયે વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન કયા કામો માટે કેટલી નાણાંકીય રકમ આપવામાં આવી, અને

જવાબ

(૧) મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં કોલવણ ગ્રામ પંચાયતને એચ.એસ.જી.૩ માળખાકીય સુવિધા યોજના અન્વયે વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ફાળવેલ રકમ

| ક્રમ | કામનું નામ | ફાળવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૧ | પગી ફળીયા આવાસ સંકુલમાં રમણ ઉદા પગીના આવાસ સુધી સી.સી. રોડ | ૧૨૮૬૩૮ |
| ૨ | પગી ફળીયા આવાસ સંકુલમાં ઉદા મનસુખભાઈ પગીના આવાસ સુધી સી.સી. રોડ | ૬૪૫૧૨ |
| ૩ | પગી ફળીયા આવાસ સંકુલમાં ખાંટ પર્વત ખાતુના આવાસ સુધી સી.સી. રોડ | ૧૨૮૬૩૮ |
| ૪ | પગી ફળીયા આવાસ સંકુલમાં પગી લક્ષ્મણ હીરાભાઈ આવાસ સુધી સી.સી. રોડ | ૧૦૩૨૧૨ |
| ૫ | પગી ફળીયા આવાસ સંકુલમાં પગી પ્રતાપભાઈ જીવાભાઈના આવાસ પાસે બોર મોટર પાઈપલાઈનનું કામ | ૭૫૦૦૦ |

(૨) ઉક્ત મંજૂર થયેલ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવ્યા અને જો કામો અપૂર્ણ હોય તો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ઉક્ત મંજુર કામો પૈકી
ક્રમ-૧ થી ૩ ના કામો પૂર્ણ તા. ૧૯-૧૨-૨૦૧૩
ક્રમ-૪નું કામ પૂર્ણ તા. ૨૬-૧૧-૨૦૧૩
ક્રમ-૫નું કામ પૂર્ણ તા. ૨૨-૧૦-૨૦૧૩

બનાસકાંઠા જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓ

* ૨૨૪૩૩ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ સરકારને મળી,

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં

| ક્રમ | તાલુકો | પ્લોટ મેળવવા મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૯૮ |
| ૨ | વડગામ | ૭૫ |
| ૩ | દાંતા | ૯૭ |
| ૪ | અમીરગઢ | ૦ |
| ૫ | ડીસા | ૧૯ |
| ૬ | દાંતીવાડા | ૦ |

| | | |
|---|---|---|
| ૭ | ધાનેરા | ૦ |
| ૮ | થરાદ | ૨૧ |
| ૯ | વાવ | ૦ |
| ૧૦ | દિયોદર | ૨૦ |
| ૧૧ | ભાભર | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૦ |
| ૧૩ | લાખણી | ૦ |
| ૧૪ | સૂઈગામ | ૦ |
| | કુલ :- | ૩૩૦ |

(૨) આ અરજીઓ પૈકી વર્ષવાર કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા,

(૨)

| વર્ષ | ઘરથાળના ફાળવેલ પ્લોટ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૩૫ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧/૧૨/૧૫ અંતિત) | ૦૧ |
| કુલ :- | ૧૩૬ |

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા અરજદારોને ઘરથાળના પ્લોટ ફાળવવાના બાકી છે, અને

(૩) ઘરથાળના પ્લોટ ફાળવવાના બાકી નથી.

(૪) બાકી રહેતા અરજદારોને કેટલા સમયમાં ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવશે ?

(૪) પ્રશ્ન નથી.

### મહેસાણા જિલ્લામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

* ૨૧૪૭૦ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ મહેસાણા જિલ્લાને વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે,

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

જવાબ

(૧) ફાળવેલ ગ્રાન્ટ રૂ. ૨૪૬૫.૦૦ લાખ સામે રૂ. ૧૦૮૭.૯૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કુલ ૧૪૪૯ કામો મંજૂર થયેલ છે અને કુલ ૮૨૯ કામો પૂર્ણ થયેલ છે.

### રાજ્યમાં સરકારી અને ખાનગી વીજમથકોની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૦૬૪૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

(૨) તે અન્વયે, છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્યના સરકારી અને ખાનગી વીજ મથકોમાંથી કેટલું વીજ ઉત્પાદન થયું, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની સરકારી અને ખાનગી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતાની વિગત નીચે મુજબ છે :-

| સેક્ટર | મે.વો. |
|---|---|
| સરકારી વીજ મથકો | ૧૨૧૯૮ |
| જીએસઇસીએલ | ૫૯૯૬ |
| રાજ્ય સરકારના સ્વતંત્ર વીજ મથકો | ૨૨૬૯ |
| કેન્દ્ર સરકારના વીજ મથકોમાંનો રાજ્યનો હિસ્સો | ૩૯૩૩ |
| કુલ:- | ૧૨૧૯૮ |
| ખાનગી વીજ મથકો | ૭૫૦૭ |
| કુલ:- | ૧૯૭૦૫ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષ દરમ્યાન લાંબાગાળાના વીજ ખરીદી કરારો અંતર્ગત જીયુવીએનએલ દ્વારા સરકાર હસ્તકના તથા ખાનગી

વીજ મથકો પાસેથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| સેક્ટર | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ (પ્રોવીઝનલ) |
|---|---|---|
| | મિ.યુ | મિ. યુ. |
| સરકારી વીજ મથકો | ૪૨૭૬૯ | ૪૨૬૫૬ |
| જીએસઈસીએલ | ૧૭૮૬૦ | ૧૭૪૧૩ |
| રાજ્ય સરકારના સ્વતંત્ર વીજ મથકો | ૪૬૧૮ | ૪૩૬૫ |
| કેન્દ્ર સરકારના વીજ મથકો | ૨૦૨૯૧ | ૨૦૮૭૮ |
| કુલ:- | ૪૨૭૬૯ | ૪૨૬૫૬ |
| ખાનગી વીજ મથકો | ૩૨૫૬૫ | ૩૧૯૯૭ |
| કુલ:- | ૭૫૩૩૪ | ૭૪૬૫૩ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ખાનગી અને સરકારી વીજ ઉત્પાદન કેટલું વધ્યુ ?

(૩) કેલેન્ડર વર્ષ ૨૦૧૩ની સરખામણીએ વર્ષ ૨૦૧૪માં સરકારી વીજ ઉત્પાદનમાં ૪૨૦૩ મિલિયન યુનિટ અને ખાનગી વીજ ઉત્પાદનમાં ૪૧૬૦ મિલિયન યુનિટનો અનુક્રમે વધારો થયેલ છે. જ્યારે કેલેન્ડર વર્ષ ૨૦૧૫માં પવન ઊર્જાની વીજ ખરીદીમાં ૫૪૭ મિલિયન યુનીટનો વધારો થયેલ હોવાથી, વર્ષ ૨૦૧૪ની સરખામણીએ સરકારી વીજ ઉત્પાદનમાં ૧૧૩ મિલિયન યુનીટ અને ખાનગી વીજ ઉત્પાદનમાં ૫૬૮ મિલિયન યુનીટનો ઘટાડો અનુક્રમે થયેલ છે.

## હાંસોટ તાલુકામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૨૧૯૩ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય ગ્રામગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના હાંસોટ વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના હાંસોટમાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૧૫ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી ૧૪ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

## રાજ્યમાં ઘરવપરાશ વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાં રાહત

* ૨૦૪૭૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વીજળીની કિંમતમાં સતત ભાવ વધારો થતાં ઘરવપરાશના વીજ ગ્રાહકો ઉપર સરકારી વીજ શુલ્કમાં ભારણ વધે છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) વિદ્યુત શુલ્ક એડવોલરમ દરથી વસુલવામાં આવતો હોઈ વીજળીની કિંમતમાં વધારો થતા વીજ શુલ્કની રકમમાં વધારો થાય છે. જ્યારથી એડવોલરમ દર લાગુ કરવામાં આવ્યા ત્યારથી વીજ શુલ્ક દરમાં કોઈ વધારો કરવામાં આવેલ

નથી. પરંતુ ઉત્તરોત્તર વીજ શુલ્ક દરમાં ઘટાડો કરવામાં આવેલ છે. જેથી ગ્રાહકો ઉપરનું વીજ શુલ્કનું ભારણ એ રીતે ઘટવા પામેલ છે.

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને વર્ષવાર વીજ શુલ્ક પેટે કેટલી આવક મળી, અને

(૨) રાજ્ય સરકારને છેલ્લા બે નાણાકીય વર્ષમાં ઘરવપરાશના વીજ શુલ્ક પેટે વર્ષવાર નીચે મુજબની આવક મળેલ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|
| ઘરવપરાશ | ૭૩૫.૭૪ | ૮૮૬.૩૧ |

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે આ વીજ શુલ્કમાં છેલ્લે ક્યારે કેટલો ઘટાડો કર્યો ?

(૩) રાજ્ય સરકારે ઘરવપરાશના વીજ ગ્રાહકોને છેલ્લે તા. ૦૧-૦૪-૨૦૧૨ થી નીચે મુજબની વીજ શુલ્કમાં રાહત આપેલ છે.

(દર ટકામાં)

| વીજ ગ્રાહકોનો વિસ્તાર | તા. ૦૧/૦૪/૨૦૧૨ પહેલાં | તા. ૦૧/૦૪/૨૦૧૨ પછી | વીજ શુલ્કમાં રાહત |
|---|---|---|---|
| ગ્રામ્ય | ૧૦ | ૭.૫ | ૨.૫ |
| શહેરી | ૨૦ | ૧૫ | ૫ |

કચ્છ જિલ્લામાં ડોર ટુ ડોર કલેક્શન યોજનાનો અમલ

* ૨૦૮૮૩ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેક્શન યોજના કયા વર્ષથી આમલમાં આવી, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના ૨૦૦૧ થી ૫,૦૦૦ સુધીની વસ્તી ધરાવતા કેટલા ગામોને કેટલી ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ : ૨૦૧૪-૧૫થી અમલમાં આવેલ છે.

(૨) છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ૨૦૦૧ થી ૫,૦૦૦ સુધીની વસ્તી ધરાવતા ગામોને આ યોજના હેઠળ નીચે મુજબ ગ્રાન્ટ આપવામાં આવી છે.

| ક્રમ | ગામોની સંખ્યા | આપવામાં આવેલ ગ્રાન્ટ (રૂપિયા) |
|---|---|---|
| ૧ | ૧૬૮ | ૧,૨૫,૧૭,૬૩૨/- |

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૦૮૯૪ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી ?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૬ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૫૬ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

વલસાડ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૧૩૬૫ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

જવાબ

(૧) અને (૨) : રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૯ લોક અદાલતો યોજી કુલ ૨૭૯૧ કેસોમાં સમાધાન કરવામાં

(૨) કેટલા કેસેમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી રૂ. ૨૨૭.૨૯ લાખની રકમ પૈકી રૂ. ૭૫.૫૭ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને બાકી રૂ. ૧૫૧.૭૨ લાખની રકમ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૦૮૯૨ શ્રીનાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉકત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૩૧૭ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૧૩૧૭ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉકત વહીવટી મંજુરી પૈકી ૧૦૬૭ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજનામાં મળેલ અરજીઓ

* ૨૧૯૭૫ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા,

(૩) તે પૈકી કેટલી અરજીઓ કયા મુખ્યત્વે કારણોસર ના મંજૂર કરી, અને

(૪) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

જવાબ

(૧) ''ઝૂપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત વીજ જોડાણ મેળવવા માટે દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૩૯૫ અરજીઓ મળી.

(૨) તે પૈકી ૨૦૮૫ અરજીઓ મંજૂર કરી તમામને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૩) ૩૧૦ અરજીઓ નામંજૂર થયેલ છે તે પૈકી ૨૮૦ અરજીઓના અરજદારો તરફથી પૂરતા દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ ન હોવાથી જ્યારે ૩૦ અરજીઓમાં અરજદારોના અગાઉના વીજ બીલના નાણાં ભરપાઈ કરવાના બાકી હોવાથી અરજીઓ નામંજૂર થયેલ છે.

(૪) કોઈ અરજી પડતર નથી.

સુરેન્દ્રનગર જીલ્લામાં મનરેગા યોજનામાં માનવદિન રોજગારી

* ૨૦૮૯૮ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું,

(૨) તેની સામે તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

જવાબ

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૯.૦૯ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું,

(૨) તેની સામે તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ ૭.૦૧ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ મહિલાઓ માટે ૨.૬૪ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

જામનગર અને પોરબંદર જિલ્લામાં રૂા. ૪૯૦.૪૩ કરોડની મહેસૂલી વસૂલાત

* ૨૨૪૧૪ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને પોરબંદર જિલ્લામાં ખનિજ ખોદકામની રૂા. ૪૯૦.૪૩ કરોડની

જવાબ

(૧) ના, જી.

મહેસૂલી વસૂલાત થઈ શકી ન હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત બાકી વસૂલાત થઈ શકે તે માટે જકાતનાકા પર વજન કાંટા ગોઠવણી માટે ઉકત બંને જીલ્લામાં તા.૧-૧-૨૦૧૬ સુધીમાં છેલ્લામાં બે વર્ષમાં શું કાર્યવાહી થયેલ છે?

(૨) રાજ્યમાંથી જકાત નાબૂદ થયેલ હોઈ કોઈ સ્થળે જકાત નાકા નથી જેથી રકમની વસૂલાત માટે જકાતનાકા પર વજન કાંટાની ગોઠવણીનો પ્રશ્ન રહેતો નથી. જામનગર જીલ્લામાં ૫૬ તથા પોરબંદર જીલ્લામાં ૪૦ વે બ્રીજ અલગ અલગ સ્થળોએ નોટીફાય થયેલ છે.

ભાવનગર જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૨૨૦૧ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શોચાલય પુર્ણ કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શોચાલય પુર્ણ કરવામાં આવ્યા.

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે | એ.પી.એલ. કુટુંબો માટે | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૨૦૨ | ૬૬૮૨ | ૬૮૮૪ |
| ૨૦૧૫ | ૮૯૭ | ૧૩૮૦૧ | ૧૪૬૯૮ |
| કુલ | ૧૦૯૯ | ૨૦૪૮૩ | ૨૧૫૮૨ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| વર્ષ | બી.પી.એલ. કુટુંબો માટે | એ.પી.એલ. કુટુંબો માટે | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૫.૧૫ | ૧૧૫.૦૯ | ૧૨૦.૨૪ |
| ૨૦૧૫ | ૬૬.૫૭ | ૮૩૨.૯૦ | ૮૯૯.૪૭ |
| કુલ | ૭૧.૭૨ | ૯૪૭.૯૯ | ૧૦૧૯.૭૧ |

સાપુતારા ખાતે પ્રવાસન વિકાસ માટેની કામગીરી

* ૨૨૧૮૨ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે પ્રવાસનના વિકાસ માટે કઈ કામગીરી કરવામાં આવેલ છે.

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે પ્રવાસનના વિકાસ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧. ડેવલપમેન્ટ ઓફ સનરાઈઝ પોઈન્ટ

૨. ડેવલપમેન્ટ ઓફ રેકડી બજાર

૩. કન્સ્ટ્રકશન ઓફ ડોરમેટ્રી રૂમ

૪. કન્સ્ટ્રકશન ઓફ 'એ' ટાઈપ બંગલો

૫. સાપુતારા ખાતે ગર્વનર હીલ ઉપર પ્રોટેકશન વોલ તેમજ ક્રશ બેરીયર બનાવવાની કામગીરી

૬. આનંદો હોટલથી નાશિક બોર્ડર ટોલનાકા સુધી ફુટપાથ બનાવવાની કામગીરી

૭. સ્વાગત સર્કલ થી લેક-વ્યુ હોટલ સુધી નવી ફુટપાથ બનાવવાની કામગીરી

૮. મેઈન સર્કલ પાસેના પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક ખાતે રીંપેરીંગ ની કામગીરી.

૯. સાપુતારા ખાતેના તળાવ બાગનું આધુનિકરણ તથા ગાર્ડન અપડેટ કરવાની કામગીરી

૧૦. સાપુતારા ખાતે હોટલ લેક-વ્યુ સામે બ્રિજ પર નવા શોપિંગ સેન્ટર પાસે તથા આનંદો સર્કલ પાસે ત્રણ હાઈ માસ્ટ

લગાડવાની કામગીરી

૧૧. સાપુતારાથી નવાગામથી સ્મશાન ગૃહ સુધી વિલેજ એપ્રોચ રોડ બનાવવાની કામગીરી

૧૨. સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓ માટે આર.ઓ.વોટરના ૨ (બે) પ્લાન્ટ લગાડવાની કામગીરી

૧૩. સાપુતારા મ્યુઝીયમ ખાતે નવી ગેલેરી બનાવી તેમાં સાયન્ટીફીક રમકડા મુકવાની કામગીરી

૧૪. સાપુતારા સર્પગંગા તળાવમાં એટ્રેકશન માટેની કામગીરી

૧૫. ગવર્નર હીલ ઉપર આવેલ પાર્કીંગ એરીયામાં કર્બીંગ અને પેવર બ્લોક લગાવવાની કામગીરી

૧૬. ગવર્નર હીલ ઉપરના સ્ટેપ ગાર્ડનના સ્ટેપ રીંપેરીંગની કામગીરી

૧૭. ગવર્નર હીલ ઉપર સી.સી.રોડ બનાવવાની કામગીરી

૧૮. નોટીફાઈડ એરીયા સાપુતારાની કચેરીમાં કર્બીંગ અને પેવર બ્લોક લગાવવાની કામગીરી

(૨) આ માટે કેટલી નાણાંકીય જોગવાઈ રાખવામાં આવેલ છે, અને

(૨) આ માટે રૂપિયા ૩૬.૫૬ કરોડની નાણાકીય જોગવાઈ રાખવામાં આવેલ છે.

(૩) તે પૈકી તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ કેટલો ખર્ચ થવા પામેલ છે?

(૩) તે પૈકી તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ રૂપિયા ૨૪.૦૩ કરોડનો ખર્ચ થવા પામેલ છે.

## વલસાડ જિલ્લામાં ૬૬ કે.વી. ના મંજૂર સબસ્ટેશનો

* ૨૧૯૪૯ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ૬૬ કે.વી. ના કેટલા સબ-સ્ટેશનો મંજૂર થયા, તથા તે પૈકી કેટલા કાર્યરત થયા, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ૬૬ કે.વી.ના મંજૂર કરેલ સબ સ્ટેશનોની વિગતો નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૪

| અનું. | તાલુકો | સબ સ્ટેશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઉમરગામ | ૧ |
| ૨ | વાપી | ૧ |
| | કુલ | ૨ |

વર્ષ ૨૦૧૫

| અનું. | તાલુકો | સબ સ્ટેશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૪ |
| ૨ | પારડી | ૨ |
| ૩ | ઉમરગામ | ૪ |
| ૪ | વલસાડ | ૩ |
| ૫ | વાપી | ૨ |
| | કુલ | ૧૫ |

તે પૈકી વર્ષ ૨૦૧૪માં મંજૂર થયેલ વાપી તાલુકાનું ૬૬ કે.વી. મોરાઈ સબ-સ્ટેશન તા. ૧૧.૧.૨૦૧૬ ના રોજ કાર્યરત કરેલ છે.

(૨) ઉકત સ્થિતિએ મંજૂર થયેલા જે સબ-સ્ટેશનોની કાર્યવાહી શરૂ થઈ નથી તે સબ-સ્ટેશનોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૨) વર્ષ ૨૦૧૪ માં મંજૂર થયેલ, ઉમરગામ તાલુકાના ૬૬ કે.વી નારગોલ સબ સ્ટેશન માટેની તાંત્રિક રીતે યોગ્ય જમીનની પસંદગી કરવાની પ્રક્રિયા ચાલુ છે .જમીન ફાળવણી થયેથી આશરે ૧૦ માસમાં સબ-સ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવશે.

તથા વર્ષ ૨૦૧૫ માં મંજૂર થયેલ ૧૫ સબ-સ્ટેશનો પૈકી ૧ કિસ્સામાં જમીન ફાળવણી માટે કલેકટર કચેરીને

તા. ૧.૨.૨૦૧૬ ના રોજ દરખાસ્ત કરવામાં આવેલ છે અને ૪ કિસ્સામાં તાંત્રિક રીતે યોગ્ય જમીનની પસંદગી કરવામાં આવેલ છે અને જરૂરી દસ્તાવેજો એકત્ર કરી જમીન ફાળવણી માટેની દરખાસ્ત કલેકટર કચેરીને રજૂ કરવાની પ્રક્રિયા હેઠળ છે. તથા બાકીના ૧૦ કિસ્સામાં તાંત્રિક રીતે યોગ્ય જમીનની પસંદગી કરવાની કાર્યવાહી ચાલુ છે.

જમીનની ફાળવણી થયેથી ૧૦ માસમાં ઉકત સબ સ્ટેશનો કાર્યન્વિત કરવામાં આવશે.

ડાંગ જિલ્લામાં તાલુકાવાર વોટરશેડ યોજના અંતર્ગત સમાવેશ

* ૨૦૫૦૭ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને વોટરશેડ યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) જે ગામોનો વોટરશેડ યોજનામાં સમાવેશ થયેલ નથી તેમને કેટલા સમયમાં વોટરશેડ યોજનામાં જોડવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર ૧૮૧ ગામોનો વોટરશેડ યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકા | આવરી લીધેલ ગામો |
|---|---|---|
| ૧ | આહવા | ૭૦ |
| ૨ | વઘઈ | ૩૩ |
| ૩ | સુબીર | ૭૮ |
| | કુલ | ૧૮૧ |

(૨) ભારત સરકારશ્રી દ્વારા ભવિષ્યમાં આપવામાં આવનાર લક્ષ્યાંક તેમજ અત્રેથી બનાવવામાં આવેલ ગામોની અગ્રતા યાદી ધ્યાને લઈ સમયાંતરે બાકી રહેતા ગામોને વોટરશેડ યોજનામાં જોડવામાં આવશે.

### મોરબી જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૨૧૯૪ શ્રી બાવનજીભાઈ મેતલીયા(ટંકારા) : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩ માં મોરબી જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩ માં મોરબી જિલ્લામાં ૨૫૦ ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ ૨૪૨ આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા.

### કુબેરનગર ઔધોગિક તાલીમ કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૧૦૩૮ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ અમદાવાદ ખાતે કુબેરનગર ઔધોગિક તાલીમ કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ અમદાવાદ ખાતે કુબેરનગર ઔધોગિક તાલીમ કેન્દ્રમાં સંવર્ગવાર કુલ ત્રણ જગ્યાના મંજૂર થયેલ મહેકમ સામે એક જગ્યા (ઈન્સ્ટ્રકટર સિવણ) તા. ૦૧-૦૫-૨૦૧૦ થી ખાલી છે.

(૨) તા.૦૧-૦૮-૨૦૦૯ થી સિવણ વર્ગ બંધ થયેલ હોય, ખાલી જગ્યા ભરવાની રહેતી નથી.

### રાજ્યમાં એલ.પી.જી. ગેસ પર વેટ/સેસ

* ૨૧૪૭૭ ડૉ. નિર્મલાબેન વાઘવાણી (નરોડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા એલ.પી.જી. ગેસ ઉપર કેટલા ટકા વેટ અને સેસ લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેટ અને સેસ દ્વારા કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧)

| વિગત | વેરાનો દર | સેસ |
|---|---|---|
| એલ.પી.જી. ગેસ (ઈન્ડસ્ટ્રીયલ) | ૧૨.૫૦% + ૨.૫૦% વધારાનો વેરો | - |
| એલ.પી.જી. ગેસ (ડોમેસ્ટીક) | ૪% + ૧% વધારાનો વેરો | - |

(૨)

રકમ(રૂ.કરોડમાં)

| વિગત | ૧/૧/૨૦૧૫ થી ૩૧/૧૨/૨૦૧૫ |
|---|---|
| એલ.પી.જી. ગેસ (ઈન્ડસ્ટ્રીયલ) | ૩૯.૩૪ |

| | |
|---|---|
| એલ.પી.જી. ગેસ (ડોમેસ્ટીક) | ૧૪૫.૩૫ |

ગાંધીનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૨૧૩૬૮ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૧૮૬.૨૨ લાખનાં ખર્ચે કુલ ૨૧ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પર સેસ/વેરો

* ૨૧૪૭૫ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પર કેટલો સેસ/વેરો લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે સરકારને ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| | વેરાનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩% + ૨% સેસ |
| ડીઝલ | ૨૧% + ૩% સેસ |

(૨)

રકમ (રૂ.કરોડમાં)

| વર્ષ | પેટ્રોલ | ડીઝલ | સેસ | કુલ |
|---|---|---|---|---|
| ૧/૧/૨૦૧૪ થી ૩૧/૧૨/૨૦૧૪ | ૨૧૭૩.૧૩ | ૪૮૩૬.૯૭ | ૧૨૧૩.૦૭ | ૮૨૨૩.૧૭ |
| ૧/૧/૨૦૧૫ થી ૩૧/૧૨/૨૦૧૫ | ૨૦૪૯.૩૭ | ૪૫૬૧.૫૦ | ૧૧૪૦.૯૨ | ૭૭૫૧.૭૯ |

નવસારી જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૦૮૯૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૪૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૪૦૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી ૨૯૪ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

વડોદરા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૧૩૬૭ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત આપવામાં આવે છે કે કેમ, અને

જવાબ

(૧) નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે, પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહતના દરો મુજબ જ વીજ બીલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ

ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા. ૦૯–૦૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજ બીલની ૫૦ ટકા રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જીલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂા. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સપાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૨૨.૩૨ | ૧૯.૦૯ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૧૬.૨૩ | ૨૦.૯૫ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૩૦.૧૨ | ૨૯.૫૧ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ ટકા રાહત | ૧૧.૫૨ | – |
| | કુલ | ૮૦.૧૯ | ૬૯.૫૫ |

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં ઈન્દિરા આવાસ બાંધવા બાબત

* ૨૦૮૯૫ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી?

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૧૫ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

જૂનાગઢ જિલ્લામાં લીઝોનું ગેરકાયદેસર ખોદકામ

* ૨૨૯૩૩ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧મી ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખનિજના લીઝધારકો તેમની હદ મર્યાદા બહાર જઈને ખનિજના ગેરકાયદે ખોદકામ કરી રહ્યા છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ લીઝધારકોને ચોક્કસ ક્ષેત્રફળમાં જ ઉત્ખનન કરવા અને તે ક્ષેત્રફળની ચતુર્દીશાની હદની બહાર જઈને ગેરકાયદે ખનિજનું ખોદકામ કરતા રોકવા તથા લીંઝની જગ્યાનું ચોક્કસ ડીમાર્કેશનની શી વ્યવસ્થા સરકાર કરવા માંગે છે ?

(૧) અને (૨) : રાજ્ય સરકાર ખાણ–ખનિજની ચોરી અટકાવવા કટીબધ્ધ છે તે માટે સમયાંતરે અને જ્યારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે, અને લીઝધારકો લીઝ વિસ્તાર બહાર ગેરકાયદેસર ખોદકામ ન કરે તે અંગે તા.૬–૮–૨૦૧૫ના પરિપત્રથી હદ નિશાન જાળવવા અને અક્ષાંશ–રેખાંશ (C0-ordinates) દર્શાવવા અંગેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સફાઈ કરની ગ્રાન્ટ

* ૨૦૮૮૦ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) આ ગ્રાન્ટ આપવાની શું જોગવાઈ છે, અને

(૨) ગ્રામ પંચાયતોને આ જોગવાઈ હેઠળ ગ્રાન્ટ આપવા

સંબંધે પંચાયત વિભાગના તા. ૨૬-૦૨-૨૦૧૪ના ઠરાવ અન્વયે
(અ) ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત-જિલ્લા પંચાયતની સમિતિઓ દ્વારા આપવામાં આવેલ માર્કસને આધારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.
(બ) ગ્રામ પંચાયતો જે તે વર્ષમાં સફાઈવેરો અને ગટરવેરાની વસુલાત કરેલ હોય તે ટકાવારીના આધારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.
(અ)(૧) ૯૧ થી ૧૦૦ માર્કસ મેળવતી ગ્રામ પંચાયતોને જે તે વર્ષમાં સફાઈવેરા તથા ગટરવેરાની જેટલી વસુલાત કરેલ હોય તે વર્ષ માટે ડબલ રકમ સહાયક ગ્રાન્ટના રૂપમાં વધુમાં વધુ રૂા. ૧.૦૦ લાખની મર્યાદામાં રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે.
(૨) ૮૧ થી ૯૦ માર્કસ મેળવતી ગ્રામ પંચાયતને જે તે વર્ષમાં સફાઈ વેરા તથા ગટરવેરાની જેટલી વસુલાત કરેલ હોય તે વર્ષ માટે તેના ૧૫૦ ટકા રકમ સહાયક ગ્રાન્ટના રૂપમાં વધુ રૂા. ૭૦,૦૦૦/- ની મર્યાદામાં રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે.
(૩) ૬૧ થી ૮૦ માર્કસ મેળવતી ગ્રામ પંચાયતને જે તે વર્ષમાં સફાઈ વેરા તથા ગટર વેરાની જેટલી વસુલાત કરેલ હોય તે વર્ષ માટે તેના ૧૦૦ ટકા રકમ સહાયક ગ્રાન્ટના રૂપમાં વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- ની મર્યાદામાં રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે.

(બ)(૧) જે ગ્રામ પંચાયતે જે તે નાણાંકીય વર્ષ દરમ્યાન સફાઈવેરાના માંગણાના ૫૦ ટકા કે તેથી વધુ સફાઈ વેરો વસુલ કરેલ હોય તેવી ગ્રામ પંચાયતોને રાજ્ય સરકાર તરફથી વસુલાત કરેલ રકમની ડબલ રકમ પ્રોત્સાહક રકમ તરીકે આપવામાં આવે છે.
(૨) જે ગ્રામ પંચાયતે જે તે નાણાંકીય વર્ષ દરમ્યાન પૂરેપુરી ૧૦૦ ટકા વસુલાત કરેલ હોય તેવી ગ્રામ પંચાયતોને વસુલાત કરેલ રકમના ૨૦૦ ટકા જેટલી પ્રોત્સાહક રકમ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લાના કેટલા ગામોને આ ગ્રાન્ટ આપવામાં આવી ?

(૩)

| ક્રમ | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫૦૫ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૫૮૭ |
| | કુલ | ૧૦૯૨ |

સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના અન્વયે માનવદિન રોજગારી

* ૨૨૧૯૨ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું,

(૨) તેની સામે તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલા

જવાબ

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૯.૦૯ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું.

(૨) તેની સામે તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ ૭.૦૧

માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ મહિલાઓ માટે ૨.૬૪ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

જોડીયા તાલુકામાં આવેલ ઉંડ-૨ સિંચાઈની યોજનામાં ગેરકાયદે રેતીની ચોરી

* ૨૧૩૫૬ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં આવેલ ઉંડર સિંચાઈ યોજનાના નદીના હેઠવાસના ભાગમાં પટમાંથી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોટે પાયે ગેરકાયદે રેતીની ચોરી થઈ રહી છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૨) જો હા તો, આ ગેરકાયદે પ્રવૃત્તિ તાત્કાલિક ધોરણે બંધ કરવા અને જવાબદારો સામે પગલાં લેવા શી કાર્યવાહી હાથ ધરાઈ છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

જવાબ

(૧) અને (૨) : રાજ્ય સરકાર ખાણ-ખનીજની ચોરી અટકાવવા કટિબધ્ધ છે અને તે માટે સમયાંતરે જ્યારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે, અને છેલ્લા એક વર્ષમાં ૨૭ વાર આકસ્મિક ચેકીંગ કરી ૫૯ વાહનોને બિન અધિકૃત વહન બદલ જપ્ત કરી રૂ.૧૧.૦૨ લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

(૩) જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી/ટાસ્ક ફોર્સના સભ્યો, ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કચેરી, પ્રાંત કચેરી, મામલતદારશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી વિગેરે દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત ફલાઈંગ સ્કવોડ ગાંધીનગર તથા રાજકોટ દ્વારા પણ ચેકીંગ કરવામાં આવે છે.

મહેસાણા જિલ્લામાં ઘરોમાં શૌચાલય

* ૨૧૨૭૮ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ઘરોમાં શૌચાલય નથી, અને

(૨) આ શૌચાલયો આપવા સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં તમામને શૌચાલયની સુવિધા મળી રહેશે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ઘરોમાં શૌચાલય નથી.

| ક્રમ | તાલુકાનું નામ | શૌચાલય વિહોણા ઘરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૮૮૭૦ |
| ૨ | કડી | ૧૮૧૯૩ |
| ૩ | ખેરાલુ | ૧૦૪૦૮ |
| ૪ | જોટાણા | ૬૪૪૮ |
| ૫ | મહેસાણા | ૧૪૯૯૦ |
| ૬ | સતલાસણા | ૧૧૬૯૬ |
| ૭ | ઉંઝા | ૫૩૩૩ |
| ૮ | વડનગર | ૪૯૩૪ |
| ૯ | વિજાપુર | ૧૮૬૫૪ |
| ૧૦ | વિસનગર | ૧૦૪૪૧ |
| | કુલ | ૧૦૯૯૬૭ |

(૨) આ શૌચાલયો આપવા સરકારે આયોજન કરેલ છે અને સત્વરે તમામને શૌચાલયની સુવિધા મળી રહેશે.

ગાંધીનગર તથા મહેસાણા જિલ્લા પંચાયતોનું વિભાજન

* ૨૩૩૦૬ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ગાંધીનગર તથા મહેસાણા જિલ્લામાં કેટલી પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું,

(૨) તે પૈકી કેટલી પંચાયતોને રેવન્યુ પંચાયતોનો દરજ્જો

જવાબ

(૧) ગાંધીનગર-૧૨ (બાર)
મહેસાણા -૧૩ (તેર)

(૨) રેવન્યુ પંચાયતનો દરજ્જો આપવાની કોઈ જોગવાઈ નથી.

આપવામાં આવ્યો, અને

(૩) જો ઉક્ત સ્થિતિએ આ પ્રક્રિયા બાકી હોય તો કેટલા સમયમાં આ પંચાયતોને રેવન્યુ પંચાયતોનો દરજ્જો આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ જિલ્લામાં ડોર ટુ ડોર કલેક્શન યોજનાનો અમલ

* ૨૦૮૮૨ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેક્શન યોજના કયા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના ૫,૦૦૦થી વધુ વસ્તી ધરાવતા કેટલા ગામોને કેટલી ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ?

જવાબ

(૧) વર્ષ : ૨૦૧૪–૧૫થી અમલમાં આવેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં ૫,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોને આ યોજના હેઠળ નીચે મુજબ ગ્રાન્ટ આપવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | ગામોની સંખ્યા | આપવામાં આવેલ ગ્રાન્ટ (રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | ૩૧–૧૨–૨૦૧૪ | ૧૦૧ | ૧,૩૭,૬૫,૦૦૦/– |
| ૨ | ૩૧–૧૨–૨૦૧૫ | ૧૦૦ | ૨,૦૫,૧૫,૫૧૨/– |

ભાવનગર જિલ્લામાં પૂર્ણ કરેલ વ્યક્તિગત શૌચાલય

* ૨૦૮૭૮ શ્રી શિવાભાઈ ગોહીલ (તળાજા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

| વર્ષ | બી.પી.એલ કુટુંબો માટે | એ.પી.એલ કુટંબો માટે | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૨૦૨ | ૬૬૮૨ | ૬૮૮૪ |
| ૨૦૧૫ | ૮૯૭ | ૧૩૮૦૧ | ૧૪૬૯૮ |
| કુલ | ૧૦૯૯ | ૨૦૪૮૩ | ૨૧૫૮૨ |

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂા. લાખમાં)

| વર્ષ | બીપીએલ કુટુંબો માટે | એપીએલ કુટુંબો માટે | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૫.૧૫૨ | ૧૧૫.૦૯૧ | ૧૨૦.૨૪૩ |
| ૨૦૧૫ | ૬૬.૫૭૦ | ૮૩૨.૯૦૬ | ૮૯૯.૪૭૬ |
| કુલ | ૭૧.૭૨૨ | ૯૪૭.૯૯૭ | ૧૦૧૯.૭૧૯ |

પંચમહાલ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટેની મંજુરી

* ૨૦૮૮૬ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કેટલા વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા શૌચાલયનું કામ પુર્ણ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કુલ ૧૧૨૫૭૭ વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કુલ ૨૯૨૩૨ શૌચાલયનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

જામનગર જિલ્લામાં એટીવીટીના મંજૂર કામો

* ૨૧૧૯૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં તાલુકાવાર એટીવીટીના કેટલી રકમના કેટલા કામો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં તાલુકાવાર એટીવીટીના ફાળવેલ રકમ અને મંજૂર કરવામાં આવેલ કામોની વિગતો સામેલ પત્રક–૧ મુજબ છે. |
| (૨) તે પૈકી વર્ષવાર તાલુકાવાર કેટલી રકમ વપરાઈ અને કેટલા કામો પૂર્ણ થયાં, અને | (૨) તે પૈકી વર્ષવાર તાલુકાવાર વપરાયેલ રકમ પૂર્ણ થયેલ કામોની વિગત સામેલ પત્રક–૨ મુજબ છે. |
| (૩) જો સમયસર કામો પુરા ના થયા હોય અને રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શા છે ? | (૩) વર્ષ ૨૦૧૪–૧૫ અને વર્ષ ૨૦૧૫–૧૬ના કામો પૂર્ણ કરવાની અને રકમ વાપરવાની મુદત તા. ૩૧–૦૩–૨૦૧૬ સુધીની હોઈ કામો પુરા ન થવાનો કે રકમ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પત્રક–૧

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | મંજૂર થયેલ કામો | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | મંજૂર થયેલ કામો |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | જામનગર | ૧૮૭.૫૦ | ૫૬ | ૧૮૭.૫૦ | ૫૧ |
| ૨ | કાલાવડ | ૧૬૨.૫૦ | ૪૭ | ૧૬૨.૫૦ | ૫૮ |
| ૩ | ધ્રોલ | ૧૩૭.૫૦ | ૪૯ | ૧૩૭.૫૦ | ૫૫ |
| ૪ | જોડિયા | ૧૩૭.૫૦ | ૪૭ | ૧૩૭.૫૦ | ૫૫ |
| ૫ | લાલપુર | ૧૬૨.૫૦ | ૭૬ | ૧૬૨.૫૦ | ૭૦ |
| ૬ | જામજોધપુર | ૧૬૨.૫૦ | ૮૩ | ૧૬૨.૫૦ | ૯૨ |
| | કુલ | ૯૫૦.૦૦ | ૩૫૮ | ૯૫૦.૦૦ | ૩૮૧ |

પત્રક–૨

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પૂર્ણ થયેલ કામો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | પૂર્ણ થયેલ કામો |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | જામનગર | ૭૪.૪૪ | ૨૨ | ૦ | ૦ |
| ૨ | કાલાવડ | ૬૧.૪૮ | ૧૮ | ૦ | ૦ |
| ૩ | ધ્રોલ | ૧૦૯.૬૪ | ૨૮ | ૫૨.૩૬ | ૧૮ |
| ૪ | જોડિયા | ૮૯.૫૯ | ૧૫ | ૩૯.૨૦ | ૧૪ |
| ૫ | લાલપુર | ૭૩.૧૦ | ૧૭ | ૨૯.૦૩ | ૦ |
| ૬ | જામજોધપુર | ૬૫.૨૫ | ૪૦ | ૪૫.૯૧ | ૦ |
| | કુલ | ૪૭૩.૫૦ | ૧૪૦ | ૧૬૬.૫૦ | ૩૨ |

કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૨૨૧૯૬ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, | (૧) ૧ (એક) |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧ (એક) |

(૩) તે અન્વયે કુલ કેટલી ગ્રામ પંચાયતોને ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી છે ?

(૩) કોઈ બાકી નથી.

## રાજ્યનું જાહેર દેવું

* ૨૧૬૭૭ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

જવાબ

| નાણાકીય વર્ષ | કુલ જાહેર દેવું |
|---|---|
| ૨૦૧૪-૧૫ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ. ૧૬૫૭૭૨ કરોડ |

## ખેડા જિલ્લામાં પંચાયતોમાં એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મીઓ

* ૨૩૨૯૫ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર તાલુકા પંચાયતોમાં એક જ જગ્યાએ ત્રણ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા જિલ્લા પંચાયતના તાબા હેઠળના કર્મીઓની અન્યત્ર જગ્યાએ તાલુકામાં બદલીઓ કરવામાં આવી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) વહીવટી કારણોસર

## કલોલ તાલુકામાં ઔદ્યોગિક ગૃહો પાસેથી વેચાણવેરાની બાકી વસૂલાત

* ૨૨૪૦૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકાના કેટલા ઔદ્યોગિક ગૃહો પાસેથી વેચાણવેરાની કેટલી વસૂલાત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા ઔદ્યોગિક એકમો પાસે વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમની વસુલાત ક્યારે કરવામાં આવશે?

જવાબ

(૧)

| | કેસ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| વેચાણવેરા / વેટ | ૧૧૦ | ૭૨૧.૮૩ |

(૨)

| સમયગાળો | વેચાણવેરા / વેટ | |
|---|---|---|
| | કેસ | રકમ (રૂ. લાખમાં) |
| ૧/૨/૨૦૧૪ થી ૩૧/૧/૨૦૧૫ | ૧૨ | ૨૦૬.૩૬ |
| ૧/૨/૨૦૧૫ થી ૩૧/૧/૨૦૧૬ | ૧૦૮ | ૧૬૩૭.૪૯ |

(૩) વેચાણવેરા કાયદા અને વેટ કાયદા અન્વયે લેવાપાત્ર પગલા લેવામાં આવે છે.

## રાજ્યમાં ખાનગી વીજ કંપનીઓ પાસે વીજળી ખરીદીના કરારો બાબત

* ૨૧૧૭૩ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ, પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી અને તે અન્વયે કઈ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) હા જી.

(૨) તારીખ ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ જીયુવીએનએલ દ્વારા છેલ્લા બે કેલેન્ડર વર્ષ દરમ્યાન લાંબાગાળાના વીજ ખરીદી કરારો અંતર્ગત ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ખાનગી સાહસો | વર્ષ ૨૦૧૪ | | | વર્ષ-૨૦૧૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મી.યુ. | રૂ. કરોડ | સરેરાશ રૂ./યુનિટ | મી.યુ. | રૂ. કરોડ | સરેરાશ રૂ./યુનિટ |
| ૧ | એસ્સાર | ૫૩૪૨ | ૧૬૨૫ | ૩.૦૪ | ૪૮૮૯ | ૧૬૩૪ | ૩.૩૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પાવર ગુજરાત લીમીટેડ | | | | | | |
| ૨ | ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા લી. | ૨૬૪ | ૫૨૮ | ૪.૪૦ | ૬૨૧ | ૫૧૪ | ૩.૨૫ |
| ૩ | અદાણી પાવર લીમીટેડ–૧ | ૬૮૬૪ | ૧૯૯૦ | ૨.૯૦ | ૫૮૭૨ | ૧૮૨૩ | ૩.૧૦ |
| ૪ | અદાણી પાવર લીમીટેડ–૨ | ૭૨૧૬ | ૧૭૧૫ | ૨.૩૮ | ૭૫૫૯ | ૧૭૩૭ | ૨.૩૦ |
| ૫ | એ.સી.બી (ઈન્ડીયા)લી | ૧૩૦૬ | ૨૬૮ | ૨.૦૫ | ૧૫૧૩ | ૩૦૦ | ૧.૯૮ |
| ૬ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૧૧૫૭૩ | ૨૮૨૫ | ૨.૪૪ | ૧૧૫૪૩ | ૨૯૦૧ | ૨.૫૧ |

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજનામાં મળેલ અરજીઓ

* ૨૧૮૧૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા વિજ જોડાણ આપવામાં આવ્યા,

(૩) તે પૈકી કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજૂર કરી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત વીજ જોડાણ મેળવવા માટે આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૮૭૨ અરજીઓ મળી.

(૨) તે પૈકી ૨૯૯૪ અરજીઓ મંજૂર કરી ૨૯૬૭ વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૩) તે પૈકી ૮૭૮ અરજીઓ નીચેના કારણોસર નામંજૂર થયેલ છે.

(૧) ૩૭૩ અરજીઓ પુરતા દસ્તાવેજો રજૂ ન કરેલ હોવાથી

(૨) ૩૭ અરજીઓમાં સ્થળ પર વીજ જોડાણ હયાત હોવાથી

(૩) ૪૪૬ અરજીઓ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા પાકા મકાનો ધરાવતા હોવાથી

(૪) ૬ અરજીઓ અરજદાર હયાત ન હોવાથી

(૫) ૩ અરજીઓ અગાઉના વીજબીલની રકમ ભરપાઈ કરવાની બાકી હોવાથી

(૬) ૫ અરજીઓ વીજ જોડાણનો હેતુ રહેણાંકને બદલે વાણિજ્યિક દર્શાવેલ હોવાથી

(૭) ૨ અરજીઓ અરજદારની વીજ જોડાણ મેળવવાની નામરજી હોવાથી

(૮) ૬ અરજીઓ જમીનના અન્ય સહભાગીદારોના વાંધાના કારણે

(૪) ઉક્ત સ્થિતિએ ૨૭ અરજીઓ પડતર હતી તે તમામને જાન્યુઆરી–૨૦૧૬ અંતિત વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે.

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં એ.ટી.વી.ટી. યોજનામાં ફાળવેલ રકમ

* ૨૨૪૨૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર એ.ટી.વી.ટી. યોજના અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા અને ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર એ.ટી.વી.ટી. યોજના અન્વયે ફાળવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભિલોડા | ૧૮૩.૨૯ | ૧૮૫.૦૦ |
| ૨ | મેઘરજ | ૧૮૩.૯૧ | ૧૮૦.૫૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ પૂર્ણ કરવામાં આવેલ કામોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર થયેલ કામો | પૂર્ણ થયેલ કામો | મંજૂર થયેલ કામો | પૂર્ણ થયેલ કામો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ભિલોડા | ૧૪૧ | ૧૧૭ | ૧૨૪ | ૩૯ |
| ૨ | મેઘરજ | ૧૪૦ | ૧૧૫ | ૧૩૧ | ૩૬ |

(૩) તે પાછળ વર્ષવાર અને તાલુકાવાર કેટલી રકમ વપરાઈ ?

(૩) તે પાછળ વર્ષવાર અને તાલુકાવાર વપરાયેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભિલોડા | ૧૫૪.૦૪ | ૫૩.૦૦ |
| ૨ | મેઘરજ | ૧૫૦.૦૫ | ૩૫.૪૬ |

પંચમહાલ જિલ્લામાં ખેતી માટેનાં વીજ કનેક્શનો મેળવવાની પડતર અરજીઓ

* ૨૨૦૩૭ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વિજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉકત સ્થિતિએ પડતર તમામ અરજીઓનો નિકાલ કરી અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કૃષિ વીજ જોડાણો મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ગોધરા | ૧૨૩૭ |
| શહેરા | ૧૩૮૦ |
| હાલોલ | ૫૫૯ |
| મોરવા(હ) | ૨૫૭ |
| જાંબુઘોડા | ૩૬૫ |
| કાલોલ | ૫૩૩ |
| ઘોઘંબા | ૭૪૬ |

(૨) કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

બનાસકાંઠા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું મંજૂર થયેલ મહેકમ

* ૨૧૯૦૭ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રી (પંચાયત) નું મંજૂર થયેલ મહેકમ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે ,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૯૨ |
| ૨ | અમીરગઢ | ૨૬ |
| ૩ | વડગામ | ૮૨ |
| ૪ | દાંતા | ૬૭ |
| ૫ | ડીસા | ૭૫ |
| ૬ | ધાનેરા | ૪૬ |
| ૭ | દાંતીવાડા | ૩૦ |
| ૮ | કાંકરેજ | ૭૦ |
| ૯ | દિયોદર | ૩૮ |
| ૧૦ | ભાભર | ૩૧ |
| ૧૧ | થરાદ | ૬૩ |
| ૧૨ | વાવ | ૪૧ |
| ૧૩ | લાખણી | ૪૨ |

| | | |
|---|---|---|
| ૧૪ | સુઈગામ | ૩૦ |
| | કુલ | ૭૩૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૭૯ | ૧૩ |
| ૨ | અમીરગઢ | ૧૯ | ૭ |
| ૩ | વડગામ | ૭૦ | ૧૨ |
| ૪ | દાંતા | ૫૩ | ૧૪ |
| ૫ | ડીસા | ૬૩ | ૧૨ |
| ૬ | ધાનેરા | ૩૪ | ૧૨ |
| ૭ | દાંતીવાડા | ૧૭ | ૧૩ |
| ૮ | કાંકરેજ | ૪૭ | ૨૩ |
| ૯ | દિયોદર | ૨૬ | ૧૨ |
| ૧૦ | ભાભર | ૨૬ | ૫ |
| ૧૧ | થરાદ | ૪૬ | ૧૭ |
| ૧૨ | વાવ | ૨૨ | ૧૯ |
| ૧૩ | લાખણી | ૨૭ | ૧૫ |
| ૧૪ | સુઈગામ | ૧૭ | ૧૩ |
| | કુલ | ૫૪૬ | ૧૮૭ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૧ |
| ૨ | અમીરગઢ | ૫ |
| ૩ | વડગામ | ૮ |
| ૪ | દાંતા | ૧૩ |
| ૫ | ડીસા | ૭ |
| ૬ | ધાનેરા | ૯ |
| ૭ | દાંતીવાડા | ૫ |
| ૮ | કાંકરેજ | ૧૨ |
| ૯ | દિયોદર | ૪ |
| ૧૦ | ભાભર | ૩ |
| ૧૧ | થરાદ | ૧૧ |
| ૧૨ | વાવ | ૧૦ |
| ૧૩ | લાખણી | ૫ |
| ૧૪ | સુઈગામ | ૭ |
| | કુલ | ૧૧૦ |

(૪) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

## રાજકોટ જિલ્લામાં આયોજનમાં સ્મશાનના સરપણ રૂમના કામોને મંજૂરી

* ૨૨૦૭૩ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સને ૨૦૧૫–૧૬ના આયોજનમાં સ્મશાનના સરપણ રૂમના કામોને વહીવટી મંજુરી આપવામાં આવતી નથી તે હકીકત

જવાબ

(૧) (અ) આયોજન હેઠળની માન. ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી સરપણરૂમના કામોનો સમાવેશ કરવામાં આવેલ. તેની ગ્રાન્ટ હેઠળ વહીવટી મંજૂરી

સાચી છે, અને

આપવામાં આવે છે.
(બ) આયોજન હેઠળની વિવેકાધીન, પ્રોત્સાહક, ખાસ પછાત વિસ્તાર, રાષ્ટ્રીય પર્વ અને એ.ટી.વી.ટી. યોજનાની માર્ગદર્શક યાદીમાં સરપણ રૂમના કામોનો સમાવેશ કરવામાં આવેલ નથી.

(૨) જો હા, તો કેટલી રકમના કામોને વહીવટી મંજુરી આપવાની બાકી છે અને કેટલા સમયમાં વહીવટી મંજુરી અપાશે?

(૨) માન. ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રૂા. ૩.૦૦ લાખની રકમની વહીવટી મંજૂરી આપવાની કાર્યવાહી ચાલુ છે.

આણંદ અને વડોદરા જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ પસંદ કરેલ ગામો

* ૨૩૦૨૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત તાલુકાવાર કેટલા ગામોની પસંદગી કરવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટની કાર્યવાહી કયા તબક્કામાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સદર ગામોમાં આ કામો ક્યારથી શરૂ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત કોઈ ગામ પસંદગી કરેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

બનાસકાંઠા જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજના

* ૨૩૧૪૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાદીઠ કયા ગામોને આવરી લેવાયેલ છે,

(૨) આ કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

| ક્રમ | તાલુકો | રૂર્બન પ્રોજેક્ટ હેઠળના કામો |
|---|---|---|
| ૧ | પાલનપુર | લક્ષ્મીપુર, કાણોદર, ગઢ |
| ૨ | ડીસા | જુના ડીસા, માલગઢ |
| ૩ | કાંકરેજ | વડા |
| ૪ | અમીરગઢ | વીરમપુર |
| ૫ | વડગામ | બસુ |
| ૬ | દાંતા | કુવારસી, ગનાપીંપળી |
| | કુલ | ૧૦ ગામો |

(૨) ડીપીઆર અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં

(૩) સર્વેની કામગીરી પ્રગતિમાં હોઈ કામો પૂર્ણ કરવાનો પ્રશ્ન નથી.

રાજ્યનું જાહેર દેવું

* ૨૧૦૬૬ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના જાહેર દેવામાં કેટલો વધારો થયો છે,

(૨) તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલું જાહેર દેવું છે, અને

(૩) જાહેર દેવા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વધારો |
|---|---|
| ૨૦૧૩–૧૪ | રૂ. ૧૩૧૩૯ કરોડ |
| ૨૦૧૪–૧૫ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ. ૧૬૨૩૬ કરોડ |

(૨)

| નાણાકીય વર્ષ | જાહેર દેવું |
|---|---|
| ૨૦૧૪–૧૫ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ. ૧૬૫૭૪૨ કરોડ |

(૩)

વર્ષવાર કેટલું વ્યાજ ચુકવવામાં આવ્યું ?

| નાણાકીય વર્ષ | ચુકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૧૩–૧૪ | રૂ. ૧૧૯૧૬ કરોડ |
| ૨૦૧૪–૧૫ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ. ૧૩૨૯૭ કરોડ |

### છોટા ઉદેપુર જિલ્લામાં નિર્મલ ભારત અભિયાન અને સ્વચ્છતા અભિયાન હેઠળ શૌચાલયો બનાવવાની અરજીઓ

* ૨૦૫૮૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નિર્મલ ભારત અભિયાન અને સ્વચ્છતા અભિયાન હેઠળ શૌચાલયો બનાવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજી મંજૂર કરી,

(૩) ઉક્ત સ્થિતિએ શૌચાલયો બન્યા છતાં નાણા ચૂકવાયા નથી તેવા તાલુકાવાર કેટલા લાભાર્થી છે, અને

(૪) તે અન્વયે રકમ ક્યારથી ચૂકવવાની બાકી છે તથા ક્યારે ચૂકવાશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) હેઠળ શૌચાલયો બનાવવા માટે નીચે દર્શાવ્યા મુજબ અરજીઓ આવી.

(સંખ્યા)

| | તાલુકો | નિર્મળ ભારત અભિયાન હેઠળ તા.૦૧/૦૧/૧૪થી તા. ૦૨/૧૦/૧૪ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ તા.૦૩/૧૦/૧૪થી તા. ૩૧/૧૨/૧૪ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ તા.૦૧/૦૧/૧૫થી તા. ૩૧/૧૨/૧૫ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬૬૭ | ૩૦૭ | ૧૫૫૨ | ૨૫૨૬ |
| ૨ | જેતપુરપાવી | ૮૬ | ૬૯૮ | ૧૬૪૯ | ૨૪૩૩ |
| ૩ | ક્વાંટ | ૯૧૨ | ૨૩૩ | ૧૫૨૯ | ૨૬૭૪ |
| ૪ | નસવાડી | ૨૯૨ | ૨૦૮ | ૮૫૮ | ૧૩૫૮ |
| ૫ | સંખેડા | ૩૧૪ | ૪૪૦ | ૨૯૩૭ | ૩૬૯૧ |
| ૬ | બોડેલી | ૧૮૫ | ૪૩૨ | ૯૭૪ | ૧૫૯૧ |
| | કુલ | ૨૪૫૬ | ૨૩૧૮ | ૯૪૯૯ | ૧૪૨૭૩ |

(૨) તે અન્વયે વર્ષવાર નીચે મુજબની અરજીઓ મંજૂર કરી.

(સંખ્યા)

| | તાલુકો | નિર્મળ ભારત અભિયાન હેઠળ તા.૦૧/૦૧/૧૪થી તા. ૦૨/૧૦/૧૪ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ તા.૦૩/૧૦/૧૪થી તા. ૩૧/૧૨/૧૪ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ તા.૦૧/૦૧/૧૫થી તા. ૩૧/૧૨/૧૫ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬૬૭ | ૩૦૭ | ૧૫૫૨ | ૨૫૬૬ |
| ૨ | જેતપુરપાવી | ૮૬ | ૬૯૮ | ૧૬૪૯ | ૨૪૩૩ |
| ૩ | ક્વાંટ | ૯૧૨ | ૨૩૩ | ૧૫૨૯ | ૨૬૭૪ |
| ૪ | નસવાડી | ૨૯૨ | ૨૦૮ | ૮૫૮ | ૧૩૫૮ |
| ૫ | સંખેડા | ૩૧૪ | ૪૪૦ | ૨૯૩૭ | ૩૬૯૧ |
| ૬ | બોડેલી | ૧૮૫ | ૪૩૨ | ૯૭૪ | ૧૫૯૧ |
| | કુલ | ૨૪૫૬ | ૨૩૧૮ | ૯૪૯૯ | ૧૪૨૭૩ |

(૩) ઉક્ત સ્થિતિએ શૌચાલયો બન્યા હોવા છતાં નાણા ચૂકવાયા નથી તેવા તાલુકાવાર લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| | તાલુકો | નિર્મળ ભારત અભિયાન હેઠળ તા.૦૧/૦૧/૧૪થી તા. ૦૨/૧૦/૧૪ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ તા.૦૩/૧૦/૧૪થી તા. ૩૧/૧૨/૧૪ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ તા.૦૧/૦૧/૧૫થી તા. ૩૧/૧૨/૧૫ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૩૬૦ | ૩૬૦ |
| ૨ | જેતપુરપાવી | ૦ | ૦ | ૨૮૭ | ૨૮૭ |
| ૩ | ક્વાંટ | ૦ | ૦ | ૨૪૫ | ૨૪૫ |
| ૪ | નસવાડી | ૦ | ૦ | ૪૨૦ | ૪૨૦ |
| ૫ | સંખેડા | ૦ | ૦ | ૪૬૧ | ૪૬૧ |
| ૬ | બોડેલી | ૦ | ૦ | ૩૩૬ | ૩૩૬ |
| | કુલ | ૦ | ૦ | ૨૧૦૯ | ૨૧૦૯ |

(૪) તે અન્વયે રકમ ક્યારથી ચૂકવવાના બાકી છે, તથા ક્યારે ચૂકવાશે તેની વિગત નીચે મુજબ છે.

| ક્યારથી ચૂકવવાની બાકી છે. | | | | | |
|---|---|---|---|---|---|
| | તાલુકો | નિર્મળ ભારત અભિયાન હેઠળ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | ક્યારે ચૂકવાશે ? |

| | | તા.૦૧/૦૧/૧૪થી તા. ૦૨/૧૦/૧૪ દરમ્યાન મંજૂર થયેલ અરજીઓ માટે | હેઠળ તા.૦૩/૧૦/૧૪થી તા. ૩૧/૧૨/૧૪ દરમ્યાન મંજૂર થયેલ અરજીઓ માટે | હેઠળ તા.૦૧/૦૧/૧૫થી તા. ૩૧/૧૨/૧૫ દરમ્યાન મંજૂર થયેલ અરજીઓ માટે | |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૧ માસથી | સત્વરે ચૂકવવાનું આયોજન છે. |
| ૨ | જેતપુરપાવી | ૦ | ૦ | ૭ માસથી | |
| ૩ | ક્વાંટ | ૦ | ૦ | ૩ માસથી | |
| ૪ | નસવાડી | ૦ | ૦ | ૭ માસથી | |
| ૫ | સંખેડા | ૦ | ૦ | ૨ માસથી | |
| ૬ | બોડેલી | ૦ | ૦ | ૨ માસથી | |

## રવલ્લી જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજનામાં મળેલ અરજીઓ

* ૨૨૧૦૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા વિજ જોડાણ આપવામાં આવ્યા,

(૩) તે પૈકી કેટલી અરજીઓ મુખ્યત્વે કયા મુખ્યત્વે કારણોસર નામંજૂર કરી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત વીજ જોડાણ મેળવવા માટે અરવલ્લી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૯૪૯ અરજીઓ મળી.

(૨) આ તમામ અરજીઓ મંજૂર કરી ૧૪૪૦ વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૩) કોઈ અરજી નામંજૂર થયેલ નથી.

(૪) ૫૦૯ પડતર અરજીઓ પૈકી ૯૦ અરજદારોને તા. ૧૫–૦૨–૨૦૧૬ સુધીમાં વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે અને બાકી અરજદારોને શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તત્કાલ ખેતી વિષયક વીજ જોડાણ

* ૨૨૯૧૦ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર તત્કાલ ખેતી વિષયક વીજ કનેકશનો મેળવવા સને ૨૦૧૪ અને ૨૦૧૫માં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા કનેકશનો વર્ષવાર અપાયા,

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યમાં કૃષિ વીજ જોડાણની ‘‘તત્કાલ યોજના–૨૦૧૫’’ તા. ૦૧–૦૪–૨૦૧૫ થી અમલમાં આવેલ હોઈ વર્ષ–૨૦૧૪ માં અરજીઓની નોંધણી કરવામાં આવેલ નથી. જ્યારે વર્ષ–૨૦૧૫માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલ અરજીઓ અને તે પૈકી તા. ૩૧–૦૧–૨૦૧૬ સુધીમાં આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | નોંધાયેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણો |
|---|---|---|
| ભાણવડ | ૮૦ | ૩૮ |
| કલ્યાણપુર | ૨૧૧ | ૦૯ |
| ખંભાળીયા | ૧૭૮ | ૨૨ |
| ઓખામંડળ | ૦૦ | ૦૦ |

**પ્રશ્ન**

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે,

(૪) ઉક્ત બાકી રહેલી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૩) અને (૪)

નોંધાયેલ અરજીઓ પૈકી ૦૧ અરજી રદ થયેલ છે, બાકી ૩૯૯ અરજીઓ પૈકી ૬૮ અરજદારોને વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિમાં છે, જ્યારે ૨૩ અરજદારો દ્વારા અંદાજપત્રની રકમ ભપાઈ થવાની બાકી હોઈ તે ભરપાઈ થયેથી અને ૩૦૮ અરજીઓમાં અરજદારો દ્વારા સુક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવા અંગેના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથેના ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ વીજ જોડાણની

કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામે નવીન વીજ સબ સ્ટેશનની કામગીરી

* ૨૨૪૫૨ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામે બનનાર નવીન વીજ સબ–સ્ટેશનની કામગીરી કયા તબક્કે છે,<br>(૨) આ નવીન વીજ સબસ્ટેશન ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) અને (૨)<br>સાબરકાંઠા જિલાલના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામે બનનાર નવીન વીજ સબસ્ટેશન માટે યુજીવીસીએલ તરફથી દરખાસ્ત મળ્યા બાદ ૧૨મી પંચવર્ષીય (૨૦૧૨–૧૭) યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ કમાલપુર ખાતે સબ સ્ટેશન બનાવવા માટે જમીનની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. તપાસ કરતાં સદર જમીન અનુરૂપ ન હોવાથી નામ, સુપ્રિમ કોર્ટના ચુકાદા (આદેશ) મુજબ મળી શકે તેમ ન હતી. કમાલપુર ખાતે સબસ્ટેશન બનાવવા માટે તાંત્રિક રીતે જમીનની ઉપલબ્ધિ ન હોવાના કારણે આજુબાજુના વિસ્તારમાં સબ સ્ટેશન બનાવવા માટે ઉચિત સરકારી પડતર જમીન શોધવાની પ્રક્રિયા હાથ ધરેલ, પરંતુ વિજ કંપની દ્વારા લોડ સેન્ટરને ધ્યાનમાં રાખતાં કમાલપુર ખાતે જ સબસ્ટેશન પ્રસ્થાપિત કરવાનો અનુરોધ કરાતાં ગામ ખાતે આવેલ સરકારી ગૌચર જમીન ખુબજ ઉંચી ડુંગરાળ અને ઢોળાવ વાળી હોવાથી મળતી હોવાથી મળતી હોવા છતાં સદર જમીન ઉપર ૬૬ કે. વી. સબ સ્ટેશન બનાવવાનું ઠરાવવામાં આવેલ. સદર જમીનની ફાળવણી માટેની દરખાસ્ત કલેકટર કચેરીને તા. ૩૦–૦૯–૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ.<br>સદર પસંદ કરેલ જમીન ગૌચર હોવાથી તા. ૨૨–૦૧–૨૦૧૬ ના પત્ર દ્વારા કલેકટર કચેરી દ્વારા સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૧–૦૪–૨૦૧૫ના ઠરાવ મુજબ સબસ્ટેશનની જમીનના પ્રમાણમાં સરકારી પડતર જમીન નીમ કરી આપવા જણાવેલ. તદનુસાર હાલમાં ગૌચર જમીન સામે તેટલીજ સરકારી પડતર જમીન નીમ કારી આપવા સારૂ જમીન પસંદગીની પ્રક્રિયા ધરેલ છે. |
| (૩) આ સબ સ્ટેશનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સદર સબસ્ટેશન જમીન ફાળવણી થયેથી, ૧૦ માસમાં કાર્યાન્વિત કરી શકાશે. |

બનાસકાંઠા જિલ્લામાં સરદાર આવાસ અને ઈન્દીરા આવાસ યોજના

* ૨૧૧૪૯ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરદાર આવાસ યોજના અને ઈન્દીરા આવાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસો બનાવવાના હતા, અને | (૧) (૧) સરદાર આવાસ યોજના<br>તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૨૨૦૯૧ આવાસો બનાવવાના હતા જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકો | આવાસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૮૮૧ |
| ૨ | અમીરગઢ | ૨૧૫૮ |
| ૩ | દાંતા | ૩૧૧૧ |
| ૪ | વડગામ | ૯૩૬ |
| ૫ | ડીસા | ૪૨૯૪ |
| ૬ | ધાનેરા | ૮૫૦ |

| | | |
|---|---|---|
| ૭ | દાંતીવાડા | ૯૧૦ |
| ૮ | થરાદ | ૭૯૮ |
| ૯ | વાવ | ૩૪૦૭ |
| ૧૦ | દિયોદર | ૧૬૧૧ |
| ૧૧ | ભાભર | ૭૪૯ |
| ૧૨ | કાંકરેજ | ૧૩૮૬ |
| | કુલ | ૨૨૦૯૧ |

(૨) ઈન્દિરા આવાસ યોજના

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૨૫૨૯ આવાસો બનાવવાના હતા જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | આવાસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૪૦ |
| ૨ | અમીરગઢ | ૫૯ |
| ૩ | દાંતા | ૪૦૬ |
| ૪ | વડગામ | ૩૨૨ |
| ૫ | ડીસા | ૨૧૯ |
| ૬ | ધાનેરા | ૨૩૦ |
| ૭ | દાંતીવાડા | ૧૭૯ |
| ૮ | થરાદ | ૧૫૫ |
| ૯ | વાવ | ૨૧૩ |
| ૧૦ | દિયોદર | ૧૧૮ |
| ૧૧ | ભાભર | ૧૮૧ |
| ૧૨ | કાંકરેજ | ૨૦૭ |
| | કુલ | ૨૫૨૯ |

(૨) તે અન્વયે કેટલા આવાસો લાભાર્થીઓને વર્ષવાર અપાયા, અને તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨)(૧) સરદાર આવાસ યોજના

| વર્ષ | ફાળવેલ આવાસો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૯૫૪૮ | ૪૨૯૬.૬૦ |
| ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૧૫ અંતિત) | ૯૨૩૮ | ૪૧૫૭.૧૦ |
| કુલ | ૧૮૭૮૬ | ૮૪૫૩.૭૦ |

(૨) ઈન્દિરા આવાસ યોજના

| વર્ષ | ફાળવેલ આવાસો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૬૮૧ | ૨૬૦૯.૦૫ |
| ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૧૫ અંતિત) | ૮૨૯ | ૬૧૮.૨૫ |
| કુલ | ૨૫૧૦ | ૩૨૨૭.૩૦ |

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### વલસાડ જિલ્લામાં સરદાર આવાસ અને ઈન્દીરા આવાસ યોજનામાં લાભાર્થીઓ

* ૨૨૩૬૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ અને ઈન્દીરા આવાસ યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને વર્ષવાર આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) સરદાર આવાસ યોજના તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં નીચે પ્રમાણેના લાભાર્થીઓને વર્ષવાર આવાસ તાલુકાવાર આપવામાં આવ્યા.

| તાલુકો | આપવામાં આવેલ આવાસો | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૧૫ અંતિત) |
| વલસાડ | ૨૧૦૮ | ૧૧૫ |
| પારડી | ૨૮૬૫ | ૦ |
| ઉમરગામ | ૨૦૮૬ | ૦ |
| ધરમપુર | ૬૨૬૦ | ૦ |
| કપરાડા | ૮૪૬૪ | ૦ |
| કુલ | ૨૧૭૮૩ | ૧૧૫ |

(૨) ઈન્દિરા આવાસ યોજના તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કુલ ૨૮૫૯ લાભાર્થીઓને આવાસની વહીવટી મંજૂરી આપવામાં આવી જેની તાલુકાવાર અને વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૧૫ અંતિત) |
|---|---|---|
| વલસાડ | ૧૮૯ | ૪૦ |
| પારડી | ૧૭૦ | ૫૦ |
| વાપી | ૫૪ | ૨૨ |
| ઉમરગામ | ૧૦૫ | ૨૩ |
| ધરમપુર | ૧૬૮ | ૧૦૦ |
| કપરાડા | ૩૯૩ | ૫૩ |
| કુલ | ૧૦૭૯ | ૨૮૮ |

### છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને રેગ્યુલર ગ્રાન્ટ ફાળવવા બાબત

* ૨૦૬૩૨ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોયના બદલે ફાળવવામાં આવતી રકમ તેમજ રેગ્યુલર ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ફાળવી, અને

(૨) તે અન્વયે આ ગ્રાન્ટ સમયસર ફાળવવામાં આવતી નથી તેવી વ્યાપક ફરિયાદો પછી નિયમિત ગ્રાન્ટ સમયસર મળે તે માટે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષ દરમ્યાન છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય ગ્રાન્ટ પેટે ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ઓક્ટ્રોય ગ્રાન્ટ પેટે ફાળવેલ રકમ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| ૧ | છોટાઉદેપુર | – | રૂ. ૪૪,૨૫,૪૦૮ |
| ૨ | વડોદરા | રૂ. ૩,૧૬,૫૩,૦૦૦ | રૂ. ૪,૮૩,૨૯,૫૯૨ |

(૨) ગ્રાન્ટ સમયસર ફાળવવા સૂચના આપવામાં આવેલ છે.

ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

મહેસાણા જિલ્લામાં લેન્ડ કમિટિ દ્વારા પ્લોટોની ફાળવણી

* ૨૨૪૮૧ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર તાલુકા લેન્ડ કમીટીની કેટલી મીટીંગો છેલ્લા બે વર્ષમાં ક્યારે મળી,

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | લેન્ડ કમીટીની મીટીંગો | તારીખ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૪ | ૧૫–૯–૨૦૧૪,<br>૭–૫–૧૫,<br>૪–૯–૧૫,<br>૧૭–૧૦–૧૫ |
| ૨ | કડી | ૪ | ૨૦–૮–૧૪,<br>૫–૧–૧૫,<br>૮–૬–૧૫,<br>૩૧–૮–૧૫ |
| ૩ | વિજાપુર | ૧ | ૨૮–૯–૧૫ |
| ૪ | વિસનગર | ૧ | ૧૮–૬–૧૫ |
| ૫ | સતલાસણા | ૧ | ૨–૯–૧૫ |
| ૬ | ઉંઝા | ૨ | ૧૯–૭–૧૪,<br>૧૮–૬–૧૫ |
| ૭ | જોટાણા | ૨ | ૧૦–૭–૧૫,<br>૨૧–૯–૧૫ |
| ૮ | ખેરાલુ | ૧ | ૧૧–૬–૧૪ |
| ૯ | બેચરાજી | ૨ | ૯–૯–૧૪,<br>૧૯–૨–૧૫ |
| | કુલ | ૧૮ | |

(૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને લેન્ડ કમીટી દ્વારા પ્લોટોની ફાળવણી કરી સનદો આપવામાં આવી,

(૨) ૬૧૩ લાભાર્થીઓને પ્લોટ ફાળવી સનદો આપી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને પ્લોટ ફાળવવાના બાકી છે, અને

(૩) ૦૫ લાભાર્થી

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ લાભાર્થીઓને ક્યાં સુધીમાં પ્લોટની ફાળવણી કરવામાં આવશે ?

(૪) સત્વરે

જુનાગઢ જિલ્લામાં ટુરિઝમ તરીકે સ્થળોનો સમાવેશ

* ૨૦૬૪૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં ટુરીઝમ તરીકે કયા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે,

જવાબ

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૨૦–૩–૨૦૧૫ના પત્રથી નીચે જણાવેલ સ્થળોને 'પ્રવાસન સ્થળ' તરીકે વિકસાવવા મંજુરી આપવામાં આવી છે.

૧. માળીયા (હાટીના) તાલુકાના ચોરવાડ ખાતે હોલી ડે કેમ્પનો વિકાસ

૨. જુનાગઢ શહેર ખાતે નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશન

૩. જનાગઢમાં ભવનાથ તળેટીમાં આવેલ પૌરાણિક સુદર્શન તળાવ તથા સુદર્શન તળાવથી વિવિધ જોવાલાયક સ્થળોને આવરી લઈને હેરીટેજ વોક

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા સ્થળો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૧૦.૦૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે, જે પૈકી રૂપિયા ૫.૦૦ કરોડની ગ્રાન્ટ કલેકટરશ્રી, જૂનાગઢને હવાલે મૂકવામાં આવેલ છે.

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો, તથા જો રકમ પૂરી ન વપરાઈ હોય તો તેના કારણો શાં છે?

(૩) આ અન્વયે જુનાગઢ શહેર ખાતે નરસિંહ મહેતા સરોવરના વિકાસ માટે રૂપિયા ૧.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે,

તેમજ નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશન કરવાના કામ માટે રૂપિયા ૪.૦૦ કરોડના ટેન્ડરની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

## ખેડા જિલ્લામાં ૧૨ અને ૧૩ માં નાણા પંચની રકમ

* ૨૧૨૪૪ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર પાસેથી ૧૨માં અને ૧૩માં નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી ખેડા જિલ્લામાં જિલ્લા કક્ષાની અને તાલુકાવાર વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) આ ગ્રાન્ટમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલ છે ?

**જવાબ**

(૧) ૧૨માં નાણાપંચની કોઈ ગ્રાન્ટ મળેલ નથી ૧૩માં નાણાપંચની ૨૦૧૪ના વર્ષમાં રૂ. ૪૧૧૨૮.૯૫ લાખ તથા ૨૦૧૫ના વર્ષમાં રૂ. ૩૪૧૪૩.૪૪ લાખ ગ્રાન્ટ મળેલ છે.

(૨) જિલ્લા કક્ષાની અને તાલુકાવાર, વર્ષવાર નીચે જણાવેલ વિગતે ગ્રાન્ટ ફાળવેલ છે.

(રકમ રૂપિયામાં)

| તાલુકો | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|
| નડીઆદ | ૩૭૬૭૦૦૦ | ૩૧૮૪૩૧૧ |
| મહુધા | ૧૪૯૨૨૩૬ | ૧૨૨૯૩૯૦ |
| માતર | ૨૨૩૦૬૧૦ | ૧૮૪૧૯૮૨ |
| ખેડા | ૧૪૪૯૬૩૯ | ૧૧૯૭૧૫૪ |
| મહેમદાવાદ | ૨૮૪૬૯૪૯ | ૨૩૯૨૦૦૦ |
| કઠલાલ | ૨૭૨૭૧૬૦ | ૨૨૫૧૯૩૨ |
| કપડવંજ | ૨૯૮૩૪૬૮ | ૨૩૨૯૦૦૦ |
| ઠાસરા | ૪૨૭૩૦૬૪ | ૩૫૨૮૬૦૫ |
| બાલાસિનોર | ૧૪૭૧૦૦૦ | ૧૨૧૫૧૦૦ |
| વિરપુર | ૧૩૪૧૨૦૮ | ૧૦૯૨૦૫૩ |
| કુલ | ૨૪૫૮૨૩૩૪ | ૨૦૨૬૧૫૨૭ |

(૩) ખર્ચ અને વણવપરાયેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રકમ રૂપિયામાં)

| | ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૪ |
| નડીઆદ | ૩૭૩૦૦૦૦ | ૩૭૦૦૦ |
| મહુધા | ૧૪૯૨૨૩૬ | ૦ |
| માતર | ૨૨૩૦૬૧૦ | ૦ |
| ખેડા | ૧૧૬૪૬૩૯ | ૨૮૫૦૦૦ |
| મહેમદાવાદ | ૨૮૪૬૯૪૯ | ૦ |
| કઠલાલ | ૨૭૨૭૧૬૦ | ૦ |
| કપડવંજ | ૨૯૮૩૪૬૮ | ૦ |
| ઠાસરા | ૪૨૭૨૦૦૦ | ૧૦૬૪ |
| બાલાશિનોર | ૧૪૦૦૦૦૦ | ૭૧૦૦૦ |
| વિરપુર | ૧૩૨૬૨૦૮ | ૧૫૦૦૦ |
| કુલ | ૨૪૧૭૩૨૭૦ | ૪૦૯૦૬૪ |

વર્ષ–૨૦૧૫

(રકમ રૂપિયામાં)

| | ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૫ |
| નડીઆદ | ૨૭૪૯૭૪૩ | ૪૩૪૫૬૮ |
| મહુધા | ૩૦૧૯૮૫ | ૯૨૭૪૦૫ |
| માતર | ૬૭૫૦૦૦ | ૧૧૬૬૯૮૨ |

| | | |
|---|---|---|
| ખેડા | ૮૩૨૨૦૦ | ૩૬૪૯૫૪ |
| મહેમદાવાદ | ૪૮૩૦૦૦ | ૧૯૦૯૦૦૦ |
| કઠલાલ | ૭૨૬૯૩૨ | ૧૫૨૫૦૦૦ |
| કપડવંજ | ૧૪૦૬૦૦૦ | ૯૨૩૦૦૦ |
| ઠાસરા | ૩૪૮૩૬૦૫ | ૪૫૦૦૦ |
| બાલાસિનોર | ૮૪૯૧૦૦ | ૩૬૬૦૦૦ |
| વિરપુર | ૧૦૮૨૦૫૩ | ૧૦૦૦૦ |
| કુલ | ૧૨૫૮૯૬૧૮ | ૭૬૭૧૯૦૯ |

પાલનપુર તાલુકામાં તત્કાલ ખેતી વિષયક વીજ જોડાણો

* ૨૨૧૯૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં તત્કાલ અને ખેતી વિષયક વીજ જોડાણો મેળવવાની કેટલી અરજીઓ ૨૦૧૪ અને ૨૦૧૫ માં મળી,

(૨) તે પૈકી કેટલા કનેકશનો અપાયા, અને

(૩) બાકી રહેલી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યમાં કૃષિ વીજ જોડાણની ‘‘તત્કાલ યોજના–૨૦૧૫’’ તા.૧–૪–૨૦૧૫ થી અમલમાં આવેલ હોઈ વર્ષ ૨૦૧૪ માં અરજીઓની નોંધણી કરવામાં આવેલ નથી. જ્યારે વર્ષ ૨૦૧૫ માં બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુર તાલુકામાં નોંધાયેલ ૧૧૦ અરજીઓ પૈકી તા.૩૧–૧–૨૦૧૬ સુધીમાં ૭૫ કૃષિ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૩) બાકી રહેલ ૩૫ અરજીઓ પૈકી,

(અ) ૧૪(ચૌદ) અરજીઓ નામંજૂર થયેલ છે.

(બ) ૦૩ (ત્રણ) અરજીઓમાં અંદાજપત્રની રકમ ભરપાઈ થઈ ગયેલ છે. જેમાં વીજ જોડાણની કામગીરી પ્રગતિમાં છે.

(ક) અન્ય બાકી અરજીઓ પૈકી,

- ૦૧(એક) અરજીમાં અંદાજપત્રની રકમ ભરપાઈ થવાની બાકી છે. જે ભરપાઈ થયેથી,
- ૦૧ (એક) અરજીમાં સર્વેની કામગીરી ચાલુ છે જે પૂર્ણ થયેથી,
- ૦૪(ચાર) અરજીઓમાં અરજદારની જમીનમાં કૂવો/ બોર હયાત ન હોઈ તે બનાવ્યેથી.
- ૧૨ અરજીઓમાં અરજદારો દ્વારા સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવા અંગેના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથેનાં ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયેથી,

  વીજ જોડાણની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં વિજ જોડાણો

* ૨૨૯૯૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં તાલુકાવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

જવાબ

(૧) અને (૨) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ‘‘ઝુંપડા વીજળીકરણ યોજના’’ અંતર્ગત તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ અને પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અરવલ્લી જિલ્લો | | |
|---|---|---|
| તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| બાયડ | ૪૫૬ | ૧૪ |

| | | |
|---|---|---|
| ભીલોડા | ૩૦૬ | ૩૮૧ |
| ધનસુરા | ૧૪૪ | ૦ |
| માલપુરા | ૧૭૫ | ૩ |
| મેઘરજ | ૩૯ | ૮૮ |
| મોડાસા | ૩૫૬ | ૬૨ |
| કુલ | ૧૪૭૬ | ૫૪૮ |
| સાબરકાંઠા જિલ્લો | | |
| તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| હિંમતનગર | ૧૭૪૭ | ૨૬૪ |
| ઈડર | ૬૦૭ | ૪૨ |
| ખેડબ્રહ્મા | ૦ | ૦ |
| પોશીના | ૦ | ૦ |
| પ્રાંતિજ | ૧૪૩૫ | ૨૯ |
| તલોદ | ૩૬૭ | ૧૯૯ |
| વડાલી | ૮૮ | ૯ |
| વિજયનગર | ૧૦૪ | ૨૫૮ |
| કુલ | ૪૩૪૮ | ૮૦૦ |

- અરવલ્લી જિલ્લામાં પડતર રહેલી ૫૪૮ અરજીઓમાંથી ૪૬૬ અરજીઓમાં તા.૨૩–૦૨–૨૦૧૬ સુધીમાં વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. અને હવે બાકી ૮૨ અરજીઓ તાજેતરમાં જ નોંધાયેલ છે. જેમાં વીજ જોડાણ માટેની કામગીરી પ્રગતિમાં છે જે તમામને શકય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.
- સાબરકાંઠા જિલ્લામાં પડતર રહેલી ૮૦૦ અરજીઓમાંથી ૬૮૬ અરજીઓમાં તા. ૨૩–૦૨–૨૦૧૬ સુધીમાં વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. અને હવે બાકી ૧૧૪ અરજીઓ તાજેતરમાં જ નોંધાયેલ છે જેમાં વીજ જોડાણ માટેની કામગીરી પ્રગતિમાં છે. જે તમામને શકય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

(૨) ઉકત સ્થિતિએ જીલ્લાવાર તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને તેના કારણો શાં છે.

રાજ્યમાં ખાનગી વીજ કંપનીઓ પાસે વીજળી ખરીદીના કરારો બાબત

* ૨૦૬૪૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી અને તે અન્વયે કઈ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) હાજી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જીયુવીએનએલ દ્વારા છેલ્લા બે કેલેન્ડર વર્ષ દરમ્યાન લાંબાગાળાના વીજ ખરીદી કરારો અંતર્ગત ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ખાનગી સાહસો | વર્ષ ૨૦૧૪ | | | વર્ષ ૨૦૧૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મી.યુ | રૂ. કરોડ | સરેરાશ રૂ./યુનીટ | મી.યુ | રૂ. કરોડ | સરેરાશ રૂ./યુનીટ |
| ૧ | એસ્સાર પાવર ગુજરાત લિ. | ૫૪૩૨ | ૧૬૨૫ | ૩.૦૪ | ૪૮૮૯ | ૧૬૩૪ | ૩.૩૪ |
| ૨ | ચાઈના લાઈટ એન્ડ પાવર | ૨૬૪ | ૫૨૮ | ૪.૪૦ | ૬૨૧ | ૫૧૪ | ૩.૨૫ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઈન્ડીયા લી. | | | | | | |
| ૩ | અદાણી પાવર લીમીટિડ–૧ | ૬૮૬૪ | ૧૯૯૦ | ૨.૯૦ | ૫૮૭૨ | ૧૮૨૩ | ૩.૧૦ |
| ૪ | અદાણી પાવર લીમીટિડ–૨ | ૭૨૧૬ | ૧૭૧૫ | ૨.૩૮ | ૭૫૫૯ | ૧૭૩૭ | ૨.૩૦ |
| ૫ | એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૧૩૦૬ | ૨૬૮ | ૨.૦૫ | ૧૫૧૩ | ૩૦૦ | ૧.૯૮ |
| ૬ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૧૧૫૭૩ | ૨૮૨૫ | ૨.૪૪ | ૧૧૫૪૩ | ૨૯૦૧ | ૨.૫૧ |

## રાજ્યે ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદવા બાબત

* ૨૦૪૭૭ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તા. ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં રાજ્ય સરકારે માસવાર કેન્દ્ર સરકાર પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદી,

(૨) તે અન્વયે ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદવામાં આવી, અને

(૩) તે અન્વયે રાજ્યમાં માસવાર વીજળીની ખરેખર વાસતવીક કેટલી જરૂરિયાત હતી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તા. ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં રાજ્ય સરકારે માસવાર કેન્દ્ર સરકાર પાસેથી ખરીદેલ વીજળી તથા તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| કેન્દ્ર સરકાર | | | | | |
|---|---|---|---|---|---|
| મહિનો | મી.યુ | સરેરાશ ભાવ | મહિનો | મી.યુ | સરેરાશભાવ રૂ.– યુનિટ |
| જાન્યુઆરી ૧૫ | ૧૫૪૨ | ૨.૯૧ | જુલાઈ ૧૫ | ૧૪૫૧ | ૩.૦૪ |
| ફેબ્રુઆરી ૧૫ | ૧૭૬૯ | ૨.૮૩ | ઓગષ્ટ ૧૫ | ૧૯૫૯ | ૨.૭૭ |
| માર્ચ ૧૫ | ૧૯૭૩ | ૩.૦૪ | સપ્ટેમ્બર ૧૫ | ૧૭૫૭ | ૩.૯૯ |
| એપ્રિલ ૧૫ | ૧૮૪૨ | ૨.૮૮ | ઓકટોબર ૧૫ | ૧૭૯૮ | ૨.૫૭ |
| મે ૧૫ | ૧૯૭૬ | ૩.૦૮ | નવેમ્બર ૧૫ | ૧૬૫૬ | ૨.૨૪ |
| જુન ૧૫ | ૧૪૫૩ | ૨.૧૭ | ડીસેમ્બર ૧૫ | ૧૭૦૨ | ૨.૬૨ |

(૨) ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળી તથા તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| ખાનગી કંપનીઓ | | | | | |
|---|---|---|---|---|---|
| મહિનો | મી.યુ | સરેરાશ ભાવ રૂ./ યુનિટ | મહિનો | મી.યુ | સરેરાશભાવ રૂ./ યુનિટ |
| જાન્યુઆરી ૧૫ | ૨૭૮૬ | ૨.૭૮ | જુલાઈ ૧૫ | ૨૪૭૭ | ૨.૭૯ |
| ફેબ્રુઆરી ૧૫ | ૨૪૪૬ | ૨.૭૫ | ઓગષ્ટ ૧૫ | ૨૫૩૦ | ૨.૮૩ |
| માર્ચ ૧૫ | ૨૩૫૬ | ૩.૪૮ | સપ્ટેમ્બર ૧૫ | ૨૭૮૫ | ૨.૭૨ |
| એપ્રિલ ૧૫ | ૨૭૭૩ | ૨.૫૫ | ઓકટોબર ૧૫ | ૩૨૭૦ | ૨.૬૧ |
| મે ૧૫ | ૨૭૨૬ | ૨.૬૪ | નવેમ્બર ૧૫ | ૨૬૦૯ | ૨.૭૨ |
| જુન ૧૫ | ૨૭૧૮ | ૨.૭૫ | ડીસેમ્બર ૧૫ | ૨૫૩૩ | ૨.૯૨ |

(૩) રાજ્ય સ્થાપિત વીજ ક્ષમતા ગ્રાહક વર્ગોની વીજ માંગ સંતોષવા માટે પર્યાપત વધુમાં ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫ ના ઓકટોબર માસમાં રાજ્યની મહત્તમ વીજમાંગ ૧૪૯૭૬ મે. વો. સુધી પહોંચેલ વીજ વિતરણ કંપનીઓ દ્રારા ઉપલબ્ધવીજ ઉત્પાદન થકી કોઈ વીજકાપ વગર, સંપૂર્ણ વીજમાંગ પુરી પાડવામાં આવેલ છે. આમ, રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્રારા ગ્રાહકોની સંપૂર્ણ વાસ્તવિક વીજ જરૂરિયાત પુરી પાડવામાં આવેલ છે. જીયુવીએનએલ દ્રારા વિવિધ ઉત્પાદન સ્ત્રોતોમાંથી માસવાર મેળવવામાં આવેલ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| મહિનો | જાન્યુઆરી ૧૫ | ફેબ્રુઆરી ૧૫ | માર્ચ ૧૫ | એપ્રિલ ૧૫ | મે ૧૫ | જુન ૧૫ |
|---|---|---|---|---|---|---|
| મી.યુ | ૬૪૬૩ | ૬૧૧૩ | ૬૬૪૪ | ૭૨૧૭ | ૭૪૭૩ | ૬૨૫૫ |
| મહિનો | જુલાઈ ૧૫ | ઓગષ્ટ ૧૫ | સપ્ટેમ્બર ૧૫ | ઓકટોબર ૧૫ | નવેમ્બર ૧૫ | ડીસેમ્બર ૧૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મી.યુ | ૬૩૩૮ | ૬૪૭૧ | ૬૯૯૪ | ૭૬૦૮ | ૬૩૩૮ | ૬૪૩૦ |

દાહોદ જિલ્લામાં ફલાઈંગ સ્કવોડ દ્વારા દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ

* ૨૧૯૭૪ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફલાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા કયારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ચેકીંગ દરમ્યાન ઉકત જિલ્લામાં વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતીઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ સામે આવી, અને

(૩) તે અન્વયે ખનિજ ચોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને જો ઉકત જીલ્લામાં વર્ષમાં એકપણ વાર મુલાકાત લઈ ચેકીંગ ન કરવામાં આવેલ હોય તો તેના કારણો શા છે?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪ તા. ૨૯–૫–૨૦૧૪ ના રોજ વર્ષ ૨૦૧૫ વર્ષ દરમ્યાન ચેકીંગ કરેલ નથી.

(૨)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૪ | રૂ. ૨,૯૪,૬૭૪/–ની ખનીજ ચોરીની ગેરરીતી સામે આવી. |
| વર્ષ ૨૦૧૫ | પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

(૩)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૪ | રૂ. રૂ. ૨,૯૪,૬૭૪/–ની વસુલાત કરવામાં આવી. |
| વર્ષ ૨૦૧૫ | (૧) ફલાઈંગ સ્કવોડ, ગાંધીનગરનું કાર્યક્ષેત્ર સમગ્ર રાજ્યના તમામ જીલ્લા છે.<br>(૨) લીઝોની તપાસ અને અન્ય ખનિજ વહીવટની કામગીરી માટે જે તે જીલ્લામાં જીલ્લા અધિકારીની કચેરી પણ કાર્યરત છે. |

ભરૂચ અને સુરત જિલ્લામાં નિરીક્ષણ ફી વસૂલ કરવા બાબત

* ૨૨૪૧૩ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબસડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત જિલ્લામાં ભારતીય વિદ્યુત નિયમો હેઠળ પ્રસિધ્ધ થયેલ અધીસૂચનાઓ મુજબ નિરીક્ષકો દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હોય અને નિયમાનુસાર નિરીક્ષણ ફી વસૂલ કરવામાં ન આવી હોય અથવા વસૂલ કરવાની બાકી હોય તેવી ઉકત સ્થિતિએ નિરીક્ષણ ફી ની બાકી રકમ કેટલી છે?

જવાબ

ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ માં નિરીક્ષણ ફી વસૂલ કરવા અંગેની કોઈ જોગવાઈ ન હોવાથી , હાલમાં કોઈ નિરીક્ષણ ફી વસૂલ કરવામાં આવતી નથી. આથી, તા.૦૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત જિલ્લામાં નિરીક્ષણ ફી ની બાકી રકમ અંગે કોઈ પ્રશ્ન રહેતો નથી.

વલસાડ જિલ્લામાં એલ.ટી. અને એચ. ટી. વીજ તારથી માનવીઓ અને પશુઓના મોત

* ૨૧૯૫૦ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં એલ.ટી. અને.એચ.ટી. વીજ તારથી કેટલા માનવીઓ અને કેટલા પશુઓના મોત થયા, અને

(૨) તે અન્વયે કેટલાને સહાય ચુકવવામાં આવી, અને સહાય ન ચુકવાઈ હોય તો તેના કારણો શાં છે?

જવાબ

(૧) વલસાડ જીલ્લામાં, સને ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં એલ.ટી. અને એચ.ટી વીજ તારથી થયેલ અકસ્માતોની વિગતો આ સાથેના સામેલ પત્રક મુજબ છે.

(૨) તે અન્વયે, માનવીઓના કુલ ૯ (નવ) અને પશુઓના કુલ ૧૦(દસ) કિસ્સામાં સહાય ચૂકવવામાં આવી, અને બાકી રહેતા કિસ્સાઓમાં જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ ન હોઈ, સહાયની ચુકવણી થઈ શકેલ નથી, જે રજૂ થયેથી વળતર ચૂકવી આપવામાં આવશે.

પત્રક

| ક્રમ | જિલ્લો/કંપની | વર્ષ | વીજતંત્રના નેટવર્કમાં થયેલ અકસ્માતો | | | | | | થયેલ કુલ અકસ્માતો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એલ.ટી. વીજ તારથી વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | એચ.ટી. વીજ તારથી વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | | | |
| | | | નાગરિકો | પ્રાણી | કુલ | નાગરિકો | પ્રાણી | કુલ | નાગરિકો | પ્રાણી | કુલ |
| ૧ | વલસાડ– | ૨૦૧૪ | ૧ | ૬ | ૭ | ૫ | ૨ | ૭ | ૬ | ૮ | ૧૪ |
| ૨ | ડીજીવીસીએલ | ૨૦૧૫ | ૩ | ૦ | ૩ | ૭ | ૯ | ૧૬ | ૧૦ | ૯ | ૧૯ |
| કુલ | | | ૪ | ૬ | ૧૦ | ૧૨ | ૧૧ | ૨૩ | ૧૬ | ૧૭ | ૩૩ |

તાલુકાવાર વર્ષ ૨૦૧૪ની માહીતિ

| ક્રમ | જિલ્લો | તાલુકો | વીજતંત્રના નેટવર્કમાં થયેલ અકસ્માતો | | | | | | થયેલ કુલ અકસ્માતો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એલ.ટી. વીજ તારથી વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | એચ.ટી. વીજ તારથી વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | | | |
| | | | નાગરિકો | પ્રાણી | કુલ | નાગરિકો | પ્રાણી | કુલ | નાગરિકો | પ્રાણી | કુલ |
| ૧ | વલસાડ | ધરમપુર | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨ | | કપરાડા | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ |
| ૩ | | પારડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | | ઉમરગામ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૫ | | વલસાડ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૩ |
| ૬ | | વાપી | ૦ | ૧ | ૧ | ૪ | ૧ | ૫ | ૪ | ૨ | ૬ |
| કુલ | | | ૧ | ૬ | ૭ | ૫ | ૨ | ૭ | ૬ | ૮ | ૧૪ |

તાલુકાવાર વર્ષ ૨૦૧૫ની માહીતિ

| ક્રમ | જિલ્લો | તાલુકો | વીજતંત્રના નેટવર્કમાં થયેલ અકસ્માતો | | | | | | થયેલ કુલ અકસ્માતો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એલ.ટી. વીજ તારથી વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | એચ.ટી. વીજ તારથી વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | | | |
| | | | નાગરિકો | પ્રાણી | કુલ | નાગરિકો | પ્રાણી | કુલ | નાગરિકો | પ્રાણી | કુલ |
| ૧ | વલસાડ | ધરમપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૨ | | કપરાડા | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ |
| ૩ | | પારડી | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૩ |
| ૪ | | ઉમરગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૩ |
| ૫ | | વલસાડ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૪ | ૧ | ૩ | ૪ |
| ૬ | | વાપી | ૧ | ૦ | ૧ | ૫ | ૦ | ૫ | ૬ | ૦ | ૬ |
| કુલ | | | ૩ | ૦ | ૩ | ૭ | ૯ | ૧૬ | ૧૦ | ૯ | ૧૯ |

### અમદાવાદ જિલ્લામાં ખનીજ ચોરીના બનાવો

* ૨૧૦૪૦ શ્રી કરમશીભાઈ પટેલ(સાણંદ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખનિજની વ્યાપક ચોરીઓ અંગે ધારાસભ્યશ્રીઓની કુલ કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૨) તે અન્વયે અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરીના બનાવો અંગે સરકારે ઉકત સ્થિતિએ વર્ષવાર શા પગલાં લીધા?

**જવાબ**

(૧) ૨૦.

(૨) તમામ ફરિયાદો સાણંદ તાલુકાની હતી, જે પૈકી ૧૩ ફરીયાદોમાં ૨,૮૧,૮૦૬ મે. ટન સાદી માટીની રૂ. ૧૮૫.૯૯ લાખની ખનીજ ચોરી અંગે વર્ષ ૨૦૧૫માં પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે.અન્ય ફરિયાદો અન્વયે તપાસ કરતા કોઈ ખનિજ ચોરી ધ્યાને આવેલ નથી.

### જુનાગઢ જિલ્લામાં ખુલ્લા વીજ વાયર તથા સપ્લાયથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૨૯૩૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં સન ૨૦૧૪ તથા ૨૦૧૫ ના

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વીતરણ જાહેર જનતાને

વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈન્સ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

જુનાગઢ જિલ્લામાં, જેટકોના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૪ અને ૨૦૧૫ માં આવા સંજોગોમાં એક પણ નાગરિક અથવા પ્રાણી મૃત્યુ પામ્યા નથી કે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ નથી.

જુનાગઢ જીલ્લામાં, પી.જી.વી.સી.એલ.ના કાર્યક્ષેત્રમા સને ૨૦૧૪ અને ૨૦૧૫ વર્ષમાં થયેલ અકસ્માતોની વિગતો આ સાથેના સામેલ પત્રક મુજબ છે.

(૨) આ બાબતે પી.જી.વી.સી.એલ. તથા જેટકો કંપનીના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત સમયગાળામાં બેદરકાર રહેલા કેટલા કર્મચારીઓ/અધિકારીઓ ને કારણે થયેલ અકસ્માત સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી, અને

(૨) અને (૩) જવાબદારી નક્કી થયેલ ૬ (છ) કર્મચારીઓ સામે ખાતાકીય શિક્ષાત્મક કાર્યવાહી કરી પગલાં લીધેલ છે. તેથી પોલીસ ફરિયાદ દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ અસરગ્રસ્તોને વળતર માટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી બાકી છે, તે તમામ રકમ કયાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

(૪) નાગરિકોના મૃત્યુના કિસ્સાઓમાંથી ૧૦ (દસ) કિસ્સામાં રૂ. ૫.૦૦ લાખ વળતર ચુકવેલ છે. અને ૩૧ પ્રાણીઓના કિસ્સામાં રૂ. ૨.૩૭ લાખ (૫૦%) વળતર ચુકવવામાં આવેલ છે. બાકી રહેતા કિસ્સાઓમાં જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ થયેથી અને કોર્ટ કેસના કિસ્સામાં નામ. કોર્ટના ચૂકાદા મુજબ વળતર ચુકવવામાં આવશે.

પત્રક

| ક્રમ | કંપની | વર્ષ | વીજતંત્રના નેટવર્કમાં થયેલ અકસ્માતો | | | | | | | | વિજતંત્રની બેદરકારીને લીધે થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | | થયેલ કુલ અકસ્માતો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુદરતી આફતો/આકસ્મીક કારણોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનને લીધે થયેલ વિજતંત્રના નેટવર્કમાં થયેલ પ્રણઘાતક અકસ્માતો | | | | વીજતંત્રના વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે થયેલ પ્રણઘાતક અકસ્માતો (અર્થ લીકેજ, ઈંસ્યુલેટર ડેમેજ વિગેરે કારણોસર) | | | | | | | | | | | |
| | | | નાગરિકો | | પ્રાણી | કુલ | નાગરિકો | | પ્રાણી | કુલ | નાગરિકો | | પ્રાણી | કુલ | નાગરિકો | | પ્રાણી | કુલ |
| | | | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | | | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | | | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | | | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | | |
| ૧ | પીજી વીસી એલ | ૨૦૧૪ | ૮ | ૧૩ | ૨૨ | ૪૩ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૧૩ | ૨૫ | ૪૬ |
| ૨ | | ૨૦૧૫ | ૯ | ૩ | ૧૦ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૩ | ૧૦ | ૨૨ |
| કુલ | | | ૧૭ | ૧૬ | ૩૨ | ૬૫ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ | ૧૬ | ૩૫ | ૬૮ |

ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

જામનગર જિલ્લામાં લીઝોનું ગેરકાયદેસર ખોદકામ

* ૨૧૩૫૭ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખનીજની આપવામાં આવેલ લીઝના લીઝ ધારકોને તેની હદ મર્યાદાની બહાર જઈને ખૂબ મોટા પ્રમાણમાં ખનીજના ગેરકાયદે ખોદકામ કરી રહ્યા છે તે હકીકત સરકાર જાણે છે કેમ,

(૨) લીઝ ધારકોને આપવામાં આવેલ ચોક્કસ ક્ષેત્રફળ/મર્યાદાની બહાર જઈને ગેરકાયદે ખનીજનું ખોદકામ કરતા રોકવા અને લીઝના ચોક્કસ ડીમાકેશન ઉભા કરવા ઉકત સ્થિતિએ શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઈ છે?

જવાબ

(૧) રાજ્ય સરકાર ખાણ–ખનિજની ચોરી અટકાવવા કટિબધ્ધ છે તે માટે સમયાંતરે અને જ્યારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) લીઝધારકો લીઝ વિસ્તારની બહાર ગેરકાયદેસર ખોદકામ ન કરે તે અંગે તા. ૬–૦૮ ૨૦૧૫ ના પરિપત્રથી હદનિશાન જાળવવા અને અક્ષાંશ રેખાંશ (Co-ordinates) દર્શાવવા અંગેની વ્યવસ્થા કરવામાં આવેલ,

(૩) લીઝ વિસ્તારના હદ નિશાન જાળવવાની અને અક્ષાંશ–રેખાંશ (Co-ordinates) દર્શાવવાની જવાબદારી લીઝ ધારકની છે.

મહેસાણા જિલ્લામાં ખાણ અને ખનીજ ચોરીના બનાવો પકડવા બાબત

* ૨૧૨૮૦ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લામાં તાલુકાવાર ખનિજચોરીના કેટલા બનાવો પકડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો?

જવાબ

(૧)

| અનુ. | તાલુકાનું નામ | કેસની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિજાપુર | ૨૨૭ |
| ૨ | મહેસાણા | ૨૬ |
| ૩ | ઉંઝા | ૧૪ |
| ૪ | કડી | ૨૪ |
| ૫ | વિસનગર | ૩૩ |
| ૬ | વડનગર | ૧૪ |
| ૭ | બેચરાજી | ૪૩ |
| ૮ | ખેરાલુ | ૬ |
| ૯ | સતલાસણા | ૭ |
| ૧૦ | જોટાણા | ૩ |

(૨) રૂા. ૧૮૬.૫૮ લાખ

પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ માનવદિન રોજગારી

* ૨૧૫૦૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા માનવદિન રોજગારી ઉત્પન્ન થયા, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઉત્પન્ન થયેલ માનવદિનની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| ૧ | ઘોઘંબા | ૧.૧૮૪ | ૦.૧૭૩ |
| ૨ | ગોધરા | ૧.૪૧૯ | ૦.૪૧૩ |
| ૩ | હાલોલ | ૦.૧૫૭ | ૦.૦૩૬ |
| ૪ | જાંબુઘોડા | ૦.૧૯૨ | ૦.૧૫૨ |
| ૫ | કાલોલ | ૦.૧૪૭ | ૦.૦૨૪ |
| ૬ | મોરવા (હ) | ૦.૮૫૮ | ૦.૧૬૬ |
| ૭ | શહેરા | ૧.૭૨૭ | ૦.૦૯૩ |
| | કુલ | ૫..૬૮૪ | ૧.૦૫૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા નીચેની વિગતે માનવદિન ઉત્પન્ન થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મહિલાઓ દ્વારા ઉત્પન્ન થયેલ માનવદિનની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| ૧ | ઘોઘંબા | ૦.૩૮૮ | ૦.૦૬૭ |
| ૨ | ગોધરા | ૦.૬૫૧ | ૦.૨૦૪ |
| ૩ | હાલોલ | ૦.૦૬૪ | ૦.૦૧૯ |
| ૪ | જાંબુઘોડા | ૦.૦૪૧ | ૦.૦૪૨ |
| ૫ | કાલોલ | ૦.૦૫૬ | ૦.૦૧૪ |
| ૬ | મોરવા (હ) | ૦.૩૪૮ | ૦.૦૮૨ |
| ૭ | શહેરા | ૦.૭૦૪ | ૦.૦૪૦ |
| | કુલ | ૨.૨૫૨ | ૦.૪૬૮ |

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફ્લાઇંગ સ્કવોડ દ્વારા દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ

* ૨૨૭૩૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફ્લાઇંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ સામે આવી,

(૩) તે અન્વયે ખનીજ ચોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને જો કોઈ જિલ્લામાં વર્ષમાં એકપણવાર મુલાકાત લઈ ચેકીંગ ન કરવામાં આવેલ હોય તો તેનાં કારણો શાં છે ?

જવાબ

(૧)

| | વર્ષ–૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|
| જામનગર | તા. ૭–૩–૧૪ | તા. ૩–૩–૧૫, તા. ૪–૩–૧૫. તા. ૨૧–૭–૧૫ |
| દેવભૂમિ દ્વારકા | તા.૧૭–૧૦–૧૪ થી ૨૦–૧૦–૧૪, તા. ૧૪–૧૧–૧૪ થી ૧૬–૧૧–૧૪, તા.૨૫–૧૧–૧૪, તા. ૨૬–૧૧–૧૪ | તા. ૨૯–૬–૧૫, તા. ૨૦–૭–૧૫ તા. ૨૧–૭–૧૫ તા. ૨૯–૧૦–૧૫ થી ૭–૧૧–૧૫ |

(૨) અને (૩) જામનગર જિલ્લામાં ચેકીંગ દરમ્યાન વર્ષ ૨૦૧૪માં ૦૧ કેસમાં કરારખત શરત ભંગ ધ્યાને આવેલ છે અને તે અન્વયે લીઝ ધારક પાસેથી રૂ. ૫૦૦૦/–ની વસુલાત કરવામાં આવેલ છે. તથા વર્ષ ૨૦૧૫માં બે કેસમાં રૂપિયા ૨૭,૫૩,૯૮૦/–ની ખનિજ ચોરી ધ્યાને આવતા સદરહુ રકમની વસુલાત બાબતેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે બંન્ને લીઝધારકો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન થયેલ હોઈ વસુલાતની કાર્યવાહી બાકી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં ૦૧ કેસમાં બિનઅધિકૃત ખોદકામ અન્વયે રૂપિયા ૬૧૨૧૫/–ની ખનિજ ચોરી ધ્યાને આવેલ, જેની વસુલાત કરવામાં આવેલ, અને ૦૨ કેસમાં લીઝ ધારક દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવેલ હોઈ તે અન્વયે વસૂલાતની કાર્યવાહી બાકી છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ

* ૨૨૪૨૩ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | મોડાસા | ૮૯૭ |
| ૨. | મેઘરજ | ૮૨૧ |
| ૩. | માલપુર | ૭૫૦ |
| ૪. | બાયડ | ૫૬૧ |
| ૫. | ધનસુરા | ૨૫૦ |
| ૬. | ભીલોડા | ૭૭૩ |
| | કુલ | ૪૦૫૨ |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ અને સહાય મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ કરેલ અરજીઓ | બેંક દ્વારા મંજુર કરેલ અરજીઓ | લાભાર્થીઓને ચુકવેલ સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | મોડાસા | ૭૭૦ | ૩૦૧ | ૨૭.૫૨ |
| ૨. | મેઘરજ | ૬૭૫ | ૩૧૩ | ૨૯.૦૯ |
| ૩. | માલપુર | ૫૯૯ | ૨૧૧ | ૧૮.૬૬ |
| ૪. | બાયડ | ૪૫૨ | ૧૩૧ | ૪.૩૭ |
| ૫. | ધનસુરા | ૧૪૦ | ૫૭ | ૧૩.૪૪ |
| ૬. | ભીલોડા | ૫૫૩ | ૧૩૪ | ૩૮.૬૫ |
| | કુલ | ૩૧૮૯ | ૧૧૪૭ | ૧૩૧.૭૩ |

### રાજ્યમાં રણોત્સવ અને પતંગોત્સવનો ખર્ચ

* ૨૨૦૭૪ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં રણોત્સવ અને પંતગોત્સવ યોજવા અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૨) ઉક્ત ઉત્સવમાં આવેલ વિદેશી મહેમાનોની સંખ્યા વર્ષવાર કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં રણોત્સવ અને પંતગોત્સવ યોજવા અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ઉત્સવોના નામ (રકમ રૂપિયામાં) | |
|---|---|---|
| | રણોત્સવ | પતંગોત્સવ |
| ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ | ૪,૨૨,૪૯,૮૫૪/– | ૩,૬૦,૩૬,૭૫૫/– |
| ૧–૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ | ૨,૯૩,૮૫,૨૦૧/– | ૩,૯૭,૮૩,૪૨૨/– |

(૨) વિદેશી મહેમાનોની વર્ષવાર સંખ્યા નીચે મુજબ દર્શાવેલ છે.

| વર્ષ | ઉત્સવોના નામ | |
|---|---|---|
| | રણોત્સવ | પતંગોત્સવ |
| ૨૦૧૪ | ૨૬૯૭ | ૪૩૮૩ |
| ૨૦૧૫ | ૪૮૦૭ | ૭૨૧૦ |

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના અન્વયે માનવદિન રોજગારી

* ૨૩૧૪૬ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા માનવદિન રોજગારી ઉત્પન્ન થયા, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઉત્પન્ન થયેલ માનવદિનની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| ૧ | અમીરગઢ | ૨.૨૪૭૩૪ | ૧.૧૧૨૧૪ |
| ૨ | ભાભર | ૦.૨૯૭૨૫ | ૦.૦૬૩૯૬ |
| ૩ | દાંતા | ૧.૯૬૬૦૬ | ૧.૪૮૧૧૬ |
| ૪ | દાંતીવાડા | ૦.૫૬૭૧૬ | ૦.૬૩૯૪૩ |
| ૫ | ડીસા | ૧.૯૮૪૦૧ | ૦.૪૦૧૨૬ |
| ૬ | દિયોદર | ૦.૧૫૮૦૩ | ૦.૦૩૩૨૧ |
| ૭ | દાનેરા | ૧.૪૭૩૫૬ | ૦.૪૩૩૩૫ |
| ૮ | કાંકરેજ | ૧.૦૪૦૭૨ | ૦.૩૨૫૪૯ |
| ૯ | લાખાણી | ૦.૦૫૨૮૮ | ૦.૦૫૦૫૫ |
| ૧૦ | પાલનપુર | ૦.૭૪૮૪૫ | ૦.૪૨૮૫૨ |
| ૧૧ | સુઈગામ | ૦.૩૮૦૯૬ | ૦.૨૫૦૩૪ |
| ૧૨ | થરાદ | ૦.૭૧૨૭૧ | ૦.૧૩૧૫૮ |
| ૧૩ | વડગામ | ૨.૪૭૭૭૨ | ૦.૭૧૦૩૩ |
| ૧૪ | વાવ | ૧.૨૭૦૬૨ | ૦.૩૯૨૫૫ |
| | કુલ | ૧૫.૩૭૭૪૭ | ૬.૪૫૩૮૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા નીચેની વિગતે માનવદિન ઉત્પન્ન થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મહિલાઓ દ્વારા ઉત્પન્ન થયેલ માનવદિનની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| ૧ | અમીરગઢ | ૧.૦૭૨૦૬ | ૦.૫૦૭૧૬ |
| ૨ | ભાભર | ૦.૧૧૦૧૩ | ૦.૦૧૬૮૬ |
| ૩ | દાંતા | ૦.૮૧૫૫૦ | ૦.૬૪૮૬૫ |
| ૪ | દાંતીવાડા | ૦.૨૬૩૧૧ | ૦.૨૯૬૨૮ |
| ૫ | ડીસા | ૦.૬૬૦૭૮ | ૦.૧૫૫૨૧ |
| ૬ | દિયોદર | ૦.૦૪૧૫૭ | ૦.૦૦૯૯૨ |
| ૭ | ધાનેરા | ૦.૫૨૮૬૭ | ૦.૧૫૨૦૨ |
| ૮ | કાંકરેજ | ૦.૪૦૬૪૭ | ૦.૧૪૭૮૧ |
| ૯ | લાખાણી | ૦.૦૧૯૧૫ | ૦.૦૧૬૪૩ |
| ૧૦ | પાલનપુર | ૦.૪૫૧૯૪ | ૦.૨૫૮૧૮ |
| ૧૧ | સુઈગામ | ૦.૧૧૭૫૨ | ૦.૦૯૦૫૭ |
| ૧૨ | થરાદ | ૦.૨૯૮૨૧ | ૦.૦૫૫૧૯ |
| ૧૩ | વડગામ | ૧.૦૨૯૭૭ | ૦.૨૭૯૪૫ |
| ૧૪ | વાવ | ૦.૩૯૧૯૮ | ૦.૦૫૧૫૧ |
| | કુલ | ૬.૨૦૬૮૬ | ૨.૬૮૫૨૪ |

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### પાટણ જિલ્લામાં સરદાર આવાસ યોજનાના કામો

* ૨૧૦૬૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં સરદાર આવાસ યોજનાના કેટલા મકાનોના કામો પૂર્ણ થયા,

(૨) ઉક્ત સ્થિતિએ મકાન માટેની બાકી પડતર અરજીઓ કેટલી છે, અને

(૩) બાકી મકાનો સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનાના ૧૮૮૭ મકાનો પૂર્ણ થયા.

(૨) બાકી પડતર અરજીઓ–શૂન્ય.

(૩) બાકી ૩૪૯ મકાનો બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

### છોટાઉદેપુર જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા મળેલ માંગણી

* ૨૦૫૮૮ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કયા સ્થળોની દરખાસ્ત કે માંગણી સરકારને ક્યારે મળી,

(૨) ઉક્ત દરખાસ્ત કે માંગણી અન્વયે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

**જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે નીચે મુજબના સ્થળોની દરખાસ્ત સરકારને મળી છે.

| વર્ષ | તાલુકાનું નામ | પ્રવાસન સ્થળ | દરખાસ્ત મળ્યા તારીખ |
|---|---|---|---|
| ૨૦૧૪ | કવાંટ | હફેશવર મહાદેવ | ૨૪–૬–૨૦૧૫ |
| | બોડેલી | ઝંડ હનુમાન | |
| | બોડેલી | તરગોળ તળાવ | |
| ૨૦૧૫ | છોટાઉદેપુર | કેવડી | ૨૮–૬–૨૦૧૫ |
| | સંખેડા | સોનગીર ઈન્દ્રાલ | |
| | બોડેલી | તાંદલજા | |

(૨) ઉક્ત દરખાસ્ત અન્વયે સરકારશ્રી દ્ધારા ઉપરોક્ત છ કામો માટે કુલ રૂપિયા ૫.૫ કરોડની ગ્રાન્ટ ફાળવવા મંજુરી આપેલ છે.

### આયોજન મંડળ તેમજ ધારાસભ્ય ગ્રાન્ટમાંથી ગામડાંઓમાં આર.ઓ. પ્લાન્ટ બાબત

* ૨૨૪૫૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જિલ્લા આયોજન મંડળ તેમજ ધારાસભ્ય ગ્રાન્ટની રકમમાંથી ગામડાંઓમાં શુદ્ધ પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ બનાવવા સારૂ રકમ ફાળવી શકાતી નથી, તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સરકાર આર.ઓ. પ્લાન્ટ બનાવવા સારૂ રકમની જોગવાઈ જિલ્લા આયોજન મંડળની ગ્રાન્ટમાંથી કે ધારાસભ્ય ગ્રાન્ટમાંથી થઈ શકે તે માટે જરૂરી શી કાર્યવાહી કરવા માંગે છે?

**જવાબ**

(૧) ગામડાંઓમાં શુધ્ધ પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ બનાવવા સારૂ રકમ ફાળવવા પાત્ર નથી. પરંતુ, સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા દીઠ આર.ઓ. પ્લાન્ટની યોજના માટે ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રૂ. ૫૦,૦૦૦/– અથવા આર.ઓ. પ્લાન્ટની અંદાજિત કિંમત બેમાંથી જે રકમ ઓછી હોય તેની મર્યાદામાં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ફાળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) હાલ વિચારણા હેઠળ નથી.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ડીસા તાલુકામાં ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય ગ્રાન્ટ પેટે ફાળવેલ રકમ

*૨૧૧૫૦ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ડીસા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને વર્ષવાર ઓક્ટ્રોય ગ્રાન્ટ પેટે કેટલી રકમ ફાળવી?

**જવાબ**

છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમ્યાન ડીસા તાલુકાની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય ગ્રાન્ટ પેટે ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | કુલ ગ્રામ પંચાયતો | ઓક્ટ્રોય ગ્રાન્ટ પેટે ફાળવેલ રકમ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ |
| ૧ | ૧૨૫ | રૂ. ૨૪,૬૪,૭૦૪ | રૂ. ૫૮,૧૧,૪૨૨ |

### વલસાડ જિલ્લામાં જયોતિગ્રામ યોજના

* ૨૨૩૬૨ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર એવા પરાઓ છે કે જેમાં જ્યોતિગ્રામ યોજનાની વીજળી કે પાવર સપ્લાય ખેતીવાડીની લાઇનમાંથી આપવામાં આવે છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તેનું વિભાજન કેટલા સમયમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) કૃષિ વીજ જોડાણોને વીજ પુરવઠો પુરો પાડવા માટે ખેતીવાડી ફીડર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ બીન ખેતી વીજ જોડાણોને ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવા માટે જયોતિગ્રામ ફીડર એમ અલગ ફીડર ઉભા કરવામાં આવેલ છે. જેથી ખેતીવાડી વિસ્તારમાં કૃષિ હેતુ માટે કે ગૃહ વપરાશ માટે જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો નથી. ખેતરોમાં વસવાટ કરતાં કુટુંબોને ગૃહ વપરાશ માટે ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે ખેતીવાડી ફીડર ઉપર ખાસ પ્રકારે વિકસાવવામાં આવેલ ટ્રાન્સફોર્મર (સ્પેશ્યલ ડિઝાઈન ટ્રાન્સફોર્મર) સ્થાપિત કરી તેના થકી ૨૪ કલાક સીંગલ ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.

વલસાડ જિલ્લામાં પણ આ મુજબની તાંત્રિક વ્યવસ્થાથી ખેતરમાં રહેતા કુટુંબોને ૨૪ કલાક સીંગલ ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે.

### મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજનાની અરજીઓ

* ૨૨૪૮૨ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝુંપડપટ્ટી વિજળી કરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓનું સર્વે થયો અને કેટલા વિજ જોડાણો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) : "ઝુંપડા વીજળીકણ યોજના " અંતર્ગત વીજ જોડાણ મેળવવા મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર મળેલ અરજીઓ, સર્વે થયેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજ જોડાણની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | તા. ૦૧/૦૨/૨૦૧૪થી તા. ૩૧/૦૧/૨૦૧૫ | | | તા. ૦૧/૦૨/૨૦૧૫થી તા. ૩૧/૦૧/૨૦૧૬ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | તે પૈકી સર્વે કરેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણો | મળેલ અરજીઓ | તે પૈકી સર્વે કરેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણો |
| મહેસાણા | ૭૫ | ૭૫ | ૭૫ | ૩૪૧ | ૩૪૧ | ૩૪૧ |
| વિસનગર | ૯૬૧ | ૯૬૧ | ૯૬૧ | ૩૭૦ | ૩૭૦ | ૩૭૦ |
| ઉંઝા | ૧૧૦ | ૧૧૦ | ૧૧૦ | ૯૬ | ૯૬ | ૯૬ |
| કડી | ૨૭૭ | ૨૭૭ | ૨૭૭ | ૫૭૩ | ૫૭૩ | ૫૭૩ |
| બેચરાજી | ૯૦ | ૯૦ | ૯૦ | ૪૧ | ૪૧ | ૪૧ |
| વિજાપુર | ૨૪૨ | ૨૪૨ | ૨૪૨ | ૧૧૮ | ૧૧૮ | ૧૧૮ |
| વડનગર | ૭૨૬ | ૭૨૬ | ૭૦૦ | ૩૧૧ | ૩૧૧ | ૩૧૧ |
| ખેરાલુ | ૯૩૮ | ૯૩૮ | ૯૩૮ | ૨૫૮ | ૨૫૮ | ૨૫૮ |
| સતલાસણા | ૪૨ | ૪૨ | ૧૯ | ૩૫ | ૩૫ | ૨૦ |
| ગોજારીયા | ૮ | ૮ | ૮ | ૫૮ | ૫૮ | ૫૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જોટાણા | ૧૨ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૩૪૮૧ | ૩૪૮૧ | ૩૪૩૨ | ૨૨૦૧ | ૨૨૦૧ | ૨૧૩૩ |

(૩) ઉક્ત સ્થિતિએ વિજ જોડાણો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ પડતર રહેલ તમામ અરજીઓમાં શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

## જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગામોને ગટર વ્યવસ્થાના કામો

* ૨૦૬૪૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને ગટર વ્યવસ્થાના કામો માટે સમાવેશ/પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) તે તાલુકાવાર કેટલા ગામો માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કોઈ તાલુકામાં ગટર વ્યવસ્થાના કામો પસંદગી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

## ખેડા જિલ્લામાં રેતીની લીઝની પરમીટ

* ૨૧૨૪૫ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર રેતીની લીઝની કેટલી પરમીટ આપવામાં આવી,

(૨) આ સમય શાખા દરમિયાન કેટલા લીઝ હોલ્ડરો વિરૂધ્ધ મુખ્યત્વે કયા પ્રકારની ફરિયાદ મળેલ, અને

(૩) તે અન્વયે શા પગલાં લેવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| અનુ | તાલુકો | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૦૧ | શૂન્ય |
| ૨ | કપડવંજ | ૦૧ | શૂન્ય |
| ૩ | કઠલાલ | ૦૧ | શૂન્ય |

(૨) ૧૦ લીઝ ધારક વિરૂધ્ધ મુખ્યત્વે ગેરકાયદેસર ખનન/વહનની ફરિયાદ મળેલ છે.

(૩) ૦૨ લીઝમાં રૂ. ૧૯.૯૬ લાખની વસૂલાત કરવામાં આવેલ છે. ૦૭ લીઝમાં રૂ. ૯૭૮.૫૧ લાખની વસૂલાતના હુકમો કરવામાં આવેલ છે. જ્યારે ૦૧ લીઝમાં રૂ. ૪૬.૯૩ લાખની વસૂલાતની કાર્યવાહી ચાલુ છે.

## બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ખેતી/સિંચાઈ માટે વિજ કનેકશનોની પડતર અરજીઓ

* ૨૨૯૯૩ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી/સિંચાઈ માટે વિજ કનેકશનોની કુલ કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| બનાસકાંઠા | | સાબરકાંઠા | |
|---|---|---|---|
| તાલુકો | પડતર અરજીઓ | તાલુકો | પડતર અરજીઓ |
| અમીરગઢ | ૨૨૬૯ | હિંમતનગર | ૧૬૩૦ |
| ભાભર | ૪૧૬ | ઈડર | ૧૭૩૯ |
| દાંતીવાડા | ૩૩૨૭ | ખેડબ્રહ્મા | ૪૧૩ |
| ડીસા | ૪૭૯૬ | પોશીના | ૨૦૧ |
| દીયોદર | ૧૨૬૦ | પ્રાંતિજ | ૭૭૫ |
| ધાનેરા | ૩૭૦૪ | તલોદ | ૯૬૪ |
| કાંકરેજ | ૧૭૭૫ | વડાલી | ૬૩૦ |
| લાખાણી | ૨૧૯૮ | વિજયનગર | ૩૧૮ |
| પાલનપુર | ૪૧૫૧ | | |
| સુઈગામ | ૬૧ | | |
| થરાદ | ૬૭૭૩ | | |
| વડગામ | ૨૭૬૭ | | |

| | | | |
|---|---|---|---|
| વાવ | ૮૪૬ | | |
| દાંતા | ૭૬૮ | | |

(૨) ઉક્ત પડતર અરજીઓ અન્વયે ક્યાં સુધીમાં વીજ કનેકશનો આપવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

અન્ય રાજ્યોમાં વીજળી વેચવા બાબત

* ૨૦૬૪૪ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોમાં વીજળી વેચવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા રાજ્યમાં શા ભાવે કેટલી વીજળી વેચવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળી અને તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૪ | | ૨૦૧૫ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મિ.યુ. | રૂ./યુનિટ | મિ.યુ. | રૂ./યુનિટ |
| કર્ણાટકા | ૨૬ | ૪.૫૦ | – | – |
| દિલ્હી | ૦.૭૯ | ૩.૨૨ | – | – |
| ઉત્તરપ્રદેશ | ૨૨૩ | ૩.૨૦ | – | – |
| મહારાષ્ટ્ર | ૧૧ | ૩.૦૦ | – | – |
| પશ્ચિમ બંગાળ | ૫૧ | ૩.૦૯ | – | – |
| આસામ | ૩૧ | ૩.૦૪ | – | – |
| પાવર એક્ષ્ચેન્જ | ૨૧૮૯ | ૨.૮૭ | ૩૦૫ | ૨.૪૬ |

અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદનાર હોય છે જેવા કે અન્ય રાજ્ય હસ્તક કંપનીઓ તથા ખાનગી કંપનીઓ અને આ વીજળી કોના દ્વારા ખરીદવામાં આવી તે વિદીત થતું નથી.

રાજ્યમાં બંધ વીજ મથકોની ફિક્સ કોસ્ટની વસુલાત બાબત

* ૨૦૪૭૮ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારના કેટલા વીજ મથકો બંધ હાલતમાં છે,

(૧) એક પણ નહી. રાજ્યનાં તમામ વીજ મથકો હાલ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ યુટીલીટીઓએ નામદાર વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડર રેગ્યુલેશનને અનુસરીને સૌથી સસ્તા બળતણ ખર્ચ ધરાવતા વીજ મથક પાસેથી વીજ ખરીદી કરવાની રહેતી હોવાથી ડોમેસ્ટીક ગેસનો પુરતો પુરવઠો ઉપલબ્ધ ન હોવાથી અને સ્પોટ ગેસ પર ચલાવવામાં આવે તો મેરીટ ઓર્ડર્સમાં ન આવતા હોવાના કારણે ગેસ આધારીત વીજ મથકો તથા કોઈ કોઈ પ્રસંગે

કોલસા આધારીત વીજ મથકો પણ જે તે સમયની વીજ માંગને ધ્યાનમાં રાખીને, ફરજિયાતપણે આંશિક/સંપૂર્ણ બંધ રાખવા પડે છે. તેમ છતાં હાલમાં સ્થાપિત વીજ ક્ષમતાથી રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતો પુરવઠો આપી શકાય તેટલું વીજ ઉત્પાદન મેળવાઈ રહ્યું છે અને રાજ્યમાં હાલમાં લોડ શેડીંગ કે પાવર કટના પ્રશ્નો નથી.

(૨) તે અન્વયે વીજ ગ્રાહકો પાસેથી ફીક્સ કોસ્ટ વસુલ કરાય છે તે હકીત સાચી છે, અને

(૨) રાજ્યના તમામ વિજ મથકો સાથે જીયુવીએનએલ દ્વારા લાંબા ગાળાના વીજ ખરીદીના કરારો કરવામાં આવેલ છે, અને કરારની શરતો મુજબ તેમને ફિક્સ્ડ કોસ્ટની ચૂકવણી કરવામાં આવે છે આ અંગેનો ખર્ચ ગુજરાત રાજ્ય વિજ નિયમન આયોગ દ્વારા પણ મંજુર કરવામાં આવે છે. થયેલ કરાર મુજબ જે તે કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન માટે વીજ મથકો ઉભા કરેલ હોવાથી જરૂર પડે ત્યારે વીજ ઉત્પાદન કરી શકાય તે માટે વીજ મથકો માટે કરેલ જરૂરી ખર્ચ ભરપાઈ કરવા ફિક્સ્ડ કોસ્ટની ચૂકવણી કરવી જરૂરી બને છે. આમ, ચૂકવવી પડતી ફિક્સ્ડ કોસ્ટ જેટલી રકમ માટેનો ખર્ચ, વીજ નિયમન આયોગની મંજૂરીને આધિન, વીજ વપરાશકર્તા ગ્રાહકોએ વહન કરવો પડે છે.

(૩) જો હા, તો આ ફીક્સ કોસ્ટની વસુલાત નાબૂદ કરવા સરકારે શા પગલાં લીધા ?

(૩) રાજ્યના તમામ કક્ષાના વીજ ગ્રાહકોની વીજમાંગને સંતોષવા તેમજ આકસ્મિક સંજોગોમાં વીજકાપ કે લોડ શેડીંગ ન કરવું પડે કે કુદરતી આપત્તિના સમયે વીજખેંચ ન પડે તે માટે, કોલસા તથા ગેસ આધારિત વીજ મથકો સાથે લાંબાગાળાના વીજ ખરીદીના કરારો કરવામાં આવતાં હોય છે, જેથી તેને રદ કરવાનું કારણ નથી.

### માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં તત્કાલ ખેતી વિષયક વીજ જોડાણો

* ૨૨૯૩૨ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં તત્કાલ ખેતી વિષયક વીજ જોડાણો મેળવવાની કેટલી અરજીઓ સન-૨૦૧૪ અને સન-૨૦૧૫ના વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલા કનેક્શનો અપાયા, અને

(૧) અને (૨) : રાજ્યમાં કૃષિ વીજ જોડાણની "તત્કાલ યોજના-૨૦૧૫" તા. ૦૧-૪-૨૦૧૫થી અમલમાં આવેલ હોઈ વર્ષ-૨૦૧૪માં અરજીઓની નોંધણી કરવામાં આવેલ નથી. આ યોજના અંતર્ગત વર્ષ-૨૦૧૫માં જૂનાગઢ જિલ્લાનાં માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં મળેલ અરજીઓ અને તા. ૩૧-૧-૨૦૧૬ સુધીમાં આપવામાં આવેલ કૃષિ વીજ જોડાણની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | આપવામાં આવેલ જોડાણો |
|---|---|---|
| માણાવદર | ૧૧૮ | ૬૪ |
| વંથલી | ૭૦ | ૪૭ |
| મેંદરડા | ૧૬ | ૧૧ |

(૩) બાકી રહેલી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

(૩)

- માણાવદર તાલુકામાં બાકી રહેલ ૫૪ અરજીઓ પૈકી ૧ નાણાં ભરપાઈ થયેલ અરજીની કામગીરી પ્રગતિ હેઠળ છે. જ્યારે ૪ અરજીઓમાં અરજદાર દ્વારા નાણાં ભરપાઈ થયેથી, અને ૪૯ અરજીઓમાં અરજદાર દ્વારા સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવા અંગેના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથેના ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ વીજ જોડાણની કામગીરી

હાથ ધરાશે.

- વંથલી તાલુકામાં બાકી રહેલ ૨૩ અરજીઓ પૈકી ૫ અરજીઓમાં અરજદાર દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઈ થયેથી અને ૧૮ અરજીઓમાં અરજદાર દ્વારા સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા અંગેના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથેના ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ વીજ જોડાણની કામગીરી હાથ ધરાશે.
- મેંદરડા તાલુકામાં બાકી રહેલ ૫ અરજીઓમાં અરજદાર દ્વારા સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા અંગેના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથેના ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ વીજ જોડાણની કામગીરી હાથ ધરાશે.

જામનગર જિલ્લામાં ખુલ્લા વીજવાયરથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૧૩૫૮ શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૫ના વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોના લીધે તેમજ વીજતંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા, | (૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ ઉપરાંત, કેટલીકવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેક્ટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. જામનગર જીલ્લામાં, સને ૨૦૧૫માં નાગરિકોના ૧૧ (અગિયાર) પ્રાણઘાતક તથા ૫ (પાંચ) બિન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૨૦ (વીસ) પ્રાણઘાતક અકસ્માત થયા હતાં. |
| (૨) આ બાબતે પી.જી.વી.સી.એલ. તથા જેટકો કંપનીના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,<br>(૩) ઉક્ત સમયગાળામાં બેદરકાર રહેલા કેટલા કર્મચારીઓ/અધિકારીઓને કારણે થયેલ અકસ્માત સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને | (૨) અને (૩) : જવાબદારી નક્કી થયેલ કુલ બે કિસ્સામાં ખાતાકીય શિક્ષાત્મક કાર્યવાહી કરી પગલાં લીધેલ છે, તેથી પોલીસ ફરિયાદ દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ અસરગ્રસ્તોને વળતર માટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી બાકી છે તે તમામ રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ? | (૪) સહાય ચૂકવવાપાત્ર હોય તેવા તમામે તમામ નાગરિકોના કિસ્સામાં, પ્રાથમિક નાણાકીય સહાયરૂપે રૂા. ૩,૫૦,૦૦૦/– અને પ્રાણીઓના તમામ કિસ્સાઓમાં ૫૦ ટકા લેખે રૂા. ૧,૫૦,૦૦૦/– ની ચૂકવણી કરી દેવામાં આવેલ છે. બાકી રહેતાં કિસ્સાઓમાં, જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ થયેથી અને કોર્ટ કેસના કિસ્સામાં, નામ. કોર્ટના ચૂકાદા મુજબ વળતર ચૂકવવામાં આવશે. |

શહેરા અને ગોધરા તાલુકામાં વ્યક્તિગત શૌચાલયો બાંધવા ઓનલાઈન નોંધણી

* ૨૧૫૦૫ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ શહેરા અને ગોધરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યક્તિગત શૌચાલયો બાંધવાની ગામવાર અરજીઓ ઓન લાઈન નોંધણી થઈ, | (૧) સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત અરજીઓની ઓન લાઈન નોંધણી કરવામાં આવતી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા શૌચાલયો મંજૂર કરી સહાય ચુકવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા શૌચાલયો બાંધવાના બાકી છે ? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

વિધાનસભા પરિસરમાં પ્રેસ કોન્ફરન્સ કરવા બાબત.

પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય વિધાનસભા ગૃહના પરિસરની અંદર એક ઘટના બની છે એ હું આપના ધ્યાન ઉપર મૂકીને આપનું માર્ગદર્શન માંગું છું. સામાન્ય રીતે પ્રજા દ્વારા જે પ્રતિનિધિઓ ચૂંટાય તે આ સન્માનનીય સભાગૃહની અંદર આવતા હોય છે. આ સન્માનનીય સભાગૃહમાં રાજકીય મતમતાંતરો કરતા પ્રજાના અવાજનો પડઘો આપણે પાડતા હોઇએ છીએ. ગઇકાલે આ વિધાનસભા પરિસરમાં એક પૂર્વ ધારાસભ્યએ જેને પ્રજાએ રીજેકટ કર્યા છે એણે આ પરિસરમાં આવીને પ્રેસ કોન્ફરન્સ લીધી. મારી દ્રષ્ટિએ વિધાનસભા પરિસરની અંદર પ્રજાએ રીજેકટ કરેલા છે એવા કોઇ પૂર્વ ધારાસભ્ય આવીને પત્રકાર પરિષદ લે તો લોકોને એવું લાગે કે આ ચર્ચા વિધાનસભા ગૃહની અંદર થઇ છે. ગુજરાતની પ્રજા ગેરમાર્ગે દોરાય. આ સભાગૃહની અંદર બનેલી ઘટના હોય અને એના સંદર્ભમાં આપે જે નિયત કરેલી જગ્યા છે એ નિયત કરેલી જગ્યામાં

વિપક્ષના નેતાશ્રી, વિપક્ષના કોઇપણ સભ્યશ્રી, સત્તાધારી પક્ષના સભ્યશ્રી પોતાની વાત ત્યાં જઇને રજૂ કરે તો એ વિધાનસભાના ગૃહમાં થયેલી વાત અને કરેલી વાત થાય. જેનો આ વિધાનસભા ગૃહની અંદર કોઇ ઉલ્લેખ નથી થયો એવી પ્રમાણેની ઘટનાઓ કરીને ગુજરાતની પ્રજાને આ વિધાનસભા ગૃહનો ઉપયોગ કરીને ગુમરાહ કરવા માટેનો પ્રયાસ કરી રહ્યા છે સંસદીય પ્રણાલીમાં આપ પાસેથી હું અપેક્ષા રાખું છું કે મારા આ મુદ્દાને જોઇને સંસદીય પ્રણાલીમાં એક નવો ચીલો આપના માર્ગદર્શનથી થાય એવી હું આપ પાસેથી અપેક્ષા રાખું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો ઉપસ્થિત કરનાર માનનીય મંત્રીશ્રી સંસદીય બાબતોના મંત્રીશ્રી છે. પહેલી વાત તો એ છે કે જો એમના કહેવા મુજબ આપના પરિક્ષેપમાં બનેલી ઘટના છે તો ભૂતકાળમાં માનનીય અશોકભાઇ ભટ્ટે, આપશ્રીએ પણ આવા જ મુદ્દાના સંદર્ભમાં કહ્યું હતું કે આપને ચેમ્બરમાં મળીને વાત કરવી જોઇએ, અહીંયા આ મુદ્દો ઉપસ્થિત થઇ શકે નહીં અને આ સંસદીય બાબતોના મંત્રી છે. બીજી બાબત, હું સમજી શકું છું એમને જે મુદ્દાની પ્રેસ થઇ એ મુદ્દો વારંવાર પ્રેસમાં ચાલે એ અહીંનું નિશાન હશે તમારું પણ એનો પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. બીજી બાબત છે સંસદમાં, સંસદની બહાર, સંસદના પરિક્ષેપમાં મિડિયા માટેની જગ્યા નિશ્ચિત થયેલી છે હું સંસદ સભ્ય નથી. વારંવાર સંસદના અંદરના પરિક્ષેપમાં જયાં આગળ ઇલેકટ્રોનિક મિડિયા રહે છે ત્યાંથી વારંવાર પ્રેસને સંબોધન મેં કર્યું છે એટલે એ ભાગ છે એને જો તમે એમ કહેતા હો, હું નહીં ભારતીય જનતા પાર્ટીના લોકસભામાં હારી ગયેલા વ્યકિત એ ત્યાં આવીને વારંવાર ત્યાંથી સંસદના પરિક્ષેપમાંથી મિડિયાને સંબોધન કરે છે જેમને રીજેકટ કર્યા છે પ્રજાએ અને એટલા માટે જે જગ્યા નકકી થયેલી છે એ નકકી થયેલી જગ્યા વિધાનસભામાં આપની હદના, હવે તો આપણે હમણા બંધ કર્યું છે નહીંતો માનનીય અધ્યક્ષશ્રીની હદનો એક ભાગ પણ આપણે લગાડતા હતા કે માનનીય અધ્યક્ષશ્રીનો હદનો ભાગ કયાંથી શરૂ થાય છે અને ત્યાં પ્રવેશ કોણ કરે અને કોણ ન કરે. પ્રેસ અને મિડિયા માટે પાર્લામેન્ટમાં પણ આ જ સિસ્ટમ છે કે પાર્લામેન્ટના પગથીયા પાસે એન્ટર થઇ ગયા પછી અંદર તમારે પાસ લઇને જવું પડે અને એ પછી પ્રેસ અને મિડિયાને સંબોધન કોઇપણ કરી શકે છે. માનનીય મંત્રીશ્રી, એમનો આંતરિક વિખવાદ છે. મુખ્યમંત્રીશ્રીની દીકરીની બાબતની પ્રેસ થઇ એને અહીંયા ફરી ઉગારી અને કાલે ફરી આવે એના માટેની આ વાત છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, કોઇના ઉપર વ્યકિતગત જો કોઇ આક્ષેપો કે ઉચ્ચારણો થયા હોય તો હું સ્વભાવિકપણે કાઢી નાખીશ. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદીપસિંહે પ્રશ્નોત્તરી બાદ જે પ્રશ્ન ઊભો

કર્યો છે, એના ઉપર માનનીય સભ્યશ્રી શક્તિસિંહજીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આપણે સૌ વિધાનસભાની મર્યાદાઓ ખૂબ સારી રીતે સમજીએ છીએ. શક્તિસિંહજીએ લોકસભા અને રાજ્યસભાના પણ દાખલાઓ આપણને આપ્યા છે. લોકસભા હોય કે રાજ્યસભા હોય કે દરેક રાજ્યની વિધાનસભા હોય એમની પોતપોતાની અલગ અલગ પ્રણાલિકાઓ હોય છે. અલગ અલગ નિયમો હોય છે. એમાં મીડિયા માટે પ્રિન્ટ મીડિયા હોય કે અન્ય મીડિયાને પણ અન્ય સ્થળો આપણે ફાળવ્યા છે. અને ખૂબ ગંભીર વિષય અમારા ધ્યાને મૂકાયો છે, પણ હાલમાં આ બાબતમાં મારી પાસે કોઇ પૂરતી માહિતી નથી, કારણ કે અત્યારે ગૃહમાં ઉપસ્થિત થયેલ પ્રશ્ન છે. હું સંપૂર્ણ તપાસ કરાવીશ અને આ ગૃહને માહિતગાર કરીશ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન મંત્રીશ્રી દ્વારા લાંબા જવાબો આપવા અંગે

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપણી વિધાનસભાની પ્રણાલિકા રહી છે. વિધાનસભાના નિયમોમાં પણ જોગવાઇ છે કે એક પ્રશ્નની પાછળ ઓછામાં ઓછી પાંચ મિનિટ ફાળવવામાં આવે અને એક કલાકની અંદર સામાન્ય રીતે ૧૨ પ્રશ્નો આ ગૃહમાં ચર્ચાય છે. આજની પ્રશ્નોત્તરીમાં ૭ પ્રશ્નો આવ્યા. તેમાં એક સભ્યશ્રી ગેરહાજર હતા, એટલે ૬ પ્રશ્નો આવ્યા. ૬ પ્રશ્નોની ચર્ચાઓ થઇ છે. મંત્રીશ્રીઓ દ્વારા ધારાસભ્યશ્રીના પ્રશ્નોમાં અને પૂરક પ્રશ્નોમાં બીનજરૂરી લાંબા લાંબા, જે વિગતો માગી ન હોય અને •(×××)વધારાના જે જવાબો આપવામાં આવે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ, મારી સામે જોઇને આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર ટૂંકમાં જણાવો. આપના નેતાશ્રીનું આના પછી પ્રવચન છે. આ બધો સમય આ બંને પક્ષે કપાશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : ટૂંકા જવાબો આપવા જોઇએ. બિનજરૂરી લાંબા જવાબો આપવા ન જોઇએ. આપના તરફથી મંત્રીશ્રીઓને સ્પષ્ટ સૂચનાઓ આપવી જોઇએ. સવાલોના જવાબો ટૂંકમાં આપે. જેથી કરીને અમારા અધિકાર ઉપર તરાપ ન પડે, એટલા માટે આપે સરકારને અને મંત્રીશ્રીઓને સ્પષ્ટ સૂચના આપવી જોઇએ અને આ સૂચનાઓનો અમલ થાય.

અધ્યક્ષશ્રી : માનનીય જિતુભાઇ..(અંતરાય), પુંજાભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપની બધી વાત સાંભળી. વિધાનસભામાં પ્રણાલિકા છે કે કોઇ સભ્યે આ જ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કઇ કહેવું હોય તો એને પણ અધ્યક્ષ સાંભળે છે અને પછી નિર્ણય કરે છે. આપે વિધાનસભા ચલાવવાની નથી. પ્લીઝ(અંતરાય) હું એ જ વાત ઉપર આવું છું, પણ કોઇ સભ્યને તો સાંભળવા દો. આપ એમ કહો કે નિર્ણય આપી દો તો મારે નિર્ણય આપી દેવાનો છે? જીતુભાઇ કહો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય સંસદીય મંત્રીશ્રી પ્રદીપસિંહજીએ વાત કરી. એમાં પોઇન્ટ ઓફ ઓર્ડર મારો એવો છે કે..

અધ્યક્ષશ્રી : એ વિષય પતી ગયો છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : મારે બીજી વાત કરવાની છે. બહારના સભ્યશ્રી આવ્યા હોય અને વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના આગેવાનો સાથે બેઠા હોય..

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : આ તો પુંજાભાઇના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા ચાલે છે. હવે હું વાત ઉપર આવી જાઉ છું. માનનીય પુંજાભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે. એ પોઇન્ટ ઓફ ઓર્ડર ખૂબ જ મહત્વનો છે. આપણે સૌ જાણીએ છીએ કે પ્રશ્નકાળ એ વિધાનસભાના સભ્યો માટે ખૂબ જ મહત્વનો છે અને બધા જ સભ્યશ્રીઓની ઇચ્છા એવી હોય છે કે મારો પ્રશ્ન પણ ચર્ચામાં આવે. એટલા માટે પ્રશ્નોત્તરીના સમયે આપણે ન તો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર એલાઉ કરીએ છીએ. ન તો આપણે કોઇની ટીકાઓ કે વ્યંગાત્મક શબ્દો હોય તો એનો ઉલ્લેખ કરવા દઇએ છીએ. આપણે સૌ જાણીએ છીએ અને બંને પક્ષને મારે કહેવું છે તે શાસકપક્ષ હોય કે વિપક્ષ. સભ્યશ્રીઓને કહેવું છે કે આ ગૃહ ચાલુ થયુ ત્યારથી આપણે જોયું છે કે ત્રણ–ત્રણ મિનિટ સુધી પ્રશ્ન પૂછવામાં સભ્યશ્રી સમય બગાડતા હોય છે. આટલી વિનંતી કરતા હોવા છતાં સભ્યશ્રી બે મિનિટ, ત્રણ મિનિટ પ્રશ્ન પૂછવામાં સમય કાઢતા હોય તો સ્વાભાવિકપણે પરિસ્થિતિ એ ઉભી થાય છે કે માનનીય મંત્રીશ્રી તેનો જવાબ આપતા હોય છે. તે જવાબ આપવામાં પણ તેમને સભ્યશ્રી કરતાં વધારે સમય જતો હોય છે. અહીંયાં પુંજાભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તેનો હું ચોક્કસ સ્વીકાર કરું છું અને સાથે એ પણ કહું છું કે માનનીય મંત્રીશ્રીઓ •(×××) લાંબો જવાબ આપે છે તે વાત યોગ્ય નથી. મંત્રીશ્રીઓ સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો હોય છે તેનો જ જવાબ આપતા હોય છે. આમાં કોઇ વાહ વાહનો સવાલ નથી. બંને પક્ષના સભ્યશ્રીઓ પણ ધ્યાન રાખે, મંત્રીશ્રીઓ પણ ધ્યાન રાખે. પ્રશ્ન જેટલા ટૂંકા પૂછીશું તેટલા ટૂંકા જવાબો સામેથી આવશે. એટલા જ વધારે સભ્યોના પ્રશ્નોની ચર્ચા કરી શકીશું. નેકસ્ટ. આપના નેતાશ્રીનો કોઇ સમય વધતો નથી. વિપક્ષના નેતાશ્રીની ચર્ચા છે. આપણો ઘણો બધો સમય આમાં ગયો છે. PG87

### અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

### અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર ઉપર આજે સામાન્ય ચર્ચાનો પહેલો દિવસ છે. માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષયો અગર તો સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કર નાંખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચનના અંગે ચર્ચા કરી શકાય છે. પરંતુ ખાતાઓની ઝીણીઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા કરતી વખતે નહીં પરંતુ અનુદાનો માટેની માગણીઓ ઉપર આ ચર્ચાઓ થાય તે બાબત માનનીય સભ્યશ્રીઓ ધ્યાનમાં રાખશે. આથી પુનઃરોકિત થશે નહીં અને ચર્ચા આપણને સૌને ઉપયોગી બનશે. માનનીય શ્રી શંકરસિંહજી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર માનું છું કે આપે બહુ છણાવટ સાથે ચર્ચાની શરૂઆત કરવા માટે કહ્યું છે. તે મર્યાદા જરૂર ધ્યાનમાં રાખીશું. બજેટ એ સ્વાભાવિક પ્રજાની આશા, આકાંક્ષાઓ, ભાવનાઓ તેની સાથે સંકળાયેલો શબ્દ છે. પ્રશ્ન કલાકમાં પાવર માટે ઘણી ચર્ચા થઇશ. તેના અંગે હું વધારે સમય લઇશ. સૌનો સાથ સૌનો વિકાસ, અચ્છે દિન આયેંગે ફલાણા ફલાણા જે કંઇ શાબ્દિક બાબતો પ્રજાની લાગણીઓ માટે ઉભી કરેલી હોય તે સાકાર થાય તો સારું. કારણ કે સૌનો સાથ સૌનો વિકાસ, વિકાસ એ વધતી પ્રક્રિયા છે. તેને બ્રેક નહીં લાગવી જોઇએ. ગુજરાતમાં એ વિકાસ સમજે છે તે બધો સ્થગિત થઇ ગયો છે, કયાંક ઘટી ગયો છે. તે હું દાખલા સાથે પછી આપને કહીશ. જે વિકાસ થઇ રહ્યો છે તેમાં દા.ત. બેકારીનો વિકાસ, પ્રજાનું દેવું બે લાખ કરોડ સુધી તો તેમાં નાણાંકીય શિસ્ત જાળવી હોત તો આ હાલત ન થાય તેનો વિકાસ, દવા અને દારૂનો વિકાસ, શિક્ષણમાં ડ્રોપ આઉટનો વિકાસ, રોજ મારામારી ખૂના મરકી અને તૂટતી જતી કાયદો વ્યવસ્થા તેનો વિકાસ, ગાયો કપાતી હોય તો તેનો વિકાસ આ બધો વિચાર આની સાથે ચિંતાજનક છે. તેનું પણ થોડું ધ્યાન રાખશો તો અમે આપના આભારી થઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પાવર મંત્રીશ્રી સ્વાભાવિક છે કે એ પાવરની ચિંતા કરે. આપ યુ.એસ.એમ.બી.એ. છો અને આઇ.એ.એસ. ઓફિસરની બધાની મદદથી આની ફિગર્સ પાવર પ્રોડકશન વગેરે તૈયાર કરતા હશો. આમાં આપે આપેલો આર્થિક સર્વેનો રિપોર્ટ પાના ૯૦–૯૨ એના આધારે ખાલી હું આંકડાકીય માહિતી આપીશ. જી.યુ.વી.એન.એલ. ૨૦૦૧, ૨૦૦૭, ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૫. ઇન્સ્ટોલ્ડ કેપેસિટી ૨૦૦૧માં ૪૫૪૦, ૨૦૦૭માં તમારા બેઠાં પછી ૪૯૬૮, ૨૦૧૩માં ૫૪૯૬, ૨૦૧૪માં તમે સંભાળ્યા છતાં ૫૪૯૬ અને ૨૦૧૫માં પણ એજ ફિગર છે. એનો અર્થ કે તમે ઇન્સ્ટોલ્ડ કેપેસિટી વધારવા માગતા નથી. એની સાથે સાથે જનરેશન જે થવું જોઇએ, ઇન્સ્ટોલ્ડ કેપેસિટીમાં થતું જનરેશન એ જનરેશનની ફિગર ૨૦૦૧માં ૨૬૬૨ મેગાવોટ, મેં મિલિયન યુનિટનું મેગાવોટ કર્યું એટલે એકાદ બે આંકડા આઘા પાછા હોઇ શકે છે. ૨૦૦૭માં તમે સંભાળ્યા પછી ૩૧૪૩ મેગાવોટ, ૨૦૧૩માં ૨૬૯૭ મેગાવોટ, ૨૦૧૪માં ૧૮૦૯ મેગાવોટ અને ૨૦૧૫માં ૨૪૪૪ મેગાવોટ. માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૦માંની પરિક્ષા અત્યારે ચાલી રહી છે એમાં જેમ પરસન્ટેજ ગણવામાં આવે છે એ રીતે જો આમાં ગણીએ તો કેપેસિટી યુટિલાઇઝેશન એના પરસન્ટેજ ૨૦૧૪માં ૫૯ ટકા ફર્સ્ટ કલાસ, ૨૦૦૭માં ૬૩ ટકા ફરીથી ફર્સ્ટ કલાસ, ૨૦૧૩માં ૪૯ ટકા એટલે સેકન્ડ કલાસથી પણ નીચે ઉતર્યા છો, ૨૦૧૪માં ૩૩ ટકા એટલે પાસિંગ માર્કસ પણ નથી થતા અને ૨૦૧૫માં ૪૪ ટકા સેકન્ડ કલાસ પણ રહી ગયો. માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે જો ઉત્પાદન ક્ષમતા હોય અને જો એનો ઉપયોગ ન થતો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય અને એ ઉપયોગ પણ દિવસે દિવસે ઘટાડા તરફ હોય તો મને અમાં (×××) આવે છે. why ? કેમ આનો લાભ નથી લેતા આપણે? જો આપણો રાજયનો વધારો છે એ ૨૧ ટકા અને ૧૩૨ ટકા અને ખાનગી લોકો છે એનો વધારો ૪૦૦ ટકા કરતા વધારે છે એનો અર્થ એ થાય છે કે, ક્યાંકને ક્યાંક પ્રાઈવેટ લોકોનું વધે એવું આપણે ધ્યાન રાખીએ છીએ. એની સાથે સાથે જી.એમ.ડી.સી., જી.આઇ.પી.એલ., જી.ટી.પી.એલ.એ બધું છે એના ખાલી પરસન્ટેજમાં હું જઇશ એ પણ સરકારી છે. ૨૦૦૧માં ૧૨૪ ટકા, ૨૦૦૭માં ૮૧ ટકા, ૨૦૧૩માં ૪૬ ટકા અને ૨૦૧૪માં ૩૯ અને ૨૦૧૫માં ઓન્લી ૨૭ એટલે તમે ઉત્પાદન કરવા દેતા નથી આપણા આ જે સાહસો છે એમાં એ આક્ષેપ કરવો ન કરવો પણ વાસ્તવિકતાથી તમે દૂર નહીં ભાગી શકો. એ કોની પાસે હતું આ બધું? જેને આપણે પ્રમશન આપી આપીને બીજાને પ્રમોશનમાં એન.ટી.પી.સી., અહીં કર્યુ ત્યાંજ થવાનું હોય ઘણું ગુજરાત જીવશે અહીંથી આ બાજુનું. હજુ વેઈટીંગ લિસ્ટમાં ઘણાં છે આટલા ૧૫ વર્ષમાં ગુજરાતમાં જે વિકાસ કર્યો છે જે મેં ગણાવ્યો એ દિલ્હી પણ થાય એવુ અત્યારે તો આ પીકઅપ થાય છે અધિકારીઓ રિટાયર્ડ તેના ઉપરથી મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે રીતે આ વીજ પ્રોડકશન તેમાં જે રિઝલ્ટ મેં આપને કહ્યું તે પાવરનાં આપણાં સ્ટટેના પાવર પ્રોડકશનની સાથે એમાં આપણે અપેક્ષા રાખીએ કે તમે જે આઉટ ઓફ ડેટ મશીનરી અને આટલુ પડતર મોંઘુ, એ બધોજ આપણો ગઈકાલનો ભૂતકાળ છે એ સાવ ભૂતકાળ ના બને તેની ચિંતા કરીએ. તેની સાથે સાથે હું આ વીજ જે હાલ વીજળીનો ખર્ચ થતો હોય છે અને જે વીજળી કોમન માણસ વાપરે છે. તમે હમણાં કહ્યું કે અમે બે રૂપિયે, ત્રણ રૂપિયે,ચાર રૂપિયે ખરીદીએ છીએ. હકીકત જે છે, જે કોલસો આવે છે ઇન્ડોનેશિયન બેન્ચ માર્ક મારફત તે જે ડોલર પર ટન તેની કિંમત છે તે રો–મટિરિયલ છે થર્મલનું ૨૦૧૩માં ૯૦, ૨૦૧૪માં ૮૦, ૨૦૧૫માં ૬૫ અને ૨૦૧૬માં ૫૦. જો આ રો–મટિરિયલ જે પ્રોડકશનનો બેઝ છે તે જો ઘટતું જતું હોય અને તેની સામે ડોમેસ્ટીક જે લોકો એજ એકઝામ્પ્લ ટૉરેન્ટ તે જે આપણી પાસેથી ભાવ લે છે હાલ પર યુનિટ તે ૨૦૧૩માં ૫.૨૭, ૨૦૧૪માં ૬.૨૮, ૨૦૧૫માં ૫.૯૩ અને ૨૦૧૬માં ૬.૨૬. જો આ ૯૦ ટકામાંથી ૫૦ પર ટન જો ડોલર પર આવ્યુ હોય તેનો અર્થ એ કે નીચરલી ૫૦ ટકા તો તમે જે લોકો લૂંટે છે ગ્રાહકોને ૨૦૧૩માં તે ૨૦૧૬માં ૫૦ ટકા લૂંટવા જોઇએ. તેમને કોણ કહેશે કે તમે લોકો પાસેથી ભાવ ઓછાં લો ? એટલુ જ નહીં જી.ઇ.બી.ની હાલત છે તેમાં મારી પાસે ૨૦૧૫–૧૬ના આંકડા છે તે પણ ૫.૫૬ રૂરલમાં અને ૫ રૂપિયા અને ૮૨ પૈસા. જી.ઇ.બી.ઇન્ડસ્ટ્રીયલ મહેસાણા એરિયામાં અને તેમાં ૨૦૧૩માં ૬ રૂપિયા અને ૩ પૈસા, ૨૦૧૪માં ૭ રૂપિયા અને ૪૫ પૈસા, ૨૦૧૫માં ૭ અને ૨૭ પૈસા, ૨૦૧૬માં ૭ અને ૬૫ પૈસા. આમાં રો–મટિરિયલનો ભાવ ઘટવા છતાં પણ જો તમે ઉત્પાદન કરેલો આ પાવર એ મોંઘા ભાવે વેંચવાના હોય ડોમેસ્ટીક હોય કે રૂરલ હોય કે જી.ઇ.બી.નું હોય કે ઇન્ડસ્ટ્રીયલનું હોય. આમાં મેઇક ઇન ઇન્ડિયા જે લઇને આપણે ચાલ્યા છીએ અને આ જો ભાવ વધારો ઉદ્યોગો ઉપર પડવાનો હોય તેના મેઈન મુદ્દામાં, તેની મૂડીમાં, કોસ્ટ ઓફ પ્રોડકશનમાં તો આ ભારે ઉત્પાદન ખર્ચ તે છેવટે ગ્રાહક ઉપર જતો હોય છે અને ગ્રાહક ઉપર ગયેલો આ ખર્ચ એ છેવટે મેઇક ઇન ઇન્ડિયા કેટલું સાર્થક થશે એનો વિચાર તમારે કરવાનો હોય છે. કારણ કે જે રીતે અત્યારે હાલ આ જ પ્રકારે જે ચાલ્યા કરે છે તેમાં કોલસો દા.ત. તેની તમે જો કેલેરી કાઢો કેપેસિટી અગ્નિ પેદા કરવાની, વીજળી પેદા કરવાની તો એ પણ ટોટલી કોસ્ટ ઓફ પ્રોડકશન પોણા ત્રણથી ત્રણ રૂપિયાથી વધે નહીં. તમે ટોટલ તેના ફીગરમાં જાવ એવરેજ તે પછી તમે ચાર હજાર કેલેરી હોય, પાંચ હજાર કેલેરી હોય તો એ ૨૩૦૦ રૂપિયા કે ૨૭૫૦ રૂપિયા સુધી પડતર કોસ્ટ આવે. ટોટલ બધોજ ખર્ચો તમે તેમાં ઉમેરો તો પોણા ત્રણથી ત્રણ રૂપિયા યુનિટથી આ ભાવ વધવો જોઇએ નહીં. પોણા ત્રણ રૂપિયાથી ત્રણ રૂપિયાથી યુનિટથી આ ભાવ વધવો જોઇએ નહીં, શહેરી પબ્લીક જે *(×××) બીજેપીને એને ૫૦ ટકા કરતાં વધારે ભાવ...

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો આપણે કાઢી નાખીએ છીએ. એટલા માટે કે એ શબ્દો મતદારો માટે ઠીક નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા: માનનીય અધ્યક્ષશ્રી, શહેરી મતદારોની જે લાગણી છે તમારા માટે, એ લાગણી માટે તમે આ ઇનામ આપો છો, એવું હું માનીને ચાલુ છુ એટલે શહેરી મતદારો આ લાગણીનો અર્થ સમજે.

આની સાથે સાથે જે સોલર ઊર્જા, માનનીય ધારાસભ્યશ્રીઓની એક કમિટી બનવી જોઇએ. જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટી જે તમે હમણાં જી.આર.સી. અને જર્ક ને એને માલિક માનીને ચાલો છો, એ માલિક ના હોય, સરકાર કરતાં, ધારાસભ્યશ્રીઓ કરતાં કોઇ મોટું માલિક ન હોઇ શકે. એમને કોઇ રાઇટ્સ નથી, મનફાવે એમ બધુ મેનેજ કરીને આપણી પાસથી ભાર લૂંટવાનો, એમને કોઇ રાઇટ્સ નથી. એ જી.આર.સી.એ કેન્સલ કરવું જોઇએ. ધારાસભ્યશ્રીઓની કમિટી કે જે કમસેકમ સોલર પાવર જે બિનપરંપરાગત એની ઇન્કવાયરી કરે, એમાં વગર ટેન્ડરે ખાલી વાહ વાહ માટે, સૌનો સાથ સૌનો વિકાસની વાત છે ત્યારે ૧૬ રૂપિયા કરતાં વધારે પર યુનિટ સોલર, તમે કોને રાઇટ્સ આપ્યો લોકોને આવો લૂંટવાનો? બીજાં રાજયોમાં સાત રૂપિયે, આઠ રૂપિયે, પાંચ રૂપિયે છે, જયારે અહીં ૧૬ રૂપિયા? કઇ વાહ વાહ જોઇતી હતી? પ્રજાને લૂંટીને તમે કોને આપી રહ્યા છો? જે લોકો ખાલી ગમ્મત કરવા માટે આવ્યા હતા સોલરમાં, પરદેશના નામે, નીકળી ગયા બીજા દિવસે નફો લઇને, શું હાલત છે પાર્કની જરા જૂઓ તો ખરા ત્યાં? સોલરનું મધ્યપ્રદેશે ટેન્ડર કર્યું, હરિયાણાએ ટેન્ડર કર્યું, સાત રૂપિયા, છ રૂપિયા, પાંચ રૂપિયા અને અહીં આજે પણ ૧૬ રૂપિયા, આમાં આની કમિટી ઇન્કવાયરી થવી જોઇએ, હાઉસમાં એનો રિપોર્ટ મૂકાવો જોઇએ, જેથી આપણને ખબર પડે કે આમાં શું થઇ રહ્યું છે અને શું નથી થઇ રહ્યું?

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદ્દો ગેસનો છે. આ ગેસ પાવર પ્રોડક્શન, પેટ્રોલ, ડીઝલ, પેટ્રોલિયમ પ્રોડકશન, પેટ્રોલ, ડીઝલ, ક્રુડના ખૂબ ભાવ ડાઉન થવાથી નીચા થયા છે, એ નીચા થયેલા ભાવમાં તમે જો ૨૫ ટકા સુધી ગુજરાતની પ્રજાને ટેક્સીસ વેટના નામે વધારે લેવાના હોવ. હું જે મોંઘવારી વધારનારું બજેટ કહું છું એનું મૂળ, આ જે માણસો વધારે ભાવ આપે છે, પેટ્રોલ,

ડીઝલ, ટ્રકમાં બેસવાવાળો, માલસામનનો ખટારો, એસ.ટી., નાનું સ્કુટર, થ્રી વ્હીલર, રિક્ષા આ બધાયમાં તમે જો ૨૫ ટકા વધારે એમની પાસેથી લેવાના હોય તો એ બીજી કઇ અપેક્ષા રખાય? એનો મને ખ્યાલ નથી આવતો, કમસેકમ ૨૫ ટકાના સાત આઠ ટકા ઇલેકશન આવે છે તો એને ધ્યાનમાં રાખીને ૫૦ ટકા કરતાં ઓછો વેટ કરો. તો લોકોના આશીર્વાદ મળશે. આવી રીતે વગર મહેનતની કમાણી, મહેનત કર્યા વગર સાત આઠ હજાર કરોડ કરતાં વધારે રૂપિયા, વગર મહેનતે, ભાવ ઘટાડવો હોય તો ઘટાડો પણ અમે નહીં ઘટાડીએ એટલા માટે કે પ્રજાનો પ્રેમ જે છે એ ઓછો ના થાય આવું કરતાં કરતાં, એનું ધ્યાન રહે તો વધારે સારું.

આ ગેસની વાત કરું છું તો ઓઇલ પ્રાઇસીસ બ્રેન્ટ, યુ.એસ. એનું પર બેરલ છે એ ૨૦૧૩માં ૧૨૦ ડોલર, ૨૦૧૪માં ૧૦૯ , ૨૦૧૫માં ૬૩, ૨૦૧૬માં ૩૫, ગેસ પ્રાઇસ હેન્ડ્રીઅપ ટર્મીનસ તમે જોશો તો, ૨૦૧૩માં ૪ રૂપિયે ડોલર , ૨૦૧૪માં ૫ રૂપિયે, ૨૦૧૫માં ૨.૬૦, ૨૦૧૬માં ૧.૭૯. ગેસ પ્રાઇસ ડોમેસ્ટીક એ જે એસસીઆરએલનું જે ક્યુબીક મીટર ૨૦૧૩માં ૩૫.૬૩, ૨૦૧૪માં ૩૭.૭૫, ૨૦૧૫માં ૨૮.૨૫, ૨૦૧૬માં ૨૫.૯૩, એ ભાવ જે ૨૦૧૩માં અને ૨૦૧૬માં જે ડાઉન ગયા પછી પણ તમે ઓછામાં ઓછા ૨૫ રૂપિયાના બદલે ૧૫ રૂપિયા રાખી શકાય. અને ઇન્ડસ્ટ્રીયલ ગેસ જે સાબરમતી ગેસ છે એમાં સરકાર પણ સામેલ છે સન ૨૦૧૩માં ૩૨.૧૦ રૂપિયા, ૨૦૧૪ માં ૪૦ રૂપિયા ૨૦૧૫ માં ૩૮.૩૫ રૂપિયા ૨૦૧૬માં ૩૦ રૂપિયા એમાં પણ આ આંકડાઓના આધારે કમસેકમ ૧૫ ટકા જેટલું ઓછું કરી શકાય. તમે વેપારી હશો, તમે એમ.બી.એ છો ત્યારે આટલું ધ્યાનમાં રાખો કે હું *(×××) લોકો પાસેથી કરું છું. આટલા ટકા વધારીને એ પછી વેટ હોય કે ગેસનો ભાવ હોય કે અદાણીનું હોય કે સરકારનું હોય એ રીતે ચોખ્ખા આંકડા આમાં ડાઉન ગયા પછી આપણે લોકોને ન્યાય ન આપવાના હોય તો યોગ્ય સમયે લોકો ન્યાય આપશે માટે આપ ધ્યાન રાખજો. હિન્દુસ્તાનનું ગ્રોથ એન્જિન ગુજરાત રીવર્સ જાય છે એ પહેલા ઉંધું એન્જિન જઇ રહ્યું છે એટલું આપણે જોવું જોઇએ.

એટલું જ નહિ, જે રીતે વીજળીની સાથે સાથે એગ્રીકલ્ચરની વાત એમણે કરી છે. અનાજની વાત કરી, કપાસ, એરંડા , મગફળીમાં ગુજરાત નંબર વન છે. હમણાં સીસીઆઇએ જે ખરીદી કરી એના સિવાય હું મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખીશ કે કોટનના માટે ગુજરાત સરકારે કરેલું એક કાર્ય ખેડૂતો માટે ફકત એક કાર્ય ૧૫ વર્ષમાં કપાસ પકવતા આપણા ખેડૂતોને જરા કહેજો કે આવું જરા બનેલું છે. પાક ઉત્પાદન ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં લગભગ ૭૭.૯૫ એટલે કે ૭૮ લાખ ટન એની સરખામણીએ ૨૦૧૫-૧૬માં અનાજનું ઉત્પાદન ૬૦.૯૨ એટલે કે આશરે ૨૦ લાખ ટનનો એક વર્ષમાં ઘટાડો થયો છે. આપણે બહાર બૂમો પાડીએ છીએ કે ગુજરાત ગ્રોથ એન્જિન છે અને અમે ખેતીવાડીમાં નંબર વન છીએ ત્યારે આપણે એનો રેશિયો જોઇએ તો કપાસનું ઉત્પાદન સન ૨૦૧૪-૧૫માં ૧૭૦ કિલોની એક એવી ૯૬ લાખ ગાંસડી હતી જે ઘટીને ૨૦૧૫-૧૬માં ૮૮ લાખ ગાંસડી થઇ ગયું છે. ૨૦૧૪-૧૫ તેલીબીયાનું ૪૮ લાખ મેટ્રિકટન હતું એટલે ૨૦૧૪-૧૫માં ઉત્પાદન હતું એનાથી ૨૦૧૫-૧૬માં ૧૪.૦૫ લાખ મેટ્રિકટનનો ઘટાડો થયો છે. તમે બધામાં નીચે આવી રહ્યા છો. ખાલી બજેટમાં શાબ્દિક વસ્તુઓ કહેવાતી હોય, કપાસમાં નંબર વન, અને તેલીબીયામાં નંબર વન, એનાથી લોકોના પેટ નહિ ભરાય. આ જે આક્રોશ છે એમાં અનાજ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ એની તુલનામાં લગભગ અગાઉ ના ૨૦૧૪-૧૫ કરતાં તમે માઇનસ છો. દરેકમાં તમે માઇનસ છો. ચોખાનો વાવેતર વિસ્તાર પણ ઓછો થયો છે અને ઉત્પાદન પણ ઓછું થયું છે એટલે તમે ચોખામાં માઇનસ, ઘઉંમાં વિસ્તારમાં પણ માઇનસ અને ઉત્પાદનમાં પણ માઇનસ છો. સામાન્ય માણસ જે જુવાર, બાજરી ખાય છે એમાં વિસ્તારમાં માઇનસ સાથે સાથે ઉત્પાદનમાં પણ માઇનસ. મગફળી, તેલીબીયામાં અપવાદ બાદ કરતાં એમાં પણ માઇનસ છે. જો તમે માઇનસ જ રહેવાના હોય તો આવા આંકડા હોય એ સાચા બતાવવા જોઇએ અને કહેવું જોઇએ કે અમે એગ્રીકલ્ચરમાં નંબર વન નથી. કપાસમાં અમારું કોઇ યોગદાન નથી. એની સાથે સાથે જે રીતે ખેતીવાડીની હાલત છે વિસ્તાર ઘટતો જાય છે ઉત્પાદન ઘટતું જાય છે એના મૂળમાં ખેડૂતને પાણી મળે અને પાણીનો મોટો આધાર એ પાતાળમાંથી કે કેનાલમાંથી મળે છે. આપણી પાસે નર્મદા યોજના મેઇન છે સાથે સાથે ખેડૂતો પાતાળમાંથી લે એમાં તમે દુનિયા ભરમાં એવું કહો છો કે અમારી પાસે વીજળી બહુ સરપ્લસ છે. તમારો બીજો આત્મા જો થોડો હોય, નાનો આત્મા જો હોય તો ગુજરાતના ગરીબ ખેડૂતો પાંચ લાખ અરજીઓ સાથે વેઇટીંગ લિસ્ટમાં છે એને આપવામાં કયાં તકલીફ છે? તમે વાયબ્રન્ટના ખર્ચા ઓછા કરજો, જાહેરાતોના ખર્ચા ઓછા કરજો, આ બધા મેળા કરો છો ત્યારે હું આપના માધ્યમથી વિનંતી કરીશ કે વીજળી માટે વેઇટીંગ લિસ્ટમાં છે એનો મેળો કરો અને એના હાથમાં કાગળ આપી દો પણ એને સબસિડી આપવી પડે એની લાહ્યમાં. તમે સબસિડી આપવી પડે તેની લ્હાયમાં મોટા લોકો ખાટી જાય અને સરપ્લસ, સરપ્લસ, સરપ્લસ. જેને કમાવું હોય એ કમાય. આમાં ખેડૂતને આપવામાં ક્યાં તકલીફ પડે છે? દર વર્ષની એક લાખની જે ગતિ તમારી છે. એ પાંચ વર્ષે પાંચ લાખ પૂરા થાય. વળી પાછા નવા વધશે. તો કમસેકમ આટલો વિચાર તમને આવે તો આ વેઇટીંગ લિસ્ટવાળા લોકોનું વેઇટીંગ લિસ્ટ કાઢી નાખીને એટ એ ટાઇમ, સરકાર ક્રમબદ્ધ રીતે એક વર્ષ લો, દોઢ વર્ષ લો. પણ કહી દો કે તને વીજળી મળશે.

એવી જ રીતે નર્મદા. બહુ મોટી *(×××)કહી શકાય એવું કૃત્ય તમે કરી રહ્યા છો. જાહેરાત કરો છો કે નર્મદા અમે લાવ્યા, અમે લાવ્યા, અમે લાવ્યા. મુબારક તમને. ભલે તાણી લાવ્યા. લોકોની લાગણીઓ તાણી ગયા. અત્યારે તમે દર વર્ષે ૯,૦૦૦ કરોડ, ૯,૦૦૦ કરોડ. આવા કેટલાય આંકડા છે. કલ્પસર હોય, ભાડભૂત હોય, બીજું હોય, ત્રીજું હોય. ફીક્સ રકમ પાકી. તેમાં

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.
* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરદાર સાહેબને પણ મૂકેલા છે નર્મદામાં તો. આ હાઇટ થઇ ગઇ છે. તમારે દરવાજા ૫૦૦ મીટર ઉંચા મૂકવા હોય તો મૂકો. જેટલી વાહ–વાહ લેવી હોય એટલી લો. અલ્ટીમેટલી એ પાણી શેના માટે હતું? નર્મદા યોજના ફોર વોટ? કે જે ગામડાંના ખેડૂતને તમારે સિંચાઇ આપવાની હતી તેમાં જે સરદાર સરોવર યોજના, તેમાં છેવટની એકંદર શક્ય સિંચાઇ ક્ષમતા ૧૭.૯૨. ૨૦૧૫માં ઉભી કરાયેલી સિંચાઇ ક્ષમતા, હું ક્ષમતા કહું છું. કેપેસિટી. કેપેસિટી ૧૭ છે. ૨૦૧૫માં તમે ૧૧ની વાત કરો છો. ૨૦૧૦માં તમે નર્મદા યોજના પૂરી થશે આવું પાટલીઓ થપથપાવીને અહીં સાંભળેલું. ૨૦૧૦માં નર્મદા પૂરી કરીશું. ૨૦૧૬ પૂરું થવા આવ્યું. કંઇક તો વિચારો અને આ ૧૧.૬૨ એ ક્ષમતાની સામે ૨.૦૯. શરમ આવવી જોઇએ ખેડૂતોને આવી રીતે ટટળાવી રાખવામાં. જે રીતે લોકોની લાગણીઓ સાથે નર્મદામાં રમત રમવામાં આવેલી છે. હું માનું છું ત્યાં સુધી એ વહેલી તકે પૂરું કરવું જોઇએ અને જે પાઇપલાઇનની વાત છે. તેમાં કરપ્શનની બૂ આવે છે. નર્મદા ગ્રેવીટીથી જવાવાળી યોજના હતી. ઇન્ક્લુડીંગ કચ્છ. પાઇપલાઇનો નાખવાનું કોણે કહેલું? સી.સી. પટેલે પણ ના પાડી હતી કે આ બરાબર નથી. તમારે પાઇપલાઇન એટલે પાવર. પાવર એટલે પારકા લોકો. આપણે નહીં. આપણે તો ડાઉન છે અનામત ૩૩ ટકા પણ નથી આવતા. એટલા માટે આ ભ્રષ્ટાચાર અને મોંઘવારી વધારનારું બજેટ છે. તેમાં પરદર્શકતા નથી. ડગલે ને પગલે ભ્રષ્ટાચારની બૂ આવે અને લોકોની આશા આપેક્ષાઓ પૂરી ન કરે એટલે એ બરાબર નથી. મને સાંભળ્યો એ બદલ હું આપનો આભાર માનું છું. મેં કહેલા મુદ્દાનો જો આપ જવાબ આપશો તો અમે પણ આપના આભારી રહીશું. ધન્યવાદ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ એક વિકાસલક્ષી અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેના સમર્થનમાં ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ ઘણા બધા વર્ષોથી આઝાદ થયો. આઝાદી સાથે દેશમાં અને રાજ્યમાં મારા વિપક્ષના મિત્રોએ ઘણા બધા વર્ષો સુધી સત્તાના સુત્રો સંભાળ્યા. રાજયની અંદર અને દેશમાં ગામડાંમાં રહેતો બિચારો અને બાપડો માણસ તેની જે જરૂરિયાતો હોય, વીજળી, પાણી, રોજગારી, રસ્તા, આરોગ્ય, આ તમામ સુવિધાઓની કયારેય ચિંતા કરવામાં આવી નહીં. તેના લીધે ગામડાંમાં રહેલ માણસ અને શહેરમાં રહેતો મધ્યમ વર્ગનો અને ગરીબ માણસની પરિસ્થિતિ ખરાબ થઇ. જેના લીધે ગામડાંનો માણસ શહેર તરફ આવ્યો. ક્યારેય કોંગ્રસે પ્રજાની સુખાકારીની ચિંતા ન કરી. અને સમયાંતરે રાજ્યમાં અને દેશમાં સત્તામાં પરિવર્તન આવ્યું. ૧૯૯૫થી ખાલી ગુજરાત રાજ્યની વાત કરું તો સત્તા પરિવર્તનની સાથે ભારતીય જનતા પાર્ટી શાસનમાં આવી. એની સાથે ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારની વાત કરવા માટે આપની સમક્ષ ઉભો થયો છું. આજે રાજ્યમાં ૮ મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકાઓ છે. રાજ્યની કુલ વસ્તી છ કરોડ જેટલી છે. તેમાંથી શહેરી વિસ્તારની અંદર ૪૨ ટકા એટલે કે ૨.૩૦ કરોડ લોકો રહે છે. તાજેતરમાં યોજાયેલ ચૂંટણીઓમાં ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં ૬ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીએ વિજયનો દવજ લહેરાવ્યો. તે બદલે હું માનનીય મુખ્યમંત્રી અને ગુજરાતની જનતાને લાખ લાખ અભિનંદન આપું છું. આજે દેશના વડાપ્રધાન અને ૨૦૦૧ ના ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સત્તાનું શાસન સંભાળ્યું. એમણે શહેરોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો માટે ખૂબ ચિંતા કરી અને ૨૦૦૫ની સાલમાં સૌથી પહેલાં આખા ગુજરાતની અંદર શહેરી વર્ષ યોજવા માટેનું એમણે આહ્વાન કર્યું. શહેરોમાં રહેતા અને નગરોમાં વસતા શહેરીજનોને સુવિધાજનક સગવડો, શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવામાં આવે, પ્રજાનું જીવન ધોરણ ઉંચું આવે એના માટે પ્રયત્નો કર્યા. સર્વનો સર્વાંગી વિકાસ કરવા માટે એમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે શહેરીકરણની અનેક યોજનાઓ અમલમાં મૂકી. સૌથી પહેલા ૨૦૦૫ અને ૨૦૦૭માં શહેરી ગરીબ સમૃદ્ધિ યોજનાનું આયોજન કરવામાં આવ્યું. આ યોજનાની અંદર શહેરી વિસ્તારમાં વસતા શહેરીજનો માટે પીવાનું શુદ્ધ પાણી, ગટર વ્યવસ્થા, વીજળી, રોડ, રસ્તા, આરોગ્ય અને રોજગારલક્ષી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો. શુદ્ધ જળ, શુદ્ધ જમીન અને શુદ્ધ વાયુના ઉદ્દેશને સિદ્ધ કરવા માટે આગવા પ્રયાસો કરવામાં આવ્યા. શહેરોના સર્વાંગી વિકાસ માટે અવિરતપણે દ્રઢ નિર્ધાર સાથે આ ઉદ્દેશને સાકાર કરવા માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજ્યના ૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સુવર્ણ જયંતિ ઉજવવા માટેનો એક ભગીરથ પ્રયત્ન કર્યો. એમાં ગુજરાત રાજ્યમાં સુવર્ણ જયંતિ નિમિત્તે મુખ્યમંત્રી સુવર્ણ જયંતી યોજનાનું આયોજન કરવામાં આવ્યું. એ વર્ષે ૨૦૦૯–૧૦ની અંદર એને અમલમાં મૂકવામાં આવી. શહેરીકરણની ઝડપી પ્રક્રિયાને આધારે અને તેમાંથી ઉપસ્થિત થતા પડકારોને ઝીલવા માટે, તેને પહોંચી વળવા માટે, એમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૌનો સાથ સૌનો વિકાસ એની સાથે પ્રથમ રૂ. સાત હજાર કરોડ રૂપિયાનું આ શહેરી વિકાસ વિભાગમાં આયોજન કરવામાં આવ્યું. એની સાથે ૨૦૦૯ થી ૨૦૧૨, ૨૦૧૨ થી ૨૦૧૭ માટે બીજા તબકકાની અંદર ૧૫ હજાર કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું. આ યોજનાની સાથે સાથે આ શહેરી વિસ્તારની અંદર જનભાગીદારીથી અને રાજય સરકારની મહાનગરપાલિકાઓ હોય, નગરપાલિકા હોય એની સાથે રહી આ વિસ્તારનો વિકાસ કરવા માટે આ બધી યોજનાઓ બનાવી. ચાલુ સાલે પણ માનનીય નાણામંત્રીશ્રીએ ૭૨૫૦ કરોડ રૂપિયાનું શહેરી વિસ્તાર માટેના ગરીબ થી મધ્યમવર્ગની જનતા માટે એમાં આયોજન કરવામાં આવ્યું છે તેમને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. આ યોજનાઓને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા એવા માનનીય આનંદીબેન પટેલે પણ એમાં ખૂબ ઉંડો રસ લઇ શહેરનો વિકાસ થાય, શહેરની જનતાને એની સુખાકારી પ્રાપ્ત થાય અને રોજગારીની અંદર એ પોતાની પ્રગતિ કરે એવી ઘણી બધી યોજનાઓને તેમણે સાકાર કરવાનું કામ કર્યુ. આ સભાગૃહને હું કહેતા આનંદ અનુભવું છું કે શહેરી વિસ્તાર માટે આ સરકારે ખૂબ સારું કામ કર્યુ છે.

## ફાલ્ગુન ૧૩, ૧૯૩૭ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ અને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી જે ગતિશીલ ગુજરાતને રોકેટ ગતિએ વિકાસના પંથે લઇ જવા માગી રહ્યા છે, એમના આ બજેટને જોતા મને એવું લાગે છે કે ગુજરાતની પ્રજાને ચોકકસપણે એના ફળો આવનારા દિવસોમાં જોવા મળશે. પાટનગર યોજના ભવન એ એક માર્ગ અને મકાનો વિભાગનું એક યુનિટ છે એના માટે ભૂતકાળમાં જો હું ના ભૂલતો હોવ તો ભૂતકાળની સરકાર એક કરોડ રૂપિયાનું બજેટ પાટનગર યોજના ભવન માટે આપતી હતી અને ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી ગાંધીનગર શહેરનો ખૂબ સારો વિકાસ થાય એના માટે અલગથી કરોડો રૂપિયાની જોગવાઇ બજેટમાં કરવામાં આવી છે. એક પાટનગર યોજના ભવનને લીધે ગાંધીનગર શહેરની અંદર ખૂબ સારા રોડ, રસ્તા, બાગ, બગીચા, શાળાઓ, કોલેજો વગેરે ગાંધીનગરની પ્રજાની સુખાકારી માટે એ નાણાનો ઉપયોગ કરવામાં આવે છે. હું આપણા આજના મુખ્યમંત્રીની જે સંવેદના છે એનો એક દાખલો આપની સમક્ષ મૂકવા માગુ છું. ગાંધીનગર શહેરમાં સેકટર-૨૬ની અંદર એક ગ્રીનસીટી નામની વસાહત આવેલ છે. આ ગ્રીનસીટી વસાહતની અંદર પાણીનો પ્રશ્ન હતો, ત્યાં ટયુબવેલ દ્વારા પાણી આપવામાં આવતું હતું પણ ત્રણ દિવસ પહેલા આ વિધાનસભાગૃહ ચાલુ હતું ત્યારે વિરામના સમયમાં મેં માનનીય મુખ્યમંત્રીશ્રીની મુલાકાત લીધી અને ગાંધીનગરના આ સેકટર-૨૬ના પાણી વિશે મેં વાત કરી તો મને ખૂબ આનંદ સાથે કહેતા ગૌરવ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગઇકાલે ત્વરિત અધિકારીઓ સાથેની બેઠક બોલાવી એમાં પાટનગર યોજના ભવનના મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ પણ હાજર હતા. અને આ વસાહતને ગાંધીનગરને જે પાણી આપવામાં આવે છે એ પ્રમાણે પાણી આપવાની સૂચના અને આદેશો કર્યા એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આ માધ્યમથી ખૂબ ખૂબ આભાર માનું છું. બીજી પણ વાત બજેટમાં જોઇ છે એમાં ગુજરાત મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ એન્ડ રીસર્ચ, મેડિકલ કોલેજને પણ બજેટમાં નાણાકીય જોગવાઇના એક ભાગ તરીકે આપ્યું છે. ગાંધીનગરમાં રેલવે સ્ટેશનનું ખૂબ સારું સમારકામ થાય, આધુનિકીકરણ થાય એની વાત પણ બજેટમાં કરવામાં આવી છે. ખાસ કરીને ગાંધીનગર શહેરમાં ખૂબ મોટા રોડ અને ફોર લેન અને સિક્સ લેનના રસ્તાઓની વ્યવસ્થા હોવાના કારણે માનનીય નીતિનભાઇએ પણ બે દિવસ પહેલાં એમના વકતવ્યમાં કહ્યું હતું કે, જ્યાં એક્સિડન્ટ ઝોન હોય ત્યાં સુંદર સાઇન બોર્ડ અને બમ્પની સગવડ કરવાની જોગવાઇ કરી છે. એ જ પ્રમાણે ગાંધીનગરમાં 'ખ' રોડ જે મોટા વાહનો ત્યાંથી પસાર થાય છે એને સિક્સ લેન કરવાનો નિર્ણય આ બજેટમાં કરવામાં આવ્યો છે. એના માટે પણ હું આભાર વ્યક્ત કરું છું. યુવા વિકાસ વર્ષના અનુસંધાનમાં મહાનગરપાલિકાઓનો વાઇ-ફાઇ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે વાઇ-ફાઇ ઝોનની સુવિધા આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનમાં ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે એના માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. મેટ્રો ટ્રેન અંગે વિપક્ષના મિત્રો ઘણીવાર કહેતા હતા કે મેટ્રો ક્યારે આવશે? મેટ્રો ટ્રેનના પુલ અમદાવાદમાં તૈયાર થઇ ગયા અને એનો છેડો ગાંધીનગરમાં ફેઝ-ર ઝોન અંગે પણ મારે સૌરભભાઇ સાથે મૌખિક વાત થયેલ અને એની ડિઝાઇન વગેરે તૈયાર થઇ ગયેલા છે અને મેટ્રો ટ્રેનનો લાભ મારા ગાંધીનગર શહેરમાં વસતા ભાઇ-બહેનો લઇ શકે એ માટે મેટ્રો ટ્રેન ગાંધીનગર સુધી લંબાવવામાં આવી છે. ગાંધીનગરમાં પીવાના પાણીની વ્યવસ્થા હોય, ગટરની વ્યવસ્થા હોય કે ગાંધીનગર શહેરમાં જે આપણા કર્મયોગી ભાઇ-બહેનો રહે છે એના માટેની મકાનોની વ્યવસ્થા હોય, એમના રહેવાની વ્યવસ્થા હોય, ટ્રાન્સ્પોર્ટેશનની વ્યવસ્થા હોય આ બધી નાની નાની સુવિધાઓ પાટનગર યોજના દ્વારા કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકા ગાંધીનગરમાં આવી છે ત્યારે ૨૦૧૧ની વસતિના ધોરણે જો હું ન ભૂલતો હોઉં તો બે લાખની વસતિ હતી તે આજે સાડા ત્રણ લાખ સુધી પહોંચવા આવી છે ત્યારે એના સુયોજન માટે પાણીના નિકાલની વ્યવસ્થા, નવી પીવાના પાણીની વ્યવસ્થા, ગટરની વ્યવસ્થા આવનારા દિવસોમાં તબક્કાવાર કરવામાં આવી રહી છે.

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કેટલી સંવેદનશીલ છે એનો એક નમૂનો આપવા માગું છું. ગાંધીનગરના સેકટરોમાં સ્લમ વિસ્તાર કે જ્યાં નાના નાના માણસો પોતાની રોજીરોટી કમાઇને રહે છે એ વિસ્તાર એટલે શ્રીનગર, હરસિદ્ધિનગર, ઇન્દિરાનગર જેવી સોસાયટીઓ છે. આ સોસાયટીઓમાં પણ પાકા રસ્તા એમના ઘરની સામે કાદવ-કિચડ ન થાય એના માટેના નાના નાના કામો પાટનગર યોજના દ્વારા કરવામાં આવ્યા છે. બીજો એક દાખલો આપું તો સેકટર ૨૬માં કિસાનનગર આવેલ છે. ગાંધીનગર શહેરમાં જે લોકોની જમીન ગયેલી એ કિસાનો આ કિસાનનગરમાં વસે છે. ત્યાં પણ આર.સી.સી.ના રોડ આ સરકારે કર્યા છે અને એના બજેટમાં જોગવાઇઓ પણ કરી છે. ગાંધીનગર શહેર માટે ખૂબ જરૂરી સુવિધાઓ આપવા માટે બજેટમાં મેક્સિમમ જોગવાઇઓ કરી છે એના માટે આભાર માનું છું.

શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યાં છે તેને હું આવકારવા માટે અને મારાં સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષની સરખામણીએ ૨૦૧૬ના અંદાજપત્રમાં ૮૫,૫૫૭.૭૮ કરોડનું એટલે ૨૦૧૫-૧૬ ની સરખામણીમાં ૬,૨૬૨ કરોડ જેટલી રકમનો એમાં વિવિધ વિકાસલક્ષી યોજનાઓ માટે વધારો કરવામાં આવ્યો છે. એવી જ રીતે આદિવાસી વિસ્તારમાં ૨૦૧૫-૧૬ની અંદર ૯,૬૬૫ કરોડનું હતું. તેની સરખામણીએ આ વખતે ૧૧૦૦૦ કરોડ જેટલું અંદાજપત્ર વિવિધ આદિવાસી વિસ્તારની વિકાસ યોજનાઓ માટે લેવામાં આવ્યાં છે. એમાં પણ ૨૦૦૦ કરોડ જેટલો વધારો અંદાજાપત્રમાં માનનીય મંત્રીશ્રી લઇને આવ્યાં છે. એના ઉપરથી જ ખ્યાલ આવે છે કે, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબ જે

ગુજરાતને ''ગતિશીલ ગુજરાત'' નો નારો આપ્યો છે એને સિદ્ધ કરવા માટે આ અંદાજપત્રની નાણાકીય જોગવાઇ પરથી ખ્યાલ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે આદિવાસી વિસ્તારની અંદર વર્ષોથી ખૂબ મોટી મોટી યોજનાઓ બનાવવામાં આવી હતી. એ કરજણ હોય, ઉકાઇ હોય કે પછી નર્મદા, બીજી પાનમ હોય એ જ્યારે–ત્યારે આ યોજનાઓ બનાવવામાં આવી હતી. પરંતુ ત્યાં સ્થાનિક આદિવાસી વિસ્તાર માટે જે તે વખતની સરકારે સિંચાઇના પાણી માટે, પીવાના પાણી માટે કોઇપણ જાતનું આયોજન કરવામાં નહિ આવ્યું અને એની વર્ષોથી આદિવાસી અને આ વિસ્તારના લોકોને સિંચાઇના પાણી અને પીવાના પાણી વગર મુશ્કેલીઓનો અપાર સામનો કર્યો. હું આભાર માનું હાલના દેશના માનનીય વડાપ્રધાન અને જે તે વખતના આ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો કે જેમણે બે તબક્કાની અંદર પહેલી પંચવર્ષીય યોજના ૨૦૦૭ થી ૨૦૧૨માં ૧૫ કરોડની વનબંધુ યોજનામાં દાખલ કરવામાં આવી. એના પછી ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી ૪૦,૦૦૦ કરોડની યોજના દાખલ કરવામાં આવી અને એના થકી આ વિસ્તારોની અંદર આજે શિક્ષણ હોય, ખેતી હોય કે પછી નાના નાના ઉદ્યોગો હોય, રોજગારી હોય એનો વિકાસ થતો ગયો. આ બજેટની અંદર સિંચાઇની જ્યારે વાત કરવામાં આવે. અમારાં જોષીયારાજી કાલે કે પરમ દિવસે પૂરક માગણી ઉપર વાત કરતા હતાં કે લિફ્ટ ઇરિગેશનની સુવિધા અંગે સરકારે કાંઇ વ્યવસ્થા કરી નથી પણ ફક્ત આદિવાસી વિસ્તાર લિફ્ટ ઇરિગેશનથી સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરવા માટે ૧૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે. એની સાથે સાથે વર્ષોથી વાલીયા, ઝઘડિયા, ડેડિયાપાડા, સાગબારા આ તાલુકાઓની ચારેય બાજુ કેનાલોમાં પાણીનો પ્રવાહ રહેતો હતો, છતાં આ વિસ્તારને પાણી નહોતું મળતું. તેના માટે પણ ૧૦૦ કરોડ રૂપિયા સિંચાઇની સુવિધા માટે ઉપલબ્ધ કર્યા છે. એની સાથે સાથે ઉકાઇ – દમણ કેનાલ જે આદિવાસી વિસ્તારમાં આવે છે એના માટે પણ ૧૦૦ કરોડની યોજના આ માનનીય નાણામંત્રીશ્રીએ બજેટની અંદર લીધી છે. એની સાથે સાથે તાપી–કરજણ પાઇપ લાઇન માટેના ૫૧ કરોડ રૂપિયા ઉકાઈ–પૂર્ણા હાઇ લેવલ કેનાલ માટે ૯ કરોડ રૂપિયા. એમ કરીને માનનીય અધ્યક્ષશ્રી, નાના–મોટા ચેક ડેમો, તળાવો બનાવીને આદિવાસી વિસ્તારના લોકો સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરે એના માટે ૩૨૯ કરોડ રૂપિયા, આ બધી રકમ મેં ફક્ત આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સુવિધા માટે જે વ્યવસ્થા કરવામાં આવી છે એ ખૂબ સારી વ્યવસ્થા ઉભી કરેલ છે એ બદલ ખૂબ આ સરકાર અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ બાપુ કહેતા હતા કે, ખેડૂતોને વીજળી આપો. સાહેબ, વર્ષો પહેલાં ખેડૂતો બીજા જે તે વિસ્તારોમાં વીજ કનેકશનથી ખેતી કરતા જ હશે પણ અમારા પછાત વિસ્તારોમાં સાહેબ ધીરે ધીરે ખેતી સિંચાઇથી કેવી રીતે કરવી, વીજળીથી કેવી રીતે કરવી તે પ્રશ્ન હતો. જ્યારે સરકારે કૃષિ મહોત્સવો ચાલુ કર્યા અને ગામડે ગામડે કૃષિ વૈજ્ઞાનિકો અને અધિકારીઓ ગયા અને કૃષિ મેળામાં સમજાવવામાં આવ્યું કે, ભાઇ તમે લોકો સિંચાઇથી ખેતી કરો, તમે સોલાર ઊર્જાથી ખેતી કરો, તમે વીજ કનેકશનથી ખેતી કરો. માનનીય અધ્યક્ષશ્રી, ફક્ત આદિવાસી વિસ્તારમાં વીજ જોડાણ માટે ૩૨૦ કરોડ રૂપિયા આપ્યા છે સાહેબ. વિચાર કરો ૩૨૦ કરોડ એટલે દર વર્ષે ૨૫,૦૦૦ લોકોને વીજ કનેકશનના પૈસા મળશે. ૧૬૦ કરોડના ખર્ચે ૨૭ નવા સબ સ્ટેશન મળશે. સાહેબ એક નવી ૯ લાખ રૂપિયાની યોજના છે, સોલાર પમ્પ ચલાવવાની અને ૪,૦૦૦ રૂપિયા આદિવાસી ભરે, સાહેબ એને બોર કરી આપવાનો, મોટર મૂકી આપવાની અને સોલારની આખી સિસ્ટમ ફીટ કરી આપવાની. સાહેબ એ સોલર પમ્પના ૧૮૦ કામની સફળતા પછી આ વખતે આદિવાસી વિસ્તારમાં સરકારે ૩૨૧૦ સોલર પમ્પ માટે ૧૯૦ કરોડની જોગવાઇ કરેલી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે મોતીભાઇ. માનનીય મંત્રીશ્રી વસુબેન.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં પહેલા જ દિવસે મંત્રીશ્રી ભાગ લે તે અંગે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાની જે પરંપરાઓ છે અને ખાસ કરીને જાહેર ખર્ચ ઉપર વિધાનસભાના અંકુશો, શ્રી કાન્તિભાઇ પંચાલ લિખીત પુસ્તક અને આ સભાગૃહમાં ૨૪ ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ આપેલો નિર્ણય છે એના સંદર્ભમાં મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પેઇજ ૨૮, માનનીય સચિવશ્રી આપને આપી શકે તો આપને અનુકૂળતા રહેશે. ૨૪ ફેબ્રુઆરી,૧૯૯૩ના રોજ પહેલા જ દિવસે, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં એક મંત્રીએ ભાગ લીધો હતો તે સંબંધમાં પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો અને વાત કરવામાં આવી હતી કે, મંતવ્ય કે સૂચનો આપી શકે પરંતુ પહેલા જ દિવસે. મંત્રીશ્રી અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લે તે બરાબર નથી અને માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાનો સ્વીકાર કરતાં જણાવ્યું હતું કે, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટે પહેલા જ દિવસે મંત્રીશ્રી ભાગ લે તે બરાબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૪ ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ ભૂતકાળની પરંપરાને પણ આ પુસ્તકમાં જ ટાંકવામાં આવી છે. પહેલા તો માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે જ એ જવાબ મળતો. માનનીય અધ્યક્ષશ્રી, પેઇજ – ૨૮, સેકન્ડ પેરેગ્રાફ, ઉપરથી સાતમી લાઇન માનનીય અધ્યક્ષશ્રી, જો આપ જોશો તો ધેટ ઇઝ મોર રિલેવન્ટ. પહેલાંમાં એ કહ્યું છે કે, અગાઉ સામાન્ય ચર્ચામાં મંત્રીશ્રીઓ ભાગ લેતા ન હતા. ચર્ચાના અંતે નાણા મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપવાનું પ્રવચન કરતા, કેટલાક સમયથી અન્ય મંત્રીઓ પણ સામાન્ય ચર્ચાના ચાર દિવસ માટે બીજા દિવસે ચર્ચામાં ભાગ લેતા હોય છે. સભ્યોનો સમય કપાતો હોવાથી અને અન્ય રીતે સભ્યોને આ ન

રૂચે એવી બાબત હોવા છતાં એની સામે કોઇ વ્યવસ્થાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો ન હતો. પરંતુ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ પહેલા દિવસે જ અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં એક મંત્રીએ ભાગ લીધો તે સંબંધમાં ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ એવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે, પહેલા દિવસે જ મંત્રી ચર્ચામાં ભાગ લે તે બરાબર નથી, વધારે સભ્યો બોલી રહે તે પછી મંત્રી ચર્ચામાં દરમિયાનગીરી કરે તે સભ્યોના મંતવ્યો કે સૂચન સંબંધમાં જવાબ આપી શકે. આ મુદ્દાનો સ્વીકાર કરતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, મંત્રીઓ પહેલા દિવસની ચર્ચામાં ભાગ લે તે બરાબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારું નમ્ર નિવેદન એ છે કે બહુ વિદ્વત્તાપૂર્ણ રીતે ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો છે. આ પરંપરા, એક ઉમદા પરંપરા છે. આજે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો પહેલો દિવસ છે અને એ સમયે માનનીય અધ્યક્ષશ્રીએ જે વિદ્વત્તાપૂર્ણ આદેશ આપ્યો છે એનું સન્માન થાય, પ્રથમ દિવસે મંત્રીશ્રીઓ, એમના ભાગનો સમય છે એમના બીજા માનનીય સભ્યશ્રીઓ જરૂર બોલે પરંતુ મંત્રીશ્રીઓએ પહેલા દિવસે ચર્ચામાં ભાગ ન લેવો જોઇએ એવો જે માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ છે એ ઉચ્ચ પરંપરા જળવાય એવી હું આપના મારફત આદેશની અપેક્ષા રાખું છું.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી દ્વારા જે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે, પૂર્વ વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રીઓ દ્વારા આપણને, આ સભાગૃહને માર્ગદર્શન પોતાના અનેક નિર્ણયો દ્વારા આપવામાં આવતું હોય છે પણ રાજયપાલનો આભાર પ્રસ્તાવ અને અંદાજપત્રની સામાન્ય ચર્ચાની અંદર ચાર જેટલી બેઠકો હોય છે અને આ ચારેય બેઠક પૈકી છેલ્લી બેઠકમાં માનનીય નાણામંત્રી સમગ્ર ચર્ચાનો જવાબ આપતા હોય છે. મંત્રીમંડળના સભ્ય પૈકીના દરેક રાજય સરકાર દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે કે ચાર દિવસમાં કયા મંત્રીશ્રી અંદાજપત્રના સંદર્ભમાં પોતાના અભિપ્રાયો આપે એટલે આ ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય હશે પરંતુ આપણે વર્ષોથી આ વિધાનસભાની અંદર અંદાજપત્રની સામાન્ય ચર્ચાના ચારેય દિવસની ચાર બેઠકમાં માનનીય મંત્રીશ્રીઓ દ્વારા એનું ઇન્ટર્વીંગ થાય છે એ પદ્ધતિ રહી છે અને પ્રણાલી રહી છે, એ પ્રણાલીના ભાગસ્વરૂપે જ આજે માનનીય મંત્રીશ્રી અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં બોલવા માટે ઉભા થયા છે. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એમાં કોઇ બીજો ફરક પડવાનો નથી. આવતી કાલે આપના બે મંત્રીઓ બોલે મને કયાં વાંધો છે? આજે પ્રથમ દિવસ છે અને પ્રથમ દિવસે ના પાડવા પાછળનું બહુ જ વ્યાજબી કારણ અપાયું છે. પહેલા દિવસ પૂરતો જ મારો વિરોધ છે અને એ ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીએ માન્ય કરેલા મુદ્દામાં મારી માત્ર લાગણી છે આવતીકાલે ભલે બે મંત્રીઓ ભાગ લે.

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ સત્ર માર્ચ–૨૦૧૩માં પણ પહેલા દિવસે રમણલાલ વોરાસાહેબ, બીજા દિવસે સૌરભભાઇ સાહેબ, ત્રીજા દિવસે આનંદીબેન અને ચોથા દિવસે નીતિનભાઇએ જવાબ આપેલો છે. ચોથા સત્રમાં પણ એ જ પ્રમાણે ૨૦૧૪માં પણ નીતિનભાઇ, નાનુભાઇ, ભુપેન્દ્રસિંહજી, સૌરભભાઇએ, છઠ્ઠા સત્રમાં નીતિનભાઇ, શંકરભાઇ, ભુપેન્દ્રસિંહ, સૌરભભાઇએ જવાબ આપેલો છે એ જ પ્રણાલી મુજબ આજે હાઉસમાં વસુબેન જવાબ આપી રહ્યા છે.(અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ભૂતકાળના નિર્ણયોનું સન્માન કરવું એ આપણી પરંપરા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો, આપને સાંભળ્યા મેં, મંત્રીશ્રીને સાંભળ્યા, દંડકશ્રીને સાંભળ્યા બીજા માનનીય સભ્યશ્રીને કહેવું છે બોલો.

શ્રી જિતેન્દ્રભાઇ ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૩ની વાત ચાલે છે. એ વિધાનસભામાં પણ ચારેચાર દિવસ મંત્રીશ્રીઓએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતા એ રેકર્ડ પર છે આપ જોઇ શકો છો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહ ગોહીલ સાહેબ જે પોઇન્ટ ઓફ ઓર્ડર લઇને આવ્યા છે. અત્યાર સુધીમાં જે પરંપરાઓ આપણી રહી છે, એ પરંપરાઓનો એમણે વિગતવાર ઉલ્લેખ કર્યો. એમાં વિશેષ નહિ ઉતરતા અને દંડકશ્રી જે વાત કરતા હતા એ તો હમણા બે વખતથી જ્યારે બોલવાનું થયું ત્યારથી છે, એ પરંપરા ન થાય. પરંપરાઓ તો આપણી ભૂતકાળની અંદર ૬૦ વર્ષથી ચાલતી આવે.

ઉપાધ્યક્ષશ્રી: આપના પોઇન્ટ ઓફ ઓર્ડર વિષે બોલું છું.(અંતરાય) આપ બેસો હવે. માનનીય શક્તિસિંહજીએ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં મંત્રીશ્રીઓએ પહેલા દિવસે ભાગ લેવો ન જોઇએ તેવી રજૂઆત કરીને એક રૂલિંગ પણ એમણે ટાંક્યું છે. એ રૂલિંગમાં આગળ એવું જણાવ્યું છે કે ઉપરથી સભ્યોને નાણામંત્રીશ્રીના જવાબમાંથી ઉપસ્થિત મુદ્દા અંગે પ્રશ્નો પૂછવા દેવામાં આવે છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ૪ દિવસ ફાળવેલ હતા, છતા ત્રીજા દિવસે એટલે કે ૫–૬–૭૨ ના રોજ ચર્ચાનો જવાબ આપવા નાણામંત્રી ઊભા થયા ત્યારે તે એક તબક્કે તે સમયના નિયમ ૨૨૫ નું અર્થઘટન કરીને એવા પ્રકારનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે નાણામંત્રી નિયમ મુજબ ચર્ચાના અંતે (અંતરાય) ૨૮ જે તમે વાંચ્યો. એમાં આગળનો પેરો વાંચ્યો. એવા પ્રકારનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે નાણામંત્રી નિયમ મુજબ ચર્ચાના અંતે જવાબ આપી શકે. તેઓએ આજે ચર્ચામાં ભાગ લીધો છે અને છેલ્લા દિવસે ચર્ચામાં ભાગ લેશે. તો એક સભ્ય એક જ બાબત ઉપર એક જ વખત બોલી શકે તેવા સામાન્ય નિયમનો ભંગ થશે. આ મુદા સંબંધમાં નિર્ણય આપતા અધ્યક્ષે નીચે મુજબનું અવલોકન કર્યુ છે. એટલે મને એમ લાગે છે કે આપે રજૂ કરેલો મુદ્દો મારી સમક્ષ છે જે પુસ્તક છે તેમાંથી મેં વાંચેલી નોટ્સ એ બધા મુદ્દાઓને સાંકળીને વિગતવાર હું મારો હુકમ આવનારા દિવસોમાં આપીશ. માનનીય મંત્રીશ્રી.

તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)(ક્રમશઃ)

પ્રો વસુબેન ન. ત્રિવેદી (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષ છે, વાંધો નહિ. મારી એક વિનંતી છે આ ચર્ચામાં મારી ૧૦ થી ૧૨ મિનિટ બગડી છે. મને થોડોક વધુ સમય ફાળવવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : દંડકશ્રી જોઇ લો.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : દંડકશ્રી જોઇ લો. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬-૧૭ નું અંદાજે રૂપિયા ૨૪૫.૪૯ કરોડની પુરાંતવાળું બજેટ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલને હું ખૂબ ખૂબ હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ બજેટ ગુજરાતના ખેડૂતવર્ગ, વેપારીવર્ગ, વિદ્યાર્થીવર્ગ, મહિલાઓ, યુવાનો સૌ કોઇના વિકાસનું સૂચક છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનો માતૃવાત્સલ્ય ભાવ નારી સંવેદનાને વાંચા આપનારું આ અંદાજપત્ર છે. ઇતિહાસ સાક્ષી છે કે આઝાદી મળ્યા પછીની કોઇપણ સરકારોએ ગરીબોની ભલાઇ માટેની કામગીરી કરી હોય કે એની વાત થતી હોય, તેમાં કોઇએ પણ અડચણો ઊભી કરી નથી. જેવી અડચણો અત્યારે વિપક્ષ દ્વારા કરાઇ રહી છે. નાણામંત્રીશ્રીએ આ બજેટ દરખાસ્ત એકંદરે કુલ ૨૫૧ કરોડની રાહતો જાહેર કરી છે. સામાન્યતઃ આર્થિક રીતે નબળા વર્ગોનું રોજગારીનાં સાધન સમા વાંસ અને વાંસની બનાવટો, સાઇકલ રિક્ષા, સિરામિક પ્રોડક્ટ, હોસ્ટેલ અને રેસ્ટોરન્ટો, રેસ્ટોરન્ટનું વિદ્યુત શુલ્ક, ઉત્તમ પ્રકારની પશુઓના સંવર્ધન માટે ફ્રોઝન સીમેન્ટના વેરામાં ઘટાડો જાહેર કર્યો છે. અભિનંદનની વાત છે. ગતિશીલ ગુજરાતના પ્રત્યેક નાગરિકની આકાંક્ષાઓ અને જરૂરિયાતો પૂર્ણ કરનારું છે. પ્રગતિની કેડી કંડારનારું આ બજેટ બની રહેશે એમાં કોઇ શંકા નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં વંચિતોના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત બીજા તબક્કાના ભાગ રૂપે ૪૦,૦૦૦ કરોડનું પૅકેજ જાહેર કરીને સમગ્ર વંચિતોના દિલ જીતનારું આ બજેટ છે. પ્રથમ તબક્કાના પરિણામે આદિજાતિના ૯૯ ટકા મહેસૂલી ગામોને તથા પેટા પરાના રસ્તાઓને જિલ્લાના અને તાલુકાના મુખ્ય રસ્તા સાથે જોડાણ કરવામાં આવનારી વાત પણ ઐતિહાસિક છે. પ્રતિવર્ષની જેમ આ વર્ષે બજેટમાં ૯મા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ૧ લાખ ૯૨ હજાર સાયકલ, રાજય સરકાર દ્વારા આદિવાસી અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ માટે નજીવા દરે લોન અને તેની સાથે એ પણ ઉલ્લેખ કરવો પડે કે ૧૮૮ જેટલી દીકરીઓ ઉચ્ચ અભ્યાસની લોન લઇને તેમનો અભ્યાસ અવિરત ચાલુ રાખી રહી છે. સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અંતર્ગત વડાપ્રધાનશ્રી દ્વારા પૂજય ગાંધીજીને સ્વચ્છ ભારતની ભેટ આપવાના સત્ સંકલ્પ સાથે શરૂ કરાયેલ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનમાં રાજય સરકારની પ્રશંસનીય કામગીરી રહી છે. આગામી વર્ષમાં પણ આ મિશન યથાવત ચાલુ રાખીને સમગ્ર ગુજરાતને આવરી લેવાની રાજય સરકારની નેમ છે. શહેરી વિસ્તારોમાં શૌચાલયની ૯૩ ટકા કામગીરી પૂર્ણ કરી છે. એકમાત્ર વ્યક્તિગત શૌચાલયમાં ૭૦ ટકા શૌચાલયોનું નિર્માણ થયું છે. જે સ્વચ્છ ભારત પરત્વેની રાજય સરકારની કટિબદ્ધતાનું પ્રમાણ છે. મને કહેતાં ખુશી થાય છે કે સમગ્ર દેશના મહાનગરોમાં જામનગર દેશનું બીજા નંબરનું સો ટકા શૌચાલયો ધરાવતું શહેર બન્યું છે અને રાજયનું પ્રથમ નંબરનું શહેર બન્યું છે. આપ સૌને મારે એમ કહેવું છે કે માતૃવાત્સલ્ય અને માતૃશક્તિના આધાર પર માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજયની તમામ સ્ત્રીઓને બ્રેસ્ટ કેન્સર અને સર્વાઇકલ કેન્સરની ચકાસણી શરૂ કરી, તે અંતર્ગત ૫૦ લાખ મહિલાઓનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું. આના પરિણામે જે શંકાસ્પદ કેસો ધ્યાનમાં આવ્યા તેને સ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં નિઃશુલ્ક સારવાર આપવાનો મારી સરકારે અમલ કર્યો છે. રાજય સરકાર દ્વારા મેડિકલ સર્વિસ થકી સમાજને ઉત્કૃષ્ટ સેવા ઉપલબ્ધ થાય તે માટેના પ્રયાસો મારી સરકારે આ બજેટમાં કર્યા છે. આજે મારે અંદાજપત્ર ઉપર બોલવાનું હતું અને રાત્રે હું સમાચારો જોતી હતી ત્યારે મનમાં કેટલીક વાતો કઠતી હતી. એક તરફ આ દેશના વડાપ્રધાન અને રાજયના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ ગતિશીલ ગુજરાતના નિર્માણ માટે, સ્વર્ણિમ ગુજરાતના નિર્માણ માટે સતત પ્રયત્નશીલ રહી દેશના નકશા ઉપર આ રાજય કઇ રીતે મોટું બને તેનો પ્રયત્ન કરતા હતા. જે તે વખતે એક તરફ આર્થિક ઉન્નતિની વાત ગુજરાતમાં થતી હતી અને તે વખતે *(×××) માનનીય અધ્યક્ષશ્રી, સૌ આ જાણે છે. આજે ખબર પડે છે, મને આજે સમગ્ર દેશને આજે ખબર પડે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : ગુજરાત કેવા *(×××) પસાર થઇ રહ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ઇશ્વર અને સત્ય સાથે છે, એટલે કંઇ થયું નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કંઇ થયું હોય કલ્પના તો કરીએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે બોલો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મુશ્કેલી તો જુઓ આપ. વિધાનસભાના નિયમો એમ કહે કે કોઇપણ સભ્ય પોઇન્ટ ઓફ ઓર્ડર કરીને ઉભા થાય ત્યારે બોલનાર સભ્યએ પોતાનું નિવેદન, વકતવ્ય બંધ કરી દેવું જોઇએ. અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો સાંભળવો જોઇએ. નિયમથી તો આપણે બધા બંધાયેલા છીએ. જુનિયર સભ્ય હોય તો વાંધો નહીં. મિનિસ્ટર હતા.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : નિયમથી બંધાયેલા છીએ, એટલે જ આપને સાંભળીએ છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : અહીં સામે બેઠા છો અને ખબર નથી એમ કહો છો આપ. આવી વાત કરો છો મંત્રી થઇને. સૌરભભાઇ તમે કહો તો ખરા. મંત્રીશ્રી છે તમારા. તમારી ટ્રેઝરી બેંચ છે. આ વિધાનસભા ગૃહમાં આપ કહો તો એક નહીં, અનેક નિર્ણયો માનનીય અધ્યક્ષશ્રીઓના છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હું જ્યારે ઓન લેગ હોઉ અને કોઇ બોલે તો સ્વભાવિક રીતે મારું એમની તરફ ધ્યાન જાય. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો માત્ર સીધો સાદો મુદ્દો એ છે કે, આ ગૃહમાં જે નિયમોથી આપણે બંધાયેલા છીએ એ નિયમ મુજબ we have no right to criticize other Government. આ આપણા નિયમો છે અને એના ઉપર આપણા માનનીય અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે, અને નિયમ મુજબના નિર્ણયો છે કે, કોની ટીકા થાય અને કોની ન થાય? યુ.પી.એ.સરકારની વાત થાય છે, હવે તમે મત બેન્કના પોલિટિક્સ માટે આ વાત કરો છો ત્યારે તમે ત્રાસવાદના નામે આમ કરતા હતા એવું અમે કહી શકીશું, પણ આ પરંપરા પછી સારી નહીં રહે. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય મંત્રીશ્રીને કહેવું હોય એ આ રીતે કહેવાનો માનનીય મંત્રીશ્રીને કોઇ અધિકાર નથી. કેન્દ્રની સરકાર કોઇ પણ હોય એન.ડી.એ.ની હોય કે યુ.પી.એ.ની હોય આજ પરંપરા નિયમથી આપણે ટીકા નથી કરી શકતા. એ લાઇન પર સિરિઝ ઓફ સ્પીકર્સ ડિસિઝન છે અને છતાં મંત્રીશ્રીના આ શબ્દો છે એ શબ્દો આપે જોઇ રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીના શબ્દો હું રેકર્ડ ઉપર જોઇ લઇશ. પ્લીઝ આપ બેસો. માનનીય પ્રદિપસિંહજી. (અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બાબતમાં કહેવું છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી, મેં એમ કહ્યું છે કે માનનીય મંત્રીશ્રીનું પ્રવચન હું જોઇ જાઉં છું. (અંતરાય) મંત્રીશ્રી, આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બાબતમાં કહેવું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે ના પાડ્યા પછી પણ એમને કહેવું છે?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી, જે મુદ્દો હોય એ ટૂંકમાં કહો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હવે મને માનનીય અધ્યક્ષશ્રીએ એલાઉ કર્યો છે, ત્યારે મને કહેવા દો. તમે અધ્યક્ષશ્રીનું અપમાન ન કરો. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, માનનીય મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં જે ઉલ્લેખો કર્યા, ભૂતકાળમાં અનેક માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે. (અંતરાય) મને કહેવા તો દો, આઇ એમ ઓન લેગ. માનનીય અધ્યક્ષશ્રી, અનેક નિર્ણયો છે, હું કહું છું, હું બતાવું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એક તો બતાવો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી, તમે ડાયરેકટ મંત્રીશ્રી સાથે વાત ન કરો, મારી સામે જોઇને જે કહેવું હોય તે કહો.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : ધીરજ રાખો. આટલી બધી ઉતાવળ ન કરો.

ઉપાધ્યક્ષશ્રી : તમે એમની સાથે ડાયરેકટ વાત કરો છો એ સાચો રસ્તો નથી. પ્લીઝ, નો, નો. આપે સંસદીય પ્રણાલીની વાત કરવી છે અને બીજી તરફ આપ માનનીય મંત્રીશ્રી સાથે ડાયરેકટ ચર્ચામાં ઉતરો છો એ સંસદીય પ્રણાલી છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે વચ્ચે દરમ્યાનગીરી કરે છે, તો એમને ઠપકો આપવો જોઇએ. માનનીય અશોકભાઇ ભટ્ટ સાહેબે કહ્યું હતું કે, (અંતરાય) મારે એમને રિપોર્ટ કરવાનો છે, આપને નહીં. વચ્ચે દરમ્યાનગીરી ન કરો, તેઓ મારા અધ્યક્ષ છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા જે નિર્ણયો લેવાયા હોય અને એ નિર્ણયોની ગુજરાત ઉપર વ્યાપક અસરો થતી હોય તો એનો ઉલ્લેખ થઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય મંત્રીશ્રીએ જે ઉલ્લેખ કર્યો છે એ ઉલ્લેખ એટલા માટે યોગ્ય છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રી, માનનીય અમિતભાઇ શાહ એમને *(×××) ખોટી ઓફિડેવિટના આધાર ઉપર ફસાવવાનો પ્રયાસ થયો છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ આપનું સ્થાન લેશો. મેં અગાઉ કહ્યું છે એ પ્રમાણે હું મંત્રીશ્રીનું પ્રવચન રેકર્ડ ઉપર જોઇ લઇશ અને એ પ્રમાણે નિર્ણય લેવામાં આવશે. માનનીય મંત્રીશ્રી આપ આગળ ચલાવો.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણને સંબંધ છે ત્યાં સુધી રાજય સરકારના કન્યા કેળવણી, પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા પ્રયાસો થકી સાક્ષરતાના દરમાં ૧૦.૧૭ ટકાનો વધારો થયો છે. વિપક્ષના નેતા શિક્ષણ માટે કહેતા હતા (અંતરાય) સાંભળો ધ્યાનથી, છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦.૧૭ ટકાનો શિક્ષણની સાક્ષરતાના દરમાં વધારો નોંધાયો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વહીવટી અનુકૂળતા માટે, વિદ્યાર્થીઓને સરળતા રહે તે માટે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ, ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ખાતે શરૂ કરી જેના થકી યુનિવર્સિટીના પ્રશ્ને અંગે શિક્ષણ જગતને લાભ થવાનો છે. રાજય સરકાર દ્વારા માનનીય મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ અભ્યાસ કરતા ધોરણ ૧૨ પછીના ડિગ્રી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિનું જે આયોજન કર્યુ છે, જેના અંતર્ગત સન્માનીય ગૃહને મને જણાવતાં આનંદ થાય છે કે ૧.૩.૧૬ની સ્થિતિએ આ યોજના અંતર્ગત મેડિકલ, એન્જીનીયરીંગ, હાયર એજ્યુકેશન તેમજ અન્ય મળીને ૮૮૭૫ વિદ્યાર્થીઓ તેમાં ૬૭૫૧ વિદ્યાર્થીનીઓની અરજી કરવામાં આવી હતી અને ૧૦,૨૪૯ અરજીઓને

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મંજૂરી આપવામાં આવી. ૧૦,૨૩૦ વિદ્યાર્થીઓને ૨૭.૪ કરોડની ૫૦ ટકા ટ્યુશન ફીની રાહત, ૧૯ વિદ્યાર્થીઓને સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં પ્રવેશ મેળવવો પડયો હોય તેવા લોકોને ૬૫.૪૮ લાખ રૂપિયા, હોસ્ટેલ ફી પેટે ૨૫૧.૬૩ લાખ રૂપિયા, પુસ્તકો અને અન્ય સાધન સહાય માટે ૩.૧૩ કરોડ તેમ કુલ મળીને ૩૩ કરોડ ૩૨ લાખની ચૂકવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉલ્લેખનીય છે આ ફાળવણી વર્તમાન નોર્મ્સ મુજબ સાડા ચાર લાખની મર્યાદામાં હતી. રાજય સરકાર દ્વારા મધ્યમ વર્ગના પરિવારોના સંતાનોને સરળતાથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે આ યોજનાને વધુ વિસ્તૃત કરીને આવકની મર્યાદામાં છ લાખ તેમજ લઘુત્તમ પર્સન્ટાઇલ જે ૯૦ હતા તેના બદલે ૮૦ પર્સન્ટાઇલનું ધોરણ અપનાવવાની બાબત સન્માનીય ગૃહ સમક્ષ અંદાજપત્રમાં રજૂ કરી છે ત્યારે હું ફરીથી ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૫૦મી જન્મ જયંતીના ઉપલક્ષમાં રાજયની પાંચ યુનિવર્સિટીમાં ડો.બાબાસાહેબ આંબેડકર ચેરની નિયુક્ત કરવાનો પ્રસ્તાવ આ બજેટમાં કરીને ખૂબ અભિનંદનીય કાર્ય કર્યુ છે. તેના કારણે આંબેડકરજીના સામાજીક સમરસતાના વિચારોનું યોગદાન આજની પેઢીમાં ખૂબ સારી રીતે પ્રસરશે એવો સૌને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણના સ્થાનો સંસ્કાર અને સંસ્કૃતિના મંદિર સમા હોય છે. સમગ્ર સમાજ એક બને, સમગ્ર ભારત દેશના લોકોનું દિલ એક દિશામાં રાષ્ટ્રવાદી દિશામાં ધડકે એના પ્રયત્નો શિક્ષણના હોય છે. બીજી તરફ જે એન યુ જેવી સંસ્થાઓમાં દેશ વિરોધી નારા પોકારાય, આતંકવાદીઓને ખુલ્લો ટેકો અપાય, હર ઘરસે અફઝલ નિકલે એવા સૂત્રોચ્ચાર થાય ત્યારે ગુજરાતે એક આદર્શ ઉદાહરણ પૂરું પાડયુ છે. સ્વતંત્રતાના નામે સ્વચ્છંદ રીતે કરતી કોઇ પણ પ્રવૃત્તિઓને ગુજરાત સાંખી ના લે અને એટલા માટે આજની યુવા પેઢી આવનારા દિવસો માટે આવતીકાલના દેશ અને ગુજરાતના નિર્માણ માટે આગળ વધે તેના માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિપક્ષના નેતા જે સૌના આદરણીય છે અને બધાને પ્રેમથી કેમ છો પૂછે છે એ કહેતા હતા પાણી નથી, પાણી નથી, પાણી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું રાધનપુર પહેલી વખત ગઇ હતી શંકરભાઇની સામે શંકરસિંહજી લડતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપની પાસે એક મિનિટ છે.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : હું પૂરું કરીશ. ત્યારે એક સૂત્ર બોલાતુ હતું અમારી શું દશા કરી હતી તેની મને ખબર છે. સૂત્ર બોલાતુ હતું કે, નર્મદાનું પાણી બાપુ લાવશે તાણી. બાપુ પાણી બાણી તો કશું ના આવ્યુ પણ મેલેરીયા તાણીને આવી ગયો અને આજે પાણી આપણે લાવી શકયા.

ઉપાધ્યક્ષશ્રી : બાપુનુ નામ નહોતું આપ્યુ કે કયા બાપુ લાવશે.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : વિપક્ષના નેતા એક જ બાપુ છે. (અંતરાય) તમારી બાજુમાં છે તેની હું વાત કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ૨૦૧૬–૧૭ જેન્ડર બજેટનું સ્ટેટમેન્ટ પણ અંદાજપત્ર સાથે રજૂ કરવામાં આવ્યુ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના વડપણમાં શરૂ કરાયેલ મહિલા સશકિતનું આ આદર્શ અને ઉત્તમ ઉદાહરણ છે. ૨૦૧૬–૧૭માં નાણાકીય ફાળવણીમાં ૨૭૩૯ કરોડનો વધારો કરવામાં આવ્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે ગૃહ બપોરના ફરીથી ૩–૧૫ કલાકે મળશે. માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય છે.

( વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫ સુધી )

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

બિન–સરકારી સંકલ્પો

ઉપાધ્યક્ષશ્રીઃ માનનીય સભ્યશ્રી જયરાજસિંહ જાડેજા (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી હાજર નથી. નેકસ્ટ.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનું અસરકારક આયોજન કરવા અંગે

શ્રીમતી ઝંખના હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સંકલ્પ રજૂ કરું છું કે, '' રાજયના તેજસ્વી યુવાનોની ઉજ્જ્વળ કારકિર્દી તથા તેમના ભાવિ ઘડતર માટે મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં છે. આ યોજના હેઠળ

પ્રાથમિક શિક્ષણના ૬૨ લાખ, માધ્યમિક શિક્ષણના આશરે ૨૦ લાખ અને ઉચ્ચ શિક્ષણના આશરે ૬૦,૦૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને તેમના વાલીની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિનામૂલ્યે પાઠ્ય પુસ્તકો, ગણવેશ સહાય અને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં ધોરણ ૧ થી ૮ના કુમારોને રૂપિયા ૫૦૦/– ધોરણ ૧ થી ૫ની કન્યાઓને રૂા. ૫૦૦/– અને ધોરણ ૬ થી ૮ની કન્યાઓને રૂપિયા ૭૫૦/– લેખે વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેમજ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ ૯ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને તેમના વાલીની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિનામૂલ્યે પાઠ્ય પુસ્તકો આપવામાં આવે છે. આ યોજના અન્વયે ધોરણ ૧૨માં ૯૦ પરસેન્ટાઇલથી વધુ ગુણ મેળવેલ મેડિકલ, ડેન્ટલ, ઇજનેરી, ફાર્મસી અને અન્ય ઉચ્ચ શિક્ષણના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા તથા ધોરણ ૧૦માં ૮૦ પરસેન્ટાઇલથી વધુ ગુણ મેળવીને ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ કે જેઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૪.૫ લાખ સુધીની હોય તેવા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૦,૦૦૦/– થી લઇને રૂપિયા ૨,૦૦,૦૦૦/– સુધીની વાર્ષિક ટ્યુશન ફી સહાય ઉપરાંત વતનના તાલુકા બહાર હોસ્ટેલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને

રૂપિયા ૧૨,૦૦૦/– રહેવા– જમવાની વાર્ષિક સહાય તેમજ મેડિકલ– ઇજનેરી જેવા પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે રૂપિયા ૧૦,૦૦૦/– સુધીની સાધન–પુસ્તક સહાય આપવામાં આવે છે.

આ યોજના હેઠળ સરકારી મેડિકલ, ડેન્ટલ, ઇજનેરી કોલેજોમાં જો જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને સ્થળાંતર કરવું પડે તો તેમજ તે કારણે જો કોઇ પણ સરકારી કોલેજમાં તેઓને પ્રવેશ ન મળે તેથી તેઓને ફરજિયાતપણે સ્વ–નિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પૂરેપૂરી ટ્યુશન ફીની સહાય આપવામાં આવે છે. આવા સ્થળાંતરિત થતાં વિદ્યાર્થીઓને અભ્યાસકાળ દરમ્યાન રૂપિયા ૨૦ લાખ સુધીની માતબર સહાય મળવાપાત્ર છે. આ યોજનાનો મહત્તમ લાભ તેજસ્વી કારકિર્દી ધરાવતા રાજયના તમામ વિદ્યાર્થીઓને મળે તે માટે અસરકારક આયોજન કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.''

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રીમતી ઝંખના હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર પોતાની જનતા માટે પોતાની પ્રજા માટે સતત ચિંતિત છે. પોતાની પ્રજા કઇ રીતે સુખી થાય તે માટે નવી નવી યોજનાઓ, કાર્યક્રમો લાવતી રહે છે. પ્રજાનો કોઇ વર્ગ દુઃખી ન રહે તે માટે દરેક પાસાઓને બારીકાઇથી જોઇ અભ્યાસ કરીને દરેક વર્ગ માટે કંઇક કરી છૂટવાની આશા સાથે આગળ વધી રહી છે. રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા પોતાના યુવાનોની કારકિર્દીની રફતાર વધારવા માટે સતત ચિંતિત છે. માટે રાજયનું યુવાધન વેડફાઇ ન જાય તે માટે ચિંતિત છે તેમની શકિતઓને યોગ્ય દિશા મળે, માર્ગદર્શન મળે અને તેના થકી પોતાની કારકિર્દી ઘડીને પોતાના સમાજ રાજય અને દેશના વિકાસમાં ભાગીદાર બની શકે તેવી દીર્ઘદ્રષ્ટિથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મૂકી છે અને જેના થકી પરિણામ મેળવવા માટે આપણે કટિબદ્ધ છીએ. અંતમાં બે પેકિતઓ કહેવા માગું છું.

''દૂર થયા ગરીબોના દિવસો, જાગ્યો ભરોસો, સરકાર અમારી છે.
દેખાય રોજગાર, સ્વરોજગારનો સૂરજ નજીક છે.
લે છે સંભાળ સરકાર અમારી છે.''

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી જે યોજના લાવ્યા છે એ સારી બાબત છે.પણ એ કયા સંજોગોમાં લાવ્યા છે એની વાત કરું. મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હકીકતમાં ભાજપના શાસનમાં શિક્ષણની અવદશા, બેફામ ભ્રષ્ટાચાર, ડોનેશન પ્રથા, લાગવગશાહી એના દસ્તાવેજી એકરારનામું આ છે. ૨૦–૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અતિશય મોંઘુ શિક્ષણ, લિમિટ બહારનું ડોનેશન, બેરોકટોક ટયૂશન પ્રથા, છેલ્લા પાંચ વર્ષમા ૨૫૪૮ ખાનગી શાળાઓ ખુલી એની સામે માત્ર ૧૬૭ સરકારી શાળાઓ ખુલી છે. મા–બાપ પેટે પાટા બાંધીને પોતાના બાળકોને ભણાવતા હોય, લોકોને ભણાવવા માટે થઇને જમીનો વેચવી પડે, લોકોને લોન લેવી પડે, ભદ્ર સમાજના લોકોને મકાનો વેચવા પડે. એવા સંજોગોમાં જયારે શિક્ષણની આટલી બધી દૂર્દશા થઇ અને સખત ભ્રષ્ટાચાર વધી ગયો અને અતિશય ખાનગીકરણના કારણે આ જનઆક્રોશ બહાર આવ્યો અને એ આંદોલનના સ્વરૂપે બહાર આવ્યો ત્યારે •(×××) ભારતીય જનતા પાર્ટીની સરકારે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આ યોજનાની બજેટમાં કોઇપણ જાતના નાણાકીય આયોજન વિના જાહેરાત કરી દીધી કે અમે ૬૦ હજાર યુવાનોને આમાં લાભ આપીશું પરંતુ એકવાર ભણ્યા પછી પણ જયારે રોજગારીની વાત આવે ત્યારે રોજગારીમાં પણ કલ્યાણસિંહ ચંપાવત જેવા લોકો આવી જાય અને શિક્ષિત યુવાનોને રોજગારી નથી મળતી.

આ વર્ષ આખું ગયું એમાં આર્થિક પેકેજમાં મેડીકલ સંલગ્ન અભ્યાસ ક્રમમાં ૧૦૦૩ વિદ્યાર્થીઓ પાછળ ફકત ૧૫.૭૫ કરોડ એટલે કે ફકત પાંચ ટકા પૈસા વાપર્યા. ઇજનેરી અને ડીગ્રી, ડીપ્લોમાં કોલેજોમાં ૪૫૫૫ વિદ્યાર્થીઓ પાછળ ૧૦.૧૫ કરોડ રૂપિયા વાપર્યા એટલે કે ૩ ટકા પૈસા જ વાપર્યા. ઉચ્ચ અભ્યાસક્રમાં ૩૪૧૮ વિદ્યાર્થીઓને ફકત ૨.૮૫ કરોડ રૂપિયા એટલે કે .૭ ટકા પૈસા જ મળ્યા. આમ મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં ફકત ૧.૪ ટકા લોકોએ જ લાભ લીધો. ગૃહમંત્રી સ્વાવલંબન યોજના એક સાંધો ત્યાં ૧૩ તૂટે તેવી પરિસ્થિતિ ગુજરાતની થઇ ગઇ હોય ત્યારે થીગડા દેવા જેવી યોજના હોય. આ *(×××)

ઉપાધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : અત્યાર સુધીના ટોટલ શિક્ષણનો જેટલો સરવાળો કરો એમાં ફક્ત કીડીના પગ જેટલી પણ આ રાહત ન ગણાય. આજના ન્યુઝ પેપરમાં તમે વાંચો તો વિદ્યાર્થીઓની દુર્દશા અથવા વિદ્યાર્થીઓની ચિંતા. છેલ્લા ૧૫ દિવસમાં ૬ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. માનનીય અધ્યક્ષશ્રી, આ શિક્ષણમંત્રીએ અને સરકારે ચિંતા કરવા જેવો વિષય છે. આપણાં રાજ્યમાં કુલ ૧૨ જિલ્લાઓ એવા છે કે જ્યાં વિજ્ઞાન પ્રવાહની એક પણ કોલેજ નથી. 'વાંચે ગુજરાત'ની વાતો કરે છે પરંતુ બજેટમાં પુસ્તકો વસાવવા માટે એક રૂપિયાની પણ જોગવાઇ કરવામાં આવતી નથી. એજ્યુકેશન ઇન્સ્પેક્ટરની મંજૂર જગ્યાઓ ૮૨ છે અને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ખાલી જગ્યાઓ ૭૮ છે. ૮૨માંથી ૭૮ જગ્યા ખાલી છે. કેવી રીતે એ લોકો એનો સરવે કરતા હશે? તમે જોયું હશે. પેપરમાં આવ્યું છે. ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓ..

ઉપાધ્યક્ષશ્રી : આમાં ન્યુઝનો ઉલ્લેખ નહીં કરો બહેન, ઇટ ઇઝ નોટ ઓથેન્ટીક ન્યુઝ. જે તમે ટાંકો છો તે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : *(×××) અને ભણે ગુજરાતની વાતો કરો છો. ૧૮૭૮ શાળાઓ એવી છે કે જે ખુલ્લામાં મધ્યાહ્ન ભોજન બનાવે છે. તેમના માટે છતની વ્યવસ્થા નથી. રમવાની વાતો કરો છો. *(×××) પરંતુ બાળકો મેદાનમાં રમે કે કાગળ ઉપર રમે?

ઉપાધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. તેજશ્રીબહેન, આપણે એવું બોલીએ કે જે રેકર્ડ ઉપર રહે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હા, એવું જ બોલું છું માનનીય અધ્યક્ષશ્રી, તો સાંભળવાની તૈયારી રાખવી પડે. સાચી હકીકતો તો સાંભળવી પડે.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાવલંબન યોજના ઉપર એક શબ્દ બોલવામાં નથી આવતો અને આડી–અવળી વાત અને ગૃહની વાતો અમને શીખવાડે. સંસદીય વાતો અમને કરવાનું શીખવાડે માનનીય અધ્યક્ષશ્રી? એક શબ્દ તો વિષય પર બોલે.

ઉપાધ્યક્ષશ્રી : વિષય પર રહો બહેન.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : વિષય પર બોલું, ચાલો. માનનીય મંત્રીશ્રી આજે બોલ્યા. *(×××) શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાવલંબન યોજનાની એક પણ વાત આવતી નથી.

ઉપાધ્યક્ષશ્રી : તેજશ્રી બહેન, આ આખી મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના છે. તેમાં ગોવિંદ ગુરુ યુનિવર્સિટી નથી આવતી. આપ સામે ચાલીને વાતાવરણ ડહોળવાનો પ્રયત્ન નહીં કરો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : *(×××)

ઉપાધ્યક્ષશ્રી : આમાં ક્યાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટી આવી? (અંતરાય)

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આવે તો ખરીને?

ઉપાધ્યક્ષશ્રી : નહીં, નહીં. મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાના સંકલ્પ ઉપર જ બોલો. મારી ના નથી. (અંતરાય) એ બોલી શકે, એમને ફાળવેલા છે. આપ બેસો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : એવું ન ચાલે, માનનીય અધ્યક્ષશ્રી, બધા માટે નિયમ એક સરખો જ હોય.

ઉપાધ્યક્ષશ્રી : બધા માટે નિયમ એક સરખા જ છે બહેન.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : અમે ચૂંટાઇને આવીએ, ત્રણ લાખના મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. *(×××) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમે બહેનો બેસી જાવ પ્લીઝ. (અંતરાય) પ્લીઝ. વિભાવરીબહેન.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં તમે સરવે કરો. ત્રીજા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને પાઠ વંચાવો. ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને પહેલાં ધોરણનું વાંચતાય આવડતું નથી. *(×××)

ઉપાધ્યક્ષશ્રી : તેજશ્રીબેન, આમાં કયાંય રાઇટ ટુ એજ્યુકેશન આવતું નથી, મહેરબાની કરીને પ્લીઝ, તમે જો વિષય ઉપર નહીં બોલો તો મારે તમારું પ્રવચન ટૂંકાવવું પડશે. પ્લીઝ, ખાલી વાતાવરણ ડહોળવાનો પ્રયત્ન ન કરો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : સારું ચાલો, વિષય પર બોલું છું, માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વાવલંબન યોજના પર એક પણ શબ્દ બોલ્યા નથી. તેથી આ તમામ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : હું જોઇ લઉં, સ્વાવલંબન યોજના સિવાયના જે પણ શબ્દો હશે એ બધું તપાસી જોઇને નિર્ણય લેવામાં આવશે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : સ્વાવલંબન યોજનામાં જે તમારી ત્રુટિઓ છે એની જ વાત કરું છું માનનીય અધ્યક્ષશ્રી. *(×××)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, ૧.૫ મિનિટ બાકી છે. રેકર્ડ ઉપર રહે, એવું બોલવાનું આપના સભ્યશ્રીને કહો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધુ કરવાની જરૂર છે એ વાત કરું છું. ગુજરાતના શિક્ષણની વાત કરું છું. શિક્ષણમાં આટલી બધી તકલીફ છે એની વાત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : એ બધું જનરલ ચર્ચામાં આવે. આપ સંકલ્પ ઉપર બોલો. સંકલ્પ સિવાયની એકપણ વાત હું રેકર્ડ ઉપર નહીં રાખું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૮૭ સરકારી સ્કૂલોમાં વીજળી નથી, ૩૦ સરકારી શાળામાં પાકા ઓરડા નથી.

ઉપાધ્યક્ષશ્રી : આમાં આ વિષય આવતો નથી.

બિન–સરકારી સંકલ્પો

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તો પછી યુવા સ્વાવલંબન યોજના શા માટે લાવ્યા છો? ભદ્ર સમાજને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આજે પાટીદાર સમાજે ભદ્ર સમાજ માટે જે પ્રશ્ન ઉઠાવ્યો છે એ આજની જરૂરિયાત છે. (અંતરાય) તો પછી સમાધાન શા માટે કરવું પડ્યું અને સ્વાવલંબી યોજના શા માટે લાવવી પડી? એનું બજેટમાં પ્રોવિઝન પણ કર્યું નથી. *(×××)

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાઓ. પ્લીઝ. બધા બેસી જાઓ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભદ્ર સમાજના બાળકો આજે રોડ ઉપર ઉતરી આવ્યા છે. આજે ગુજરાતના લોકો રોડ ઉપર ઉતરી આવ્યા છે. *(×××)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, પ્લીઝ. શ્રી ભૂષણભાઇ ભટ્ટ. આપની પાસે ચાર મિનિટ છે. આપના દંડકશ્રીએ ફાળવી છે. આપ વાદ–વિવાદમાં પડતા નહીં. બહેનશ્રી આપ બેઠા બેઠા બોલશો નહીં, પ્લીઝ.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગુજરાતના આશાસ્પદ યુવાનો માટે જે યુવા સ્વાવલંબન યોજના લઇને આવ્યા છે તે ખરેખર ખૂબ જ સારી યોજના છે. પરંતુ મારા સાથી સભ્ય શ્રીમતી તેજશ્રીબેન ડોક્ટર છે અને તેઓએ કહ્યું એ જોઇએ તો *(×××) એવી વાત કરી. સ્વાવલંબી યોજનામાં ક્યાંક ત્રૂટીઓ રહી ગઇ હોય એની વાત કરવાને બદલે ૪૦ વર્ષના ભૂતકાળની અંદર કોઇ સરકાર યુવા સ્વાવલંબન યોજના લઇને આવ્યું નથી કે એવો વિચાર પણ કોઇને આવ્યો નથી.

શબ્દો રદ કરવા અંગે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે *(×××) એવી વાત કરી એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીશું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો સારવારની વાત કરી છે, એ પોતે ડોક્ટર છે. જે વિષયની ખબર ન હોય એ વિષયની વાત કરે છે. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઇ એ પછી ૪૦–૪૫–૫૦ વર્ષમાં આવો વિચાર કોઇને આવ્યો નથી અને યુવા સ્વાવલંબન યોજના આજ સુધી આવી નથી. મારે એટલા માટે કહેવું પડે છે કે, તેઓ યુવા સ્વાવલંબન યોજનાની વાત કરતા હતા પરંતુ તેમને ગમતું નહતું પણ જો મેડમ સ્વાવલંબન યોજનાની વાત હોત તો તેમને ગમવા જેવી વાત હોત. ટુ જી, થ્રીજી, ફોરજી, જીજાજી, મામાજી એવી વાત હોત તો એવી સ્વાવલંબી યોજનાઓ એમને ગમતી હોત.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઝંખનાબેન પટેલ હાઉસમાં પ્રથમ વખત બોલ્યા અને સંકલ્પ લઇને આવ્યા છે. સંકલ્પ ઉપર આટલો હોબાળો કેમ છે એ ખબર નથી પડતી કારણ કે મોસાળમાં લગન હોય અને માં પીરસનારી હોય તો રાજયમાં અત્યારે જે સ્થિતિ છે એ સ્થિતિ થઇ ના હોત કારણ કે જે રીતે ૨૦૧૩–૧૪ના બજેટની અંદર આ રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી સુશ્રુનીધીની જાહેરાત કરીને સો કરોડનું કોપર્સ ફંડ આપવામાં આવ્યું હતું. એ જ રીતે ૨૦૧૫ અને ૧૬ની અંદર ગરીબ મધ્યમ વર્ગના પરિવારો માટે ઉચ્ચ શિક્ષણની તકોથી વંચીત રહી જાય એવા લોકો માટે મુખ્યમંત્રી સ્કોલરશીપ યોજના હેઠળ ૨૦૦ કરોડની ફાળવણી કરીને સો કરોડ રૂપિયાનું કોપર્સ ફંડ ભેગા કરવાનો આજ વિધાનસભા ગૃહની અંદર ૨૦૧૫–૨૦૧૬માં દ્રઢ સંકલ્પ લેવામાં આવ્યો હતો અને આજે ૨૦૧૬–૧૭ની અંદર રાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા જે રીતની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના જાહેર કરીને આ વિધાનસભા ગૃહમાં બહેનશ્રી સંકલ્પ લઇને આવ્યા છે. બહેન નવા છે એટલે એમને વધારે નથી કહેવું પણ એ સમજાવો સભાગૃહને માનનીય મંત્રીશ્રી હાજર હોય અને કહેવાના હોય કે પહેલા મુખ્યમંત્રીશ્રી દ્વારા ૨૦૧૩–૧૪ની અંદર જે યોજના લાવવામાં આવી હતી ૨૦૧૫–૧૬ની અંદર એ જ સ્કોલરશીપ યોજના આ જ હાઉસમાં લાવવામાં આવી હતી પણ આ નવી કઇ યોજના છે જેના ભાગરૂપે આ હાઉસની અંદર આટલો હોબાળો થાય છે? બહેનશ્રીની વાત કરતા હતા એમની વાત ખૂબ સાચી હતી કે આ યોજનાની અંદર સ્કોલરશીપની વાત થઇ છે, ગણવેશની વાત થઇ છે, એમને સહાય આપવાની વાત થઇ છે અને શિક્ષણની જયારે વાત આવતી હોય તો જયાં શિક્ષકો ના હોય તો આ યોજના કેમ લાવવી પડી એ તેજશ્રીબેનનો સીધા સંકલ્પનો સવાલ હતો. મહેકમની જગ્યા ખાલી હોય અને આ સંકલ્પ લાવવા માટે જે રીતે તેજશ્રીબેન વાત કરતા હતા એમને ડીસ્ટર્બ કરવામાં આવતા હતા. જો શિક્ષક જ નહીં હોય તો વિદ્યાર્થી જ કેવી રીતે ભણશે? જયારે ઓરડા જ નહીં હોય તો વિદ્યાર્થી કયાં બેસશે? શિષ્યવૃત્તિના નામે આ વાત જ ખોટી છે. શ્રી ભુષણભાઇ કહેતા હતા કે મેડમ યોજના લાવ્યા હોત તો અમે ટેકો આપત, ભુષણભાઇ આ રાજયના નહીં પણ આ દેશના વડાપ્રધાને એમ કીધું, બેટી બચાવો અભિયાન, આજે ગુજરાતમાં બેટી બચાવો અભિયાન જ ચાલી રહ્યું છે અને એટલા માટે કહુ છું વ્યકિતગત આરોપોમાં નથી પડતો, પણ આંગળી ચીંધશો તો ચાર આંગળી તમારા સામે આવશે. જે રીતે વાત કરી બહેનશ્રી સંકલ્પ લઇને આવ્યા છે કે ૬૨ લાખ લોકોને ધોરણ ૧ થી ૮ના લોકોનો આ ૬૨ લાખ લોકોમાં સમાવેશ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના પ્રવચનની, નાણામંત્રીશ્રીના પ્રવચનની અંદર લખ્યું છે કે ૯૨ લાખ વિદ્યાર્થીઓને આનો લાભ મળશે, ૬૨ અને ૯૨, ૩૦ લાખ વિદ્યાર્થીઓ નાણામંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યું અને બહેને સંકલ્પ રજૂ કર્યો એમાં ક્યાં જતા રહ્યા? કારણ કે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં બજેટમાં જે વાત કરી છે, બજેટની

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

બુક મારી પાસે છે એના આધારે હું કહું છું. આ રાજ્યમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને માઇનોરિટીના ૫૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય હોય, પાઠ્ય પુસ્તકની વાત હોય કે શિષ્યવૃત્તિની વાત હોય, ભૂતકાળની સરકાર અને અત્યારની સરકાર દ્વારા આપવામાં આવે છે. હવે ફક્ત ૬૨ લાખની વાત લઇને આવ્યા હોય તો ૫૦ લાખ વિદ્યાર્થીઓને લાભ મળતો હતો એ હવે ૬૨ લાખને એનો લાભ મળવાનો છે. મારે કહેવું છે કે તેજશ્રીબેનનો તમે વિરોધ કરતા હતા. ગુજરાત સરકારનો મારી પાસે પરિપત્ર છે. સરકારે નીતિ બનાવી છે કે પ્રવાસી શિક્ષક તરીકે આવશે એ લોકો ભણાવશે. ધોરણ–૧૨ પાસ હોય એવા જે બેકાર લોકો છે એ લોકો ધોરણ–૧ થી ૫ ભણાવશે. પહેલા શિક્ષકો ભરો પછી સ્વાવલંબી બનાવવાની વાત કરો. આ રાજ્ય સ્વાભિમાનમાં માને છે સ્વાવલંબનમાં નથી માનતું. જે રીતની પરિસ્થિતિ આવી ત્યારે મારે હાઉસમાં કહેવું છે, એક દલિત સમાજમાંથી આવું છું ત્યારે મારે કહેવું છે કે, જ્યારે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ ભણતા હોય એની આવકની મર્યાદાનું ધોરણ સાડા ચાર લાખ રૂપિયા રાખવામાં આવ્યું છે. તમારી આ યોજનામાં આવકની મર્યાદાનું ધોરણ છ લાખ રૂપિયા રાખવામાં આવ્યું છે. આ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને આ સંકલ્પ દ્વારા અન્યાય થવાનો છે. મારી માગણી છે કે છ લાખ રૂપિયાની આવક મર્યાદા એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ની થવી જોઇએ. મારે કહેવું છે...(અંતરાય)

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ની આવક મર્યાદા હતી એ મર્યાદા સાડા ચાર લાખની થઇ છે. નવા બજેટમાં પણ બધા જાણીએ છીએ તેમ સાડા ચારના બદલે છ લાખ થઇ છે. એ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. બધાને આ લાગુ પડતી યોજના છે. આ પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીનો આભાર. એક દુઃખી બીજા દુઃખીના દર્દને સમજી શકે છે. રમણભાઇ, આપને અભિનંદન. એક દલિત બીજા દલિતના દર્દને સમજી શકે. એક દુઃખી બીજા દુઃખીનું દર્દ સમજે. પાટીદાર થાકી ગયો પણ મા પિરસતી નથી અને ભાણિયો ભૂખ્યો મરે છે. એટલા માટે આ યોજના લાવવી પડી છે. મારી ઝંખનાબેનને વિનંતી છે કે આપ નવા છો અને પહેલી વખત લાવ્યા છો એટલે વધારે કહેતો નથી. (અંતરાય) સંકલ્પ તમે પણ લાવજો કારણ કે ઓ.બી.સી.માંથી આવો છો. આમાં કોઇએ વાહ વાહ લેવાની જરૂર નથી. તમારી નીતિ સાફ હોય તો શૈલેષ પરમારે બિલ મૂક્યું છે, ૨૦ ટકા આર્થિક રીતે પછાત લોકો માટેનું એ ચર્ચામાં લાવો તો કોંગ્રેસ પાર્ટી એને સર્વાનુમતે પસાર કરવા માટેની એની તૈયારી બતાવશે. આ શબ્દો સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્ય બહેનશ્રી જંખનાબેન પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પમાં મારો સૂર પુરાવવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના માતૃસ્વરૂપ મુખ્યમંત્રી આ રાજ્યના અનેક યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતા કરીને યુવા સ્વાવલંબન યોજના લઇને આવ્યા છે એના માટે લાખ લાખ અભિનંદન આપું છું. આ રાજ્યમાં અનેક યુવાનો એવા છે કે જેના પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોય, આર્થિક રીતે પછાત હોય. પરંતુ એ અનામત વર્ગમાં આવતા નથી હોતા, સામાન્ય વર્ગમાં આવતા હોય છે. સાથોસાથ અનામત વર્ગના એવા વિદ્યાર્થીઓ હોય છે કે જે ઊજજવળ કારકિર્દી બનાવવા માટે એક સપનું જોતાં હોય છે. આ એવા પરિવારો છે કે જેના વિદ્યાર્થીઓ ખૂબ તેજસ્વી હોય છે. પરંતુ તેમની આર્થિક અસમાનતાના કારણે તેના માતા–પિતા હંમેશા ચિંતા કરતા હોય છે ત્યારે આ રાજ્યના માતૃતુલ્ય મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ તમામ વિદ્યાર્થીઓની ચિંતા કરીને તેમના માટે યુવા સ્વાવલંબન યોજના લાવ્યાં છે અને આ સંકલ્પ લઇને ઝંખનાબેન પટેલ આવ્યાં છે ત્યારે ઝંખનાબેનને ફરી વખત અભિનંદન આપું છું. આદરણીય અધ્યક્ષ મહોદય, આ રાજ્યમાં અનેક પરિવારો એવા છે, અનેક યુવાનો એવા છે જે અનેક સપના સાથે ખૂબ મોટા નવા જીવનની શરૂઆત કરવા માટે બારમા ધોરણ પછી કઇ કેટેગરીમાં, કયા અભ્યાસક્રમમાં પ્રવેશ મળશે એની હંમેશાં તેજસ્વી વિદ્યાર્થીઓને ચિંતા રહેતી હોય છે. એક ટકા માટે કે એક પર્સન્ટાઇલ માટે હું કયાંક રહી ના જાવ. એમના માટે મુખ્યમંત્રીએ ચિંતા કરીને આ યોજના જાહેર કરી. આ એવા વિદ્યાર્થીઓ છે જે ચોક્કસ સપનાઓ લઇને આગળ જતાં હોય છે. આદરણીય અધ્યક્ષ મહોદય, કુમળા છોડને જે રીતે વાળીએ એ તરફ એની ગતિ આગળ વધતી હોય છે. અત્યારે દુનિયામાં સૌથી યુવાન દેશ હોય તો હિન્દુસ્તાન છે અને આ દેશમાં અનેક યુવાનો અને યુવતીઓ છે જે ચોક્કસ સપનાઓ સાથે પોતાના રાષ્ટ્રના વિકાસ માટે સહભાગી થવા થનગનાટ અનુભવે છે ત્યારે આવા વિદ્યાર્થીઓને યોગ્ય રાહ માટે, તેની પ્રગતિ માટે, એને યોગ્ય શિક્ષણ મળે એ માટે આ યોજના જાહેર કરવામાં આવી છે. પર્સન્ટાઇલની વાત કરીએ તો ૮૦ પર્સન્ટાઇલનો વિદ્યાર્થી હોય એટલે કે જે વિદ્યાર્થીઓ પાસ થયા હોય તેમાંથી જે પહેલા ૨૦ વિદ્યાર્થીઓ હોય એમાં એનો ક્રમ હોય છે. ભૂતકાળમાં એવું હતું કે, જ્યારે રિઝલ્ટ આવે ત્યારે બોર્ડમાં નામાંકન અને નંબર આપતા હતા કે આ વિદ્યાર્થીનો બોર્ડમાં પહેલો નંબર, બીજો નંબર, ત્રીજો નંબર. પરંતુ આપણી સરકારે એમાં ફેરફાર કરી વિદ્યાર્થીઓ પર એક ચિંતા અને ટેન્શન રહેતું હતું એના માટે પર્સન્ટાઇલનો વિચાર લાવીને આ સરકારે પર્સન્ટાઇલ રેન્ક નક્કી કર્યા. એના આધારે આ યોજનામાં એમને લાભ મળવાનો છે.

આદરણીય અધ્યક્ષશ્રી, મેડિકલમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટે જ્યારે નામાંકન કરતા હોય છે ત્યારે એના પર્સન્ટેઝ ખૂબ ઊંચા હોય છે. પરંતુ જે વિદ્યાર્થીઓને અનામતનો લાભ મળતો હોય એ લાભના હિસાબે આ વિદ્યાર્થીઓ રહી જતા હોય છે. એના મનમાં દુઃખની એક ભાવના ઊભી થતી હોય ત્યારે આદરણીય મુખ્યમંત્રીએ નિર્ણય લીધો છે કે સામાન્ય વર્ગના જે

વિદ્યાર્થીઓ છે કે જે અનામતના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે એમાં સામાન્ય વર્ગમાં જે રહી જતા હોય એની પૂરેપૂરી ઉચ્ચ અભ્યાસક્રમની ફી સરકાર ચૂકવશે એના માટે સરકારને અભિનંદન આપું છું. મેડિકલના વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસક્રમ દરમ્યાન ૨૦ લાખ રૂપિયાની સહાય આ યોજનામાં મળવાની છે. યોજનાનો વ્યાપ વધારવા માટે બજેટમાં જે ફરી વખત જોગવાઇ કરવામાં આવી છે. પર્સન્ટાઇલ જે ૯૦ હતા એના ૮૦ કર્યા, આવકની મર્યાદા ૬ લાખ સુધી કરવામાં આવી છે એના માટે નાણામંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય અને અમારા સાથી સભ્ય શ્રીમતી ઝંખનાબેન આજે પહેલીવાર આ ગૃહની અંદર એક સંકલ્પ લઇને આવ્યાં છે એમાં સૂર પૂરાવવા માટે અહીં હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સભ્યોના *(×××) લાગે છે. કારણ કે એમની બનાવેલી સ્કીમ, એમણે કરેલો ગુજરાતમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ જે એમનો હતો. એ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના કારણે ક્યાંક ને ક્યાંક એ વર્ગ વિગ્રહ થતાં બચી ગયો. માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના સૌથી યુવા ધારાસભ્ય તરીકે કહું છું કે, મારાં યુવા મિત્રોને યુવા સ્વાવલંબન યોજનાથી સન્માનથી ગુજરાતની અંદર એ લોકો ભણી શકશે અને આવનારા દિવસોમાં એ લોકો એનું કેરિયર સેટ કરી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, ડો. સાહેબે કાંઇક કહ્યું કે, આ કયા હાલમાં અને કઇ પરિસ્થિતિની અંદર આ યોજના લાવવામાં આવી? હું એમને કહેવા માગુ છું કે, તમે જે પ્રકારે ગુજરાતમાં ૫૦ વર્ષ રાજ કર્યું અને *(×××) એમાં ગુજરાતની એવી પરિસ્થિતિ ઊભી થઇ. (અંતરાય) ( આ તકે ડો.તેજશ્રીબેન તેમના સ્થાનેથી ઊભા થતાં ) બેન, બેસી જાવ. તમને પાછું આપશે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં ૨૦૦૧માં દસ જ મેડિકલ કોલેજો હતી. ૨૦૧૫માં આજે એકવીસ મેડિકલ કોલેજો થઇ અને ૩,૨૩૦ સીટો થઇ. પચાસ વર્ષની અંદર એમણે માત્ર દસ જ કોલેજો બનાવી અમે પંદર વર્ષની અંદર અગિયાર કોલેજોનો વધારો કર્યો છે. આ જ રીતે ડેન્ટલ કોલેજોમાં (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : હર્ષ ભાઇ, (આ તકે ડો.તેજશ્રીબેન પટેલ ઉભા થતાં) બોલો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હું પણ ધારાસભ્ય છું અને અઢી લાખના વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું.

ઉપાધ્યક્ષશ્રી : તો તમને કોણે ના પાડી ?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : એ લોકો પણ ધારાસભ્ય છે, શાસક પક્ષના હોય એટલે એમણે સંકલ્પ બહાર બોલવું અને કોંગ્રેસના ધારાસભ્ય હોય એણે સંકલ્પ પર બોલવાનું ?

ઉપાધ્યક્ષશ્રી : ધેર ઇઝ નો પોઇન્ટ ઓફ ઓર્ડર. ચાલો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ડેન્ટલ કોલેજોની વાત કરું તો ચાળીસ-ચાળીસ વર્ષ સુધી *(×××) એના માટે માત્ર ચાર જ ડેન્ટલ કોલેજો એમના શાસનમાં બનાવવામાં આવી. અમારી સરકાર આવી તો તેર નવી કોલેજો અને ૧૨૪૦ સીટો વધારવામાં આવી. ફિઝિયોથેરાપી કોલેજોની વાત કરું તો, ૨૦૦૧માં માત્ર સાત કોલેજો અને ૨૧૦ સીટો હતી. ૨૦૧૫માં ૧૩ ડેન્ટલ કોલેજ અને ૧૨૪૦ સીટ થઇ. અગર હું એન્જિનિયરીંગ કોલેજોની વાત કરું તો માત્ર ત્રેવીસ કોલેજો હતી ૨૦૦૧માં અને ૨૦૧૫માં ૧૩૬ કોલેજો થઇ ગઇ છે. આજે પણ ગુજરાતમાં પંદર હજારથી વધારે એન્જિનિયરીંગ કોલેજોમાં સીટો ખાલી છે, જે કોઇ યુવાનોને એડમિશન જોઇએ એ સો ટકા એન્જિનિયરીંગ કોલેજમાં મળી શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ફી ની વાત, ડોકટર સાહેબ તમે જે ફીની વાત કરતા હતા એ ગુજરાતમાં એન્જિનિયરીંગ કોલેજમાં માત્ર ૧,૫૦૦/-ની ફીમાં સરકારી કોલેજમાં ગુજરાતનો વિદ્યાર્થી ભણી શકે છે. એમના છોકરાઓ કે. જી. સ્કુલમાં પણ પાંચ હજારથી વધારે ફીમાં ભણતા હશે એની હું સો ટકા ખાતરી આપું છું. ૧,૫૦૦ની અંદર માત્ર એન્જિનિયરીંગ કોલેજમાં ગુજરાત સરકાર વિદ્યાર્થીઓને ભણાવે છે. અને આવા કોઇ પણ વિદ્યાર્થીના જે ૮૦ થી ૯૦ ટકા હતા, અમારા માતૃતુલ્ય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને આ વિદ્યાર્થીઓ માટે ૯૦ ટકાથી ૮૦ ટકા પર્સન્ટાઇલના વિદ્યાર્થીઓને પચાસ ટકાથી વધારે ફી સહાય આપવાનો એમાં નિર્ણય લીધો અને તે પણ માત્ર એક વર્ષ માટે નહીં અગર એ કોર્સ ચાર વર્ષનો હશે તો ચારે-ચાર વર્ષ આ ફી આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉદાર સરકાર છે, એની પ્રજા માટે એમની ઉદારતા તો જુઓ. માત્ર એન્જિનિયરીંગ નહીં, શૈલેષભાઇ તમારો જવાબ આપું છું. આ ઉદાર સરકારે માત્ર એન્જિનિયરીંગ, મેડિકલ નહીં પણ આર્ટસ, કોમર્સ, બી.એ., બી.એડ .માં પણ પચાસ ટકા થી વધારે સહાય આપવાનું નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનામતનો મુદ્દો ખૂબ ચાલ્યો, આ મુદ્દા ઉપર હું આપનું ધ્યાન દોરવા માગુ છું. કોલેજની અંદર, સરકારી કોલેજોમાં જ્યારે પણ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.નો કોઇ વિદ્યાર્થી એડમિશન મેળવવાનો જો પ્રયાસ કરે અને એના અગર ૯૦ ટકાથી વધારે આવે, આપણે સૌની ખુશી હોવી જોઇએ કે, તમામ વર્ગના વિદ્યાર્થીઓ જો ભણી-ગણીને આગળ આવતા હોય તો આપણે એને અપનાવીએ છીએ. સુપ્રિમ કોર્ટનો નિર્ણય છે કે, આ પ્રકારના રિઝર્વેશનવાળા કોઇ પણ બાળકોને જો સામાન્ય સીટ ઉપર એને એડમિશન લેવું હોય તો એ સામાન્ય સીટ ઉપર એને એડમિશન આપવાનું રહેશે. માનનીય અધ્યક્ષશ્રી,

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ સરકારે ચિંતા કરી કે, આ કારણસર કોઇ સામાન્ય વિદ્યાર્થીનું એડમિશન જો રહી જતું હોય અને એને ખાનગી કોલેજમાં જો એડમિશન લેવું પડે તો એની જે પણ ફી છે એ રાજ્ય સરકાર ચૂકવશે.

માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ કહ્યું , બેટી બચાવ યોજનાની વાત કરતા હતા. શૈલેષભાઇ, આ દેશના શહીદોની વિધવા *(×××) તેના જવાબ નથી અપાતા. ( આ તકે સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર તેમના સ્થાનેથી ઉભા થઇ જતા) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : મેં કહી દીધું, મેં કહ્યું પ્લીઝ, ચાલુ રાખો.

શ્રી હર્ષ ર. સંઘવી : દેશના જમાઇઓ ભૂતકાળ ભુલી ગયા છે. *(×××) (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય હર્ષભાઇ બોલી રહ્યા છે, હું વચ્ચે રોકવા નથી માંગતો. મેં માનનીય વડાપ્રધાનશ્રીએ બેટી બચાવ યોજના જાહેર કરી છે એની જ વાત કરી છે. આમાં કાંઇ અસંસદીય પણ નથી.

ઉપાધ્યક્ષશ્રી : ચાલુ રાખો.

શ્રી હર્ષ ર. સંઘવી : *(×××) એનો જવાબ આપે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પ પર આવો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય અને ગુજરાત રાજયની આ યુવાઓ માટેની સરકાર યુવાઓ માટે આઇ.ટી.આઇ. ના માધ્યમથી હજારોની સંખ્યામાં નવી નોકરીઓ ઉભી થાય એ માટે આ રાજય સરકાર પ્રયાસ કરે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય) એ શબ્દ નીકળી જશે જે રાખવા જેવા નહીં હોય એ. આપ બેસી જાવ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય ઝંખનાબેન પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે અને એ સંકલ્પનો હાર્દ સાથે જે વિષય અહીંયા મૂકયો છે અને એ સંકલ્પમાં આ સભાગૃહના સભ્યો તેજશ્રીબેન, ભૂષણભાઇ, શૈલેષભાઇ, જનકભાઇ અને હર્ષભાઇએ પોતાના વિચારો મૂકયા. શૈલેષભાઇ એમના વિચારો મૂકતા હતા ત્યારે એ જે વિચારધારા સાથે સંકળાયેલા છે એ વિચારધારાનું હાર્દ એમના શબ્દોમાં આવ્યું. શૈલેષભાઇએ કીધું કે સ્વાવલંબનમાં કોઇ માનતું જ નથી અને સ્વાવલંબી આ દેશની જનતા ન થાય એ વિચારધારા સાથે જે પાર્ટી જોડાયેલી હશે એ પાર્ટીના સભ્યો આવું જ કહે એમાં કાંઇ બીજું કહે નહીં (અંતરાય) સ્વાભિમાન નહીં, સ્વાવલંબન બોલ્યા હતા. હજી રેકર્ડ પર શબ્દો જોઇ લો સ્વાવલંબન બોલ્યા હતા. સ્વાવલંબન એ સ્વાભિમાનની જનની છે. ગરીબી સામે લડવા માટે જો સૌથી મોટું કોઇ સાધન હોય તો એ શિક્ષણ છે અને એ શિક્ષણને મજબૂત કરવા માટે, એને પ્રોત્સાહન આપવા માટે અને યુવાનોને સ્વાવલંબી કરવા માટે આ મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના આવી. આ દેશની અંદર “ગરીબી હટાવ, ગરીબી હટાવ”ના આભાસી નારા તો બહુ લાગ્યા. ગરીબો વધતા ગયા એમની ગરીબી વધતી ગઇ પણ આ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના આવી છે એ ગરીબી હટાવવા માટેની નકકર યોજના છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમે બધા સત્તાધારી પાર્ટી અમારા માટે ગરીબો મત નથી, અમારા માટે ગરીબો માણસ છે. આ દેશની આઝાદી પછી ૬૦–૬૦ વર્ષ સુધી જેણે શાસન કર્યું એના માટે ગરીબો માણસ નહોતા, ગરીબો મત હતા અને એટલે જ ગરીબોની, ગરીબોના ઉત્થાન માટેની આ યોજના જયારે લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે ત્યારે. એના એક સંકલ્પ રૂપે ઝંખનાબેન આ સન્માનનીય ગૃહમાં સંકલ્પ લઇને આવ્યા છે, ત્યારે હું બહેનને અભિનંદન પાઠવું છું. તેજશ્રીબેને એમ કહ્યું કે આ યોજના તો કીડીના એક પગ જેવી છે. આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કીડીનો પગ પણ હજાર કરોડનો થાય એ અમારી સફળતા છે. કીડીનો પગ પણ હજાર કરોડનો થાય. આનાથી બીજી સફળતા કઇ હોઇ શકે? શૈલેષભાઇએ બીજી બે–ત્રણ વાતો કરી કે બજેટની અંદર ૨૦૧૩–૧૪ માં ઉલ્લેખ હતો જ. સ્કોલરશીપની વાત કરી. મારે શૈલેષભાઇનું ધ્યાન દોરવું છે કે સ્કોલરશીપની યોજના હતી, એમાં ના નથી, પણ એ સ્કોલરશીપની યોજના અને આ યોજનાને કોઇ સંબંધ નથી, કારણ કે એ સ્કોલરશીપ ૯૬ પર્સન્ટાઇલ ઉપરના જે વિદ્યાર્થીઓ ૧૦ માં ધોરણના હોય તે, બાકીનાને કોઇને મળતો નહોતો. આ સરકારે આ બજેટમાં શૈલેષભાઇ બરાબર જોજો, પહેલાં ૯૦ ટકા પર્સન્ટાઇલને લાભ મળવાનો હતો. હવે આ બજેટમાં ૮૦ ટકા થયા છે, એટલે આ સ્કોલરશીપ અને આ યોજનાને કોઇ જાતનો સંબંધ નથી. શૈલેષભાઇએ વાત કરી કે બજેટની અંદર ૯૨ લાખ અને યોજનાની અંદર ૬૨ લાખ તો જે લાભની વાત કરી છે. મારે એમને થોડો હિસાબ અને ગણિત સમજાવવા છે. લાભાર્થી છે એ ૬૨ લાખનો આંકડો સાચો, પણ એ પ્રાથમિક વિદ્યાર્થીઓ છે એ ૬૨ લાખ છે. આના લાભાર્થીઓ ૨૦ લાખ માધ્યમિકના છે અને ૧૦ લાખ ઉચ્ચ શિક્ષણના છે. એમ કરીને ૯૨ લાખ યુવાનોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય એવી આ યોજનાની અંદર જોગવાઇ છે. મેડિકલમાં કોઇને પ્રવેશ લેવો હોય તો(અંતરાય) મારું ગણિત એકદમ પાકું છે. હું પછી ગણિત ઉપર આવું છું. મૅડિકલની ૩૨૩૦ સીટ એમાં અનામતના કારણે જનરલ કેટેગરીના યુવાનો સેલ્ફ ફાઇનાન્સ કૅાલેજમાં જવાનું થયું હોય, ત્યારે એને થોડીક નારાજગી રહેતી, એને અન્યાય જેવું લાગતું. આ સરકાર આ રાજયના કોઇપણ યુવાનોને અન્યાય ન થાય, અન્યાયની લાગણી ન અનુભવે અને એને ન્યાય અપાવવા માટે અનામતના કારણે જે જનરલ કેટેગરીના યુવાનોને સેલ્ફ ફાઇનાન્સમાં જવાનું થયું હોય તો એની સંપૂર્ણ ફી એમ.બી.બી.એસ. શિક્ષણ પૂરું થાય ત્યાં સુધીની ૨૦ લાખ રૂપિયાની ફી આ યોજનાના માધ્યમ દ્રારા સરકાર આપશે. આ માત્ર વાતો નથી. અત્યારે ચાલુ વર્ષે આવા ૩૬ વિદ્યાર્થીઓ હતા, જેને અનામતના કારણે સેલ્ફ ફાઇનાન્સમાં જવું પડ્યું, એને લાભ આપવાનો થશે. ૨૯ વિદ્યાર્થીઓને લાભ આપી દેવામાં આવ્યો છે. બાકીના વિદ્યાર્થી પાત્રતા ધરાવતા હશે તો તેને આપી દેવામાં આવશે. એન્જિનિયરિંગ

અને ડેન્ટલમાં ખાલી સીટો નથી એમાં પ્રશ્ન નથી. આ બજેટની અંદર ઉલ્લેખ છે. જે પહેલા ૯૦ પર્સન્ટાઇલ હતા અને ૮૦ પર્સન્ટાઇલ થયા. એનો વ્યાપ વધ્યો એના કારણે કેટલા વધારે યુવાનોને લાભ મળ્યો છે. આંકડા મારે આપવાના છે. હું આંકડા ઉપર આવું છું. ધોરણ–૧૨ એ–ગ્રુપના ૯૦ પરસેન્ટાઇલમાં ૭૨૨૩ યુવાનો આવતા હતા. ૯૦ પરસેન્ટાઇલે આટલા આવતા અને તે ૮૦ પરસેન્ટાઇલ થતાં ૭૨૨૩નો આંકડો વધી ૧૪૫૪૦ યુવાનો આ યોજનાનો લાભ મેળવશે. બી–ગ્રુપમાં ૯૦ પરસેન્ટાઇલે ૫૪૨૮ યુવાનોને લાભ મળવાપાત્ર હતો. આ ૯૦ના ૮૦ પરસેન્ટાઇલ થતાં ૫૪૨૮ના સ્થાને ૧૦૮૩૨ યુવાનોને લાભ મળવાપાત્ર થશે. તેવી જ રીતે વિજ્ઞાન પ્રવાહના ધોરણ ૧૦માં એ–ગ્રુપમાં ૯૦ પરસેન્ટાઇલે ૪૪૯૩૨ વિદ્યાર્થીઓને લાભ મળવાપાત્ર થતો હતો તે હવે ૮૦ પરસેન્ટાઇલ થતાં ૪૪૯૩૨ ના સ્થાને ૮૯૨૩૪ યુવાનોને લાભ મળવાપાત્ર થશે. એટલે બધામાં ડબલ થાય છે. ૮૯૨૩૪ યુવાનોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. બી–ગ્રુપમાં ૯૦ પરસેન્ટાઇલે ૮૫૫૧૯ વિદ્યાર્થીઓને લાભ મળવાપાત્ર થતો હતો તે હવે ૮૦ પરસેન્ટાઇલ થતાં ૮૫૫૧૯ના સ્થાને ૧૭૯૦૯૭ યુવાનોને આનો લાભ મળવાપાત્ર થશે. એટલે ફકત બી ગ્રુપમાં ૯૩૫૭૮નો વધારો થયો છે. એવી જ રીતે ટકાવારી અને પરસેન્ટાઇલનો ફરક જોઇએ તો વિજ્ઞાન પ્રવાહના ધોરણ–૧૨માં ૯૦ પરસેન્ટાઇલે ૬૨.૭૨ ટકા સુધીના વિદ્યાર્થીઓનો સમાવેશ થઇ જતો હતો તે ૮૦ પરસેન્ટાઇલ થતાં ૫૫.૮૬ ટકા લાવનાર વિદ્યાર્થીઓનો પણ આમાં સમાવેશ થશે. બી–ગ્રુપમાં ૬૮.૮૩ ટકા સુધીના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો તે ૮૦ પરસેન્ટાઇલ થતાં ૬૦.૮૩ ટકા સુધીના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ થશે. આ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તે દેશની સૌ પ્રથમ યોજના છે કે આટલા મોટા વ્યાપમાં આટલી મોટી આર્થિક સહાય આપીને વિદ્યાર્થીઓને ભણવામાં આર્થિક મદદ કરી છે. આ ગુજરાત ગતિશીલ ગુજરાત છે. આ ગુજરાતની અંદર માત્ર નિર્ણયો લેવા માટે નહીં પણ તેનો અમલ કરવા માટે નિર્ણયો લેવાય છે ત્યારે મને જણાવતાં આનંદ થાય છે કે આ યોજના તા.૭–૧૦–૨૦૧૫ના રોજ ડીકલેર થઇ ત્યારથી યોજનાના પહેલા લાભાર્થીને ચેક આપ્યો તા.૫–૧૧–૨૦૧૫ એ. આમ એક મહિનાનો સમય પૂરો નહોતો થયો ત્યાં જ આ યોજનાનો લાભ મળવાનો શરૂ થઇ ગયો એટલે આને કહેવાય ગતિશીલ ગુજરાત. આ તો મેં ૮૦ પરસેન્ટાઇલ અને ૯૦ પરસેન્ટાઇલ વચ્ચેના વધારાના લાભની વાત કરી છે. પરંતુ આવક મર્યાદા પણ વધારી છે. ૪.૫૦ લાખ રૂપિયાની પહેલાં આવક મર્યા હતી તેનો વ્યાપ વધારીને ૬.૦૦ લાખની આવક મર્યાદા કરી છે. એટલે આ ૪.૫૦ લાખ અને ૬.૦૦ લાખની વચ્ચે આવતા બીજા અનેક યુવાનો આ યોજનાના લાભાર્થી બનશે. આવી ઘણી યોજનાઓ છે ત્યારે આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી ઝંખનાબેન પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે તે સ્વીકારવા માટે હું આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે તમામના થઇને ૯૨ લાખ લાભાર્થી થાય છે. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં થઇને ૯૨ લાખ થાય છે. મારી પાસે સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૬ છે. તેના ક.૧૦૬માં પ્રાથમિક શિક્ષણના કુલ વિદ્યાર્થીઓમાં ૯૧ લાખ ૪૨ હજાર વિદ્યાર્થીઓ ફકત આમાં જ બતાવ્યા છે. તેવી જ રીતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં કુલ વિદ્યાર્થીઓ ૨૭ લાખ ૩૨ હજાર બતાવ્યા છે. એવી જ રીતે ઉચ્ચ શિક્ષણના કુલ વિદ્યાર્થીઓ ૧૩ લાખ ૮૬ હજાર બતાવ્યા છે. આપ કહી રહ્યા છો સભાગૃહને કે, આ ૯૨ લાખ વિદ્યાર્થીઓ માટેની યોજના છે. તમારી આ બૂકલેટ જે ગુજરાત સરકારે બહાર પડી છે એની અંદર આ ત્રણે માધ્યમનો સરવાળો કરીએ તો ૧ કરોડ, ૩૨ લાખ, ૬૦ હજાર થાય છે. એનો મતલબ કે ૪૦ લાખ વિદ્યાર્થીઓ અધિકારીશ્રીઓએ આપને નથી લખાવ્યા, કાં ગણીત મારું કાચું છે, કાં ગણીત તમારું કાચું છે, કાં ચોપડામાં ભૂલ છે, કાં બોલવામાં તમારી ભૂલ છે કે મારી ભૂલ છે. મેં જે માહિતી આપી એ મારા નૌલેજ પ્રમાણે નહીં પણ ગતિશીલ ગુજરાતની આ બૂકલેટના આધારે આપી છે અને ગતિશીલ ગુજરાતની માહિતી પ્રમાણે ૧ કરોડ, ૩૨ લાખ, ૬૦ હજાર થાય છે અને તમારા પ્રમાણે ૯૨ લાખ થાય છે. તો બાબતમાં મને જરા ચોખવટ કરી આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ધ્યાન દોર્યું આર્થિક, સામાજિક સર્વેના આંકડા દ્વારા, આર્થિક, સામાજિક સર્વે જે થયો એ રાજયની અંદર અભ્યાસ કરતા સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર આ તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરીને થયેલો છે. જ્યારે આ સરકારની યોજનાનો લાભ લેતા વિદ્યાર્થીઓનો જે ૯૨ લાખનો આંકડો છે એ સરકારી અને ગ્રાન્ટેબલ શાળાઓની અંદર ભણતા વિદ્યાર્થીઓનો આંકડો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પાટીદાર આંદોલન કે બીજા જે આંદોલન થયા એ ૪૦ હજાર વિદ્યાર્થીઓને જે ન્યાય મળવો જોઇએ એ ન્યાય નથી મળ્યો એને કારણે થયા છે. એટલે તમે જે ૧૦૦૦ કરોડની સ્વાવલંબી યોજના લઇને આવ્યા છો એ ફકત ૯૨ લાખ માટે છે તો બાકીના ૪૦ લાખ વિદ્યાર્થીઓ માટે સરકાર શું વિચારે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની યોજનામાં એક આવકનો કેપ છે ૬ લાખનો, સ્વાભાવિક વાત છે કે જે સ્વનિર્ભર સંસ્થાની અંદર ભણતા હોય એ ૬ લાખની કેપની ઉપર આપો આપ આવી જતા હોય એટલે સરકારે જે સરકારી શાળામાં અને ગ્રાન્ટેબલ શાળાઓમાં ભણતા હોય એને માટે યોજના કરી છે, બાકી સભ્યશ્રીનું સૂચન છે.

શ્રીમતી ઝંખના હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને અન્ય ધારાસભ્યશ્રીઓએ મારા સંકલ્પ ઉપર જે મંતવ્યો રજૂ કર્યા છે તે બદલ તેમનો હું આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પનો આ સભાગૃહ સ્વીકાર કરે એવી હું વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬

## બિન-સરકારી સંકલ્પો

મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના અંગે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સંકલ્પ રજૂ કરું છું કે, રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા અંદાજે ૪૧.૧૯ લાખ કુટુંબોની આરોગ્ય સુરક્ષા માટે રાજય સરકારે મુખ્ય મંત્રી અમૃતમ મા યોજના અમલમાં મૂકી છે. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો આરોગ્ય વિષયક પ્રાથમિક સુવિધાથી પણ વંચિત રહેતા હોય છે. પોષણક્ષમ આહારનો અભાવ, સ્વચ્છતા અને સેનીટેશન જેવી અપૂરતી સુવિધાઓને કારણે આવા કુટુંબો વારંવાર સામાન્ય કે ગંભીર બિમારીનો ભોગ બને છે. રાજયના આરોગ્ય તંત્ર દ્વારા ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બ્લોક, જિલ્લા કક્ષાએ રેફરલ હોસ્પિટલ અને જિલ્લા કક્ષાએ જિલ્લા આરોગ્ય કેન્દ્ર જેવી વિવિધ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને તેમના નાના બાળકો, મહિલાઓ વગેરે જયારે અતિ ગંભીર અને ઘાતક બિમારીનો ભોગ બને ત્યારે તેની સારવાર થઇ શકે તે માટેના નાણાં તે લોકો પાસે ઉપલબ્ધ હોતા નથી અથવા તો જીવનરક્ષા માટે આવા કુટુંબો ઘનિષ્ઠ તબીબી સારવાર મેળવવા શહેરમાં જતાં હોય છે. ખાસ કરીને નવજાત શિશુના કિસ્સામાં ઉભી થતી ગંભીર બિમારીનાં કિસ્સામાં આવા લોકો તે અંગેનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બની જાય છે. તબીબી સારવાર પાછળ મોટા ખર્ચાઓ કરવાથી આવા કુટુંબોને ઘણી તકલીફોનો સામનો કરવો પડે છે. જેથી રાજય સરકારે સમગ્ર રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે અતિ ગંભીર બિમારીની સારવાર વિનામૂલ્યે મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી અમૃતમ(મા) નામની યોજના અમલમાં મૂકેલ છે. અતિ ગંભીર બિમારીઓ અને નવજાત શિશુનાં કિસ્સામાં અતિ ગંભીર રોગો અંગે કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂપિયા ૨ લાખ સુધીની મર્યાદામાં યોગ્ય પેકેજ નિયત કરી કેશલેશ સારવાર આ યોજના હેઠળ ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને રાજયનાં તમામ જિલ્લાનાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને આ યોજના હેઠળ આવરી લીધેલ છે. હવે આ યોજનાનો વ્યાપ વધારીને રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી અમૃતમ (મા) અને " મા વાત્સલ્ય યોજના " રૂપિયા ૧.૨૦ લાખ કે તેથી ઓછી પારિવારિક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો માટે અમલમાં મૂકવામાં આવેલ છે. આવા કુટુંબે આ યોજનાનો લાભ લેવા માટે "મા " કાર્ડ અને રૂપિયા ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા લાભાર્થી કુટુંબોએ "મા વાત્સલ્ય " કાર્ડ કઢાવી રજૂ કરવાનું રહેશે. લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવાર હેતુ આવવા-જવાના ભાડા પેટે રૂપિયા ૩૦૦/-ચૂકવાય છે. યોજનાનું અમલીકરણ એજન્સી, કોર્પોરેશન, ટ્રસ્ટ કે સોસાયટી દ્વારા કરાવવામાં આવે છે અને ખર્ચની ચૂકવણી સીધે સીધી હોસ્પિટલને જ થાય છે. રાજય સરકારે નિયત ધારાધોરણ અનુસારની સગવડ ધરાવતી સરકારી અનુદાન મેળવતી કે ખાનગી હોસ્પિટલ સાથે આ માટે કરાર કરી આયોજન કરેલ છે. આવી કુલ ૬૪ ખાનગી હોસ્પિટલો અને ૧૯ સરકારી હોસ્પિટલો તેમજ ૨૪ જેટલા સ્ટેન્ડ અલોન ડાયાલીસીસ સેન્ટરો આવરી લીધેલ છે. આ ઉપરાંત આ યોજના હેઠળની કોઇ પણ પ્રકારની ફરિયાદ માટે જીલ્લા કક્ષાએ જીલ્લા ફરિયાદ નિવારણ સમિતિની રચના પણ કરાઇ છે. યોજનાનાં અમલીકરણ માટે સ્ટેટ નોડલ સેલ પણ કાર્યરત છે તેમજ યોજનાનાં નીતિ વિષયક નિર્ણયોના અમલીકરણ માટે અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્યની અધ્યક્ષતામાં સમિતિની રચના કરવામાં આવેલ છે. યોજનાના પ્રચાર પ્રસાર માટે ૨૦ મેગા હેલ્થ કેમ્પ અને ૬૯૬ જેટલા હેલ્થ કેમ્પ થયેલ છે. તેમજ રેડિયો, ટી.વી.વગેરે માધ્યમોથી પ્રચાર કરાય છે અને દરેક હોસ્પિટલમાં આરોગ્ય મિત્રની નિમણૂક કરાયેલ છે.

આમ, રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને ગંભીર પ્રકારના રોગ માટે ઘનિષ્ઠ અને અદ્યતન તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવા રાજય સરકારે લીધેલ આ ઐતિહાસિક નિર્ણયના અસરકારક અમલીકરણ માટે રાજયનાં પ્રબુદ્ધ નાગરિકો, સ્વયંસેવી સંસ્થાઓ, બિનસરકારી સંગઠનો અને ગ્રામીણ ક્ષેત્રે કાર્યરત સેવાભાવી સંસ્થાઓ પોતાનું યોગદાન આપતા રહે અને તેમના આવા પ્રયાસોને આવકારવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ગરીબીની રેખા નીચે જીવન જીવતાં અને આર્થિક રીતે નબળા કુટુંબનો કોઇ પણ સભ્ય ગંભીર બિમારી જેવી કે, હૃદયના ગંભીર રોગો, કીડનીના ગંભીર રોગો, કેન્સર, મગજ અને કરોડરજ્જુના રોગો, નવજાત શિશુ માટેના ગંભીર રોગો, ગંભીર ઇજાઓ અને દાઝવાના ગંભીર કેસોના કિસ્સા બને ત્યારે આવા કુટુંબો પાસે સારવાર માટેની કોઇ સગવડ નહોતી એટલે તેમની પાસે જે કોઇ મિલકત હોય, જમીન હોય તો જમીન વેંચવી પડતી હતી, ઘરેણાં હોય તો ઘરેણાં વેંચવા પડતા હતાં, પશુ હોય તો પશુ વેંચવા પડતાં હતાં અને પોતાના સ્વજનને બચાવવા માટે કેટલીય બહેનોએ પોતાના મંગળસૂત્ર વેંચી અને આ સારવારની વ્યવસ્થા કરવી પડતી હતી તેમ છતાં સારવારની પૂરતી સગવડના અભાવે તેઓ પોતાના સ્વજનને બચાવી શકતા ન હતા. આ દયનીય પરિસ્થિતિમાંથી રાજયના ગરીબ લોકોને બચાવવા માટેના ઉદ્દેશથી આ રાજય સરકારે આ 'મા' યોજના અમલમાં મૂકી છે. 'મુખ્ય મંત્રી અમૃત્તમ (મા)'અને 'મા વાત્સલ્ય યોજના' જેને ટૂંકમાં 'મા' અને 'મા વાત્સલ્ય'ના ટૂંકા નામથી ઓળખવામાં આવે છે. બાળક માટે તેની માતા જ સર્વસ્વ છે તેમ ગરીબીની રેખા નીચે જીવન ગુજરતા અને જેમની વાર્ષિક આવક રૂપિયા ૧.૨૦ લાખ કે તેથી ઓછી છે તેવા કુટુંબો માટે આ યોજના ખરેખર મા સ્વરૂપ સાબિત થઇ રહી છે. આ યોજના બનાવવાનો જેમને વિચાર આવ્યો, દરિદ્ર નારાયણની સેવા કરવાનો જેમણે નિર્ણય કર્યો એમના માટે ટૂંકમાં જો કહેવું હોય તો એટલું કહી શકાય કે, 'હે, મા યોજના બનાવવાવાળા તારી કરૂણાનો કોઇ પાર નથી.' ભગવાને ગીતામાં કહ્યું છે કે, ''કર ભલા તો હોગા ભલા, જૈસા કરમ કરેગા વૈસા ફલ દેગા ભગવાન, યે હૈ ગીતાકા જ્ઞાન, યે હૈ ગીતાકી આવાજ.'' દરિદ્ર નારાયણના આશીર્વાદ માટે આ 'મા' યોજના બનાવનાર આપણા નરેન્દ્રભાઇ મોદી આ દેશના વડાપ્રધાન

બન્યા, અને વડાપ્રધાનપદે રહીને પણ દેશના કરોડો ગરીબો માટે આશીર્વાદ મેળવવા આ યોજના અમલમાં મૂકી રહ્યા છે. એમને હું કોટી કોટી વંદન કરું છું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ જે સંકલ્પ લઇને આવ્યા છે, એ બહુ સારી વાત છે, બહુ સારી યોજના છે, પણ આ યોજના બનાવ્યા પછી આનો જે અમલ થવો જોઇએ. મારે એ વિચારો પર નથી જવું કે, આ કોણે કર્યું અને આ કોણે ના કર્યું પણ જયારે છેવાડાના માણસની ચિંતા કરતા હોય, આ છેવાડાના માણસની આટલી બધી કાળજી હોય, મારે બીજા બધા જિલ્લાઓની છણાવટ નથી કરવી, પણ છોટાઉદેપુર જિલ્લો જયારે નવો બન્યો છે, આ જિલ્લામાં ૧૫ આયુર્વેદિક દવાખાનાં છે, આ દવાખાનામાં એકપણ ડોકટર નથી. હું માનું છું કે, જયારે આટલી બધી ચિંતા છેવાડાના માણસની કરતા હોય તો આ દવાખાના ખાલી રહેવાનું શું કારણ છે? એ પણ વિચારું છું કે, ચાલો અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સેવા મળી જશે પણ એ છેવાડાનો માણસને અમદાવાદ આવતાં કેટલો સમય લાગશે? છોટાઉદેપુર જિલ્લામાં સી.એચ.સી. દવાખાના દસ છે. આ દવાખાનાઓમાં કલાસ– વનની જગ્યા એક પણ ભરાઇ નથી. સાહેબ, છેલ્લા માણસની સહાયની વાત હોય ત્યારે હું માનું છું કે, છેલ્લા માણસને આ સહાયની કેમ જરૂર પડે છે? મારે કોઇ ટીકાટીપ્પણી નથી કરવી, આ સારી યોજના છે, આ યોજના સારી બનાવી છે, હું માનું છું કે, નાના માણસને, કોઇને તાવ આવ્યો હોય કે કોઇ માણસને બીજી કોઇ બિમારી થઈ હોય તો ત્યાં પણ સુવિધાની જરૂર છે, અમારા વિસ્તારમાં આવીને જૂઓ, સુવિધા કયાં મળે છે? તમે આવીને જૂઓ તો ખબર પડશે . આ જે 'મા અમૃતમ યોજના' માં હું માનું છું ત્યાં સુધી માનનીય મંત્રીશ્રી એક પ્રશ્નનો જવાબ આપતા હતા ત્યારે જણાવ્યું હતું કે બધાને કાર્ડ મળી ગયા છે. ત્યારે હું મારા તાલુકાની વાત કરું તો અમારે લેટર લખી આપવો પડે ત્યારે કાર્ડ મળે છે. માનનીય મંત્રીશ્રી અહીંયા બેઠા છે ત્યારે કહીશ કે છોટાઉદેપુર જિલ્લામાં કેટલા કાર્ડ કાઢી આપ્યા છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ કલીયર રહે એટલા માટે કહીશ કે છોટાઉદેપુર તાલુકામાં સો ટકા કાર્ડ મળી ગયા છે એવી કોઇ વાત મેં કરી નથી. એટલે ખોટી વાત રેકર્ડ ઉપર ન જાય. આ યોજનાને કોઇ ૫૦ વર્ષ નથી થયા આ યોજનાને તો ગણતરીના વર્ષો જ થયા છે તેથી રેકર્ડ સુધરે એટલા માટે આ વાત કરી છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : મારી વેદના છે. ગામડાંના માણસને દર્દ થાય એને કાર્ડ લેવા જવું પડે ત્યારે એને તરત કાર્ડ મળી જતું નથી કેટલાય ધક્કા ખાય ત્યારે કાર્ડ મળે છે. એ કાર્ડ કઢાવવા જાય ત્યારે ડોકટર હાજર ન હોય, કાર્ડ કાઢનાર કર્મચારી હાજર ન હોય એટલે એને ધક્કા ખાવા પડે છે એટલા માટે સરકારને હું ટકોર કરું છું. આમાં ૪૧.૧૯ લાખ કુટુંબોને ફાયદો થવાનો છે ત્યારે આ યોજનાનો વધારેમાં વધારે લોકોને લાભ મળે એની વધુ પ્રસિદ્ધિ થવી જોઇએ. કઇ રીતે ફાયદો મળે છે એના માટેની જો વાત થતી હોય તો સો ટકા એને આવકારત.

મા અમૃતમ (મા) યોજના અમલમાં મૂકી છે એમાં આવક મર્યાદા ૧ લાખ ૨૦ હજારની નક્કી કરવામાં આવેલ છે. એમાં હજી થોડી આવક મર્યાદા વધારવી જોઇએ કારણ કે ગામડાંનો ખેડૂત હોય કે કોઇ વર્ગ–૩નો કર્મચારી હોય એની આવક મર્યાદા આના કરતાં વધી જતી હોય છે તેથી અત્યારનું આવકનું ધોરણ છે એમાં વધારો કરવો જોઇએ એવું મારું સૂચન છે.

અહીંયા બીજો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે દવાખાના સુધી જવા માટે ૩૦૦ રૂપિયા ભાડું ચૂકવવામાં આવશે. યોજનાનું અમલીકરણ એજન્સી, કોરપોરેશન કે સોસાયટી કે ટ્રસ્ટ દ્વારા કરાવવામાં આવે છે. ૧૯ સરકારી હોસ્પિટલ અને ૬૪ ખાનગી હોસ્પિટલો છે. આમાં સરકારી હોસ્પિટલોનો પૂરેપૂરી રીતે ઉપયોગ થાય છે. પરંતુ જે ખાનગી હોસ્પિટલો છે એમાં જે તે દર્દી પાસેથી પૈસાની અપેક્ષા રાખવામાં આવતી હોય છે. દવાનો ખર્ચ આપવો પડતો હોય છે, એને કહેવામાં આવે છે કે તમારે પૈસા ભરવા પડશે એવા બનાવો બનતા હોય છે ત્યારે ત્યાં થોડીક કાળજી રાખવાની જરૂર છે.

સાથે સાથે ગામડાંના કોઇ માણસને કેન્સર થયું હોય એને મા અમૃતમ યોજનાનો લાભ લેવો હોય અને એણે સિવિલ હોસ્પિટલમાં જવું હોય એની પાસે પૈસા ન હોય એ પ્રાઇવેટ વાહન કે એમ્બ્યુલન્સ કરી શકે તેવી સ્થિતિ ન હોય ત્યારે આપણા જે સી.એચ.સી. કે પી.એચ.સી. હોય એની પાસે એમ્બ્યુલન્સ હોય છે એનો જો ઉપયોગ ન હોય તેવા સંજોગોમાં એ એબ્યુલન્સનો લાભ આવા ગરીબ દર્દીઓને સિવિલ હોસ્પિટલ કે તાલુકા મથકની નજીકની હોસ્પિટલમાં લઇ જવા માટે થાય તો દર્દીઓને ઘણી તકલીફ ઓછી થશે. તેથી પી.એચ.સી. કે સી.એચ.સી.માં એમ્બ્યુલન્સ છે એનો ઉપયોગ આવા દર્દીઓને સિવિલ હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે કરે એવી મારી વિનંતી છે. બીજું એક મારું સૂચન એ પણ છે કે આ યોજનાઓ છે તેમાં ગરીબ માણસોને લાભ મળવાનો છે તેમાં કોઇ શંકાને સ્થાન નથી અને સારી યોજના છે પણ મારે એ પણ કહેવું છે કે આ યોજનામાં ગરીબ દર્દીને દાખલ કરવામાં આવે છે અને તેની સાથે આવનાર માણસ છે તેના માટે પણ હું એવું માનું છું કે છેવાડાના માણસો હોય અને બે જ માણસ અહીં હોય અને બીજું કોઇ હોય નહીં તો તેને સિવિલ હોસ્પિટલમાં જમવાની, ટિફિનની વ્યવસ્થા થતી હોય તો છેવાડાના માનવીને આ પણ સગવડ મળી રહે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય કેશાજીભાઇ જે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાનો બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

દરેક પરિવારના લોકો એવું ઇચ્છતા હોય કે તેમના પરિવારમાં ક્યારેય કોઇ મુસીબત ન આવે. કયારેય કોઇ ગંભીર બિમારી ન આવે આવું દરેક લોકો વિચારતા હોય. પરંતુ નસીબજોગે કયારે કોના જીવનમાં કેવા પ્રકારની મુશ્કેલી આવે, કેવી ગંભીર

બિમારી આવે તે નક્કી હોતું નથી. કોઇ વ્યક્તિ જયારે જીવનમાં કોઇ બિમારીનો ભોગ બને ત્યારે બિમારીમાંથી બચવા માટે તેને પૂરતા નાણાં, ખૂબ સારા ડોક્ટર, ખૂબ સારી સુવિધાની જરૂર પડતી હોય છે. જે લોકો પૈસે ટકે સુખી હોય છે તે લોકો યોગ્ય સમયે યોગ્ય સારવાર લઇને મૃત્યુના મુખમાંથી બચી જતા હોય છે. પરંતુ જો પૂરતા નાણાં અને પૂરતી સુવિધા ગંભીર બિમારીનો ભોગ બનેલ વ્યક્તિને ન મળે તો તે વ્યક્તિ ઘણી વાર મૃત્યુના મુખમાં જતી રહે છે. આપણે ઘણી વખત એવું કહેતા હોઇએ છીએ કે આ વ્યક્તિને જો યોગ્ય સારવાર મળી હોત તો કદાચ એ બચી જાત. આ રાજયમાં આવા અનેક ગરીબ પરિવારો છે કે ગંભીર બિમારીમાંથી બચવા માટે તેમની પાસે પૂરતા નાણાં હોતા નથી. ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની આનંદીબેનના નેતૃત્વમાં ચાલતી સરકારે ગરીબોની ખૂબ જ ચિંતા કરી છે. અનેક યોજનાઓ તેમજ બિમારીને લગતી આરોગ્યલક્ષી અનેક સુવિધાઓ પણ ઉભી કરી છે તે અંતર્ગત ‘મા’ એટલે કે મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ યોજના અમલમાં મૂકી છે. આ કાર્ડ થકી ગુજરાત રાજયના ગરીબ પરિવારના સ્વાસ્થ્યની ચિંતા કરવામાં આવી છે. મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ ગરીબ પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે. મા અમૃતમ કાર્ડ થકી બર્ન્સ, હૃદયરોગ, કીડની, કેન્સર, બાળકોના રોગ, પોલીટ્રોમા તેમજ મગજની અતિ ગંભીર બિમારીઓ સામે રક્ષણ કરવા માટે વિનામૂલ્યે સારવાર કરવામાં આવે છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગરીબોના ઉત્કર્ષ માટે આ યોજના થકી ૨,૦૦,૦૦૦ રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે અને સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવે છે. આ મુખ્યમંત્રી કાર્ડ અંતર્ગત કોઇ માં નો દીકરો, કોઇ પત્નીનો પતિ કોઇ ભાઇની બહેન મૃત્યુના મુખમાં જતાં બચી જાય છે. આપણે સૌ જાહેર જીવનમાં કામ કરીએ છીએ. ઇશ્વરે અને પ્રજાએ આપણને પૂણ્યનું કામ કરવાનો અવસર આપ્યો છે ત્યારે આ પૂણ્યનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે અને એટલે જ વારંવાર આ ગુજરાત રાજયમાં સત્તા ઉપર આવી રહી છે અને આજે આપણાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પણ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સમગ્ર દેશ અને દુનિયામાં ખૂબ સારી એવી નામના મેળવી રહ્યા છે અને આપણને સૌને વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે. હું આ સંકલ્પમાં મારો સૂર પુરાવું છું.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કેશાભાઇ ચૌહાણ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું. કોઇપણ સરકાર હોય, એ પછી કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર હોય એની પહેલી પ્રાથમિક બાબતની અંદર શિક્ષણ છે, રસ્તા છે, આરોગ્ય છે એને મહત્ત્વ આપતા હોય છે. કેન્દ્રની અંદર યુપીએની સરકાર હતી ત્યારે આરોગ્ય અને શિક્ષણ પાછળ ખૂબ ખર્ચ કરતી હતી અને લોકોને સસ્તા દરે કઇ રીતે સારવાર મળે તે બાબતનું ધ્યાન રાખતી હતી. વર્તમાન સરકારે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને ગંભીર પ્રકારની બિમારીમાં મદદરૂપ થવા માટેની જવાબદારી લીધી છે. ત્યારે આવા લાભાર્થીઓને ગંભીર પ્રકારની બિમારીમાં કેશલેસ સારવાર મળવી જોઇએ. રાજ્યના ગરીબી રેખાની નીચે જીવતા અંદાજે ૪૧.૪૭ લાખ લોકોને ઉત્તમ પ્રકારની ગુણવત્તાસભર તબીબી સારવાર મળે તે માટે તા.૪–૯–૨૦૧૨થી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની વાસ્તવિકતા એ છે કે, આ વર્ગના ૪૧ લાખ ગરીબ કુટુંબોમાંથી માત્રને માત્ર ૫૦ ટકા કુટુંબોની નોંધણી કરવામાં આવી છે. રાજ્ય સરકારે આ યોજના માટે વર્ષ ૨૦૧૪–૧૫ના બજેટમાં રૂ.૧૬૦/– કરોડની ફાળવણી કરી છે તેની સામે ડિસેમ્બર સુધીમાં માત્ર રૂ.૯૩/– કરોડના ૪૮૭૬૨ દાવાઓ મંજૂર કરવામાં આવ્યા હતા. જે અગાઉ લક્ષ્યાંક ૯૪૦૦૦ લાભાર્થીઓનો હતો. ૨૦૧૫–૧૬માં રૂ.૧૨૦/– કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. રાજ્ય સરકારે મા અમૃતમ્ યોજનાનો વ્યાપ વધારી ૨૦૧૪–૧૫માં વાર્ષિક રૂ.૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમવર્ગના પરિવારના ૫ વ્યક્તિ માટે આ યોજના દાખલ કરવામાં આવી છે. ગંભીર બિમારી માટે કુટુંબની મહત્તમ વાર્ષિક આવક રૂ.૨/– લાખ છે અને કુટુંબના પાંચ વ્યક્તિને આનો લાભ મળે છે. મારી વિનંતી છે કે, જો ગંભીર બિમારી હોય અને કુટુંબના બીજા વ્યક્તિને આની જરૂર પડે તો તેને પણ તેનો લાભ આપવો જોઇએ. રૂ.૨/–લાખની મર્યાદા છે એમાં પણ વધારો કરી રૂ.૪/– લાખ કરવાનું મારું સરકારને સૂચન છે. આ યોજના હેઠળ લાભાર્થીને હોસ્પિટલમાં જવા આવવા માટે રૂ.૩૦૦/– ચૂકવવામાં આવે છે. ઘણા ગરીબ દર્દી હોય છે અને તેઓ દૂર દૂરના વિસ્તારમાંથી આવતા–જતા હોય તો તેમને રૂ.૩૦૦/–ના બદલે રૂ.૧૦૦૦/– સુધીની મદદ સરકારશ્રી કરે એવી વિનંતી છે. આ યોજના હેઠળ ૪૧ લાખ કુટુંબોમાં ઘણાને બીપીએલ કાર્ડ મળતા નથી. તો તાકીદે અભિયાન હાથ ધરી અને ગરીબ કુટુંબો છે તેમને બીપીએલ કાર્ડ મળે તે માટે આયોજન કરવું જોઇએ. દર વર્ષે સરકારે ૭૦ કરોડથી વધુ રકમ આ યોજના માટે ફાળવી છે પરંતુ છેલ્લા બે વર્ષમાં ૧૪૦ કરોડની સામે ૬૧ કરોડનો ખર્ચ કર્યો છે અને માત્ર અને માત્ર ૨૯૯૪૨ દાવાઓ મંજૂર કર્યા છે તેથી ૨૫ હજાર થી ૩૦ હજાર જે ગરીબ દર્દીઓના દાવાઓ બાકી છે એ તાકીદે સરકારશ્રીએ પરીપૂર્ણ કરવા જોઇએ. ગરીબોની મા યોજના કાર્ડની નોંધણી ખૂબ સરળતાથી થાય, લોકોમાં એનો વ્યાપ વધે જે રીતે ચૂંટણી કાર્ડ કે બીજી મતદાર યાદી આપણે નોંધીએ છીએ એ જ રીતે વધારેને વધારે કુટુંબો આમાં આવરી લેવાય અને મા કાર્ડ મળે એ રીતે સરકારે એમાં પ્રયત્ન કરવો જોઇએ. હમણા જ મેં મારા મહેમદાવાદના આરોગ્ય અધિકારીને પૂછયું કે મારા મતવિસ્તારમાં કેટલા કાર્ડ છે તો એમણે મને કહ્યું કે બે હજાર કાર્ડ મા અમૃતમય કાર્ડ માટે નીકળ્યા છે. અઢી થી ત્રણ લાખની વસ્તી હોય અને બે હજાર કાર્ડ એટલે આ યોજના સારી છે પણ કાર્ડ એકદમ સરળતાથી મળે એનો વ્યાપ વધારે થાય, વધારે લોકો આનો લાભ લે એ માટે સરકારશ્રીએ વધુને વધુ આના પ્રયત્નો કરવા જોઇએ. પછાત અને ગરીબોની વધુ વસ્તી ધરાવતા જિલ્લાઓની અંદર દૂર દૂરના વિસ્તારોમાં હોસ્પિટલ સંખ્યા ખૂબ ઓછી હોય છે તો પી.પી.પી. ધોરણે પણ હોસ્પિટલોની સંખ્યા વધુ વધે એ માટે પ્રયત્ન કરવો જોઇએ. સિવિલ હોસ્પિટલ, પી.એચ.સી., સી.એચ.સી.ની અંદર જે હોસ્પિટલ કાર્ડ માટે માન્ય હોય છે ત્યાં કેટલાક ગંભીર પ્રકારના રોગો માટે દર્દીઓ દાખલ થતા હોય છે,

કેન્સર જેવા કેટલાય રોગો છે કે ત્યાં સારવાર માટે ડોકટર હોતા નથી. સરકારશ્રીએ વહેલામાં વહેલી તકે ડોકટરોની ભરતી કરવી જોઇએ જેથી કરીને આ યોજનાનો લાભ ખરેખર ગરીબોને મળે. અત્યારે હાર્ટની અંદર બે લાખથી પણ વધારે ખર્ચ થતો હોય છે. જે બે લાખની મર્યાદા છે ત્યાં ગરીબ દર્દીને પોસાય એટલે બે લાખથી થોડી મર્યાદામાં વધારો થાય અને ગરીબ દર્દીને પૂરેપૂરો લાભ થાય એ માટેના પણ પ્રયત્નો કરવા જોઇએ. રાજયની ગરીબી રેખા હેઠળની આ યોજનામાં ઘણા બધા રોગોનો સમાવેશ કરેલ નથી જેથી દાઝેલા, હાર્ટના રોગો, કીડની અને મગજના રોગો, નવજાત શીશુઓના ગંભીર રોગો, કેન્સર આ બધાનો સમાવેશ થાય છે. જે ગરીબ હોય અને એને ગંભીર રોગ થયો હોય અને એના રોગનો આમાં સમાવેશ થયેલ ન હોય તો આ યોજનામાં સમાવેશ થવો જોઇએ. આ યોજના હેઠળ ગરીબોને હૃદય, મગજ, કીડની અને અન્ય ગંભીર બિમારી માટે જે સહાય કરવામાં આવે છે. કુટુંબ દીઠ બે લાખ સહાય કરવામાં આવે છે તેમાં મહત્તમ પાંચ વ્યકિતઓને આ સહાય આપવામાં આવે તેવી જાહેરાત કરી છે તો એક વ્યકિતના મહત્તમ ચાલીસ હજાર રૂપિયા થાય તો સરકારશ્રીએ એક કુટુંબના ત્રણ વ્યકિતઓની સંખ્યા કરીને સરેરાશ વ્યકિત દીઠ રૂપિયા પંચોતેર હજારની ઓછામાં ઓછી સહાય કરવી જોઇએ જેથી કરીને કોઇપણ ગરીબ વ્યકિતની બિમારીનો ઇલાજ થઇ શકે. આ યોજનાનો લાભ ૪૬ હોસ્પિટલ, ૨૭ ખાનગી હોસ્પિટલ અને ૧૯ સરકારી હોસ્પિટલ પૂરતો મર્યાદિત છે તો મારી સરકારશ્રીને વિનંતી છે કે તાલુકા અને જિલ્લાની અંદર જે મોટી હોસ્પિટલ હોય એ દરેક હોસ્પિટલની અંદર આ યોજનાનો મહત્તમ લાભ મળે જેથી કરીને ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ સારામાં સારો આનો લાભ લઇ શકે એવી મારી વિનંતી છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં મારા સાથી સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણ બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મા પોતાના બાળકનું રક્ષણ કરતી હોય, એનો ઉછેર કરતી હોય એ એની એક જવાબદારી છે. એ જ પ્રકારે સરકારની પણ મોટી જવાબદારી છે અને એ જ સરકાર લોકચાહના મેળવેલી કહેવાય કે જે પોતાની પ્રજાના આરોગ્યની, શિક્ષણની ચિંતા કરતી હોય. આવી સરકાર જ લોકપ્રિય બને છે. આ સભાગૃહની અંદર ૧૯૯૫માં હું સાથી સભ્ય હતો ત્યારે માનનીય અશોકભાઇ આરોગ્ય મંત્રી હતા અને અમદાવાદમાં એક નવી યોજના હેલ્થ કાર્ડની નીકળી હતી. તે વખતે સામી પાટલીએથી પૂછાયું કે તમે શહેરીજનોને કાર્ડ આપો છો તો ધારાસભ્યોનું શું? એ જ દિવસે નિર્ણય લેવાયો કે જે ધારાસભ્ય હોય એ તપાસ કરાવે અને બિમાર હોય તો કરી શકાશે. આ વખતે એવી સરકાર અને એ જ પ્રકારે ભારતીય જનતા પાર્ટીની સરકારને હું જોઇ રહ્યો છું. ભારતીય જનતા પાર્ટીની અંદર જે ગરીબ લોકો છે અને ૬ કરોડની વસતિમાં આપણે સમજી શકીએ છીએ કે બી.પી.એલ. યોજના હેઠળ ૩૩ લાખ કુટુંબો આવે છે અને ૮ લાખ કુટુંબો અંત્યોદય યોજનામાં આવે છે. બધા મળીને કુલ ૪૧ લાખ કુટુંબો થાય છે. આ કુટુંબોને અન્ન આપીએ છીએ પણ આરોગ્યની સેવાઓ માટે શું? બીજી આરોગ્યલક્ષી સેવાઓ જેમ કે, શ્રમયોગી અસંગઠિત મજૂર હોય એની શ્રમયોગી કલ્યાણ યોજના છે અને કેન્દ્ર સરકાર આરોગ્ય સેવા આપવા બંધાયેલી છે. માનનીય મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૫૦ ટકા રકમ આપીએ છીએ. પણ ઘણા બધા કુટુંબો રહી જતા હતા. મા અમૃતમ યોજના જે તા. ૪-૯-૨૦૧૨થી દાખલ કરવામાં આવી અને એ વખતના આપણા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન ખૂબ જ મહત્ત્વનું છે. એનાથી ઘણા લોકોને મોટો ફાયદો થયો છે. મને યાદ છે કે ઉમરગામથી અમદાવાદ ૪૩૭ કિલોમીટર થાય અને ત્યાંથી સિવિલમાં ૧૭૫ જેટલા દર્દીઓને લાવીને સારા કર્યા છે. ધીરુભાઇના બે સૂચનો હતા એ મને ગળે ઉતરે છે. દૂરથી આવતા હોય ત્યારે સ્વભાવિક છે કે સારવાર મળવાની છે પણ આવવાનું ભાડું ન હોય તો આપણે ત્યાં તાલુકા કક્ષાએથી ગાડીની વ્યવસ્થા મળે એવું સૂચન કરું છું અને વલસાડ જિલ્લામાં ટ્રાયબલ વિસ્તાર છે અને જે અતિ પછાત તાલુકા આવ્યા છે એમાં આ વ્યવસ્થા નથી તો કસ્તુરબા હોસ્પિટલ, વલસાડ અને હરિયા હોસ્પિટલ, વાપી જેનો પત્ર વ્યવહાર કરેલો છે અને જવાબ કરેલ છે એનો સમાવેશ થાય એવી મારી આગ્રહભરી વિનંતી છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના મારા સાથી સભ્યશ્રી કેશાજીભાઇ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં એક જગ્યાએ વાંચ્યું છે કે ઇશ્વર આખી સૃષ્ટિનું ધ્યાન રાખી શકતો નથી અથવા પહોંચી વળતો નથી એટલા માટે એણે મા નું સર્જન કર્યું છે. એટલા માટે જે મા વાત્સલ્ય હૂંફ આપે છે એવી રીતે રાજ્યની આ સરકારે મા શબ્દ સાથે જોડાયેલી મુખ્યમંત્રી અમૃતમ એટલે કે મા યોજના અને મા વાત્સલ્ય યોજના આપીને ગરીબો અને મધ્યમ વર્ગને હૂંફ આપવાનું કામ કર્યું છે. ગુજરાતના તમામ મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને રક્ષણ આપતી આ યોજના અને આપણે ૨૦૧૨થી સાંભળીએ છીએ ત્યારે મને ઘણીવાર એમ થાય છે કે જનપ્રતિનિધિ તરીકે આપણું આમાં કેટલું ઇન્વોલ્વમેન્ટ છે, આપણે આ યોજનાને કેટલી સમજ્યા છીએ? તો જ આપણે લોકો સુધી સાચા અર્થમાં પહોંચાડી શકીએ. મને બરાબર યાદ છે, તા. ૪-૯-૨૦૧૨ના રોજ દેશના વડાપ્રધાન અને એ વખતના રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ બી.પી.એલ. લાભાર્થી માટે આ મુખ્યમંત્રી અમૃતમ યોજના બનાવી અને એના પછી એક વર્ષ પછી જ મધ્યમવર્ગને પણ બહુ આશા હતી કે આ યોજનાનો લાભ અમને મળે. એ વખતે મુખ્યમંત્રી એવા માનનીય આનંદીબેને સત્તાનો દોર સંભાળ્યો અને મા અમૃતમ યોજનાની જગ્યાએ ૧ લાખ ૨૦ હજારથી ઓછી આવકવાળા માટે મા વાત્સલ્ય યોજનાની શરૂઆત કરી. એમાં મહિલા અને બાળકોનો સમાવેશ થયો. આ જ સન્માનનીય ગૃહની રજૂઆતના કારણે ગત એપ્રિલ ૨૦૧૫માં પરિવારના તમામને લાભ મળે, એટલે કે ૧ લાખ ૨૦ હજાર સુધીની આવકવાળા કુટુંબને મહિલા અને બાળકો સિવાય ૫ વ્યક્તિઓને લાભ મળે એટલા માટે આ યોજનાને જે પ્રમાણેના વિચારો માટે જોઇતી હતી એ પ્રમાણે ફરીવાર આપણે

આગળ ચલાવી. માનનીય અધ્યક્ષશ્રી, યોજના તો બની ગઇ. પરંતુ જ્યાં સુધી આપણે પ્રોસેસને નહિ સમજીએને ત્યાં સુધી આપણને નેગેટિવિટી દેખાશે. દ્રષ્ટિમાં આપણને ક્યાંક ને ક્યાંક ખામી દેખાશે. પરંતુ મારે કહેવું છે કે આપણે શહેરી વિસ્તારની અંદર રહેતા હોય તો ત્યાં નગરપાલિકને એકમ બનાવાયું છે અને ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા હેલ્થ ઓફિસને આનું મુખ્ય એકમ બનાવવામાં આવ્યું છે. આથી પણ આગળ વધીને માનનીય ધીરૂભાઇ કહેતા હતાં એ પ્રમાણે ક્યાંક કાર્ડ લેવા જઇએ તો મશીન બંધ છે, માણસ ગેરહાજર છે, આવકનો દાખલો નથી મળતો આવા બધા પ્રશ્નો ઉઠતા અને એ વખતે આ બધી વાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને અને આપણાં આરોગ્યમંત્રીશ્રી પાસે આવી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ૨૬મી જાન્યુઆરીએ આ રાજ્ય સરકારે એક એવો નિર્ણય કર્યો કે, સરકાર ગામડે જાય અને એકેએક વ્યક્તિના ઘરે આ કાર્ડ પહોંચાડવાનું નક્કી કર્યું અને સરકારે સામેથી ગામડાંમાં અને વોર્ડમાં મોબાઇલવાન લઇને, સામે ચાલીને આ જવાબદારી જ્યારે વહન કરવાનું નક્કી કર્યું છે ત્યારે રાજ્યના પ્રજાવત્સલ એવા માનનીય મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેનને લાખ લાખ અભિનંદન આપું છું. મેં આજ દિવસે મારાં વિધાનસભામાં નગરા ગામની અંદર ૧૧ લાભાર્થીને આ મા વાત્સલ્ય કાર્ડનું વિતરણ પણ કર્યું. આ કાર્ડનું જ્યારે વિતરણ થવાનું છે ત્યારે મારા સાથી સભ્ય કહેતા હતા કે દરેકને મળવું જોઇએ. એ વાત સાચી. પરંતુ જે રીતે મળી રહ્યું છે એ રીતે આખું હેલ્થ ડિપાર્ટમેન્ટ મા વાત્સલ્ય કાર્ડ તમામ સુધી પહોંચે તેની જે ચિંતા કરી રહ્યાં છે એના માટે અભિનંદન આપવાનું મન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારાં વિસ્તારમાં રહેતાં એક ટીંબા ગામના ગોવંદભાઇ. જેમના પત્નીને કેન્સર થયું અને એમણે મા અમૃત્તમ કાર્ડ કઢાવ્યું અને એની પત્નીની જે વિના મૂલ્યે સારવાર થઇ એ પછી એણે આ સેવાનો ભેખ લઇ લીધો કે જે વિસ્તારમાં જ્યારે એને ખબર પડે કે કોઇ વ્યક્તિને કેન્સર થયું છે. એટલે એ એના ઘરે પહોંચી જાયઘ એને મુખ્યમંત્રીનું અમૃત્તમનું કાર્ડ અપાવે, એની સેવા કરાવે અને ઘરે પાછો લઇ આવે ત્યાં સુધી અમારા સોસાયટીના કાર્યકરે જે સેવાનો ભેખ લીધો છે એને આજે બિરદાવવા માટે કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારાં સાથી સભ્યશ્રીએ જે બિમારીઓ બતાવી છે એથી પણ વધારે આ કાર્ડમાં ૫૪૪ જેટલી પ્રોસીજર લાભાર્થીને કામ લાગે છે. આ સાવ કેશલેશ સારવાર છે એટલે કીમોથેરાપી, એક્ષરે, લેબોરેટરી વગેરે જેવા તમામ ખર્ચ આ જે સેવા લેવા જાય છે એને કરવા પડતાં નથી. આ ઉપરાંત ''તરસ લાગે ત્યારે કૂવો ખોદવા ના જવાય'' અને '' કર્યુ એ કામ'' આ બંને વિધાનને ધ્યાને રાખીને સર્વ સભ્યોએ આ હૃદયસ્થ રાખવાની જરૂર છે ત્યારે ઘણીવાર કોઇનો અચાનક ફોન આવે કે ભાઇ, એને કેન્સર ડીટેક્ટ થયું છે, મોટી ગંભીર બિમારી. એ વખતે તાત્કાલિક રાજ્ય સરકારે અર્જન્ટમાં એક ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૧૦૨૨ લગાવીએ એટલે તરત એની માહિતી મળે છે કે આ કઇ રીતે કાર્ડ નીકળશે. આ ઉપરાંત રાજ્ય સરકારે ''મા''ગુજરાત.કોમ નામની વેબ સાઇટ પણ વિકસાવીને માહિતી આપી છે ત્યારે કોઇપણ વ્યક્તિ ગમે એટલી ગંભીર બિમારીથી પીડાતી હોય. પરંતુ જો તેની પાસે જો મા– હોયને તો દર્દીની અડધી પીડા દૂર થઇ જાય. એ જ રીતે જે વ્યક્તિ બિમાર પડે છે ત્યારે એની પાસે જો મા–વાત્સલ્ય કાર્ડ હોય તો એની અડધી પીડા દૂર થઇ જાય છે એટલે આ બિનસરકારી સંકલ્પને હું આવકારું છું, ધન્યવાદ.

શ્રી સતિશભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય અને મારાં સાથી મિત્ર કેશાજી ચૌહાણ બિનસરકારી સંકલ્પ લઇને આવ્યાં છે ત્યારે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મા–ના ખોળામાં માથું મૂકીએ ત્યારે આપણને સ્વર્ગનો અહેસાસ થતો હોય છે ત્યારે મારાં બાળપણમાં બાલ મંદિરમાં ભણતા દિવસો મને યાદ આવે છે. આપણે બાળપણમાં જ્યારે બાલ મંદિરમાં જતાં હોઇએ ત્યારે આપણને શિક્ષક કવિતા મારફતે કહેતાં હોય છે અને જ્યારે બોલતાં શીખવાડે છે ત્યારે આપણને કવિતાના સ્વરૂપમાં શિખવાડે અને પહેલા કહે કે '' મા, મા, મા પહેલો અક્ષર બોલું તો મા, મા, મા'' એવું આપણને શીખવાડતાં હોય છે. એજ રીતે કવિતા દ્વારા આપણને શિખવાડે કે – ''જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'' માનનીય અધ્યક્ષશ્રી, ''મા– એ મા બાકી વગડાના વા'' માના આશિશ મેળવવા માટે ભગવાન પણ તરસતાં હોય છે ત્યારે આ ગુજરાતના મુખ્યમંત્રી મા–બનીને મુખ્યમંત્રી મા– અમૃત્તમ યોજના અને મા– વાત્સલ્ય જેવી યોજનાઓ લાવ્યા છે, જે આ ગરીબ જનતા માટે આશીર્વાદરૂપ છે. સરકારની ધૂરા જ્યારે માતા સંભાળે છે ત્યારે નિરાધારોને આધાર, આ ભા.જ.પ.ની સરકાર. ગરીબ અને મધ્યમવર્ગના કુટુંબો માટે જ્યારે ગંભીર જીવલેણ બિમારી જેવી કે, કેન્સર, હૃદયની બિમારી, કીડનીની બિમારી, મગજની બિમારી, કરોડરજ્જુની બિમારીમાં સપડાય ત્યારે તેમનું કોણ? ત્યારે આ સરકાર માતા બનીને મદદમાં ઉભી છે, આને કહેવાય ગરીબોની સરકાર.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાથી બે લાખ રૂપિયા સુધીની સીધી કેશ–લેશ સહાય અને ગુજરાતની ૧૧૧ હોસ્પિટલોમાં આ લાભ મળે છે. આ ગરીબો માટેની સરકાર અને ૧૧૧ હોસ્પિટલોમાં ૬૭ ખાનગી હોસ્પિટલો, ૧૯ સરકારી મદદવાળી હોસ્પિટલો અને તેમાંય ૨૫ કીડનીની ડાયાલીસીસવાળી હોસ્પિટલો એમ મળીને કુલ ૧૧૧ હોસ્પિટલોમાં આ ગરીબો માટે જ્યારે સેવા આપતી હોય ત્યારે આને કહેવાય ગરીબોની સરકાર.

માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડ ધારકો જેની વાર્ષિક આવક એક લાખ રૂપિયા અને સાથે સાથે મધ્યમવર્ગના એક લાખ, વીસ હજારથી ઓછી આવકવાળા તમામ લાભાર્થીઓને આની અંદર આવરી લેવામાં આવ્યા છે ત્યારે તમામ મધ્યમવર્ગ અને બી.પી.એલ.ના તમામ લાભાર્થીઓને આનો લાભ મળતો હોય છે. એટલું ઓછું હોય તેમ લાગતું હોય એના માટે પણ આ સરકારે

ચિંતા કરીને વધારાના દસ દિવસ માટે દવાખાનામાં જવા-આવવા માટે ત્રણસો રૂપિયા સુધીની વધારાની સહાય દવાખાના મારફતે આપવામાં આવે છે. એટલે જ કહેવાય કે આ ગરીબીની સરકારે ભાડાની પણ ચિંતા કરી છે. જ્યારે માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ આ સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે તેને હું મારો ટેકો આપું છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી (રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સંવેદનશીલ કહી શકાય તેવો સંકલ્પ વિભાનસભાના સન્નમાનીય સભ્યશ્રી કેશાજીભાઇ ઠાકોર લઇને આવ્યા છે. માનનીય સભ્યશ્રી કેશાજીભાઇએ હમણાં જ એક જન આંદોલન ચાલુ કર્યું છે, વ્યસન મુક્તિ માટેનું એટલે મને લાગે છે કે, વ્યસન મુક્તિનું કામ અને સાથે સાથે આ સંવેદનાના કામ સાથે જોડાયેલ એક વ્યક્તિ આ સંકલ્પ લઇને આવ્યા છે, ત્યારે રાજ્ય સરકારના એક મંત્રી તરીકે ખૂબ મને આનંદ થાય છે અને એની સાથે સાથે આ વિધાનસભાગૃહના માનનીય સભ્યશ્રીઓ, માનનીય શ્રી ધીરુભાઇ, માનનીય શ્રી ગૌતમભાઇ, માનનીય ભાનુબેન, માનનીય શ્રી રમણભાઇ પાટકર, માનનીય વર્ષાબેન દોશી અને માનનીય શ્રી સતીષભાઇ પટેલ એ બધાએ આની અંદર ભાગ લીધો અને બધાએ પોઝેટીવ આ બાબતને આવકારી અને એક ગુજરાત વિધાનસભાનું આ ગૃહ એ પ્રજાની સંવેદનાની સાથે જોડાયેલું છે એ બાબતની પ્રતીતિ પણ બધાએ પોતાના વિચારોની અંદર કરી.

માનનીય અધ્યક્ષશ્રી, અમીબાથી ચાલુ કરી અને ઇન્ટરનેટ સુધીની આ યાત્રા વિકાસની ચાલી. ત્યાંથી કરીને છેક અહીં સુધી, એક કોસ થી કરીને આજે આગળના તેર વર્ષ સુધી. આ બધામાં ઘણા બધા ચઢાવ-ઉતાર આવ્યા. પેલો આઇ.ક્યુ. માટેનો વિષય ખૂબ લાંબા સમય સુધી ચાલ્યો, પછી ઇ.ક્યુ. નો પણ ચાલ્યો ઇમોશનલ, અને ત્રીજું આજે પી. ક્યુ. હવે ફિઝીકલ બાબતમાં પણ કેર લેવા માટેની અને આમાં શરૂઆત મોટાભાગે સારી સારી બાબતની ગુજરાતે કરી. અને આ એક એવી ઇમોશનલ કહી શકાય, લાગણીશીલ કહી શકાય એવી યોજના ગુજરાત સરકારે જે મૂકી એના માટે વિધાનસભાના સભ્ય તરીકે આપણે બધા એ બાબતનું ગૌરવ અનુભવીએ છીએ અને એનું નામ પણ મા સાથે જોડાયેલું છે. "મુખથી બોલતાં માં, મને સાચે બાળપણ સાંભરે, પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા " કવિ કાગની આ પંક્તિ, આ કાવ્ય એની અંદર જે વાત એમણે મૂકેલી હતી એ વાત સાથે જાણે જોડાયેલી છે. રાજયના મુખ્યમંત્રી તરીકે ત્યારે નરેન્દ્રભાઇ મોદી હતા અને એમની પાસે કોઇએ રજૂઆત કરી કે બીમાર છે, બિમારી છે, બી.પી.એલ.નો લાભાર્થી છે, રૂપિયા લાખ-દોઢ લાખનો ખર્ચો થઇ જશે હું કેવી રીતે વ્યવસ્થા કરું? એટલે મુખ્યમંત્રી રાહત નીધિમાંથી વ્યવસ્થા કરવાનું કામ એમણે ચાલુ કર્યું અને અમે ધારાસભ્યશ્રીઓ લઇને જઇએ એટલે લખીને આપે પચાસ હજાર રૂપિયા, લાખ રૂપિયા, આ બાબત ધારાસભ્યશ્રીઓના પત્રો આવ્યા પછી એમના ધ્યાનમાં આવ્યું કે જે લોકો ધારાસભ્યશ્રીઓ સુધી પહોંચી શકતા હશે અને મારી પાસે જે અવેલીબીટી મુખ્યમંત્રી ફંડની છે એમાંથી આ વ્યવસ્થા પૂરી કરીએ પણ એવો પણ વર્ગ હશે કે જે અહીં સુધી પહોંચી નહીં શકતો હોય અને સારવાર એના સુધી ન પહોંચી શકે તો એનું શું થતું હશે? અને આ વાતની અંદરથી એ વખતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ બી.પી.એલ.ના લાભાર્થીઓ માટે " મા યોજના " ની શરૂઆત કરી. મારા મનમાં એ થાય છે એક સામાન્ય ગરીબ પરિવાર હોય અને લાખ રૂપિયા જેવી બિમારી આવી હોય, જેની ટોટલી આવક પચ્ચીસ-પચાસ હજાર રૂપિયા હોય, એની અંદરથી પોતાનું ઘર ચલાવતા હોય અને એમાંથી ડોકટર પાસે ચેક કરાવે કે હાર્ટની બિમારી છે વાલ નાખવો પડશે, સ્ટેન્ટ મૂકાવવું પડશે અથવા કેન્સરની બિમારી હોય તો એ માણસ શું વિચારે કે કોઇની પાસેથી વ્યાજેથી પૈસા લાવી અને હું મારી સારવાર કરાવું એના કરતા તો ભગવાને જેટલું આયુષ્ય આપ્યું એટલું પૂરું કરીને છોકરાઓને તો દેવાની અંદર ન ડૂબાડી દઉં. આ માણસ આવું વિચારતો હતો. કેટલાય લોકો સારવારના અભાવે મૃત્યુ પામ્યા હશે. જે લોકો મૃત્યુ પામ્યા છે, આજે વિધાનસભા ગૃહના સૌ સન્માનનીય સભ્યો વતી વર્ષોથી આઝાદીથી કરીને જયાં સુધી આ યોજના ન બની ત્યાં સુધી જે આવી અસાધ્ય બિમારીની અંદર પૈસાના કારણે, સારવારને કારણે, દવાના ખર્ચના કારણે જે લોકો મૃત્યુ પામ્યા એ બધાને આ યોજના દ્વારા હું શ્રદ્ધાંજલિ આપું છું. ગયેલા છે એને નથી લાવી શકાતા પણ આજ આપણા હાથમાં છે એટલે એક બી.પી.એલ. માટેની તો યોજના મૂકી પણ પછી નવા પ્રશ્નો, નવી સરકાર માનનીય મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ આવ્યા અને એક મધ્યમ વર્ગના લોકો આવ્યા કે અમારી પાસે બી.પી.એલ. કાર્ડ નથી પણ અમારી પાસે વીઘો, બે વીઘા જમીન છે અથવા નાનો મોટો ધંધો કરીએ છીએ.બી.પી.એલ.ની યાદીમાં અમારું નામ નથી. અમારે આ ખર્ચનું શું કરવું? એટલે તાત્કાલિક માયાળુ મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો કે ભલે બી.પી.એલ.ની યાદીમાં નામ ન હોય પણ જો એની પાસે આવક વધારે નથી તો એવા પરિવારો માટે પણ ૧૨૦૦૦૦ કરતા વધુ આવક ન હોય તેવા પરિવારો માટે પણ રૂ. બે લાખ સુધીની યોજના જે બી.પી.એલ.ના લાભાર્થીઓને મળે છે એમનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવશે. આના કારણે અનેક લોકોના પ્રાણ બચાવી શકાયા છે અને હું માનું છું કે આને લીધે માનવ સૂચક આંકમાં પણ ગુજરાતમાં ખૂબ સારો સુધારો આવનારા દિવસોમાં દેખાશે. માનનીય સભ્યશ્રીઓએ કેટલાક સજેશન પણ કર્યા એમાં એક સજેશન કર્યું કે હોસ્પિટલ સુધી પહોંચવા માટે જો કોઇ વ્યવસ્થા ન હોય તો એમ્બ્યુલન્સની કે એવી વ્યવસ્થા માનનીય ધીરૂભાઇ અને માનનીય રમણભાઇ બંનેએ કરી તો નજીકની હોસ્પિટલ સુધી તો તાત્કાલિક જવું હોય તો ૧૦૮ની વ્યવસ્થા છે પણ (અંતરાય) અરે ડોકટર, તમે બધામાં શું કામ, મને બોલવા દોને, મારો વિષય પૂરો થવા દો પછી સંતોષ ન હોય તો તમે બોલજોને ડોકટર, તમારા જેટલું નોલેજ ન હોય. હું કાંઇ એમ.બી.બી.એસ. નથી. મારો એટલો જ વિષય છે કે જયાં વ્યવસ્થા નથી. તો એવી જગ્યા ઉપર જે હોસ્પિટલની અંદર એમ્બ્યુલન્સની વ્યવસ્થા હોય, જેને રેફરલની સુવિધા પહોંચાડતા હોઇએ છીએ. તો તાત્કાલિક, ઇમર્જન્સીની અંદર વ્યવસ્થા કરવાની થાય, તો એવા સંજોગોમાં આ બાબતમાં પોઝિટિવલી રાજ્ય સરકાર વિચારશે. આ બંને માનનીય ધારાસભ્યશ્રીઓએ વાત કરી છે. બીજું, એક માનનીય સભ્યશ્રી

## તા. ૩જી માર્ચ, ૨૦૧૬
## બિન-સરકારી સંકલ્પો

ગૌતમભાઇ એમણે ખૂબ સારાં સૂચનો પોઝિટિવલી આપ્યાં. એમાં એક સૂચન એ આપ્યું કે દાવાઓ મંજૂર નથી થયા. તો ૨૦૧૪-૧૫ ની અંદર ૩૫,૮૦૭ દાવાઓ મંજૂર થયા છે. ૬૧.૩૯ કરોડ રૂપિયા એના મંજૂર થઇને ચૂકવાઇ ગયા છે. અને ૨૦૧૫-૧૬ ની અંદર ૧,૦૯,૫૩૬ દાવાઓ મંજૂર થયા છે. ૧૬૩.૪૦ કરોડ રૂપિયા ચૂકવાઇ ગયા છે. હોસ્પિટલની અંદર જે મર્યાદા નક્કી કરવામાં આવી છે. દાવાઓ મંજૂર થયા બાદ દાવાની ચૂકવણી કરવાની ૪૫ દિવસની મર્યાદા છે. આ ૪૫ દિવસની મર્યાદાની અંદર આજે એક પણ દાવા ચૂકવવાના બાકી નથી એવું અહીથી મંત્રી તરીકે વાત કરું છું. રહી વાત, આપણો ખર્ચ પ્રમાણમાં ઓછો થયો છે. હા, હું માનું છું કે બીજી બધી બાબતોમાં અને આરોગ્યની દ્રષ્ટિએ ખર્ચને જોવા કરતા લાભાર્થી સુધી પહોંચાયું છે કે કેમ એ બાબતને જોઇએ તો હોસ્પિટલની અંદર કોઇ જગ્યાએ જઇએ તો હોસ્પિટલના ઉદ્ઘાટનમાં એવું ન કહેવાય કે તમારી હોસ્પિટલ ખૂબ સારી ચાલે અને આ અને એક સંસારની એમ બે બાબતોના ઉદ્ઘાટનમાં જઇએ ત્યારે ધ્યાન રાખવું પડતું હોય છે. હું ઇચ્છું કે આનો ઓછામાં ઓછો લાભ લેવો પડે તે રાજ્યની સારી બાબત કહેવાય. પણ જરૂરિયાતમંદ વ્યક્તિ માટે કાર્ડના કારણે અથવા આના કારણે કોઇ રહી ન જાય એટલા માટે નવું અભિયાન ચાલુ કર્યુ છે. એક આંકડો એવો આવ્યો કે ૫૦ ટકા, ૬૦ ટકા પ્રમાણે કે ૭૦ ટકા પ્રમાણે આટલા હજુ કાર્ડ બાકી રહી ગયા છે. હા, પૂરેપૂરા ૧૦૦ ટકા નથી અપાયા. ૧૦૦ ટકા બાકી છે. આ અભિયાન જ્યારથી ચાલુ કર્યુ ત્યારથી અત્યાર સુધી સતત પ્રયત્ન કરીએ છીએ. કેટલીક ટેકનિકલ બાબત હતી. કેટલોક નવો વિષય હતો. આમાં આખા કુટુંબના પાંચેય લોકોના ફિંગર અંગુઠાના અને આંગળીના લેવાતા હોય છે અને આંગળીના નિશાન સાથે એને ઇન્ટરનેટની કનેક્ટિવિટીની ખૂબ મોટી જરૂરિયાત હોય છે. એટલે કોઇ ગ્રામ્ય કક્ષાએ કનેક્ટિવિટીનો અભાવ હોય તો જોઇએ એટલા પ્રમાણમાં કાર્ડ નહોતા નીકળતા. એટલે અમે મોબાઇલ ગાડીઓ ચાલુ કરી છે. એની અંદર ૫-૫, ૬-૬ કીટો મૂકીને ઓફ લાઇન કાર્ડ બનાવવાની વ્યવસ્થા ઊભી કરી છે. અને જિલ્લાની અંદર દરેક તાલુકામાં એક એક સેન્ટર અને બાકીના કિયોસ્ક હોય તો એની સાથે મોબાઇલ પણ મૂક્યા છે. એટલે બહુ ઝડપથી કામ થઇ રહ્યું છે. એ સિવાય કાર્ડ ન હોય, પણ બીમાર પડી ગયા તો તાત્કાલિક ટોલ ફ્રી નંબર આપ્યો છે. અને જે દર્દીને આની જરૂરિયાત ઊભી થાય તો તાત્કાલિક એને કાર્ડની સુવિધા મળી રહે. બીમાર પડતાની સાથે કાર્ડ નથી એમ કરીને એ દર્દી તેઓ તેનાથી બાકી ન રહી જાય તેવી વ્યવસ્થા અમે કરી છે. આ યોજનાનું સારી રીતે અમલીકરણ થાય તે માટે અમે કોઇપણ ખામી રાખવા માગતા નથી. આ સરકાર આરોગ્યની બાબતમાં ખૂબ ચિંતિત છે. ડિલિવરીના પ્રસંગે માતા મૃત્યુ દર ૧૦-૧૫ વર્ષ પહેલાં ગુજરાતનો ખૂબ ઊંચો હતો. એને કન્ટ્રોલ કરવા માટે ચિરંજીવી યોજના અમલમાં મૂકી. ગરીબ પરિવારની કોઇ દીકરી એને ખર્ચ ૫-૧૦ હજાર પોષાઇ ન શકાતો હોય અને કોઇને લોહીનો બાટલો ચડાવવો પડે અથવા બાળકને પેટીમાં રાખવું પડે તો તેવા સંજોગોમાં એ શું કરે? તો તે વખતે રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રી તરીકે નરેન્દ્રભાઇ મોદી હતા. ચિરંજીવી યોજના મૂકી અને તે યોજના દ્વારા પ્રાઇવેટ હોસ્પિટલની અંદર આની સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા કરી. ત્યાંથી શરૂઆત કરીને શાળા આરોગ્યની તપાસનો કાર્યક્રમ હોય તો તમામ સ્કૂલના બાળકોએ રાજ્ય સરકાર પોતે માને છે કે પોતાની જવાબદારી તરીકે આરોગ્યની તપાસ તેનાં મા-બાપ ન કરાવી શકતાં હોય તો રાજ્ય સરકારે અભિયાન ચાલુ કરીને દર વર્ષે શાળા આરોગ્ય તપાસણી કરી એમને કોઇ બિમારી હોય તો વિનામૂલ્યે સારવાર કરવાની વ્યવસ્થા રાજ્ય સરકાર કરશે તેવું કામ કર્યું. તે સહિત આજે આ યોજના તે રાજ્યના પ્રજાના કલ્યાણ માટે, પ્રજાને સુવિધા આપવા માટે એક આશિર્વાદરૂપ સાબિત થઇ છે. મારે આભાર માનવો જોઇએ માનનીય ધારાસભ્યશ્રી બેઠા છે અહીં ગતવર્ષે ગ્યાસુદીનભાઇએ પાર્ટીની આજે તો બધા અભિનંદન આપી શકે છે, શૈલેષભાઇ સારી બાબતમાં અભિનંદન આપી શકે છે. બાકી મિત્રોએ ઘણી બાબતમાં આપ્યા. તે વખતે તો થોડું અઘરું લાગતું હતું તેવા સમયે હિંમતપૂર્વક આવીને કહ્યું કે આ યોજનાની આવક મર્યાદા વધારવા માટે રાજ્ય સરકારને અભિનંદન આપ્યા હતા. આવું કરવાને કારણે બીજું કંઇ નહીં પણ ગરીબ માણસો અને સામાન્ય માણસો માટે કામ કરવા માટે એક ઉત્સાહ વધતો હોય છે. આજના કાર્યક્રમની અંદર મા માટે એટલું કહીશ. મા એ પરમાત્માએ આપેલી એક અમૂલ્ટ ભેટ છે. એટલા માટે મેં હમણાં વાત કરી તેનાથી આગળ મા-બાપ જયારે મૃત્યુ પામતા હોય છે ત્યારે કંઇ રહેતું નથી. આવા નોંધારા બનેલા પરિવાર માટે, કોઇ પરિવાર નોંધારો ન બની જાય તેને બચાવવા માટે અને આમાં એક વ્યક્તિ મૃત્યુ પામતો નથી પણ આખું પરિવાર ખેદાન મેદાન થાય છે. તેના માટે કોઇએ કહ્યું છે કે '' ભાઇ મરે ભવ હારીએ, બેની મરે દિશા જાય પણ જો મરે નાના બાળકોના માવતર તો એને ચારે દિશાના વાયરા વાય''. તો કોઇને ચારે દિશાના વાયરા ન વાય તે માટે રાજ્ય સરકારે મા યોજના મૂકી છે. માનનીય સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણ આ સંકલ્પ લઇને આવ્યા છે તેના માટે રાજીપો વ્યકત કરું છું અને આ સંકલ્પ મને સ્વીકારવા જેવો લાગે છે. એટલે આ વિધાનસભાગૃહના જે સભાસદોએ પોઝીટીવલી વાત મૂકી તેમનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ સંકલ્પ ઉપર મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી સાહેબે જે લાગણી બતાવી અને મારા વ્યસન મુક્તિના કાર્યક્રમ માટે આ ગૃહને અવગત્ કર્યુ તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું અને આ સંકલ્પ ઉપર અન્ય સભ્યો સર્વેશ્રી ધીરુભાઇ ભીલ, ભાનુબેન બાબરીયા, ગૌતમભાઇ ચૌહાણ, વર્ષાબેન દોશી, રમણલાલ પાટકર અને સતીષભાઇ પટેલે ભાગ લીધો તે તમામનો આભાર વ્યક્ત કરું છું અને આ ગૃહને આ ગરીબોના આરોગ્યના વિષયનો આ સંકલ્પ છે એટલે સૌ સભ્યો તે પક્ષીય રાજકારણથી પર ઉઠી આ સંકલ્પનો સર્વાનુમતે સ્વીકાર કરે તેવી સૌને વિનંતી કરું છું.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તમે જે આવક મર્યાદા ૧ લાખ ૨૦ હજાર નકકી કરી છે તે પટાવાળાના પગાર કરતાં ઓછી આવક છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે કલાસ-૩ અને કલાસ-૪ના કર્મચારીઓ પણ આમાં આવરી લેવાય તેટલી ૪.૫૦ લાખની આવક કરો તો અમે સર્વાનુમતે સ્વીકારવા તૈયાર છીએ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વિસના આધાર પર ન કરી શકાય. ખેડૂત હોય, મજૂર હોય કોઇપણ માટે છે. આવકની મર્યાદા રાખી છે તે મને લાગે છે કે ઠીક છે.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં જે આવકનું ધોરણ નકકી કર્યુ છે તે રાખો.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યમ વર્ગ માટે ૧ લાખ ૨૦ હજાર, સામાન્ય વ્યક્તિને ઉચ્ચક પગાર ૫ હજાર હોય તો ૬૦ હજાર થાય એટલે ડો.જોષીયારાજીએ જે વાત મૂકી તેને હું ટેકો આપું છું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે મા વાત્સલ્ય કાર્ડ હેઠળ જયારે દર્દી સારવાર લેવા જાય ત્યારે અને બે લાખ રૂપિયાની સારવારનો ખર્ચ સરકાર ભોગવે છે તેવી જાહેરાત કરી છે પણ આવા દર્દીઓ જયારે એન્જીયોપ્લાસ્ટી માટે જાય ત્યારે તેમને સાદુ સ્ટેન્ટ મૂકવામાં આવે છે. તેનો ખર્ચ ૩૦ થી ૪૦ હજાર થાય છે. જો તેને મેડિકલવાળું સ્ટેન્ટ મૂકવું હોય તો તેના ખિસ્સામાંથી પૈસા આપવા પડે છે. આવો કિસ્સો મેં જાતે જોયેલ છે. તો આવા દર્દીઓને નાણાંકીય રકમ પરત કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જો કોઇ તેવી ત્રુટિ હશે તો પોઝિટીવલી વિચારીશું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

**'' સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૪થી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું ''**

તા.૪થી માર્ચ, ૨૦૧૬

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૬**

**ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે**

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

કેન્દ્ર સરકારે અંત્યોદય યોજના હેઠળ ફાળવેલ જથ્થો

* ૨૧૦૬૧ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કેન્દ્ર સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ કેટલો અનાજનો જથ્થો રાજ્યમાં ફાળવવામાં આવ્યો, અને

(૨) આ જથ્થામાંથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો ?

જવાબ

(૧) કેન્દ્ર સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ નીચે મુજબનો કુલ ૬૪૮૦૯૯ મે. ટન અનાજનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

(આંકડા મે. ટન)

| વર્ષ | ઘઉં | ચોખા | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૭૫૬૩૮ | ૧૪૮૧૫૨ | ૩૨૩૭૯૦ |
| ૨૦૧૫ | ૧૭૬૦૨૨ | ૧૪૮૨૮૭ | ૩૨૪૩૦૯ |
| | | કુલ | ૬૪૮૦૯૯ |

(૨) પાટણ જિલ્લામાં તાલુકાવાર-વર્ષવાર નીચે મુજબનો જથ્થો ફાળવવામાં આવ્યો.

(આંકડો મે. ટન)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | ઘઉં | ચોખા |
| ૧ | સાંતલપુર | ૫૬૬ | ૪૮૩ | ૫૭૨ | ૪૮૧ |
| ૨ | રાધનપુર | ૧૦૦૩ | ૮૫૬ | ૧૦૨૧ | ૮૬૦ |
| ૩ | સિધ્ધપુર | ૪૧૪ | ૩૫૩ | ૪૨૭ | ૩૫૯ |
| ૪ | પાટણ | ૧૧૦૨ | ૯૪૪ | ૯૩૮ | ૭૯૦ |
| ૫ | હારીજ | ૫૫૮ | ૪૭૬ | ૫૮૪ | ૪૯૨ |
| ૬ | સમી | ૪૬૪ | ૩૯૭ | ૩૭૨ | ૩૧૪ |
| ૭ | ચાણસ્મા | ૪૦૯ | ૩૪૯ | ૪૧૮ | ૩૫૨ |
| ૮ | શંખેશ્વર | ૧૩૫ | ૧૧૪ | ૨૩૨ | ૧૯૫ |
| ૯ | સરસ્વતી | ૨૭૯ | ૨૩૫ | ૪૮૦ | ૪૦૪ |
| | કુલ | ૪૯૩૦ | ૪૨૦૬ | ૫૦૪૩ | ૪૨૪૬ |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આપના જવાબ એકમાં ૨૦૧૪ અને ૨૦૧૫ના જે આંકડા આપ્યા છે એ આંકડા આ એક યોજના સાથેના છે કે અંદર બી.પી.એલ.નું કેન્દ્ર સરકારમાંથી જે પૂરેપૂરું આવે છે તેના ભેગા આંકડા છે? બીજો મારો પ્રશ્ન એ છે કે, જો બંને ભેગા હોય તો આ યોજનામાં માત્ર ૩૩ ટકા અનાજ ગુજરાતને મળી રહ્યું છે. એનો અર્થ એવો થયો કે કેન્દ્ર સરકાર આપણને અન્યાય કરે છે અથવા કોઇ કારણસર આપણે એટલો જથ્થો માગતા નથી જેના કારણે આપણને પૂરો જથ્થો મળતો નથી, અને ત્રીજો મારો પ્રશ્ન છે કે ૨૦૧૫માં આપણી અંદાજેલી રકમ ૪૦ કરોડ રૂપિયા હતી એ માત્ર ૨૦ કરોડ રૂપિયા જ વપરાય છે એનું શું કારણ છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં એમ કહ્યું છે કે, અંત્યોદય, તો એ જે કોઠામાં બતાવ્યું છે એ અંત્યોદય યોજના હેઠળનો અનાજનો કોઠો છે એટલે બાકીની બધી યોજનાઓનું અનાજ એમાં દર્શાવેલ નથી. તમારે જો એ માહિતી જોઇતી હોય તો કહું, કુલ અનાજ જે ફાળવણી કરીએ છીએ એ ૨૨,૬૨,૩૨૧ મે.ટનની કરીએ છીએ અને એમાંથી ઉપાડ થાય છે ૧૯,૩૧,૨૮૧ મે.ટન. એમનો બીજો પ્રશ્ન છે કે, ૩૩ ટકા જ અનાજ ઉપાડવામાં આવે છે. સન્માનીય ગૃહને જણાવતા મને આનંદ થશે કે, કેન્દ્ર સરકાર જેટલો પણ જથ્થો ફાળવે છે એનો સોએ સો ટકા અંત્યોદય અને બી.પી.એલ.નો આપણે ઉપાડ કરીએ છીએ અને ફાળવીએ છીએ.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કેન્દ્ર સરકાર તરફથી વર્ષ ૨૦૧૪–૨૦૧૫માં યોજનાવાર અનાજની કેટલી ફાળવણી કરવામાં આવી છે? તે પૈકી કેટલો ઉપાડ કરવામાં આવ્યો છે? બીજો મારો પ્રશ્ન છે કે, કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતા અનાજનો કોઇ નમૂનો છે કે કેમ? અને આ ફાળવણી કેવી રીતે થાય છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને આજે હમણા જ આગળ જણાવ્યું છે કે, ઘઉંનો જથ્થો જે છે તેની ફાળવણી ૧૬,૩૭,૮૦૮ મે.ટન થાય છે એની સામે એનો ઉપાડ ૧૪,૧૭,૬૭૮ મે.ટન થાય છે, ચોખાની ફાળવણી ૬,૨૪,૫૧૩ મે.ટન થાય છે અને ઉપાડ થાય છે ૫,૧૭,૬૦૩ મે.ટન આમ, કુલ ૨૨,૬૨,૩૨૧ મે. ટન અનાજની ફાળવણી થાય છે એની સામે ઉપાડ થાય છે ૧૯,૩૧,૨૮૧ મે.ટન.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી છે કે, ૨ રૂપિયે કિલો આપણને ઘઉં વગેરે જ્યારે મળતું હોય ત્યારે સરકારે એના જેટલા લાભાર્થીઓ છે એટલું પૂરેપૂરું અનાજ કેન્દ્ર સરકાર પાસેથી માગવું જોઇએ અને એટલું જ અનાજ નીચે સુધી પહોંચે એવું આયોજન કરવું જઇએ. આ એક સરસ યોજના છે જેના કારણે આટલા બધા લોકોને લગભગ ૨૭ લાખ એના લાભાર્થી છે એને આટલું સસ્તુ અનાજ મળી શકે તેમ છે અને આમાં આ લોકોને ફાયદો થઇ શકે તેમ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, કેન્દ્ર પાસે પૂરેપૂરું અનાજ માગો છો કે કેમ? અને બીજું આટલી સરસ ગરીબ અને અતિ ગરીબ લોકો માટેની યોજના હોય તો સરકાર પૂરેપૂરા પૈસા કેમ વાપરવા માગણી નથી? અને એમાં ૪૦ કરોડ રૂપિયામાંથી ૨૦ કરોડ રૂપિયા જ વપરાયા છે એનું કારણ શું?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આ ખર્ચ જે બતાવ્યો છે તે ટ્રાન્સપોર્ટનો ખર્ચ થાય છે અનાજ ખરીદીનો ખર્ચ થતો નથી. કેન્દ્ર આપણને જે અનાજ આપે છે એના પૂરેપૂરાં પૈસા આમાં કેન્દ્ર આપે છે. બીજું આપણે જે કેન્દ્ર પાસે અનાજ માગીએ છીએ એ સોએ સો ટકા અનાજ આપણને કેન્દ્ર આપે છે એમાં કોઇ ઓછું આપવાનું કે ૩૩ ટકા અનાજ આપે છે એવું નથી, પણ જે પ્રમાણે દુકાનદારો પરમિટ ઇસ્યૂ કરે અને ડીમાન્ડ કરે એ પ્રમાણે માલ આપીએ છીએ એટલે એમને એવું લાગે છે કે ૩૩ ટકા જ માલનો ઉપાડ થાય છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આજે અંત્યોદય કુટુંબોને જે ૩૫ કિલો અનાજ આપવામાં આવે છે તે શું ભાવથી આપવામાં આવે છે અને સબસિડી કેટલી છે ? સાથે સાથે મારે એ પણ જાણવું છે કે, સમગ્ર રાજયમાં ડિસેમ્બર–૨૦૧૪ થી ડિસેમ્બર–૨૦૧૫ સુધીમાં આ અંત્યોદય કાર્ડ ધારક લાભાર્થીઓ જે છે તેમાં કેટલો વધારો રાજયમાં અને પાટણ જિલ્લામાં થયો ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય કુટુંબમાં ૩૫ કિલો અનાજ આપવાની યોજના છે અને તેમાં સબસિડી પણ છે. તેમાં કેન્દ્ર સરકારથી જે ભાવ ઇશ્યુ થાય છે તે ઘઉંના ૨ રૂપિયા છે અને ચોખાના ૩ રૂપિયા પ્રમાણે ભાવ ઇશ્યુ થાય છે. નિગમને જે પડતર કિંમત પડે છે ટ્રાન્સપોર્ટ અને બાકીનો ખર્ચ તો ૩ રૂપિયા અને ૨૨ પૈસા અને ચોખામાં ૪ રૂપિયા અને ૩૦ પૈસા. એટલે રાજય સરકાર જે વિતરણ કરે છે તે ૨ રૂપિયા અને ૩ રૂપિયાએ જ કરે છે તેમાં સબસિડી સરકાર જે ભોગવે છે તે ઘઉંની અંદર ૧ રૂપિયો અને ૨૨ પૈસા અને ચોખામાં ૧ રૂપિયો અને ૩૦ પૈસા. તેમના બીજા જવાબની અંદર પાટણ જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળના કાર્ડ ધારકો અને રાજય સરકારના તો ડિસેમ્બર–૨૦૧૪માં અંતિતમાં ૭ લાખ ૭૧ હજાર ૩૩૩ કુલ કાર્ડ ધારકો હતા અને તેમાંથી ડિસેમ્બર–૨૦૧૫ અંતિત ૭ લાખ ૯૨ હજાર ૯૯૯ એટલે કે ૨૧,૬૬૬ કાર્ડ ધારકોની સંખ્યા વધી છે. એવી રીતે પાટણમાં પણ ૨૧,૯૭૬ કાર્ડ ધારકો હતા ૨૦૧૫ અંતિત ૨૨,૨૧૬ એટલે ૨૪૦ કાર્ડ ધારકો વધ્યા છે.

### રાજયમાં ગ્રાહક સુરક્ષા સંબંધમાં ટેલીફોનિક ફરિયાદો

* ૨૨૩૧૫ શ્રી સુરેશ પટેલ (મણીનગર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રાહક સુરક્ષા સંદર્ભે ગ્રાહકો રાજ્યના કોઇ પણ સ્થળેથી ટેલીફોન દ્વારા સીધી ફરિયાદ કરી શકે તે માટે રાજ્ય કક્ષાએથી તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, | (૧) ગ્રાહકો ટેલીફોન દ્વારા ગ્રાહક સુરક્ષા અંગેની ફરિયાદો કરી શકે તે માટે રાજ્ય ગ્રાહક હેલ્પલાઇન ટોલ ફ્રી નં. ૧૮૦૦–૨૩૩–૦૨૨૨ તા. ૨૩–૧૨–૨૦૦૮ થી કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો મળી, | (૨) ૧૧૪૦૦. |
| (૩) તે પૈકી કેટલી ફરિયદોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૩) ૧૧૪૦૦. |
| (૪) કેટલી ફરિયાદો પડતર છે? | (૪) એક પણ ફરિયાદ પડતર નથી. |

શ્રી સુરેશભાઇ ઘ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, રાજય ગ્રાહક હેલ્પ લાઇન કયા વર્ષથી શરૂ કરવામાં આવી ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આ રાજય ગ્રાહક હેલ્પ લાઇન ચલાવવા છેલ્લા ૩ વર્ષથી કેટલી નાણાકીય સહાય ફાળવવામાં આવી ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી છે તેના જવાબમાં જ મેં જણાવ્યું છે કે, ૨૩-૧૨-૦૮થી આ શરૂ કરવામાં આવી છે. આમાં છેલ્લા ૩ વર્ષમાં જે નાણાકીય સહાય ફાળવી છે તેમાં ૨૦૧૩-૧૪માં ૧૨ લાખ, ૨૦૧૪-૧૫માં ૧૨ લાખ અને ૨૦૧૫-૧૬માં ૧ લાખની નાણાકીય સહાય ફાળવવામાં આવેલ છે. અને બાકીની રકમ જે છે તે Consumer Education Research Centre (CERC) અમદાવાદની દરખાસ્તને ધ્યાને લઇને કાપાગ દ્વારા બાકીની નિધિમાંથી ચૂકવવામાં આવે છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજય ગ્રાહક હેલ્પ લાઇનમાં ઇન્ટરનેટ સર્વિસીઝ બાબતે કેટલી ફરિયાદો મળી ? અને મારે બીજુ જાણવું છે કે, રાજય ગ્રાહક હેલ્પ લાઇનમાં લાઇફ ઇન્સ્યુરન્સ બાબતે કેટલી ફરિયાદો મળી ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ટરનેટ સર્વિસ ક્ષેત્રમાં ૧૯૨ ફરિયાદો આપણને મળી છે અને લાઇફ ઇન્સ્યુરન્સ ક્ષેત્રમાં ૨૨ ફરિયાદો આપણને મળી છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગ્રાહક હેલ્પ લાઇનની અંદર બેન્કીંગ સેવા અને એજયુકેશનલ સેવાઓ બાબતે કેટલી ફરિયાદો આપણને મળી ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, બેન્કીંગ ક્ષેત્રમાં ૨૦૫ ફરિયાદો આપણને મળી છે અને એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ ક્ષેત્રમાં ૧૮૩ ફરિયાદો આપણને મળી છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ગ્રાહકો ટેલીફોન દ્વારા ગ્રાહક સુરક્ષા અંગે જે ફરિયાદ કરે છે એમાંથી કેટલી ફરિયાદોનો જવાબ કરવામાં આવ્યો, ખાલી નિકાલ કરવામાં આવ્યો છે એટલે એનું રિઝલ્ટ શું મળ્યું અને મહિલાઓની કેટલી ફરિયાદો મળી?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કેટલી બહેનોની ફરિયાદો અને કેટલી ભાઇઓની ફરિયાદો આવી એવી જુદી ફરિયાદો આવતી નથી. આમાં જે ફરિયાદ કરવામાં આવે છે એ જુદા જુદા વિષયો ઉપર જાણકારી માટે કરે છે , અને જેવો ફોન આવે કે તરત જ એને માર્ગદર્શન આપવાનું હોય છે. એટલે એમાં નિયમ-અધિનિયમની જાણકારી માટે ગ્રાહક સુરક્ષાની ફરિયાદ માટેની કોઇ માહિતી જોઇતી હોય તો એ ફોન ઉપર તરત જ એને જાણકારી કરવામાં આવે છે. એ ફરિયાદ કયાં કરવાની, તેની પણ જાણકારી કરવામાં આવે છે, ફોરમમાં કરવાની કે કમિશનમાં કરવી છે એનું જો પૂછે તો એનું માર્ગદર્શન મળે છે, અને એની જાણકારી અહીંયાંથી એકલી નહીં પણ ગ્રાહક સુરક્ષા મંડળો, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અને કાનૂની માપ વિજ્ઞાન નિયંત્રક એટલે તોલમાપ દ્વારા ફરિયાદો સાંભળવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજય ગ્રાહક હેલ્પ લાઇન ઉપર કેટલા પ્રકારના ક્ષેત્રોની માહિતી માગવામાં આવી, બીજું રાજય ગ્રાહક હેલ્પ લાઇનમાં ખેતીવાડી બાબતમાં કેટલી ફરિયાદો મળી?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં ૪૬ પ્રકારની જુદા જુદા ક્ષેત્રોની ફરિયાદો આપણને મળી છે, અને આની અંદર ખેતીવાડી ક્ષેત્રની ૧૯૭ ફરિયાદો મળી છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ખાલી માહિતી માટેની જ આ સુવિધા છે કે નિકાલની પણ સુવિધા છે? અને જો ફરિયાદ આવે છે તો શિક્ષણની કઇ કઇ જાતની ફરિયાદો આવી અને મહિલાઓની કયા પ્રકારની ફરિયાદો આવી અને એમાં શું નિકાલ કર્યો?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે, આ ગ્રાહક સુરક્ષાની અંદર કોઇ છેતરાયા હોય તો ગ્રાહકે કયાં જવું એની ખબર હોતી નથી, એટલે એનું માર્ગદર્શન મેળવવા ફરિયાદ કરવા કયાં જવાનું, કેટલી ફી છે, કેવી રીતે કરવાનું છે, કયા ફોર્મમાં ભરવાનું છે, કોણ એના અધિકારી છે, એ બાબતની ફરિયાદના આમાં ફોન આવતા હોય છે અને એનું માર્ગદર્શન આપવામાં આવતું હોય છે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ હેલ્પ લાઇન પરથી ફોન કરવાથી કોઇ ચાર્જ લાગે છે કે કેમ? બીજું, કયા પ્રકારની માહિતીઓ એમાંથી ઉપલબ્ધ થાય છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે, આ વિનામૂલ્યે ફોન કરી શકાય છે, એમાં કોઇ ચાર્જ લાગતો નથી અને આ હેલ્પ લાઇન દ્વારા હમણાં જ મેં જાણકારી આપી છે કે, આની અંદર કોઇ ફરિયાદનું માર્ગદર્શન જોઇતું હોય તો તેના માટે ફોન કરે તો માર્ગદર્શન આપવામાં આવે છે,એની જાણકારી પણ આપે છે, ફરિયાદ કયાં કરવાની છે તેની વિગતો આપવામાં આવે છે, કઇ જગ્યાએ ફોરમ કે કમિશન આવ્યું છે કે કયા અધિકારી છે, ઓફિસ છે, એનું માર્ગદર્શન આપવામાં આવે છે અને અન્ય કોઇ અધિકારીઓ દ્વારા ફરિયાદ નીચે પણ જયાંથી એ ફરિયાદ કરતા હોય, ફોન કરતા હોય ત્યાં પણ એની ફરિયાદ લેવાય તો એનું પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

### જસદણ અને વિંછીયા તાલુકામાં ગ્રાન્ટેડ કોલેજો

* ૨૨૦૬૯ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જસદણ અને વિંછીયા તાલુકામાં ક્યા પ્રકારની કેટલી ગ્રાન્ટેડ કોલેજો કાર્યરત છે, અને | (૧) એક પણ નથી. |
| (૨) જો એકપણ ગ્રાન્ટેડ કોલેજ ન હોય તો આ તાલુકામાં ગ્રાન્ટેડ કોલેજ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે શાં પગલાં લીધાં? | (૨) ગ્રાન્ટેડ કોલેજ આપવાની નીતિ સરકારે બંધ કરેલ છે. ખાનગી સંસ્થાઓ હોવાથી અનુદાનિત કોલેજ આપવાની રહેતી નથી. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, જસદણ અને વિંછીયા વિસ્તારમાં તાલુકા કક્ષાએ એક પણ સરકારી કોલેજ નથી. મેં સરકારમાં પણ આ પ્રશ્ન પૂછ્યો હતો તો સરકારમાંથી જવાબ મળે છે કે, ખાનગી સંસ્થા હોવાના નાતે સરકાર ગ્રાન્ટેડ કોલેજ આપવા સહમત નથી એવી નીતિ ઘડી છે. આ બંન્ને તાલુકા શૈક્ષણિક રીતે પછાત છે, ત્યાંના વિદ્યાર્થીઓને ખાનગી સંસ્થાવાળા બધા જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા નથી. એની કેપેસીટી ઓછી છે, તો આ બાકી રહેતા વિદ્યાર્થીઓ માટે આવતા દિવસોમાં સરકાર ગ્રાન્ટેડ કોલેજ કરવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ગ્રાન્ટેડ કોલેજ આપવાની નીતિ બંધ કરેલી છે. આ તાલુકાની અંદર ૨૭ કોલેજ ગ્રાન્ટેડ, ૧૩ કોલેજો ખાનગી અને એમાંય જસદણમાં બી.એડ. કોલેજ, આર્ટસ અને કોમર્સ કોલેજ, બીજી પણ આર્ટસ કોલેજ વગેરે કોલેજો આવેલી છે. વિદ્યાર્થીઓની સંખ્યા જો વધારે થાય તો યુનિવર્સિટી મારફતે વધારાના વર્ગો ચાલુ કરીને વિદ્યાર્થીઓના પ્રવેશની ચિંતા કરવામાં આવે છે. એટલે મારે એક બીજી વાત કરવી છે કે આ રાજય સરકારે એક અભિનંદનીય કાર્ય શરૂ કર્યું છે કે રાજયના દરેક તાલુકામાં સરકારી કોલેજોનું આયોજન તબક્કાવાર કામ કરવાનું શરૂ કર્યું છે. એટલે જયારે ત્યાં જરૂર લાગશે ત્યારે કરી શકાશે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : હું માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ બાબતમાં શું આયોજન કરવામાં આવેલ છે?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : ઉચ્ચ શિક્ષણ માટે રાજય સરકારે ખૂબ સુંદર મજાના પ્રયત્નો કરીને આ રાજયને શિક્ષણના આધાર ઉપર ખડું કરવાનો પ્રયત્ન કર્યા છે. સમગ્ર રાજયમાં ૭૨ સરકારી કોલેજો, ૩૬૫ અનુદાનીત કોલેજો અને સન ૨૦૧૪–૧૫માં આદિજાતિ વિસ્તારમાં ૮ નવા એકસટેન્શન સેન્ટરો એટલે કે નવી કોલેજો ચાલુ કરવાનો સરકારે નિર્ણય કર્યો હતો જે સન ૨૦૧૬–૧૭માં આઠ નવી કોલેજો પૂર્ણ કોલેજ તરીકે ચાલુ કરવાનું કામ પૂરું થયું છે. સન ૨૦૧૬–૧૭માં નવી ૧૬ સરકારી કોલેજો આપવાની મંજૂરી લીધી છે અને નવા તાલુકા સહિત જયાં સરકારી કોલેજ ન હોય ત્યાં તબક્કાવાર સરકારી કોલેજ શરૂ કરી શકશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એવા તાલુકાઓ છે કે જયાં એક પણ કોલેજ નથી. સરકારે આ નીતિ કયા વર્ષમાં કઇ તારીખે પરિપત્ર બહાર પાડીને બંધ કરી? સરકારશ્રીને મારી વિનંતી છે કે એણે માત્રા આના માટે બે કરોડ રૂપિયા જ ફાળવ્યા છે. બજેટમાં માત્ર બે ટકાનો જ વધારો કર્યો છે. જે અતિ પછાત તાલુકા છે જયાં આવી કોઇ વ્યવસ્થા નથી તો ત્યાં સરકારી કોલેજ થાય તે માટે શું કરવા માગો છો? બે કરોડ રૂપિયામાં શું થાય તો રકમ વધારીને આવા તાલુકાઓમાં ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : દર વર્ષે દસ સરકારી કોલેજો કરવાનું વિચાર્યું છે. ગયા વર્ષે આદિજાતિ વિસ્તારમાં આઠ એકસટેન્શન સેન્ટરો કરીને આ વર્ષે કોલેજો ચાલુ થશે. આ વર્ષે જે તાલુકામાં નથી ત્યાં કોલેજો આપવામાં આવી છે. અમે ટ્રાયબલ વિસ્તારને ત્રણ વધારાની એટલે ૧૦ વત્તા ૬ આપવાનું નક્કી કરેલ છે. ગયા વર્ષથી આ કોલેજો ચાલુ કરી છે એટલે પરિપત્રની તારીખ મારી પાસેથી લઇ લેજો.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : રાજકોટ જિલ્લામાં કેટલી સરકારી, કેટલી ખાનગી અને કેટલી ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો આવેલી છે. ખાસ કરીને જસદણ તાલુકામાં કઇ કઇ ફેકલ્ટીની કેટ કેટલી કોલેજો આવેલી છે?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : આખાય રાજકોટ જિલ્લામાં પાંચ સરકારી કોલેજો છે. ૨૭ ગ્રાન્ટેડ કોલેજો છે અને ૧૩ ખાનગી કોલેજો છે. જસદણમાં બી.એડ કોલેજ ગોપાલધામ બી.એ. ફેકલ્ટીની, એમ.ડી.કહર રાજસીંગ કોમર્સ કોલેજ જસદણ આટર્સ એન્ડ કોમર્સ ફેકલ્ટીની અને આર્ટસ એન્ડ કોમર્સ જસદણ આટર્સ એન્ડ કોમર્સ ફેકલ્ટીની કાર્યરત છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સરકાર નવી કોલેજો શરૂ કરવાની જાહેરાત કરી રહી છે. પણ ગયા વર્ષે ૧૩ નવી કોલેજો ચાલુ કરવાની જાહેરાત કરી હતી એમાં આચાર્ય નથી, અધ્યાપકો નથી, કારકુન નથી, પટાવાળા નથી અને સાથે સાથે મકાન પણ નથી. માત્ર ટોકન ગ્રાન્ટ ફાળવણીની જાહેરાત કરી છે કે અમે આ વર્ષે આટલી કોલેજો ચાલુ કરીશું. તો ખરેખર વાસ્તવિક ધોરણે પૂરતું ફંડ ફાળવીને પૂરતા મહેકમ સાથે સરકારી કોલેજો ચાલુ કરવા માગો છો કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : મેં અગાઉ પણ મારી વાતમાં કહ્યું કે ગયા વર્ષે સરકારી કોલેજોની ફાળવણી કરી હતી એ તાત્કાલિક ધોરણે ચાલુ કરવા માટેનું નક્કી કરેલ એટલે એ તમામ જગ્યાએ એકસટેન્શન સેન્ટરો ચાલુ કર્યા હતા એટલે નજીકની સરકારી કોલેજોના પ્રાધ્યાપકો ત્યાં વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે એટલે આ રીતે કર્યું હતું પરંતુ આ વર્ષે આ જૂનમાં કોલેજો તરીકે જ કાર્યરત થઇ જશે.

રાજકોટ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ

* ૨૧૯૮૬ શ્રી ઇન્દ્રનિલભાઇ રાજ્યગુરૂ (રાજકોટ (પૂર્વ)) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે?

જવાબ

| રાજકોટ શહેર | | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ |
| પ્રાથમિક | ૮૧ | ૧૦ | ૭૪૨ |
| માધ્યમિક | ૦૩ | ૮૬ | ૧૮૬ |
| ઉચ્ચતર માધ્યમિક | ૦૩ | ૪૩ | ૨૪૫ |

| રાજકોટ જિલ્લો | | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ |
| પ્રાથમિક | ૮૭૩ | ૦૦ | ૫૭૨ |
| માધ્યમિક | ૨૦ | ૧૮૬ | ૯૯ |
| ઉચ્ચતર માધ્યમિક | ૧૬ | ૫૯ | ૧૩૩ |

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના આંકડા આપ્યા છે. તેમાં નોન ગ્રાન્ટેડ એટલે કે પ્રાઇવેટ સ્કૂલોની સંખ્યા ઘણી વધારે છે અને ગ્રાન્ટેડ સ્કૂલોની સંખ્યા ઓછી છે. ખાનગી શાળાઓમાં કેટલી ફી હોય છે અને બાળકને ભણાવવામાં પૅરેન્ટ્સને મોંઘું પડે છે એ સર્વવિદિત છે. આમાં ઘણાં અનુભવી પણ છે. આપણે કોઇ એવી નીતિ કરવા માગીએ છીએ કે પ્રાઇવેટ સ્કૂલમાં કોઇ ફી ફીક્સ થાય અથવા તો આપણી ગ્રાન્ટેડ સ્કૂલો વધે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે ગ્રાન્ટેડ સ્કૂલો કરવાની સરકારની વિચારણા છે કે કેમ? તો હાલમાં નવી ગ્રાન્ટેડ સ્કૂલો આપવાની નીતિની કોઇ વિચારણા સરકારમાં નથી. તેમનો બીજો પ્રશ્ન એવો છે કે ખાસ કરીને શહેરી વિસ્તારમાં ખાનગી શાળાઓ વધતી જાય છે. તેમાં ફીના ધોરણને નિયંત્રિત કરવા માટે સરકાર કોઇ પગલાં લેવા માગે છે કે કેમ? તો ફીનું ધોરણ નિયત કરવા માટે કોઇ પણ ખાનગી શાળા હોય તેનું જે ફીનું સ્ટ્રક્ચર હોય તેના ૧૦ ટકા કરતા વધારે એક સાથે ફીનો વધારો કરી શકતા નથી. બીજું, જ્યારે કોઇ વધારે ફી લેતા હોય ત્યારે તેનો એક માત્ર ઉપાય એ છે કે હરિફાઇનું તત્વ વધારવાનું, એટલે ખાનગી શાળાઓની અંદર અત્યારે હરિફાઇનું તત્વ ખૂબ દાખલ થયું છે એટલે શાળાઓમાં અંદરોઅંદર જ હરિફાઇ થઇ છે એટલે ફીનું સ્ટ્રક્ચર આપોઆપ નિયંત્રણમાં રહે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે જવાબમાં જે શાળાઓ આપેલી છે તે શાળાઓમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેટલી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : શાળાઓની સંખ્યા ૧૩૧૪ છે અને વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૫૧,૪૧૯ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું જાણવા માગું છું કે આ ગતિશીલ ગુજરાતમાં સરકારની ગતિ ધીરે ધીરે ઘટતી જાય છે અને..

અધ્યક્ષશ્રી : આપ પશ્ન ઉપર આવી જાવ, નહીં તો આપને બેસાડી દઇશ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : રાજકોટ જિલ્લામાં અને શહેરમાં કુલ ૧૯૭૭ નોન ગ્રાન્ટેડ શાળાઓ આવેલી છે. ધીરે ધીરે નોન ગ્રાન્ટેડ શાળાઓનું પ્રમાણ વધતું જાય છે ત્યારે શું સરકારી શિક્ષણનું પ્રમાણ ઘટતું જાય છે અને તેના કારણે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં બાળકો અભ્યાસ ઓછો કરે છે એ વાત સાચી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સરકારી શાળામાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે એ આજની તારીખે પણ વધારે છે. રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓ કરતા સરકારી પ્રાથમિક શાળાઓમાં મેં જે કહ્યું કે ૨,૫૧,૪૧૯ વિદ્યાર્થીઓ ભણે છે જયારે માધ્યમિકમાં ૧૧૨૩. ઉચ્ચત્તર માધ્યમિકમાં ૨૫૯૪, ગ્રાન્ટેડમાં ૩૬૫૪૧, ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડમાં ૨૯૧૩૨, નોન ગ્રાન્ટેડમાં પહેલા મેં સંખ્યા કહી એના પ્રમાણમાં ૪૨૪૫૩ અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૪૨૧૦૦. એટલે ટોટલ પ્રાથમિક અને માધ્યમિકમાં સરકારી શાળાઓમાં વધારે બાળકો અભ્યાસ કરે છે.

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાનું સંવર્ગવાર મહેકમ

* ૨૨૩૬૩ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ જલદી. |

પત્રક

વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો

| તાલુકો | સંવર્ગનું નામ | મંજૂર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|
| વલસાડ | આચાર્ય | ૦૧ | ૦૧ | જૂન–૨૦૧૧ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૦૩ | ૦૧ | જૂન–૨૦૧૧ |
| | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૦૪ | ૦૨ | જૂન–૨૦૧૩ |
| પારડી | આચાર્ય | ૦૨ | ૦૨ | જૂન–૨૦૧૧ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૦૬ | ૦૧ | જૂન–૨૦૧૧ |
| ઉમરગામ | આચાર્ય | ૦૨ | ૦૨ | જૂન–૨૦૧૧ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૧૧ | ૦૬ | જૂન–૨૦૧૧ |
| | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૦૪ | ૦૪ | જૂન–૨૦૧૩ |
| કપરાડા | આચાર્ય | ૧૩ | ૧૩ | જૂન–૨૦૦૯ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૩૯ | ૨૬ | જૂન–૨૦૦૯ |
| | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૨૪ | ૧૬ | જૂન–૨૦૦૯ |
| | જુ. કારકુન | ૧૧ | ૧૧ | જૂન–૨૦૦૯ |
| | પટાવાળા | ૧૧ | ૧૧ | જૂન–૨૦૦૯ |
| ધરમપુર | આચાર્ય | ૦૬ | ૦૬ | જૂન–૨૦૦૯ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૧૮ | ૧૧ | જૂન–૨૦૦૯ |
| | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૦૮ | ૦૪ | જૂન–૨૦૧૩ |
| | જુ. કારકુન | ૦૫ | ૦૫ | જૂન–૨૦૦૯ |
| | પટાવાળા | ૦૫ | ૦૫ | જૂન–૨૦૦૯ |

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એમ કહે છે કે, ડ્રાઇવર વગર ગાડી ન ચાલે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આચાર્યનું કુલ મહેકમ૧૩ છે અને ખાલી ૧૩ છે. મદદનીશ શિક્ષક ૩૯ છે અને ખાલી ૨૬ છે એટલે ૧૩ જ જગ્યાઓ ભરાયેલ છે. મદદનીશ શિક્ષકોની અત્યારે ઉચ્ચતર માધ્યમિકમાં ૨૪માંથી ૧૬ ભરાયેલ છે. ક્લાર્ક અને પટાવાળાઓ તો કોઇ જ નથી. મદદનીશ શિક્ષકે જ ક્લાર્કનું કામ કરવાનું, પટાવાળાનું કામ કરવાનું અને આચાર્યનું પણ કામ કરવાનું, એણે જ વહેલા ઓફિસે જવાનું. કપરાડા તાલુકામાં બે શાળાઓ વચ્ચે ૨૦–૨૦ કિ.મી.નું અંતર હોય છે. એટલે ધરમપુર અને કપરાડા તાલુકાના બાળકોને અભણ રાખવાના છે અને આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગો છો?

શ્રી નાનુભાઇ ભ.વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે એમાં સરકાર જેમ બને તેમ જલદી આ જગ્યાઓ ભરવા માગે છે. શિક્ષકોની ભરતી થયેલી છે પરંતુ કોર્ટ મેટર થવાના કારણે એમની નિમણૂક કરી શકતા નથી અને એ જ રીતે ક્લાર્ક અને પટાવાળાની ટૂંક સમયમાં જ ભરતી થવાની છે. કોર્ટમાં મેટર પૂરી થશે એટલે જેમ બને તેમ જલદી શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ખાલી જગ્યાઓના કારણે શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા ક્યા ક્યા પ્રયત્નો કરવામાં આવ્યા છે?

શ્રી નાનુભાઇ ભ.વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોની જે ઘટ છે એનાથી સરકાર ચિંતિત છે અને શક્ય એટલું નિયમોનુસાર શિક્ષકોની ભરતી કરવા પ્રયત્નશીલ છે. પરંતુ કોઇને કોઇ કારણસર સરકાર એમાં આગળ વધી શકતી નથી. ત્યારે સરકારે હંગામી શિક્ષકો લેવાનો નિર્ણય લીધો છે અને એ મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવાસી શિક્ષકો લેવાની પોલિસિ અમલમાં મૂકી છે અને એ પ્રમાણે શિક્ષકો ભરવાની શરૂઆત થઇ ગઇ છે. આ એક વ્યવસ્થા છે. રેગ્યુલર શિક્ષકોની નિમણૂક થશે ત્યાં સુધી આ પ્રવાસી શિક્ષકો ફરજ બજાવશે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, જુનિયર ક્લાર્ક અને પટાવાળા એટલે કે વર્ગ–૩ અને વર્ગ–૪ની ૩૨ જગ્યાઓ ૨૦૦૯થી ખાલી છે એને આજે સાત વર્ષ થવા આવ્યા છતાં આ જગ્યાઓની ભરતી નહીં થવાના કારણો શું છે?

શ્રી નાનુભાઇ ભ.વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રશ્નના જવાબમાં એના કારણો જણાવ્યા છે. ક્લાર્ક અને પટાવાળાઓની ટૂંક સમયમાં જ ભરતી થવાની છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાલુકાવાર અને વિષયવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને આ સરકારી શાળાઓમાં જગ્યાઓ ખાલી રહેવાના મુખ્ય કારણો શું છે?

શ્રી નાનુભાઇ ભ.વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડમાં માધ્યમિક વિભાગમાં મંજૂર મહેકમ ૩ છે અને ખાલી ૧ છે, ધરમપુરમાં મંજૂર મહેકમ ૧૮ છે ખાલી ૫ છે, કપરાડામાં મંજૂર મહેકમ ૩૯ છે અને ખાલી ૧૧ છે, પારડીમાં મંજૂર મહેકમ ૬ છે અને ખાલી ૧ છે, ઉમરગામમમાં મંજૂર મહેકમ ૧૧ છે અને ખાલી ૨ છે. એમાં વિષયવાર જોઇએ તો અંગ્રેજીમાં ૧૫ અને ગણિત–વિજ્ઞાનમાં ૧૦ જગ્યા ખાલી છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે પારડી, ઉમરગામ અને વલસાડમાં જગ્યા ભરેલી છે ફક્ત કપરાડા અને ધરમપુરમાં જ જગ્યા ખાલી છે અને કોર્ટ મેટર કયારથી છે?

શ્રી નાનુભાઇ ભ.વાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, પટાવાળા માટે કોર્ટ મેટર નથી. શિક્ષકો માટે છે. મારી વાત મેં તરત સુધારી લીધી હતી. શિક્ષકની કોર્ટ મેટર છે.

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડીપ્લોમા કે ડિગ્રી એન્જીનીયરીંગ કોલેજો

* ૨૩૪૦૫ શ્રી મેરામણભાઇ આહિર (ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧, ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ એક પણ ડીપ્લોમા કે ડિગ્રી એન્જીનીયરીંગ કોલેજ ન હોવાની હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં હાથ ધરી છે, અને | (૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે પોલીટેકનિક કોલેજ શરૂ કરવા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૩) આ જિલ્લામાં ઉક્ત સગવડ ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે? | (૩) ડિપ્લોમાં પોલીટેકનિક કોલેજ માટે બાંધકામ થયા પછી શરૂ કરવામાં આવશે. |

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અમારા દેવભૂમિ દ્વારકા ગુજરાત રાજયનો છેલ્લામાં છેલ્લો જિલ્લો છે. પછાત જિલ્લો છે તો દેવભૂમિ દ્વારકામાં એન્જીનીયરીંગ કોલેજ શરૂ કરવા માટેની કેટલી રજૂઆતો આવી? રાજય સરકારે એન્જીનીયરીંગ કોલેજ ન કરવા અને પાર્ટનરશીપ ચાલુ કરવાના કારણો કયા અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રી ઉદ્યોગને જમીન કયા ભાવે આપવામાં આવી? આ કોલેજ પાર્ટનરશીપથી ચાલુ કરવાના કારણો કયા?

પ્રો વસુબેન ન. ત્રિવેદી: માનનીય અધ્યક્ષશ્રી, દ્વારકા જિલ્લો સૌનો જિલ્લો છે. આ રાજયની સરકારે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ શિક્ષણ મંત્રી હતા ત્યારથી જગ્યાઓ માટે, કોલેજો માટે કોઇએ માગણી કરવી પડી નથી. દ્વારકા જિલ્લો હમણાં જ જામનગરથી જુદો પડયો એટલે ત્યાં એન્જીનીયરીંગ કોલેજ શરૂ કરવાની વિચારણા સરકારમાં જિલ્લો જુદો નહોતો પડયો ત્યારે પણ હતી. આ રાજયમાં પી.પી.પી.ના ધોરણે ડીગ્રી અને ડીપ્લોમા એન્જીનીયરીંગ કોલેજ સ્થાપવા માટેની યોજના રાજય સરકારની છે અને એમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રી સાથે પી.પી.પી.ના મોડ ઉપર આ ચાલુ કરવા માટેની યોજના કરેલી છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજયની અંદર પી.પી.પી.ના ધોરણે ડીગ્રી અને ડીપ્લોમા એન્જીનીયરીંગ કોલેજ સ્થાપવા માટેના ધોરણો શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા સરકારી ન હોય તેવી સંસ્થા એવી બાર ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ અને નવ ડિપ્લોમા કોલેજ શરૂ કરવાનો નિર્ણય રાજય સરકારે કરેલો છે. આ કોલેજ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે કાયદા હેઠળ નોંધાયેલ ઔદ્યોગિક ગૃહો, કંપનીઓ ટ્રસ્ટો અથવા સોસાયટીઓ અને રાજય સરકારના જાહેર સાહસોની ભાગીદારીથી સ્થાપવામાં આવે છે. નિયત પ્રક્રિયા પૂર્ણ થાય પછી સંસ્થા કે ડીગ્રી એન્જીનીયરીંગના ૫૦ ટકા અથવા તો

રૂ. દસ કરોડ પૈકી જે ઓછું હોય તે અને પોલીટિકનીકમાં મૂડી કરતા ૫૦ ટકા અથવા પાંચ કરોડ રાજય સરકાર તરફથી તબકકાવાર આપવામાં આવે છે. આ સંસ્થાઓને એ.આઇ.સી.ટી. નવી દિલ્હીના ધારાધોરણ અનુલક્ષીને ડીગ્રી અથવા ડિપ્લોમાં રૂપિયા એકના ટોકન દરે ત્રીસ વર્ષના ભાડા પટ્ટે જમીન ફાળવવામાં આવે છે. આ ભાગીદારી સંસ્થાઓએ આવર્તક ખર્ચ સ્વયં ભોગવવાનો હોય છે. આ સંસ્થાઓની ફી એના માટેની ફી રેગ્યુલારીટી કમીટી દ્વારા નકકી કરવામાં આવે છે. સરકારી કોલેજ કરતા વધુ પરંતુ સ્વનિર્ભર કોલેજ કરતા ઓછી ફી રાખીને નહીં નફો નહીં નુકસાનના ધોરણે ચલાવવાનું કહેવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે રીલાયન્સ ઇન્ડસ્ટ્રીને જયારે જમીન ફાળવવામાં આવી હતી ત્યારે જમીન ફાળવણીના કરાર વખતે વિદ્યાર્થીઓને એન્જીનીયરીંગ કોલેજ ચાલુ થયા પછી ફીમાં રાહત આપવા માટે કોઇ આયોજન થયેલ છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ પી.પી.પી.ના મોડ પર કોલેજ શરૂ કરવાની હતી ત્યારે એમને જામનગર જિલ્લામાંજ બાલાછડી પાસે એક જગ્યા સોંપવાનું નકકી કરવામાં આવેલ હતું. મોટું આયોજન કર્યુ હોવાને કારણે એ જમીન અલગ જગ્યાએ માંગી અને વિદ્યાર્થીઓને એડમીશન આપેલા હતા એમને જામનગર પોલીટિકનીક કોલેજોમાં એડમીશન આપીને એમની ફીમાં પણ રાહત કરીને અભ્યાસક્રમ ચાલુ રાખવામાં આવ્યો હતો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પી.પી.પી.ના ધોરણે આ કોલેજ શરૂ થવા જઇ રહી છે ત્યારે એક તો સરકાર એક રૂપિયાના ટોકન ભાવે ભાડાથી જમીન આપવાની છે. બીજું, એની મંજૂરીની પ્રક્રિયા પણ સરળ થશે કારણ કે આમાં સરકાર ભાગીદાર છે. માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે સરકાર કરતાં વધારે અને સેલ્ફ ફાયનાન્સ કરતાં ઓછી ફી રહેશે. જયારે સરકાર ટોકન ભાવે આટલી મોટી જમીન આપતી હોય અને સરકાર પોતે ભાગીદાર હોય ત્યારે ફીનું ધોરણ સરકારી ધોરણે રાખવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી: માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી વાતમાં કહ્યું કે સરકારી કોલેજો કરતાં વધારે પણ સેલ્ફ ફાયનાન્સ કરતાં ઓછી ફી રાખવામાં આવે છે. આ ફી માટે નિવૃત્ત જજના અધ્યક્ષપણા હેઠળ એની રેગ્યુલેટરી કમિટિ હોય છે અને એમાં આ રીતે જ કરવાનું હોય છે.

રાપર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૨૨૩૦૮ શ્રી પંકજભાઇ મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪-૧૫માં ૮૮૦ હેકટર અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૭૨૫ હેકટર. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૪-૧૫માં રૂા. ૪૯૬.૭૦/- લાખ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રૂ. ૨૦૨.૯૦/- લાખ. |

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, મારા મત વિસ્તારના રાપર તાલુકામાં ૧૬૦૦ હેકટરમાં જે વાવેતર કરવામાં આવ્યું છે એમાં આ રોપાઓના મોનિટરીંગની વિગતો શું છે, મરણનું પ્રમાણ કેટલું હોય છે અને વાવેતર પછી કેટલી વખત એને ગોડવાનું કામ અને નિંદામણનું કામ કરવાનું હોય છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ એમના રાપર તાલુકાની વિગતો માગી છે. મોનિટરીંગની બાબતમાં આગોતરું કામ નર્સરી ચાલુ વર્ષ તેમજ જૂના વાવેતર ઉપરાંત બાંધકામની કામગીરી, ઇકો ટૂરિઝમ અને ઇકો ડેવલપમેન્ટની કામગીરી, સેન્ટર પોઇન્ટ એક્ટિવિટી તેમજ હાઇટેક નર્સરી જેવી તમામ પ્રકારની કામગીરીનું મોનિટરીંગ રાજ્ય તેમજ વર્તુળ કક્ષાએ કરવામાં આવે છે. રોપા મરણ થવાનું કારણ પણ પૂછેલ છે. રોપાઓના મરણ માટે અતિશય ઓછો વરસાદ થવાના કારણે, અનિયમિત વરસાદના કારણે, ચરાણ થવાના કારણે, અમુક વિસ્તારમાં દવ લાગવાના કારણે, ક્યારેક રોગ અને ઉધઇ જેવા રોગના કારણે એનું મરણ થાય છે. ખેડાણથી પણ થાય છે અને બિન અધિકૃત દબાણ થવાના કારણે રોપાઓનું મરણ થતું હોય છે. નીલ ગાય જેવા જંગલી પ્રાણીઓના કારણે પણ નુકસાન થતું હોય છે. વાવેતરમાં રોપાના તંદુરસ્ત ઉછેર માટે ગોડ અને નિંદામણ પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષનું વાવેતર હોય ત્યારે વર્ષમાં ત્રણ વખત એનું ગોડાણ અને નિંદામણ કરતા હોય છે. એક વર્ષ જૂનું વાવેતર હોય તો વર્ષમાં બે વાર કરીએ છીએ અને બે વર્ષ જૂનું વાવેતર હોય તો એક વાર એનું ગોડાણ અને નિંદામણ કાર્ય કરીએ છીએ.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, રાપર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગની કઇ કઇ યોજનામાંથી કેટલું વાવેતર થયેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : રાપર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૬ જેટલી યોજનાઓના માધ્યમથી આપણે કામગીરી કરીએ છીએ. આમાં ભૂમિ અને ભેજ સંરક્ષણ બિન આદિવાસી વિસ્તારમાં ૨૦૧૪-૧૫માં ૪૨૫ હેકટરમાં કામગીરી કરી હતી. એમાં ૪ લાખ

૩ હજાર રોપાઓનું વાવેતર કર્યું હતું અને ૨૦૧૫–૧૬માં ૬૪૦ હેકટરમાં ૫ લાખ ૮૧ હજાર રોપાઓનું વાવેતર કર્યું હતું. કુલ મળીને આ યોજના અંતર્ગત ૧૦૬૫ હેકટર જમીનમાં ૯ લાખ ૮૪ હજાર રોપાઓનું વાવેતર કર્યું હતું. ૧૩મા નાણાપંચ અંતર્ગત ૨૦૧૪–૧૫ના વર્ષમાં ૭૫ હેકટર જમીનમાં ૭૫ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું અને ૨૦૧૫–૧૬માં કોઇ વાવેતર કરવામાં આવ્યું નથી. એક ઔષધરૂપ ગુગળનું વાવેતર ૨૦૧૪–૧૫માં ૧૦૦ હેકટરમાં ૧ લાખ ૧૫ હજાર રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું અને ૨૦૧૫–૧૬માં કોઇ વાવેતર કરવામાં આવ્યું નથી. રાષ્ટ્રીય વન કલ્યાણ યોજના કાર્યક્રમ હેઠળ ૧૩ હેકટરમાં ૨૬ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ૨૦૧૫–૧૬ના વર્ષમાં ૮૫ હેકટરની અંદર ૬૯ હજાર રોપાનું વાવેતર કરીને કુલ ૧,૧૫,૦૦૦ હેકટરની અંદર ૯૫ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. વળતર વનીકરણ લેન્ડબેંક માધ્યમથી ૨૦૧૪–૧૫ ૨૦૦ હેકટરની અંદર ૩ લાખ ૩૩ હજાર રોપાનું વાવેતર કરેલ. ૨૦૧૫–૧૬ની અંદર વાવેતર કરવામાં આવ્યું નથી અને ઘાસચારા વિકાસ માટે ૫૦ હેકટરની અંદર વાવેતર કરવામાં આવ્યું હતું.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે રોપાનો પેશકદમીના હિસાબે નાશ થઇ ગયો, અતિવૃષ્ટિના હિસાબે નાશ થઇ ગયો તો અત્યારે હયાત રોપા કેટલા છે અને આ રોપામાં સાગ, સિસમ, ચંદન એવા વૃક્ષો વાવવામાં આવે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જીવંત રોપા ૧૨ લાખ ૧ હજાર છે. ૭૫ ટકા હયાત રોપા છે. જે વિસ્તારની અંદર પર્યાવરણ, વાતાવરણ અને જમીન અનુકૂળ હોય તેવા વિસ્તારોમાં ચંદન જેવા રોપાઓ આપણે રોપીએ છીએ.

### રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં દાખલ કેસો

* ૨૨૩૨૯ શ્રી વલ્લભભાઇ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં સને ૨૦૧૫ના કેલેન્ડર વર્ષમાં કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) ૨૫૩૦ કેસો. |
| (૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં સને ૨૦૧૫ના કેલેન્ડર વર્ષના સમયગાળા દરમિયાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૨૧૧૫ કેસો. |
| (૩) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે? | (૩) ૪૬૧૦ ક્સો. |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાહક તકરાર નિવારણ હેલ્પ લાઇન લોકોને ખૂબ જ ઉપયોગી થઇ રહી છે ત્યારે મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે, ૨૦૧૫ના કેલેન્ડર વર્ષમાં ૨૫૩૦ કેસો થયાં. હું પૂછવા માગુ છું કે ૨૦૧૫ના વર્ષમાં માસવાઇઝ કેટલા કેસો થયા અને માસવાઇઝ કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કેસો દાખલ થયા છે એની વિગત માગી છે એમાં જાન્યુઆરી ૨૦૧૫માં ૧૨૧, ફેબ્રુઆરીમાં ૧૭૬, માર્ચમાં ૬૭૦, એપ્રિલમાં ૨૪૧, મેમાં ૧૬૯, જૂનમાં ૧૩૫, જુલાઇમાં ૧૬૩, ઓગષ્ટમાં ૧૪૬, સપ્ટેમ્બરમાં ૨૨૧, ઓક્ટોબરમાં ૧૩૭, નવેમ્બરમાં ૨૧૭, ડિસેમ્બરમાં ૧૩૪ આમ, કુલ ૨૫૩૦ કેસો દાખલ થયા છે. જે નિકાલ થયા છે એમાં જાન્યુઆરીમાં ૧૨૬, ફેબ્રુઆરીમાં ૧૫૨, માર્ચમાં ૪૦૯, એપ્રિલમાં ૩૪૪, મેમાં ૬૦, જૂનમાં ૧૬૨, જુલાઇમાં ૧૪૨, ઓગષ્ટમાં ૧૯૪, સપ્ટેમ્બરમાં ૨૧૨, ઓક્ટોબરમાં ૧૨૮, નવેમ્બરમાં ૮૫, ડિસેમ્બરમાં ૧૦૧ આમ, કુલ ૨૧૧૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઇ ગ્રાહક ત્યાં ફરિયાદ કરતો હોય છે ત્યારે તાત્કાલિક એનો નિકાલ થાય એ જરૂરી એટલા માટે છે કે બીજા ગ્રાહકોને લૂંટાતાં અથવા એને રંજાડતા વેપારી બંધ થાય. આપના એક કેલેન્ડર વર્ષમાં એક વર્ષમાં ૨૫૩૦ કેસો દાખલ થયા છે. એની સામે આપના પેન્ડિગ કેસો છે એ ૪૬૧૦ છે. હું આપના મારફત એ જાણવા માગુ છું કે, કમસેકમ એકાદ વર્ષની અંદર એનો નિકાલ થઇ જ જવો જોઇએ જેથી બીજા ગ્રાહકોને મુશ્કેલી પડતી ઓછી થાય તો કોઇ એવું સઘન તંત્ર ગોઠવીને પેન્ડિગ કેસોની સંખ્યા એક વર્ષના કેસ કરતા ડબલ પેન્ડિગ કેસો છે તો એ પેન્ડિગ કેસો રહેવાનું કારણ શું છે અને આ ભારણ ઘટાડવા માટે સરકાર શું વિચારે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પેન્ડિગ કેસો જુદા જુદા કારણસર રહેતા હોય છે. કોર્ટની અંદર જ્યારે અરજદાર કોર્ટમાં આવતો હોય ત્યારે સાહેબ, અવારનવાર તારીખો માગે છે. સામેના પક્ષો પણ તારીખ માગતા હોય છે. કેટલીકવાર પુરાવા સમયસર રજૂ નથી કરતા. માનનીય સભ્યશ્રી કહે છે કે કેસોનો એક વર્ષમાં નિકાલ કરવો જોઇએ પણ સરકારની તો એવી ઇચ્છા છે કે, દર મહિને નિકાલ થવો જોઇએ. અમે તો એ રીતની કાર્યવાહી કરવા માગીએ છીએ કે, દર માસે પેન્ડિગ ના જ હોવું જોઇએ પણ કોર્ટ મેટર છે એમાં સાહેબ, આપને તો ખબર જ છે કે કોર્ટની પદ્ધતિ અને માનનીય શક્તિસિંહ તો વકીલ પણ છે તો એને સ્પીડ કરવા માટે અમે જુદી જુદી રીતે અનેક ઝૂંબેશ પણ ચલાવીએ છીએ, એના માધ્યમથી પણ ઝડપથી કેસો ચાલે એવું આયોજન કરવામાં આવશે.

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસે પૂછવા માગુ છું કે, રાજ્યના ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેવા પ્રકારના કેસો લેવામાં આવે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ઘણા બધા પ્રકારના અહીંયા આવરી લેવામાં આવે છે. એમાં મેડિકલ નિગ્લીજન્સી, ઇન્સ્યોરન્સ, એલ.આઇ.સી., ફાયનાન્સ કંપની, બેન્કીંગ કંપની, જી.ઇ.બી., પોસ્ટ, હાઉસીંગ, ટૂર એન્ડ ટ્રાવેલ્સ, ઇલેકટ્રોનિક્સ કંપનીઓ અથવા કોઇ અન્ય કંપનીઓ અથવા સેવાકીય કોઇ પણ ખામી જણાતી હોય એવા તમામ પ્રકારના નાણાકીય નુકસાન થતા હોય તેવા કેસોનો આમાં સમાવવામાં આવે છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, ગ્રાહક તકરાર કમિશનમાં કોનો કોનો સમાવેશ થાય છે અને આ કેસોના નિકાલ માટે મહિને કે વર્ષે આ કમિશન ક્યારે ક્યારે બેસે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે, આ કેસો દાખલ કોના થાય છે? તો કોઇ પણ ગ્રાહક જેને પોતાને છાપેલી કિંમતે અથવા કોઇ પણ અન્ય નુકસાન જતું હોય અને એ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં આવે તો એવા પ્રકારના કેસોને આપણે દાખલ કરીએ છીએ.

નંબર–૨ કે, આના માટે કમિશનનો કોઇ દિવસ નક્કી નહીં, રોજે રોજ બેસે છે. જેમ કોર્ટ રોજ ચાલે છે એમ આ કમિશન–ફોરમ પણ રોજ બેસે છે એ પ્રમાણે રોજે રોજ કેસોનો નિકાલ કરવામાં આવે છે.

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૨૨૬૯૧ શ્રી ગોવાભાઇ રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) |

| ક્રમ | તાલુકો | ધો. ૧ થી ૫ | | ધો. ૬ થી ૮ | | મુખ્ય શિક્ષક | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
| ૧ | અમીરગઢ | ૫૧૩ | ૦ | ૨૨૬ | ૨૪ | ૩૬ | ૦૬ |
| ૨ | ભાભર | ૪૬૭ | ૦ | ૨૬૦ | ૮૦ | ૪૫ | ૩૬ |
| ૩ | દાંતા | ૯૨૨ | ૦ | ૪૨૬ | ૬૯ | ૫૭ | ૧૮ |
| ૪ | દાંતીવાડા | ૪૩૫ | ૦ | ૨૫૬ | ૩૫ | ૩૮ | ૧૦ |
| ૫ | ડીસા | ૧૫૧૯ | ૦ | ૯૦૯ | ૧૦૪ | ૧૨૨ | ૨૫ |
| ૬ | દિયોદર | ૬૬૭ | ૧૬ | ૩૮૨ | ૮૭ | ૫૨ | ૩૪ |
| ૭ | ધાનેરા | ૭૨૨ | ૩ | ૪૫૫ | ૧૩૩ | ૭૭ | ૩૩ |
| ૮ | કાંકરેજ | ૧૦૩૩ | ૦ | ૫૬૫ | ૭૬ | ૭૯ | ૧૮ |
| ૯ | પાલનપુર | ૮૮૪ | ૦ | ૬૦૭ | ૩૮ | ૯૨ | ૦૯ |
| ૧૦ | થરાદ | ૧૧૫૭ | ૧૧૬ | ૭૧૫ | ૨૬૦ | ૧૨૧ | ૬૨ |
| ૧૧ | વડગામ | ૬૨૩ | ૦ | ૩૯૮ | ૨૦ | ૬૪ | ૦૪ |
| ૧૨ | સુઇગામ | ૨૮૭ | ૪૮ | ૧૭૯ | ૮૫ | ૩૬ | ૨૮ |
| ૧૩ | વાવ | ૫૮૦ | ૧૦૯ | ૩૮૪ | ૧૭૫ | ૬૨ | ૪૫ |
| ૧૪ | લાખણી | ૬૭૦ | ૬ | ૩૭૫ | ૭૭ | ૫૬ | ૩૦ |

| | |
|---|---|
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવનાર છે? | (૨) જેમ બને તેમ જલ્દી. |

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્નમાં માગ્યું હતું સંવર્ગવાર મંજૂર થયેલું મહેકમ પણ એમણે લમ્પ-સમ્પ આપી દીધું છે, કાંઇ વાંધો નહીં. પરંતુ દરેક શાળાના આંકડાઓ એમણે જ આપ્યા છે કે, કેટલું ખાલી છે. જે આપણે મેળાઓ કરીએ છીએ, ઉત્સવો કરીએ છીએ. આપણે કહીએ છીએ કે, દરેક પ્રાથમિકમાં એક છોકરો બાકી નથી રહેતો. મારો વિષય બીજો નથી પણ એની અંદર આપ જોઇ લો જે અમારા પછાત તાલુકો સુઇગામ એમાં આચાર્યની ૩૬ જગ્યાઓમાંથી ૨૮ જગ્યાઓ ખાલી છે. એવી જ રીતે બીજો તાલુકો વાવ પણ પછાત છે, પાકિસ્તાનની બોર્ડર ઉપર આવેલ છે, એમાં આચાર્યની જગ્યા ૬૨માંથી ૪૫ ખાલી છે. જે લાખાણી તાલુકો નવો બન્યો એમાં પણ ૫૬માંથી ૩૦ ખાલી છે. દરેક તાલુકામાં આ રીતે ખાલી છે. જે ભરતી કરે છે દર વર્ષે, એ ભરતીમાં પણ આપણે શિક્ષકોના બોન્ડ લઇએ છીએ, બદલી પૂરતા. એની નોકરીમાંથી એટલે દર વર્ષે ભરતી ચાલે, જેને જગ્યા ન મળે એ પાછો ભરતીમાં આવી સારી જગ્યામાં જતો રહે. તો એ ખરેખર ભરતીના પણ બોન્ડ લેવા જોઇએ કે જે જગ્યાઓ ભરાય. આ તો દર વર્ષે તમે ભરો છો અને દર વર્ષે પેલા શિક્ષકોને ન ગમે એ પાછા અહીંયા આવી જાય એટલે ખરાબ તાલુકાની તો દશા એની એ જ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે, હું મારા પોતાના તાલુકાની વાત કરું તો પણ ગણિત–વિજ્ઞાનના ૬૮ શિક્ષકો ખાલી છે, ભાષાના ૨૨, સામાજિક વિજ્ઞાનના ૧૫ છે. એમાં આપણે ભાષાના શિક્ષકોની ભરતી કરીએ છીએ એમાં માત્ર ગુજરાતીના જ આવે છે, ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના તો આવતા જ નથી. તો આપ દરેક ૬ થી ૮ની શાળાઓમાં અંગ્રેજીના શિક્ષકો ફરજિયાત ભરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા સાથે આપણે સંમત છીએ. જે વિષયવાર ૬ થી ૮માં શિક્ષકોની જરૂરિયાતો હોય, ભાષાના હોય, વિજ્ઞાનના હોય, ગણિતના હોય કે અંગ્રેજીના હોય એ નિયત કરેલા ધોરણો મુજબ બધા જ શિક્ષકો ભરવાના હોય જ. જે મહેકમ મંજૂર થયેલું હોય એ બધા જ શિક્ષકો ભરવાના હોય જ પરંતુ કોઇ ને કોઇ કારણોસર, આપને કારણોની ખબર છે, તમે જ કારણો દીધેલા છે એટલે હું એમાં વિશેષ પડવા માગતો નથી. (અંતરાય) ગોવાભાઇ, આપ જે કહો છો એ કારણોનો આપને ખ્યાલ છે જ. તો એમણે જે બોન્ડ લેવાની વાત કરી છે તે માનનીય સભ્યશ્રીનું

સુચન છે. સુચન હોવા છતાંય સરકાર એને ગંભીરતાપૂર્વક લઇ અને વિચારણા કરશે (અંતરાય) ભાષા, ગણિત અને વિજ્ઞાનના નિયત કરેલા વિષયોમાં જે મહેકમ મંજૂર થયેલું છે એ ભરવા માટે સરકાર તૈયાર છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રી પાસેથી એ જાણવા માગું છું કે, જ્યારે બનાસકાંઠામાં ૧ થી પમાં ૨૯૮ ધોરણ–૬ થી ૮ માં ૧૨૬૩ અને ૩૫૮ આચાર્યની જગ્યા ખાલી છે. મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે જે થરાદ, વાવ અને સુઇ ગામ છેવાડાના છે. જે જગ્યાઓ ખાલી છે એમાં ૧ થી પમાં ૧૧૬ થરાદમાં, ૪૮ સુઇ ગામ અને વાવમાં પણ જગ્યા ખાલી છે. આ જગ્યાઓ ખાલી છે એમાં જયારે સરકાર ભરતી કરે ત્યારે જિલ્લા પંચાયતમાં ચૌદેચૌદ તાલુકાને ભેગું મૂકે અને શિક્ષક જયાં પસંદગી ઇચ્છે ત્યાં ટકાવારીના ધોરણે જાય. મારે માનનીય મંત્રીશ્રીને એ કહેવું છે કે જયાં વધારે જગ્યાઓ ખાલી છે કારણ કે જયાં પાંચ જગ્યાઓ ખાલી છે ત્યાં ખાલી રહેશે તો ચાલશે પણ ૨૬૦ ખાલી છે તો જયાં વધારે જગ્યા ખાલી હશે ત્યાં પહેલા ભરતી થાય અને પછી બીજી જગ્યાએ થાય. સાથેસાથે જેમ ભાષા શિક્ષકની વાત કરી ભાષા શિક્ષકો ધોરણ–૬ થી ૮માં બે હોય, જરૂરિયાત અંગ્રેજીની છે એમાં પછી બે હોય એટલે અંગ્રેજીવાળો મૂકાય નહીં તો મારું સૂચન છે કે આ રીતે ભાષા શિક્ષક પણ અંગ્રેજીવાળો મળે એ દિશામાં આગળ કંઇક કામ કરે અને ભરતીની પ્રક્રિયામાં જયાં વધારે જગ્યાઓ ખાલી છે એને પહેલા પ્રાયોરીટી આપવામાં આવે અને પછી બીજે જગ્યાઓ ભરાય આ કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ મહેકમની સામે જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે? અને આ ખાલી જગ્યાઓ ન ભરવાના કરાણો શું? અને કેટલા સમયમાં ભરવા માગો છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખાલીના કારણોની ચર્ચા થઇ ગઇ છે છતાંય જો માનનીય સભ્યશ્રીનો આગ્રહ હોય તો ફરી વખત હું એ કારણો અહીં કહું કારણ કે કારણોની ચર્ચા થઇ ગઇ છે અને શકય તેટલું વહેલામાં વહેલી તકે જગ્યા ભરીશું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પરિસ્થિતિ છે એ ચિંતાજનક બંને પક્ષે, આપણા સૌને માટે છે. આ એક જ જિલ્લામાં ૧૫૫૧ જગ્યાઓ ખાલી છે. જો આપણે સ્ટાર્ટ અપની વાત કરતા હોઇએ તો જે આપણી શિક્ષકની નિમણૂક આપવાની પ્રક્રિયા છે એને આપણે ગંભીરતાથી વિચારવી પડે. આ વિસ્તારના વિદ્યાર્થીઓ કયારેય મેરીટસમાં બીજા વિસ્તારના વિદ્યાર્થીઓને કોમ્પીટ નહીં કરી શકે કારણ કે એને ભણાવનાર જ નથી એટલે સ્વાભાવિક છે એની ટકાવારી અને પી.ટી.સી.ના માર્કસ ઓછા હોય. હવે આ ટકાવારી મુજબ ભરો છો એ બહારના જિલ્લાનો હશે એ ટકાવારી મુજબ નિમણૂક પામીને તરત જ બીજે જાય છે આપે પણ સ્વીકાર્યુ છે તો આવા જે જિલ્લા છે એમાં સ્થાનિક એ તાલુકાનો વતની હોય એ જ કોમ્પીટ કરે અને નિવૃત્ત થાય ત્યાં સુધી એ જ તાલુકામાં એ શિક્ષક તરીકે રહે એની તાલુકા બહાર બદલી ન થાય. કચ્છમાં હોય તો કચ્છી બોલતો હોય એને તમે ૧૦ ટકા માર્કસ મેરીટમાં વધારે આપો. જેને ભણાવનાર જ નથી એ વિદ્યાર્થીઓને ટકા ઓછા જ હોવાના એટલે અમદાવાદ જિલ્લાનો કચ્છમાં નોકરીમાં સિલેકટ થાય અને અહીંયા આંટા માર્યા કરે અને બદલી કરાવીને અહીંયા આવી જાય. કચ્છની કે બનાસકાંઠાની હાલત એની એ જ રહે છે માટે આપની નિમણૂકની પ્રક્રિયાને જ આપણે ગંભીરતાથી રીડ્રેસ કરવી પડે અને એ તાલુકાનો વતની એને વધારે એ જ તાલુકામાં નિવૃત્ત થાય ત્યાં સુધી એની ટ્રાન્સફર એ તાલુકા બહાર ન થાય તો જ ત્યાંના વિદ્યાર્થીઓને ન્યાય મળે અને કચ્છી બોલે એને મેરીટસમાં ૧૦ ટકા કે ૧૫ ટકા વધારે એ જ શિક્ષકને મળે આવી કંઇ વિચારણા સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે અહીં સભાગૃહનું ધ્યાન દોર્યું અને ખૂબ સારું સૂચન પણ કર્યું અને આ સૂચનની ચર્ચા વ્યાપકપણે થાય છે. પરંતુ કોઇને કોઇ રીતે વહીવટી રીતે દા.ત. જે જિલ્લાનો વ્યકિત હોય એ જ જિલ્લાની અંદર એને આપણે નિમણૂક આપીએ નોકરી આપીએ એ વસ્તુ વ્યવહારિક રીતે એવું લાગે કે આ વસ્તુ સારી છે પરંતુ રોસ્ટરની આપણે વાત કરતા હોઇએ ત્યારે તેમાં રોસ્ટરનું રેશનલાઇઝેશન થયું છે એ પ્રમાણે એ જ જિલ્લાના એ જ કેન્ડીડેટ રોસ્ટર પ્રમાણે આપણે સેટ કરી શકતા નથી. આ એક ખૂબ મોટી વાસ્તવિક પરિસ્થિતિ છે. રોસ્ટરના નિયમો અમે નથી કરેલા. ૧૯૮૬ માં થયેલ છે. ચિંતા માત્ર સરકારની નથી, પણ સમગ્ર સમાજની છે. આ ચિંતામાંથી કેવી રીતે મુક્ત થવું એની ખૂબ ચર્ચાઓ થાય છે. પરંતુ એનું સોલ્યુશન એ અત્યારના નિયમના દાયરામાં રહીને કેવી રીતે કાઢી શકાય તે હજુ સુધી અમને મળેલ નથી.

### પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ

* ૨૨૦૪૨ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને

જવાબ

(૧)

| | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| પ્રાથમિક | ૧૪૦૩ | ૨૩ | ૧૦૫ |
| માધ્યમિક | ૦૨ | ૧૦૦ | ૪૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી?

(૨)

| | જુન–૨૦૧૪ થી નવી શરૂ કરવામાં આવેલ શાળાઓ | | | જુન–૨૦૧૫ થી નવી શરૂ કરવામાં આવેલ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | સરકારી | ખાનગી | ગ્રાન્ડેટ | સરકારી | ખાનગી | ગ્રાન્ડેટ |
| પ્રાથમિક | ૦૧ | ૦૯ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૦ |
| માધ્યમિક | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૦ |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ૧૩નો આંકડો અપશુકનિયાળ કહેવાય મારો ૧૩મો પ્રશ્ન શુકનિયાળ છે, પણ તેનો જવાબ અપશુકનિયાળ છે, એટલા માટે મારા પ્રશ્નના જવાબમાં ૨૦૧૪–૧૫ એમાં ૨૦૧૪ માં પ્રાથમિક શાળાની સરકારની મંજૂરી મળી એમાં સરકારી–૧, ખાનગી–૯ અને ગ્રાન્ટેડ– ઝીરો. માધ્યમિકમાં સરકારી–ઝીરો, ખાનગી–૬ અને ગ્રાન્ટેડ–ઝીરો અને ૨૦૧૫ માં સરકારી–ઝીરો, ખાનગી–૨૧, ગ્રાન્ટેડ–ઝીરો, માધ્યમિકમાં સરકારી–ઝીરો, ખાનગી–૬ અને ગ્રાન્ટેડ–ઝીરો. આ જવાબ જોતા મને લાગે છે કે પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ખરેખર અત્યારે ખાડે જઇ રહ્યું છે. અગાઉના પ્રશ્નમાં જ્યાં ૨૦૦૯ થી પટ્ટાવાળાથી માંડીને આચાર્ય સુધીની ભરતી થતી ન હોય તો વિદ્યાર્થીઓનું ભવિષ્ય શું હોઇ શકે? એટલા માટે પ્રશ્ન પૂછ્યો છે કે આ સરકાર ખાનગીકરણને ઉત્તેજન આપવા માગે છે, તો ભવિષ્યમાં આ ગ્રાન્ટેડ અને સરકારી આ માધ્યમિક શાળાઓ વહેલામાં વહેલી તકે શરૂ કરીને તેમાં જે સ્ટાફ નથી આચાર્ય નથી, પટ્ટાવાળા નથી, કારકૂન નથી તો વહેલામાં વહેલી તકે ભરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે મારા પંચમહાલ જિલ્લામાં આ ખાનગીકરણ ક્ષેત્રે મંત્રીશ્રી પણ ખાનગી સ્કૂલના ઉદ્ઘાટનમાં જતા હોય તો તે વાત સાચી છે? અમારા જિલ્લાની અંદર વર્ગદીઠ વિદ્યાર્થીઓની જે સંખ્યા હોય છે, તેના કરતા વધારે વિદ્યાર્થીઓ બેસાડ્યા હોય તેવી કેટલી ફરિયાદો મળી છે? આ સંસ્થાના સંચાલક સામે શું પગલાં ભરવામાં આવ્યાં? ત્રીજો પ્રશ્ન આ ખાનગી શાળાઓ જે સંચાલકો ચલાવે છે, તેઓ પોતાની કમાણી માટે ચલાવે છે એવું મારું માનવું છે. આ સંસ્થાઓ તાલુકાના ડેપોની અંદર જેટલી બસો હોય એટલી બસો દ્વારા વિદ્યાર્થીનું વહન કરી શિક્ષણ આપે છે તો આ પદ્ધતિ દૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ ૧૩ નો આંકડો અપશુકનિયાળ ગણ્યો. કોઇના માટે ૧૩નો આંકડો શુકનિયાળ હશે, તો કોઇના માટે ૧૩નો આંકડો અપશુકનિયાળ હશે. અમારા માટે ૧૩મી વિધાનસભાનો આંકડો શુકનિયાળ છે. બધાને માટે અપશુકનિયાળ હોય તેવું હોઇ શકે નહિ. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી. ગ્રાન્ટેડ શાળા છે એ ગ્રાન્ટેડ શાળા ઓછી મંજૂર થાય છે. ખાનગી શાળાઓ વધારે મંજૂર થાય છે. તો મારે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે સરકારે ગયા વર્ષે એની નીતિમાં બદલાવ લાવીને ગ્રાન્ટેડના સ્થાને પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી છે અને તેમાં જે ખાનગી શાળાઓ સારાં પરિણામ લાવે છે. એવી ખાનગી શાળાઓને પ્રોત્સાહક સ્વરૂપે એક વિદ્યાર્થી દીઠ ૭૫૦૦ રૂપિયા આ શાળાને રોકડા આપીએ છીએ. ગયા વર્ષે પાયલોટ પ્રોજેક્ટ રીતે ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ એમાં ૧૨૦૦૦ વિદ્યાર્થીઓ બિનઆદિવાસી વિસ્તારના અને ૮૦૦૦ આદિવાસી વિસ્તારના એનો આ વર્ષે વ્યાપ વધારીને ૬૭,૦૦૦ વિદ્યાર્થીઓને આ પ્રોત્સાહક યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. બીજો પ્રશ્ન મંત્રીશ્રીઓ ખાનગી શાળાની અંદર ઓપનિંગમાં જાય છે કે કેમ? તો આમાં ના પાડી શકતો નથી. અમારા પક્ષ તરફથી જતા હોય છે. તમારા પક્ષ તરફથી ધારાસભ્યશ્રી કે સંસદસભ્યશ્રી જતા હશે.

અધ્યક્ષશ્રી : તારાંકિત પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

તાપી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ વાવેતર

* ૨૨૨૮૫ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૧૬૯.૪૦ હેકટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૩૧૭૯.૩૬ હેકટર |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૪–૧૫માં રૂા. ૧૩૦૫.૮૧ લાખ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં રૂ. ૧૦૪૭.૯૨ લાખ. |

અમદાવાદ શહેરમાં બી. પી.એલ. કાર્ડ ધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૨૩૨૨ શ્રી રાકેશભાઇ શાહ (એલીસબ્રીજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૧૫ની | (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં |

| | |
|---|---|
| સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને કઇ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું, | અમદાવાદ શહેરમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને – ઘઉં, ચોખા, ખાંડ, ખાદ્યતેલ (વર્ષમાં બે વાર), આયોડીનયુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે. |

(૨) ક્યા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ કાર્ડ ધારકોને નીચે મુજબના માસિક વિતરણ-પ્રમાણ તથા ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ રૂ. પૈસા (પ્રતિ કિલો/લીટર |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૩ કિલો | ૨.૦૦ |
| | સ્પે. ઘઉં | પ્રતિ કાર્ડ ૧૫ કિલો | ૭.૩૦ |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૩ કિલો | ૩.૦૦ |
| | સ્પે. ચોખા | પ્રતિ કાર્ડ ૪ કિલો | ૭.૨૦ |
| ૩ | ખાંડ | પ્રતિ કાર્ડ ૦.૩૫૦ ગ્રામ | ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રિત કાર્ડ ૧ લીટર (પાઉચ) (વર્ષમાં બે વાર | ૪૩.૦૦ |
| ૫ | આયોડીનયુક્ત મીઠું | *૧ થી ૬ સભ્યો ધરાવતા કાર્ડ માટે-૧ કિલો<br>*૬ થી વધુ સભ્યો ધરાવતા કાર્ડ માટે - ૨ કિલો | ૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યકિતદીઠ ૨ લીટર મહત્તમ ૮ લીટર (તમામ નોન ગેસ કાર્ડ ધારકોને) | ૧૪.૭૦ |

(૩) કેટલુ વિતરણ કરવામાં આવ્યું ?

(૩) તા. ૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં નીચે મુજબ ચીજ-વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૪૫૪૯૨.૬૩ મે.ટન |
| ૨ | ચોખા | ૭૭૨૭૧.૨૭ મે. ટન |
| ૩ | ખાંડ | ૧૯૬૧૦.૫૮ મે. ટન |
| ૪ | કપાસીયા તેલ | ૧૫૦૮૩૪ લીટર |
| ૫ | આયોડીનયુક્ત મીઠું | ૭૬૨૪.૧૧ મે. ટન |
| ૬ | કેરોસીન | ૩૫૬૨૧.૦૦ કિલો-લીટર |

## ગોંડલ તાલુકામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૨૩૩૭ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે વિતરણ કરેલ જથ્થો.

| | |
|---|---|
| ઘઉં | ૮૧૭૫.૪૫ મે.ટન |
| ચોખા | ૨૦૧૦.૯૦ મે.ટન |
| ખાંડ | ૨૪૯.૩૭ મે.ટન |
| આયોડીનયુક્ત મીઠું | ૧૩૬.૧૮ મે.ટન |
| ખાદ્યતેલ | ૨૩.૯૮ મે.ટન |

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### કેરોસીનના ટેન્કરોમાં જીપીએસ સીસ્ટમ લગાવવા બાબત

* ૨૧૩૬૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : તા. ૯-૩-૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૬૩૦ (અગ્રતા-૫૨ )ના અનુસંધાને માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનો મારફતે વિતરણ થતા કેરોસીનના ટેન્કરોમાં જીપીએસ સીસ્ટમ મુકવા માટે હેન્ડ હેલ્ડ ટર્મીનલ થમ્બ ઇમ્પ્રેશન સીસ્ટમ અને જીપીએસ સીસ્ટમ અંગેનો અભ્યાસ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ચાલી રહ્યો હતો તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે કે કેમ અને સરકારે શો નિર્ણય કર્યો છે? | (૨) રાજ્ય સરકારે કેરોસીન ટેન્કરોમાં જીપીએસ સીસ્ટમ લગાડવાનો નિર્ણય કરેલ છે. |

### ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં દાખલ કેસો

* ૨૨૩૨૮ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં સને ૨૦૧૫ના કેલેન્ડર વર્ષમાં કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) ૨૫૩૦ કેસો. |
| (૨) ઉક્ત કમિશનમાં સને ૨૦૧૫ના કેલેન્ડર વર્ષના સમયગાળા દરમિયાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૨૧૧૫ કેસો. |
| (૩) ઉક્ત કમિશનમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે? | (૩) ૪૬૧૦ કેસો. |

### વડોદરા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૦૯૧૬ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ધોરણ-૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) | વર્ષ | વિદ્યાર્થીઓ |
| | | ૨૦૧૪-૧૫ | ૪૬,૨૧૦ |
| | | ૨૦૧૫-૧૬ | ૪૫,૦૬૬ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) | વર્ષ | ખર્ચ |
| | | ૨૦૧૪-૧૫ | રૂ. ૧૮૯.૨૪ લાખ |
| | | ૨૦૧૫-૧૬ | રૂ. ૨૩૪.૪૦ લાખ |

### દાહોદ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૧૦૮૬ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૪ (ચાર). |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૩૩૬. |

### વલસાડ જિલ્લામાં ડેરી વિકાસ યોજના

* ૨૦૯૧૨ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ યોજનામાં કયા પ્રકારની સવલતો આપવામાં આવે છે, અને

(૨) દુધાળા પશુઓની સાથે પશુ વિમો, વાસણ કીટ, પશુ ખાણદાણ, પશુ સારવાર, તાલીમ અને પશુ ટ્રાન્સપોર્ટેશન.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

(૩) ૨૦૯૪.

અમદાવાદ અને વડોદરા જિલ્લાઓમાં વાજબી ભાવની અનાજની દુકાનો

* ૨૨૩૩૦ શ્રી રજનીકાન્ત પટેલ (અસારવા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા જિલ્લાઓમાં કેટલી વાજબી ભાવની દુકાનો આવેલી છે,

(૨) આ દુકાન સંચાલકોને પરમીટો ક્યારે આપવામાં આવે છે, અને

(૩) પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા જિલ્લાઓમાં નીચે મુજબ વાજબી ભાવની દુકાનો આવેલી છે.

| અ.નં. | જિલ્લાનું નામ | વ્યા. ભા. દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૬૫ |
| ૨ | વડોદરા | ૮૧૧ |

(૨) જાહેર વિતરણ યોજના હેઠળ દર માસની ૧૬મી તારીખથી ૨૫મી તારીખ સુધીમાં તે પછીના માસ માટેના જથ્થાની વ્યા.ભાવના દુકાન સંચાલકોને ઓનલાઈન પરમીટો આપવામાં આવે છે.

(૩) પરમીટ મુજબ તમામ વાજબી ભાવની દુકાનો ઉપર સરકારી ગોડાઉનમાંથી ડોર સ્ટેપ ડીલીવરી દ્વારા જથ્થો પહોંચાડવા માટેના કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. તે મુજબ રૂટ નક્કી કરી આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો સંબંધકર્તા દુકાને પહોંચાડવાની જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં અનાજનો જથ્થો મળી રહે તે માટે લેવાયેલા પગલા

* ૨૨૩૩૧ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

અમદાવાદ અને વડોદરા જિલ્લાઓમાં રેશનકાર્ડ ધારકોને દરેક માસની ૧લી તારીખથી અનાજનો જથ્થો મળી રહે તે માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધેલ છે ?

જવાબ

રાજ્ય સરકારે રેશનકાર્ડ ધારકોને દરેક માસની ૧લી તારીખથી અનાજનો જથ્થો મળી રહે તે માટે નીચે મુજબના પગલાં લીધેલ છે.

- જાહેર વિતરણ યોજના હેઠળ દર માસની ૧૬ મી તારીખ થી ૨૫ મી તારીખ સુધીમાં તે પછીના માસ માટેના જથ્થાની વાજબી ભાવના દુકાન સંચાલકોને ઓનલાઈન પરમીટ ઈસ્યુ કરવામાં આવે છે.
- વાજબી ભાવની દુકાન સંચાલકે મેળવેલ પરમીટના જથ્થાના ૫૦% જથ્થો માસની અંતિમ તારીખ સુધીમાં દુકાનના સ્થળે પહોંચાડવામાં આવે છે.
- બાકીના ૫૦% ટકા જથ્થો જે માસમાં જથ્થો વિતરણ કરવાનો છે તે માસની ૭ મી તારીખ સુધીમાં પહોંચાડવામાં આવે છે.
- પરમીટ મુજબનો તમામ જથ્થો ડોર સ્ટેપ ડીલીવરીથી વાજબી ભાવની દુકાન સુધી શેડ્યુલ મુજબ પહોંચાડવામાં આવે છે. આ ડોર સ્ટેપ ડીલીવરીનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.
- ગોડાઉન ઉપરથી જથ્થો દુકાન સંચાલકને રવાના કરવામાં આવે તેની જાણ વિલેજ વિજીલન્સ કમિટીના સભ્યોને અને કાર્ડધારક કે જેઓ મોબાઈલ રજીસ્ટ્રેશન કરાવેલ છે તેમને SMS થી જાણ

કરવામાં આવે છે.

- તમામ રેશનકાર્ડ ધારકોને યોજનાવાર વિતરણ-પ્રમાણ અને ભાવની જાણકારી મળે તે હેતુથી દર મહિનાની ૧ લી તારીખે દૈનિક વર્તમાનપત્રમાં પેઈડ જાહેરાત આપવામાં આવે છે.
- તાલુકા કક્ષાએથી રાજ્ય સુધી તેનું તબક્કાવાર મોનીટરીંગ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં રેશનકાર્ડ ધારકો

* ૨૩૩૬૩ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ બનાવવા માટે ક્યારે અને કઈ એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બારકોડેડ રેશનકાર્ડ વિતરણ કરવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | રેશનકાર્ડ ધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કલોલ | ૬૧૭૫૩ |
| ૨ | ગાંધીનગર | ૬૦૦૮૩ |
| ૩ | ગાંધીનગર ઝોનલ | ૨૯૫૧૫ |
| ૪ | દહેગામ | ૫૦૦૧૬ |
| ૫ | માણસા | ૪૮૦૦૬ |
| | કુલ | ૨૪૯૩૭૩ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ બનાવવા માટે કોઈ એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ નથી.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિતરણ કરવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | કલોલ | ૭૩૫૩ |
| ૨ | ગાંધીનગર | ૪૧૯૧ |
| ૩ | ગાંધીનગર ઝોનલ | ૪૨૮૯ |
| ૪ | દહેગામ | ૨૯૬૭ |
| ૫ | માણસા | ૩૨૪૦ |
| | કુલ | ૨૨૦૪૦ |

ધોળકા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૨૨૯૪ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ધોળકા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૩૫૧ હેકટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૨૩૧ હેકટર.

(૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૩૯ હેકટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૨૮ હેકટરમાં.

(૩) રૂ.૩૮.૪૩/- લાખ.

## અતારાંકિત પ્રશ્નો

### વકીલાતના વ્યવસાય માટે સહાય

* ૨૨૩૪૫ શ્રી કાન્તીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વકીલાતનો વ્યવસાય શરૂ કરવા કેટલા આદિજાતિના લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે, અને

(૨) લાભાર્થી દીઠ કેટલી સહાય આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) વકીલાતનો વ્યવસાય શરૂ કરવા માટે ઉકત સમયગાળા દરમ્યાન કોઈ અરજી મળેલ નથી. તેથી સહાય આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) વકીલાતનો વ્યવસાય શરૂ કરવા માટે રૂ.૫૦૦૦/–ની સહાય આપવામાં આવે છે.

### ભાવનગર જિલ્લામાં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

* ૨૨૨૯૧ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ભાવનગર જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૦ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૩૬ અરજીઓ.

(૨) રૂ.૨.૬૭ લાખ.

### ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડધારકોને ચીજ વસ્તુઓનું વિતરણ

* ૨૨૩૨૧ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ (વર્ષમાં બે વાર), આયોડીનયુકત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડધારકોને નીચે મુજબના માસિક વિતરણ પ્રમાણ તથા ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ રૂ.પૈસા (પ્રતિ કિલો/લીટર) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૩ કિલો | ૨.૦૦ |
| | સ્પે. ઘઉં | પ્રતિ કાર્ડ ૧૫ કિલો | ૭.૩૦ |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૩ કિલો | ૩.૦૦ |
| | સ્પે.ચોખા | પ્રતિ કાર્ડ ૪ કિલો | ૭.૨૦ |
| ૩ | ખાંડ | વ્યકિતદીઠ ૦.૩૫૦ ગ્રામ | ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રતિ કાર્ડ ૧ લીટર (પાઉચ) (વર્ષમાં બે વાર) | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૫ | આયોડીનયુકત મીઠું | *૧ થી ૬ સભ્યો ધરાવતા કાર્ડ માટે ૧ કિલો<br>*૬ થી વધુ સભ્યો ધરાવતા કાર્ડ માટે ૨ કિલો | ૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યકિતદીઠ ૨ લીટર મહત્તમ ૮ લીટર | ૧૫.૭૫ |

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું ?

(૩) તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં બી.પી.એલ કાર્ડ ધારકોને નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૫૪૪૯૫.૦૬ મે.ટન |
| ૨ | ચોખા | ૧૭૦૫૬.૬૮ મે.ટન |
| ૩ | ખાંડ | ૪૩૬૦.૪૫ મે.ટન |
| ૪ | કપાસીયા તેલ | ૪૬૯૦૮૮ લીટર |
| ૫ | આયોડીનયુકત મીઠું | ૧૦૧૦.૩૩ મે.ટન |
| ૬ | કેરોસીન | ૨૧૨૨૧ કિલો-લીટર |

સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૨૨૩૦૯ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં ૩૩૦૪ હેકટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૨૪૨૧ હેકટર.

(૨) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં રૂ.૧૫૪૨.૯૭ લાખ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રૂ.૭૨૦.૪૭ લાખ.

ગીર જંગલોમાં દિપડાઓની સંખ્યા

* ૨૨૬૮૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ગીરના જંગલમાં કુલ કેટલા દિપડાઓની સંખ્યા છે, અને

(૨) તે અન્વયે દિપડાના સંરક્ષણ અન્વયે લેપર્ડ પાર્ક બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) ૨૬૨

(૨) આવી કોઈ બાબત વિચારણા હેઠળ નથી.

છોટા ઉદેપુર જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ સિંચાઈ માટે ફાળવેલ રકમ

* ૨૦૫૮૦ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ગ્રાન્ટ કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત સિંચાઈ વિભાગ વડોદરાને ફાળવણી કરી,

(૨) તે પૈકી કેટલી રકમનો વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૩) કેટલી રકમ વર્ષવાર બચત કરી, અને

(૪) બચત રહેવાના કારણો શા છે ?

જવાબ

(૧)

| વર્ષ | (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ.૫૨૬.૬૫ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ) | રૂ.૨૯૮.૦૩ |

(૨)

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ.૨૯૧.૫૧ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ) | રૂ.૨૦.૬૨ |

(૩) કામો વિવિધ તબક્કા હેઠળ છે. હાલ બચત રહેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૨૩૧૧ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) ટુંડી ટાવર (બજાણા), નાની કઠેચી તથા રાણાગઢ. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ દરમિયાન તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) |

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (ડીસે–૨૦૧૫ અંતિત) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૩૩.૦૬ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૨.૬૨ |
| | કુલ | ૩૫.૬૮ |

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૨૩૩૮૭ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ સામે કેટલા શિક્ષકોની ઘટ છે, અને | (૧) |

| ક્રમ | જિલ્લો | તાલુકો | પ્રાથમિક શાળાઓ | | માધ્યમિક શાળાઓ | | ગ્રાન્ટેડ મા. શાળ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર મહેકમ | ઘટ | મંજૂર મહેકમ | ઘટ | મંજૂર મહેકમ | ઘટ |
| | સાબરકાંઠા | હિંમતનગર | ૧૩૪૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૩૨૮ | ૨૯ |
| | | પ્રાંતિજ | ૭૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૫૬ | ૧૮ |
| | | તલોદ | ૮૬૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૧૩૯ | ૨૫ |
| | | ઈડર | ૧૦૬૨ | ૦૮ | ૦૦ | ૦૦ | ૨૪૩ | ૧૬ |
| | | વડાલી | ૪૭૩ | ૦૯ | ૦૩ | ૦૦ | ૬૭ | ૦૫ |
| | | વિજયનગર | ૬૨૧ | ૧૬ | ૦૬ | ૦૩ | ૧૯૧ | ૦૭ |
| | | ખેડબ્રહ્મા | ૯૪૭ | ૨૮ | ૦૦ | ૦૦ | ૬૭ | ૦૫ |
| | | પોશીના | ૮૧૧ | ૧૫૪ | ૨૪ | ૧૫ | ૫૨ | ૦૪ |
| | અરવલ્લી | મોડાસા | ૧૦૪૬ | ૦૪ | ૦૩ | ૦૧ | ૫૪ | ૧૧ |
| | | માલપુર | ૬૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૨૮ | ૦૫ |
| | | મેઘરજ | ૧૦૫૧ | ૦૯ | ૦૦ | ૦૦ | ૪૯ | ૧૦ |
| | | બાયડ | ૧૧૪૯ | ૨૩ | ૦૩ | ૦૦ | ૯૬ | ૧૮ |
| | | ધનસુરા | ૬૩૮ | ૨૦ | ૦૦ | ૦૦ | ૪૭ | ૦૯ |
| | | ભિલોડા | ૧૨૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૭૩ | ૧૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ આ ઘટ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ? | (૨) પ્રાથમિક વિભાગમાં જેમ બને તેમ જલ્દી.<br>સરકારી માધ્યમિક શાળાઓમાં નામ.કોર્ટમાં દાખલ થયેલ એલ.પી.એ. ૧૪૩૦/૨૦૧૫ અને ૧૪૩૧/૨૦૧૫ ના ચૂકાદાને આધિન કાર્યવાહી હાથ ધરવામાં આવશે.<br>ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં નામ.હાઈકોર્ટમાં થયેલ પીટીશનમાં જે ચૂકાદો આવે તેને અધિન કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

### સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કન્યાઓને નિવાસી વ્યવસ્થા

* ૨૨૩૦૬ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્ય સરકારના ૧૦૦ ટકા ભંડોળમાંથી વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ધો.૯ અને ૧૦ માં અભ્યાસ કરતી કન્યાઓને નિવાસી વ્યવસ્થા પૂરી પાડવામાં આવેલ છે ? | એક. |

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### નર્મદા જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધા

* ૨૧૦૮૮ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલાં વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૦૦ વિદ્યાર્થીઓ. |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) શિક્ષણ તેમજ અન્ય સુવિધાઓ પાછળ કુલ રૂ.૯૭.૯૦ લાખનો ખર્ચ થયેલ છે. |

### ભૂજ જિલ્લામાં તોલમાપ સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરતા એકમો સામે કાર્યવાહી

* ૨૨૩૧૮ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ–ભૂજ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરાવવા તથા અન્ય બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૩૬૫ વ્યાપારી એકમો તથા અન્ય બાબતોમાં ૪૬ એકમો આમ કુલ ૪૧૧ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી. |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૪૧૦ એકમો. |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસૂલ કરવામાં આવી ? | (૩) રૂ.૨,૪૫,૫૦૦/– |

### સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વ્યક્તિગત ધોરણે મકાન સહાય

* ૨૩૩૭૧ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે સાબરકાંઠા જિલ્લાનાં તાલુકાવાર કેટલા મકાનો માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૧) સાબરકાંઠા જિલ્લામાં ૨૮૮ મકાનો માટે રૂ.૯૬.૪૬ લાખ સહાય આપવામાં આવેલ છે. |

| તાલુકો | વર્ષ ૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | મકાનની સંખ્યા | ચૂકવેલ સહાય રૂ.લાખમાં | મકાનની સંખ્યા | ચૂકવેલ સહાય રૂ.લાખમાં | મકાનની સંખ્યા | ચૂકવેલ રૂ.લાખમાં |
| ખેડબ્રહ્મા | ૬૪ | ૨૨.૯૨ | ૨૯ | ૬.૩૪ | ૯૩ | ૨૯.૨૬ |
| પોશીના | ૧૦૮ | ૪૩.૩૮ | ૩૯ | ૧૧.૮૭ | ૧૪૭ | ૫૫.૨૫ |
| વિજયનગર | ૧૬ | ૫.૦૧ | ૧૫ | ૨.૬૩ | ૩૧ | ૭.૬૪ |
| ઈડર | ૦૯ | ૨.૪૯ | ૦૬ | ૧.૪૭ | ૧૫ | ૩.૯૬ |
| વડાલી | ૦૦ | ૦.૦૦ | ૦૨ | ૦.૩૫ | ૦૨ | ૦.૩૫ |
| કુલ | ૧૯૭ | ૭૩.૮૦ | ૯૧ | ૨૨.૬૬ | ૨૮૮ | ૯૬.૪૬ |

(૨) ઉકત સ્થિતિએ કેટલા મકાનો માટે કેટલી સહાય ચૂકવવાની તાલુકાવાર બાકી છે, અને તેના શા કારણો છે, અને

(૨)

| તાલુકો | વર્ષ ૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | મકાનની સંખ્યા | ચૂકવવા માટે બાકી સહાય રૂ.લાખમાં | મકાનની સંખ્યા | ચૂકવવા માટે બાકી સહાય રૂ.લાખમાં | મકાનની સંખ્યા | ચૂકવવાની બાકી રકમ રૂ.લાખમાં |
| ખેડબ્રહ્મા | ૪૭ | ૨૧.૮૮ | ૨૯ | ૧૩.૯૬ | ૭૬ | ૩૫.૮૪ |
| પોશીના | ૪૮ | ૩૨.૨૨ | ૩૯ | ૧૫.૪૩ | ૮૭ | ૪૭.૬૫ |
| વિજયનગર | ૧૬ | ૦૬.૧૯ | ૧૫ | ૦૭.૮૭ | ૩૧ | ૧૪.૦૬ |
| ઈડર | ૦૯ | ૦૩.૮૧ | ૦૬ | ૦૨.૭૩ | ૧૫ | ૦૬.૫૪ |
| વડાલી | ૦૦ | ૦૦.૦૦ | ૦૨ | ૦૧.૦૫ | ૦૨ | ૦૧.૦૫ |
| કુલ | ૧૨૦ | ૬૪.૧૦ | ૯૧ | ૪૧.૦૪ | ૨૧૧ | ૧૦૫.૧૪ |

બીજા હપ્તા માટે અરજદાર દ્વારા લીંટલ લેવલનું બાંધકામ પૂર્ણ ન કરેલ હોવાથી સહાય ચૂકવવાની બાકી છે.

ત્રીજા હપ્તા માટે અરજદાર દ્વારા કંમપ્લીશન સર્ટીફીકેટ રજૂ કરેલ ન હોવાથી ચૂકવવાની બાકી છે.

(૩) ઉકત બાકી સહાય ક્યાં સુધી ચૂકવી આપવામાં આવશે ?

(૩) બીજા હપ્તા માટે લીંટલ લેવલ સુધી બાંધકામ પૂર્ણ થયેથી ચૂકવવામાં આવશે. ત્રીજા હપ્તાની રકમ કંમપ્લીશન સર્ટીફીકેટ રજૂ કરેથી ચૂકવવામાં આવશે.

## મહીસાગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ

* ૨૦૭૭૨ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાઈટ ટુ એજ્યુકેશન એકટનો મહીસાગર જિલ્લામાં કેટલી ખાનગી અને કેટલી ગ્રાન્ટેડ શાળાઓએ છેલ્લા એક વર્ષમાં અમલ કરેલ નથી, અને

(૨) આ શાળાઓએ એકટનો અમલ ન કરતા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) તમામ શાળાઓએ આર.ટી.ઈ. એકટનો અમલ કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને ઘઉં–ચોખાની ફાળવણી

* ૨૨૩૩૨ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત રાજ્યને યોજનાવાર ઘઉં– ચોખાના કેટલા જથ્થાની ફાળવણી કરવામાં આવી, અને

જવાબ

(૧) કેન્દ્ર સરકાર દ્વારા તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ અનાજના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે.

(મે.ટન)

| યોજના | ઘઉં | ચોખા |
|---|---|---|
| એએવાય | ૧,૭૬,૦૨૨ | ૧,૪૮,૨૮૭ |
| બીપીએલ | ૪,૭૫,૩૧૪ | ૨,૫૯,૩૫૦ |
| એપીએલ | ૧૦,૯૫,૧૦૫ | ૧,૧૩,૦૦૪ |
| કુલ | ૧૭,૪૬,૪૪૧ | ૫,૨૦,૬૪૧ |

(૨) તે પૈકી કેટલો ઉપાડ કરવામાં આવ્યો ?

(૨) તે અન્વયે રાજ્ય સરકારે ઉપાડ નીચે મુજબ કરેલ છે.
(મે.ટન)

| યોજના | ઘઉં | ચોખા |
|---|---|---|
| એએવાય | ૧,૭૬,૦૨૨ | ૧,૪૮,૨૮૭ |
| બીપીએલ | ૪,૭૫,૩૧૪ | ૨,૫૯,૩૫૦ |
| એપીએલ | ૧૦,૨૬,૯૭૮ | ૧,૦૨,૪૨૧ |
| કુલ | ૧૬,૭૮,૩૧૪ | ૫,૧૦,૦૫૮ |

## ગાંધીનગર અને બનાસકાંઠામાં શિક્ષકોની ભરતી

* ૨૩૩૫૯ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખાનગી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કેન્દ્રિયકૃત ભરતી અન્વયે શિક્ષકોની ભરતી કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર અને બનાસકાંઠામાં ક્યા વિષયના અનુસૂચિત જાતિના કેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી ?

જવાબ

(૧) ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રિયકૃત ભરતી અન્વયે શિક્ષકોની ભરતી કરવામાં આવે છે.

(૨) એકપણ નહીં.

## જામનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૨૨૯૨ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી જામનગર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૭૦ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૧૫૮ હેકટર.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૬૦ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૪૩ હેકટર.

(૩) રૂ.૧૦૦.૭૧/– લાખ.

## સાવલી તાલુકામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૨૨૩૩૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં અંત્યોદય યોજનામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા અનાજનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં અંત્યોદય કાર્ડ ધારકોને વિતરણ કરેલ અનાજનો જથ્થો.

| | | |
|---|---|---|
| ઘઉં | – | ૬૨૬.૬૮ મે.ટન |
| ચોખા | – | ૫૨૭.૭૩ મે.ટન |
| કુલ | – | ૧૧૫૪.૪૧ મે.ટન |

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં
ઘઉં પ્રતિકિલો – રૂ.૨.૦૦
ચોખા પ્રતિકિલો – રૂ.૩.૦૦ ના ભાવે
વિતરણ કરવામાં આવેલ છે.

(૩) માસિક સરેરાશ ૨૮૬૯ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવેલ છે.

## ડાંગ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ટ્રાન્સપોર્ટેશન સુવિધા

* ૨૦૭૧૪ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ચાલતી ટ્રાન્સપોર્ટેશન સુવિધા કેટલી સ્કુલોમાં કાર્યરત છે, અને

જવાબ

(૧) ૩૦.

અતારાંકિત પ્રશ્નો

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટ્રાન્સપોર્ટેશન પાછળ કેટલો ખર્ચ થયો ?
(૨) રૂ.૩૫,૨૬,૮૬૦/-

### રાજકોટ જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપો પર તપાસ

* ૨૨૩૧૬ શ્રી જનક કાછડિયા (કરંજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પેટ્રોલ/ડીઝલ પંપોની માપમાં ઓછુ આપવા બાબતે તપાસ કરવામાં આવી. | (૧) ૨૨૯ |
| (૨) તે પૈકી કેટલા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, | (૨) ૧ |
| (૩) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૩) ૧ |
| (૪) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી? | (૪) રૂ. ૭૫૦૦/- |

### અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ

* ૨૨૧૦૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) અરવલ્લી જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને

(૧)

| | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| પ્રાથમિક | ૧૨૪૫ | ૨૦ | ૧૦૭ |
| માધ્યમિક | ૦૨ | ૧૨૨ | ૧૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી?

(૨)

| | જુન-૨૦૧૪ થી નવી શરૂ કરવામાં આવેલી શાળાઓ | | | જુન-૨૦૧૫ થી નવી શરૂ કરવામાં આવેલી શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ |
| પ્રાથમિક | ૦૦ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૮ | ૦૦ |
| માધ્યમિક | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૯ | ૦૦ |

### રાજ્યમાં ગ્રાહક સુરક્ષા સંબંધમાં ટેલિફોનિક ફરિયાદો

* ૨૨૩૧૪ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રાહક સુરક્ષા સંદર્ભે ગ્રાહકો રાજ્યના કોઈ પણ સ્થળેથી ટેલીફોન દ્વારા સીધી ફરિયાદ કરી શકે તે માટે રાજ્ય કક્ષાએથી તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, | (૧) ગ્રાહકો ટેલીફોન દ્વારા ગ્રાહક સુરક્ષા અંગેની ફરિયાદો કરી શકે તે માટે રાજ્ય ગ્રાહક હેલ્પલાઈન ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ તા. ૨૩-૧૨-૨૦૦૮થી કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો મળી, | (૨) ૧૧૪૦૦. |
| (૩) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો , અને | (૩) ૧૧૪૦૦. |
| (૪) તથા કેટલી ફરિયાદો પડતર છે? | (૪) એક પણ ફરિયાદ પડતર નથી. |

### સુરત જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધા

* ૨૦૯૧૩ શ્રી પ્રફુલ પાનસેરીયા (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સુરત જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૧) રૂ. ૨૯૬.૪૩ લાખ |
| (૨) તે અન્વયે કયા પ્રકારના અને કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) આવાસ, શિક્ષણ, રસ્તા, વિજળી અને આજીવિકા માટે કુલ ૧૫૧૩ લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ. ૨૩૬.૬૫ લાખ |

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ

* ૨૩૩૧૩ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૧)

| તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|
| દહેગામ | ૨૨૧ |
| ગાંધીનગર | ૧૮૬ |
| કલોલ | ૧૨૦ |
| માણસા | ૧૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં પૂરતા ઓરડાઓ તથા શૌચાલય, રમતગમતના મેદાનોની સુવિધા ઉપલબ્ધ ન હોય તેટલી સરકારી પ્રાથમિક શાળાઓ કેટલી છે, અને

(૨)

| તાલુકો | પૂરતા ઓરડા ન હોય તેવી શાળાની સંખ્યા | રમતગમતના મેદાનો ન હોય તેવી શાળાની સંખ્યા |
|---|---|---|
| દહેગામ | ૪૧ | ૪૩ |
| ગાંધીનગર | ૩૮ | ૪૭ |
| કલોલ | ૨૫ | ૩૪ |
| માણસા | ૧૯ | ૨૫ |

(૩) જો હા, તો તે અન્વયે કેટલા સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે?

(૩) – જેમ બને તેમ જલ્દી.

### દાહોદ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો

* ૨૧૯૭૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) દાહોદ જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને

(૧) ૦૯

(૨) તે પૈકી કેટલી કોલેજો સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી છે?

(૨) સરકારી – ૦૨
ગ્રાન્ટેડ – ૦૭
ખાનગી – ૦૦

### સાબરકાંઠા જિલ્લામાં ધોરણ–૯ થી ૧૨ના સળંગ એકમો અંગેની દરખાસ્તો

* ૨૨૪૫૪ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ધોરણ–૯ થી ધોરણ–૧૨ના સળંગ એકમો અંગેની કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને મળેલ છે, અને

(૧) ૧૨

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી?

(૨)

| વર્ષ | મંજુર કરેલ દરખાસ્તો |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૦૪ |
| ૨૦૧૪–૧૫ | ૦૬ |

### વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ખર્ચ

* ૨૧૦૮૭ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૫૬૪ |
| ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ) | ૩૬૪ |

| | |
|---|---|
| કુલ | ૯૨૮ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? (૨) રૂ. ૯૨.૮૦ લાખ.

ભરૂચ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૧૦૮૨ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૧૯૦ |

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનોનો કબજો

* ૨૩૦૧૭ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે જંગલની જમીનોનો કબજો મેળવવા કેટલા ખેડુતોની કુલ કેટલી અરજીઓ આવી, | (૧) એક પણ નહીં. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી અરજીઓનો નિકાલ કરી જંગલ જમીનનો કબજો સોંપવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પંચમહાલ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૦૯૨૦ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કેટલા વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૭૪ |

બનાસકાંઠા જિલ્લામાં વન કુટીરો

* ૨૦૯૦૭ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલી વન કુટિરો કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૩ વન કુટિર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૧૩ વન કુટીરો. |
| (૨) તે કયા તાલુકાઓમાં મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) નીચે મુજબના તાલુકાઓમાં વન કુટિરો મંજુર કરવામાં આવેલ છે. |

| તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ | કુલ |
|---|---|---|---|
| પાલનપુર | ૧ | ૩ | ૪ |
| વાવ | ૧ | ૧ | ૨ |
| થરાદ | ૦ | ૧ | ૧ |
| ધાનેરા | ૦ | ૧ | ૧ |
| ડિસા | ૦ | ૩ | ૩ |
| દિયોદર | ૦ | ૦ | ૦ |
| કાંકરેજ | ૦ | ૧ | ૧ |
| દાંતા | ૦ | ૨ | ૨ |
| વડગામ | ૦ | ૨ | ૨ |
| અમીરગઢ | ૧ | ૨ | ૩ |
| દાંતીવાડા | ૦ | ૨ | ૨ |
| ભાભર | ૦ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| લાખણી | ૦ | ૦ | ૦ |
| સૂઈગામ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૩ | ૧૮ | ૨૧ |

(૩) આ કામગીરીમાં ઉકત સ્થિતિએ કેટલા કામ પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે?

(૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં નીચેની વિગતે ૧૩ વન કુટિરો બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે અને ૫ વન કુટિરો બનાવવાની બાકી છે.

| તાલુકો | વર્ષ ૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|
| | કરવામાં આવેલ વનકુટીર | બનાવવાની બાકી વનકુટીર | કરવામાં આવેલ વનકુટીર | બનાવવાની બાકી વનકુટીર |
| પાલનપુર | ૧ | ૦ | ૩ | ૦ |
| વાવ | ૧ | ૦ | ૦ | ૧ |
| થરાદ | ૦ | ૦ | ૦ | ૧ |
| ધાનેરા | ૦ | ૦ | ૦ | ૧ |
| ડિસા | ૦ | ૦ | ૩ | ૦ |
| દિયોદર | ૦ | ૦ | ૦ | ૦ |
| કાંકરેજ | ૦ | ૦ | ૧ | ૦ |
| દાંતા | ૦ | ૦ | ૧ | ૧ |
| વડગામ | ૦ | ૦ | ૨ | ૦ |
| અમીરગઢ | ૧ | ૦ | ૨ | ૦ |
| દાંતીવાડા | ૦ | ૦ | ૧ | ૧ |
| ભાભર | ૦ | ૦ | ૦ | ૦ |
| લાખણી | ૦ | ૦ | ૦ | ૦ |
| સુઇગામ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૩ | ૦ | ૧૩ | ૫ |

નવસારી જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ફાળવેલ રકમ

* ૨૦૯૧૪ શ્રી પિયુષ દેસાઇ (નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ નવસારી જિલ્લામાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૧)

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૩૨૭૦.૧૬ |
| ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ) | ૧૮૪૨.૬૭ |
| કુલ | ૫૧૧૨.૮૩ |

(૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૨૯૯૯.૬૭ |
| ૨૦૧૫–૧૬ | ૧૦૨૪.૪૭ |
| કુલ | ૪૦૨૪.૧૪ |

અમરેલી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૨૨૩૦૭ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે, અને

(૧) બે

(૨) તેમાં કેટલી કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે?

(૨) ૧૪૯

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઈકો ટુરિઝમનો વિકાસ

* ૨૦૮૯૯ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે. અને | (૨) ટુંડી ટાવર (બજાણા), નાની કઠેચી તથા રાણાગઢ. |
| (૩) નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ દરમિયાન તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) |

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (ડીસે–૨૦૧૫, અંતિત) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૩૩.૦૬ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૨.૬૨ |
| | કુલ | ૩૫.૬૮ |

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ

* ૨૧૧૭૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લામાં જીલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને | (૧) |

| જિલ્લો | સરકારી | | ગ્રાન્ટેડ | | ખાનગી (નોન ગ્રાન્ટેડ) | |
|---|---|---|---|---|---|---|
| | પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક |
| ગીર સોમનાથ | ૫૫૩ | ૧૬ | ૦૦ | ૫૫ | ૩૦૦ | ૫૭ |
| જુનાગઢ | ૭૬૨ | ૧૧ | ૦૫ | ૨૪૯ | ૪૬૯ | ૧૫૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજુરી આપવામાં આવી? | (૨) |

| શાળાનો પ્રકાર | ગીર સોમનાથ | | | |
|---|---|---|---|---|
| | જુન ૨૦૧૪ | | જુન ૨૦૧૫ | |
| | પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક |
| સરકારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગ્રાન્ટેડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ખાનગી | ૦૪ | ૦૪ | ૧૬ | ૦૮ |
| જુનાગઢ | | | | |
| સરકારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગ્રાન્ટેડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ખાનગી | ૨૪ | ૦૩ | ૩૧ | ૧૩ |

### ભરૂચ જિલ્લામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૨૩૩૯ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુકત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં રાહતદરે નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છે. |

| ક્રમ | જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૪૩૫૪૧ મે. ટન |
| ૨ | ચોખા | ૧૪૬૩૧ મે. ટન |
| ૩ | ખાંડ | ૨૯૧૨ મે. ટન |
| ૪ | આયોડીનયુકત મીઠું | ૧૦૯૯ મે. ટન |
| ૫ | કપાસીયા તેલ | ૨૩૩૩૪૦ લીટર (પાઉચ) |

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પ્રતિ કિલો/લીટરના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નુ. | જન્સી | ભાવ (પ્રતિ કિલો/ લીટર રૂ. પૈસા.) |
|---|---|---|
| ૧ | એએવાય-બીપીએલ ઘઉં | ૨.૦૦ |
| ૨ | એએવાય-બીપીએલ ચોખા | ૩.૦૦ |
| ૩ | એએવાય-બીપીએલ ખાંડ | ૧૩.૫૦ |
| ૪ | એએવાય-બીપીએલ આયોડીન યુકત મીઠું | ૧.૦૦ |
| ૫ | એએવાય-બીપીએલ કપાસીયા તેલ | ૪૩.૦૦ (લીટરના) |
| ૬ | બીપીએલ સ્પે. ઘઉં (તા.૧-૧-૧૫ થી ૩૦-૪-૧૫) | ૭.૭૦ |
| | (તા.૧-૫-૧૫ થી ૩૧-૧૨-૧૫) | ૭.૩૦ |
| ૭ | બીપીએલ સ્પે. ચોખા | ૭.૨૦ |
| ૮ | એપીએલ ઘઉં | ૭.૭૦ |
| ૯ | એપીએલ ચોખા (તા.૧-૧-૧૫ થી ૩૧-૩-૧૫) | ૧૦.૧૦ |

## રાજ્યમાં માંગલ્ય વનનું નિર્માણ અને તેનો ખર્ચ

* ૨૦૯૦૩ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા માંગલ્ય વન કયા સ્થળે બનાવવામા આવેલ છે.

(૧) મોજે. અંબાજી, તા. દાંતા, જી. બનાસકાંઠા

(૨) આ વનમાં કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) આ વનમાં વાંસ, જાંબું, કરંજ, પેલ્ટોફોરમ, ખેર, બીલી, વડ, મહુડો, બહેડા, કડાયા, ગલતોરા, કરેણ, ગરમાળો, ચંપો, ટેકોમા, આકડો, ખાખરો, અઘેડો, પીપળો, ઉંમરો, ખીજડો, ધરો, દર્ભ, અર્જુનસાદડ, નાગકેસર, ગુગળ, ઝેરકોચલુ, આમળા, જુઈ, લીમડો, અગરવૃક્ષ, બોરસલી, સીમળો, નેતર, ફણસ, આંબા જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો ?

(૩) કુલ રૂ. ૧૫.૮૧ લાખ

## સુરત જિલ્લામાં કુંવરબાઈ મામેરૂ યોજનાના લાભાર્થીઓ

* ૨૨૩૫૧ શ્રી કિશોર કાનાણી (વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૫૦૧ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ | ૨૬૫ |
| કુલ | ૭૬૬ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૭૬.૬૦ લાખ

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### નળસરોવર ખાતે ગેરકાયદે બાંધકામો

* ૨૧૦૩૭ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના નળસરોવર ખાતે વન વિભાગના નિયમોની અવગણના કરી ગેરકાયદેસર બાંધકામો થયા છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો સરકારે આ ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા શાં પગલાં લીધા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં રાહત દરે વિતરણ

* ૨૩૧૪૭ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુકત મીઠા અને ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યુ, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં રાહત દરે ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુક્ત મીઠા અને ખાદ્યતેલના થયેલ વિતરણની વિગત નીચે મુજબ છે.

| જન્સી | ધાનેરા | દાંતીવાડા |
| --- | --- | --- |
| ઘઉં | ૧૦૬૭૭ મે. ટન | ૫૯૦૩૫ મે. ટન |
| ચોખા | ૪૦૮૭ મે. ટન | ૨૮૦૨૩ મે. ટન |
| ખાંડ | ૮૯૭ મે. ટન | ૩૫૮૪ મે. ટન |
| આયોડીનયુકત મીઠું | ૧૪૮ મે. ટન | ૯૨ મે. ટન |
| ખાદ્યતેલ | ૫૬૫૦ પાઉચ (લીટર) | ૩૮૫૮૧ પાઉચ (લીટર) |

(૨) એ કયા ભાવે વિતરણ કરાયું ?

(૨) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની યોજનાવાર ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુક્ત મીઠા અને ખાદ્યતેલનું નીચે મુજબના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| અ. નં. | યોજના | જન્સી | સમયગાળો | પ્રતિ કિ.ગ્રા. ભાવ રૂ.પૈ. |
| --- | --- | --- | --- | --- |
| ૧ | એએવાય/ બીપીએલ | ઘઉં | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૫ | ૨.૦૦ |
| ૨ | એએવાય/ બીપીએલ | ચોખા | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૫ | ૩.૦૦ |
| ૩ | એએવાય/ બીપીએલ | ખાંડ | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૫ | ૧૩.૫૦ |
| ૪ | એએવાય/ બીપીએલ | આયો. મીઠું | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૫ | ૧.૦૦ |
| ૫ | એએવાય/ બીપીએલ | ખાદ્યતેલ | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૪ | ૪૮.૦૦ (પ્રતિ લીટર) |
| | | | જાન્યુ–૧૫ થી ડીસે.–૧૫ | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૬ | બીપીએલ | સ્પે. ઘઉં | જાન્યુ.–૧૪, ફેબ્રુ–૧૪ | ૫.૪૦ |
| | | | માર્ચ–૧૪ થી જુલાઈ–૧૪ | ૭.૫૦ |
| | | | ઓગસ્ટ–૧૪ | ૫.૪૦ |
| | | | સપ્ટેમ્બર–૧૪ | ૫.૬૦ |
| | | | ઓકટો–૧૪ થી એપ્રિલ–૧૫ | ૭.૭૦ |
| | | | મે–૧૫ થી ડીસેમ્બર–૧૫ | ૭.૩૦ |
| ૭ | બીપીએલ | સ્પે. ચોખા | જાન્યુ–૧૪ થી | ૭.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઓગષ્ટ–૧૪ | |
| | | | સપ્ટે–૧૪ થી ડીસે–૧૫ | ૭.૨૦ |
| ૮ | એપીએલ | ઘઉં | જાન્યુ–૧૪ થી ઓગષ્ટ–૧૪ | ૭.૫૦ |
| | | | સપ્ટે–૧૪ થી ડીસે–૧૫ | ૭.૭૦ |
| ૯ | એપીએલ | ચોખા | સપ્ટે–૧૪ થી માર્ચ–૧૫ | ૧૦.૧૦ |

સુરત જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૧૦૮૫ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે?

જવાબ

(૧) ૬ (છ)

(૨) ૭૫૦

નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૧૧૩૦ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શિક્ષક | | ઉચ્ચ પ્રાથમિક | | મુખ્ય શિક્ષક | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
| ૧ | જલાલપોર | ૩૧૩ | ૧૪ | ૨૭૧ | ૧૦ | ૧૫ | ૦૪ |
| ૨ | નવસારી | ૨૬૮ | ૦ | ૧૭૨ | ૧૦ | ૨૪ | ૦૫ |
| ૩ | ગણદેવી | ૩૭૩ | ૦ | ૨૪૯ | ૦૩ | ૩૮ | ૦૩ |
| ૪ | ચીખલી | ૫૬૨ | ૦ | ૩૫૭ | ૧૫ | ૫૦ | ૨૧ |
| ૫ | ખેરગામ | ૧૬૦ | ૦ | ૯૯ | ૦૧ | ૧૩ | ૧૧ |
| ૬ | વાંસદા | ૬૧૩ | ૧૨ | ૩૮૦ | ૩૮ | ૬૪ | ૩૮ |

(૨) જેમ બને તેમ જલ્દી.

વડોદરા જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલનું વિતરણ

* ૨૨૩૩૫ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કેટલા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૪) તે અન્વયે રાજ્ય સરકારે કેટલી સબસીડી આપી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વર્ષના બે તહેવારો દરમ્યાન ૨૫૬૫૦૭ નંગ રીફાઈન્ડ કપાસીયા તેલના ૧ લીટરના પાઉચનું રાહતદરે વિતરણ કરેલ છે.

(૨) સરેરાશ ૧૨૮૨૫૪ લાભાર્થી કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

(૩) પ્રતિ લીટરના રૂ.૪૩/– ના ભાવે વિતરણ કરવામાં આવ્યું.

(૪) રાજ્ય સરકારે વડોદરા જિલ્લા માટે રૂ. ૭૬,૪૮,૬૬૦.૮૮ પૈસાની સબસીડી આપી.

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોલેજો

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

* ૨૦૭૩૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આવેલી છે,

જવાબ

(૧)

| જિલ્લાનું નામ | કોલેજોની સંખ્યા |
|---|---|
| મહીસાગર | ૦૩ |
| પંચમહાલ | ૧૨ |
| કુલઃ | ૧૫ |

(૨) તે પૈકી કેટલી કોલેજો સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી છે, અને

(૨)

| કોલેજનો પ્રકાર | મહીસાગર | પંચમહાલ | કુલ |
|---|---|---|---|
| સરકારી | ૦૦ | ૦૨ | ૦૨ |
| ગ્રાન્ટેડ | ૦૩ | ૦૯ | ૧૨ |
| ખાનગી | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | કુલ | ૧૫ |

(૩) ઉકત સ્થિતિએ જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સની સરકારી કોલેજો ન હોય તો સરકાર નવી કોલેજો સ્થાપવા માંગે છે?

(૩) કોલેજો હોવાથી હાલ રાજ્ય સરકાર સ્થાપવા માંગતી નથી.

અમદાવાદ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડધારકોને ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૨૩૨૩ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડધારકોને કઈ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું,

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ (વર્ષમાં બે વાર) આયોડીનયુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) કયા ભાવથી અને કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડધારકોને નીચે મુજબના માસિક વિતરણ–પ્રમાણ તથા ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ | ભાવ રૂ. પૈસા (પ્રતિ કિલો / લીટર ) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૩ કીલો | ૨.૦૦ |
| | સ્પે. ઘઉં | પ્રતિ કાર્ડ ૧૫ કીલો | ૭.૩૦ |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૩ કીલો | ૩.૦૦ |
| | સ્પે. ચોખા | પ્રતિ કાર્ડ ૪ કીલો | ૭.૨૦ |
| ૩ | ખાંડ | વ્યક્તિદીઠ ૦.૩૫૦ ગ્રામ | ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ | પ્રતિ કાર્ડ ૧ લીટર (પાઉચ) (વર્ષમાં બે વાર) | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૫ | આયોડીન યુક્ત મીઠું | * ૧ થી ૬ સભ્યો ધરાવતા કાર્ડ માટે– ૧ કિલો<br>*૬ થી વધુ સભ્યો ધરાવતા કાર્ડ માટે–૨ કિલો | ૧.૦૦ |
| ૬ | કેરોસીન | વ્યક્તિદીઠ ૨ લીટર મહત્તમ ૮ લીટર | ૧૪.૯૫ |

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું?

(૩) તા. ૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં (બી.પી.એલ) | ૯૭૨૨.૦૫ મે. ટન |
| ૨ | ઘઉં (સ્પે. બી.પી.એલ) | ૧૧૨૭૪.૮૫ મે. ટન |
| ૩ | ચોખા (બી.પી.એલ.) | ૨૬૦૩.૨૫ મે. ટન |
| ૪ | ચોખા (સ્પે. બી.પી.એલ.) | ૪૩૦૦.૬૬ મે. ટન |

| | | |
|---|---|---|
| ૫ | ખાંડ (બી.પી.એલ.) | ૧૮૨૯.૮૦ મે.ટન |
| ૬ | ખાદ્યતેલ (બી.પી.એલ.) | ૧૨૨૯૮૮ લીટર (પાઉચ) |
| ૭ | આયોડીન યુક્ત મીઠું (બી.પી.એલ.) | ૧૩૯૪.૨૮ મે. ટન |
| ૮ | કેરોસીન | ૧૯૮૧૭.૧૯ કિલો–લીટર (તમામ નોન ગેસ કાર્ડ ધારકોને) |

## અતારાંકિત પ્રશ્નો

### મોરબી તથા રાજકોટ જિલ્લામાં ફાજલ શિક્ષકો

* ૨૨૭૨૭ શ્રી મહમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી તથા રાજકોટ જિલ્લામાં કેટલી સરકારી હાઈસ્કુલના કેટલા શિક્ષકોને ફાજલ જાહેર કરવામાં આવ્યા, અને | (૧) એકપણ નહીં. |
| (૨) ઉક્ત શિક્ષકોને ફાજલ જાહેર કરવાનું કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજકોટ જિલ્લામાં પ્રથમ ક્રમિક વર્ગોને મંજૂરી

* ૨૨૩૦૦ શ્રીમતિ ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ધોરણ–૧૧ ના પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ) ના કેટલા વર્ગોને મંજૂરી આપવામાં આવી,

(૧)

| ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|
| ૧૪ | ૦૩ |

(૨) તે પૈકી સામાન્ય પ્રવાહના કેટલા, અને

(૨)

| ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|
| ૧૩ | ૦૩ |

(૩) વિજ્ઞાન પ્રવાહના કેટલા ?

(૩)

| ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|
| ૦૧ | ૦૦ |

### મહેસાણા જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ

* ૨૨૨૯૯ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ કાર્યરત છે, | (૧) ૦૮ |
| (૨) આ શાળાઓમાં કેટલો શૈક્ષણિક સ્ટાફ મંજૂર થયેલ છે, અને | (૨) ૩૪ |
| (૩) મંજૂર થયેલ શૈક્ષણિક સ્ટાફ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ભરાયેલ છે ? | (૩) ૨૬ |

### કેરોસીન જથ્થાના સબસીડીના નાણા રોકડમાં ચૂકવવાની યોજના

* ૨૨૩૨૬ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા કેરોસીન લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર કેરોસીનના જથ્થાના સબસિડીના નાણા રોકડમાં ચૂકવવા અંગેની કોઈ યોજના વર્ષ ૨૦૧૫–૧૬ માં અમલમાં છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ બાબતે શરૂઆતના તબક્કે કેટલા જિલ્લાઓને આવરી લેવામાં આવશે ? | (૧) અને (૨)<br>રાજ્ય સરકાર દ્વારા કેરોસીન લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર કેરોસીનના જથ્થાના સબસીડીના નાણા રોકડમાં ચૂકવવા અંગેની કોઈ યોજના વર્ષ ૨૦૧૫–૧૬ માં અમલમાં નથી. પરંતુ વર્ષ ૨૦૧૬–૧૭ માં અમલવારી કરવા માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૭ જિલ્લાઓ (૧) અમદાવાદ ગ્રામ્ય (૨) બનાસકાંઠા (૩) ભરૂચ (૪) છોટાઉદેપુર (૫) ડાંગ (૬) દેવભૂમિ દ્વારકા અને (૭) પોરબંદરને આવરી લેવામાં આવેલ છે. |

## અતારાંકિત પ્રશ્નો

### તાપી જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૧૦૮૧ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૮ (આઠ). |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૩૫૫. |

### છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર કાયદા હેઠળ મળેલ અરજીઓ

* ૨૦૭૦૬ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર કાયદા હેઠળ કુલ કેટલી અરજીઓ મળેલ છે, તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા લાભાર્થીઓને જમીનના કબજા સોંપાયા, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને જમીનના કબજા આપવાના બાકી છે. અને તે કેટલા સમયમાં અપાશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચેકડેમ અને ખેતતલાવડી

* ૨૨૨૮૩ શ્રી ચિમનભાઈ સાપરિયા (જામજોધપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૨ વનતલાવડી અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૩ ચેકડેમ અને ૩ વન તલાવડી. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) સને ૨૦૧૪–૧૫માં રૂા. ૨.૯૧/–લાખ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રૂા. ૮.૪૪/–લાખ. |

### રાજ્યમાં માંગલ્ય વનનું નિર્માણ અને તેનો ખર્ચ

* ૨૦૯૦૨ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર દ્વારા માંગલ્ય વન કયા સ્થળે બનાવવામાં આવેલ છે, | (૧) મોજે. અંબાજી, તા. દાંતા, જી. બનાસકાંઠા ખાતે. |
| (૨) આ વનમાં કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૨) આ વનમાં વાંસ, જાંબું, કરંજ, પેલ્ટોફોરમ, ખેર, બીલી, વડ, મહુડો, બહેડા, કડાયા, ગલતોરા, કરેણ, ગરમાળો, ચંપો, ટેકોમા, આકડો, ખાખરો, અઘેડો, પીપળો, ઉમરો, ખીજડો, ધરો, દર્ભ, અર્જુનસાદડ, નાગકેસર, ગુગળ, ઝેરકોચલુ, આમળા, જુઈ, લીમડો, અગરવૃક્ષ, બોરસલી, સીમળો, નેતર, ફણસ, આંબા જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો? | (૩) કુલ રૂ. ૧૫.૮૧ લાખ. |

### સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૦૯૧૭ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૮ (આઠ) વિદ્યાર્થીઓ માટે<br>૮ (આઠ) વિદ્યાર્થીનીઓ માટે. |

| | |
|---|---|
| (૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? | (૨) ૬૪૬–વિદ્યાર્થીઓ<br>૮૨૬–વિદ્યાર્થીનીઓ. |

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### જુનાગઢ જિલ્લામાં બીપીએલ પરીવારોને રેશનીંગનો જથ્થો મળવા બાબત

* ૨૦૬૪૦ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા બીપીએલ પરિવારોને રેશનીંગનો જથ્થો મળે છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં પાત્રતા ધરાવતા નીચે મુજબના પરિવારોને રેશનકાર્ડ નો જથ્થો મળે છે.

| અ.નં. | તાલુકાનું નામ | બીપીએલ પરીવાર |
|---|---|---|
| ૧ | જુનાગઢ (ગ્રામ્ય) | ૪,૭૧૫ |
| ૨ | જુનાગઢ ઝોનલ–૧ | ૩,૨૦૫ |
| ૩ | જુનાગઢ ઝોનલ–૨ | ૩,૭૭૯ |
| ૪ | વિસાવદર | ૪,૩૬૧ |
| ૫ | વંથલી | ૬,૦૦૭ |
| ૬ | મેંદરડા | ૩,૯૬૪ |
| ૭ | ભેંસાણ | ૪,૨૨૫ |
| ૮ | માળીયા | ૮,૯૭૬ |
| ૯ | કેશોદ | ૭,૧૪૨ |
| ૧૦ | માણાવદર | ૬,૯૧૮ |
| ૧૧ | માંગરોળ | ૮,૪૦૮ |
| | કુલ | ૬૧,૭૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા બી.પી.એલ. પરિવારોને રેશનીંગનો જથ્થો મળતો નથી, અને

(૨) જે બી.પી.એલ. રેશનકાર્ડ ધારણ કરતા પરિવાર રેશનીંગનો જથ્થો લેવા જાય છે તે પરિવારને રેશનીંગના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

(૩) આ બાકી રહેતા બીપીએલ પરીવારોને કેટલા સમયમાં રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### સુરેન્દ્રનગર જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૨૨૩૩૪ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં અંત્યોદય યોજનામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા અનાજનું વિતરણ કરવામાં આવ્યું,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને વિતરણ કરેલ અનાજનો જથ્થો :–

| | | |
|---|---|---|
| ૧ | ઘઉં | ૩૯૧૨ મે. ટન |
| ૨ | ચોખા | ૩૨૯૫ મે. ટન |
| | કુલઃ | ૭૨૦૭ મે.ટન |

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં :–

| | |
|---|---|
| ઘઉં પ્રતિ કીલો | રૂ. ૨.૦૦ |
| ચોખા | રૂ. ૩.૦૦ |

ના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યુ?

(૩) માસિક સરેરાશ ૧૭૬૨૦ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવેલ છે.

### કોડીનાર તાલુકાના તેજસ્વી વિદ્યાર્થીઓની નેશનલ કમ મેરીટ સ્કોલરશીપની અરજીઓ

* ૨૨૪૧૧ શ્રી શક્તિસિંહજી ગોહીલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૧–૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોડીનાર તાલુકાના તેજસ્વી વિદ્યાર્થીઓની સ્કોલરશીપ

જવાબ

(૧) એક.

મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) એક હપ્તો મળ્યા પછી મળવાપાત્ર રકમ ન મળતા સરકારશ્રીએ શું કાર્યવાહી કરી, અને

(૨) એક હપ્તો મળ્યા પછી મળવાપાત્ર રકમ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ દ્વારા રીન્યુઅલ રીપોર્ટ મોકલવાનો થાય છે, જેના અનુસંધાને જુદા જુદા પત્રોથી માહિતી માગવામાં આવી છે, તથા એક વિડીયો કોન્ફરન્સ કરવામાં આવેલ છે.

(૩) બાકી રહેલ રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૩) જિલ્લાઓમાંથી રીન્યુઅલ રીપોર્ટ આવેથી સંકલિત દરખાસ્ત એમ.એચ.આર.ડી. ન્યુ દિલ્હી ખાતે મોકલવામાં આવશે. જેમાં પ્રસ્તૃત દરખાસ્તનો સમાવેશ થઈ જાય છે.

એમ.એચ.આર.ડી. ન્યુ દિલ્હી દ્વારા સ્કોલરશીપની રકમ વિદ્યાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

## દાહોદ જિલ્લામાં તાલુકાવાર રોપાઓનું વાવેતર

* ૨૦૯૦૬ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું,

(૧) નીચેની વિગતે તાલુકાવાર રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

(રોપાઓનું વાવેતર (લાખમાં)

| તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ | કૂલ |
|---|---|---|---|
| દાહોદ | ૭.૦૫ | ૮.૭૩ | ૧૫.૭૮ |
| ઝાલોદ | ૬.૨૯ | ૩.૦૮ | ૯.૩૭ |
| લીમખેડા | ૫.૩૬ | ૫.૪૮ | ૧૦.૮૪ |
| બારીયા | ૪.૯૭ | ૪.૧૯ | ૯.૧૬ |
| ફતેપુરા | ૨.૯૧ | ૨.૮૯ | ૫.૮૦ |
| ગરબાડા | ૨.૨૩ | ૧.૪૬ | ૩.૬૯ |
| ધાનપુર | ૫.૭૦ | ૪.૦૨ | ૯.૭૨ |
| સંજેલી | ૨.૭૧ | ૦.૨૨ | ૨.૯૩ |
| કુલ | ૩૭.૨૨ | ૩૦.૦૭ | ૬૯.૨૯ |

(૨) તે પૈકી કેટલા રોપાઓ જીવત છે અને કેટલા નાશ પામ્યા, અને

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૯.૦૮ લાખ રોપા જીવંત છે અને ૮.૧૪ લાખ રોપા નાશ પામેલ છે. જ્યારે ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૨૪.૦૬ લાખ રોપા જીવંત છે અને ૬.૦૧ લાખ રોપા નાશ પામેલ છે.

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) કુલ રૂા. ૨૫૯૬.૯૪ લાખ.

## અમરેલી જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૨૦૯૦૮ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) અમરેલી જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૨૦૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૨૫ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૨૩૬ હેક્ટર.

(૨) તે પૈકી લાઠી તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૬૦ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૩૩ હેક્ટર

(૩) તે પાછળ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ. ૪૪.૪૬ લાખ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૨.૩૧ લાખ.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડીની અરજીઓ

* ૨૧૨૫૦ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાંથી તાલુકાવાર બળતણ બચાવવા સારૂં સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ આવી.

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | કુલ |
| ૧ | નડિયાદ | ૧૪ | ૫ | ૧૯ |
| ૨ | વસો | ૧ | ૦ | ૧ |
| ૩ | માતર | ૧ | ૦ | ૧ |
| ૪ | મહેમદાવાદ | ૭ | ૧૬ | ૨૩ |
| ૫ | ખેડા | ૨ | ૦ | ૨ |
| ૬ | કઠલાલ | ૬ | ૧ | ૭ |
| ૭ | મહુધા | ૧ | ૧ | ૨ |
| ૮ | ઠાસરા | ૧ | ૭ | ૮ |
| ૯ | ગળતેશ્વર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | કપડવંજ | ૨ | ૬ | ૮ |
| | કુલ | ૩૫ | ૩૬ | ૭૧ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) ૭૧

(૩) અરજીઓ ના મંજૂર કરવાના મુખ્યત્વે શાં કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) મંજૂર થયેલ અરજીઓ અન્વયે વર્ષવાર કૂલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) વર્ષ ૨૦૧૪–૧૫ માં મંજુર કરેલ સ્મશાન સગડીની ડીલીવરી ૨૦૧૫–૧૬ માં થતાં રૂા. ૯.૩૫/– લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે ૨૦૧૫–૧૬ માં કોઈ ખર્ચ થયેલ નથી.

### ભાવનગર જિલ્લામાં વધારે કિંમત વસુલતા વેપારીઓ સામે કાર્યવાહી

* ૨૨૩૧૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસુલ કરવા બાબતે કેટલા વ્યાપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી.

(૧) ૨૧

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૨) ૨૦

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી?

(૩) રૂ. ૪૦,૦૦૦–

### ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૨૩૩૫૫ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા જીલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળામાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૧)

| તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| ગળતેશ્વર | ૧૭ | ૦૮ |
| કપડવંજ | ૨૯ | ૪૭ |
| કઠલાલ | ૩૨ | ૧૨ |
| ખેડા | ૧૦ | ૦૫ |
| મહેમદાવાદ | ૪૮ | ૮૬ |
| મહુધા | ૪૫ | ૪૨ |
| માતર | ૧૫ | ૧૫ |
| નડિયાદ | ૮૧ | ૬૧ |
| ઠાસરા | ૪૧ | ૫૨ |
| વસો | ૦૮ | ૩૩ |

(૨) ઉકત સ્થિતિએ આ ઘટ સત્વરે પુરી કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી, અને

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૧૨ ઓરડા અને વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૭૭ ઓરડાનું બાંધકામ હાથ ધરેલ છે.

(૩) કેટલા સમયમાં આ ઘટ પુરી કરવામાં આવશે ? (૩) જેમ બને તેમ જલ્દી.

સાબરકાંઠા જિલ્લામાં ઈકોટુરિઝમનો વિકાસ

* ૨૦૯૦૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઈકોટુરિઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે. અને | (૨) પોળો કેમ્પ સાઈટ |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કેટલો કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) |

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫.૪૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૧૩.૫૨ |
| | કુલ | ૧૮.૯૨ |

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ

* ૨૨૯૧૫ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની કેટલી પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ છે. | (૧) ૨૫ |
| (૨) ઉકત સ્થિતિએ આ ઘટ કયારથી છે, અને | (૨) ચાલુ શૈક્ષણિક સત્રથી |
| (૩) ઉકત સ્થિતિએ રહેલ ઓરડાઓની ઘટ પુરી કરવા શાળાના ઓરડાઓ કયાં સુધીમાં બાંધવામાં આવનાર છે? | (૩) જેમ બને તેમ જલ્દીથી |

પંચમહાલ જિલ્લામાં ડેરી વિકાસ યોજના

* ૨૧૦૮૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા જી |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા પ્રકારની સવલતો લાભાર્થીઓને આપવામાં આવે છે. અને | (૨) દુધાળા પશુઓની સાથે પશુ વિમો, વાસણ કીટ, પશુ ખાણદાણ, પશુ સારવાર, તાલીમ અને પશુ ટ્રાન્સપોર્ટેશન |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૩) ૪૭૪ |

આણંદ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૦૯૧૦ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૫ (પાંચ)–વિદ્યાર્થીઓ<br>૨ (બે)–વિદ્યાર્થીનીઓ |
| (૨) તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? | (૨) ૫૫૮–વિદ્યાર્થીઓ<br>૨૩૦ –વિદ્યાર્થીનીઓ |

ખેડા જિલ્લામાં ભૂંડ અને વાંદરાઓનો ત્રાસ

* ૨૩૨૮૨ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના | (૧) હા જી |

તાલુકાઓમાં ભુંડ અને વાંદરાઓના ત્રાસના કારણે ખેડૂતોના ઉભા પાકને ભારે નુકશાન થાય છે તે હકીકત થી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ ત્રાસને દૂર કરવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી ?

(૨)

| ક્રમ | વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૨૧.૦૪ |
| ૨ | ૨૦૧૫-૧૬ તા.૩૧-૦૧-૨૦૧૬ અંતિત) | ૧૯.૯૫ |
| | કુલ | ૪૦.૯૯ |

## પાટણ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૧૦૮૯ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૧ (એક) સરકારી છાત્રાલય |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૧૦૦ વિદ્યાર્થીનીઓ. |

## નર્મદા જિલ્લામાં નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

* ૨૦૯૦૪ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૩૭૫ હેકટર |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ.૧૧૯.૨૮ લાખ |

## આણંદ અને વડોદરા શહેર જિલ્લામાં શિક્ષણના અધિકારનો કાયદાનો અમલ

* ૨૩૦૨૨ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ શિક્ષણનો અધિકાર (આરટીઈ) કાયદો રાજ્યમાં ક્યારથી અમલમાં છે,

(૧) વર્ષ ૨૦૦૯ થી.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કાયદા અંતર્ગત આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલી શાળાઓમાં ગરીબ વિદ્યાર્થીઓ માટે કેટલી બેઠકો ફાળવવામાં આવેલ, અને

(૨)

| જિલ્લો | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|
| | શાળાઓ | ફાળવેલ લક્ષ્યાંક | શાળાઓ | ફાળવેલ લક્ષ્યાંક |
| આણંદ | ૧૪૨ | ૫૦૦ | ૧૪૨ | ૬૦૦ |
| વડોદરા | ૧૪૧ | ૧૫૦૦ | ૧૪૧ | ૨૯૦૦ |

(૩) ઉકત સ્થિતિએ ફાળવેલ બેઠકો પૈકી વર્ષવાર કેટલી બેઠકો ભરવામાં આવેલ છે, અને જો ઓછી બેઠકો ભરાઈ હોય તો તેના કારણો શા છે ?

(૩)

| જિલ્લો | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|
| | ફાળવેલ લક્ષ્યાંક | આપેલ પ્રવેશ | ફાળવેલ લક્ષ્યાંક | આપેલ પ્રવેશ |
| આણંદ | ૫૦૦ | ૪૭૮ | ૬૦૦ | ૭૫૫ |
| વડોદરા | ૧૫૦૦ | ૧૧૩૨ | ૨૯૦૦ | ૨૭૩૭ |

-અરજીઓ ઓછી મળવાને લીધે લક્ષ્યાંક કરતા ઓછી બેઠકો ભરાયેલ છે.

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### અમરેલી જિલ્લામાં રોઝ-ભૂંડની હત્યાની મંજૂરી

* ૨૧૬૬૦ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-જાન્યુઆરી-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કૃષિ પાકોને થતું નુકશાન અટકાવવા માટે કુલ કેટલા રોઝ-ભૂંડને બંદૂકથી મારી નાખવા માટે મંજૂરી આપવામાં આવી છે, અને | (૧) ના, જી. |
| (૨) ઉપરોકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કુલ કેટલા રોઝ-ભૂંડને મારી નાખવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### આણંદ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ

* ૨૧૮૨૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ આવેલી છે, અને

જવાબ

(૧)

| | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| પ્રાથમિક | ૧૦૨૯ | ૮૭ | ૨૪૨ |
| માધ્યમિક | ૦૨ | ૨૨૨ | ૪૨ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી ?

(૨)

| | જુન-૨૦૧૪ થી નવી શરૂ કરવામાં આવેલ શાળાઓ | | | જુન-૨૦૧૫ થી નવી શરૂ કરવામાં આવેલ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | સરકારી | નોન ગ્રાન્ટેડ | ગ્રાન્ડેટ | સરકારી | નોન ગ્રાન્ટેડ | ગ્રાન્ડેટ |
| પ્રાથમિક | ૦૧ | ૨૦ | ૦૦ | ૦૦ | ૨૮ | ૦૦ |
| માધ્યમિક | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૦ |

### અમદાવાદ જિલ્લામાં કેરોસીનના લાભાર્થીઓ

* ૨૨૩૨૪ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર તથા અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેરોસીન મેળવતા લાભાર્થીઓ કેટલા છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેરોસીન મેળવતા લાભાર્થીઓ ૩,૯૫,૦૦૫ અને અમદાવાદ જિલ્લામાં ૨,૪૮,૫૭૧ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે બાબતે રાજ્ય સરકાર શું તકેદારી રાખે છે ? | (૨) (અ) ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે માટે રેશનકાર્ડ ઈસ્યુ કરતી વખતે રેશનકાર્ડમાં ગેસ જોડાણ ધરાવતા હોવા બાબતની નોંધ (ગેસ સ્ટેમ્પીંગ) તાલુકા મામલતદાર કચેરીઓ દ્વારા કરવામાં આવે છે. તેમજ ઓઈલ માર્કેટીંગ કંપનીઓ પાસેથી ગેસ જોડાણની વિગતો મેળવી ઓનલાઈન સ્ટેમ્પીંગ દ્વારા પણ ગેસ જોડાણ ધરાવતા હોવા છતાં કેરોસીન લાભાર્થીની યાદીમાં નામ હોય તો દુર કરવામાં આવેલ છે.<br>(બ) ગેસ સ્ટેમ્પીંગ બાબતે રાજ્ય કક્ષાએ દર માસે અગ્રસચિવશ્રી દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં સમિક્ષા કરવામાં આવે છે. |

## અતારાંકિત પ્રશ્નો

ભાવનગર અને ભરૂચ જિલ્લામાં સસ્તા અનાજની દુકાન

* ૨૩૪૨૭ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર અને ભરૂચ જિલ્લામાં સસ્તા અનાજની દુકાન નહી ધરાવનાર ગામોની સંખ્યા કેટલી છે, અને

(૨) જે ગામોમાં સસ્તા અનાજની દુકાનો નથી ત્યાં ક્યારે શરૂ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર અને ભરૂચ જિલ્લામાં સસ્તા અનાજની દુકાન નહીં ધરાવનાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૯૯ |
| ૨ | ભરૂચ | ૩૩૭ |

(૨) ગામવાર દુકાન ખોલવાની સરકારશ્રીની નીતિ નથી. ઉકત બંને જિલ્લાઓમાં સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ અનુસાર વસ્તી અને અંતરના ધોરણ મુજબ ઉપર દર્શાવેલ ગામોએ સસ્તા અનાજની નવી દુકાનો શરૂ કરવા પાત્ર નથી.

ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૦૯૧૮ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

જવાબ

(૧) ૨ (બે) વિદ્યાર્થીઓ.
૨ (બે) વિદ્યાર્થીનીઓ.
એમ કુલ–૪ (ચાર)

(૨) ૧૭૪–વિદ્યાર્થીઓ.
૧૯૦–વિદ્યાર્થીનીઓ.

બનાસકાંઠા જિલ્લામાં કોલેજો

* ૨૧૯૧૧ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને

(૨) તે પૈકી કેટલી કોલેજો સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી છે ?

જવાબ

(૧) ૧૭

(૨) સરકારી–૦૩
ગ્રાન્ટેડ–૦૫
ખાનગી–૦૯

તાપી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૦૯૧૯ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

જવાબ

(૧) ૮ (આઠ) – વિદ્યાર્થી.
૪ (ચાર) – વિદ્યાર્થીનીઓ.

(૨) ૨૦૧ – વિદ્યાર્થી.
૩૫૫ – વિદ્યાર્થીનીઓ.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઓછો વન વિસ્તાર

* ૨૦૬૬૯ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સરકારે ઠરાવેલ ચોક્કસ વન વિસ્તાર કરતાં ઓછો વન વિસ્તાર છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત જિલ્લાવાર કેટલા ચોરસ કિલો મીટર વન વિસ્તાર હોવો જોઈએ અને તેની સામે કેટલો વન વિસ્તાર છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિસ્તારમાં કેટલો

જવાબ

(૧) સરકારે કોઈ ચોક્કસ વન વિસ્તાર હોવાનું ઠરાવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વધારો કરવામાં આવ્યો ?

## અતારાંકિત પ્રશ્નો

### મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૯૦૦ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૫૪૦ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૩૬૧ હેકટર. |
| (૨) તે પૈકી ઉંઝા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૬૦ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૪૫ હેકટર. |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ.૩૮.૩૨ લાખ. |

### રાજકોટ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા ધારાની જાણકારી

* ૨૨૨૯૭ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા ધારા અંગે જાણકારી મળે તથા તેનો પ્રચાર પ્રસાર થાય તે માટે શું પગલા લેવામાં આવ્યા, અને | (૧)<br>⇨ તા. ૨૧–૧૨–૧૫ થી તા. ૩૦–૧૨–૧૫ સુધી દિન–૧૦ દરમ્યાન ગ્રાહક જાગૃતિ સપ્તાહ, સલામત ખોરાક, ખોરાકમાં ભેળસેળ સામે ઝુંબેશની થીમ પર કાર્યક્રમ રાખવામાં આવેલ.<br>⇨ જુદા જુદા દિવસો દરમ્યાન શાળાઓમાં રેલીનું આયોજન, પ્રદર્શન, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ.<br>⇨ ઉક્ત કાર્યક્રમમાં શાળા સંચાલક મંડળ, આચાર્ય, શિક્ષકો, વાલીઓ તથા શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. |
| (૨) તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓને આ અંગેની જાણકારી આપવામાં આવી? | (૨) ૯૮૭૭૮. |

### મહેસાણા જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગુણોત્સવ

* ૨૨૪૮૩ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળાઓની મુખ્યત્વે કઈ ત્રુટીઓ અને બાળકોની નબળાઈઓ જણાઈ આવી,

**જવાબ**

(૧)

| તાલુકો | શાળાઓની જણાયેલ ત્રુટીઓ | બાળકોની નબળાઈઓ |
|---|---|---|
| મહેસાણા | શાળા પુસ્તકાલયનો અપૂરતો ઉપયોગ | બાળકોને અંગ્રેજીના શબ્દ ભંડોળ બાબતે નબળાઈ |
| વિજાપુર | કેટલાક કોમ્પ્યુટર બંધ હાલતમાં જોવા મળેલ | બાળકોની માતૃભાષા સિવાયની અન્ય ભાષાઓમાં વાંચન તથા લેખનની નબળાઈ |
| વિસનગર | શાળા બગીચાની જાળવણીનો અભાવ | અંગ્રેજી ભાષામાં લેખન કાર્યની કચાશ |
| ઉંઝા | રમત–ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન બાબતે ઉદાસીનતા | નિબંધ લેખનમાં મૌલિકતાનો અભાવ |
| કડી | બાળકોમાં વાંચન, લેખન અને ગણનમાં કચાશ | વાંચન પ્રત્યે બાળકોનો ઓછો રસ |
| સતલાસણા | પ્રવાસ–પર્યટન યોજવા | લેખન કાર્યમાં વ્યાકરણ |

| | બાબતે ઉદાસીનતા | સંબધિત ઓછો ખ્યાલ |
|---|---|---|
| વડનગર | કેટલાંક કોમ્પ્યુટર બંધ હાલતમાં જોવા મળેલ | ભાષામાં વાંચનમાં શુધ્ધ ઉચ્ચારનો અભાવ |
| ખેરાલુ | એસ.એમ.સી. સભ્યોમાં જાગૃતિનો અભાવ | ગણિતમાં વિષય વસ્તુને અનુરૂપ કચાશ. |
| બેચરાજી | વર્ગખંડમાં શૈક્ષણિક સાધનોનો અપુરતો ઉપયોગ | ગણિતમાં ગાણિતિક પ્રક્રિયામાં કચાશ જોવા મળી. |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી શાળાઓમાં ઉક્ત ત્રુટીઓ અને નબળાઈઓ દુર કરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) તમામ શાળાના આચાર્યશ્રી અને CRC Co. or ની ચિંતન બેઠક રાખવામાં આવી.

CRC/BRC/ નિરીક્ષક દ્વારા વારંવાર શાળા મુલાકાત કરી શિક્ષકો SMC તેમજ વાલીઓને જાગૃત કરવામાં આવ્યા.

શાળામાં સરકારશ્રી તેમજ લોક ભાગીદારીથી ખૂટતી ભૌતિક સુવિધાઓ પૂરી કરી બાળકોના અભ્યાસને પ્રોત્સાહક વાતાવરણ ઉભું કરવામાં આવ્યું. વાંચન, ગણન, લેખનમાં કચાસ ધરાવતા બાળકોને અલગથી તારવીને ઉપચારાત્મક કાર્ય કરવામાં આવ્યું.

(૩) સરકારે કરેલ કાર્યવાહીથી બાળકોને શાં લાભ થયો?

(૩) –શાળામાં પ્રોત્સાહક વાતાવરણ ઉપર તથા બાળકના સર્વાગિક વિકાસમાં ગતિ આવી.

–વાંચન ગણન અને લેખનમાં કચાશ ધરાવતા બાળકોને તૈયાર કરી શકાયા.

## દાહોદ જિલ્લામાં કન્યાઓ માટે એકલવ્ય મોડલ રેસીડેન્શીયલ શાળાઓ કાર્યરત

* ૨૦૭૧૩ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતીની કન્યાઓ માટે કયા તાલુકામાં કઈ જગ્યાએ એકલવ્ય મોડલ રેસીડેન્શીયલ શાળાઓ કાર્યરત છે, અને

(૧) પત્રક–૧ મુજબ

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત શાળાઓમાં કન્યાઓને ભોજન પુરૂં પાડવા કયા કોન્ટ્રાકટરને કેટલા સમય માટે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો?

(૨) પત્રક–૨ મુજબ

પત્રક–૧

| ક્રમ | શાળાનું નામ | તાલુકા | સરનામું |
|---|---|---|---|
| ૧ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ખરેડી | દાહોદ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ ખરેડી શાળાના કેમ્પસમાં, મુ. ખરેડી, તા. દાહોદ |
| ૨ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ઉસરવાણ | દાહોદ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ ખરેડી શાળાના કેમ્પસમાં, મુ. ખરેડી, તા. દાહોદ |
| ૩ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ફતેપુરા | ફતેપુરા | મુ. બારીયાની હાથોડ, તા. ફતેપુરા |
| ૪ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, નાનીખજુરી | દેવગઢબારીયા | કુસુમબેન છાત્રાલય, લાલબંગલા નજીક, પીટીસી કોલેજ રોડ, તા. દેવગઢબારીયા |
| ૫ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, નીનામાની વાવ | લીમખેડા | મોડેલ સ્કુલ લીમખેડા કેમ્પસ, આઈ.ટી.આઈ. પાછળ, તા. લીમખેડા |
| ૬ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ગરાડીયા | સંજેલી | જુની સંસ્કાર વિદ્યાલયના મકાનમાં, પોસ્ટ ઓફીસની ગલી, સાંઈબાબા મંદીરની બાજુમાં, મુ. સંજેલી તા. સંજેલી |
| ૭ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, નીમચ | ગરબાડા | મેડા ફળીયા, મુ. ગાંગરડા, તા. ગરબાડા |
| ૮ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, મંડોર | ધાનપુર | મુ. લુખડીયા, તા. ધાનપુર |

પત્રક–૨

| ક્રમ | શાળાનું નામ | ભોજન પુરૂ પાડનાર કોન્ટ્રાકટર ૨૦૧૪–૧૫ | ભોજન પુરૂ પાડનાર કોન્ટ્રાકટર ૨૦૧૫–૧૬ | કોન્ટ્રાકટનો સમયગાળો |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ગરાડીયા | જય અંબે મંડળ, ગરાડીયા | જય અંબે સખી મંડળ, ગરાડીયા | શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ પૂર્ણ થાય ત્યાં સુધી (૩૦-૪-૨૦૧૬) |
| ૨ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, નીમચ | જય શ્રીરાજ સખી મંડળ, નીમચ | જય શ્રીરાજ સખી મંડળ, નીમચ | |
| ૩ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, મંડોર | ગુરૂકૃપા સ્વ સહાય વિકાસ મંડળ, ધાનપુર | ગુરૂકૃપા સ્વ સહાય વિકાસ મંડળ, ધાનપુર | |
| ૪ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ખરેડી | સદર શાળા ખાતે ભોજન પુરૂ પાડવા અંગેનો કોઈ કોન્ટ્રાક્ટ આપેલ નથી. પરંતુ ભોજન માટે અનાજ-કરીયાણું, દુધ, શાકભાજી રેટ-કોન્ટ્રાકટથી મંજૂર થયેલ ભાવો મુજબ ખરીદી કરી રસોઈયા દ્વારા ભોજન તૈયાર કરી બાળકોને પુરૂ પાડવામાં આવે છે. | | |
| ૫ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ઉસરવાણ | | | |
| ૬ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, ફતેપુરા | | | |
| ૭ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, નાનીખજુરી | | | |
| ૮ | લો લીટરસી ગર્લ્સ રેસીડેન્શીયલ સ્કુલ, નીનામાની વાવ | | | |

રાજ્યમાં માંગલ્ય વન

* ૨૨૩૧૨ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર દ્વારા માંગલ્ય વન કયા સ્થળે બનાવવામાં આવેલ છે. | (૧) મોજે. અંબાજી, તા. દાંતા, જી. બનાસકાંઠા ખાતે. |
| (૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૨) આ વનમાં વાંસ, જાંબું, કરંજ, પેલ્ટોફોરમ, ખેર, બીલી, વડ, મહુડો, બહેડા, કડાયા, ગલતોરા, કરેલ, ગરમાળો, ચંપો, ટેકોમા, આકડો, ખાખરો, અઘેડો, પીપળો, ઉમરો, ખીજડો, ઘરો, દર્ભ, અર્જુનસાદડ, નાગકેસર, ગુગળ, ઝેરકોચલુ, આમળા, જુઈ, લીમડો, અગરવૃક્ષ, બોરસલી, સીમળો, નેતર, ફણસ, આંબા જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. |
| (૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો? | (૩) કુલ રૂ. ૧૫.૮૧ લાખ. |

વલસાડ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૧૦૮૩ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ધોરણ-૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧)<br>વર્ષ ૨૦૧૪-૧૫ ૧,૪૦,૫૯૮ વિદ્યાર્થીઓ<br>વર્ષ ૨૦૧૫-૧૬ ૧,૪૬,૫૨૭ વિદ્યાર્થીઓ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨)<br>વર્ષ ૨૦૧૪-૧૫ રૂ. ૫૫૬.૪૭ લાખ<br>વર્ષ ૨૦૧૫-૧૬ રૂ. ૭૨૦.૧૦ લાખ |

દસક્રોઈ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૨૨૯૫ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૫૧ હેક્ટર અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ અંતિત ૨૩૧ હેક્ટર |
| (૨) તે પૈકી દસક્રોઈ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૦ હેક્ટર અને ૨૦૧૫-૧૬ માં તા. ૩૧-૧૨-૨૦૧૫ અંતિત ૨૪ હેક્ટર |
| (૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કૂલ રૂ. ૨૧.૭૪ લાખ. |

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### વડોદરા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૦૯૧૫ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં ધોરણ-૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧)

| વર્ષ | વિદ્યાર્થીઓ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૬,૨૧૦ |
| ૨૦૧૫-૧૬ | ૪૫,૦૬૬ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ. ૧૮૯.૨૪ લાખ |
| ૨૦૧૫-૧૬ | રૂ. ૨૩૪.૪૦ લાખ |

### મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે ઓરડાઓ

* ૨૧૨૭૩ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મહેસાણા જીલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ અને બાળકોને જમાડવા માટે ખાસ ઓરડાઓની સુવિધાઓ નથી?

જવાબ

મધ્યાહન ભોજન યોજના તૈયાર કરવા માટે અથવા બાળકોને જમાડવા માટે ખાસ ઓરડાઓ અથવા ખાસ સુવિધા (ઓરડા) આપવાની નીતિ નથી. પરંતુ ભોજન તૈયાર કરવા માટે કિચન-કમ-સ્ટોર બાંધવામાં આવે છે. તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કિચન-કમ-સ્ટોર ન હોય તેવી શાળાની વિગત.

| તાલુકો | કિચન-કમ-સ્ટોર ન હોય તેવી શાળાની વિગત |
|---|---|
| કડી | ૧ |
| મહેસાણા | ૧ |
| વિજાપુર | ૧ |

### અમદાવાદ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૨૦૯૧૧ શ્રી લાલજીભાઈ કોળીપટેલ (ધંધુકા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે?

જવાબ

(૧) ૧ (એક)

(૨) ૨૬૫.

### વલસાડ જિલ્લાની શાળાઓમાં ડ્રોપ આઉટ દર

* ૨૧૯૫૧ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જીલ્લામાં તાલુકાવાર ધો. ૧ થી ૮માં વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ દર કેટલો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ડ્રોપ આઉટ દર ઘટાડવા સરકારે શાં પગલાં લીધેલ છે?

જવાબ

(૧)

| તાલુકો | વર્ષવાર ડ્રોપઆઉટ રેટ | |
|---|---|---|
| | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| વલસાડ | ૩.૧૪ | ૧.૬૮ |
| પારડી | ૪.૩૨ | ૩.૩૨ |
| ઉમરગામ | ૩.૪૮ | ૨.૭૩ |
| ધરમપુર | ૪.૦૬ | ૩.૭ |
| કપરાડા | ૬.૫૧ | ૫.૯૫ |
| વાપી | ૪.૩૨ | ૩.૦૨ |

(૨) સરકારશ્રી દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવામાં આવ્યું સ્થાયીકરણ થાય તે માટે ગ્રામજનોને જાગૃત કરવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા અને શાળામાં

અતારાંકિત પ્રશ્નો

વિદ્યાર્થીઓને બધી સુવિધાઓ અને સારૂ શિક્ષણ મળી રહે તેવા પ્રયત્ન સરકાર દ્વારા કરવામાં આવ્યા.

છોટાઉદેપુર જિલ્લામાં ઈકો ટુરીઝમ

* ૨૨૨૮૯ શ્રી જ્યંતિભાઈ રાઠવા (જેતપુર ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) આ યોજનામાં છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના તરગોળ તથા છોટાઉદેપુર તાલુકાના કેવડી તેમજ જેતપુરપાવી તાલુકાના ડુંગરવાટ જેવા સ્થળો પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) |

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૧૧.૪૯ |
| ૨ | ૨૦૧૫ | ૫.૦૫ |
| | કુલ | ૧૬.૫૪ |

બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ખર્ચ

* ૨૧૦૯૦ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) |

| વર્ષ | બનાસકાંઠા | ભરૂચ | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૫૨ | ૧૭૦ | ૨૨૨ |
| ૨૦૧૫–૧૬ | ૨૪ | ૧૯૩ | ૨૧૭ |
| કુલ | ૭૬ | ૩૬૩ | ૪૩૯ |

| | |
|---|---|
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૪૩.૯૦ લાખ. |

વડોદરા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા ધારાની જાણકારી

* ૨૨૨૯૮ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા ધારા અંગે જાણકારી મળે તથા તેનો પ્રચાર પ્રસાર થાય તે માટે શું પગલા લેવામાં આવ્યા, અને | (૧) નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહકોની બાબતોની કચેરી દ્વારા શાળાઓમાં કન્ઝ્યુમર્સ કલબ બનાવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓને આ અંગેની જાણકારી આપવામાં આવી? | (૨) ૩૨૭૯. |

ગાંધીનગર જિલ્લામાં નિરંતર શિક્ષણ કેન્દ્રો

* ૨૨૯૦૨ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા નિરંતર શિક્ષણ કેન્દ્રો કાર્યરત છે, અને | (૧) |

| તાલુકાનું નામ | કાર્યરત નિરંતર શિક્ષણ કેન્દ્રો |
|---|---|
| ગાંધીનગર | ૩૨ |
| કલોલ | ૧૮ |
| માણસા | ૨૮ |
| દહેગામ | ૧૮ |

(૨) તે અન્વયે કેટલા ગામોમાં નિરક્ષર કેન્દ્રો નવા શરૂ કરવાનું આયોજન છે ?

(૨) ૨૯.

લાઠી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૨૩૧૩ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૨૫ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૨૩૬ હેક્ટર. |
| (૨) તે પૈકી લાઠી તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫માં ૬૦ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૩૩ હેક્ટર. |
| (૩) તે પાછળ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૪.૪૬ લાખ અને વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં રૂ. ૧૨.૩૧ લાખ. |

ગાંધીનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૨૦૯૦૫ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર–દક્ષિણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૪૦ હેકટર અને ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૧૯૦ હેકટર. |
| (૨) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૩૮૮.૯૧ લાખ. |

મહીસાગર જિલ્લામાં વિદ્યાર્થીઓને સાયકલ સહાય

* ૨૨૩૪૪ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ધોરણ–૯માં અભ્યાસ કરતી કેટલી કન્યાઓને વિદ્યા સાધના યોજના હેઠળ સાયકલના લાભ આપવામાં આવ્યા, અને | (૧) છેલ્લા બે વર્ષમાં ૫,૧૩૩ કન્યાઓને લાભ આપવામાં આવ્યો છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૩૯.૧૩ લાખ. |

માંડવી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૨૨૯૩ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૫૬૧ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૪૪૮ હેક્ટર. |
| (૨) તે પૈકી માંડવી તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૮૭ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૭૫ હેક્ટર. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ. ૭૮.૩૧ લાખ. |

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### કેરોસીન જથ્થાના સબસીડીના નાણા રોકડમાં ચૂકવવાની યોજના

* ૨૨૩૨૫ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા કેરોસીન લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર કેરોસીનના જથ્થાના સબસિડીના નાણા રોકડમાં ચૂકવવા અંગેની કોઈ યોજના વર્ષ ૨૦૧૫–૧૬ માં અમલમાં છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ બાબતે શરૂઆતના તબક્કે કેટલા જિલ્લાઓને આવરી લેવામાં આવશે ? | (૧) અને (૨)<br>રાજ્ય સરકાર દ્વારા કેરોસીન લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર કેરોસીનના જથ્થાના સબસીડીના નાણા રોકડમાં ચૂકવવા અંગેની કોઈ યોજના વર્ષ ૨૦૧૫–૧૬ માં અમલમાં નથી. પરંતુ વર્ષ ૨૦૧૬–૧૭ માં અમલવારી કરવા માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૭ જિલ્લાઓ (૧) અમદાવાદ ગ્રામ્ય (૨) બનાસકાંઠા (૩) ભરૂચ (૪) છોટાઉદેપુર (૫) ડાંગ (૬) દેવભૂમિ દ્વારકા અને (૭) પોરબંદરને આવરી લેવામાં આવેલ છે. |

### સાંતલપુર તાલુકામાં રણને વધતા અટકાવવા પ્રયાસ

* ૨૧૦૬૨ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પાટણ જિલ્લામાં સાંતલપુર તાલુકામાં રણનો વિસ્તાર વધતો અટકાવવા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શું આયોજન કર્યું છે ? | રણનો વિસ્તાર અટકાવવા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૩૬.૦૦ હેકટરમાં વનીકરણ કરવામાં આવ્યું તેમજ ૨ આડબંધ અને ૨ વન તળાવ બનાવવામાં આવેલ છે. |

### રાજકોટ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો

* ૨૨૦૭૧ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ત્રણ હજારની વસ્તી અને ત્રણ કીલોમીટરે એક વ્યાજબી ભાવની દુકાનો ખોલવાની જોગવાઈ સરકારે ક્યારે કરી, | (૧) ગ્રામ્ય વિસ્તાર માટે ત્રણ હજારની વસ્તી અને ત્રણ કી.મી.ની ત્રિજ્યામાં એક વ્યાજબી ભાવની દુકાન ખોલવાની જોગવાઈ સરકારે તા.૨૬–૯–૨૦૧૪ થી કરેલ છે. |
| (૨) તે જોગવાઈ મુજબ ઉકત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા ગામોમાં વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે, | (૨) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૩૨૧ વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે. |
| (૩) ઉકત સ્થિતિએ જોગવાઈ મુજબ અમલવારી થતી ન હોય તો તેના કારણો શા છે, અને | (૩) ઠરાવની જોગવાઈ મુજબ અમલવારી કરવામાં આવે છે. |
| (૪) ક્યાં સુધીમાં વંચીત ગામોને તેનો લાભ અપાશે ? | (૪) ખોલવાપાત્ર દુકાનો અંગે નિયમોનુસારની કાર્યવાહી ચાલુમાં છે તે પૂર્ણ કર્યા બાદ. |

### વલસાડ જિલ્લામાં રોપાઓનું વાવેતર

* ૨૨૩૬૪ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં રેન્જ વાર કેટલા રોપાઓ વાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રેન્જવાર વાવેલ રોપાની વિગત નીચે મુજબ છે. |

| રેન્જનું નામ | વાવેતર રોપા (લાખમાં) |
|---|---|
| વલસાડ | ૧.૦૬ |
| ધરમપુર | ૩.૨૧ |
| હનમતમાળ | ૧.૭૪ |
| પંગારબારી | ૨.૧૫ |
| નાનાપોંઢા | ૨.૯૫ |
| કપરાડા | ૩.૭૭ |
| લવકર | ૨.૮૨ |
| ફતેપુર | ૩.૦૭ |
| સંજાણ | ૦.૭૨ |

| | |
|---|---|
| પારડી | ૨.૩૬ |
| ઉમરગામ | ૨.૯૧ |
| કુલ | ૨૬.૭૬ |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કુલ રૂ.૬૦૪.૦૧ લાખ.

### ડીસા તાલુકામાં પ્રાથમિક શાળાના ક્ષતિગ્રસ્ત ઓરડાઓ

* ૨૨૬૯૨ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુલાઈ-૨૦૧૫ માં ડીસા તાલુકામાં ચોમાસા દરમિયાન થયેલ ભારે વરસાદ અને પુરના કારણે કેટલા ગામોની પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓ ક્ષતિગ્રસ્ત/તૂટી ગયા | (૧) – ૧૧ ગામોની શાળાના ૩૩ ઓરડાઓ ક્ષતિગ્રસ્ત થયા.<br>– ૨૦ ગામોની શાળાના ૮૨ ઓરડાઓ તૂટી ગયા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ઓરડાઓની મરામત કામગીરી કરવામાં આવી છે કે કેમ, અને | (૨) ના, જી. |
(૨) તાલુકાવાર રોપાઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | રોપાઓ પ્રકાર | ઉછેરેલ રોપા (લાખમાં) |
|---|---|---|
| દહેગામ | લીમડા, અરડુસા, દેશી બાવળ, પેલ્ટોફોર્મ, ગુલમહોર, કણજી, વાંસ, નીલગીરી, આસીત્રો, બોગનવેલ, ઈતર, ફળાઉ વગેરે | ૫.૭૯ |
| કલોલ | લીમડા, નીલગીરી, દેશી બાવળ, અરડુસા, સુબાવળ, પેલ્ટોફોર્મ, ગુલમહોર, ડુરન્ટા, સરગવો, ઈતર, ફળાઉ વગેરે | ૪.૭૮ |
| માણસા | લીમડા, દેશી બાવળ, અરડુસા, નીલગીરી, કણજી, ડુરન્ટા, ગરમાળો, પેલ્ટોફોર્મ, ઈતર, બોરડી વગેરે | ૬.૧૬ |
| | કુલ | ૧૬.૭૩ |

(૩) કુલ રૂ.૮૫.૭૨ લાખ.

### દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ

* ૨૧૯૮૧ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) ઉકત શિક્ષકોની ઘટ અન્વયે ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે ?

જવાબ

(૧)

| તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|
| દાહોદ | ૨૨૩૪ |
| ગરબાડા | ૯૯૪ |
| ધાનપુર | ૧૦૪૩ |
| દે.બારીયા | ૧૪૫૧ |
| લીમખેડા | ૧૮૭૮ |
| ઝાલોદ | ૨૧૭૯ |
| સંજેલી | ૫૧૦ |
| ફતેપુરા | ૧૩૬૬ |

(૨) ૭૮૨

(૩) જેમ બને તેમ જલ્દી.

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોનું મહેકમ

* ૨૨૪૫૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં

જવાબ

(૧)

| જિલ્લો | તાલુકો | મંજૂર મહેકમ મુજબ ખાલી જગ્યાઓ |
|---|---|---|

તાલુકાવાર શિક્ષકોની મંજૂર થયેલ મહેકમ મુજબ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

| | | |
|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર | ૦ |
| | પ્રાંતિજ | ૦ |
| | તલોદ | ૪ |
| | ઈડર | ૮ |
| | વડાલી | ૯ |
| | વિજયનગર | ૧૬ |
| | ખેડબ્રહ્મા | ૨૮ |
| | પોશીના | ૧૫૪ |
| અરવલ્લી | મોડાસા | ૪ |
| | માલપુર | ૪ |
| | બાયડ | ૨૩ |
| | મેઘરજ | ૯ |
| | ધનસુરા | ૨૦ |
| | ભિલોડા | ૦ |

(૨) ઉકત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

(૨) જેમ બને તેમ જલ્દી.

## વલસાડ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલય

* ૨૨૩૪૨ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ૬ (છ).

(૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ?

(૨) ૫૮૭

## નળ સરોવરમાં ઈકો સેન્સેટીવ ઝોનમાં અનધિકૃત બાંધકામ

* ૨૩૦૬૦ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો સેન્સેટીવ ઝોનમાં ૧૦ કી.મી.માં બાંધકામ માટે પ્રતિબંધ હોવા છતાં નળ સરોવરના આ ઈકો સેન્સેટીવ ઝોન વિસ્તારમાં કેટલા અનધિકૃત બાંધકામો થયેલા છે, અને

(૧) ના, જી.

(૨) આ બાંધકામો દૂર કરવા ઉકત સ્થિતિએ સરકારે છેલ્લા એક વર્ષમાં શા પ્રયાસો કર્યા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ માટે ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડીયાનો ખર્ચ

* ૨૦૭૩૨ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ માટે ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડીયામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧)

| વર્ષ | ઈલેકટ્રોનિક મીડીયાનો ખર્ચ (રૂ.લાખમાં) | પ્રિન્ટ મીડીયાનો ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૬૧.૩૩ | ૬૮૦.૮૨ |
| ૨૦૧૪–૧૫ | ૧૧૩.૪૬ | ૪૪૭.૯૪ |
| કુલ રૂ. | ૧૭૪.૭૯ | ૧૧૨૮.૭૬ |

(૨) કરવામાં આવેલ ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

(૨)

| ખર્ચનું હેડ (આ.વિ.વિ.) | ખર્ચનું હેડ (માહિતી કમિશ્નરશ્રી) | ખર્ચનું હેડ (ગુ.આ.વિ. નિગમ) |
|---|---|---|
| માંગણી ક્રમાંક : ૯૬ | માંગણી ક્રમાંક : ૯૬ | માંગણી ક્રમાંક : ૯૬ |
| મુખ્ય સદર : ૨૨૨૫ | મુખ્ય સદર : ૨૨૨૦ | મુખ્ય સદર : ૨૨૨૫ |
| પેટા મુખ્ય સદર : ૦૨ | પેટા મુખ્ય સદર : ૬૦ | પેટા મુખ્ય સદર : ૦૨ |
| ગૌણ સદર : ૭૯૬ | ગૌણ સદર : ૭૯૬ | ગૌણ સદર : ૭૯૬ |
| પેટા સદર : ૫૩ | પેટા સદર : ૦૪ | પેટા સદર : ૧૮ |
| વી.કે.વાય ૩૦૮ વનબંધુ યોજના | પીયુબી–૧ પ્રચાર માધ્યમોનો ઉપયોગ | વી.કે.વાય. ૧૯૪ આદિજાતિ વિકાસ |

અતારાંકિત પ્રશ્નો

| હેહળની આઈઈસી પરિયોજના | | નિગમ અને બોર્ડ |
|---|---|---|

જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ

* ૨૦૬૮૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૬૮૧ |
| ૨ | વંથલી | ૩૨૩ |
| ૩ | માણાવદર | ૪૧૪ |
| ૪ | કેશોદ | ૫૨૭ |
| ૫ | માંગરોલ | ૬૩૯ |
| ૬ | માળીયા હાટીના | ૭૦૧ |
| ૭ | મેંદરડા | ૩૦૫ |
| ૮ | વિસાવદર | ૫૧૦ |
| ૯ | ભેંસાણ | ૨૬૬ |
| | કુલ | ૪૩૬૬ |

(૨) તે અન્વયે કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦ |
| ૨ | વંથલી | ૨ |
| ૩ | માણાવદર | ૦ |
| ૪ | કેશોદ | ૨ |
| ૫ | માંગરોલ | ૫ |
| ૬ | માળીયા હાટીના | ૪ |
| ૭ | મેંદરડા | ૦ |
| ૮ | વિસાવદર | ૪ |
| ૯ | ભેંસાણ | ૦ |

(૩) ઘટતા શિક્ષકોની ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

શિક્ષણમાં સુધારા માટેના સુધીર માંકડ કમિશનનો અહેવાલ

* ૨૩૩૨૪ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૧–૧–૨૦૧૬ની સ્થિતિએ શિક્ષણમાં સુધારા માટે નીમાયેલ સુધીર માંકડ કમિશનનો અહેવાલ સરકારને ક્યારે મળ્યો,

(૧) કમિશનનો વચગાળાનો અહેવાલ તા.૧૬–૯–૨૦૧૫ ના રોજ મળેલ છે.

(૨) તા.૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ઉકત અહેવાલની કેટલી ભલામણો સ્વીકારી, કેટલી ભલામણોનો અમલ કર્યો, અને

(૨) એક ભલામણનો સ્વીકાર કરેલ છે અને તેનો અમલ પણ કરેલ છે.

(૩) તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ ઉકત અહેવાલની કેટલી ભલામણોનો સરકારે અમલ કરેલ નથી ?

(૩) હાલ વચગાળાનો અહેવાલ મળેલ છે. આખરી અહેવાલ મળેથી જરૂરી વિચારણા હાથ ધરવામાં આવશે.

ખેડા અને આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૨૨૮૭૯ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૧) ખેડા – ૧૩૮૫
આણંદ – ૧૦૫૩

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલી શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે અને કેટલા ઓરડાઓ જર્જરીત કે બેસવા લાયક નથી, અને

(૨)

| જિલ્લો | ઓરડાઓની ઘટ | | જર્જરીત ઓરડાઓ | |
|---|---|---|---|---|
| | શાળાઓ | ઓરડાઓ | શાળાઓ | ઓરડાઓ |

| | | | | |
|---|---|---|---|---|
| ખેડા | ૧૬૫ | ૩૬૧ | ૧૩૮ | ૪૨૫ |
| આણંદ | ૨૨૫ | ૫૧૦ | ૧૭૦ | ૬૦૨ |

(૩) ઉકત સ્થિતિએ આ ખુટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દીથી.

આણંદ અને વડોદરા જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ

* ૨૩૦૨૫ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર ગ્રાન્ટ ઈન એઈડ કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે, | (૧) *પત્રક–૧ મુજબ. |
| (૨) ઉકત સ્થિતિએ આ શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) આણંદ જિલ્લાની વિગતો દર્શાવતું *પત્રક–૨ તથા વડોદરા જિલ્લાની વિગતો દર્શાવતું *પત્રક–૩ સામેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૩) જેમ બને તેમ જલદી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ધારી તાલુકામાં ‘‘આંબરડી લાયન પાર્ક’’ ને મંજૂરી

* ૨૧૬૬૨ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં નવનિર્માણાધીન ‘‘આંબરડી લાયન પાર્ક’’ નું કામ ક્યારે અને કેટલી રકમના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ૨૦૦૭ માં ભારત સરકાર દ્વારા રૂ.૪૭૪ લાખની જોગવાઈ સાથે મંજૂર કરેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) પૂર્ણતાના આરે. |
| (૩) આ પાર્કમાં સિંહ દર્શન ક્યારથી શરૂ કરવામાં આવશે? | (૩) સેન્ટ્રલ ઝુ ઓથોરીટી ઓફ ઈન્ડીયાની આખરી મંજૂરી મળ્યા બાદ. |

મહેસાણા જિલ્લાની તાલુકાવાર વાજબી ભાવની દુકાનો

* ૨૨૪૮૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી વાજબી ભાવની દુકાનો છે, અને | (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વાજબી ભાવની દુકાનો નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | વાજબી ભાવની દુકાનની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૪૦ |
| ૨ | વિસનગર | ૮૯ |
| ૩ | વિજાપુર | ૧૦૧ |
| ૪ | બેચરાજી | ૩૯ |
| ૫ | ઉંઝા | ૬૮ |
| ૬ | વડનગર | ૫૬ |
| ૭ | ખેરાલુ | ૫૦ |
| ૮ | સતલાસણા | ૩૨ |
| ૯ | કડી | ૧૦૧ |
| ૧૦ | જોટાણા | ૨૫ |

| | |
|---|---|
| કુલ | ૭૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ સરકારના નિયત ધોરણ અનુસાર તાલુકાવાર કેટલી વાજબી ભાવની દુકાનોની ઘટ છે ?

(૨) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વાજબી ભાવની દુકાનોની ઘટ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઘટ પડતી વાજબી ભાવની દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૫ |
| ૨ | વિસનગર | ૦ |
| ૩ | વિજાપુર | ૭ |
| ૪ | બેચરાજી | ૧ |
| ૫ | ઉંઝા | ૧ |
| ૬ | વડનગર | ૨ |
| ૭ | ખેરાલુ | ૧ |
| ૮ | સતલાસણા | ૧ |
| ૯ | કડી | ૦ |
| ૧૦ | જોટાણા | ૧ |
| | કુલ | ૨૯ |

## વલસાડ જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ

* ૨૧૯૫૩ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આર.ટી.આઈ. કાયદા અન્વયે ૨૫ ટકા ગરીબ વિદ્યાર્થીઓને એડમીશન અન્વયે કેટલી શાળાઓએ કેટલા બાળકોને પ્રવેશ આપ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ જે શાળાઓએ વર્ષવાર ઉક્ત જિલ્લામાં તેનું પાલન ન કરેલ હોય તેની સામે સરકારે શા પગલાઓ લીધા ?

**જવાબ**

(૧)

| વર્ષ | શાળાઓ | પ્રવેશ |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૩૭ | ૧૦૪ |
| ૨૦૧૫-૧૬ | ૮૬ | ૩૫૦ |

(૨) તમામ શાળાઓએ આર.ટી.ઈ. ની શરતોનું પાલન કરેલ છે.

તા.૪થી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત યાદી

**અતારાંકિત યાદી**

અધ્યક્ષશ્રી : હું પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

**પહેલી અતારાંકિત યાદી**

રાજ્યમાં દૂધાળા પશુઓની સંખ્યા

અતારાંકિતઃ ૫૧૭૬ (૨૭–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર દૂધાળા ઢોર/પશુની સંખ્યા કેટલી છે અને તે ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવેલ ?

પશુપાલન મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર દૂધાળા ઢોર/પશુની સંખ્યા આ સાથે સામેલ પત્રક મુજબની છે, અને તે ગણતરી છેલ્લે વર્ષ–૨૦૧૨ માં કરવામાં આવેલ ‘‘(પ્રસ્તુત ગણતરી ભારત સરકારનાં કૃષિ મંત્રાલયનાં પશુપાલન, ડેરી અને ફીસરીઝ વિભાગ, નવી દિલ્હીની સૂચના અને માર્ગદર્શન મુજબ રાષ્ટ્રીય કક્ષાએ કરવામાં આવેલ, જે ગુજરાતમાં ૧૯મી પશુધન ગણતરી કરવામાં આવેલ હતી).

પત્રક

૧૯મી પસુધન વસતિ ગણતરી–૨૦૧૨ મુજબ ગુજરાત રાજ્યમાં જિલ્લાવાર દૂધાળા ઢોર/પશુઓની સંખ્યા

| | | |
|---|---|---|
| | જિલ્લો | દૂધાળા ઢોર/પશુઓની સંખ્યા |
| ૧ | અમદાવાદ | ૩,૯૭,૧૩૮ |
| ૨ | અમરેલી | ૩,૩૦,૪૫૫ |
| ૩ | આણંદ | ૩,૯૭,૭૫૬ |
| ૪ | બનાસકાંઠા | ૧૧,૨૦,૧૬૭ |
| ૫ | ભરૂચ | ૧,૭૮,૧૧૫ |
| ૬ | ભાવનગર | ૫,૦૬,૪૫૮ |
| ૭ | દાહોદ | ૬,૨૧,૬૬૪ |
| ૮ | ગાંધીનગર | ૨,૮૧,૦૧૧ |
| ૯ | જામનગર | ૪,૦૯,૦૫૩ |
| ૧૦ | જુનાગઢ | ૪,૯૯,૯૪૬ |
| ૧૧ | કચ્છ | ૭,૩૪,૩૦૬ |
| ૧૨ | ખેડા | ૫,૬૪,૭૫૯ |
| ૧૩ | મહેસાણા | ૪,૯૪,૩૨૭ |
| ૧૪ | નર્મદા | ૧,૧૪,૯૯૬ |
| ૧૫ | નવસારી | ૧,૯૦,૬૦૫ |
| ૧૬ | પંચમહાલ | ૮,૧૮,૩૮૦ |
| ૧૭ | પાટણ | ૩,૦૪,૪૪૨ |
| ૧૮ | પોરબંદર | ૧,૧૯,૯૪૯ |
| ૧૯ | રાજકોટ | ૫,૬૫,૪૨૦ |
| ૨૦ | સાબરકાંઠા | ૭,૮૨,૧૮૫ |
| ૨૧ | સુરત | ૩,૬૭,૬૭૯ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૬,૬૫,૯૨૦ |
| ૨૩ | તાપી | ૨,૧૨,૩૮૭ |
| ૨૪ | ડાંગ | ૩૫,૭૬૬ |
| ૨૫ | વડોદરા | ૫,૬૮,૭૪૪ |
| ૨૬ | વલસાડ | ૧,૬૨,૪૦૭ |
| કુલ | ગુજરાત રાજ્ય | ૧૧૪,૪૪,૦૩૫ |

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે
અતારાંકિત યાદી

## રાજ્યમાં કેન્દ્ર સરકાર દ્વારા રાસાયણિક ખાતરની ફાળવણી

અતારાંકિતઃ ૫૧૭૯ (૨૭–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં રાસાયણિક ખાતરની કુલ કેટલી જરૂરીયાત હતી અને તેની સામે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો,

(૨) ઉક્ત ફાળવેલ જથ્થાની સામે રાજ્ય સરકારે કેટલો જથ્થો વર્ષવાર ઉપાડ્યો, અને

(૩) રાસાયણિક ખાતરનો જરૂરિયાત મુજબ જથ્થો મળે તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષવાર રાજ્ય સરકારે શાં પ્રયાસો કર્યા ?

કૃષિ મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં રાસાયણિક ખાતરની કુલ જરૂરીયાતની સામે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ફાળવેલ વિવિધ રાસાયણિક ખાતરના જથ્થાની વિગતો સામેલ પત્રક–૧ મુજબ છે.

(૨) ફાળવવામાં આવેલ વિવિધ રાસાયણિક ખાતરના જથ્થાની સામે રાજ્ય દ્વારા ઉપાડ કરેલ વિવિધ રાસાયણિક ખાતરનાં જથ્થાની વિગતો સામેલ પત્રક–૨ મુજબ છે.

(૩) રાજ્યમાં રાસાયણિક ખાતરનો જરૂરીયાત મુજબ જથ્થો મળી રહે તે માટે ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષવાર તમામ પ્રયાસો કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ પ્રયાસોની વિગતો નીચે મુજબ છે.

(૧) ભારત સરકારશ્રી દ્વારા દર માસે ફાળવવામાં આવતા રાસાયણિક ખાતરનાં સપ્લાય પ્લાન મુજબનાં ખાતરનાં જથ્થાનું વિતરણ રાજ્યમાં સુચારૂ રીતે થાય તે માટે દર સામે તેમજ ખાતરની અછતની પરિસ્થિતિમાં દર પંદર દિવસે રાસાયણિક ખાતર ઉત્પાદક/વિતરક કંપનીઓ તથા સંસ્થાઓ સાથે બેઠક યોજી જે વિસ્તારમાં રાસાયણિક ખાતરની અછત હોય તે વિસ્તારમાં ખાતર મળી રહે તે માટે આયોજન કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૨) રાજ્યમાં રાસાયણિક ખાતરની અછત ન સર્જાય તે માટે ભારત સરકારશ્રી સાથે દર અઠવાડિયે યોજવામાં આવતી વિડિયો કોન્ફરન્સમાં ખરીફ તથા રવી ઋતુમાં યોજવામાં આવતી ઝોનલ કોન્ફરન્સમાં તેમજ સરકારશ્રી કક્ષાએથી, ખેતી નિયામકશ્રી કક્ષીએથી જરૂરી પત્ર વ્યવહાર દ્વારા ભારત સરકારશ્રીને રાસાયણિક ખાતરની વધુ ફાળવણી બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ છે.

(૩) પીક સીઝનમાં રાસાયણિક ખાતરની તંગી ન સર્જાય તે માટે ઓફ સીઝનમાં રાસાયણિક ખાતર વિતરક સંસ્થાઓ સાથે બેઠક યોજી રાસાયણિક ખાતર સંગ્રહ કરવા માટે આયોજન કરી તે મુજબ કાર્યવાહી કરવા સંસ્થાઓને સૂચના આપવામાં આવેલ છે.

(૪) તેમ છતાં, કોઇ ચોક્કસ વિસ્તારમાં રાસાયણિક ખાતરની અછત હોવા અંગે રજૂઆત મળે તો રાસાયણિક ખાતર ઉત્પાદ/વિતરક કંપનીઓને તાત્કાલિક જે તે વિસ્તારમાં રાસાયણિક ખાતરનો જથ્થો પૂરો પાડવા માટે તાકીદ કરવામાં આવેલ છે. તેમજ સંબંધિત જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ને જરૂરી મોનીટરીંગ કરવા માટે પણ સૂચના આપવામાં આવે છે. આમ, રાજ્યમાં રાસાયણિક ખાતરનો જથ્થો વધુ તેમજ જરૂરીયાત સમયે મળી રહે તે માટે રાજ્ય સરકાર કક્ષાએથી પૂરતી કાળજી રાખવામાં આવેલ છે.

પત્રક–૧

(જથ્થોઃ લાખ મે.ટનમાં)

| વર્ષ/ખાતરનું નામ | યુરીયા | | ડીએપી | | પોટાશ | | એન.પી.કે. | |
|---|---|---|---|---|---|---|---|---|
| | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૨૦૧૦–૧૧ | ૧૯.૪૫ | ૧૩.૩૯ | ૮.૭૦ | ૭.૯૯ | ૨.૩૦ | ૨.૮૮ | ૪.૯૩ | ૫.૬૩ |
| ૨૦૧૧–૧૨ | ૨૫.૦૦ | ૨૧.૬૨ | ૯.૨૫ | ૮.૨૫ | ૨.૪૦ | ૨.૧૯ | ૫.૨૭ | ૬.૭૮ |
| ૨૦૧૨–૧૩ | ૨૫.૫૦ | ૧૮.૯૯ | ૯.૦૦ | ૭.૪૯ | ૨.૦૦ | ૨.૦૧ | ૫.૫૫ | ૪.૨૮ |
| ૨૦૧૩–૧૪ | ૨૩.૨૫ | ૨૨.૫૧ | ૫.૮૦ | ૬.૮૬ | ૧.૪૦ | ૨.૦૦ | ૪.૭૩ | ૫.૧૭ |
| ૨૦૧૪–૧૫ | ૨૪.૦૦ | ૨૨.૨૩ | ૫.૮૦ | ૭.૦૫ | ૧.૫૦ | ૨.૩૪ | ૫.૩૫ | ૫.૯૦ |

પત્રક–૨

(જથ્થોઃ લાખ મે.ટનમાં)

| વર્ષ/ખાતરનું નામ | યુરીયા | | ડીએપી | | પોટાશ | | એન.પી.કે. | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ફાળવણી | ઉપાડ | ફાળવણી | ઉપાડ | ફાળવણી | ઉપાડ | ફાળવણી | ઉપાડ |
| ૨૦૧૦–૧૧ | ૧૩.૩૯ | ૨૧.૧૮ | ૭.૯૯ | ૮.૦૫ | ૨.૮૮ | ૧.૮૫ | ૫.૬૩ | ૪.૮૬ |
| ૨૦૧૧–૧૨ | ૨૧.૬૨ | ૨૧.૧૯ | ૮.૨૫ | ૬.૬૦ | ૨.૧૯ | ૧.૭૫ | ૬.૭૮ | ૭.૨૫ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૮.૯૯ | ૧૯.૨૭ | ૭.૪૯ | ૩.૭૩ | ૨.૦૧ | ૦.૮૦ | ૪.૨૮ | ૪.૪૫ |
| ૨૦૧૩–૧૪ | ૨૨.૫૧ | ૨૦.૭૧ | ૬.૮૬ | ૩.૭૪ | ૨.૦૦ | ૦.૯૦ | ૫.૧૭ | ૪.૩૫ |
| ૨૦૧૪–૧૫ | ૨૨.૨૩ | ૨૨.૭૧ | ૭.૦૫ | ૪.૦૪ | ૨.૩૪ | ૧.૨૨ | ૫.૯૦ | ૫.૭૮ |

--------

પશુપાલન પ્રભાગ અને તેની તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૫૧૯૧ (૨૩–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ પશુપાલન પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

ગૌસંવર્ધન મંત્રીશ્રી : (૦૪–૦૯–૨૦૧૫)

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ પશુપાલન પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામેલ પત્રક–૧ મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓની વિગત સામેલ પત્રક–૨ મુજબ છે.

(૩) તે પૈકી ખાલી જગ્યાઓની વિગત સામેલ પત્રક–૩ મુજબ છે. ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે. અને બનતી ત્વરાએ ખાલી રહેલી જગ્યાઓ ભરવાનો સરકારનો અભિગમ છે. ડ્રાઇવર અને પટ્ટાવાળાની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સિંગથી લેવામાં આવી રહી છે.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર ભરવામાં આવેલ જગ્યાઓની વિગત સામેલ પત્રક–૪ મુજબ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેડૂતોના આપઘાત અને સરકાર દ્વારા સહાય

અતારાંકિતઃ ૬૦૬૮ (૩૧–૦૭–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાળીયા): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા ખેડૂતોએ આપઘાત કર્યો, અને

(૨) આ કેસોમાં સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવી ?

કૃષિ મંત્રીશ્રી : (૦૪–૦૯–૨૦૧૫)

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૩૮ ખેડૂતોએ આપઘાત કરેલ છે. જે પૈકી ૩ ખેડૂતોએ ખેતી સિવાયના દેવાના કારણે અને ૩૫ ખેડૂતોએ અન્ય કારણોસર આપઘાત કરેલ છે.

(૨) કૃષિ વિષયક યોજનામાં આપઘાત કરનાર ખેડૂતોને સહાય આપવા અંગે કોઇ યોજના અમલમાં નથી.

--------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશુ દવાખાનાઓમાં મહેકમ

અતારાંકિતઃ ૬૦૭૨ (૩૧–૦૭–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાળીયા): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પશુદવાખાનાઓનું મંજુર મહેકમ સંવર્ગવાર કેટલું છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

પશુપાલન મંત્રીશ્રી : (૦૭–૦૯–૨૦૧૫)

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પશુદવાખાનાઓનું મંજુર મહેકમ સંવર્ગવાર કેટલું છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે તે નીચે આપેલ પત્રક પ્રમાણે છે.

પત્રક

| અ. નં. | તાલુકાનું નામ | તાલુકાવાર પશુદવાખાનામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | | |
|---|---|---|---|---|
| | | પશુચિકિત્સા અધિકારી | ડ્રેસર | પટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર |

| | | મંજુર | ભરાયેલ | મંજુર | ભરાયેલ | મંજુર | ભરાયેલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જામ ખંભાળિયા | ૪ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ |
| ૨ | જામ કલ્યાણપુર | ૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ |
| ૩ | ઓખામંડળ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૪ | ભાણવડ | ૩ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ |
| | કુલ | ૧૩ | ૫ | ૫ | ૨ | ૭ | ૪ |

(૨) આ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે તેની વિગતો નીચે મુજબ છે.

પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની ખાલી રહેલી જગ્યાઓ કૃષિ અને સહકાર વિભાગ/પશુપાલન પ્રભાગ દ્વારા નિમણૂંકો આપીને ભરવાની થાય છે, ઉક્ત જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે અને બનતી ત્વરાએ ઉક્ત જગ્યાઓ ભરવામાં આવશે તથા ડ્રેસર/પટાવાળા/એટન્ડન્ટ કમ ડ્રેસર/એટેન્ડન્ટ વિગેરે વર્ગ–૪ ની જગ્યાઓ સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે.

--------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાક વિમાના દાવા

અતારાંકિતઃ ૬૦૭૩ (૦૧–૦૮–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાળીયા): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ કેટલી રકમના પાક વિમા મેળવવા દાવા કર્યા,

(૨) તે પૈકી કેટલા દાવા મંજૂર અને કેટલા નામંજૂર કરવામાં આવ્યા,

(૩) દાવા નામંજૂર થવાના કારણો શું છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ પાક વિમામાં રાજ્ય સરકારનો કેટલો હિસ્સો છે ?

કૃષિ મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

(૧) રાષ્ટ્રીય કૃષિ વિમા યોજનાની જોગવાઇ અંતર્ગત ખેડૂત દ્વારા વિમા કંપની સામે વ્યક્તિગત રીતે પાક વિમાના દાવા મેળવવા માટે નોંધણી કે અરજી કરવાની રહેતી નથી. જે ખેડૂતોનું નોટીફાઇડ વિસ્તારમાં નોટીફાઇડ પાકો માટે પ્રિમિયમ ભરાયેલ હોય તેમના દાવાની ગણતરી સ્વયંસંચાલિત પ્રક્રિયા હોઇ ખેડૂતોએ પાક વિમાના દાવા કરવાના રહેતા નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નીચે મુજબની વિગતે પાક વિમાના દાવા યોજનાની ગાઇડ લાઇન/જોગવાઇ મુજબ મળવાપાત્ર થયેલ જે A/C દ્વારા મંજૂર કરી ચૂકવેલ છે. દાવા નામંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વર્ષ ૨૦૧૨–૧૩ : ખરીફ–૨૦૧૨ ઋતુમાં દેવભૂમિ દ્વારકા (જૂનો જામનગર જિલ્લો) જિલ્લામાં નીચે મુજબના દાવા મંજૂર કરી ચૂકવણું કરેલ છે.

| પાકનું નામ | તાલુકા | દાવાની રકમ (રૂ.લાખમાં) | લાભાર્થી ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| મગફળી | કલ્યાણપુર | ૧૧૯૧૮.૦૭ | ૨૦૯૭૨ |
| | ભાણવડ | ૩૦૪૪.૩૧ | ૧૦૯૨૮ |
| | ખંભાળીયા | ૩૮૭૬.૩૮ | ૧૩૦૫૨ |
| | ઓખામંડળ | ૩૨૫૪.૭૮ | ૪૧૬૭ |
| કપાસ | કલ્યાણપુર | ૬૮.૦૬ | ૨૯૩ |
| | ભાણવડ | ૨૨૪.૫૭ | ૮૩૪ |
| તલ | ખંભાળીયા | ૦.૧૦ | ૧ |
| કુલ | | ૨૨૩૮૬.૨૭ | ૫૦૨૪૭ |

રવિ/ઉનાળુ ૨૦૧૨–૧૩ ઋતુમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોઇ પણ તાલુકામાં યોજનાની ગાઇડલાઇન મુજબ પાક વિમાના દાવાની રકમ ચુકવવાપાત્ર થયેલ નથી.

વર્ષ ૨૦૧૩–૧૪ : ખરીફ–૨૦૧૩ અને રવિ / ઉનાળુ ૨૦૧૩–૧૪ ઋતુમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોઇ પણ તાલુકામાં યોજનાની ગાઇડલાઇન મુજબ પાક વિમાના દાવાની રકમ ચુકવવાપાત્ર થયેલ નથી.

વર્ષ ૨૦૧૪–૧૫ : ખરીફ–૨૦૧૪ ઋતુમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ફક્ત ઓખા મંડળ તાલુકામાં મગફળી પાક માટે ૫૪૭૪ ખેડૂતોને રૂ.૪૯૭૨.૧૮ લાખ રૂપિયાના પાક વિમાના દાવા તા.૪–૮–૨૦૧૫ અને તા.૫–૮–૨૦૧૫ ના રોજ A/C દ્વારા ચૂકવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પાક વિમામાં રાજ્ય સરકારના હિસ્સાની ગણતરી જિલ્લાવાર કે તાલુકાવાર નહી પરંતુ રાજ્યમાં જે તે ઋતુમાં ઉદભવેલ પાક વિમાના દાવાની રકમમાંથી તે ઋતુમાં –

– ખાદ્યાન્ય અને તેલીબીયા પાકો માટે A/C દ્વારા મેળવેલ પ્રિમિયમની રકમ બાદ કરતા જે રકમ વધે તેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સરખા ભાગે હિસ્સો આપે છે.

– જ્યારે વાણિજ્યિક પાકો માટે A/C દ્વારા મેળવેલ પ્રિમિયમના ૧૫૦% સુધીની જવાબદારી વીમા કંપની ભોગવે છે અને તેથી વધુ દાવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સરખા ભાગે હિસ્સો આપે છે.

--------

## રાજ્યમાં સરકારી પોલીટેકનીક કોલેજોમાં સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિતઃ ૫૦૮૨ (૨૯–૦૭–૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ રાજયમાં જિલ્લાવાર આવેલ સરકારી પોલિટેકનીક કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ સંવર્ગવાર કયારથી ખાલી છે, તથા આ ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૪–૯–૧૫)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ રાજયમાં જિલ્લાપાર આવેલ સરકારી પોલિટેકનીક કોલેજોમાં સંવર્ગવાર કુલ મંજુર થયેલ મહેકમ આ સાથેના પત્રક–૧ મુજબ છે.

(૨) જિલ્લાવાર, સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ આ સાથેના પત્રક–૨ મુજબ છે.

(૩) જિલ્લાવાર, સંવર્ગવાર ખાલી જગ્યાઓ આ સાથેના પત્રક–૩ મુજબ છે.

વર્ગ–૧ થી ૩ની જગ્યાઓ ૧૯૮૯ થી ૨૦૧૫ વખતો વખત ખાલી થયેલ છે. જ્યારે વર્ગ–૪ ની જગ્યાઓ ૧૯૮૨ થી ૨૦૧૫ વખતો વખત ખાલી થયેલ છે.

વર્ગ–૧ થી વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવાની પ્રક્રિયા ચાલુ છે. જ્યારે વર્ગ–૪ની ખાલી જગ્યાઓ આવશ્કતા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફત કરારના ધોરણે ભરવામાં આવશે.

પત્રક–૧

જિલ્લાવાર સરકારી પોલિટેકનીક કોલેજોમાં સંવર્ગવાર મંજુર મહેકમની વિગતોઃ

| ક્રમ | જિલ્લો | સરકારી પોલીટેકનિક કોલેજો | સંવર્ગવાર મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | અમદાવાદ | મહિલા સરકારી પોલીટેકનીક, અમદાવાદ. | ૦૭ | ૧૦૦ | ૩૩ | ૧૬ |
| | | સરકારી પોલીટેકનીક, અમદાવાદ. | ૦૯ | ૧૭૨ | ૬૭ | ૫૦ |
| | | આર.સી.ટી.આઈ., અમદાવાદ. | ૦૭ | ૧૬૯ | ૬૦ | ૨૮ |
| ૨ | અમરેલી | ડૉ. જે.એન.મહેતા પોલીટેકનીક, અમરેલી. | ૦૩ | ૧૦૫ | ૫૯ | ૦૮ |
| ૩ | બનાસકાંઠા | સરકારી પોલીટેકનીક, પાલનપુર. | ૧૧ | ૧૧૪ | ૩૧ | ૧૫ |
| ૪ | ભરૂચ | કે.જે. પોલીટેકનીક, ભરૂચ. | ૦૮ | ૧૬૭ | ૫૧ | ૩૬ |
| ૫ | ભાવનગર | બી.પી.ટી.આઈ., ભાવનગર. | ૧૩ | ૧૫૦ | ૮૭ | ૫૦ |
| ૬ | છોટાઉદેપુર | સરકારી પોલીટેકનીક, છોટાઉદેપુર. | ૦૧ | ૫૪ | ૩૭ | ૦૩ |
| ૭ | દાહોદ | સરકારી પોલીટેકનીક, દાહોદ. | ૦૫ | ૯૧ | ૪૩ | ૨૧ |
| ૮ | ડાંગ | સરકારી પોલીટેકનીક, વઘઈ. | ૦૩ | ૩૪ | ૧૨ | ૦૦ |
| ૯ | ગાંધીનગર | સરકારી પોલીટેકનીક, ગાંધીનગર. | ૦૫ | ૧૪૦ | ૨૪ | ૦૯ |
| ૧૦ | પંચમહાલ | સરકારી પોલીટેકનીક, ગોધરા. | ૦૨ | ૫૧ | ૮ | ૦૪ |
| ૧૧ | જામનગર | સરકારી પોલીટેકનીક, જામનગર. | ૦૨ | ૮૬ | ૨૮ | ૧૦ |
| ૧૨ | જુનાગઢ | સરકારી પોલીટેકનીક, જુનાગઢ. | ૦૨ | ૪૨ | ૬ | ૦૯ |
| ૧૩ | ખેડા | સરકારી પોલીટેકનીક, ખેડા | ૦૧ | ૧૯ | ૮ | ૦૦ |
| ૧૪ | કચ્છ | સરકારી પોલીટેકનીક, ભૂજ. | ૦૨ | ૧૧૫ | ૧૫ | ૧૪ |
| ૧૫ | મહેસાણા | સરકારી પોલીટેકનીક, વડનગર. | ૦૪ | ૪૪ | ૬ | ૦૨ |
| ૧૬ | મોરબી | એલ.ઈ.કોલેજ (પોલી), મોરબી. | ૧૦ | ૯૯ | ૧૩ | ૦૦ |
| ૧૭ | નર્મદા | સરકારી પોલીટેકનીક, રાજપીપળા. | ૦૧ | ૧૮ | ૮ | ૦૦ |
| ૧૮ | નવસારી | સરકારી પોલીટેકનીક, નવસારી. | ૦૧ | ૧૮ | ૮ | ૦૦ |
| ૧૯ | પાટણ | સરકારી પોલીટેકનીક,પાટણ. | ૦૬ | ૧૧૬ | ૪૬ | ૨૬ |
| ૨૦ | પોરબંદર | સરકારી પોલીટેકનીક, પોરબંદર. | ૦૫ | ૧૦૨ | ૩૪ | ૩૪ |
| ૨૧ | રાજકોટ | એવીપીટીઆઈ, રાજકોટ. | ૦૫ | ૧૧૦ | ૫૬ | ૩૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | સરકારી પોલીટેકનીક, રાજકોટ. | ૧૩ | ૧૫૬ | ૪૧ | ૨૭ |
| ૨૨ | સાબરકાંઠા | સરકારી પોલીટેકનીક, હિંમતનગર. | ૦૩ | ૧૦૬ | ૩૮ | ૧૮ |
| ૨૩ | સુરત | ડૉ. એસ.એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ, સુરત. | ૧૧ | ૧૩૦ | ૭૩ | ૪૮ |
| | | મહિલા સરકારી પોલીટેકનીક, સુરત. | ૦૬ | ૭૫ | ૩૭ | ૧૬ |
| ૨૪ | સુરેન્દ્રનગર | સી.યુ.શાહ પોલીટેકનીક, સુરેન્દ્રનગર. | ૦૫ | ૧૦૮ | ૩૫ | ૧૪ |
| ૨૫ | તાપી | સરકારી પોલીટેકનીક, વ્યારા. | ૦૧ | ૧૮ | ૮ | ૦૦ |
| ૨૬ | વલસાડ | સરકારી પોલીટેકનીક, વલસાડ. | ૧૧ | ૧૨૭ | ૩૬ | ૨૫ |

પત્રક–૨

જિલ્લાવાર સરકારી પોલિટેકનીક કોલેજોમાં સંવર્ગવાર ભરાયેલ મહેકમની વિગતોઃ

| ક્રમ | જિલ્લો | સરકારી પોલીટેકનિક કોલેજો | સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | અમદાવાદ | મહિલા સરકારી પોલીટેકનીક, અમદાવાદ. | ૦૩ | ૯૮ | ૧૫ | ૦૯ |
| | | સરકારી પોલીટેકનીક, અમદાવાદ. | ૦૯ | ૧૩૫ | ૩૨ | ૧૬ |
| | | આર.સી.ટી.આઈ., અમદાવાદ. | ૦૩ | ૧૧૭ | ૨૭ | ૧૩ |
| ૨ | અમરેલી | ડૉ. જે.એન.મહેતા પોલીટેકનીક, અમરેલી. | ૦૧ | ૭૧ | ૩૯ | ૦૬ |
| ૩ | બનાસકાંઠા | સરકારી પોલીટેકનીક, પાલનપુર. | ૦૩ | ૭૭ | ૨૨ | ૧૪ |
| ૪ | ભરૂચ | કે.જે. પોલીટેકનીક, ભરૂચ. | ૦૨ | ૮૮ | ૨૬ | ૧૩ |
| ૫ | ભાવનગર | બી.પી.ટી.આઈ., ભાવનગર. | ૦૩ | ૧૦૮ | ૪૧ | ૧૫ |
| ૬ | છોટાઉદેપુર | સરકારી પોલીટેકનીક, છોટાઉદેપુર. | ૦૦ | ૪૯ | ૧૪ | ૦૨ |
| ૭ | દાહોદ | સરકારી પોલીટેકનીક, દાહોદ. | ૦૦ | ૭૧ | ૨૧ | ૧૦ |
| ૮ | ડાંગ | સરકારી પોલીટેકનીક, વઘઈ. | ૦૧ | ૩૩ | ૫ | ૦૦ |
| ૯ | ગાંધીનગર | સરકારી પોલીટેકનીક, ગાંધીનગર. | ૦૪ | ૯૮ | ૧૬ | ૦૮ |
| ૧૦ | પંચમહાલ | સરકારી પોલીટેકનીક, ગોધરા. | ૦૧ | ૪૯ | ૭ | ૦૨ |
| ૧૧ | જામનગર | સરકારી પોલીટેકનીક, જામનગર. | ૦૧ | ૬૪ | ૨૦ | ૦૭ |
| ૧૨ | જુનાગઢ | સરકારી પોલીટેકનીક, જુનાગઢ. | ૦૦ | ૨૯ | ૫ | ૦૮ |
| ૧૩ | ખેડા | સરકારી પોલીટેકનીક, ખેડા | ૦૦ | ૦૦ | ૦ | ૦૦ |
| ૧૪ | કચ્છ | સરકારી પોલીટેકનીક, ભૂજ. | ૦૧ | ૮૪ | ૧૦ | ૧૩ |
| ૧૫ | મહેસાણા | સરકારી પોલીટેકનીક, વડનગર. | ૦૧ | ૩૦ | ૨ | ૦૨ |
| ૧૬ | મોરબી | એલ.ઈ.કોલેજ (પોલી), મોરબી. | ૦૨ | ૬૪ | ૩ | ૦૦ |
| ૧૭ | નર્મદા | સરકારી પોલીટેકનીક, રાજપીપળા. | ૦૦ | ૦૦ | ૧ | ૦૦ |
| ૧૮ | નવસારી | સરકારી પોલીટેકનીક, નવસારી. | ૦૦ | ૦૨ | ૫ | ૦૦ |
| ૧૯ | પાટણ | સરકારી પોલીટેકનીક,પાટણ. | ૦૧ | ૮૩ | ૨૪ | ૧૦ |
| ૨૦ | પોરબંદર | સરકારી પોલીટેકનીક, પોરબંદર. | ૦૦ | ૬૪ | ૧૭ | ૧૩ |
| ૨૧ | રાજકોટ | એવીપીટીઆઈ, રાજકોટ. | ૦૧ | ૯૪ | ૨૮ | ૧૫ |
| | | સરકારી પોલીટેકનીક, રાજકોટ. | ૦૭ | ૧૧૩ | ૨૪ | ૧૦ |
| ૨૨ | સાબરકાંઠા | સરકારી પોલીટેકનીક, હિંમતનગર. | ૦૧ | ૮૦ | ૨૭ | ૧૫ |
| ૨૩ | સુરત | ડૉ. એસ.એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ, સુરત. | ૦૪ | ૯૦ | ૨૬ | ૨૦ |
| | | મહિલા સરકારી પોલીટેકનીક, સુરત. | ૦૧ | ૫૫ | ૧૫ | ૦૬ |
| ૨૪ | સુરેન્દ્રનગર | સી.યુ.શાહ પોલીટેકનીક, સુરેન્દ્રનગર. | ૦૨ | ૬૮ | ૧૬ | ૧૨ |
| ૨૫ | તાપી | સરકારી પોલીટેકનીક, વ્યારા. | ૦૦ | ૦૧ | ૨ | ૦૦ |
| ૨૬ | વલસાડ | સરકારી પોલીટેકનીક, વલસાડ. | ૦૧ | ૧૦૦ | ૨૨ | ૧૪ |

પત્રક–૩

જિલ્લાવાર સરકારી પોલિટેકનીક કોલેજોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતોઃ

| ક્રમ | જિલ્લો | સરકારી પોલીટેકનિક કોલેજો | સંવર્ગવાર મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | અમદાવાદ | મહિલા સરકારી પોલીટેકનીક, અમદાવાદ. | ૦૪ | ૦૨ | ૧૮ | ૦૭ |
| | | સરકારી પોલીટેકનીક, અમદાવાદ. | ૦૦ | ૩૭ | ૩૫ | ૩૪ |
| | | આર.સી.ટી.આઈ., અમદાવાદ. | ૦૪ | ૫૨ | ૩૩ | ૧૫ |
| ૨ | અમરેલી | ડો. જે.એન.મહેતા પોલીટેકનીક, અમરેલી. | ૦૨ | ૩૪ | ૨૦ | ૦૨ |
| ૩ | બનાસકાંઠા | સરકારી પોલીટેકનીક, પાલનપુર. | ૦૮ | ૩૭ | ૯ | ૦૧ |
| ૪ | ભરૂચ | કે.જે. પોલીટેકનીક, ભરૂચ. | ૦૬ | ૭૯ | ૨૫ | ૨૩ |
| ૫ | ભાવનગર | બી.પી.ટી.આઈ., ભાવનગર. | ૧૦ | ૪૨ | ૪૬ | ૩૫ |
| ૬ | છોટાઉદેપુર | સરકારી પોલીટેકનીક, છોટાઉદેપુર. | ૦૧ | ૦૫ | ૨૩ | ૦૧ |
| ૭ | દાહોદ | સરકારી પોલીટેકનીક, દાહોદ. | ૦૫ | ૨૦ | ૨૨ | ૧૧ |

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત યાદી

| ક્રમ | જિલ્લો | સરકારી પોલીટેકનિક કોલેજો | સંવર્ગવાર મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૮ | ડાંગ | સરકારી પોલીટેકનીક, વઘઈ. | ૦૨ | ૦૧ | ૭ | ૦૦ |
| ૯ | ગાંધીનગર | સરકારી પોલીટેકનીક, ગાંધીનગર. | ૦૧ | ૪૨ | ૮ | ૦૧ |
| ૧૦ | પંચમહાલ | સરકારી પોલીટેકનીક, ગોધરા. | ૦૧ | ૦૨ | ૧ | ૦૨ |
| ૧૧ | જામનગર | સરકારી પોલીટેકનીક, જામનગર. | ૦૧ | ૨૨ | ૮ | ૦૩ |
| ૧૨ | જુનાગઢ | સરકારી પોલીટેકનીક, જુનાગઢ. | ૦૨ | ૧૩ | ૧ | ૦૧ |
| ૧૩ | ખેડા | સરકારી પોલીટેકનીક, ખેડા | ૦૧ | ૧૯ | ૮ | ૦૦ |
| ૧૪ | કચ્છ | સરકારી પોલીટેકનીક, ભૂજ. | ૦૧ | ૩૧ | ૫ | ૦૧ |
| ૧૫ | મહેસાણા | સરકારી પોલીટેકનીક, વડનગર. | ૦૩ | ૧૪ | ૪ | ૦૦ |
| ૧૬ | મોરબી | એલ.ઈ.કોલેજ (પોલી), મોરબી. | ૦૮ | ૩૫ | ૧૦ | ૦૦ |
| ૧૭ | નર્મદા | સરકારી પોલીટેકનીક, રાજપીપળા. | ૦૧ | ૧૮ | ૭ | ૦૦ |
| ૧૮ | નવસારી | સરકારી પોલીટેકનીક, નવસારી. | ૦૧ | ૧૬ | ૩ | ૦૦ |
| ૧૯ | પાટણ | સરકારી પોલીટેકનીક,પાટણ. | ૦૫ | ૩૩ | ૨૨ | ૧૬ |
| ૨૦ | પોરબંદર | સરકારી પોલીટેકનીક, પોરબંદર. | ૦૫ | ૩૮ | ૧૭ | ૨૧ |
| ૨૧ | રાજકોટ | એવીપીટીઆઈ, રાજકોટ. | ૦૪ | ૧૬ | ૨૮ | ૧૫ |
| | | સરકારી પોલીટેકનીક, રાજકોટ. | ૦૬ | ૪૩ | ૧૭ | ૧૭ |
| ૨૨ | સાબરકાંઠા | સરકારી પોલીટેકનીક, હિંમતનગર. | ૦૨ | ૨૬ | ૧૧ | ૦૩ |
| ૨૩ | સુરત | ડૉ. એસ.એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ, સુરત. | ૦૭ | ૪૦ | ૪૭ | ૨૮ |
| | | મહિલા સરકારી પોલીટેકનીક, સુરત. | ૦૫ | ૨૦ | ૨૨ | ૧૦ |
| ૨૪ | સુરેન્દ્રનગર | સી.યુ.શાહ પોલીટેકનીક, સુરેન્દ્રનગર. | ૦૩ | ૪૦ | ૧૯ | ૦૨ |
| ૨૫ | તાપી | સરકારી પોલીટેકનીક, વ્યારા. | ૦૧ | ૧૭ | ૬ | ૦૦ |
| ૨૬ | વલસાડ | સરકારી પોલીટેકનીક, વલસાડ. | ૧૦ | ૨૭ | ૧૪ | ૧૧ |

–––––––

### રાજ્યમાં માધ્યમિક શાળાની કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડ

અતારાંકિતઃ ૫૧૨૦ (૨૯–૦૭–૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર સન ૨૦૧૪માં વિદ્યા લક્ષ્મી બોન્ડ યોજના હેઠળ માધ્યમિક શાળાઓની કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે જિલ્લાવાર કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા, અને

(૩) જો બોન્ડ ના આપવામાં આવ્યા હોય તો તેના કારણો શાં છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૮–૯–૨૦૧૫)

(૧) પત્રક–૧ મુજબ.

(૨) પત્રક–૨ મુજબ.

(૩) જુનાગઢ જિલ્લામાં ૩૫ ટકાથી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ન હોવાથી વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ નથી. જયારે નવરચિત મહીસાગર જિલ્લાની કન્યાઓનો સમાવેશ પંચમહાલ તથા ખેડા જિલ્લામાં કરવામાં આવેલ છે.

પત્રક–૧

| ક્રમ | જિલ્લો | વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ વિદ્યાર્થીનીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૪૪ |
| ૨ | અમરેલી | ૭૫ |
| ૩ | આણંદ | ૧૪ |
| ૪ | અરવલ્લી | ૮૨૩ |
| ૫ | બનાસકાંઠા | ૨૩૮ |
| ૬ | ભરૂચ | ૧૭૫ |
| ૭ | ભાવનગર | ૯૪૨ |
| ૮ | બોટાદ | ૦૯ |
| ૯ | છોટાઉદેપુર | ૩૮૩ |
| ૧૦ | દાહોદ | ૪૦૦ |
| ૧૧ | ડાંગ | ૧૭ |
| ૧૨ | દ્વારકા | ૩૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧૦૭ |
| ૧૪ | ગીરસોમનાથ | ૮૧ |

અતારાંકિત યાદી

| ક્રમ | જિલ્લો | વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ વિદ્યાર્થીનીઓની સંખ્યા |
|---|---|---|
| ૧૫ | જામનગર | ૧૨ |
| ૧૬ | જુનાગઢ | ૦૦ |
| ૧૭ | ખેડા | ૪૫ |
| ૧૮ | કચ્છ | ૬૩ |
| ૧૯ | મહીસાગર | ૦૦ |
| ૨૦ | મહેસાણા | ૩૩૧ |
| ૨૧ | મોરબી | ૪૪ |
| ૨૨ | નર્મદા | ૧૬૨ |
| ૨૩ | નવસારી | ૩૦૭૭ |
| ૨૪ | પંચમહાલ | ૧૧૭૮ |
| ૨૫ | પાટણ | ૪૫૬ |
| ૨૬ | પોરબંદર | ૪૫૩ |
| ૨૭ | રાજકોટ | ૩૯૮ |
| ૨૮ | સાબરકાંઠા | ૫૫૪ |
| ૨૯ | સુરત | ૧૯૬ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૬૨ |
| ૩૧ | તાપી | ૪૨૦ |
| ૩૨ | વડોદરા | ૧૮ |
| ૩૩ | વલસાડ | ૩૫૮ |

પત્રક–૨

| ક્રમ | જિલ્લો | ફાળવેલ રકમ ( ૨) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૮૮૦૦૦ |
| ૨ | અમરેલી | ૧૫૦૦૦૦ |
| ૩ | આણંદ | ૨૮૦૦૦ |
| ૪ | અરવલ્લી | ૧૬૪૬૦૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૪૭૬૦૦૦ |
| ૬ | ભરૂચ | ૩૫૦૦૦૦ |
| ૭ | ભાવનગર | ૧૮૮૪૦૦૦ |
| ૮ | બોટાદ | ૧૮૦૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૭૬૬૦૦૦ |
| ૧૦ | દાહોદ | ૮૦૦૦૦૦ |
| ૧૧ | ડાંગ | ૩૪૦૦૦ |
| ૧૨ | દ્વારકા | ૬૦૦૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૨૧૪૦૦૦ |
| ૧૪ | ગીરસોમનાથ | ૧૬૨૦૦૦ |
| ૧૫ | જામનગર | ૨૪૦૦૦ |
| ૧૬ | જુનાગઢ | ૦૦ |
| ૧૭ | ખેડા | ૯૦૦૦૦ |
| ૧૮ | કચ્છ | ૧૨૬૦૦૦ |
| ૧૯ | મહીસાગર | ૦૦ |
| ૨૦ | મહેસાણા | ૬૬૨૦૦૦ |
| ૨૧ | મોરબી | ૮૮૦૦૦ |
| ૨૨ | નર્મદા | ૩૨૪૦૦૦ |
| ૨૩ | નવસારી | ૬૧૫૪૦૦૦ |
| ૨૪ | પંચમહાલ | ૨૩૫૬૦૦૦ |
| ૨૫ | પાટણ | ૯૧૨૦૦૦ |
| ૨૬ | પોરબંદર | ૯૦૬૦૦૦ |
| ૨૭ | રાજકોટ | ૭૯૬૦૦૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૧૦૮૦૦૦ |
| ૨૯ | સુરત | ૩૯૨૦૦૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૨૪૦૦૦ |
| ૩૧ | તાપી | ૮૪૦૦૦૦ |
| ૩૨ | વડોદરા | ૩૬૦૦૦ |

| ક્રમ | જિલ્લો | ફાળવેલ રકમ ( ૨) |
|---|---|---|
| ૩૩ | વલસાડ | ૭૧૬૦૦૦ |
| કુલ | | ૨,૩૭,૩૦,૦૦૦ |

----------

સરકારી પોલીટેકનીક કોલેજોમાં પ્રિન્સિપાલની જગ્યાઓનું મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૫૧૩૦ (૩૧-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પોલીટેકનીક કોલેજોમાં પ્રિન્સિપાલની જગ્યાઓનું મહેકમ કેટલું મંજૂર થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૦૪-૦૯-૨૦૧૫)

(૧) આ સાથે સામેલ રાખેલ પત્રકમાં જણાવ્યા મુજબ.

(૨) આ સાથેના પત્રકના કોલમ નં. ૫ અને કોલમ નં. ૬ મુજબ.

તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પોલીટેકનીક કોલેજોમાં પ્રિન્સીપાલની જગ્યાઓનું મહેકમ

| ક્રમ | સંસ્થાનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | જગ્યા કયારથી ખાલી છે? |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સરકારી પોલીટેકનીક અમદાવાદ | ૧ | ૧ | ૦ | |
| ૨ | સર બી.પી.ટી.આઈ. ભાવનગર | ૧ | ૦ | ૧ | ૨૦૦૯ |
| ૩ | ડૉ. એસ. એન્ડ એસ. ગાંધી કોલેજ સુરત | ૧ | ૦ | ૧ | ૨૦૦૯ |
| ૪ | સરકારી પોલીટેકનીક દાહોદ | ૧ | ૦ | ૧ | ૨૦૦૦ |
| ૫ | શ્રી કે. જે. પોલીટેકનીક ભરૂચ | ૧ | ૦ | ૧ | ૨૦૦૪ |
| ૬ | સરકારી પોલીટેકનીક વલસાડ | ૧ | ૦ | ૧ | ૨૦૦૬ |
| ૭ | સરકારી પોલીટેકનીક રાજકોટ | ૧ | ૦ | ૧ | ૨૦૦૮ |
| ૮ | સરકારી પોલીટેકનીક પોરબંદર | ૧ | ૦ | ૧ | ૨૦૦૩ |
| ૯ | સરકારી પોલીટેકનીક પાલનપુર | ૧ | ૦ | ૧ | ૨૦૦૭ |
| ૧૦ | સરકારી પોલીટેકનીક હિંમતનગર | ૧ | ૦ | ૧ | ૨૦૦૮ |
| ૧૧ | સરકારી પોલીટેકનીક જામનગર | ૧ | ૦ | ૧ | ૨૦૦૬ |
| ૧૨ | કે. ડી. પોલીટેકનીક પાટણ | ૧ | ૦ | ૧ | ૨૦૦૭ |
| ૧૩ | ડૉ. જે. એન. મહેતા સરકારી પોલીટેકનીક અમરેલી | ૧ | ૦ | ૧ | ૨૦૦૩ |
| ૧૪ | સી. યુ. શાહ પોલીટેકનીક સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ | ૨૦૦૪ |
| ૧૫ | સરકારી પોલીટેકનીક ભુજ | ૧ | ૦ | ૧ | ૨૦૦૫ |
| ૧૬ | સરકારી પોલીટેકનીક ગાંધીનગર | ૧ | ૧ | ૦ | |
| ૧૭ | આર. સી.ટી. આઈ. અમદાવાદ | ૧ | ૦ | ૧ | ૨૦૦૯ |
| ૧૮ | એલ.ઈ. કોલેજ મોરબી | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ |
| ૧૯ | અ.વી.પી.ટી.આઈ. રાજકોટ | ૧ | ૦ | ૧ | ૨૦૦૮ |
| ૨૦ | કન્યાઓ માટેની સરકારી પોલીટેકનીક અમદાવાદ | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ |
| ૨૧ | કન્યાઓ માટેની સરકારી પોલીટેકનીક સુરત | ૧ | ૦ | ૧ | ૨૦૦૮ |
| ૨૨ | સરકારી પોલીટેકનીક છોટાઉદેપુર | ૧ | ૦ | ૧ | ૨૦૦૪ |
| ૨૩ | સરકારી પોલીટેકનીક વડનગર | ૧ | ૦ | ૧ | ૨૦૧૧ |
| ૨૪ | સરકારી પોલીટેકનીક ગોધરા | ૧ | ૦ | ૧ | ૨૦૧૧ |
| ૨૫ | સરકારી પોલીટેકનીક આહવા (ડાંગ) | ૧ | ૦ | ૧ | ૨૦૧૪ |

| ક્રમ | સંસ્થાનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | જગ્યા ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૬ | સરકારી પોલીટેકનીક જુનાગઢ | ૧ | ૦ | ૧ | ૨૦૧૨ |
| ૨૭ | સરકારી પોલીટેકનીક ખેડા | ૧ | ૦ | ૧ | ૨૦૧૪ |
| ૨૮ | સરકારી પોલીટેકનીક વ્યારા | ૧ | ૦ | ૧ | ૨૦૧૪ |
| ૨૯ | સરકારી પોલીટેકનીક નવસારી | ૧ | ૦ | ૧ | ૨૦૧૪ |
| ૩૦ | સરકારી પોલીટેકનીક રાજપીપળા | ૧ | ૦ | ૧ | ૨૦૧૪ |
| | આચાર્યની જગ્યા સામે સંયુક્ત ટેકનિકલ શિક્ષણ નિયામક તરીકે ફરજ પર છે | ૦ | ૧ | ૦ | |
| | કુલઃ– | ૩૦ | ૩ | ૨૭ | |

--------

ઉનાલી તથા રાંચરડા ગામના શિક્ષકોને ઘરભાડુ

અતારાંકિતઃ ૫૧૭૩ (૨૪–૦૬–૨૦૧૫) શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કલોલ તાલુકાના ઉનાલી તથા રાંચરડા ગામો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદથી ૮ કિ.મી. ની ત્રિજ્યામાં આવતા હોવા છતાં તે ગામની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોને અમદાવાદ શહેરના ધોરણે ઘરભાડુ ચુકવવામાં આવતું નથી તે હકિકત સરકાર તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ વાકેફ છે કે કેમ?

(૨) જો હા, તો શિક્ષકોને નિયમ મુજબ ઘરભાડુ ન ચુકવાના શાં કારણો છે, અને

(૩) તેમને અમદાવાદ શહેરના દરે ઘરભાડુ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૦૯–૦૯–૨૦૧૫)

(૧) ઉનાલી તથા રાંચરડા ગામની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોને અમદાવાદ મ્યુ. શહેરના ધોરણે ઘર ભાડુ ચુકવવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક, બે અને ત્રણ ઓરડાની સરકારી પ્રાથમિક શાળાઓ

અતારાંકિતઃ ૬૦૮૧ (૩૧–૦૭–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાળીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં એક ઓરડા, બે ઓરડા અને ત્રણ ઓરડાની કેટલી શાળાઓ કાર્યરત છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૦૩–૦૯–૨૦૧૫)

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ

| તાલુકો | એક ઓરડાવાળી શાળાની સંખ્યા | બે ઓરડાવાળી શાળાની સંખ્યા | ત્રણ ઓરડાવાળી શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ભાણવડ | ૪ | ૧૯ | ૮ |
| દ્વારકા | ૪ | ૧૧ | ૧૧ |
| જામ કલ્યાણપુર | ૬ | ૭૫ | ૨૫ |
| જામ ખંભાળીયા | ૭ | ૫૫ | ૨૯ |

--------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં પ્રાથમિક સુવિધાઓ

અતારાંકિતઃ ૬૦૮૨ (૩૧–૦૭–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાળીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૫ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની, વીજળી અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ નથી, અને

(૨) આ સુવિધાઓ કેટલા સમયમાં આપવામાં આવશે.

શિક્ષણ મંત્રીશ્રી : (૦૩-૦૯-૨૦૧૫)

(૧) તા.૩૦-૦૬-૨૦૧૫ ની સ્થિતિએ

| તાલુકો | પીવાના પાણીની સુવિધા વગરની શાળાની સંખ્યા | વીજળીની સુવિધા વગરની શાળાની સંખ્યા | શૌચાલયની સુવિધા વગરની શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ભાણવડ | ૦ | ૪ | ૦ |
| દ્વારાકા | ૦ | ૦ | ૦ |
| જામ કલ્યાણપુર | ૦ | ૦ | ૦ |
| જામ ખંભાળીયા | ૦ | ૦ | ૦ |

(૨) જેમ બને તેમ જલ્દી.

--------

રાજ્યને ફાળવેલ બજેટની રકમનો ખર્ચ

અતારાંકિતઃ ૪૯૦૬ (૨૪-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારના બજેટમાં ફાળવેલ રકમ અન્વયે વહીવટી ખર્ચ અને વિકાસ ખર્ચ પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

નાણા મંત્રીશ્રી : (૦૮-૦૯-૨૦૧૫)

વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ | વિકાસ ખર્ચ (રૂા. કરોડમાં) | વહીવટી ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| વર્ષ ૨૦૧૦-૧૧ | ૪૮૨૭૯.૬૫ | ૨૩૧૬૪.૧૫ |
| વર્ષ ૨૦૧૧-૧૨ | ૫૨૯૨૪.૪૬ | ૨૬૩૧૨.૪૬ |
| વર્ષ ૨૦૧૨-૧૩ | ૬૮૧૦૦.૨૫ | ૩૦૦૪૧.૨૬ |
| વર્ષ ૨૦૧૩-૧૪ | ૭૧૯૮૪.૫૮ | ૩૧૪૩૨.૮૦ |
| વર્ષ ૨૦૧૪-૧૫ (સુધારેલ અંદાજ) | ૮૯૯૩૧.૧૦ | ૩૫૦૪૩.૯૬ |

--------

રાજ્યમાં જિલ્લાવાર ઉદ્યોગોને સેલ્સટેક્ષ માફ કરવા બાબત

અતારાંકિતઃ ૫૩૬૭ (૨૩-૦૬-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કયા ઉદ્યોગોને સેલ્સટેક્ષ માફ કરવામાં આવેલ છે, અને

(૨) ઉદ્યોગવાર કેટલો સેલ્સટેક્ષ માફ કર્યો, અને

(૩) આ સેલ્સટેક્ષ માફ કરવાના કારણો શાં હતા?

નાણા મંત્રીશ્રી : (૩૧-૦૮-૨૦૧૫)

(૧)

(૨) *પત્રક મુજબ

(૩)

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક અને દેવું

અતારાંકિતઃ ૬૦૫૦ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા): માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૬-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક કેટલી અને માથાદીઠ દેવું કેટલું છે.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર માથાદીઠ આવક અને માથા દીઠ દેવામાં વધારો થયો હોય તો કેટલો વધારો થયેલ છે. અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર માથાદીઠ આવક અને માથા દીઠ દેવામાં ઘટાડો થયો હોય તો કેટલો?

નાણા મંત્રીશ્રી : (૩૧-૦૮-૨૦૧૫)

(૧) રાજ્યમાં માથાદીઠ આવક કોઈ ચોક્કસ સમયે અંદાજવામાં આવતી નથી. જેથી તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યામાં માથાદીઠ આવક કેટલી છે તે કહી શકાય નહી. તેમ છતાં રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનના અંદાજોની ગણતરી

પાયાના વર્ષ ૨૦૦૪–૦૫ મુજબ છેલ્લામાં છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માટે હાલમાં ઉપલબ્ધ થયેલ છે. તે મુજબ છેલ્લા પાંચ વર્ષની ચાલુ ભાવે માથા દીઠ આવક નીચે મુજબ અંદાજવામાં આવેલ છે.

માથાદીઠ આવક                                                       રકમ (રૂપિયામાં)

| વિગત | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|---|---|
| માથાદીઠ આવક | ૬૪૦૯૭ | ૭૭૪૮૫ | ૮૫૯૭૯ | *૯૩૦૪૬ | @ ૧૦૬૮૩૧ |

*અંદાજીત આંકડા,          @ ઝડપી આંકડા

માથાદીઠ દેવા સબંધિત કોઈપણ રેકર્ડ નિભાવવામાં આવતુ ન હોઈ, આ માહિતિ આપવી શક્ય નથી.

(૨)  વર્ષવાર માથાદીઠ આવકમાં વધારો થયેલ છે, જે નીચે મુજબ છે

(ટકામાં)

| વિગત | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|---|---|
| માથાદીઠ આવક | – | ૨૦.૯ | ૧૧.૦ | * ૮.૨ | @ ૧૪.૮ |

*અંદાજીત આંકડા,          @ ઝડપી આંકડા

માથાદીઠ દેવા સબંધિત કોઈપણ રેકર્ડ નિભાવવામાં આવતુ ન હોઈ, આ માહિતિ આપવી શક્ય નથી.

(૩)  વર્ષવાર માથાદીઠ આવકમાં ઘટાડો થયેલ નથી. માથાદીઠ દેવા સબંધિત કોઈ રેકર્ડ નિભાવવામાં આવતુ ન હોઈ, આ માહિતિ આપવી શક્ય નથી.

--------

નળસરોવર તથા થોળ વન્ય પ્રાણી અભ્યારણ્યમાં સમાયેલ રેથળ ગામની જમીન બિન ખેતીની મંજુરી

અતારાંકિતઃ ૪૦૭૭ (૦૯–૦૧–૨૦૧૫) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧)  તા.૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ઈકો સેન્સીટીવ ઝોન નળસરોવર તથા થોળ વન્યપ્રાણી અભ્યારણ્યમાં છ ગામનો સમાવેશ થયેલ છે તે હકિકત સાચી છે.

(૨)  જો હા તો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં પ્રતિબંધ અપાયેલ હોવા છતાં રેથળ ગામના સર્વે નં. ૭૯–૪૧૧–૮૯–૧૩૬ અને ૯૦માં બિન ખેતીની મંજૂરી માટે વન વિભાગે કયારે એન.ઓ.સી. આપેલ છે અને તેના કારણો શાં છે, અને

(૩)  ઉક્ત સ્થિતિએ આ અંગે સરકારે શાં પગલાં લીધા?

વન મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

(૧)  ના જી.

હકિક્તમાં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના નળસરોવરના ઈકો સેન્સીટીવ ઝોનમાં ૦૬ તથા થોળ અભ્યારણ્યના ઈકો સેન્સીટીવ ઝોનમાં ૦૮ મળી કુલ ૧૪ ગામોનો સમાવેશ થયેલ એ.

(૨)  નામદાર સુપ્રિમ કોર્ટની માર્ગદર્શક સુચનાઓ પ્રમાણે જે રક્ષિત વિસ્તારના ઈકો સેન્સીટીવ ઝોન જાહેર ન થયેલ હોય તેવા રક્ષિત વિસ્તારોના બહાર ૧૦ કિ.મી.ની મર્યાદામાં બિનખેતીની મંજૂરી પહેલા ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડનનું એન.ઓ.સી. લેવાનું થાય છે. તે અન્વયે સાણંદ તાલુકાના રેથળ ગામના સર્વે નં. ૭૯, ૪૧૧, ૮૯, ૧૩૬ અને ૯૦ અભ્યારણ્યથી ૧૦ કિ.મી.ની બહાર આવેલ છે. આથી કેટલીક શરતોને આધિન મકાનો બાંધકામ માટે એન.ઓ.સી. કરી આપવા અનુક્રમે સર્વે નં. ૭૯ ને તા. ૧૬–૧૧–૨૦૧૦ના રોજ, સર્વે નં. ૪૧૧ ને તા. ૩૧–૦૮–૨૦૧૨ના રોજ, સર્વે નં.૮૯ ને તા. ૧૧–૦૬–૨૦૧૩ના રોજ, સર્વે નં. ૧૩૬ ને તા. ૧૧–૦૬–૨૦૧૩ના રોજ અને સર્વે નં. ૯૦ને તા. ૧૧–૦૬–૨૦૧૩ના રોજ એન.ઓ.સી. આપવામાં આવેલ છે.

(૩)  પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ગીર અભ્યારણ્યમાં પ્રવાસીઓનો ધસારો

અતારાંકિતઃ ૫૭૨૨ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧)  ગીર અભારણ્ય તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રવાસીઓનો ભારે ધસારો થઈ જવાથી સિંહ તથા વન્ય પ્રાણીઓની જીવનવ્યવસ્થામાં અતિશય ત્રાસ અને ખલેલ પહોંચી રહી છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે,

(૨)  જો હા, તો તેને નિયંત્રિત કરવા અને અભ્યારણ્યનું કુદરતી વાતાવરણ ટકાવી રાખવા શા આદેશો થયા છે, અને

(૩)  તેના અમલની જવાબદારી કોને સોંપાઈ છે ?

વન મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

(૧) અભ્યારણ્યમાં પ્રવાસીઓની સંખ્યા પરમીટ તથા પરમીટ દીઠ ગાઈડ સાથે રાખવાની વ્યવસ્થા દ્વારા મર્યાદિત અને નિયંત્રિત (Controllod and Regulated) કરવામાં આવે છે કે જેથી વન્ય પ્રાણીઓના જીવન વ્યવસ્થામાં ત્રાસ અને ખલેલ પહોંચે નહીં.

(૨) ભવિષ્યમાં અભારણ્યનું કુદરતી વાતાવરણ ટકાવી રાખવા પ્રવાસીઓની સંખ્યાની મર્યાદા નિયત કરવાના નીચે મુજબના આદેશો અમલમાં છે (૧) પ્રવાસીઓની સંખ્યા મર્યાદિત રાખવા એટલે કે કેટલી પરમીટ આપી શકાય તે બાબતના આદેશો. (૨) અભ્યારણ્ય બહાર ફરતે ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવાની દરખાસ્ત તૈયાર કરી મોકલેલ છે અને જ્યાં સુધી ઈકો સેન્સીટીવ ઝોન જાહેર ન થાય ત્યાં સુધી ૧૦ કિ.મી. ની મર્યાદા સુધી સદર ઝોન માટેના હુકમો (૩) તા. ૦૧–૦૭–૨૦૧૫ થી ગુજરાત સરકાર દ્વારા ઈકો સેન્સીટીવ ઝોનમાં હોટલ–રીસોટ–ફાર્મ હાઉસમાં નિયંત્રણ બાબતની નીતિ તૈયાર કરવામાં આવેલ છે.

(૩) વન્યપ્રાણી વર્તુળ જુનાગઢ આ અમલવારી કરે છે.

--------

ખરેડ ગામ પાસે સિંહનો મૃતદેહ

અતારાંકિતઃ ૫૭૯૩ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર(ખંભાળીયા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભાવનગર જિલ્લાના મહુવા નજીક ખરેડ ગામ પાસેથી એક સિંહનો મૃતદેહ એપ્રિલ–૨૦૧૫માં મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ સિંહના મોત માટે કયા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) આ વિસ્તારમાં સિંહને રક્ષણ પુરૂ પાડવા શી કાર્યવાહી કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૦૪–૦૯–૨૦૧૫)

(૧) ના, જી

એપ્રિલ–૨૦૧૫ નહીં પરંતુ તા. ૨૦–૦૫–૨૦૧૫ના રોજ મહુવા દુધેરી ગામના જંગલ વિસ્તારમાં સિંહનું બચ્ચુ માદા જીવ–૧ મૃત હાલતમાં મળી આવેલ હતું.

(૨) સદર સિંહ બાળનું મૃત્યુ બિમારી સબબ હોવાનું પુરવાર થયેલ હોઈ કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)
૧. ક્ષેત્રિય સ્ટાફ, વન મિત્રો, ટ્રેકર્સ વિગેરે સતત ફેરણું કરે છે.
૨. રોજ દૈનિક અવલકનો મોકલવામાં આવે છે.
૩. કોઈ સિંહ કે સિંહબાળ ઈજાગ્રસ્ત કે બિમાર હોવાનું જણાતા રેસ્ક્યુ કરી જરૂરી સારવાર કરવામાં આવે છે.
૪. ખેડૂતો દ્વારા ખેતર ફરતે મુકવામાં આવતા વીજ કરંટ અન્વયે ચકાસણી કરવામાં આવે છે.
૫. વન વિસ્તારમાં પાણીના પોઈન્ટ, ચેકડેમની જાળવણી
૬. વાઈલ્ડ લાઈફ ટ્રીટમેન્ટ સેન્ટર તથા રેસ્ક્યુ ટીમ કાર્યરત રાખવામાં આવે છે.
૭. ખુલ્લા કુવાઓને સુરક્ષિત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

ખીસરી ગામની વાડીમાં રક્ષિત દીપડાનું મોત

અતારાંકિતઃ ૫૭૯૪ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળીયા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધારી ગીર (પૂર્વ) દલખાણીયા રેન્જની કરમદડી રાઉન્ડ હેઠળ ખીસરી ગામની વાડીમાં આઠ માસના રક્ષિત દીપડાના બચ્ચાંને માથામાં પાવડાના ઘા મારી એપ્રિલ–૨૦૧૫માં મોતને ઘાટ ઉતારી દેવાયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગંભીર ગુનાહિત ઘટનાના કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) આ ઘટનાની તપાસ કઈ કક્ષાએ હાથ ધરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) આ ગંભીર ગુનાહિત ઘટનામાં ત્રણ આરોપી અનુક્રમે (૧) રામદાસભાઈ પ્રેમદાસભાઈ ગોંડલીયા રે. કરમદડી, તા. ધારી (૨) ધીરૂભાઈ શામજીભાઈ વાઘોરા રે. બાઢડા તા. સાવરકુંડલા (૩) રણછોડભાઈ હરીદાસભાઈ ગોંડલીયા રે. કરમદડી તા. ધારીની સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે દલખાણીયા રેન્જ ગુન્હા નં. ૧–૧૫–૧૬ તા. ૦૨–૦૪–૨૦૧૫ થી ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીઓને કોર્ટ હવાલે કાર્યરત કરાયેલ છે.

(૩) ઘટનાની તપાસ રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી દલખાણીયા કક્ષાએ હાથ ધરાયેલ છે.

--------

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત યાદી

### સાવરકુંડલા તાલુકામાં રક્ષિત નીલ ગાયોના મોત બાબત

અતારાંકિતઃ ૫૮૬૦ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળીયા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સાવરકુંડલા તાલુકાના મિતયાળા અભ્યારણ્ય નજીક અભરામપરા સાકરપરાની સીમની નજીક તા. ૨૪-૦૪-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક અઠવાડિયામાં નવ જેટલા રક્ષિત નીલ ગાયના મોત થયા બાદ તેના મૃતદેહો રઝળતી હાલતમાં મળી આવ્યા હતા તે ગંભીર હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ રક્ષિત નીલ ગાયોના મોત કોણે નીપજાવ્યા હતા, અને

(૩) આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી હાથ દરવામાં આવી ?

વન મંત્રીશ્રી : (૦૨-૦૯-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે ગુન્હા નં. ૧-૧૫-૧૬ તા. ૨૩-૪-૧૫ થી ગુન્હો નોંધી તપાસ કાર્યવાહી ચાલુ છે.

(૩) તપાસ પૂર્ણ થયે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

--------

### અમદાવાદ શહેરમાં રક્ષિત કાચબાના ખરીદ-વેચાણ બાબત

અતારાંકિતઃ ૫૮૭૨ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળીયા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેરમાં એપ્રિલ-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન વિભાગે રક્ષિત કાચબાના ખરીદ-વેચાણ રોકવા કઈ જગ્યાએ કેટલી રેડ પાડી,

(૨) રેડ દરમ્યાન કયા પ્રકારના કેટલા કાચબાના ખરીદ વેચાણ પકડાયા

(૩) તે અન્વયે ગુનાહીત કોણ હતા, અને

(૪) ગુનાહિતો સામે શી કાર્યવાહી થઈ ?

વન મંત્રીશ્રી : (૦૨-૦૯-૨૦૧૫)

(૧)

| ક્રમ | વર્ષ | સ્થળ | રેડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મે-૨૦૧૨થી એપ્રિલ-૨૦૧૩ | થલતેજ | ૧ |
| ૨ | મે. ૨૦૧૩ થી એપ્રિલ-૨૦૧૪ | ચાંદખેડા | ૧ |
| | | બોપલ | ૧ |
| ૩ | મે. ૨૦૧૪ થી એપ્રિલ-૨૦૧૫ | દાણીલીમડા | ૧ |
| | કુલ | | ૪ |

(૨)

| ક્રમ | કાચબાની જાતિ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્ટાર કાચબા | ૫૬ |
| ૨ | સિંગાપુરી કાચબા | ૭૪ |
| | કુલ | ૧૩૦ |

(૩)

| ક્રમ | ગુનાહિતના નામ |
|---|---|
| ૧ | શ્રી પ્રધુમન ઘનશ્યામભાઈ આચાર્ય |
| ૨ | શ્રી હરીવદન મણીલાલ શ્રીમાળી |
| ૩ | શ્રી ચંદ્રકાન્તભાઈ આર. ઠક્કર |
| ૪ | શ્રી જેશલ અશ્વિન ત્રિવેદી |
| ૫ | શ્રી અલતાફશેખ અકબરભાઈ |
| ૬ | શ્રી નિરજ ચોરસીયા |
| ૭ | શ્રી અબ્દુલ રહીમ |

(૪) તમામ ગુનાહિતો સામે વન્યપ્રાણી અધિનિયમ-૧૯૭૨ ની જોગવાઈ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

તા.૪થી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત યાદી

રાજ્યમાં દેશી / વિદેશી દારૂનો પકડાયેલ જથ્થો

અતારાંકિતઃ ૫૫૦૬ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર દેશી તથા વિદેશી દારૂનો કેટલી કિંમતનો કેટલો જથ્થો અને વાહનો પકડાયા,

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી, તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩ આ ગેરકાનુની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકારશ્રી દ્વારા શું પગલાં લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૦૪-૦૯-૨૦૧૫)

(૧) *પત્રક મુજબ

(૨)

| ઈસમોની ધરપકડ કરવામાં આવી | કરવામાં આવેલ કાર્યવાહી |
|---|---|
| ૮,૭૭,૦૦૨ | પાસા, તડીપાર, પ્રોહીબીશન-૯૩ મુજબ અટકાયતી પગલાં લીધેલ છે. |

(૩) આવી ગેરકાનુની પ્રવૃત્તિ અટકાવવાના ભાગરૂપે મહત્વના નાકાઓ ઉપર સઘન ચેકીંગ રાખી ગુનાહિત પ્રવૃત્તિ જણાઈ આવ્યેથી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. દારૂનું ગેરકાયદેસર વેચાણ/હેરાફેરી અટકાવવા સારૂ અવારનવાર પ્રોહીબીશન અંતર્ગત ડ્રાઈવ રાખવામાં આવે છે તેમજ ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ પ્રોહીબીશન અંતર્ગત કેસો શોધી કાઢવા સુચનાઓ આપવામાં આવે છે અને આ પ્રકારની ગેરકાનુની પ્રવૃત્તિમાં પકડાતા ઈસમો વિરૂધ્ધ પાસા, તડીપાર, પ્રોહી-૯૩ મુજબ અટકાયતી પગલાં લેવામાં આવે છે, તથા પકડાયેલ ઇસમોને જાણીતા ગુનેગાર જાહેર કરી તેની પો. સ્ટે. રજીસ્ટરે નોંધ રાખી તેવા ઈસમોની પ્રવૃતિ ઉપર સતત વોચ રાખવામાં આવે છે. લોકદરબાર વિગેરે યોજી આવી બદી સદંતરે નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરિકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

સુરેન્દ્રનગર, મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લા પોલીસ વડાની મુલાકાત

અતારાંકિતઃ ૫૬૪૦ (૨૯-૦૫-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર, મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા ઈન્સ્પેકશન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરીતીઓ અને અનિયમિતતા જોવા મળી અને

(૨) ઉક્ત સ્થિતિએ ખામીઓ, ગેરરીતીઓ અને અનિયમિતતા અંગે જવાબદાર અધિકારી/કમર્ચારીઓ સામે શી કાર્યવાહીઓ કરવામાં આવી ?

મુખ્ય મંત્રીશ્રી : ગૃહ (૦૮-૦૯-૨૦૧૫)

(૧) સામેલ પત્રક -૧ મુજબ

(૨) સામેલ પત્રક-૨ મુજબ

પત્રક-૧

| વર્ષ | સુરેન્દ્રનગર જિલ્લાની વિગતો | મોરબી જિલ્લાની વિગતો | બોટાદ જિલ્લાની વિગતો |
|---|---|---|---|
| ૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૧ | વાર્ષિક ઈન્સ્પેકશન પરેડમાં ખરાબ ટર્ન આઉટ તથા પરેડ કમાન્ડમાં ખામીઓ જણાઈ આવેલ | સને-૨૦૧૪થી જિલ્લો કાર્યરત થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | તા. ૧૫-૦૮-૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ | વાર્ષિક ઈન્સ્પેકશન પુર્તતા સમયસર નહીં કરવાની ખામીઓ જણાઈ આવેલ | | |
| ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ | નામદાર કોર્ટમાં નિયત સમયમાં ચાર્જશીટ નહી રજુ કરવા બાબતે તથા ગુન્હાની તપાસ પેન્ડીંગ રાખી આરોપી નહીં પકડવા બાબતની | | |

| વર્ષ | સુરેન્દ્રનગર જિલ્લાની વિગતો | મોરબી જિલ્લાની વિગતો | બોટાદ જિલ્લાની વિગતો |
|---|---|---|---|
| | ખામીઓ જણાઈ આવેલ. | | |
| ૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ | વાર્ષિક ઈન્સ્પેકશન પરેડમાં ખરાબ ટર્ન આઉટ તથા પરેડ કમાન્ડમાં ભુલો, એલ.આઈ.બી. ના ગુપ્ત રેકર્ડની વ્યવસ્થિત જાળવણી નહીં કરવી, ક્રાઈમ સંબંધી રેકર્ડની વ્યવસ્થિત જાળવણી નહી કરવા જેવી ખામીઓ જણાઈ આવેલ. | ગંભીર પ્રકારની ખામીઓ જણાયેલ નથી. પરંતુ રેકર્ડમાં સામાનય પ્રકારની અપુર્તતા જણાઈ આવેલ. | કોઈપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓ જણાઈ આવેલ નથી. |
| ૧–૪–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ | તપાસ પેન્ડીંગ રાખવા સબબ, વાર્ષિક ઈન્સ્પેકશન પરેડમાં ટર્ન આઉટ તથા પરેડ કમાન્ડમાં ભુલો સબબ તથા ચાર્જશીટ સમય મર્યાદામાં રજુ નહી કરવા જેવી ખામીઓ જણાઈ આવેલ. | ગંભીર પ્રકારની ખામીઓ જણાયેલ નથી. પરંતુ રેકર્ડમાં સામાનય પ્રકારની અપુર્તતા જણાઈ આવેલ. | કોઈપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓ જણાઈ આવેલ નથી. |

પત્રક–૨

| વર્ષ | સુરેન્દ્રનગર જિલ્લાની વિગતો | મોરબી જિલ્લાની વિગતો | બોટાદ જિલ્લાની વિગતો |
|---|---|---|---|
| ૧–૪–૨૦૧૦ થી ૩૧–૩–૨૦૧૧ | રોકડ દંડ તથા રેપ્રિમાન્ડની શિક્ષા કરવામાં આવેલ છે. | સને–૨૦૧૪થી જિલ્લો કાર્યરત થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | તા. ૧૫–૦૮–૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| ૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે. | | |
| ૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ | રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે. | | |
| ૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ | રોકડ દંડ તથા રેપ્રિમાન્ડની શિક્ષા કરવામાં આવેલ છે. | પો. સ્ટે. ના રેકર્ડમાં રહેલ અપુર્તતાઓની સ્થળ પર પુર્તતા કરાવવામાં આવેલ છે. તેમજ પો. સ્ટે. ના રેકર્ડમાં અપુર્તતા ન રહે તે માટે વધુ કાર્યક્ષમતાથી કામગીરી કરવા સુચના કરવામાં આવેલ છે. | કોઈપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓ જણાઈ આવેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૧–૪–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ | રોકડ દંડ તથા રેપ્રિમાન્ડની શિક્ષા કરવામાં આવેલ છે. | પો. સ્ટે. ના રેકર્ડમાં રહેલ અપુર્તતાઓની સ્થળ પર પુર્તતા કરાવવામાં આવેલ છે. તેમજ પો. સ્ટે. ના રેકર્ડમાં અપુર્તતા ન રહે તે માટે વધુ કાર્યક્ષમતાથી કામગીરી કરવા સુચના કરવામાં આવેલ છે. | કોઈપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓ જણાઈ આવેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

––––––––––––––

## રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લા પોલીસ વડાની મુલાકાત

અતારાંકિતઃ ૫૬૪૧ (૨૯–૦૫–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૪થી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત યાદી

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ. યાદી માટેનો સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જો લાંબા સમયથી સર્વે ના થયો હોય તો તેના કારણો શાં છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી : રાજ્યકક્ષા (૦૨-૦૯-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ. યાદી માટેનો સર્વે છેલ્લે વર્ષ ૨૦૦૨માં કરવામાં આવેલ છે.

(૨) આ યાદી પરિવર્તનશીલ છે અને દરખાસ્તો મુજબ અદ્યતન કરવામાં આવે છે તેમજ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા પ્રમાણે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

--------

રાજ્યમાં બી.પી.એલ. યાદીમાં પરિવારોની સંખ્યા

અતારાંકિતઃ ૫૪૨૬ (૨૨-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ માં નીચે જણાવ્યા મુજબના પરિવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

ગ્રામ વિકાસ મંત્રીશ્રી : રાજ્યકક્ષા (૦૨-૦૯-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ માં નીચે જણાવ્યા મુજબના પરિવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૬૬૭૪ | ૭૩૩૪૮ |
| ૨ | અમરેલી | ૪૪૦૨૧ | ૪૦૪૭૧ |
| ૩ | આણંદ | ૭૮૯૩૩ | ૭૫૯૪૬ |
| ૪ | બનાસકાંઠા | ૧૨૯૮૭૩ | ૧૦૫૫૪૧ |
| ૫ | ભરૂચ | ૭૬૬૪૨ | ૪૮૨૫૭ |
| ૬ | ભાવનગર | ૨૯૧૮૧ | ૫૪૯૩૭ |
| ૭ | દાહોદ | ૧૪૨૬૫૦ | ૮૨૫૫૧ |
| ૮ | ડાંગ | ૨૪૩૪૬ | ૧૧૧૧૦ |
| ૯ | ગાંધીનગર | ૧૩૮૩૯ | ૩૦૬૬૯ |
| ૧૦ | જામનગર | ૨૬૦૦૯ | ૩૪૧૯૧ |
| ૧૧ | જુનાગઢ | ૪૦૪૯૯ | ૫૫૬૩૫ |
| ૧૨ | કચ્છ | ૪૯૭૩૫ | ૫૫૭૭૧ |
| ૧૩ | ખેડા | ૬૩૨૧૩ | ૯૧૯૬૯ |
| ૧૪ | મહેસાણા | ૫૨૦૭૯ | ૫૪૨૦૧ |
| ૧૫ | નર્મદા | ૫૨૫૧૨ | ૩૦૩૦૯ |
| ૧૬ | નવસારી | ૨૮૯૭૪ | ૩૫૯૧૪ |
| ૧૭ | પંચમહાલ | ૯૭૩૫૬ | ૯૮૯૨૨ |
| ૧૮ | પાટણ | ૪૭૬૧૪ | ૫૪૩૨૭ |
| ૧૯ | પોરબંદર | ૯૨૮૭ | ૧૧૩૪૭ |
| ૨૦ | રાજકોટ | ૬૨૬૯૪ | ૬૪૨૩૪ |
| ૨૧ | સાબરકાંઠા | ૭૧૬૧૨ | ૯૪૩૭૪ |
| ૨૨ | સુરત | ૯૭૪૧૫ | ૯૬૭૬૬ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૭૩૬૨૨ | ૬૩૩૪૧ |
| ૨૪ | વડોદરા | ૧૨૬૪૬૭ | ૧૦૯૭૧૦ |
| ૨૫ | વલસાડ | ૭૪૦૩૫ | ૫૧૮૮૬ |
| | કુલ | ૧૫૯૯૨૮૨ | ૧૫૨૫૭૨૭ |

તા.૪થી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત યાદી
---------

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત યાદી

પંચાયત ઈ–ગ્રામ યોજના હેઠળ ઈન્ટરનેટ કનેકટીવીટી ખરીદવાના કરાર

અતારાંકિતઃ ૫૪૨૭ (૨૪–૦૮–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ પંચાયત ઈ–ગ્રામ યોજના હેઠળ ઈન્ટરનેટ કનેકટીવીટી માટે છેલ્લા પાંચ વર્ષમાં કેટલા એમબીપીએસ સ્પીડ માટે કઈ કંપની સાથે કરાર કે સમજુતી થયેલ છે,

(૨) તેની મુખ્ય વિગતો શી છે અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં તે અન્વયે વાર્ષિક કેટલી રકમ ચૂકવવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૩૧–૦૮–૨૦૧૫)

(૧) ૯૬ એમબીપીએસ સ્પીડ માટે મેસર્સ ભારતી એરટેલ લી.

(૨) ઈ–ગ્રામ પંચાયતો ખાતે વી–સેટ આધારિત બ્રોડબેન્ડ ઈ–કનેકટીવીટી મેસર્સ ભારતી એરટેલ લી. દ્વારા પુરી પાડવામાં આવે છે.

(૩) છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારતી એરટેલ લી. ને કનેકટીવીટી માટે ચુકવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ચૂકવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૬,૮૫,૮૫,૬૪૬/- |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૬,૫૯,૬૮,૨૪૧/- |
| ૩ | ૨૦૧૨–૧૩ | ૬,૯૮,૮૫,૭૦૧/- |
| ૪ | ૨૦૧૩–૧૪ | ૮,૧૪,૬૮,૧૦૬/- |
| ૫ | ૨૦૧૪–૧૫ | ૭,૯૯,૫૨,૮૬૧/- |
| | કુલ ચુકવેલ રકમ | ૩૬,૫૮,૬૦,૫૫૫/- |

--------

વડોદરા, છોટાઉદેપુર આણંદ અને ખેડા જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા બાબત

અતારાંકિતઃ ૪૦૫૭ (૦૯–૦૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારશ્રી દ્વારા પ્રિમિયમ વસુલ કરીને નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વડોદરા, છોટાઉદેપુર, આણંદ અને ખેડા જીલ્લામાં તાલુકાવાર કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપી,

(૩) ઉક્ત દરખાસ્તો પૈકી કેટલી ના–મંજૂર કરી તેમજ કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર કેટલું પ્રિમિયમ વસુલ લેવામાં આવ્યું ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) : (૦૩–૦૯–૨૦૧૫)

(૧) મ.વિ. તા. ૪–૭–૦૮ અને તા. ૩–૫–૨૦૧૧ ના ઠરાવની જોગવાઈઓ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ખેતીથી ખેતીના હેતુ માટે જમીન જુની શરતમાં ફેરવવા માટે કોઈ પ્રિમિયમ લેવામાં આવતું નથી જ્યારે શહેરી વિસ્તારોમાં ખેતીથી ખેતીના હેતુ માટે જંત્રી દરના ૨૫ ટકા લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં બિનખેતીના હેતુ માટે જંત્રી દરના ૪૦ ટકા લેખે પ્રિમિયમ લઈને જમીન જુની શરતમાં ફેરવવામાં આવે છે.

(૨) સામેલ પત્રકઃ૧ના કોલમ–(૪) મુજબ

(૩)

| અ.નં. | જીલ્લાનું નામ | ના મંજૂર કરેલ દરખાસ્તોની સંખ્યા | પડતર દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩૭૧ | ૧૯૭ |
| ૨ | છોટા ઉદેપુર | ૮ | ૭ |
| ૩ | આણંદ | ૫૨૩ | ૧૭૮ |
| ૪ | ખેડા | ૭૩૪ | ૧૭૪ |

(૪) સામેલ પત્રક–૧ ના કોલમ–(૫) થી (૯) મુજબ

## અતારાંકિત યાદી

પત્રક–૧

### વડોદરા, છોટાઉદેપુર, આણંદ અને ખેડા જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | નવી શરતમાંથી જુની શરતમાં ફેરવાયેલ જમીન (હે.આર.ચો.મી.) | વસુલ કરેલ પ્રિમિયમની રકમ રૂપિયા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | તા. ૧–૧૨–૦૯ થી તા. ૩૦–૧૧–૧૦ | તા. ૧–૧૨–૧૦ થી તા. ૩૦–૧૧–૧૧ | તા. ૧–૧૨–૧૧ થી તા. ૩૦–૧૧–૧૨ | તા. ૧–૧૨–૧૨ થી તા. ૩૦–૧૧–૧૩ | તા. ૧–૧૨–૧૩ થી તા. ૩૦–૧૧–૧૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | વડોદરા | વડોદરા શહેર | ૧૧૬–૨૭–૬૧ | ૨૩૮૭૧૭૯૪૯ | ૫૫૦૨૫૮૬૬૧ | ૪૮૨૪૨૩૧૮૪ | ૩૦૮૫૯૧૪૬૮ | ૨૨૫૧૨૩૪૮૬ |
| ૨ | –‘‘– | વડોદરા ગ્રામ્ય | ૧૬૭–૬૬–૯૧ | ૨૩૦૭૮૫૪૭૬ | ૪૮૨૨૨૫૪૧૬ | ૩૯૬૨૩૭૩૪૬ | ૨૯૦૨૭૭૬૦૫ | ૨૨૭૧૮૭૭૮૯ |
| ૩ | –‘‘– | પાદરા | ૫૨–૭૩–૨૩ | ૮૪૪૯૩૪૮૫ | ૨૦૯૧૬૫૮૦ | ૧૧૮૨૭૦૦૧૬ | ૯૪૦૧૯૫૯૫ | ૨૪૧૧૮૯૨ |
| ૪ | –‘‘– | કરજણ | ૫૦–૧૫–૪૮ | ૭૯૨૮૮૮૧૬ | ૯૪૦૯૩૩૫ | ૩૩૪૪૪૬૬૭ | ૮૧૬૭૦૭૩૭ | ૧૩૨૬૯૮૦૨૨ |
| ૫ | –‘‘– | સાવલી | ૩૩–૧૪–૭૮ | ૭૫૪૬૮૯૧૫ | ૯૩૫૦૪૬૦ | ૨૬૯૪૬૭૩૩ | ૬૭૮૫૬૫૪૬ | ૧૮૨૧૭૬૨ |
| ૬ | –‘‘– | વાઘોડીયા | ૬૫–૧૩–૩૫ | ૧૦૫૨૧૫૮૪૧ | ૧૧૩૨૦૭૫૧૩ | ૧૩૦૬૬૦૧૩ | ૧૨૩૮૮૫૨૩૬ | ૧૭૦૮૪૯૦૧ |
| ૭ | –‘‘– | ડભોઈ | ૩૦–૨૧–૧૬ | ૮૧૧૫૫૨૨૨ | ૬૭૨૦૩૫૩ | ૨૦૪૨૭૧૯૬ | ૩૩૪૭૬૬૭૨ | ૩૧૨૫૫૪૧ |
| ૮ | –‘‘– | જેતપુરપાવી | ૩–૫૩–૮૫ | ૨૧૫૯૭૫૮ | ૧૫૧૫૯૬૭ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | –‘‘– | સંખેડા | ૩–૬૧–૧૬ | ૨૧૮૫૮૧૩ | ૩૫૧૧૮૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | –‘‘– | શિનોર | –– | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | –‘‘– | છોટા ઉદેપુર | –– | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | –‘‘– | ક્વાંટ | –– | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | –‘‘– | નસવાડી | –– | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | –‘‘– | બોડેલી | ૧–૦૯–૧૩ | –– | –– | –– | –– | ૨૭૬૩૯૬૦ |
| ૧૫ | –‘‘– | નસવાડી | ૧–૩૯–૬૦ | –– | –– | –– | –– | ૫૮૬૩૨૦ |
| ૧૬ | –‘‘– | સંખેડા | ૦–૮૩–૬૬ | –– | –– | –– | –– | ૧૭૪૦૧૨૮ |
| ૧૭ | –‘‘– | છોટાઉદેપુર | – | – | – | – | – | ૦૦ |
| ૧૮ | –‘‘– | જેતપુરપાવી | –– | – | – | – | – | ૦૦ |
| ૧૯ | –‘‘– | ક્વાંટ | –– | –– | –– | –– | –– | ૦૦ |
| ૨૦ | આણંદ | આણંદ | ૧૨૫–૯૦–૧૭ | ૧૨૦૦૯૯૧૭૮ | ૧૩૩૬૧૧૬૬૧ | ૧૮૨૭૪૬૭૧૩ | ૮૮૪૪૨૪૩૫ | ૧૯૩૪૨૩૧૩ |
| ૨૧ | –‘‘– | પેટલાદ | ૨૯–૧૬–૫૭ | ૧૩૦૩૮૦૧૮ | ૭૮૧૯૮૨૩ | ૧૩૪૬૪૫૯૮ | ૬૬૫૧૧૮૮ | ૫૧૫૪૬૬૭ |
| ૨૨ | –‘‘– | સોજીત્રા | ૩–૦૩–૪૮ | ૧૦૭૩૬૪૪ | ૦૦ | ૩૫૧૮૩૮૦ | ૦૦ | ૩૦૫૯૨૮૦ |
| ૨૩ | –‘‘– | ખંભાત | ૩૧–૧૫–૪૪ | ૭૧૨૩૬૦ | ૫૭૯૪૬૧૯ | ૧૩૭૭૪૮૩૧ | ૨૭૧૪૦૮૬૫ | ૯૦૯૨૦૧૭ |
| ૨૪ | –‘‘– | તારાપુર | ૩૦–૨૨–૪૮ | ૧૮૮૫૯૬૦ | ૮૯૦૮૧૮૨ | ૯૦૪૮૭૯૬ | ૧૩૧૨૯૭૬૦ | ૨૦૯૩૬૯૮ |
| ૨૫ | –‘‘– | બોરસદ | ૩૩–૬૧–૯૫ | ૨૧૨૪૦૦ | ૧૩૪૮૪૭૨૨ | ૪૪૮૮૨૫૫ | ૪૬૮૩૬૫૨૯ | ૬૪૭૫૨૪૧ |
| ૨૬ | –‘‘– | આંકલાવ | ૩૦–૫૯–૮૫ | ૬૮૦૮૬૩ | ૬૬૭૮૬૮૫ | ૧૨૯૪૩૨૨૨ | ૯૪૦૦૦૪૬ | ૨૧૦૩૯૨૪૨ |
| ૨૭ | –‘‘– | ઉમરેઠ | ૧૭–૫૪–૦૧ | ૦૦ | ૨૮૪૭૦૭૫ | ૮૯૮૩૧૩૩ | ૭૩૦૭૩૫૦ | ૨૭૪૦૧૦૬ |
| ૨૮ | –‘‘– | નડીયાદ | ૬૩–૪૯–૭૮ | ૩૫૭૨૩૨૬૭ | ૨૬૯૦૦૫૦૩ | ૭૩૨૬૩૮૬૮ | ૪૬૩૫૭૫૦૬ | ૪૨૪૧૮૦૧૪ |
| ૨૯ | –‘‘– | ખેડા | ૮૭–૪૦–૨૮ | ૧૯૨૩૩૧૮૧ | ૧૯૫૪૨૧૪૫ | ૨૪૮૨૫૬૬૮ | ૧૬૪૧૫૧૨૦ | ૩૬૭૪૧૪૧૪ |
| ૩૦ | –‘‘– | મહેમદાવાદ | ૪૫–૭૭–૩૦ | ૮૫૭૭૯૦૭ | ૨૦૩૧૯૦૨૮ | ૩૪૭૪૧૪૭૯ | ૨૯૦૮૮૨૯ | ૪૨૬૦૪૯૬ |
| ૩૧ | –‘‘– | કઠલાલ | ૧૨–૦૭–૯૩ | ૨૫૦૦૦૦ | ૩૦૪૩૫૪૪ | ૪૭૯૬૦૧૩ | ૬૪૩૮૩૭૨ | ૪૨૫૨૦૬૦ |
| ૩૨ | –‘‘– | કપડવંજ | ૪૯–૨૮–૮૯ | ૭૫૧૦૦૭૦ | ૫૯૯૫૩૫૩ | ૬૮૨૭૮૨૦ | ૨૩૦૪૫૫૪૪ | ૨૦૦૪૪૦૬૭ |
| ૩૩ | –‘‘– | ઠાસરા | ૨૩–૫૧–૫૪ | ૨૦૫૦૦૭૮ | ૨૧૪૭૦૦૫ | ૧૩૨૬૮૨૩૬ | ૪૬૫૮૩૦૯ | ૬૨૯૧૩૧૫ |
| ૩૪ | –‘‘– | મહુધા | ૭–૧૭–૭૭ | ૨૧૩૬૨૫ | ૧૧૦૭૭૬૦ | ૧૮૨૬૭૨ | ૩૩૯૭૬૯૬ | ૦૦ |
| ૩૫ | –‘‘– | માતર | ૮–૩૪–૮૩ | ૧૧૧૧૦૭૬૧૦ | ૩૦૦૩૩૪૫ | ૯૬૬૮૦૦૩ | ૩૩૯૮૦૧૭ | ૬૪૫૪૮૦ |
| ૩૬ | –‘‘– | બાલાસિનોર | ૭–૧૧–૮૫ | ૨૭૮૮૫૪ | ૩૧૯૯૦૨૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૭ | –‘‘– | વિરપુર | ૧–૩૫–૮૨ | ૨૩૨૫૪૦૦ | ૦૦ | ૪૧૭૩૧૩૮ | ૦૦ | ૦૦ |
| ૩૮ | –‘‘– | ગળતેશ્વર | ૨–૦૪–૨૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૭૬૭૯૨ |
| ૩૮ | –‘‘– | વસો | ૨–૯૫–૧૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૮૨૦૭૭૦૦ |

--------

## અતારાંકિત યાદી

### ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૫૧૩૭ (૩૧–૦૭–૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ રાજયમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

મુખ્ય મંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) : (૩૧–૮–૧૫)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ.

| અ.નં. | સંવર્ગ | સંવર્ગવાર મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૯ |
| ૨ | વર્ગ–૨ | ૨ |
| ૩ | મંજુર થયેલ કરાર આધારિત જગ્યાઓ | ૫૨ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ગ–૧માં ૧(એક) જગ્યા અને કરાર આધારિત ૩૮(આડત્રીસ) જગ્યાઓ ભરાયેલ છે.

(૩)

| અ.નં. | સંવર્ગ | ખાલી જગ્યા | ક્યા સુધીમાં ભરવામાં આવશે. |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૭ | સદરહું જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવામાં આવે છે. |
| ૨ | વર્ગ–૨ | ૨ | ઉપર મુજબ |
| ૩ | મંજુર થયેલ કરાર આધારિત જગ્યાઓ | ૧૪ | જરૂરિયાત મુજબ અલગ અલગ સંવર્ગમાં મંજુર ૫૨ (બાવન) જગ્યાના મહેકમની મર્યાદામાં આ જગ્યાઓ ભરવામાં આવે છે |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર ૧૫ જગ્યાઓ ભરવામાં આવી.

-------------------

### યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રભાગનું મંજુર મહેકમ

અતારાંકિતઃ ૫૨૯૪ (૨૩–૦૬–૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ રાજયમાં યુવા સાસ્કૃતિક પ્રવૃત્તિઓ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૧–૮–૧૫)

(૧),(૨),(૩) અને (૪) યુવા સાંસ્કૃતિક પ્રભાગ અલગથી નથી પરંતુ યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની કમિશ્નરશ્રી, યુવક સેવાની કચેરી કરે છે. આ કચેરીના તાબા હેઠળની જિલ્લાની કચેરીઓની સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ, ભરેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા કયાં સુધી ભરવામાં આવશે | છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કમિશ્નર | ૧ | ૦૧ | ૦૧ | – | | – |
| ૨ | ખાસ ફરજપરના અધિકારી | ૧ | ૦૧ | – | ૦૧ | | – |

તા.૪થી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત યાદી

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે | છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ? |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | યુથ બોર્ડ અધિકારી | ૧ | ૦૧ | – | ૦૧ | | – |
| ૪ | આચાર્ય | ૧ | ૦૧ | ૦૧ | – | | – |
| | વર્ગ–૧ સરવાળો | | ૦૪ | ૦૨ | ૦૨ | | – |
| ૫ | વહીવટી અધિકારી | ૨ | ૦૨ | ૦૧ | ૦૧ | | – |
| ૬ | હિસાબી અધિકારી | ૨ | ૦૨ | ૦૨ | – | | – |
| ૭ | સહાયક નિયામક | ૨ | ૦૪ | ૦૧ | ૦૩ | | – |
| ૮ | સચિવ(રા.ર.ગ.પ.) | ૨ | ૦૧ | – | ૦૧ | | – |
| ૯ | મેનેજર | ૨ | ૦૨ | – | ૦૨ | | – |
| ૧૦ | પ્રચાર અધિકારી | ૨ | ૦૧ | ૦૧ | – | | – |
| ૧૧ | મદદનીશ યુથ બોર્ડ અધિકારી | ૨ | ૦૧ | – | ૦૧ | સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અન્વયે બઢતી સીધી ભરતી પ્રતિનિયુક્તિથી ભરવામાં આવે છે. | છેલ્લા ત્રણ વર્ષમાં વર્ગ–૧ની ૧ જગ્યા, વર્ગ–૨ની ૪ જગ્યા, વર્ગ–૩ની ૫૭ જગ્યા મળી કુલ–૬૩ જગ્યાઓ ભરવામાં આવેલ છે. |
| ૧૨ | ખાસ અધિકારી | ૨ | ૦૧ | – | ૦૧ | | – |
| ૧૩ | રહસ્ય સચિવ | ૨ | ૦૧ | – | ૦૧ | | – |
| | વર્ગ–સરવાળો | | ૧૫ | ૦૫ | ૧૦ | | – |
| ૧૪ | ઈન્સ્ટ્રકટર | ૩ | ૦૪ | ૦૧ | ૦૩ | | – |
| ૧૫ | જિલ્લા રમતગમત અધિકારી | ૩ | ૪૧ | ૨૮ | ૧૩ | | – |
| ૧૬ | પ્રોજેક્ટ અધિકારી | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ | | – |
| ૧૭ | અધિક્ષક | ૩ | ૦૧ | – | ૦૧ | | – |
| ૧૮ | મદદનીશ મેનેજર | ૩ | ૦૧ | – | ૦૧ | | – |
| ૧૯ | ગુ. સ્ટેનોગ્રાફર | ૩ | ૦૨ | ૦૨ | – | | – |
| ૨૦ | હેડ કલાર્ક | ૩ | ૦૫ | ૦૫ | – | | – |
| ૨૧ | મદદનીશ પ્રોજેક્ટ અધિકારી | ૩ | ૨૮ | ૨૮ | – | | – |
| ૨૨ | સબ ઓડીટર | ૩ | ૦૧ | ૦૧ | ૦૪ | | – |
| ૨૩ | સિનિયર કલાર્ક | ૩ | ૧૧ | ૦૭ | ૦૧ | | – |
| ૨૪ | સિનિયર કલાર્ક–કમ–એકાઉન્ટન્ટ | ૩ | ૧૬ | ૧૫ | ૧૮ | | – |
| ૨૫ | જુનિયર કલાર્ક | ૩ | ૩૬ | ૧૮ | ૦૮ | | – |
| ૨૬ | કલાર્ક–કમ–ટાઈપીસ્ટ–વર્ગ–૩ | ૩ | ૧૫ | ૦૭ | ૦૮ | | – |
| ૨૭ | લાઈટ ઓપરેટર | ૩ | ૦૧ | – | ૦૧ | | – |
| ૨૮ | ડ્રાઈવર | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ | | – |
| ૨૯ | ફીક્સ પગાર | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ | | – |
| | વર્ગ–૩ સરવાળો | | ૧૭૧ | ૧૧૬ | ૫૫ | | – |
| ૩૦ | નાયક | ૪ | ૦૨ | ૦૧ | ૦૧ | | – |
| ૩૧ | પટાવાળા | ૪ | ૫૦ | ૩૪ | ૧૬ | | – |

અતારાંકિત યાદી

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા કયાં સુધી ભરવામાં આવશે | છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ? |
|---|---|---|---|---|---|---|---|
| ૩૨ | ચોકીદાર | ૪ | ૦૫ | – | ૦૫ | | – |
| ૩૩ | સફાઈ કામદાર | ૪ | ૦૫ | – | ૦૫ | | – |
| ૩૪ | માળી | ૪ | ૦૫ | – | ૦૫ | | – |
| ૩૫ | પ્લમ્બર | ૪ | ૦૧ | ૦૧ | – | | – |
| ૩૬ | હમાલ | ૪ | ૦૧ | – | ૦૧ | | – |
| | વર્ગ–૪ સરવાળો | | ૬૫ | ૩૬ | ૨૯ | | – |
| | વર્ગ–૩ સરવાળો | | ૧૭૧ | ૧૧૬ | ૫૫ | | – |
| | વર્ગ–૨ સરવાળો | | ૧૫ | ૦૫ | ૧૦ | | – |
| | વર્ગ–૧ સરવાળો | | ૦૪ | ૦૨ | ૦૨ | | – |
| | કુલ સરવાળો | | ૨૫૫ | ૧૬૧ | ૯૪ | | – |

-------------------

રાજ્યમાં ડાર્કઝોન તાલુકાઓમાં ઉદ્યોગગૃહોને વીજ કનેકશન આપવા

અતારાંકિતઃ ૪૮૪૯ (૨–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ડાર્કઝોન તાલુકાઓમાં કોઈ ઉદ્યોગગૃહોને વીજ કનેકશન આપવામાં આવેલ છે,

(૨) જો હા, તો કયા ઉદ્યોગગૃહને કયારે કેટલા વોટનું વીજ કનેકશન કયા તાલુકામાં આપવામાં આવેલ છે,

(૩) આપવામાં આવેલ વીજ કનેકશન દ્વારા ઉકત ઉદ્યોગ ગૃહ દ્વારા જમીન/પાતાળમાંથી પાણી ખેંચવામાં આવે છે કે કેમ ?

ઉર્જા મંત્રીશ્રીઃ (૪–૯–૧૫)

(૧) અને (૨) હા, જી તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના ડાર્કઝોન તાલુકાઓમાં ઉદ્યોગગૃહોને આપવામાં આવેલ ઔદ્યોગિક વીજ જોડાણો, તેમના નામ અને વીજભાર(વોટ) સાથેની વર્ષવાર અને તાલુકાવાર માહિતી આ સાથે સામેલ પત્રક 'અ' મુજબ છે.

(૩) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ડાર્કઝોન તાલુકાઓમાં ઉદ્યોગગૃહોને માત્ર ઔદ્યોગિક પ્રક્રિયા માટે ઉત્પાદનના હેતુસર જ ઔદ્યોગિક વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ વીજ જોડાણ થકી ઉદ્યોગગૃહો દ્વારા જમીન/પાતાળમાંથી પાણી ખેંચવા અંગેની કોઈ વિગતો વીજ વિતરણ કંપનીઓ પાસે ઉપલબ્ધ નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

––––––––––––

રાજ્યમાં શીપ બિલ્ડીંગ પાર્ક / યાર્ડ વિકસાવવા મંજુરી

અતારાંકિતઃ ૫૧૪૮ (૨–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતીએ રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક કે યાર્ડ વિકસાવવાની મંજુરી છેલ્લા પાંચ વર્ષમાં કયારે કોને આપવામાં આવી, અને

(૨) તે અન્વયે જમીન ફાળવણી કરવા માટે કોને, કેટલી જમીન માટે કયારે એન.ઓ.સી આપવામાં આવેલ છે ?

મુખ્ય મંત્રીશ્રીઃ (૭–૯–૧૫)

(૧) રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવા છેલ્લા પાંચ વર્ષમાં નીચેની વિગતે મંજુરી આપવામાં આવી છે.

| કંપનીનું નામ | મંજૂરીની તારીખ |
|---|---|
| મોડેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ | ૨૯/૫/૨૦૧૦ |
| બોમ્બે મરીન એન્ડ એન્જીનીયરીંગ પ્રા.લી. | ૨૯/૫/૨૦૧૦ |
| સીલેન્ડ શીપીંગ એન્ડ એકસપોર્ટ પ્રા.લી. | ૨૬/૬/૨૦૧૧ |
| મસ્કોટ શીપયાર્ડ લીમીટેડ | ૨૦/૮/૨૦૧૨ |

(૨) ઉકત કંપનીઓ પૈકી કોઈપણને જમીન ફાળવણી માટે એન.ઓ.સી આપવામાં આવેલ નથી.

––––––––––––

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત યાદી

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૫૧૭૬,૫૧૭૯,૫૧૯૧,૬૦૬૮,૬૦૭૨,૬૦૭૩ | ૦૬ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૫૦૮૨,૫૧૨૦,૫૧૩૦,૫૮૭૩,૬૦૮૧,૬૦૮૨ | ૦૬ |
| ૩ | નાણા વિભાગ | ૪૯૦૬,૫૩૬૭,૬૦૫૦ | ૦૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૦૭૭,૫૭૨૨,૫૭૯૩,૫૭૯૪,૫૮૬૦,૫૮૭૨ | ૦૬ |
| ૫ | ગૃહ વિભાગ | ૫૫૦૬,૫૬૪૦,૫૬૪૧,૫૬૪૨,૫૬૪૪,૫૬૪૫,૫૮૬૭,૬૦૧૨,૬૦૧૩,૬૦૧૫,૬૦૬૧,૬૦૬૨ | ૧૨ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૮૩૪,૫૮૭૬ | ૦૨ |
| ૭ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૫૧૩૪,૫૩૭૨,૫૬૩૭ | ૦૩ |
| ૮ | કાયદા વિભાગ | ૬૧૧૭ | ૦૧ |
| ૯ | નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૫૦૬૧,૬૦૬૯ | ૦૨ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૦૩૭,૫૦૪૬,૫૪૨૬,૫૪૨૭ | ૦૪ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૪૦૫૭,૫૧૩૭ | ૦૨ |
| ૧૨ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૫૨૯૪ | ૦૧ |
| ૧૩ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૮૪૯ | ૦૧ |
| ૧૪ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૫૧૪૮ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

**બીજી અતારાંકિત યાદી**

ગુજરાત (જાહેર સેવાઓ અંગેના નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ ના નિયમો બનાવવા બાબત

અતારાંકિતઃ ૫૮૭૯ (૨૭–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ(જામનગર–ગ્રામ્ય): માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત (જાહેર સેવાઓ અંગેના નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ ના નિયમો રાજ્ય સરકારે બનાવ્યા નથી તથા આ કાયદા હેઠળ સમાવેશ થતી સેવાઓ જાહેર નહિ કરવાથી તા.૩૦ જુન–૨૦૧૫ ની સ્થિતિએ કાયદાનો અમલ થઇ શકતો નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ ફરિયાદના ત્વરિત ઉકેલ માટે સરકારે શા પગલાં ભર્યા છે ?

મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૦૭–૦૯–૨૦૧૫)

(૧) અને (૨)

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ ની કલમઃ૨૯ હેઠળ મળેલ સત્તાની રૂએ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) નિયમો, ૨૦૧૪ તા.૨૬–૦૨–૨૦૧૪ ના જાહેરનામાથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ–૧ ની પેટા કલમ–૩ થી મળેલી સત્તાની રૂએ, તા.૨૬–૦૨–૨૦૧૪ ના જાહેરનામાથી આ અધિનિયમની કલમ–૪ અને કલમ–૨૯, તા.૨૬–૦૨–૨૦૧૪ થી અમલમાં લાવવામાં આવેલ છે. તે જ રીતે તા.૧૧–૦૮–

૨૦૧૪ ના જાહેરનામાથી અધિનિયમની કલમ–૨, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ તથા કલમ–૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને કલમ–૩૦ તા.૧૧–૦૮–૨૦૧૪ ની તારીખથી અમલમાં લાવવામાં આવેલ છે.

--------

રાજ્યમાં રાસાયણિક ખાતરના નમૂના

અતારાંકિતઃ ૫૧૯૨ (૨૭–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ(વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂના લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન–પ્રમાણિત થયા, અને

(૩) તે અન્વયે બિન–પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

કૃષિ મંત્રીશ્રી : (૧૪–૦૯–૨૦૧૫)

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં લેવામાં આવેલ જિલ્લાવાર રાસાયણિક ખાતરના કુલ નમૂનાઓની વિગત સામેલ પત્રક–૧ મુજબ છે.

(૨) તે પ્રમાણિત થયા અને કેટલા બિન–પ્રમાણિત થયા તેની વિગતો સામેલ પત્રક–૨ મુજબ છે.

(૩) બિન–પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત લેવામાં આવેલ પગલાંની વિગત સામેલ પત્રક–૩ મુજબ છે.

પત્રક–૧

| જિલ્લાનું નામ | નમૂના |
|---|---|
| અમદાવાદ | ૫૯૨૦ |
| અમરેલી | ૧૧૮૬ |
| આણંદ | ૧૬૮૨ |
| બનાસકાંઠા | ૪૦૨૦ |
| ભરૂચ | ૯૬૦ |
| ભાવનગર | ૨૧૧૮ |
| દાહોદ | ૭૯૪ |
| ડાંગ | ૧૧૮ |
| ગાંધીનગર | ૧૧૧૮ |
| જામનગર | ૧૪૨૪ |
| જુનાગઢ | ૨૩૦૧ |
| ખેડા | ૨૧૭૪ |
| કચ્છ–ભુજ | ૧૨૮૭ |
| મહેસાણા | ૨૩૬૦ |
| નર્મદા | ૪૯૫ |
| નવસારી | ૧૬૫૧ |
| પંચમહાલ | ૧૪૪૪ |
| પાટણ | ૧૩૦૮ |
| પોરબંદર | ૨૭૭ |
| રાજકોટ | ૩૮૩૫ |
| સાબરકાંઠા | ૩૬૨૯ |
| સુરત | ૨૦૨૧ |
| સુરેન્દ્રનગર | ૧૪૧૦ |
| તાપી | ૪૩૯ |
| વડોદરા | ૪૨૭૮ |
| વલસાડ | ૪૩૦૩ |

તા.૪થી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત યાદી

| જિલ્લાનું નામ | નમૂના |
|---|---|
| કુલ | ૫૨૫૫૨ |

પત્રક-૨

| જિલ્લાનું નામ | પ્રમાણિત નમૂના | બિન-પ્રમાણિત નમૂના |
|---|---|---|
| અમદાવાદ | ૫૮૭૪ | ૪૬ |
| અમરેલી | ૧૧૬૬ | ૨૦ |
| આણંદ | ૧૬૬૭ | ૧૫ |
| બનાસકાંઠા | ૪૦૦૩ | ૧૭ |
| ભરૂચ | ૯૪૮ | ૧૨ |
| ભાવનગર | ૨૦૮૪ | ૩૪ |
| દાહોદ | ૭૮૯ | ૫ |
| ડાંગ | ૧૧૮ | ૦ |
| ગાંધીનગર | ૧૧૦૪ | ૧૪ |
| જામનગર | ૧૪૧૨ | ૧૨ |
| જુનાગઢ | ૨૨૬૫ | ૩૬ |
| ખેડા | ૨૧૨૬ | ૪૮ |
| કચ્છ-ભુજ | ૧૨૭૭ | ૧૦ |
| મહેસાણા | ૨૩૨૫ | ૩૫ |
| નર્મદા | ૪૯૦ | ૫ |
| નવસારી | ૧૬૩૭ | ૧૪ |
| પંચમહાલ | ૧૪૪૦ | ૪ |
| પાટણ | ૧૨૯૬ | ૧૨ |
| પોરબંદર | ૨૬૯ | ૮ |
| રાજકોટ | ૩૭૮૬ | ૪૯ |
| સાબરકાંઠા | ૩૫૯૭ | ૩૨ |
| સુરત | ૧૯૯૩ | ૨૮ |
| સુરેન્દ્રનગર | ૧૩૯૬ | ૧૪ |
| તાપી | ૪૩૫ | ૪ |
| વડોદરા | ૪૨૪૯ | ૨૯ |
| વલસાડ | ૪૨૮૮ | ૧૫ |
| કુલ | ૫૨૦૩૪ | ૫૧૮ |

પત્રક-૩

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૧૧૬ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૨૮૧ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૭૮ | રિ-એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૪૩ | કાર્યવાહી ચાલુ છે. |

--------

જામનગર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદવા સહાયની અરજીઓ

અતારાંકિતઃ ૫૭૫૩ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટ્રેક્ટર ખરીદવા સહાયની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ વર્ષવાર નામંજૂર કરવામાં આવી, અને તેનાં શાં કારણો છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રહેલી અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૪–૦૯–૨૦૧૫)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ટ્રેક્ટર ખરીદવા સહાયની નીચે મુજબ અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૧ | જામનગર | ૧૬૪ | ૫૭ |
| ૨ | ધ્રોલ | ૧૪૧ | ૪૬ |
| ૩ | જોડિયા | ૯૯ | ૩૩ |
| ૪ | કાલાવાડ | ૧૫૩ | ૬૫ |
| ૫ | જામજોધપુર | ૧૩૨ | ૨૧ |
| ૬ | લાલપુર | ૯૪ | ૧૯ |
| | કુલ | ૭૮૩ | ૨૪૧ |

(૨) તે પૈકી વર્ષ ૨૦૧૩ માં ૨૯૫ અને વર્ષ ૨૦૧૪ માં ૧૯૪ અરજીઓ મંજૂર કરવામાં આવી. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૧ | જામનગર | ૪૪ | ૫૧ |
| ૨ | ધ્રોલ | ૪૭ | ૩૮ |
| ૩ | જોડિયા | ૪૮ | ૨૧ |
| ૪ | કાલાવાડ | ૭૮ | ૫૩ |
| ૫ | જામજોધપુર | ૩૦ | ૧૫ |
| ૬ | લાલપુર | ૪૮ | ૧૬ |
| | કુલ | ૨૯૫ | ૧૯૪ |

(૩) વર્ષ ૨૦૧૩ માં ૧૯૮ અને વર્ષ ૨૦૧૪ માં ૪૭ અરજીઓ નામંજુર કરવામાં આવી. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૧ | જામનગર | ૩૮ | ૬ |
| ૨ | ધ્રોલ | ૨૯ | ૮ |
| ૩ | જોડિયા | ૩૩ | ૧૨ |
| ૪ | કાલાવાડ | ૪૧ | ૧૨ |
| ૫ | જામજોધપુર | ૩૪ | ૬ |
| ૬ | લાલપુર | ૨૩ | ૩ |
| | કુલ | ૧૯૮ | ૪૭ |

અરજીઓ નામંજુર કરવાના કારણોઃ–

(૧) પ્રાથમિક મંજુરી આપ્યા બાદ સહાય દરખાસ્ત અરજદાર તરફથી રજુ ન થવાથી.

(૨) ટ્રેક્ટર સહાય મેળવવાની પૂર્વ મંજુરી પહેલા ટ્રેક્ટર ખરીદી કરવામાં આવેલ હોય.

(૩) જરૂરી સાધનિક કાગળો ન હોય.

(૪) એક અરજદાર દ્વારા એક જ ઘટકમાં એક થી વધુ અરજી કરેલ હોય.

(૫) સ્થળ ચકાસણી કરતાં કામગીરી ન કરેલ હોય.

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ અરજીઓ ચાલુ નાણાકીય વર્ષ માર્ચ–૨૦૧૬ ના અંત સુધીમાં મંજુર/નામંજુર કરવામાં આવનાર છે.

--------

## અતારાંકિત યાદી

### જામનગર જિલ્લાના દરીયા કિનારે લાઇન ફિશીંગ બાબત

અતારાંકિતઃ ૫૮૯૬ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લાના દરિયા કિનારે તા.૩૧ ડીસેમ્બર-૨૦૧૪ ની સ્થિતિએ ભારતના અન્ય રાજ્યોના માછીમારો લાઇન ફીશીંગ કરી રહ્યા છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા રાજ્યોના માછીમારો લાઇન ફીશીંગ કરતા નોંધાયા, અને

(૩) આ અંગે સરકારે શા પગલા ભર્યા છે ?

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી : (૦૨-૦૯-૨૦૧૫)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં કૃષિ પાકોના ધોવાણ સામે વળતર

અતારાંકિતઃ ૫૯૨૨ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં જૂન-૨૦૧૫ માં આવેલ ભારે વરસાદ અને પૂરમાં ક્યા કૃષિ પાકોનું જિલ્લાવાર કેટલું ધોવાણ થયું,

(૨) ઉક્ત સ્થિતિએ ધોવાણ થયેલ પાકોના બિયારણ તથા રાસાયણિક ખાતરો પૂરા પાડવા શી વ્યવસ્થા થઇ છે,

(૩) સરકારે પાકોના વાવેતર માટે બિયારણ તથા રાસાયણિક ખાતરમાં કેટલી નાણાકીય સહાય જાહેર કરી, અને

(૪) આ સહાય ક્યાં સુધીમાં પુરી પાડવામાં આવનાર છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૪-૦૯-૨૦૧૫)

(૧) અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં જૂન-૨૦૧૫ માં આવેલ ભારે વરસાદ અને પૂરમાં કૃષિ પાકોનું અમરેલી જિલ્લામાં ૫૮,૧૩૪ હેક્ટર, જુનાગઢ જિલ્લામાં ૧૯૦૧ હેક્ટર, ગીર સોમનાથ જિલ્લામાં ૩,૩૦૪ હેક્ટર અને ભાવનગર જિલ્લામાં ૧૬૫૭ હેક્ટર ધોવાણ થયેલ હતું.

(૨) કૃષિ પાકોના ઇનપુટ (રાસાયણિક ખાતર તથા બિયારણ) સહાય માટેની સરકારશ્રીના SDRF હેઠળ જોગવાઇ હોઇ, ઇનપુટ સહાયની ગ્રાન્ટ ફાળવવા માટે રાહત કમિશનરશ્રી, મહેસુલ વિભાગને દરખાસ્ત કરેલ છે.

(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં તા.૨૭-૦૪-૨૦૧૫ ના ઠરાવથી કૃષિ પાકો માટે (૧) બિન પિયત વાવેતર વિસ્તારની વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર (૨) પિયત વાવેતર વિસ્તારની વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં રૂ.૧૩,૫૦૦/- પ્રતિ હેક્ટર સહાય જાહેર કરેલ છે.

(૪) અમરેલી અને ભાવનગર જિલ્લામાં સહાય ચુકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. જ્યારે જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાને ગ્રાન્ટ મળ્યેથી સત્વરે સહાય ચુકવણીની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

--------

### રાજ્યની પાંજરાપોળોમાં પશુઓને વેકેશીનેશન

અતારાંકિતઃ ૫૯૫૭ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં આવેલી પાંજરાપોળોમાં રાખવામાં આવેલા પ્રાણીઓને રોગમુક્ત અને ચેપમુક્ત કરવા જરૂરી વેકશીનેશન કરવા પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગર તરફ તા.૩૦ જૂન-૨૦૧૫ ની સ્થિતિએ શી યોજના અમલી બનાવી છે,

(૨) આ યોજના હેઠળ ૨૦૧૪-૧૫ ના વર્ષમાં જિલ્લાવાર કઇ પાંજરાપોળોમાં કેટલા પ્રાણીઓને વેકશીનેશન કામગિરી હાથ ધરાઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ પાંજરાપોળમાં વેકશીનેશન કામગિરી ક્યાં સુધીમાં હાથ ધરવામાં આવનાર છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૦૯-૦૯-૨૦૧૫)

(૧) રાજ્યમાં આવેલી પાંજરાપોળોમાં રાખવામાં આવેલા પ્રાણીઓને રોગમુક્ત અને ચેપમુક્ત કરવા જરૂરી વેકશીનેશન કરવા પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગર તરફ તા.૩૦ જૂન-૨૦૧૫ ની સ્થિતિએ સરકારશ્રીની નિઃશુલ્ક રસીકરણ યોજના અમલમાં છે.

(૨) *પત્રક સામેલ છે.

(૩) સમયપત્રક મુજબ કામગીરી પૂર્ણ થયેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા.૪થી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત યાદી
---------

ધારી ખાતેના ગૌચર સંશોધન કેન્દ્રમાં સંશોધન

અતારાંકિતઃ ૬૨૫૯ (૩૧-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમરેલી જિલ્લાના ધારી ખાતેના ગૌચર સંશોધન કેન્દ્રમાં સન ૨૦૧૩ અને ૨૦૧૪ માં ગૌચર વિશે કેવા પ્રકારનું સંશોધન હાથ ધરાયું,

(૨) તે અંગેની પુરતી પ્રસિદ્ધિ આપવા શી વ્યવસ્થા થઇ, અને

(૩) થયેલા સંશોધનથી તા.૩૦ જૂન-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યના ગૌચરમાં શો ફાયદો થયો અને વિકાસ થયો ?

કૃષિ મંત્રીશ્રી : (૧૦-૦૯-૨૦૧૫)

(૧) ધારી ખાતેના ગૌચર સંશોધન કેન્દ્રમાં સન ૨૦૧૩ અને ૨૦૧૪ માં ગૌચર વિશે થયેલ સંશોધન અંગેની વિગતો સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) તે અંગેની પુરતી પ્રસિદ્ધિ આપવા કરવામાં આવેલ વ્યવસ્થા અંગેની વિગતો સામેલ પત્રક-૨ મુજબ છે.

(૩) થયેલા સંશોધનથી તા.૩૦ જૂન-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યના ગૌચરમાં થયેલ ફાયદા અને વિકાસ અંગેની વિગતો સામેલ પત્રક-૩ મુજબ છે.

પત્રક-૧

સને ૨૦૧૩ માં ગૌચર સંશોધન કેન્દ્ર ખાતે લેવામાં આવેલા ઘાસચારાના અખતરાઓની માહિતી

(૧) હાઇબાયોમાસ પર્લ મીલેટ હાઇબ્રીડ ટ્રાયલ
(૨) હાઇબાયોમાસ પર્લ મીલેટ પોપ્યુલેશન ટ્રાયલ
(૩) લાર્જ સ્કેલ વેરાયટલ ટ્રાયલ ઓન ફોડર સોરઘમ (અર્લી) સીંગલ કટ
(૪) લાર્જ સ્કેલ વેરાયટલ ટ્રાયલ ઓન ફોડર સોરઘમ (મીડલેઇટ) સીંગલ કટ
(૫) ઇનીશીયલ વેરાયટલ ટ્રાયલ ઓન ફોરેજ પર્લ મીલેટ
(૬) વેરાયટલ ટ્રાયલ ઓન સેંક્રસ સેટીગેરસ
(૭) ટુ ડેવલોપ નર્સરી ઓફ ડીફરન્ટ ગ્રાસીસ
(૮) નાઇટ્રોજન શીડ્યુલીંગ ફોર સીડ પ્રોડકશન ઓફ ફોરેજ સોરઘમ (જીએફએસ-૫)
(૯) મેઇન્ટેનન્સ ઓફ પર્લ મીલેટ જર્મપ્લાઝમ
(૧૦) મેઇન્ટેનન્સ ઓફ ફોડર ટાઇપ સોરઘમ જર્મપ્લાઝમ
(૧૧) સ્ક્રીનીંગ અગેઇનસ્ટ બાયોટીક સ્ટ્રેસ ઓફ પર્લ મીલેટ લાઇન્સ
(૧૨) ઇન્ફ્લ્યુઅન્સ ઓફ ડેઇટ ઓફ સોઇંગ એન્ડ નાઇટ્રોજન લેવલ્સ ઓન યીલ્ડ એન્ડ ક્વોલીટી ઓફ સમર ફોરેજ પર્લ મીલેટ
(૧૩) ઇફેક્ટ ઓફ પોટેશ્યમ એન્ડ ઝિંક ઓન યીલ્ડ એન્ડ ક્વોલીટી ઓફ ફોડર મેઇઝ અન્ડર રેઇન ફેડ કન્ડીશન

સને ૨૦૧૪ માં ગૌચર સંશોધન કેન્દ્ર ખાતે લેવામાં આવેલા ઘાસચારાના અખતરાઓની માહિતી

(૧) ઉનાળુ નર્સરી ક્રોસીંગ પ્રોગ્રામ-૨૦૧૪
(૨) હાઇબાયોમાસ પર્લ મીલેટ હાઇબ્રીડ ટ્રાયલ-૧
(૩) હાઇબાયોમાસ પર્લ મીલેટ હાઇબ્રીડ ટ્રાયલ-૨
(૪) હાઇબાયોમાસ પર્લ મીલેટ પોપ્યુલેશન ટ્રાયલ-૧
(૫) હાઇબાયોમાસ પર્લ મીલેટ પોપ્યુલેશન ટ્રાયલ-૨
(૬) હાઇબાયોમાસ મલ્ટી લોકેશન સોરઘમ ટ્રાયલ
(૭) એડવાન્સ વેરાયટલ ટ્રાયલ પર્લ મીલેટ-૧
(૮) ઇનીશીયન વેરાયટલ ટ્રાયલ પર્લ મીલેટ
(૯) લાર્જ સ્કેલ વેરાયટલ ટ્રાયલ ઓન ફોડર સોરઘમ (અર્લી) સીંગલ કટ

(૧૦) સ્મોર સ્કેલ વેરાયટલ ટ્રાયલ ઓન ફોડર સોરઘમ (અર્લી) સીંગલ કટ

(૧૧) ડેમોન્સ્ટ્રેશન ટ્રાયલ ઓફ સોરઘમ

(૧૨) ટુ ડેવલોપ નર્સરી ઓફ ડીફરન્ટ ગ્રાસીસ

(૧૩) પ્રિલીમીનરી ઈવેલ્યુશન ટ્રાયલ ઓન ફોડર પર્લ મીલેટ હાઈબ્રીડ

(૧૪) નાઈટ્રોજન શીડ્યુલીંગ ફોર સીડ પ્રોડકશન ઓફ ફોરેજ સોરઘમ (જીએફએસ–૫)

(૧૫) મેઈન્ટેનન્સ ઓફ ફોડર ટાઈપ સોરઘમ જર્મપ્લાઝમ

(૧૬) લાઈન X ટેસ્ટર ટ્રાયલ

(૧૭) મેઈન્ટેનન્સ ઓફ પર્લ મીલેટ જર્મપ્લાઝમ

(૧૮) ઈન્ફલ્યુઅન્સ ઓફ ડેઈટ ઓફ સોઈંગ એન્ડ નાઈટ્રોજન લેવલ્સ ઓન યીલ્ડ એન્ડ ક્વોલીટી ઓફ સમર ફોરેજ પર્લ મીલેટ

(૧૯) ઈફેક્ટ ઓફ પોટેશ્યમ એન્ડ ઝિંક ઓન યીલ્ડ એન્ડ ક્વોલીટી ઓફ ફોડર મેઈઝ અન્ડર રેઈન ફેડ કન્ડીશન

પત્રક–૨

વર્ષ ૨૦૧૩–૧૪ માં ગૌચર સંશોધન કેન્દ્ર પરથી નીચે દર્શાવેલ માહિતી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે

(૧) ''શણીયાર'' ઘાસની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ
(૨) ''ઝીંઝવા'' (મારવેલ) ઘાસની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ
(૩) ''ધરાફ'' ઘાસની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ
(૪) ''અંજન'' ઘાસની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

વર્ષ ૨૦૧૪–૧૫ માં આ કેન્દ્ર પરથી નીચે દર્શાવ્યા મુજબ માહિતી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે

(૧) ''ધાન્ય અને કઠોળ વર્ગના ચારાના પાકોની આધુનિક ખેતી પદ્ધતિ''
(૨) ''ઘાસ વર્ગના પાકોની આધુનિક ખેતી પદ્ધતિ''
(૩) ''ઓટ (જવ) ના પાકની આધુનિક ખેતી પદ્ધતિ''
(૪) ''જુવારના પાકની આધુનિક ખેતી પદ્ધતિ''
(૫) ''મકાઈના પાકની આધુનિક ખેતી પદ્ધતિ''
(૬) ''રજકાના પાકની આધુનિક ખેતી પદ્ધતિ''
(૭) ''રજકા–બાજરી પાકની આધુનિક ખેતી પદ્ધતિ''
(૮) ''ચોળાના પાકની આધુનિક ખેતી પદ્ધતિ''
(૯) ''કૃષિ ગોવિદ્યા'' કે જે આણંદ કૃષિ યુનિવર્સિટી તરફથી પ્રકાશિત કરવામાં આવે છે જેમાં ''ધરફ'' ઘાસની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ તથા ''ઝીંઝવા (મારવેલ) ઘાસની ખેતી પદ્ધતિ'' આ કેન્દ્ર તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ કે જે ખેડૂતો માટે બહુજ ઉપયોગી સાબિત થઇ શકેલ.
(૧૦) રાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધ થતી ''રાષ્ટ્રીય કૃષિ'' (અંગ્રેજી પુસ્તિકા) માં આ કેન્દ્ર પરથી પણ જરૂરી માહિતી પ્રકાશિત કરવામાં આવેલ છે. જેમ કે,
    - ડીફરન્ટ ગ્રાસીસ એન્ડ ધેર મેનેજમેન્ટ
    - ફોરેજ ક્રોપ્સ એન્ડ ધેર મેનેજમેન્ટ
    - ફોરેજ સીડ પ્રોડકશન – ધેર પ્રોબ્લેમ્સ એન્ડ પ્રોસ્પેક્ટસ
    - ફોરેજ ક્રોપ્સ ઇમ્પ્રુવમેન્ટસ એન્ડ ધેર લીમીટેશન.

પત્રક – ૩

તા.૧૦–૧૦–૨૦૧૪ ના રોજ એક ખેડૂત દિનનું આયોજન કરેલ હતું જેમાં જુદા જુદા તાલુકાના જેમ કે, ધારી, બગસરા, કુકાવાવ અને અમરેલીના કુલ ૧૫૯ ખેડૂતોએ ભાગ લીધેલ હતો જે અંગેનું માર્ગદર્શન (૧) ડૉ. શ્રીનિવાસ રાવ, સીનીયર સાયન્ટીસ્ટ, સરગમ બ્રીડીંગ, ઇક્રીસેટ, હૈદ્રાબાદ (૨) ડૉ. કે. ડી. મુંગરા તથા ડૉ. કે. કે. ઢેઢી, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર તથા ડૉ. બી. કે. દાવડા, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ડૉ. જી. આર. ભંડેરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી અને ડૉ. એ. આર. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત તરફથી આપવામાં આવેલ હતું. જે માર્ગદર્શનનો ખેડૂતોને બહુજ ફાયદો થયેલ હતો.

તા.૧૫–૧૦–૨૦૧૪ ના રોજ બાબરા, જાફરાબાદ અને રાજુલાના ૫૪ બહેનોએ કેન્દ્રની પ્રત્યક્ષ મુલાકાત લીધેલી અને ઘાસચારા અંગેના જુદા જુદા પાકોની જાણકારી પ્રાપ્ત કરેલ અને કેન્દ્ર તરફથી પ્રકાશિત કરવામાં આવેલ માહિતી ફોલ્ડરો પણ આપવામાં આવેલ હતાં. જેનાથી ખેડૂત બહેનોને જરૂરી જાણકારી પ્રાપ્ત થઇ શકેલ હતી.

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત યાદી

તારીખ ૨૮-૧૧-૨૦૧૪ ના રોજ અમરેલી, સાવરકુંડલા અને ખાંભા તાલુકાના કુલ-૫૨ ખેડૂત બહેનોએ કેન્દ્રની પ્રત્યક્ષ મુલાકાત લીધેલ હતી. જેમને ઘાસચારાના પાકોની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવેલ હતી અને કેન્દ્ર તરફથી પ્રકાશિત કરવામાં આવેલ માહિતી ફોલ્ડરો પણ આપવામાં આવેલ હતા. જેનાથી ખેડૂત બહેનોને જરૂરી જાણકારી પ્રાપ્ત થઇ શકેલ હતી. તેમજ ખેતર ઉપરના ઊભા અખતરાઓની પણ જાણકારી મેળવેલ હતી.

તદ્ઉપરાંત સમયાંતરે ખેડૂતો તરફથી ફોન ઉપર પણ જરૂરી પ્રશ્નોત્તરી કેન્દ્ર ખાતે કરવામાં આવે છે જેની ફોનના માધ્યમથી પણ જરૂરી સચોટ જાણકારી આપવામાં આવેલ છે અને તેનો પણ ખેડૂતોને ખૂબ જ ફાયદો થયેલ છે તેમજ ખેતીના વિકાસમાં પણ તેનો ફાયદો થઇ રહ્યો છે.

આમ, જે ખેડૂતો ઘાસના પાકોની ખેતી કરતા ન હતા તેઓ પણ પુરતો રસ લઇ ઘાસચારાના પાકો તરફથી ખેતીને આગળ ધપાવી રહ્યાં છે અને તેનો ફાયદો ચોક્કસ ખેડૂતોને થઇ રહ્યો છે અને સાથોસાથ ઘાસચારાની ખેતીનો પણ વિકાસ થઇ રહ્યો છે.

--------

રાજ્યમાં નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ

અતારાંકિતઃ ૫૧૨૭ (૨૯-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ કેટલી છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાંથી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા કરવા માટે દરખાસ્તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આવી, અને

(૩) તે અન્વયે જિલ્લાવાર કેટલી શાળાઓને ગ્રાન્ટેડ શાળાઓ કરવામાં આવી?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૦૯-૨૦૧૫)

(૧) પત્રક - ૧ મુજબ.

(૨) પત્રક - ૨ મુજબ.

(૩) એકપણ નહીં.

પત્રક - ૧

| ક્રમ | જિલ્લો | નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૫૫ |
| ૨ | અમરેલી | ૧૨૮ |
| ૩ | આણંદ | ૫૬ |
| ૪ | અરવલ્લી | ૧૯ |
| ૫ | બનાસકાંઠા | ૧૯૮ |
| ૬ | ભરૂચ | ૧૨૭ |
| ૭ | ભાવનગર | ૧૩૫ |
| ૮ | બોટાદ | ૫૧ |
| ૯ | છોટા ઉદેપુર | ૧૨ |
| ૧૦ | દાહોદ | ૧૧૪ |
| ૧૧ | ડાંગ | ૪ |
| ૧૨ | દ્વારકા | ૬૨ |
| ૧૩ | ગાંધીનગર | ૧૧૩ |
| ૧૪ | ગીર સોમનાથ | ૩૬ |
| ૧૫ | જામનગર | ૧૨૨ |
| ૧૬ | જુનાગઢ | ૧૦૩ |
| ૧૭ | ખેડા | ૪૩ |
| ૧૮ | કચ્છ | ૭૧ |
| ૧૯ | મહીસાગર | ૩૨ |
| ૨૦ | મહેસાણા | ૩૯ |
| ૨૧ | મોરબી | ૧૧૨ |
| ૨૨ | નર્મદા | ૦૬ |
| ૨૩ | નવસારી | ૩૫ |
| ૨૪ | પંચમહાલ | ૫૧ |

| ક્રમ | જિલ્લો | નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૨૫ | પાટણ | ૫૩ |
| ૨૬ | પોરબંદર | ૪૭ |
| ૨૭ | રાજકોટ | ૩૫૫ |
| ૨૮ | સાબરકાંઠા | ૭૮ |
| ૨૯ | સુરત | ૪૬૩ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૩૮ |
| ૩૧ | તાપી | ૧૯ |
| ૩૨ | વડોદરા | ૮૫ |
| ૩૩ | વલસાડ | ૯૧ |

પત્રક – ૨

| ક્રમ | જિલ્લો | નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની ગ્રાન્ટેડ માધ્યમિક શાળા કરવા માટે આવેલ દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧ |
| ૨ | અમરેલી | ૦૯ |
| ૩ | આણંદ | ૦૧ |
| ૪ | અરવલ્લી | ૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૪૦ |
| ૬ | ભરૂચ | ૦૧ |
| ૭ | ભાવનગર | ૦૫ |
| ૮ | બોટાદ | ૦૦ |
| ૯ | છોટા ઉદેપુર | ૦૧ |
| ૧૦ | દાહોદ | ૦૦ |
| ૧૧ | ડાંગ | ૦૦ |
| ૧૨ | દ્વારકા | ૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦૦ |
| ૧૫ | જામનગર | ૦૦ |
| ૧૬ | જુનાગઢ | ૨૯ |
| ૧૭ | ખેડા | ૦૫ |
| ૧૮ | કચ્છ | ૦૬ |
| ૧૯ | મહીસાગર | ૦૦ |
| ૨૦ | મહેસાણા | ૦૩ |
| ૨૧ | મોરબી | ૦૦ |
| ૨૨ | નર્મદા | ૦૦ |
| ૨૩ | નવસારી | ૦૫ |
| ૨૪ | પંચમહાલ | ૨૦ |
| ૨૫ | પાટણ | ૦૦ |
| ૨૬ | પોરબંદર | ૦૦ |
| ૨૭ | રાજકોટ | ૦૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૦૦ |
| ૨૯ | સુરત | ૦૫ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦૬ |
| ૩૧ | તાપી | ૦૦ |
| ૩૨ | વડોદરા | ૧૪ |

તા.૪થી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત યાદી

| ક્રમ | જિલ્લો | નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની ગ્રાન્ટેડ માધ્યમિક શાળા કરવા માટે આવેલ દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|
| ૩૩ | વલસાડ | ૦૯ |

--------

ગાંધીનગર શહેરમાં નબળા પરિણામો ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપી દેવા અંગે

અતારાંકિતઃ ૫૭૬૫ (૩૧-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર-(ગ્રામ્ય)): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ડિસેમ્બર -૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં ગાંધીનગર શહેરમાં નબળાં પરિણામો ધરાવતી હોવાના કારણે કઈ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંચાલકોને સોંપી દેવાયેલ છે,

(૨) આ શાળાઓ ખાનગી સંચાલકોને સોંપવાના શા કારણો છે, અને

(૩) ખાનગી સંચાલકોને આ શાળાઓ સોંપવાની શી શરતો રાખવામાં આવી છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૦૯-૨૦૧૫)

(૧) ગાંધીનગર શહેરની કુલ-૬ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંચાલકોને વહીવટ માટે સોંપવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

- સરદાર વલ્લભભાઈ પટેલ, સેકટર-૭, ગાંધીનગર.
- સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેકટર-૧૨, ગાંધીનગર.
- મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેકટર-૧૬, ગાંધીનગર.
- આર્યભટ્ટ માધ્યમિક શાળા, સેકટર-૨૨, ગાંધીનગર.
- મહારાણા પ્રતાપ વિદ્યામંદિર, સેકટર-૨૭, ગાંધીનગર.
- વિક્રમ સારાભાઈ માધ્યમિક શાળા, પાલજ, ગાંધીનગર.

(૨) શાળાઓના નબળા પરિણામોમાં સુધારો લાવવા.

(૩) પત્રક-૧ મુજબ.

પત્રક-૧

ગાંધીનગર શહેરની નબળા પરિણામ ધરાવતી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થાને તારીખ ૨૬-૧૨-૨૦૧૪ના ઠરાવથી સોંપતી વખતે નક્કી કરવામાં આવેલ શરતો.

(૧) આવી સરકારી શાળાઓનું સંચાલન ૩૦(ત્રીસ) વર્ષ માટે સોંપવામાં આવશે, પરંતુ સોંપાયા બાદ શરૂઆતના ત્રણ વર્ષ સુધી લાગલગાટ એસ.એસ.સી.નું પરિણામ સુધરે નહીં કે ઓછું આવે તો તેવી શાળાનો વહીવટ સરકારશ્રી પરત લઈ શકશે.

(૨) સંચાલન સોંપવામાં આવેલ શાળાની વહીવટી કામગીરીની જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા દર ૫ (પાંચ) વર્ષે સમીક્ષા કરવાની રહેશે અને તેના વિદ્યાર્થીઓની સંખ્યામાં કે શાળાના પરિણામમાં સુધારો ન થયેલ હોય તો તેવી શાળાનો વહીવટ સરકારશ્રી વગર નોટીસે ગ્રાન્ટના બદલામાં વિદ્યાર્થીઓ પાસેથી કે અન્ય કોઈ રીતે કોઈ ફી લેવાની રહેશે નહી.

(૩) ઉક્ત શાળાઓના હાલના નામ જ ચાલુ રાખવાના રહેશે. શાળાઓના નામમાં કોઈ ફેરફાર કરી શકાશે નહી.

(૪) સંસ્થાના મકાન, મેદાન, સ્થાવર મિલકત, ફર્નિચર વગેરેના માલિકી હક્ક સરકાર (શિક્ષણ વિભાગ)ના રહેશે.

(૫) જો સંસ્થા ભવિષ્યમાં બાંહેધરી અને શરતોનો ભંગ કરશે તો શાળા અને મકાન તેમજ તમામ મિલકત સરકાર હસ્તક પરત લેવાના સરકારના (શિક્ષણ વિભાગ)ના અધિકાર કાયમ રહેશે.

(૬) શરૂઆતમાં સરકારી શાળાનું સંચાલન ત્રણ વર્ષની મુદત માટે આપવામાં આવશે અને ત્યાર પછી તેના વહીવટને દર પાંચ વર્ષે સમીક્ષા કરી જરૂર જણાયે વહીવટની સમયમર્યાદા વધારી આપવામાં આવશે. આવો સમય વધારવા માટે જે તે સંસ્થાને વહીવટ સોંપવાની સમયમર્યાદા પૂરી થાય તેના છ માસ પહેલા વહીવટની મુદત વધારવા માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર મારફતે સરકારશ્રીમાં બિનચૂક દરખાસ્ત કરવાની રહેશે.

(૭) સરકારી શાળાનું મકાન જમીન સહિત વહીવટ સંભાળનારી શૈક્ષિણક સંસ્થાએ શૈક્ષણિક હેતુ માટે જ વાપરવાનું રહેશે. અન્ય હેતુ માટે તે વાપરી શકાશે નહી. શૈક્ષિણક સિવાયના હેતુ માટે જો તેનો વપરાશ થશે તો સરકાર તુર્ત જ તેનો વહીવટ પરત લઈ શકશે.

(૮) જે સરકારી શાળાની જમીન જરૂરિયાત કરતા વધારે હશે તો પ્રજાકિય મંડળને શાળાના સંચાલન માટે જરૂરી તેટલી જ જમીન સોંપવામાં આવશે.

(૯) શાળાનું સંચાલન સંભાળનાર સંસ્થાએ શાળાનું મકાન સારી હાલતમાં રાખવાનું રહેશે. તે માટે માર્ગ અને મકાન વિભાગના સંબંધિત જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રીએ સંતોષ થાય તે રીતે શાળાના મકાનનું સાધારણ તેમજ ખાસ

સમારકામ <u>સ્વખર્ચે</u> નિયમિત રીતે કરાવવાનું રહેશે. અને આવું સમારકામ થયુ હોવાનું સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીનું પ્રમાણપત્ર દર વર્ષે રજૂ કરવાનું રહેશે. કાર્યપાલક ઈજનેરશ્રીના પ્રમાણપત્રના આધારે જ સંસ્થાની નિભાવ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવશે. જયાં સંસ્થાએ સમારકામ કરાવેલ ન હોય તે શાળાનું સમારકામ પ્રજાકીય મંડળના ખર્ચે અને જોખમે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી પાસેથી કરાવવામાં આવશે અને તે સંસ્થાની તેટલી રકમની ગ્રાન્ટ ચૂકવવામાં આવશે નહી.

(૧૦) સરકારી શાળાનું મકાન ભાડાનું હશે તો ભાડા સામેની ગ્રાન્ટ સ્વીકાર્ય ગણી ખાતાની પૂર્વ મંજૂરીથી કરવામાં આવેલ સમારકામ અંગેનો ખર્ચ નિયમાનુસાર ગ્રાન્ટ માટે માન્ય ગણવામાં આવશે.

(૧૧) મંડળે શાળાનું મકાન, રમત ગમતનું મેદાન, ફર્નિચર, ગ્રંથાલય, પ્રયોગશાળા તથા બીજી સાધન સામગ્રી કાળજી પૂર્વક વાપરવાની અને જાળવવાની રહે છે.

(૧૨) હાલ સરકારી શાળા ખાનગી માલિકીના મકાનમાં ચાલે છે તેવી સરકારી શાળાનું સંચાલન સોંપવામાં આવે તો મંડળ શાળા માટે પોતાની માલિકીનું મકાન રાજકીય સ્વરૂપના કોઈપણ પ્રચાર માટે, સભા ભરવા માટે અથવા કોમી પ્રચાર માટે વાપરી શકાશે નહી.

(૧૩) સરકારી મકાન ટોકન ભાડેથી વાપરવા આપવામાં આવશે.

(૧૪) સંબંધિત શાળાના સ્ટાફના સભ્યો મંડળમાં જોડાવા ઈચ્છતા હોય તો તેમનો મંડળના મહેકમ ઉપર સમાવેશ કરવામાં આવશે.

(૧૫) આ મંડળ હેઠળ નોકરી કરવા ઈચ્છતા શાળાના હાલના સ્ટાફના સભ્યોને સરકારી સંસ્થાઓમાં સ્ટાફ માટે સરકાર વખતો વખત નક્કી કરે તે પ્રમાણેના પગાર ધોરણો, મોંઘવારી ભથ્થુ અને બીજા હક્કો આપવાના રહેશે.

(૧૬) સ્ટાફના આવા સભ્યોના હક્ક ખાતાએ નિયત કરેલી નોકરીની શરતો હેઠળ બિન સરકારી માધ્યમિક શાળાઓના સ્ટાફની બાબતમાં છે તે રીતે રક્ષવામાં આવશે. તેમ છતાં સંબંધિત જિલ્લાના શિક્ષણાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વગર સ્ટાફની કોઈપણ ભાગની નોકરી સમાપ્ત કરવાની સત્તા પ્રજાકીય મંડળની રહેશે નહી.

(૧૭) સંચાલકો જો સરકારી શાળાના શિક્ષકોને ન લેવા માંગતા હોય તો અથવા તો હયાત શિક્ષકો જે તે શાળામાં રહેવાને બદલે અન્ય સરકારી શાળામાં જવાનો વિકલ્પ આપે તો તે મુજબ છૂટ આપવાની રહેશે.

(૧૮) પ્રજાકીય મંડળ જે તારીખથી સરકારી શાળા સંભાળે તે તારીખ પછી પ્રજાકીય મંડળે આ શાળા માટે કરેલ શૈક્ષિણક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક જ્યારે પૂરી થાય ત્યારે વહીવટ સરકાર પરત લે તે વખતે તેઓને નોકરીમાંથી છૂટા કરવાના રહેશે. તેઓને ફાજલનું રક્ષણ મળશે નહી.

(૧૯) મંડળે શાળા પોતાને સોંપાય ત્યારે સરકારશ્રીએ નિયત કરેલા નમૂનામાં કરારખત કરી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવાનું રહેશે.

(૨૦) શાળા સંચાલન અંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારો–૧૯૭૨ તેમજ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૧) શાળાના હયાત શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ પૈકી જે કર્મચારીઓ સંસ્થામાં સમાવા ઈચ્છતા ન હોય તેવા એક સાથે સરકારમાં પરત લેવાને બદલે દર વર્ષે૧/૩ (એક તૃતિયાંસ) સ્ટાફને જ સિનિયોરીટીના ધોરણે પાછા લેવાના રહેશે. બાકીનો જે સ્ટાફ જેટલા સમય સુધી સંસ્થા હસ્તક કામગીરી બજાવશે તે દરમિયાન આવા સ્ટાફને પ્રતિનિયુક્તિ ઉપર ગણવાનો રહેશે.

(૨૨) શાળામાં ખાલી પડતી જગ્યા ઉપર ફાજલ શિક્ષકોને સમાવવાના રહેશે. જે વિષયના ફાજલ શિક્ષક ઉપલબ્ધ ના હોય તે વિષય માટે સીધી ભરતી માટે એન.ઓ.સી. આપવાની રહેશે.

(૨૩) સરકારી શાળા ખાનગી સંસ્થાને પ્રજાકીય મંડળને વેચાણથી કે કાયમી ધોરણે ચલાવવા માટે આપવામાં આવશે નહી.

(૨૪) સરકારી શાળાનું સંચાલન સંસ્થાને જે તારીખથી સોંપવામાં આવે તે તારીખથી સંસ્થાને ૧૦૦% ગ્રાન્ટની નીતિ મુજબ ગ્રાન્ટ આપવામાં આવશે.

(૨૫) શાળા સંભાળવામાં આવે તે પ્રજાકીય મંડળે રૂા. ૨૦ (વીસ) હજાર વર્ગ દીઠ અનામત ફંડ કાયમી ધોરણે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અને મંડળના સંયુક્ત ખાતામાં રાખવાનું રહેશે.

(૨૬) કોઈ શરતનો ભંગ થાય ત્યારે કરાર ભંગ ગણાશે અને સરકાર એક મહિનાની નોટીસ આપી શાળાનો વહીવટ પાછો લઈ શકશે.

(૨૭) ભૂકંપગ્રસ્ત વિસ્તારની શાળાના મકાનોના બાંધકામ માટે જે કોઈ સંસ્થા સરકારી જમીન ઉપર નિયમોની જોગવાઈઓ અનુસાર મકાન આપશે તેવી સંસ્થાને શાળાનું સંચાલન ઉપર જણાવેલ નિયમોનુસાર આપવાનું વિચારી શકાશે. આ શાળાઓ માટેની સરકારી જમીન સંસ્થાને રૂા.૧ (એક) ના ટોકન ભાડે આપવામાં આવશે.

(૨૮) ઉપરોક્ત શરતો તથા વિભાગના તારીખ ૯–૫–૨૦૦૨ના ઠરાવના નિયમોનું યોગ્ય રીતે પાલન થાય તે જોવાની જવાબદારી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની રહેશે.

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત યાદી

---------

રાજ્યની વિદ્યાર્થીનીઓ માટેની તમામ શાળાઓમાં ફરજિયાત ટોઈલેટ બાંધવા બાબત

અતારાંકિતઃ ૫૯૬૮ (૨૪–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુપ્રીમ કોર્ટે રાજ્યની વિદ્યાર્થીનીઓ માટેની તમામ શાળાઓમાં નવેમ્બર–૨૦૧૧ સુધીમાં ફરજિયાત રીતે ટોઈલેટ બાંધી દેવા આદેશ આપ્યો હતો તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો સુપ્રિમકોર્ટના આદેશ થયા પછી પણ તા. ૩૦જુન–૨૦૧૫ની સ્થિતિએ વિદ્યાર્થીનીઓ માટેની જિલ્લાવાર કેટલી શાળાઓ ટોઈલેટ વિનાની છે,

(૩) સુપ્રિમકોર્ટના આદેશના ઉલ્લંઘન માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને તેની સામે શા પગલા લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ તમામ બાકી શાળાઓમાં ક્યાં સુધીમાં ટોઈલેટ બાંધી દેવામાં આવનાર છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૦૩–૦૯–૨૦૧૫)

(૧) હા,

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી, એલપીજી અને રાસાયણિક ખાતર પર વેટ/સેસ

અતારાંકિતઃ ૪૯૧૧ (૨૪–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી, એલપીજી અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ અને સેસ વસુલવામાં આવે છે, અને

(૨) તે અંતર્ગત વર્ષવાર રાજ્ય સરકારને ઉક્ત સ્થિતએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ કેટલી આવક થઈ?

નાણા મંત્રીશ્રી : (૧૪–૦૯–૨૦૧૫)

(૧)

| વિગત | વેરાનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩ % + ૨ % સેસ |
| ડીઝલ | ૨૧ % + ૩ % સેસ |
| સીએનજી | ૧૨.૫૦ % + ૨.૫ % વધારાનો વેરો |
| પીએનજી | ૧૨.૫ ૦% + ૨.૫ % વધારાનો વેરો |
| એલપીજી (ઈન્ડસ્ટ્રીયલ) | ૧૨.૫૦ % + ૨.૫% વધારાનો વેરો |
| એલપીજી (ડોમેસ્ટીક) તા.૧–૧૦–૨૦૧૪થી) | ૪ % + ૧ % વધારાનો વેરો |
| રાસાયણિક ખાતર | તમામ પ્રકારના રાસાણિક ખાતરના પ્રથમ તબક્કાના વેચાણ પર ૪ % + ૧ % વધારાનો વેરો લેવામાં આવે છે. ત્યારબાદ તમામ પ્રકારના પુનઃવેચાણો વેરા માફ છે. |

(૨) પત્રક મુજબ

પત્રક (રકમ રૂા. કરોડમાં)

| વર્ષ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|---|---|---|---|
| પેટ્રોલ | ૮૭૫.૪૪ | ૧૨૪૨.૭૮ | ૧૮૬૬.૩૬ | ૧૯૫૩.૫૦ | ૨૧૭૪.૯૦ |
| ડીઝલ | ૧૯૪૮.૫૬ | ૨૭૬૬.૧૯ | ૪૧૫૪.૧૬ | ૪૩૪૮.૧૨ | ૪૮૪૦.૯૨ |
| સેસ (પેટ્રોલ + ડીઝલ) | ૬૪૨.૧૪ | ૮૦૭.૧૮ | ૯૪૨.૧૭ | ૧૦૯૭.૪૭ | ૧૨૦૭.૪૭ |
| સીએનજી | ૧૨૮.૦૪ | ૨૦૭.૫૮ | ૨૮૪.૨૪ | ૩૨૩.૨૧ | ૨૩૨.૭૦ |
| પીએનજી | ૬૦૧.૨૮ | ૯૧૦.૯૩ | ૧૩૦.૫૬ | ૧૧૯૫.૮૭ | ૧૩૪૨.૭૮ |
| એલપીજી (કોમર્સીયલ) | ૨૨.૦૬ | ૪૩.૨૬ | ૬૫.૨૮ | ૬૫.૪૪ | ૪૧.૬૯ |
| એલપીજી (ડોમેસ્ટીક) | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩.૫૮ |

અતારાંકિત યાદી

| વર્ષ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|---|---|
| રાસાયણિક ખાતર | ૯૨.૪૪ | ૧૦૪.૯૧ | ૯૪.૮૭ | ૧૦૬.૭૪ | ૧૨૪.૫૫ |
| કુલ:- | ૪૩૦૯.૯૬ | ૬૦૮૨.૮૩ | ૮૫૩૭.૬૪ | ૯૦૯૦.૩૫ | ૧૦૦૨૮.૫૯ |

--------

મોરીડા ગામમાં રક્ષિત દીપડીના બચ્ચાના મૃત્યુ

અતારાંકિતઃ ૫૭૬૬ (૩૧-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના મોરીડા ગામના શેરડીના ખેતરમાં માર્ચ-૨૦૧૫માં આગ લાગતા રક્ષિત દીપડીના ત્રણ બચ્ચાં સળગીને મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યાં હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ઘટનામાં રક્ષિત દીપડીના ત્રણ બચ્ચાનાં મોત માટે કેટલા જવાબદારો સામે શી કાનુની કાર્યવાહી થઇ, અને

(૩) આ ઘટનાનું પુનરાવર્તન ટાળવા વન વિભાગે શી કાર્યવાહી કરી છે?

વન મંત્રીશ્રી : (૧૦-૦૯-૨૦૧૫)

(૧) હા જી.

(૨) આ અંગે વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ ની જોગવાઇ મુજબ કાર્યવાહી ચાલુ છે.

(૩) ૧. આવી ઘટનાનું પુનરાવર્તન ટાળવા શેરડી કાપતી વખતે ખેતરોમાં કામ કરતા કામદારો દ્વારા અકસ્માતે આગ ન લાગે તેવી ચીવટ રાખવા કામદારોને સુચના આપવા સુગર મિલોને જણાવવામાં આવેલ છે.

૨. વન વિભાગના સ્થાનિક અધિકારીશ્રી/કર્મચારીઓ દ્વારા આજુબાજુના ગામ લોકોને તેઓના વાડા તથા શેરડીના ખેતરના શેઢા-પાળા સાફ રાખવા સમજ આપેલ છે, તેમજ શેરડીના ખેતરમાં કામ કરતા મજૂરોને વન્યપ્રાણીઓની સાવચેતી રાખવા સમજ આપવામાં આવેલ. જેથી માનવ-પ્રાણી ઘર્ષણ નિવારી તેના કારણે ખેતરમાં લાગતી આગને નિવારી શકાય.

૩. માનવ અને દિપડા વચ્ચેના ઘર્ષણ અન્વયે જન જાગૃતિ કેળવવા દિપડા સાથે જીવન નામની સચિત્ર માહિતી પુસ્તિકા તૈયાર કરાઇ તેનું આવા સંવેદનશીલ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવે છે. પુસ્તિકામાં સાવચેતી રાખવાની સમજ આપવામાં આવેલ છે.

--------

મોણવેલ ગામ પાસે સિંહણનું મૃત્યુ

અતારાંકિતઃ ૫૭૭૦ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધારી-ગીર(પૂર્વ)ના પાણીયા રેન્જમાં મોણવેલ ગામ પાસેથી જાન્યુઆરી-૨૦૧૫માં એક સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) આ સિંહણને મારી નાખનાર આરોપીઓ કોણ છે અને તેની સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) આ રેન્જમાં સિંહોના રક્ષણ માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૦૨-૦૯-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) આ સિંહણનું મૃત્યુ સિંહોના આંતરિક ઝઘડા (ઇન્ફાઇટ) ના કારણે થયેલ હોઇ આરોપીઓ શોધવા અને તેની સામે કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ૧. સિંહને બીમારી / અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની વ્યવસ્થા છે.

૨. રેલ્વે ટ્રેક પર સિંહોના અવર-જવર વાળા વિસ્તારોમાં તકેદારી માટે વન્ય પ્રાણી મિત્રોની નિમણૂંક કરાયેલ છે.

૩. ટ્રેકર્સ પાર્ટી દ્વારા વન્યપ્રાણી રેસ્ક્યુની કામગીરીની વ્યવસ્થા છે.

૪. અકસ્માતે અસુરક્ષિત ખુલ્લા કૂવામાં પડી જતાં સિંહોના સંરક્ષણ માટે ખુલ્લા કુવાઓ ફરતે પારાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવામાં આવે છે.

૫. જશાધાર ખાતે વન્ય પ્રાણી સારવાર કેન્દ્ર ચાલુ છે.

૬. વન વિસ્તારમાંથી પસાર થતાં જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.

૭. લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવાના સાઇન બોર્ડ મુકવામાં આવે છે.

૮. વન સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઇટ પેટ્રોલીંગ કરવામાં આવે છે.

૯. વનખાતા, પોલીસખાતા અને રેવન્યુ ખાતાની સંયુક્ત બેઠકોમાં શિકારની શક્યતા ટાળવા તથા જરૂર પડેથી શિકારીઓની શોધ કાઢવા વિચારણા–વ્યવસ્થા કરવામાં આવે છે.

--------

પાણીયા રેન્જમાં દિપડાના બચ્ચાનો મૃતદેહ

અતારાંકિતઃ ૫૭૭૩ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધારી ગીર પૂર્વ રેન્જના પાણીયા રેન્જના ચાંચાઇ વિસ્તારમાં જાન્યુઆરી–૨૦૧૫ના પ્રથમ સપ્તાહમાં છ માસના દિપડાના બચ્ચાનો મૃતદેહ મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) દીપડાના બચ્ચાનું મોત નીપજાવનાર આરોપી કોણ છે અને તેની સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) આ રેન્જ વિસ્તારમાં વન્ય પ્રાણીઓને સંરક્ષણ પુરૂ પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

વન મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

(૧) હા જી.

(૨) આ દિપડાના બચ્ચાનું મૃત્યુ વન્યપ્રાણીઓના આંતરિક ઝગડા (ઇન ફાઇટ) ના કારણે થયેલ હોવાનું જણાય આવેલ. જેથી આરોપીઓ ઓળખવાનો કે કાનુની કાર્યવાહી નો પ્રશ્ન રહેતો નથી.

(૩) ૧. વન્યજીવને બીમારી/અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂંક કરવામાં આવેલ છે.

૨. વન વિભાગ દ્વારા રેલ્વે ટ્રેક પર વન્યજીવોના અવર–જવર વાળા વિસ્તારોમાં તકેદારી રાખવા માટે વન્યપ્રાણી મિત્રોની નિમણૂંક કરવામાં આવેલ છે.

૩. ટ્રેકર્સ પાર્ટી વન્યપ્રાણી રેસ્કયુની કામગીરી કરે છે.

૪. અકસ્માતે અસુરક્ષિત ખુલ્લા કૂવામાં પડી જતાં વન્યજીવોના સંરક્ષણ માટે ખુલ્લા કુવાઓ ફરતે પારાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવામાં આવે છે.

૫. જશાધાર ખાતે વન્યપ્રાણી સારવાર કેન્દ્ર ચાલુ છે.

૬. વન વિસ્તારમાંથી પસાર થતાં જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મૂકવામાં આવેલ છે.

૭. લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવાના સાઇન બોર્ડ મુકવામાં આવે છે.

--------

શિહોર ખાતેના ગોમતેશ્વર મહાદેવ પાસેના તળાવમાં કાચબાઓના મોત

અતારાંકિતઃ ૫૮૩૦ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) શિહોર ખાતેના ગોમતેશ્વર મહાદેવ પાસેના તળાવમાં એપ્રિલ–૨૦૧૫માં મોટી સંખ્યામાં કાચબાઓ મૃત્યુ પામ્યા હતાં તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો કાચબાના મોત માટે કેટલા જવાબદારો સામે શાં કાનૂની પગલાં લેવાયા છે, અને

(૩) આ તળાવમાં કાચબાઓના વારંવાર થઇ રહેલાં મોતને અટકાવવા વન વિભાગને શાં પગલાં લીધા છે?

વન મંત્રીશ્રી : (૧૦–૦૯–૨૦૧૫)

(૧) ના. જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ૧. વન્યપ્રાણી બાબતે લોક જાગૃતિ કેળવવા માટે શિબિર મિટિંગો અને ગ્રામસભાનું તેમજ સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

૨. સ્ટાફ દ્વારા સતત અને સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે તેમજ વન્યપ્રાણી/પક્ષીઓને લગત કોઇ ગુન્હો બનેલ હોય તો વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની જોગવાઇઓ મુજબ કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

ગીર વિસ્તારના ખુલ્લા કુવાઓને સુરક્ષિત બનાવવા અંગે

અતારાંકિતઃ ૫૮૪૭ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત હાઇકોર્ટમાં ગીર વિસ્તારના ખુલ્લા કુવાઓને સુરક્ષિત બનાવવા સ્પે.સી.એ. ૧૧૨૪૯/૦૭ ચંદ્રેશ રાઠોડ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં નામ. હાઇકોર્ટે રાજ્ય સરકારને શાં આદેશો એપ્રિલ–૨૦૧૫ની સ્થિતિએ આપ્યા છે,

(૨) આ આદેશોના પાલનની જવાબદારી કોની છે,

(૩) આ આદેશોના પાલન માટે સરકારે શી કામગીરી હાથ ધરી, અને

(૪) બાકીની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરશે ?

વન મંત્રીશ્રી : (૧૦-૦૯-૨૦૧૫)

(૧) ના જી.

સ્પે.સી.એ. નં. ૧૧૨૪૯/૨૦૦૭ ચંદ્રેશ રાઠોડ વિરુધ્ધ ગુજરાત સરકારના કેસમાં ગીર વિસ્તારના ખુલ્લા કુવાઓને સુરક્ષિત બનાવવા અંગે નામદાર હાઇકોર્ટ એ કોઇ આદેશો આપેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ગાંધીનગર શહેરમાં વૃક્ષોને નુકશાન પહોંચાડવા બાબત

અતારાંકિતઃ ૫૮૪૮ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગાંધીનગર શહેરમાં વૃક્ષો પર ખીલા ઠોકીને ગેરકાયદે જાહેરાતોના પાટીયા/બોર્ડ એપ્રિલ-૨૦૧૫ની સ્થિતિએ લગાડવામાં આવ્યા છે તે હકીકત વન વિભાગ જાણે છે કે કેમ,

(૨) જો હા, તો વૃક્ષોને નુકશાન પહોંચાડનારા અને નાશ કરનારા જાહેરાતોના ગેરકાયદેસર બોર્ડ લગાડ્યા પછી ઉક્ત સ્થિતિએ વન વિભાગ કોઇજ કાનૂની કાર્યવાહી કરી નથી તેનાં શાં કારણો છે અને આ જવાબદારી કોની છે, અને

(૩) વૃક્ષો પર મારવામાં આવેલા તમામ ખીલા કાઢી તમામ ગેરકાયદે જાહેરાતો ઉતારી લઇ ક્યા ગુનાહીતો સામે એફ.આઇ.આર. કરવા સહિત શાં પગલાં લેવાયા છે?

વન મંત્રીશ્રી : (૧૦-૦૯-૨૦૧૫)

(૧) હા જી.

(૨) નાના ખીલા મારવાથી વૃક્ષને કોઇ કાયમી નુકશાન પામેલ હોવાનું જોવા મળેલ ન હોઇ કાર્યવાહી કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થતી નથી.

(૩) જાહેર મિલકતને કોઇ કાયમી નુકશાન થયેલ ન હોવાથી કોઇ ગુન્હો નોંધાયેલ નથી.

--------

ચારણીયા ગામની વાડીના ખુલ્લા કુવામાં દીપડો પડવા અંગે

અતારાંકિતઃ ૫૮૭૧ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલીયા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમરેલી જિલ્લાના વડીયા પાસેના ચારણીયા ગામની વાડીના ખુલ્લા કુવામાં તા. ૨૩/૨૪મી મે-૨૦૧૫ના રોજ રક્ષિત દીપડો પડી જવાથી વન વિભાગ રેસ્ક્યુ ઓપરેશન કરી બહાર કાઢ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખુલ્લો કુવો રાખનાર સામે શાં કાનુની પગલાં લેવાયા છે, અને

(૩) આ વિસ્તારમાં આવેલા ખુલ્લા કુવાને સુરક્ષિત કરવા શાં પગલાં લેવાયા છે?

વન મંત્રીશ્રી : (૧૦-૦૯-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) આકસ્મિક ઘટના હોઇ કુવાના માલીક સામે કોઇ કાનુની પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બૃહદગીર વિસ્તારમાં આવેલ વિસ્તારોના ખુલ્લા કુવાઓને સુરક્ષિત કરવાની યોજના અમલમાં છે. જે બજેટની મર્યાદામાં ક્રમાનુસાર અરજીઓ મંજુર કરી કુવાઓને સુરક્ષિત કરવામાં આવે છે.

-------

નેશનલ વેટલેન્ડ્ઝ કંઝરવેશન પ્રોગ્રામ હેઠળ નળસરોવર, પરિએજ વેટલેન્ડનો સમાવેશ કરવા બાબત

અતારાંકિતઃ ૫૯૨૪ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ નેશનલ વેટલેન્ડઝ કન્ઝર્વેશન પ્રોગ્રામ હેઠળ રાજ્યના (૧) નળ સરોવર અને (૨) પરિએજ વેટલેન્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જા હો, તો આ કાર્યક્રમ હેઠળ સન ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના વર્ષમાં સંરક્ષણના શાં શાં કામો હાથ ધરાયા અને તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) આ કામગીરીથી શી હકારાત્મક અસરો જોવા મળી ?

વન મંત્રીશ્રી : (૦૨–૦૯–૨૦૧૫)

(૧) હા, જી.

(૧) રાજ્યમાં જિલ્લા કલેક્ટરોશ્રીઓના અધ્યક્ષ પદે એસ.પી.સી.એ ની રચનાની પરિસ્થિતિ અને પ્રાણીઓ પર ક્રુરતા નિવારણની વાસ્તવિક કામગીરી/કેસો નોંધાવવાની જિલ્લાવાર કામગીરી નીચે જણાવ્યા મુજબની છે. આમ, એસ.પી.સી.એ સક્રિય/કાર્યરત છે. જેથી નિષ્ક્રિયતાની બાબત ઉપસ્થિત થતી નથી.

| અનુ. નં. | જિલ્લાનું નામ | કામગીરી |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કેસીસી અન્વયે પોલીસ ખાતાને જાણ કરવામાં આવે છે અને માર્ચ-૨૦૧૫ સુધીમાં કતલખાને લઈ જતાં કુલ ૮૨૩ (આઠસો ત્રેવીસ) પ્રાણીઓને છોડાવી સંબંધિત ગૌશાળાને પશુઓ મોકલી આપેલ છે. |
| ૨ | સાબરકાંઠા | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કેસો નોંધાયેલ છે. |
| ૩ | પાટણ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કેસો નોંધાયેલ છે. |
| ૪ | મહેસાણા | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૫ | ગાંધીનગર | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. રચના કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૬ | અમદાવાદ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| અનુ. નં. | જિલ્લાનું નામ | કામગીરી |
| ૭ | આણંદ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૮ | ખેડા | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૯ | ભરૂચ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૧૦ | સુરત | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના અત્યાર સુધીમાં ચાર (4) કેસો નોંધાયેલ છે. |
| ૧૧ | નવસારી | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના અત્યાર સુધીમાં છવ્વીસ (૨૬) કેસો નોંધાયેલ છે. |
| ૧૨ | વલસાડ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૧૩ | ડાંગ-આહવા | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |

| | | |
|---|---|---|
| ૧૪ | નર્મદા | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૧૫ | તાપી | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કેસો નોંધાયેલ છે. |
| ૧૬ | દાહોદ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૧૭ | પંચમહાલ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૧૮ | વડોદરા | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૧૯ | ભાવનગર | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૨૦ | સુરેન્દ્રનગર | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. રચના કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૨૧ | રાજકોટ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૨૨ | જામનગર | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત નથી. |
| ૨૩ | જુનાગઢ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ઉપર ક્રૂરતા નિવારણની વાસ્તવિક કામગીરી/કેસો નોંધાવાની કામગીરી સક્રિય છે અને જિલ્લામાં પાસા અને તડીપારના કેસીસ નોંધાયેલ છે. |
| ૨૪ | પોરબંદર | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૨૫ | કચ્છ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતા અન્વયે કતલખાને લઈ જવાતા ૨૨૭ ઘેટાં-બકરાંની એક ટ્રક પકડાવેલ છે, અને તા. ૧૭-૧૧-૨૦૧૪ના રોજ ભીમાસર પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધાયેલ છે. |
| ૨૬ | અમરેલી | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે, પ્રાણી ક્રૂરતાના કેસીસ અન્વયે પોલીસખાતાને જાણ કરવામાં આવે છે અને માર્ચ-૨૦૧૫ સુધીમાં કુલ ૧૨૫ (એકસો પચીસ) પ્રાણીઓને છોડાવી ઈન્ફરમરીઝ સંસ્થામાં રાખવામાં આવેલ છે. |
| ૨૭ | અરવલ્લી | નવરચિત આ જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત નથી પરંતુ રચના કરવામાં આવનાર છે. |
| ૨૮ | મહીસાગર | નવરચિત આ જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત નથી પરંતુ રચના કરવામાં આવનાર છે. |
| ૨૯ | છોટાઉદેપુર | નવરચિત આ જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત નથી પરંતુ રચના કરવામાં આવનાર છે. |
| ૩૦ | ગીર સોમનાથ | જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત છે. પ્રાણી ક્રૂરતાના કોઈ કેસો નોંધાયેલ નથી. |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | નવરચિત આ જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત નથી પરંતુ રચના કરવામાં આવનાર છે. |
| ૩૨ | મોરબી | નવરચિત આ જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત નથી પરંતુ રચના કરવામાં આવનાર છે. |
| ૩૩ | બોટાદ | નવરચિત આ જિલ્લા કક્ષાએ એસ.પી.સી.એ. કાર્યરત નથી પરંતુ રચના કરવામાં આવનાર છે. |

આમ, ઉપર જણાવેલ જિલ્લાઓ ખાતે એસ.પી.સી.એ. ની રચના થયેલ છે અને નવાં રચાયેલાં જિલ્લાઓમાં એસ.પી.સી.એ.ની રચના કરવાની કામગીરી ચાલુમાં છે અને એસ.પી.સી.એ. દ્વારા પ્રાણી ક્રૂરતા અન્વયેના કેસીસ નોંધવાની પ્રક્રિયા ગૃહ વિભાગના પોલીસ ખાતા અંતર્ગત થતી હોઈને અત્રે આ આ વિધાનસભા પ્રશ્ન થકી પશુપાલન ખાતા સંલગ્ન માહિતી જે ઉપલબ્ધ થયેલ છે તે ઉપર મુજબની છે.

(૨) લાગુ પડતું નથી.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : GHKH-94-2014-GVS-12011-3564-P.1, DATED : 5/11/2014 થી જિલ્લા કક્ષાએ પ્રસ્તુત સમિતિની રચના કરવા બાબતે તથા સપ્રિલને પ્રાણી ક્રૂરતા અત્યાચારના સંબંધમાં કાર્યવાહી કરવાની સત્તા સુપ્રત કરવામાં આવેલ છે તથા ખાતાના પત્ર ક્રમાંક : એપી/વૈટી-૨/એસ.પી.સી.એ. નોટીફીકેશન/૬૯૪૧-૭૨૦૬/૧૪, તા. ૧૨-૧૧-૨૦૧૪થી રાજ્યના તમામ જિલ્લા ખાતે તે નોટીફીકેશનમાં જણાવ્યા બંધારણ મુજબની એસ.પી.સી.એ. ની રચના કરવા આદેશો અપાયેલ છે.

-------

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

અતારાંકિત યાદી

પોરબંદર ખાતે ગૌ અભ્યારણ બાબત

અતારાંકિતઃ ૫૮૨૬ (૨૩–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) પોરબંદર ખાતે ગૌ અભ્યારણ બનાવવા માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો આ ગૌ અભ્યારણની તા. ૩૦ એપ્રિલ–૨૦૧૫ ની સ્થિતિએ શી કાર્યવાહી થઈ છે, અને

(૩) આ ગૌ અભ્યારણ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૧૬–૦૯–૨૦૧૫)

(૧) હા,

(૨) ગૌ અભ્યારણના સંભવિત સ્થળની પસંદગી કરવામાં આવેલ છે. ગામ : ધરમપુર, તા. રાણાવાવ, જિ. પોરબંદર.

(૩) નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન.

–––––––

અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં ભારે વરસાદથી દુધાળા પશુઓના મૃત્યુ/ઈજાગ્રસ્ત માટે નાણાકીય સહાય

અતારાંકિતઃ ૫૯૨૦ (૨૦–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમરેલી જુનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં જુન–૨૦૧૫ માં આવેલ ભારે વરસાદ અને પૂરમાં કેટલા પાલતુ દૂધાળા પશુઓ મૃત્યુ પામ્યા અને ઈજાગ્રસ્ત બન્યા,

(૨) મૃત્યુ પામેલા અને ઈજાગ્રસ્ત બનેલા પાલતુ પશુ દીઠ કેટલી નાણાકીય સહાય સરકારે જાહેર કરી, અને

(૩) તે અન્વયે આ સહાય કયા સુધીમાં પૂરી પાડવામાં આવનાર છે

પશુપાલનમંત્રીશ્રી : (૨૮–૦૯–૨૦૧૫)

(૧)

| જવાબ | | | |
|---|---|---|---|
| અ. નં. | જિલ્લાનું નામ | મૃત્યુ પામેલ અને ઈજાગ્રસ્ત પાલતુ દુધાળા પશુઓ | |
| | | મૃત્યુ પામેલ પાલતુ દુધાળા પશુઓની સંખ્યા | ઈજાગ્રસ્ત પાલતુ દૂધાળા પશુઓની સંખ્યા |
| ૧ | અમરેલી | ૧૯૦૧ | ૫ |
| ૨ | જુનાગઢ | ૧૦ | શુન્ય |
| ૩ | ગીર સોમનાથ | ૩૨૦ | ૭૦૪ |
| ૪ | ભાવનગર | ૧ | ૭ |

(૨)

| અ. નં. | જિલ્લાનું નામ | સરકારે મૃત્યુ પામેલ અને ઈજાગ્રસ્ત પાલતુ દૂધાળા પશુઓ દીઠ જાહેર કરેલ સહાય | |
|---|---|---|---|
| | | મૃત્યુ પામેલ અને પાલતુ દૂધાળા પશુદીઠ જાહેર કરેલ સહાય | ઈજાગ્રસ્ત પાલતુ દૂધાળા પશુદીઠ જાહેર કરેલ સહાય |
| ૧ | અમરેલી | મોટા દુધાળા પશુદીઠ પેકેજ સાથે રૂ. ૪૦,૦૦૦/– (મહત્તમ ત્રણ પશુ સુધી) તે ઉપરાંતના બે મોટા દૂધાળા પશુઓ માટે પશુદીઠ રૂ. ૩૦,૦૦૦/– | સહાય જાહેર કરેલ નથી |
| ૨ | જુનાગઢ | મોટા દૂધાળા પશુદીઠ રૂ. ૩૦,૦૦૦/– (મહત્તમ ત્રણ પશુ સુધી) | સહાય જાહેર કરેલ નથી |
| ૩ | ગીર સોમનાથ | મોટા દુધાળા પશુ દીઠ પેકેજ સાથે રૂ. ૪૦,૦૦૦/– (મહત્તમ ત્રણ પશુ સુધી) તે ઉપરાંતના બે મોટા દૂધાળા પશુઓ માટે પશુદીઠ રૂ. ૩૦,૦૦૦/– | સહાય જાહેર કરેલ નથી |

| | | | |
|---|---|---|---|
| ૪ | ભાવનગર | મોટા દુધાળા પશુ દીઠ પેકેજ સાથે રૂ. ૪૦,૦૦૦/– (મહત્તમ ત્રણ પશુ સુધી) તે ઉપરાંતના બે મોટા દૂધાળા પશુઓ માટે પશુદીઠ રૂ. ૩૦,૦૦૦/– | સહાય જાહેર કરેલ નથી |

(૩)

| | | |
|---|---|---|
| ૧ | અમરેલી | ૭૦ ટકાથી વધુ કામગીરી પૂર્ણ થયેલ છે. કામગીરી પ્રગતિમાં હોય ટૂંક સમયામાં પૂરી કરવામાં આવશે. |
| ૨ | જુનાગઢ | સહાય ચૂકવવા પાત્ર પશુઓની સહાય ચૂકવી દેવામાં આવેલ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૩ | ગીર સોમનાથ | ૭૫ ટકાથી વધુ કામગીરી પૂર્ણ થયેલ છે. કામગીરી પ્રગતિમાં હોઈ ટૂંક સમયમાં પૂરી કરવામાં આવશે. |
| ૪ | ભાવનગર | સહાય ચૂકવવાપાત્ર પશુઓની સહાય ચૂકવી દેવામાં આવેલ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

–––––––

જામનગર જિલ્લામાં પાંજરાપોળોમાં પશુ ડોકટરની મુલાકાત

અતારાંકિતઃ ૫૯૫૯ (૨૭–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં આવેલી કઈ પાંજરાપોળોમાં સન ૨૦૧૪–૧૫ના વર્ષમાં સરકારી પશુ ડોકટરે મુલાકાત લીધી અને કેટલા પ્રાણીની આરોગ્ય તપાસ અને વેકેશીનેશન કામગીરી કરી,

(૨) કેટલી પાંજરાપોળોમાં આ કામગીરી બાકી છે, અને

(૩) તે કયા સુધીમાં પૂરી કરવામાં આવનાર છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૮–૦૯–૧૫)

(૧) જામનગર જિલ્લામાં આવેલી પાંજરાપોળોમાં સન ૨૦૧૪–૧૫ના વર્ષમાં સરકારી પશુ ડોકટરે લીધેલ મુલાકાત અને પ્રાણીની આરોગ્ય તપાસ અને વેકેશીનેશનની કરેલ કામગીરી નીચે પત્રક પ્રમાણે છે.

| અ. B-15-2 | પાંજરાપોળનું નામ | સ્થળ | તાલુકો | સરકારી પશુ ડોકટરે લીધેલ મુલાકાત | પ્રાણીની આરોગ્ય તપાસ | પશુઓમાં કરેલ વેકશીનેશનની કામગીરી |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જામનગર પાંજરાપોળ | જામનગર | જામનગર | ૨ | ૨૪૫ | ૪૦૦ |
| ૨ | શ્રી ધ્રોલ પાંજરાપોળ | ધ્રોલ | ધ્રોલ | ૧૦ | ૩૫૦ | ૩૫૦ |
| ૩ | શ્રી જીવદયા ગૌસેવા સમાજ ટ્રસ્ટ | લતીપુર | ધ્રોલ | ૨૫ | ૮૪૦ | ૬૦૦ |
| ૪ | શ્રી જોડીયા ગૌશાળા/ પાંજરાપોળ | જોડીયા | જોડીયા | ૮ | ૧૩૫ | ૧૮૦ |
| ૫ | શ્રી હરસિધ્ધી પાંજરાપોળ ગૌશાળા | નેશડા | જોડીયા | ૫ | ૧૫૫ | ૧૬૫ |
| ૬ | શ્રી મોટાવડાળા ગૌસેવા ટ્રસ્ટ | મોટાવડાળા | કાલાવડ | ૩૬ | ૫૫૩ | ૮૫૦ |
| ૭ | શ્રી ગૌ સેવા સદન પાંજરાપોળ | જામજોધપુર | જામજોધપુર | ૩૮ | ૩૯૮ | ૩૩૫ |
| ૮ | નાનાખડબા પાંજરાપોળ | નાનાખડબા | લાલપુર | ૬ | ૩૦૫ | ૩૦૫ |
| | | | કુલ | ૧૩૦ | ૨૯૮૧ | ૩૧૮૫ |

(૨) કામગીરી બાકી નથી.

(૩) કામગીરી બાકી ન હોવાથી પ્રશ્ન રહેતો નથી.

–––––––

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત યાદી

### કચ્છ જિલ્લામાં પાંજરાપોળોમાં પશુ ડોકટરની મુલાકાત

અતારાંકિતઃ ૫૯૬૦ (૨૭–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ જિલ્લામાં આવેલી કઈ પાંજરાપોળોમાં સન ૨૦૧૪–૧૫ના વર્ષમાં સરકારી પશુ ડોકટરે મુલાકાત લીધી અને કેટલા પ્રાણીની આરોગ્ય તપાસ અને વેકેશીનેશન કામગીરી કરી,

(૨) કેટલી પાંજરાપોળોમાં આ કામગીરી બાકી છે, અને

(૩) તે ક્યા સુધીમાં પૂરી કરવામાં આવનાર છે ?

પશુપાલનમંત્રીશ્રી : (૨૯–૦૯–૨૦૧૫)

(૧) કચ્છ જિલ્લામાં આવેલી પાંજરાપોળોમાં સન ૨૦૧૪–૧૫ના વર્ષમાં સરકારી પશુ ડોકટરે લીધેલ મુલાકાત અને પ્રાણીની આરોગ્ય તપાસ અને વેકેશીનેશનની કરેલ કામગીરી નીચે પત્રક પ્રમાણે છે.

| અ.નં. | પાંજરાપોળનું નામ | સ્થળ | તાલુકો | સરકાર પશુ ડોકટરે લીધેલ મુલાકાત | પ્રાણીની આરોગ્ય તપાસ | પશુઓમાં કરેલ વેકશીનેશનની કામગીરી |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી માંડવી જીવદયા કેંદ્ર પાંજરાપોળ | માંડવી, પોલડીયા | માંડવી | ૧૨ | ૪૩૨ | ૧૭૪૬ |
| ૨ | શ્રી ગઢશીશા, પાંજરાપોળ | ગઢશીશા | માંડવી | ૮ | ૩૭૩ | ૧૩૦૪ |
| ૩ | શ્રી બિદડા જીવદયા પાંજરાપોળ | બિદડા | માંડવી | ૬ | ૨૧૬ | ૧૨૭૨ |
| ૪ | શ્રી પદમપર જીવદયા કેંદ્ર પાંજરાપોળ | પદમપર | રાપર | ૭ | ૪૬૨ | ૧૬૬૩ |
| ૫ | શ્રી જીવદયા મંડળ રાપર પાંજરાપોળ | રાપર | રાપર | ૧૦ | ૬૮૬ | ૩૪૩૧ |
| ૬ | શ્રી આદેસર જીવદયા પાંજરાપોળ | આદેસર | રાપર | ૮ | ૩૨૧ | ૧૧૮૯ |
| ૭ | શ્રી નારાયણ સરોવર ગૌશાળા અને પાંજરાપોળ | નારાયણ સરોવર | લખપત | ૧૮ | ૪૭૨ | ૧૨૪૫ |
| ૮ | શ્રી ગાંધીધામ ગૌ સેવા સમીતી સંચાલીત પાંજરાપોળ | મિઠી રોહર | ગાંધીધામ | ૮ | ૨૧૦ | ૭૪૦ |
| ૯ | ગૌ સેવા સમીતી સંચાલીત પાંજરાપોળ | ગળપાદર | ગાંધીધામ | ૮ | ૨૧૦ | ૫૮૦ |
| ૧૦ | ભુજપુર પાંજરાપોળ | મોટ ભુજપુર | મુંદ્રા | ૩ | ૧૯૩ | ૫૯૬૦ |
| ૧૧ | શ્રી મોટા કાંડાગ્રા પાંજરાપોળ | મોટા કાંડાગરા | મુંદ્રા | ૩ | ૧૭૮ | ૧૨૨૫ |
| અ.નં. | પાંજરાપોળનું નામ | સ્થળ | તાલુકો | સરકાર પશુ ડોકટરે લીધેલ મુલાકાત | પ્રાણીની આરોગ્ય તપાસ | પશુઓમાં કરેલ વેકશીનેશનની કામગીરી |
| ૧૨ | શ્રી ભગવાન મહાવીર પશુ રક્ષા કેંન્દ્ર | પ્રાગપર | મુંદ્રા | ૪ | ૨૧૦ | ૨૦૩૦ |
| ૧૩ | શ્રી કચ્છ મુંદ્રા પાંજરાપોળ | મુંદ્રા | મુંદ્રા | ૯ | ૯૮૧ | ૨૭૩૯ |
| ૧૪ | મંગલ દીપ ગૌશાળા | પત્રી | મુંદ્રા | ૬ | ૨૨૧ | ૨૪૦ |
| ૧૫ | રતળીયા પાંજરાપોળ | રતળીયા | મુંદ્રા | ૭ | ૬૧૨ | ૧૬૮૮ |
| ૧૬ | ગુંદાલા પાંજરાપોળ | ગુંદાલા | મુંદ્રા | ૬ | ૪૨૪ | ૧૧૦૧ |
| ૧૭ | વડાલા પાંજરાપોળ | વડાલા | મુંદ્રા | ૮ | ૮૧૩ | ૧૨૫૫ |
| ૧૮ | લુણી પાંજરાપોળ | લુણી | મુંદ્રા | ૭ | ૧૮૦ | ૧૬૨૧ |
| ૧૯ | જીવદયા કેંદ્ર છસરા | છસરા | મુંદ્રા | ૬ | ૨૮૯ | ૨૬૨ |
| ૨૦ | શ્રી જીવદયા મંડળ, ભચાઉ | ભચાઉ | ભચાઉ | ૨૫ | ૮૦ | ૧૦૦૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | શ્રી ભચાઉ પાંજરાપોળ, ભચાઉ | ભચાઉ | ભચાઉ | ૨૧ | ૧૨૦ | ૨૦૩૭ |
| ૨૨ | સંત શ્રી સંધ્યાગીરી આશ્રમ ગૌશાળા | સામખીયાળી | ભચાઉ | ૮ | ૫૯ | ૧૫૧ |
| ૨૩ | શ્રી લાકડીયા પાંજરાપોળ | લાકડીયા | ભચાઉ | ૧૨ | ૧૯૨ | ૨૩૭૬ |
| ૨૪ | શ્રી આધોઈ પાંજરાપોળ | આધોઈ | ભચાઉ | ૧૫ | ૮૧ | ૧૪૪૧ |
| ૨૫ | શ્રી મનફરાં પાંજરાપોળ | મનફરાં | ભચાઉ | ૧૬ | ૧૩૧ | ૧૩૨૨ |
| ૨૬ | શ્રી જૂના કટારીયા ગૌશાળા | જૂના કટારીયા | ભચાઉ | ૧૧ | ૮૧ | ૫૪૦ |
| ૨૭ | શ્રી વોંધડા ગૌશાળા | વોંધડા | ભચાઉ | ૧૯ | ૫૨ | ૩૦૫ |
| ૨૮ | શ્રી વોંધ ગૌશાળા | વોંધ | ભચાઉ | ૨૫ | ૧૦૨ | ૧૬૪૪ |
| ૨૯ | અંજાર પાંજરાપોળ | અંજાર | અંજાર | ૧૧ | ૧૦૬ | ૬૫૯ |
| ૩૦ | ખેડોઈ પાંજરાપોળ | ખેડોઈ | અંજાર | ૭ | ૮૬ | ૪૪૬ |
| ૩૧ | જોગણીનાર પાંજરાપોળ | જોગણીનાર | અંજાર | ૯ | ૯૫ | ૧૭૬ |
| ૩૨ | નગાવલાડીયા પાંજરાપોળ | નગાવલાડીયા | અંજાર | ૮ | ૭૬ | ૪૬૩ |
| ૩૩ | નખત્રાણા પાંજરાપોળ | નખત્રાણા | નખત્રાણા | ૧૦ | ૬૫૬ | ૧૪૦૦ |
| ૩૪ | મથલ પાંજરાપોળ | મથલ | નખત્રાણા | ૮ | ૫૮૪ | ૧૧૨૦ |
| ૩૫ | શ્રી હિરકૃષ્ણ નિરાધાર પાંજરાપોળ ગૌશાળા, નારણપુર | નારણપર | ભુજ | ૧૭ | ૩૪૮ | ૬૫૩ |
| ૩૬ | ઢોરી ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ | ઢોરી | ભુજ | ૩૫ | ૧૭૭ | ૨૪૫ |
| ૩૭ | શ્રી મોટી રૂદ્રાણી જાગીર ગૌશાળા | રૂદ્રાણી | ભુજ | ૨૨ | ૭૦૦ | ૧૧૩૬ |
| ૩૮ | યદુનંદન ગૌસેવા સમિતિ | સુમરાસર (શેખ) | ભુજ | ૧૬ | ૩૮૮ | ૫૬૦ |
| ૩૯ | શ્રી દત્તાત્રેય ગૌશાળા | કાળા ડુંગર | ભુજ | ૧ | ૪૨ | ૪૨ |
| ૪૦ | શ્રી મેકરણદાદા ગૌશાળા | ધ્રંગ (ખાવડા) | ભુજ | ૭૨ | ૨૭૪ | ૩૪૬ |
| ૪૧ | શ્રી નલીયા પાંજરાપોળ | નલીયા | અબડાસા | ૧૬ | ૧૧૫ | ૨૦૭ |
| ૪૨ | શ્રી જખૌ પાંજરાપોળ | જખૌ | અબડાસા | ૧૦ | ૭૦ | ૨૧૪ |
| ૪૩ | શ્રી સુથરી પાંજરાપોળ | સુથરી | અબડાસા | ૧૨ | ૪૨ | ૩૦૦ |
| ૪૪ | શ્રી કોઠારા પાંજરાપોળ | કોઠારા | અબડાસા | ૧૬ | ૨૫ | ૨૨૩ |
| ૪૫ | શ્રી તેરા પાંજરાપોળ | તેરા | અબડાસા | ૧૮ | ૧૨૮ | ૨૫૭ |
| ૪૬ | શ્રી વાલરામજી મહારાજ ગૌશાળા | રાતાતળાવ | અબડાસા | ૧૭ | ૨૬૮ | ૧૮૨૦ |
| ૪૭ | શ્રી અબડાસા ગૌશાળા ટ્રસ્ટ | રાપરગઢ | અબડાસા | ૧૪ | ૨૪ | ૭૫૦ |

(૨) કામગીરી બાકી નથી.

(૩) કામગીરી બાકી ન હોવાથી પ્રશ્ન રહેતો નથી.

-------

જામનગર જિલ્લામાં બિનવારસી પ્રાણીઓની ઈંડોર સારવાર માટે હોસ્પિટલો

અતારાંકિતઃ ૫૯૬૨ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦ જૂન-૨૦૧૫ ની સ્થિતિએ ઘાયલ થયેલ બિનવારસી પ્રાણીઓને ઈન્ડોર સારવાર માટે હોસ્પિટલો કઈ જગ્યાએ છે, અને

(૨) ઉકત સ્થિતિએ જો આવી કોઈ જ ઈન્ડોર હોસ્પિટલ ન હોય તો જરૂરીયાત મુજબ આ હોસ્પિટલો આ જિલ્લામાં શરૂ કરવા શું આયોજન કરવામાં આવ્યું છે અને તે માટે કેટલી ગ્રાન્ટની ફાળવળી કરાઈ છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૯–૦૯–૨૦૧૫)

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦ જૂન–૨૦૧૫ ની સ્થિતિએ ઘાયલ થયેલ બિનવારસી પ્રાણીઓને ઈન્ડોર સારવાર માટે પશુપાલન ખાતા હસ્તકની નીચે મુજબની સંસ્થાઓ/કેંદ્રો કાર્યરત છે.

| ક્રમ નં. | ઈન્ડોર સારવાર માટેની સંસ્થાઓ–સ્થળ | | |
|---|---|---|---|
| | પશુ દવાખાના | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર | વેટરનરી પોલિકિલનિક |
| ૧–૩ | જામનગર | મોટી ભલસાણ | જામનગર |
| ૪–૫ | અલીયાબાડા | બેડ | |
| ૬–૭ | ફલ્લા | જામવંથલી | |
| ૮–૯ | લાખાબાવળ | ચેલા | |
| ૧૦–૧૧ | લાલપુર | મોટા ખડબા | |
| ૧૨–૧૩ | ખડખંભાળિયા | પડાણા | |
| ૧૪–૧૫ | મોડપર | ભણગોર | |
| ૧૬–૧૭ | જામજોધપુર | સડોદર | |
| ૧૮–૧૯ | સમાણા | સોનવડિયા | |
| ૨૦–૨૧ | તરસાઈ | શેઠ વડાળા | |
| ૨૨–૨૩ | મડાસણા | હડીયાળા | |
| ૨૪–૨૫ | જોડિયા | બાલંભા | |
| ૨૬–૨૭ | ધ્રોળ | મોટા ઈટાળા | |
| ૨૮–૨૯ | લતીપુર | ભેંસદડ | |
| ૩૦–૩૧ | કાલાવડ | નાની–ભલસાણ | |
| ૩૨–૩૩ | ખરેડી | નિકાવા | |
| ૩૪–૩૫ | નવાગામ | મોટા વડાળા | |
| ૩૬ | મોટી માટલી | | |
| ૩૭ | નાના વડાળા | | |
| ૩૮ | મોરવાડી | | |

બિનવારસી પ્રાણીઓની ઇંડોર સારવાર માટે કોઈ પણ ઈસમ ઉકત પશુ સારવાર સંસ્થાઓ/કેંદ્રો ખાતે લઈને આવે ત્યારે વિના મૂલ્યે સારવાર કરી આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

રાજ્યમાં ૧૯મી પશુ ગણતરીનો રીપોર્ટ પ્રસિધ્ધ કરવા બાબત.

અતારાંકિતઃ ૬૦૭૧ (૩૧–૭–૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં ૧૯મી પશુગણતરી સન ૨૦૧૧માં પૂર્ણ કરવામાં આવી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની રીપોર્ટ તા. ૩૧–૭–૨૦૧૩ સુધીમાં પ્રસિધ્ધ કરાયો નથી તે હકીકત પણ સાચી છે, અને

(૩) જો હા, તો રીપોર્ટ મોડો પ્રસિધ્ધ થવા પાછળ કયાં કારણો જવાબદાર છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૮–૦૯–૨૦૧૫)

(૧) 'ના' આ હકીકત સાચી નથી.

ભારત સરકારશ્રીના કૃષિમંત્રાલયના પશુપાલન, ડેરીંગ અને ફીઝરીઝ વિભાગ, નવી દિલ્હીની સુચના અને માર્ગદર્શન મુજબ દર પાંચ વર્ષે પશુધન વસતિ ગણતરીની કામગીરી સમગ્ર દેશમાં હાથ ધરવામાં આવે છે. જે મુજબ સને ૨૦૧૨માં રાષ્ટ્રીય કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્યમાં ૧૯ મી પશુધન વસતિ ગણતરી કરવામાં આવેલ હતી.

(૨) 'હા' ઉકત બાબતનો રીપોર્ટ તા. ૩૧–૦૭–૨૦૧૩ સુધીમાં પ્રસિધ્ધ કરાયો નથી તે હકીકત પણ સાચી છે.

(૩) ઉકત રીપોર્ટ કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવાનો થાય છે. અને ઉકત ૧૯મી પશુધન વસતિ ગણતરી–૨૦૧૨ના રાજ્યવાર/જિલ્લાવાર/ગામવાર પરિણામો ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલયના પશુપાલન, ડેરી, ફીશરીઝ વિભાગ દ્વારા તૈયાર કરીને પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

–––––––

ભરૂચ, નર્મદા, ખેડા અને આણંદ જિલ્લામાં પી.પી.આર. કન્ટ્રોલ પ્રોગ્રામ અન્વયે રસીકરણ.

અતારાંકિતઃ ૬૨૭૨ (૦૧–૦૮–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઘેટા–બકરામાં પી.પી.આર. (પેસ્ટેડ પેટીટસ રૂમિનન્ટસ) નામના ઝડપથી ફેલાતા અને સામુહિક મોત નીપજાવતા ગંભીર રોગચાળાને અટકાવવા ભારત સરકાર પી.પી.આર કન્ટ્રોલ પ્રોગ્રામ ચલાવી રહી છે, તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના અન્વયે અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણવર્ષમાં કયારે વેકશીનેશન કાર્યક્રમ યોજાયા, અને

(૩) જો આ કાર્યક્રમ વર્ષવાર ન થયો હોય તો તેના શા કારણો છે અને ઉકત જિલ્લાઓમાં નિયમિત રસીકરણ કરવા રાજ્યકક્ષાએ કોને જવાબદારી સોંપવામાં આવી છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૪–૦૯–૧૫)

(૧) હાં પરંતુ, પ્રસ્તુત યોજના વર્ષ ૨૦૧૪–૧૫ માટે કેંદ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માટે મંજુર થયેલ નહોતી.

(૨) લાગુ પડતું નથી.

(૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં ગુજરાત રાજ્ય ખાતે પી.પી.આર કન્ટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકવા અર્થે ભારત સરકારશ્રીને કુલ ૩.૦૦ લાખ પી.પી.આર વેકસીન ડોઝીસથી ઘેટાં–બકરાંને આ રોગથી રક્ષિત કરવા માટેનો એકશન પ્લાન બનાવી રજુ કરેલ હતો પંરતુ, તે ભારત સરકારશ્રી દ્વારા મંજૂર થઈને આવેલ નહોતો.

પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫ માટે ઉકત કાર્યક્રમના અમલીકરણ અર્થેનાણાકીય જોગવાઈ પણ કરવામાં આવેલ હતી.

ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ માં ગુજરાત રાજ્ય ખાતે પી.પી.આર કન્ટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકવા અર્થે ભારત સરકારશ્રીને એકશન પ્લાન રજુ કરેલ છે.

–––––––

અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ અન્વયે રસીકરણ.

અતારાંકિતઃ ૬૨૭૩ (૦૧–૦૮–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઘેટાં–બકરામાં પી. પી. આર. (પેસ્ટેડ પેટીટસ રૂમિનન્ટસ) નામના ઝડપથી ફેલાતા અને સામુહિક મોત નીપજાવતા ગંભીર રોગચાળાને અટકાવવા ભારત સરકાર પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ ચલાવી રહી છે. તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના અન્વયે અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧ ડીસેમ્પર–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે વેકશીનેશન કાર્યક્રમ યોજાયા, અને

(૩) જો આ કાર્યક્રમ વર્ષવાર ન થયો હોય તો તેના શા કારણો છે અને ઉક્ત જિલ્લાઓમાં નિયમિત રસીકરણ કરવા રાજ્યકક્ષાએ કોને જવાબદારી સોંપવામાં આવી છે ?

પશુપાલનમંત્રીશ્રી : (૨૪–૦૯–૨૦૧૫)

(૧) હાં પરંતુ, પ્રસ્તુત યોજના વર્ષ ૨૦૧૪–૧૫ માટે કેંદ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માટે મંજુર થયેલ નહોતી.

(૨) લાગુ પડતું નથી.

(૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં ગુજરાત રાજ્ય ખાતે પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકવા અર્થે ભારત સરકારશ્રીને કુલ ૩.૦૦ લાખ પી. પી. આર. વેકસીન ડોઝીસથી ઘેટાં–બકરાંને આ રોગથી રક્ષિત કરવા માટેનો એકશન પ્લાન બનાવી રજુ કરેલ હતો પરંતુ, તે ભારત સરકારશ્રી દ્વારા મંજુર થઈને આવેલ નહોતો.

પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫ માટે ઉક્ત કાર્યક્રમના અમલીકરણ અર્થે નાણાકીય જોગવાઈ પણ કરવામાં આવેલ હતી.

ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ માં ગુજરાત રાજ્ય ખાતે પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકવા અર્થે ભારત સરકારશ્રીને એકશન પ્લાન રજુ કરેલ છે.

––––––

## અતારાંકિત યાદી

ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર તથા અમરેલી જિલ્લામાં પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ અન્વયે રસીકરણ.

અતારાંકિતઃ ૬૨૭૫ (૦૧–૦૮–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઘેટાં–બકરામાં પી. પી. આર. (પેસ્ટેડ પેટીટસ રૂમિનન્ટસ) નામના ઝડપથી ફેલાતા અને સામુહિક મોત નીપજાવતા ગંભીર રોગચાળાને અટકાવવા ભારત સરકાર પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ ચલાવી રહી છે. તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના અન્વયે ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર તથા અમરેલી જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા

તા. ૩૧ ડીસેમ્પર–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે વેકશીનેશન કાર્યક્રમ યોજાયા, અને

(૩) જો આ કાર્યક્રમ વર્ષવાર ન થયો હોય તો તેના શા કારણો છે અને ઉક્ત જિલ્લાઓમાં નિયમિત રસીકરણ કરવા રાજ્યકક્ષાએ કોને જવાબદારી સોંપવામાં આવી છે ?

પશુપાલનમંત્રીશ્રી : (૨૪–૦૯–૨૦૧૫)

(૧) હાં પરંતુ, પ્રસ્તુત યોજના વર્ષ ૨૦૧૪–૧૫ માટે કેંદ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માટે મંજુર થયેલ નહોતી.

(૨) લાગુ પડતું નથી.

(૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં ગુજરાત રાજ્ય ખાતે પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકવા અર્થે ભારત સરકારશ્રીને કુલ ૩.૦૦ લાખ પી. પી. આર. વેકસીન ડોઝીસથી ઘેટાં–બકરાંને આ રોગથી રક્ષિત કરવા માટેનો એકશન પ્લાન બનાવી રજુ કરેલ હતો પરંતુ, તે ભારત સરકારશ્રી દ્વારા મંજુર થઈને આવેલ નહોતો.

પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫ માટે ઉક્ત કાર્યક્રમના અમલીકરણ અર્થે નાણાકીય જોગવાઈ પણ કરવામાં આવેલ હતી.

ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ માં ગુજરાત રાજ્ય ખાતે પી. પી. આર. કન્ટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકવા અર્થે ભારત સરકારશ્રીને એકશન પ્લાન રજુ કરેલ છે.

––––––

રક્ષિત જંગલ વિસ્તારમાં ચાલતી કોમર્શીયલ પ્રવૃતિ પર પ્રતિબંધ.

અતારાંકિતઃ ૪૬૮૫ (૦૨–૦૨–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં રક્ષિત જંગલ વિસ્તારમાં અભયારણ્યો તથા નેશનલ પાર્કમાં કોમર્શીયલ પ્રવૃતિ તથા હોટલો ચલાવવા પર પ્રતિબંધ છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ગીર વિસ્તારમાં ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ કેટલી અને કઈ હોટલો ગેરકાયદે ચાલી રહી છે,

(૩) આ તમામ હોટલો ચલાવી લેવામાં શાં કારણો છે, અને,

(૪) તમામ હોટલો બંધ કરી દેવા શી કાર્યવાહી થઈ છે ?

વન મંત્રીશ્રી : (૩૦–૦૯–૨૦૧૫)

(૧) હા, જી

(૨)

(૩) પ્રસ્તુત બાબત નામદાર હાઈકોર્ટમાં પડતર છે.

(૪)

––––––

રાજ્યમાં વન મહોત્સવ પાછળ ખર્ચ

અતારાંકિતઃ ૫૦૫૫ (૨૨–૦૭–૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે વન મહોત્વસ ક્યા સ્થળે યોજવામાં આવેલ,

(૨) આ દરેક વન મહોત્સવમાં મુખ્યત્વે કેવા પ્રકારની કામગીરી કરવામાં આવી, અને

(૩) તે દરેક વનમહોત્સવ વાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો

વન મંત્રીશ્રી : (૩૦–૦૯–૨૦૧૫)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં નીચે મુજબના સ્થળોએ વનમહોત્સવની ઉજવણી કરવામાં આવેલ છે.

| વર્ષ | ઉજવણીની તારીખ | ઉજવણીનું સ્થળ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | તા. ૩૦-૦૭-૨૦૧૦ | પાવકવન, મુ. પાલીતાણા, તા. પાલીતાણા, જિ. ભાવનગર. |
| ૨૦૧૧-૧૨ | તા. ૩૧-૦૭-૨૦૧૧ | વિરાસતવન, મુ. જેપુરા, (પાવાગઢ), તા. હાલોલ, જિ. પંચમહાલ |
| ૨૦૧૨-૧૩ | તા. ૩૦-૦૭-૨૦૧૨ | ગોવિંદગુરૂ, સ્મૃતિવન, મુ. માનગઢ, તા. સંતરામપુર, જિ. મહિસાગર |
| ૨૦૧૩-૧૪ | તા. ૦૨-૦૮-૨૦૧૩ | નાગેશવન, મુ. નાગેશ્વર, તા. દ્વારકા, જિ. જામનગર. |
| ૨૦૧૪-૧૫ | તા. ૩૧-૦૭-૨૦૧૪ | શક્તિવન-ખોડલધામ, મુ. કાગવડ, તા. જેતપુર, જિ. રાજકોટ. |

(૨) ગુજરાત રાજ્યને હરિયાળુ બનાવવાના હેતુથી બિન વનવિસ્તારમાં લોકો દ્વારા વધુને વધુ વૃક્ષારોપણ થાય તે માટે લોક જાગૃતિ ઉભી કરવાની મુખ્ય કામગીરી કરવામાં આવી.

(૩) વનમહોત્સવ વાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | કરવામાં આવેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૧૫.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૩૯૩.૦૬ |
| ૨૦૧૨-૧૩ | ૩૦૧.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૨૦૭.૦૭ |
| ૨૦૧૪-૧૫ | ૫૬૦.૪૪ |

------

રાજ્યમાં સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુ.

અતારાંકિતઃ ૫૦૫૯ (૨૨-૦૭-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા સિંહ, સિંહબાળ, દિપડા, દિપડાના બચ્ચાના મૃત્યુ થયા,

(૨) તે પૈકી અકુદરતી રીતે કેટલા સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુ થયા, અને

(૩) અકુદરતી મૃત્યુ રોકવા સરકારે શાં પગલાં લીધા ?

વન મંત્રીશ્રી : (૩૦-૦૯-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં સિંહ, સિંહબાળ, દિપડા, અને દિપડાના બચ્ચાના મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| અનુ. | વર્ષ | સિંહ | સિંહબાળ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૨૬ | ૧૯ | ૪૫ | ૬૯ | ૧૭ | ૮૬ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૩૦ | ૧૪ | ૪૪ | ૭૦ | ૨૨ | ૯૨ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૩૨ | ૨૪ | ૫૬ | ૯૨ | ૨૪ | ૧૧૬ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૪૨ | ૪૩ | ૮૫ | ૮૬ | ૩૧ | ૧૧૭ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૪૪ | ૩૬ | ૮૦ | ૧૧૨ | ૨૪ | ૧૩૬ |
| | કુલ | ૧૭૪ | ૧૩૬ | ૩૧૦ | ૪૨૯ | ૧૧૮ | ૫૪૭ |

(૨) તે પૈકી અકુદરતી રીતે સિંહ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાના મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| અનુ. | વર્ષ | સિંહ | સિંહબાળ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૧ | ૧ | ૨ | ૨૩ | ૪ | ૨૭ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૨૦૧૧-૧૨ | ૩ | ૦ | ૩ | ૧૯ | ૨ | ૨૧ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૨ | ૦ | ૨ | ૧૩ | ૩ | ૧૬ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૭ | ૧ | ૮ | ૨૧ | ૪ | ૨૫ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૫ | ૫ | ૧૦ | ૨૯ | ૩ | ૩૨ |
| | કુલ | ૧૮ | ૭ | ૨૫ | ૧૦૫ | ૧૬ | ૧૨૧ |

(૩) અકુદરતી મૃત્યુના બનાવો રોકવા નીચે મુજબના પગલાં લીધેલ છે.

૧. બિમારી-અકસ્માત વખતે બચાવ અને તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની મદદ મેળવાય છે.

૨. વન વિભાગ દ્વારા રેલ્વે ટ્રેક પર સિંહોના અવર જવર વાળા વિસ્તારોમાં તકેદારી રાખવા માટે વન્ય પ્રાણી મિત્રોની નિમણૂંક કરવામાં આવેલ છે.

૩. ટ્રેકર્સ પાર્ટી વન્ય પ્રાણી રેસ્ક્યુની કામગીરીમાં મદદ કરે છે.

૪. અકસ્માતે અસુરક્ષિત ખુલ્લા કુવામાં સિંહોને પડી જવાથી બચાવવા માટે ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવામાં આવે છે.

૫. જશાધાર સાસણ તથા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જુનાગઢ ખાતે વન્ય પ્રાણી રેસ્ક્યુ અને સારવાર કેન્દ્ર કાર્યરત છે.

૬. વન વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.

૭. લોક-જાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવાના સાઈન બોર્ડ મુકવામાં આવેલ છે.

૮. રાજુલા-પીપાવાવ રેલ્વે લાઇનની બન્ને બાજુ ચેઈન-લીંક ફેન્સીંગની કામગીરી પ્રગતિમાં છે.

૯. સિંહ-દિપડા તથા અન્ય વન્ય પ્રાણીઓના હક્યાના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈ મુજબ ગુનેગારોને કડક સજા કરાવવા નામદાર કોર્ટમાં કેસ કરવામાં આવે છે.

૧૦. વન્ય પ્રાણીઓની હત્યા અટકાવવા વન વિભાગના સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે.

૧૧. ખેડૂતોની માલિકીના ખેતરોમાં ખેતરો ફરતે મુકવામાં આવતા વીજ કરંટની પી.જી.વી.સી.એલ. તથા વનવિભાગની ટીમ દ્વારા સંયુક્ત રીતે ચકાસણી કરવામાં આવે છે.

૧૨. જ્યારે વન્યપ્રાણી અને લોકો વચ્ચે ઘર્ષણ થાય ત્યારે ઈજાને અનુરૂપ સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ વળતર-સહાય ચુકવવામાં આવે છે.

૧૩. વન્યપ્રાણી પ્રત્યે લોકજાગૃતિ વધારવા સ્કુલ-કોલેજોમાં વિદ્યાર્થી દ્વારા વકતૃત્વ સ્પર્ધા ચિત્રસ્પર્ધા જંગલોમાં ટ્રેકીંગ ગોઠવી વન્યપ્રાણીની અગત્યતા તેમજ પર્યાવરણનું મહત્વ સમજાવવાની કામગીરી કરવામાં આવે છે.

------

વેરાવળ શહેરમાં રક્ષિત ઘુવડ પક્ષીનો તાંત્રિક વિધિમાં ઉપયોગ.

અતારાંકિતઃ ૫૭૬૭ (૨૨-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) વેરાવળ શહેરમાં સુભાષ રોડ પર એપ્રિલ-૨૦૧૫ના સપ્તાહમાં તાંત્રિક વિધિ માટે ઉપયોગમાં લેવાયેલા રક્ષિત ઘુવડ પક્ષીના પાંચ બચ્ચા ફેંકી દીધેલી હાલતમાં વન ખાતાને મળી આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) આ રક્ષિત ઘુવડના બચ્ચાઓ પર તાંત્રિક વિધિ કરનાર આરોપીઓ કોણ હતા અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) ઘુવડને તાંત્રિક વિધિથી રક્ષણ આપવા વન વિભાગે શો કાર્યક્રમ હાથ ધર્યો છે ?

વન મંત્રીશ્રી : (૧૮-૦૯-૨૦૧૫)

(૧) ના જી,

તા. ૦૫-૦૪-૨૦૧૫ના રોજ વેરાવળ શહેરના સુભાષ રોડ પર જુના રબારી વાડાના નાકા પાસે કુલ-૮ ઘુવડ પૈકી જીવ-૫ જીવિત અને જીવ-૩ મૃત હાલતમાં બિનવારસી મળી આવેલ. આ ઘુવડને તાંત્રિક વિધિમાં ઉપયોગમાં લેવાયેલ હોવાનું તપાસમાં પુરવાર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ૦ જિલ્લા કક્ષાએ જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડનની અને તાલુકા કક્ષાએ તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડનની નિમણૂંકો કરવામાં આવેલ છે.

૦ વન્યપ્રાણી બાબતે લોક જાગૃતિ કેળવવા માટે શિબિર મિટીંગો અને ગ્રામસભાનું તેમજ સ્કુલો અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

૦ સ્ટાફ દ્વારા સતત અને સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે તેમજ વન્યપ્રાણી–પક્ષીઓને લગત કોઈ ગુન્હો બનેલ

હોય તો વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ની જોગવાઈઓ મુજબ કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.

------

મીતાયાળામાં લાયન શો નું આયોજન.

અતારાંકિતઃ ૫૭૬૯ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સાવરકુંડલાના મીતાયાળા જંગલ વિસ્તારમાં જાન્યુઆરી–૨૦૧૫માં 'એક ગેરકાયદે લાયન શો' નું આયોજન થયું

હતું તેવી ફરિયાદ જિલ્લા વન અધિકારી પાસે નોંધવામાં આવી છે તે ગંભીર હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ લાયન શો કઈ જગ્યાએ કોના દ્વારા યોજાયો હતો, અને,

(૩) આ ગેરકાયદે ગુનાહીત કાર્યક્રમનું આયોજન કરનાર કોણ હતા તથા તેની સામે શાં કાનુની અને ખાતાકીય પગલાં

લેવાયાં છે છે ?

વન મંત્રીશ્રી : (૨૨–૦૯–૨૦૧૫)

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

નિંગાળા ગામના કુવામાંથી રક્ષિત દિપડીના બચ્ચાનો મૃતદેહ

અતારાંકિતઃ ૫૭૭૧ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ખાંભા તાલુકાના નિંગાળા ગામના સાઈઠ ફૂટ ઉંડા કુવામાંથી એપ્રિલ–૨૦૧૫ના બીજા સપ્તાહમાં રક્ષિત દિપડીના

બચ્ચાના કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) દિપડીના બચ્ચાના મોત માટે કોણ જવાબદાર છે ?

(૩) જવાબદારો સામે શાં પગલાં લેવાયાં છે, અને

(૪) આ વિસ્તારમાં કુવામાં રક્ષિત વન્ય પ્રાણીના થઈ રહેલા મોતને અટકાવવા વન વિભાગે શાં પગલાં લીધાં છે ?

B-15-3 : (૧૯–૦૯–૨૦૧૫)

(૧) હા જી,

(૨) ખાંભા તાલુકાના નિંગાળા ગામના રહીશશ્રી ભગવાનભાઈ ગોવિંદભાઈ સાવલીયાની માલિકીના કુવામાંથી તા. ૧૧–૦૪–૨૦૧૫ના રોજ દિપડાનું બચ્ચુ નર જીવ–૧ નો મૃતદેહ મળી આવેલ હતો. પરિક્ષેત્ર વન અધિકારીશ્રી તુલશીશ્યામ સ્થળ તપાસ અને બચ્ચાના મૃતદેહને કુવામાંથી બહાર કાઢવા તથા પી. એમ. ની કાર્યવાહી હાથ ધરેલ, જે મુજબ આ બચ્ચાનું કુવામાં પડવાથી આકસ્મિક મૃત્યુ થયેલ હોઈ, કોઈ વ્યક્તિ કે ઈસમને જવાબદાર ગણી શકાય નહી.

(૩) આકસ્મિક મૃત્યુનો કિસ્સો હોઈ કોઈને જવાબદાર ગણવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસુરક્ષિત ખુલ્લા કુવાઓને સુરક્ષિત કરવા માટે સરકારે ખુલ્લા કુવાને ફરતે પારાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની યોજના અમલમાં મુકેલ છે. ટ્રેકર્સ નિમણુંક કરવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાંથી વન્યપ્રાણીઓ અંગેની માહિતી મેળવી વન્યપ્રાણીને બચાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

------

ચંદપૂર ગામે રાષ્ટ્રીય પક્ષી મોરનો મૃતદેહ

અતારાંકિતઃ ૫૭૭૨ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તલોદ તાલુકાના ચંદપુર ગામે તા. ૨૩–૩–૨૦૧૫ના રોજ વીજ થાંભલા પાસે રાષ્ટ્રીય પક્ષી મોરનો મૃતદેહ મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, રાષ્ટ્રીય પક્ષીના મોતના શા કારણો છે તથા તેનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું કે કેમ,

(૩) આ ઘટનામાં જવાબદાર ઈસમો સામે શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૪) રાષ્ટ્રીય પક્ષીના મૃતદેહને પૂરા સન્માન સાથે કઈ જગ્યાએ કોના દ્વારા દફનાવવામાં આવ્યો હતો અને તે સમયે વન ખાતાના કયા જવાબદાર અધિકારીઓ હાજર હતા ?

વન મંત્રીશ્રી : (૨૨–૦૯–૨૦૧૫)

(૧) હા જી,

(૨) મોર વૃક્ષ પરથી ઓચિંતો ઉડતા, ચાલુ વીજ પ્રવાહવાળા વીજળીના તાર સાથે ફસાતા, શોર્ટ સર્કીટ થઈ સખત દાઝી ગયેલ હોવાના કારણસર મૃત્યુ પામેલ. મોર સખત દાઝી ગયેલ હોઈ પોસ્ટમોર્ટમ શકય ન હોવાથી તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ નથી.

(૩) મોરનું મૃત્યુ આકસ્મિક હોઈ, આ ઘટનામાં કોઈ ઈસમ સામે કાનુની કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી.

(૪) ખેતર માલિક શ્રી કેશરસિંહ પુંજસિંહ ઝાલા રહે. ચંદપુર, હિતેંદ્રસિંહ કેશરસિંહ ઝાલા રહે. ચંદપુરએ, વિક્રમભાઈ પુંજાભાઈ દેસાઈ રહે. રૂપલ તથા ગૃપ ગ્રામ પંચાયત રૂપાલના સરપંચશ્રી સજનસિંહ હઠીસિંહ ઝાલા રહે. રૂપાલની રૂબરૂમાં દફનવિધિ કરેલી હતી. પરંતુ મોરના મૃત્યુ અંગેની જાણ થતાં, તુરત જ રેંજ સ્ટાફે સ્થળ પર જઈ તપાસ કરી, દફન કરેલ મોરનો મૃતદેહ પંચોની રૂબરૂમાં બહાર કાઢી જીણવટ ભરી તપાસ કરી, હાજર રહેલા પંચોના જવાબ મેળવી સ્થળ પંચકયાસ તથા રોજકામ કરવામાં આવેલ. મોર સખત રીતે દાઝી/બળી ગયેલ હોવાથી તેનું પી.એમ. થઈ શકે તેમ ન હોવાથી ગામના પ્રતિષ્ઠિત ગ્રામજનો તથા સરપંચશ્રીની રૂબરૂમાં મૃતદેહનો સન્માનભેર અગ્નિસંસ્કાર કરવામાં આવેલ હતો.

–––––––

પાંડા તીર્થગામની સીમમાં રાષ્ટ્રીય પક્ષી મોરનું મૃત્યુ

અતારાંકિતઃ ૫૭૭૭ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) હળવદ તાલુકાના પાંડા તીર્થ ગામની સીમમાં તા. ૨૦–૨૧ એપ્રિલ–૨૦૧૫માં એક સાથે છ રાષ્ટ્રીય પક્ષી મોર મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) રાષ્ટ્રીય પક્ષી મોરને મારી નાંખવાની ઘટનામાં ડિસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફિસર તથા જિલ્લા કલેકટર સહિત કયા કયા અધિકારીઓએ સ્થળની મુલાકાત લીધી હતી, અને

(૩) આ ગુનાહિત ઘટનામાં સંડોવાયેલા આરોપીઓ કોણ છે અને તેની સામે ધી વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એકટ–૧૯૭૨ની જોગવાઈ અનુસાર શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૧૯–૦૯–૨૦૧૫)

(૧) હા જી,

(૨) મોરને મારી નાખવાની ઘટના બનેલ નથી, પરંતુ ખોરાકી ઝેરની અસરને કારણે મોર મૃત્યુ પામેલ છે. આ અંગે રેન્જ ફોરેસ્ટ ઓફિસર કક્ષાના અધિકારીએ સ્થળ મુલાકાત લઈ આગળની કાર્યવાહી હાથ ધરેલ.

(૩) ખેતીમાં છાંટવામાં આવેલ જંતુનાશક દવાની અસરને કારણે કમનસીબ ઘટના બનેલ હોઈ વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એકટ–૧૯૭૨ ની જોગવાઈ હેઠળ કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી. લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

–––––––

રાજુલાના ડુંગર ગામે મોરને ઈલેકટ્રીક શોક લાગવાથી મોત

અતારાંકિતઃ ૫૮૨૫ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમરેલી જિલ્લાના રાજુલાના ડુંગર ગામે મે–૨૦૧૫માં પી.જી.વી.સી.એલ.ના વીજપોલથી રાષ્ટ્રીય પક્ષી મોરને ઈલેકટ્રીક શોક લાગવાથી તેનું મોત થયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખામીવાળા વીજપોલ રાખવા અને તેનું મઈન્ટેનન્સ/સર્વિસ યોગ્ય રીતે ન કરવા બદલ વનવિભાગે જવાબદારો સામે શા કાનૂની પગલાં લીધાં છે, અને

(૩) જો પગલાં ન લીધા હોય તો તેનાં શા કારણો છે ?

વન મંત્રીશ્રી : (૧૯–૦૯–૨૦૧૫)

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત યાદી

### સ્ટેટ વાઈલ્ડ ક્રાઈમ સેલની રચના

અતારાંકિતઃ ૫૮૪૯ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સ્ટેટ વાઈલ્ડ ક્રાઈમ સેલની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે ?

(૨) જો હા, તો આ સેલની શી કામગીરી છે, અને

(૩) આ સેલ સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન શી કામગીરી કરી છે ?

વન મંત્રીશ્રી : (૧૯–૦૯–૨૦૧૫)

(૧) હા જી,

(૨) ૧. રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ સાથે માહિતી અને ગુન્હાઓને રોકવા માટે અસરકારક કામગીરી કરવી.

૨. વન્યપ્રાણી અંગેના ગુન્હાઓ રોકવા માટે વન્યપ્રાણી વિશેષજ્ઞો અને અન્ય રાજ્યોની સંસ્થાઓ સાથે સંકલનમાં રહી કામગીરી કરવી.

૩. રાજ્યમાં બનતાં વન્યપ્રાણી અંગેના ગુન્હાઓની માહિતી એકત્રીત કરવી.

૪. રાજ્યમાં વન્યપ્રાણી અંગેના ગુન્હાઓનું પ્રમાણ ઘટાડવા/રોકવા માટે જરૂરી ઉપાયો સુચવવા.

૫. વન્યપ્રાણી અંગેના ગુન્હાઓ બાબતે અસરકારક પગલાં લેવા માટેના ઉપાયો સુચવવા.

(૩) (૧) વન્યપ્રાણી ક્રાઈમ સેલ દ્વારા રાજ્યમાં બનતા વન્યપ્રાણી ગુન્હાઓ અંગેની માહિતી અને અહેવાલ સરકારશ્રીમાં રજુ કરવામાં આવે છે.

(૨) વન્યપ્રાણીઓ દ્વારા માનવજાત અને માલાઢોરને નુકશાન કરવાના બનાવો, વન્યપ્રાણી–પ્રજા વચ્ચે ઘર્ષણના બનાવો, વન્યપ્રાણી દ્વારા માનવ મૃત્યુના બનાવો તથા વન્યપ્રાણી સંરક્ષણ સંબધે બનેલ અન્ય અગત્યના બનાવોની જાણકારી અંગેની માહિતીનું સંકલન કરી મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી ક્રાઈમ સેલ નોડલ અધિકારી તરીકે સરકારશ્રી અને માન. મંત્રીશ્રી તથા ઉચ્ચ અધિકારીઓને મોબાઈલ પર SMS થી માહિતગાર કરે છે.

(૩) રાજ્યમાં બનતા વન્યપ્રાણી ગુન્હા અંગેની કામગીરીનું સુપરવિઝન કવરામાં આવે છે અને વન્યપ્રાણી ગુન્હાઓ અંગેની માહિતીની સમીક્ષા કરી ગુન્હો બને ત્યાંથી ગુન્હા અંગેની શોધનની કામગીરી અંત સુધી ફોલો–અપ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

જે અંતર્ગત

(અ) સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં ૧૨૮ ગુન્હા.

(બ) સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૧૬૭ ગુન્હા અને

(ક) સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં ૧૧૯ મળી કુલ–૪૧૪ ગુન્હાઓની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

(૪) રાજ્યમાં બનતા વન્યપ્રાણી ગુન્હાઓ અંગેના દૈનિક, માસિક, ત્રિ–માસિક અહેવાલો મેળવી વિશ્લેષણ કરી વન્યપ્રાણી ગુન્હાઓ થતાં અટકાવવા માટે તેમજ થયેલ ગુન્હાની અસરકારક તપાસ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

(૫) મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી ક્રાઈમ સેલ દ્વારા સેલના વડા તરીકે વન વિભાગના તાલીમ વિભાગ પોલીસ અધિકારીઓ તથા કાયદા વિભાગના તાલીમ કાર્યક્રમોમા અવાર–નવાર વ્યાખ્યતા તરીકે ભાગ લઈ જુદા જુદા ક્ષેત્રના તાલીમાર્થીઓને વન્યપ્રાણી સંરક્ષણ અને તેને લગતી કાયદાકીય જોગવાઈઓની જાણકારી આપી તાલીમાર્થીઓને વન્યપ્રાણી સંરક્ષણ કામગીરી અંગે માહિતગાર કરી જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.

(૬) આ ત્રણ વર્ષો દરમ્યાન બનેલા વન્યપ્રાણીને લગતા ગંભીર પ્રકારના ગુન્હાઓ અંગે વર્તુળ કક્ષાએથી યોગ્ય રીતે તપાસ થાય તે માટેના ઉપાયો સુચવવામાં આવેલ હતા.

(૭) ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કંટ્રોલ બ્યુરો (પશ્ચિમ ક્ષેત્રે) દ્વારા ૨૦૧૩ માં નાગપુર ખાતે અને ૨૦૧૪ માં

ગાંધીનગર તથા ગોવા ખાતે યોજાયેલ કાયદાના અમલની કામગીરીને મજબુત કરવા માટેની ઈન્ટર એજન્સીની કોઓર્ડીનેશન મિંટીગોમાં ક્રાઈમ સેલ દ્વારા ભાગ લઈ માહિતીનું આદાન–પ્રદાન કરી સેલને વધુ કાર્યક્ષમ બનાવવાના સુચનો રજુ કરવામાં આવેલ હતા. તેમજ આ મિટીંગમાં મળેલ માહીતી વન્યપ્રાણી સંરક્ષણને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્યમાં વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓને આપવામાં આવી.

(૮) સને ૨૦૧૩ના વર્ષમાં ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો અને વન્યપ્રાણી ક્રાઈમસેલ, ગુજરાતના

સંયુકત ઉપક્રમે રાજ્યમાં ગાંધીનગર, જાંબુઘોડા, વલસાડ અને સાસણગીર ખાતે વન્યપ્રાણી ગુન્હાઓ સંબંધે કામ કરતા પોલીસ અધિકારીઓ, કસ્ટમ અધિકારીઓ, વન અધિકારીઓ માટે કાયદાના અમલની કામગીરીને મજબુત કરવા માટેના તાલીમ કાર્યક્રમો

યોજવામાં આવ્યા જેમાં રાષ્ટ્રીય કક્ષાના વ્યાખ્યાતાઓના જ્ઞાનનો લાભ તાલીમાર્થીઓને આપવામાં આવ્યો તથા ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલ કાયદો અને તેના અમલ અંગેનું અભ્યાસ સાહિત્ય તાલીમાર્થીઓને પુરુ પાડવામાં આવ્યું.

(૯) ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો અને વન્યપ્રાણી સંરક્ષણ માટેની કામગીરીમાં સહભાગી થવા
ઈચ્છતા સ્વયં સેવકોની નિમણૂંકની કામગીરીમાં મદદરૂપ થવામાં આવે છે.

(૧૦) પોલીસ વિભાગ અને વન વિભાગના સક્ષમ અધિકારીઓને સાથે રાખી તાલીમ આપવાનું એક તાલીમ મોડ્યુલ વિકાસવવામાં આવેલ છે. જે અંતર્ગત વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગર ખાતે વન વિભાગ અને પોલીસ વિભાગના અધિકારીઓનો સંયુકત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં વન્યપ્રાણી કાયદાના તજજ્ઞોદ્વારા કાયદાનું જ્ઞાન પુરુ પાડવાની તેમજ પોલીસ અધિકારીઓ દ્વારા ગુન્હા શોધન અને કોર્ટ કેસને લગતી કામગીરી અંગેનું માર્ગદર્શન તાલીમાર્થીઓને પુરુ પાડવામાં આવેલ હતું.

વધુમાં તા. ૧૭–૧૫–૨૦૧૩ ના રોજ એક વિડિયો કોન્ફરંસ દ્વારા રાજ્યના વનવિભાગના અધિકારીઓ સાથે વન્યજીવ ગુન્હા અટકાવવા અંગે વિચારોના આદાન–પ્રદાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

(૧૧) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ગુન્હાઓ બાબતે જુદી જુદી એજન્સીઓ સાથે સંકલનમાં રહી ગુન્હા શોધનની
કામગીરીમાં એકબીજાને મદદરૂપ થવામાં આવે છે.

(૧૨) સને ૨૦૦૧–૦૨ થી ૨૦૧૦–૧૧ સુધીની વન્યપ્રાણી ક્રાઈમ ડેટા બેંકની માહિતીનું એકત્રીત અને વર્ગીકૃત કરી યોગ્ય રીતે ગોઠવીને ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરોને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૧૩) આ પછીના વર્ષોની એટલે કે ૨૦૧૧–૧૨ થી ૨૦૧૩–૧૪ ની માહિતી એકત્રીકરણ અને વર્ગીકરણ કરી ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરોને મોકલવા સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કંટ્રોલ બ્યુરોને મોકલવા માટે તૈયાર કરવામાં આવેલ છે.

(૧૪) સને ૨૦૧૨ અને ૨૦૧૪ માં વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ દ્વારા બેઠકો યોજી પ્રેઝન્ટેશન દ્વારા સેલના સભ્યો સાથે માહિતીનું આદાન–પ્રદાન કરી સેલને વધુ કાર્યક્ષમ બનાવવાના સુચનો રજુ કરવામાં આવેલ હતા.

–––––––

અસાધારણ વરસાદ પૂરને કારણે રક્ષિત વન્ય પ્રાણીઓના મૃત્યુ

**અતારાંકિતઃ ૫૯૫૦ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

(૧) જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં જૂન–૨૦૧૫માં પડેલા અસાધારણ વરસાદ, પૂરને કારણે કેટલા અને ક્યા ક્યા રક્ષિત વન્ય પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને

(૨) કેટલા વન્ય પ્રાણીઓને બચાવી લેવાયા અને

(૩) આ સંજોગોમાં વન્ય પ્રાણીઓને બચાવવાની જવાબદારી કોને સોંપાઈ છે અને આ અંગે શી કામગીરી કરેલ છે ?

વન મંત્રીશ્રી : (૩૦–૦૯–૨૦૧૫)

(૧) અમરેલી તથા ભાવનગર જિલ્લામાં જુન–૨૦૧૫માં પડેલા અસાધારણ વરસાદ, પૂરને કારણે નીચે મુજબના રક્ષિત વન્યપ્રાણીઓ મૃત્યુ પામેલા હતા.

| ક્રમ | વન્યજીવનું નામ | જિલ્લાનું નામ | | કુલ |
|---|---|---|---|---|
| | | ભાવનગર | અમરેલી | |
| ૧ | સિંહ | ૬ | ૪ | ૧૦ |
| ૨ | ચિતલ | ૧૪ | ૭૩ | ૮૭ |
| ૩ | નીલગાય | ૧૨૨૬ | ૪૪૪ | ૧૬૭૦ |
| ૪ | કાળીયાર | ૨ | ૭ | ૯ |
| ૫ | ભૂંડ | ૬ | ૦ | ૬ |
| ૬ | શિયાળ | ૧ | ૦ | ૧ |
| ૭ | શેઢાળી | ૧ | ૦ | ૧ |
| | કુલ | ૧૨૫૬ | ૫૨૮ | ૧૭૮૪ |

જયારે જુનાગઢ તથા ગીર–સોમનાથ જિલ્લામાં કોઈ રક્ષિત પ્રાણીઓના મૃત્યુ થયેલ નથી.

(૨) અસાધારણ વરસાદની આગાહી થતા પૂર આવતા અગાઉ અમરેલી જિલ્લાના પૂરના સંભવિત વિસ્તારમાંથી ૨૨ સિંહો ઉપરાંત અન્ય વન્યપ્રાણીઓના લોકેશન શોધી ઉંચાઈવાળા વિસ્તારમાં ખસેડી લઈ બચાવેલ અને પૂરના પાણીના ઓસર્યા બાદ અમરેલી જિલ્લામાં ૧ અને ભાવનગર જિલ્લામાં ૨ એમ કુલ ૩ સિંહોને બચાવેલ. આમ સમગ્રપણે ખંડ–૧માં જણાવેલ વન્ય પ્રાણીઓના મૃત્યુ સિવાયના તમામ વન્ય જીવોને બચાવી લેવામાં આવેલ છે.

(૩) આ પ્રકારના અસાધારણ વરસાદ અને પુરના બનાવમાં પણ વન્યપ્રાણી એવા સિંહોના રક્ષણની જવાબદારી વન વિભાગના અધિકારી–કર્મચારીઓની છે.

આ સંજોગોમાં મુખ્ય વન્યજીવ સંરક્ષકશ્રી તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ પર બચાવ અને રાહત માટે સતત માર્ગદર્શન પુરુ પાડેલ છે.

ઉપરોક્ત સંજોગોમાં સ્થાનિક અધિકારીશ્રી–કર્મચારીઓ દ્વારા સિંહોને બચાવવા માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

૧. સ્થાનિક લોકોનો સાથ–સહકાર મેળવીને સિંહોને ઝાડીઝાંખરાવાળી નદીના પટામાંથી લોકેટ કરવામાં આવેલ.

૨. લોકેટ થયેલા સિંહોને આજુબાજુના ઉંચાઈવાળા વિસ્તારોમાં ખસેડવા માટેના પ્રયાસો હાથ ધરેલ.

-----

### રાજ્યમાં વાઈલ્ડ ક્રાઈમ સેલની રચના

અતારાંકિતઃ ૫૯૫૧ (૨૨–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) રાજ્યમાં સપ્ટેમ્બર ૨૦૧૪માં "વાઈલ્ડ ક્રાઈમ સેલ" ની પુનઃરચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે.

(૨) આ સેલની શી કામગીરી છે, અને

(૩) આ સેલની રચના થયા પછી જૂન–૨૦૧૫ સુધીમાં શી કામગીરી હાથ ધરી છે ?

વન મંત્રીશ્રી : (૨૪–૦૯–૨૦૧૫)

(૧) હા જી,

રાજ્યમાં સપ્ટેમ્બર–૨૦૧૪માં "વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ" ની પુનઃરચના કરવામાં આવી છે.

(૨) વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલની કામગીરી નીચે મુજબ છે.

૧. રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ સાથે માહિતી અને વિચારોનું આદાન–પ્રદાન કરી વન્યપ્રાણી શિકાર અંગેના ગુન્હાઓને રોકવા માટે અસરકારક કામગીરી કરવી.

૨. વન્યપ્રાણી અંગેના ગુન્હાઓ રોકવા માટે વન્યપ્રાણી વિશેષજ્ઞો અને અન્ય રાજ્યોની સંસ્થાઓ સાથે સંકલનમાં રહી કામગીરી કરવી.

૩. રાજ્યમાં બનતાં વન્યપ્રાણી અંગેના ગુન્હાઓની માહિતી એકત્ર કરી તેને યોગ્ય રીતે ગોઠવણી કરવી.

૪. રાજ્યમાં વન્યપ્રાણી અંગેના ગુન્હાઓનું પ્રમાણ ઘટાડવા/રોકવા માટે જરૂરી ઉપાયો સુચવવા.

૫. વન્ય પ્રાણી અંગેના ગુન્હાઓ બાબતે અસરકારક પગલાં લેવા માટેના ઉપાયો સુચવવા.

(૩) વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ દ્વારા જુન–૨૦૧૫ સુધીના સમય દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.

(૧) વન્યપ્રાણી ક્રાઈમ સેલ દ્વારા રાજ્યમાં બનતા વન્યપ્રાણી ગુન્હાઓ અંગેની માહિતી અને અહેવાલ સરકારશ્રીમાં રજુ કરવામાં આવે છે.

(૨) વન્યપ્રાણીઓ દ્વારા માનવજાત અને માલઢોરને નુકશાન કરવાના બનાવો, વન્યપ્રાણી–પ્રજા વચ્ચે ઘર્ષણના બનાવો, વન્યપ્રાણી દ્વારા માનવ મૃત્યુના બનાવો તથા વન્યપ્રાણી સંરક્ષણ સંબંધે બનેલ અન્ય અગત્યના બનાવોની જાણકારી અંગેની માહિતીનું સંકલન સાધી મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી ક્રાઈમ સેલ નોડલ અિધકારી તરીકે સરકારશ્રી અને માન. મંત્રીશ્રી તથા ઉચ્ચ અધિકારીઓને મોબાઈલ પર SMS થી માહિતગાર કરે છે.

(૩) રાજ્યમાં બનતા વન્યપ્રાણી ગુન્હા અંગેની કામગીરીનું સુપરિવઝન કરવામાં આવે છે અને વન્યપ્રાણી ગુન્હાઓ અંગેની માહિતીને રીવ્યુ કરી ગુન્હો બને ત્યાંથી ગુન્હા શોધનની કામગીરીના અંત સુધી ફોલોઅપ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. જે અંતર્ગત

(અ) સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં ૧૨૮ ગુન્હા.

(બ) સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૧૬૭ ગુન્હા અને

(ક) સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૧૧૯ મળી કુલ–૪૧૪ ગુન્હાઓનું રીવ્યુ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

(૪) રાજ્યમાં બનતા વન્યપ્રાણી ગુન્હાઓ અંગેના દૈનિક, માસિક, ત્રિ–માસિક અહેવાલો મેળવી વિશ્લેષણ કરી વન્યપ્રાણી ગુન્હાઓ થતાં અટકાવવા માટે તેમજ થયેલ ગુન્હાની અસરકારક તપાસ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

(૫) મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી ક્રાઈમ સેલ દ્વારા સેલના વડા તરીકે વન વિભાગના તાલીમ વિભાગ પોલીસ એકેડમી કરાઈ ખાતે તાલીમ લેતાં પોલીસ અધિકારીઓ તથા કાયદા વિભાગના તાલીમ કાર્યક્રમોમાં અવાર–નવાર વ્યાખ્યાતા તરીકે ભાગ લઈ જુદા જુદા ક્ષેત્રના તાલીમાર્થીઓને વન્યપ્રાણી સંરક્ષણ અને તેને લગતી કાયદાકીય જોગવાઈઓની જાણકારી આપી તાલીમાર્થીઓને વન્યપ્રાણી સંરક્ષણ કામગીરી અંગે માહિતગાર કરી જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.

(૬) આ ત્રણ વર્ષો દરમ્યાન બનેલા વન્યપ્રાણીને લગતાં ગંભીર પ્રકારના ગુન્હાઓ અંગે વર્તુળ કક્ષાએથી યોગ્ય રીતે તપાસ થાય તે માટેના ઉપાયો સુચવવામાં આવેલ હતા.

(૭) ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો (પશ્ચિમ ક્ષેત્ર) દ્વારા ૨૦૧૩માં નાગપુર ખાતે અને ૨૦૧૪માં ગાંધીનગર તથા ગોવા ખાતે યોજાયેલા કાયદાના અમલની કામગીરીને મુજબુત કરવા માટેની ઈન્ટર એજન્સીની કોઓર્ડીનેશન મિટીંગોમાં ક્રાઈમ સેલ દ્વારા ભાગ લઈ માહિતીનું આદાન–પ્રદાન કરી સેલને વધુ કાર્યક્ષમ બનાવવાના ઉપાયો રજુ કરવામાં આવેલ હતા. તેમજ આ મિટિંગમાં મળેલ માહિતી વન્યપ્રાણી સંરક્ષણને વધુ સદ્રઢ કરવા માટે રાજ્યમાં વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓને આપવામાં આવી.

(૮) સને ૨૦૧૩ના વર્ષમાં ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો અને વન્યપ્રાણી ક્રાઈમ સેલ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે રાજ્યમાં ગાંધીનગર, જાંબુઘોડા, વલસાડ અને સાસણગીર ખાતે વન્યપ્રાણી ગુન્હાઓ સંબંધે કામ કરતાં પોલીસ અધિકારીઓ, કસ્ટમ અધિકારીઓ, વન અધિકારીઓ માટે કાયદાના અમલની કામગીરીને મજબુત કરવા માટેના તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા. જેમાં રાષ્ટ્રીય વ્યાખ્યાતાઓના જ્ઞાનનો લાભ તાલીમાર્થીઓને આપવામાં આવ્યો તથા ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલ કાયદો અને તેના અમલ અંગેનું અભ્યાસ સાહિત્ય તાલીમાર્થીઓને પુરુ પાડવામાં આવ્યું.

(૯) ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો અને વન્યપ્રાણી ક્રાઈમ સેલ, ગુજરાત દ્વારા રાજ્યમાં વન્યપ્રાણી સંરક્ષણ માટેની કામગીરીમાં સહભાગી થવા ઈચ્છતા સ્વયંસેવકોની નિમણૂંકની કામગીરીમાં મદદરૂપ થવામાં આવે છે.

(૧૦) પોલીસ વિભાગ અને વન વિભાગના સક્ષમ અધિકારીઓને સાથે રાખી તાલીમ આપવાનું એક તાલીમ મોડ્યુલ વિકસાવવામાં આવેલ છે. જે અંતર્ગત વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગર ખાતે વન વિભાગ અને પોલીસ વિભાગના અધિકારીઓનો સંયુક્ત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં વન્યપ્રાણી ક્રાઈમ સેલ દ્વારા વન્યપ્રાણી કાયદાના તજજ્ઞો દ્વારા કાયદાનું જ્ઞાન પુરુ પાડવાની તેમજ પોલીસ અધિકારીઓ દ્વારા ગુન્હા શોધન અને કોર્ટ કેસને લગતી કામગીરી અંગેનું માર્ગદર્શન તાલીમાર્થીઓને પુરુ પાડવામાં આવેલ હતું.

વધુમાં તા. ૧૭–૦૫–૨૦૧૩ના રોજ એક વિડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના વન વિભાગના અધિકારીઓ સાથે વન્યજીવ ગુન્હા અટકાવવા અંગે વિચારોના આદાન–પ્રદાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

(૧૧) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ગુન્હાઓ બાબતે જુદી જુદી એજન્સીઓ સાથે સંકલનમાં રહી ગુન્હા શોધનની કામગીરીમાં એકબીજાને મદદરૂપ થવામાં આવે છે.

(૧૨) સને ૨૦૦૧–૦૨ થી ૨૦૧૦–૧૧ સુધીની વન્યપ્રાણી ક્રાઈમ ડેટા બેંકની માહિતીનું એકત્રીકરણ અને વર્ગીકરણ કરી યોગ્ય રીતે ગોઠવીને ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરોને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૧૩) આ પછીના વર્ષોની એટલે કે ૨૦૧૧–૧૨ થી ૨૦૧૩–૧૪ ની માહિતી એકત્રીકરણ અને વર્ગીકરણ કરી ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરોને મોકલવા માટે તૈયાર કરવામાં આવેલ છે.

(૧૪) સને ૨૦૧૨ અને ૨૦૧૪માં વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ દ્વારા બેઠકો યોજી પ્રેઝન્ટેશન દ્વારા સેલના સભ્યો સાથે માહિતીનું આદાન–પ્રદાન કરી સેલને વધુ કાર્યક્ષમ બનાવવાના ઉપાયો રજુ કરવામાં આવેલ હતા.

(૧૫) ભારત સરકારના પર્યાવરણ, વન અને કલાઈમેટ ચેઈન્જ મંત્રાલયના વાઈલડ લાઈફ ડીવીઝન દ્વારા હાલના વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨નું આધુનીકરણ અને સરળીકરણ કરવા માટેની સમિતિમાં ક્રાઈમ સેલના મેમ્બર સેક્રેટરીશ્રી અને મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી ક્રાઈમ સેલ આ સમિતિના સભ્ય તરીકે પોતાનું યોગદાન આપી રહ્યા છે.

(૧૬) ચાલુ વર્ષમાં ભારત સરકારશ્રીના વન્યપ્રાણી ક્રાઈમ કન્ટ્રોલ બ્યુરો દ્વારા વાઈલ્ડ લાઈફ ક્રાઈમ ડેટા બેઝ મેનેજમેન્ટ સિસ્ટમની વેબસાઈટ ડેવલપ કરવામાં આવી છે. આ વેબસાઈટમાં રાજ્યના તમામ ડીવીઝનોના નાયબ વન સંરક્ષશ્રીઓને E-mail અને યુઝર આઈ. ડી. તથા પાસવર્ડ આપી સાંકળી લેવામાં આવેલ છે. જેનાથી નાયબ વન સંરક્ષકશ્રી, વિભાગીય કક્ષાએથી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ બનાતા તમામ ગુન્હાઓને આ વેબસાઈટ ઉપર તાત્કાલિક અપલોડ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

–––––

જામનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાના ગંભીર રોગથી પીડાતા બાળકો

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત યાદી

અતારાંકિતઃ ૫૯૧૯ (૨૪–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાના કેટલા બાળકો મુખ્યત્વે કયા ગંભીર રોગથી પીડાઇ રહ્યા છે,

(૨) તે અન્વયે કેટલા બાળકોને સરકાર તરફથી જૂન–૨૦૧૫ની સ્થિતિએ શી સહાય/મદદ કરવામાં આવી છે અને

(૩) બાકી રહેલ બાળકોને કયા સમય સુધીમાં મદદ/સહાય કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી : (૧૮–૦૯–૨૦૧૫)

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાના કુલ–૭૦ બાળકો ગંભીર રોગવાળા જોવા મળેલ છે. જેમાં ૩૭ બાળકોને હ્રદયરોગ, ૧૫ બાળકોને કીડનીના રોગ અને ૧૮ બાળકો કેન્સરની બિમારી જોવા મળેલ છે.

(૨) તે અન્વયે આ બાળકોને નીચેની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદયરોગ | યુ. એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

(૩) કોઈ બાળકો સારવાર માટે બાકી રહેતા નથી.

––––––

### રાજ્યમાં ઈન્ટ્રાડર્મલ પધ્ધતિનો અમલ

અતારાંકિતઃ ૬૧૪૬ (૩૧–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) રાજ્યમાં તા. ૩૦ જુન–૨૦૧૫ ની સ્થિતિએ કયા જિલ્લામાં ઈન્ટ્રાડર્મલ પધ્ધતિથી હડકવા વિરોધી રસીનો અમલ કરવાનો બાકી છે,

(૨) ઉકત સ્થિતિએ આ પધ્ધતિનો અમલ બાકી હોવાના શા કારણો છે, અને

(૩) તમામ બાકી રહેલા જિલ્લામાં તેનો અમલ કયાં સુધીમાં કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી : (૧૯–૦૯–૨૦૧૫)

(૧) રાજ્યમાં તા. ૩૦ જુન, ૨૦૧૫ની સ્થિતિએ તમામ જિલ્લાઓમાં ઈન્ટ્રાડર્મલ પધ્ધતિથી હડકવા વિરોધી રસીનો અમલ કરવામાં આવે છે.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

–––––––

### રાજ્યમાં ચાઈનીઝ ચોખાના વેચાણની ફરિયાદ

અતારાંકિતઃ ૬૨૬૯ (૩૧–૦૭–૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) રાજ્યમાં પ્લાસ્ટીકના તત્વોમાંથી બનેલા અને માનવ આરોગ્યને માટે હાનીકારક ચાઈનીઝ ચોખા તા. ૩૦ જુન–૨૦૧૫ ની સ્થિતિએ ખુલ્લેઆમ વેચાઈ રહયા છે, ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો રાજ્યમાં આ નુકશાનકારક ચાઈનીઝ ચોખા વેચાવાના શા કારણો છે, અને

(૩) આ નુકશાનકારક ચાઈનીઝ ચોખાના વેચાણને રોકવા સરકાર દ્વારા શા પગલા લેવાયા છે ?

આરોગ્ય મંત્રીશ્રી : (૧૯–૦૯–૨૦૧૫)

(૧) રાજ્યના કોઈપણ ભાગમાં પ્લાસ્ટીક તત્વોમાંથી બનેલા ચાઈનીઝ ચોખાનું વેચાણ થઈ રહયાની ફરિયાદોમાં કોઈ જ તથ્ય જણાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રાજ્યમાં ફુડ સેફટી ઓફિસરો દ્વારા અવાર–નવાર તપાસ કરવામાં આવે છે. તા. ૧–૧–૧૫ થી તા. ૩૧–૭–૧૫ સુધીમાં કુલ–૬૪ નમૂના લેવામાં આવેલ છે, પરંતુ પ્લાસ્ટીક ચોખાનું વેચાણ થઈ રહયાના કોઈ જ પ્રમાણ મળેલ નથી.

–––––––

ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

અતારાંકિત યાદી

ગૃહ વિભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૫૨૭૨ (૧૫–૦૬–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ગૃહ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે.

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૯–૦૯–૨૦૧૫)

(૧) પત્રક (૧) મુજબ (પાછળના પાના નં. ૧–૨૯/પ.વિ.મુજબ)

(૨) પત્રક (૨) મુજબ (પાછળના પાના નં. ૩૧–૫૯/પ.વિ.મુજબ)

(૩) પત્રક (૩) મુજબ (પાછળના પાના નં. ૬૧–૮૯/પ.વિ.મુજબ) ખાલી જગ્યાઓ છે, જે વહીવટી જરૂરિયાત તથા અનુકૂળતા મુજબ ભરવામાં આવે છે.

(૪) પત્રક (૪) મુજબ (પાછળના પાના નં. ૯૧–૯૭/પ.વિ.મુજબ)

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

જામનગર જિલ્લામાં પોલીસ કર્મચારીઓના કવાર્ટરની મરામત

અતારાંકિતઃ ૫૮૮૨ (૨૭–૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે બનેલા કેટલા રહેણાંક કવાટર્સ તા. ૩૦ જૂન–૨૦૧૫ની સ્થિતિએ જર્જરિત હાલતમાં છે,

(૨) ઉકત સ્થિતિએ, જર્જરિત કવાટર્સની મરામત ન થવાના શા કારણો છે, અને

(૩) આ જર્જરિત કવાટર્સની મરામત–રીપેરીંગ કયાં સુધીમાં કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૯–૦૯–૨૦૧૫)

(૧) ૬૨૭, મકાનો કંડમ છે.

(૨) અને (૩) ચાલુ રહેણાંક મકાનોના બદલે નવા મકાનો બનાવાયેલ છે/નવા મકાનો બનાવવાનું આયોજન છે.

–––––––

જામનગર જિલ્લામાં ગુમ થયેલ સ્ત્રીઓ

અતારાંકિતઃ ૫૯૩૧ (૨૭–૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦ જૂન–૨૦૧૫ની સ્થિતિએ કેટલી સ્ત્રીઓ છેલ્લા ત્રણ વર્ષમાં ગુમ થયેલ નોંધાઈ, અને

(૨) આ ગુમ થયેલ સ્ત્રીઓને કયાં સુધીમાં શોધી કાઢવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪–૦૯–૨૦૧૫)

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | ગુમ થયેલ નોંધાયેલ સ્ત્રીઓ |
|---|---|---|
| ૧ | જામનગર શહેર | ૩૮૫ |
| ૨ | જામનગર | ૬૩ |
| ૩ | ધ્રોલ | ૧૩ |
| ૪ | જોડીયા | ૦૭ |
| ૫ | કાલાવાડ | ૧૩ |
| ૬ | લાલપુર | ૩૫ |
| ૭ | જામજોધપુર | ૩૧ |

(૨) આ ગુમ થયેલ સ્ત્રીઓ પૈકી ૪૮૧ સ્ત્રીઓ શોધી કાઢેલ છે, જ્યારે ૬૬ સ્ત્રીઓ શોધવાની બાકી છે, જેમને શોધી કાઢવાના સઘન પ્રયત્નો ચાલુ છે.

-------

B-15-4 જામનગર જિલ્લામાં આરોપીઓની પાસા હેઠળ અટકાયત બાબત

અતારાંકિતઃ ૫૯૩૪ (૨૭-૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જામનગર જિલ્લામાં સન-૨૦૧૩ તથા ૨૦૧૪ના વર્ષમાં કેટલા આરોપીઓની પાસા હેઠળ અટકાયત થઈ, અને

(૨) તે પૈકી કેટલા આરોપીને પાસા બોર્ડ તથા કેટલા આરોપીને ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૩૦ જુન-૨૦૧૫ ની સ્થિતિએ છોડી મુકાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૯-૦૯-૨૦૧૫)

(૧) ૫૦ આરોપીઓ

(૨) (i) પાસા બોર્ડ દ્વારા ૦૨

(ii) હાઈકોર્ટ દ્વારા ૪૮

-------

મહિલા કેદીની બેરેકમાં ઈલેકટ્રીક બેલ મૂકવા બાબત.

અતારાંકિતઃ ૫૯૬૩ (૩૧-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જેલોમાં મહીલા કેદીની બેરેકમાં જરૂરિયાતના પ્રસંગે/ઈમરજન્સીમાં મદદ માગી શકાય તે માટે ઈલેકટ્રીક બેલ રાખવાની ફરજીયાત જોગવાઈ કરવામાં આવી છે, તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં મહિલા કેદીઓવાળી કઈ જેલોમાં આ જોગવાઈનું તા. ૩૦ જુન-૨૦૧૫ની સ્થિતિએ પાલન થતું નથી, અને

(૩) જ્યાં આ સુવિધા નથી, તે જગ્યાએ કયાં સુધીમાં આ સુવિધા પૂરી પાડવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૮-૦૯-૨૦૧૫)

(૧) હા, પરંતુ આ અંગેનો કોઈ નિયમ નથી.

(૨) રાજ્યમાં મહિલા કેદીઓવાળી દરેક જેલોમાં આ જોગવાઈનું તા. ૩૦ જુન-૨૦૧૫ની સ્થિતિએ પાલન થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

જામનગર જિલ્લાની ડિસ્ટ્રીકટ કોર્ટોમાં પડતર ખૂનના કેસો

અતારાંકિતઃ ૫૯૦૬ (૨૯-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦ જૂન-૨૦૧૫ની સ્થિતિએ ડિસ્ટ્રીકટ કોર્ટમાં કેટલા ખૂન કેસો પડતર છે,

(૨) તે કેસો કેટલા સમયથી પડતર છે, અને

(૩) ઉકત સ્થિતિએ તેનો ઝડપી નિકાલ કરવા શી વ્યવસ્થા થઈ છે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧-૦૯-૨૦૧૫)

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦ જૂન-૨૦૧૫ની સ્થિતિએ ડિસ્ટ્રીકટ કોર્ટમાં ૯૬ ખૂન કેસો પડતર છે.

(૨) તે કેસો આ સાથે સામેલ પત્રકમાં જણાવ્યા મુજબના સમયથી પડતર છે.

(૩) ઉકત સ્થિતિએ તેનો ઝડપી નિકાલ કરવા નીચે મુજબની વ્યવસ્થા થઈ છે.

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આવા કેસોના નિકાલ માટે સતત સતર્કતા રાખવામાં આવે છે.

(૨) આવા કેસોના નિકાલ માટે ગુજરાત લીગલ સર્વિસ ઓથોરીટી એકટ નીચે કાયમી લોક–અદાલત અને કેસ પહેલાની સમજૂતી તથા પતાવટ દ્વારા આવા કેસોનો નિકાલ કરવામાં આવે છે. આ સિવાય દરેક કવાટરમાં મેગા અને જનરલ લોક–અદાલતો યોજવામાં આવે છે અને તે સિવાય જુદા જુદા ખાસ દિવસો જેવા કે આંબેડકર જયંતી, ગાંધી જયંતી, એનએલસએ દિવસ વગેરે જેવા દિવસોના રોજ મેગા અને જનરલ લોક–અદાલતો યોજવામાં આવે છે.

(૩) કેસોના ઝડપી નિકાલ માટે સીવીલ અને ક્રિમીનલ મેન્યુલમાં સુધારો કરી રાજ્યના જિલ્લા ન્યાયતંત્રમાં ૪૫ મિનીટનો ન્યાયિક સમય વધારવામાં આવેલો છે.

(૪) ફરિયાદોના સુખદ ઉકેલ તથા નિવારણ માટે મોટા ભાગના બધાજ જિલ્લાઓમાં ‘‘મેડીએશન સેન્ટર’’ ઉભા કરવામાં આવેલા છે.

(૫) ન્યાયતંત્રને કોમપ્યુટરાઈઝ કરવાની પ્રક્રિયા ચાલુ છે, જેના માત્ર સામાન્ય માણસને તેમના ઘર આંગણે કેસની પરિસ્થિતિ જાણવામાં સક્ષમ કરશે તથા કોર્ટોને જેલ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કેદીની કોર્ટ રૂમમાં હાજરી વગર તેનુ નિવેદન નોંધી ક્રિમીનલ કેસ ચલાવી શકાશે. તેથી પોલીસ વિભાગનો સમય, ઉર્જા અને ખર્ચ ઓછો કરવામાં મદદરૂપ થશે તથા કેદીનું નાસી જવુ ટળશે.

પત્રક

| કેસનો પ્રકાર | તા. ૩૦ જુન–૨૦૧૫ના રોજ પડતર | ૨૦૧૫ | ૨૦૧૪ | ૨૦૧૩ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૦ | ૨૦૦૯ | ૨૦૦૮ | ૨૦૦૭ | ૨૦૦૬ | ૨૦૦૫ | ૨૦૦૪ | ૨૦૦૩ | ૨૦૦૨ | ૨૦૦૧ | ૧૯૯૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખૂન કેસો | ૯૬ | ૦૯ | ૨૧ | ૨૯ | ૨૦ | ૦૪ | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ |
| કુલ કેસો | ૯૬ | ૦૯ | ૨૧ | ૨૯ | ૨૦ | ૦૪ | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ |

––––––

## જામનગર જિલ્લાની સ્પેશ્યલ એસ્કલુઝીવ કોર્ટોમાં પડતર કેસો

અતારાંકિતઃ ૫૯૦૭ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦ જૂન–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પર થતા અત્યાચારો માટેની સ્પેશ્યલ એસ્કલુઝીવ કોર્ટોમાં કેસો પડતર છે,

(૨) તે કેસો કેટલા સમયથી પડતર છે, અને

(૩) તેનો ઝડપી નિકાલ કરવા ઉક્ત સ્થિતિએ શી વ્યવસ્થા થઈ છે ?

કાયદા મંત્રીશ્રી : (રાજયકક્ષા) (૨૧–૦૯–૨૦૧૫)

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦ જૂન–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પર થતા અત્યાચારો માટેની સ્પેશ્યલ એસ્કલુઝીવ કોર્ટોમાં પડતર કેસો પત્રકમાં સામેલ છે.

(૨) પત્રક–૧ માં સામેલ છે.

(૩) તેનો ઝડપી નિકાલ કરવા માટે ઉક્ત સ્થિતિએ નીચે મુજબની વ્યવસ્થા કરેલ છે.

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આવા કેસોના નિકાલ માટે સતત સતર્કતા રાખવામાં આવે છે.

(૨) એટ્રોસીટી અંતર્ગત અનુસૂચિત જાતિના કેસો જિલ્લા કક્ષાએ સ્થાપાયેલ ખાસ કોર્ટોમાં ચલાવવામાં આવે છે.

(૩) કેસોના ઝડપી નિકાલ માટે સીવીલ અને ક્રિમીનલ મેન્યુલમાં સુધારો કરી રાજ્યના જિલ્લા ન્યાયતંત્રમાં ૪૫ મિનીટનો ન્યાયીક સમય વધારવામાં આવેલો છે.

(૪) ન્યાયતંત્રને કોમ્પ્યુટરાઈઝડ કરવાની પ્રક્રિયા ચાલુ છે. જેના માત્ર સામાન્ય માણસને તેમના ઘર આંગણે કેસ સ્ટેટસ જાણવામાં સક્ષમ કરશે તથા કોર્ટોને જેલ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કેદીની કોર્ટ રૂમમાં હાજરી વગર તેનું નિવેદન નોંધી ક્રિમીનલ કેસ ચલાવી શકશે. તે પોલીસ વિભાગનો સમય, ઉર્જા અને ખર્ચ ઓછો કરવામાં મદદરૂપ થશે તથા કેદીનું નાસી જવું ટાળશે.

પત્રક

| વર્ષ | વર્ષવાર પડતર કેસોની માહિતી (૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ |
|---|---|
| ૧૯૯૧ | ૦૧ |
| ૨૦૦૧ | ૦૧ |
| ૨૦૦૫ | ૦૧ |
| ૨૦૦૭ | ૦૧ |
| ૨૦૦૮ | ૦૨ |
| ૨૦૦૯ | ૦૧ |
| ૨૦૧૦ | ૧૧ |
| ૨૦૧૧ | ૧૫ |
| ૨૦૧૨ | ૨૧ |
| ૨૦૧૩ | ૨૭ |
| ૨૦૧૪ | ૫૯ |
| ૨૦૧૫ | ૨૦ |
| તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ કુલ પડતર કેસો | ૧૬૦ |

-------

જામનગર જિલ્લાની નાની સિંચાઈ યોજનાઓમાં કાંપના ભરાવા બાબત

અતારાંકિતઃ ૫૯૦૦ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૪ ની સ્થિતિએ કઈ નાની સિંચાઈ યોજનાઓમાં કુલ ઉંડાઈ સામે કેટલો કાંપ ભરાયો છે,

(૨) આ કાંપ દૂર કરવા શું આયોજન થયું છે, અને

(૩) તે ક્યારે દૂર કરવામાં આવનાર છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી : (૨૮-૦૯-૨૦૧૫)

(૧) જામનગર જિલ્લાની પત્રક મુજબ ૨૫ નાની સિંચાઈ યોજનાઓમાં અંદાજિત સરેરાશ ૦.૩૦ મીટર થી ૫.૫૫ મીટર જેટલો કાંપ ભરાયેલ છે.

(૨) કાંપ ભરાવવો તે કુદરતી પ્રક્રિયા છે અને ડેમની ડીઝાઈનમાં પણ તે માટે જોગવાઈ કરવામાં આવે છે આમ છતાં ડેમોમાં ભરાયેલ કાંપ ખેડૂતો સ્વખર્ચે લઈ જવા માંગતા હોય તો તેને મંજૂરી આપવામાં આવે છે તથા ડેમો ખાલી હોય ત્યારે નાણાંકીય જોગવાઈ ધ્યાને લઈ ક્રમશ: કાંપ કાઢવાની કામગીરી પણ કરવામાં આવે છે.

(૩) ચાલુ વર્ષે ડેમોમાં પાણી ન હોય ત્યાં ખેડૂતોને માંગણી મુજબ મંજૂરીઓ આપવામાં આવશે તથા સરકારશ્રીની નાણાંકીય જોગવાઈની મર્યાદામાં કામગીરી હાથ ધરવામાં આવશે.

પત્રક

| અ. નં. | તાલુકો | નાની સિંચાઈ યોજનાનું નામ | નાની સિંચાઈ યોજનાની કુલ ઉંડાઈ (મી.) | ભરાયેલ કાંપની ઉંડાઈ (મી.) |
|---|---|---|---|---|
| ૧ | કાલાવાડ | બાલંભડી | ૫.૬૪ | ૦.૪૫ |
| ૨ | | ઉંડ-૪ સિંચાઈ યોજના | ૬.૮૫ | નહીવત |
| ૩ | | ઉંડ-૩ સિંચાઈ યોજના | ૧૦.૯૮ | ૧.૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | | ફોફળ–૨ સિંચાઈ યોજના | ૭.૪૩ | ૧.૦૦ |
| ૫ | જામનગર | જગેડી | ૫.૦૫ | ૦.૪૫ |
| ૬ | | રૂપારેલ સિંચાઈ યોજના | ૧૦.૨૦ | નહીવત |
| ૭ | | કંકાવટી સિંચાઈ યોજના | ૮.૧૬ | ૨.૫૦ |
| ૮ | | રંગમતિ સિંચાઈ યોજના | ૭.૨૦ | ૧.૭૫ |
| ૯ | | કુલઝર–૨ સિંચાઈ યોજના | ૯.૨૦ | ૩.૧૦ |
| ૧૦ | | સપડા સિંચાઈ યોજના | ૮.૨૮ | ૩.૪૦ |
| ૧૧ | | વીજરખી સિંચાઈ યોજના | ૭.૬૨ | ૫.૫૫ |
| ૧૨ | | વોડીસંગ સિંચાઈ યોજના | ૧૦.૩૨ | ૧.૨૫ |
| ૧૩ | ધ્રોલ | હમાપર | ૩.૩૦ | ૦.૪૫ |
| ૧૪ | | ગઢડા | ૩.૩૦ | ૦.૪૫ |
| ૧૫ | | નાના ગરેડીયા | ૭.૪૫ | ૦.૪૫ |
| ૧૬ | જામજોધપુર | બમથીયા–૨ | ૫.૦૫ | ૦.૪૫ |
| ૧૭ | | મુઆલ | ૬.૪૦ | ૦.૪૫ |
| ૧૮ | | વેણુ | ૭.૯૨ | ૦.૬૦ |
| ૧૯ | | કુલઝર (કોબા) સિંચાઈ યોજના | ૧૪.૯૦ | ૧.૦૦ |
| ૨૦ | | ઉમિયાસાગર સિંચાઈ યોજના | ૧૦.૭૪ | નહીવત |
| ૨૧ | | ડાય મિણસર સિંચાઈ યોજના | ૧૧.૬૨ | ૩.૨૫ |
| ૨૨ | લાલપુર | રૂપાવટી ના.સિ.યો. (પંચાયત) | ૪.૭૫ | ૦.૪૫ |
| ૨૩ | | ધરમપુર | ૩.૬૦ | ૦.૩૦ |
| ૨૪ | | રૂપાવટ સિંચાઈ યોજના (રાજ્ય) | ૮.૩૧ | ૧.૨૫ |
| ૨૫ | | પુના સિંચાઈ યોજના | ૫.૩૯ | ૩.૫૦ |

–––––––

રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધવામાં આવેલ મકાનો

અતારાંકિતઃ ૫૦૧૨ (૦૬–૦૮–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલા મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા મકાનોનું બાકી છે,

(૩) તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો ફાળો કેટલો છે, અને

(૪) ઉક્ત મકાનો બાંધવા માટે કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ વર્ષવાર વાપરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૯–૦૯–૨૦૧૫)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યના છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કુલ ૫,૧૯,૩૪૧ મકાનો મંજૂર કરવામાં આવ્યા જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મંજૂર કરવામાં આવેલ આવાસો |
|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૧૭૭૬૧૩ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૧૧૫૮૫૪ |
| ૩ | ૨૦૧૨–૧૩ | ૧૦૧૬૭૮ |
| ૪ | ૨૦૧૩–૧૪ | ૯૪૪૮૧ |
| ૫ | ૨૦૧૪–૧૫ | ૨૯૭૧૫ |
| | કુલ... | ૫૧૯૩૪૧ |

જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક –૧ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ ૪૧૮૫૯૮ મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને ૧૦૦૭૪૩ મકાનોનું બાકી છે, જિલ્લાવાર અને વર્ષવાર પૂર્ણ થયેલ આવાસનું પત્રક–૨ અને બાકી આવાસનું પત્રક–૩ આ સાથે સામેલ છે.

(૩) તેમાં કેન્દ્ર સરકારનો ૭૫% અને રાજ્ય સરકારનો ૨૫% ફાળો છે લાભાર્થીઓનો ફાળો નથી.

(૪) ઉક્ત મકાનો બાંધવા માટે કેન્દ્ર સરકારે ફાળવેલ રૂા. ૨૪૨૫૯૭.૧૪ લાખની ગ્રાન્ટ વાપરવામાં આવી. જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | વાપરવામાં આવેલ ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૭૪૧૩૪.૮૩ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૫૩૭૪૦.૮૪ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૪૦૦૪૦.૭૫ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૩૪૮૮૧.૨૯ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૩૯૭૯૯.૪૩ |
| | કુલ... | ૨૪૨૫૯૭.૧૪ |

જેની જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક-૪ આ સાથે સામેલ છે.

પત્રક-૧

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૧૭૦૦ | ૧૭૩૯ | ૭૦૫૨ | ૧૯૨૪ | ૧૨૪૧૫ |
| ૨ | અમરેલી | ૪૩૧૭ | ૯૦૨ | ૧૭૧૫ | ૨૦૦૦ | ૪૦૦ | ૯૩૩૪ |
| ૩ | આણંદ | ૧૮૩૪૮ | ૧૭૭૦ | ૧૯૬૧ | ૧૩૦૦ | ૪૫૦ | ૨૩૮૨૯ |
| ૪ | બનાસકાંઠા | ૧૬૬૩૦ | ૮૭૫૬ | ૬૫૦૦ | ૭૪૭૭ | ૧૭૩૧ | ૪૧૦૯૪ |
| ૫ | ભરૂચ | ૭૩૬૦ | ૬૦૧૯ | ૪૭૧૬ | ૪૫૬૩ | ૧૦૨૬ | ૨૩૬૮૪ |
| ૬ | ભાવનગર | ૪૫૭ | ૬૨૨ | ૨૩૯ | ૧૪૮૫ | ૩૮૬ | ૩૧૮૯ |
| ૭ | દાહોદ | ૧૨૦૪૮ | ૩૪૪૨૪ | ૩૭૭૫૧ | ૧૬૨૨૧ | ૨૮૫૦ | ૧૦૩૨૯૪ |
| ૮ | ડાંગ | ૨૯૩૪ | ૪૬૧૧ | ૪૯૬૩ | ૧૦૨૧ | ૭૭૫ | ૧૪૩૦૪ |
| ૯ | ગાંધીનગર | ૫૪૭ | ૧૮૬ | ૦ | ૪૫૦ | ૨૨૫ | ૧૪૦૮ |
| ૧૦ | જામનગર | ૨૨૪ | ૧૧૫ | ૪૫૨ | ૯૨૦ | ૩૦૪ | ૨૦૧૫ |
| ૧૧ | જૂનાગઢ | ૯૬ | ૧૫૧૭ | ૭૨૮ | ૨૧૫૫ | ૧૪૯૪ | ૫૮૯૪ |
| ૧૨ | કચ્છ | ૩૦૯ | ૩૦૦ | ૫૯૯ | ૯૦૦ | ૩૫૦ | ૨૧૪૯ |
| ૧૩ | ખેડા | ૧૭૬૦૫ | ૧૧૦૯ | ૨૬૮૪ | ૩૧૮૬ | ૯૫૫ | ૭૯૩૪ |
| ૧૪ | મહેસાણા | ૩૫૧૪ | ૧૧૬૫ | ૧૯૯૬ | ૧૨૩૦ | ૪૫૫ | ૮૩૬૦ |
| ૧૫ | નર્મદા | ૧૫૧૦૧ | ૮૦૩૯ | ૫૮૨૧ | ૨૩૮૬ | ૩૨૫ | ૩૧૬૭૨ |
| ૧૬ | નવસારી | ૦ | ૬૯૧ | ૬૯૪ | ૩૧૪૩ | ૪૦૦ | ૪૯૨૮ |
| ૧૭ | પંચમહાલ | ૧૫૧૦ | ૧૦૪૪૩ | ૧૩૭૪૧ | ૮૮૩૨ | ૧૩૦૮ | ૩૫૮૩૪ |
| ૧૮ | પાટણ | ૯૫૧૧ | ૧૭૧૧ | ૧૫૦૪ | ૨૫૦૦ | ૧૨૯૧ | ૧૬૫૧૭ |
| ૧૯ | પોરબંદર | ૦ | ૧૮૯ | ૩૮૫ | ૩૯૨ | ૧૫૦ | ૧૧૧૬ |
| ૨૦ | રાજકોટ | ૩૫૪૫ | ૧૧૯૦ | ૧૪૩૩ | ૨૦૮૫ | ૧૫૧૨ | ૯૭૬૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૨૫૫ | ૧૦૬૧૩ | ૫૭૬૬ | ૧૩૯૨૪ | ૬૩૬૬ | ૪૨૯૨૪ |
| ૨૨ | સુરત | ૯૧૩૧ | ૧૭૮૬ | ૨૧૨ | ૨૧૪૮ | ૧૯૫૦ | ૧૫૨૨૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૪૩૫ | ૨૧૪૦ | ૨૧૪૭ | ૨૮૫૪ | ૭૯૨ | ૧૩૩૬૮ |
| ૨૪ | વડોદરા | ૧૯૦૪૭ | ૧૪૪૪૬ | ૩૨૩૩ | ૩૭૩૫ | ૮૮૮ | ૪૧૩૪૯ |
| ૨૫ | વલસાડ | ૧૩૭૧૩ | ૧૨૧૦ | ૧૯૫ | ૧૪૯૨ | ૧૦૭૯ | ૧૭૬૮૯ |
| ૨૬ | તાપી | ૯૯૭૬ | ૨૦૦ | ૫૦૪ | ૧૦૩૦ | ૩૨૯ | ૧૨૦૩૯ |
| | કુલ... | ૧૭૭૬૧૩ | ૧૧૫૮૫૪ | ૧૦૧૬૭૮ | ૯૪૪૮૧ | ૨૯૭૧૫ | ૫૧૯૩૪૧ |

-------

## અતારાંકિત યાદી

પત્રક–૨

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૧૩૫૫ | ૯૩૦ | ૧૦૫૩ | ૨૬ | ૩૩૬૪ |
| ૨ | અમરેલી | ૪૩૧૭ | ૯૦૨ | ૧૧૩૮ | ૧૧૦૬ | ૧૫૬ | ૭૬૧૯ |
| ૩ | આણંદ | ૧૮૩૪૮ | ૧૭૭૦ | ૧૯૬૧ | ૧૨૨૪ | ૨૬૫ | ૨૩૫૬૮ |
| ૪ | બનાસકાંઠા | ૧૪૪૬૮ | ૭૯૧૨ | ૪૪૪૧ | ૩૩૮૫ | ૩૭૪૬ | ૩૩૯૫૨ |
| ૫ | ભરૂચ | ૪૬૭૫ | ૫૭૩૧ | ૫૫૦૨ | ૨૭૭૫ | ૧૬૩૯ | ૨૦૩૨૨ |
| ૬ | ભાવનગર | ૧૨૪૪ | ૩૪૭ | ૩૪૦ | ૨૭૭ | ૨૭૯ | ૨૪૮૭ |
| ૭ | દાહોદ | ૯૮૯૪ | ૨૩૮૪૧ | ૧૯૭૭૨ | ૫૭૨૮ | ૧૩૪૧૯ | ૭૨૬૫૪ |
| ૮ | ડાંગ | ૨૭૩૧ | ૩૩૯૪ | ૧૮૪૪ | ૧૧૭૬ | ૧૦૮૦ | ૧૦૨૨૫ |
| ૯ | ગાંધીનગર | ૫૬૧ | ૪૬૬ | ૧૦૦ | ૭૨ | ૯૬૭ | ૨૧૬૬ |
| ૧૦ | જામનગર | ૧૩૩ | ૫૧૬ | ૩૩૩ | ૨૮૪ | ૩૭૧ | ૧૬૩૭ |
| ૧૧ | જૂનાગઢ | ૩૯૬૭ | ૯૬૪ | ૬૧૩ | ૭૫૪ | ૧૩૧૩ | ૭૬૧૧ |
| ૧૨ | કચ્છ | ૬૪૯ | ૫૭૧ | ૩૩૩ | ૨૬૪ | ૬૫૭ | ૨૪૭૪ |
| ૧૩ | ખેડા | ૧૬૪૪૦ | ૨૧૬૫ | ૩૨૧ | ૫૮૨ | ૧૩૭૧ | ૨૦૮૭૯ |
| ૧૪ | મહેસાણા | ૨૭૮૯ | ૮૯૩ | ૧૫૯૯ | ૮૧૮ | ૧૯૭ | ૬૨૯૬ |
| ૧૫ | નર્મદા | ૧૩૬૩૮ | ૭૮૦૬ | ૬૨૫૦ | ૧૪૬૦ | ૧૫૪૯ | ૩૦૭૦૩ |
| ૧૬ | નવસારી | ૫૨૭ | ૬૪૩ | ૨૦૬ | ૯૪૬ | ૩૦૭૮ | ૫૪૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૫૧૦ | ૧૦૪૪૩ | ૫૦૫૬ | ૧૧૯૬ | ૪૫૮ | ૧૮૬૬૩ |
| ૧૮ | પાટણ | ૯૧૬૩ | ૧૬૧૨ | ૧૪૧૪ | ૧૦૫૨ | ૫૯૧ | ૧૩૮૩૨ |
| ૧૯ | પોરબંદર | ૮૦૨ | ૩૪૩ | ૨૧૪ | ૧૫૮ | ૪૬૨ | ૧૯૭૯ |
| ૨૦ | રાજકોટ | ૫૨૪૫ | ૧૬૮૧ | ૬૧૮ | ૧૧૭૩ | ૧૨૯૫ | ૧૦૦૧૨ |
| ૨૧ | સાબરકાંઠા | ૫૬૨૦ | ૯૪૮૯ | ૫૭૪૮ | ૨૪૩૨ | ૫૭૭૨ | ૨૯૦૬૧ |
| ૨૨ | સુરત | ૮૮૫૩ | ૨૨૯૦ | ૫૦૩ | ૧૦૯૭ | ૨૨૯૨ | ૧૫૦૩૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૮૯૭ | ૨૭૨૪ | ૧૧૬૦ | ૮૮૭ | ૧૧૦૮ | ૧૦૭૭૬ |
| ૨૪ | વડોદરા | ૧૫૯૫૨ | ૯૮૦૪ | ૨૭૦૪ | ૫૫૮૫ | ૪૯૬૮ | ૩૯૦૧૩ |
| ૨૫ | વલસાડ | ૧૩૭૧૩ | ૧૨૧૦ | ૧૯૫ | ૮૮૦ | ૧૩૨ | ૧૬૧૩૦ |
| ૨૬ | તાપી | ૮૭૪૭ | ૧૭૫૧ | ૨૩૪ | ૫૧૨ | ૧૪૯૬ | ૧૨૭૪૦ |
| | કુલ... | ૧૬૮૮૮૩ | ૧૦૦૬૨૩ | ૬૩૫૨૯ | ૩૬૮૭૬ | ૪૮૬૮૭ | ૪૧૮૫૯૮ |

પત્રક–૩

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૩૪૫ | ૮૦૯ | ૫૯૯૯ | ૧૮૯૮ | ૯૦૫૧ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૫૭૭ | ૮૯૪ | ૨૪૪ | ૧૭૧૫ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૭૬ | ૧૮૫ | ૨૬૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | બનાસકાંઠા | ૨૧૬૨ | ૮૪૪ | ૨૦૫૯ | ૪૦૯૨ | –૨૦૧૫ | ૭૧૪૨ |
| ૫ | ભરૂચ | ૨૬૮૫ | ૨૮૮ | –૭૮૬ | ૧૭૮૮ | –૬૧૩ | ૩૩૬૨ |
| ૬ | ભાવનગર | –૭૮૭ | ૨૭૫ | –૧૦૧ | ૧૨૦૮ | ૧૦૭ | ૭૦૨ |
| ૭ | દાહોદ | ૨૧૫૪ | ૧૦૫૮૩ | ૧૭૯૭૯ | ૧૦૪૯૩ | –૧૦૫૬૯ | ૩૦૬૪૦ |
| ૮ | ડાંગ | ૨૦૩ | ૧૨૧૭ | ૩૧૧૯ | –૧૫૫ | –૩૦૫ | ૪૦૭૯ |
| ૯ | ગાંધીનગર | –૧૪ | –૨૮૦ | –૧૦૦ | ૩૭૮ | –૭૪૨ | –૭૫૮ |
| ૧૦ | જામનગર | ૯૧ | –૪૦૧ | ૧૧૯ | ૬૩૬ | –૬૭ | ૩૭૮ |
| ૧૧ | જુનાગઢ | –૩૮૭૧ | ૫૫૩ | ૧૧૫ | ૧૪૦૧ | ૧૮૧ | –૧૬૨૧ |
| ૧૨ | કચ્છ | –૩૪૦ | –૨૭૧ | ૨૬૬ | ૬૩૬ | –૩૦૭ | –૧૬ |
| ૧૩ | ખેડા | ૧૧૬૫ | –૧૦૫૬ | ૨૩૬૩ | ૨૬૦૪ | –૪૧૬ | ૪૬૬૦ |
| ૧૪ | મહેસાણા | ૭૨૫ | ૨૭૨ | ૩૯૭ | ૪૧૨ | ૨૫૮ | ૨૦૬૪ |
| ૧૫ | નર્મદા | ૧૪૬૩ | ૨૩૩ | –૪૨૯ | ૯૨૬ | –૧૨૨૪ | ૯૬૯ |
| ૧૬ | નવસારી | –૫૨૭ | ૪૮ | ૪૮૮ | ૨૧૯૭ | –૨૬૭૮ | –૪૭૨ |
| ૧૭ | પંચમહાલ | ૦ | ૦ | ૮૬૮૫ | ૭૬૩૬ | ૮૫૦ | ૧૭૧૭૧ |
| ૧૮ | પાટણ | ૩૪૮ | ૯૯ | ૯૦ | ૧૪૪૮ | ૭૦૦ | ૨૬૮૫ |
| ૧૯ | પોરબંદર | –૮૦૨ | –૧૫૪ | ૧૭૧ | ૨૩૪ | –૩૧૨ | –૮૬૩ |
| ૨૦ | રાજકોટ | –૧૭૦૦ | –૪૯૧ | ૮૧૫ | ૯૧૨ | ૨૧૭ | –૨૪૭ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૩૫ | ૧૧૨૪ | ૧૮ | ૧૧૪૯૨ | ૫૯૪ | ૧૩૮૬૩ |
| ૨૨ | સુરત | ૨૭૮ | –૫૦૪ | –૨૯૧ | ૧૦૫૧ | –૩૪૨ | ૧૯૨ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૩૮ | –૫૮૪ | ૯૮૭ | ૧૯૬૭ | –૩૧૬ | ૨૫૯૨ |
| ૨૪ | વડોદરા | ૩૦૯૫ | ૪૬૪૨ | ૫૨૯ | –૧૮૫૦ | –૪૦૮૦ | ૨૩૩૬ |
| ૨૫ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૬૧૨ | ૯૪૭ | ૧૫૫૯ |
| ૨૬ | તાપી | ૧૨૨૯ | –૧૫૫૧ | ૨૭૦ | ૫૧૮ | –૧૧૬૭ | –૭૦૧ |
| | કુલ... | ૮૭૩૦ | ૧૫૨૩૧ | ૩૮૧૪૯ | ૫૭૬૦૫ | –૧૮૯૭૨ | ૧૦૦૭૪૩ |

B-15-5

પત્રક–૪

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૫૯૫.૦૬ | ૫૫૯.૨૩ | ૧૬૩૮.૫૪ | ૨૩૪૧.૫૭ | ૫૧૩૪.૪૦ |
| ૨ | અમરેલી | ૧૬૦૪.૪૩ | ૪૧૪.૯૯ | ૮૩૪.૩૭ | ૮૨૭.૮૨ | ૫૫૧.૮૯ | ૪૨૩૩.૫૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | આણંદ | ૧૧૫૮૨.૩૧ | ૨૭૦૮.૫૨ | ૭૪૦.૩૩ | ૭૯૨.૪૨ | ૬૫૦.૩૧ | ૧૬૪૭૩.૮૯ |
| ૪ | બનાસકાંઠા | ૬૪૮૧.૩૧ | ૪૫૫૫.૭૭ | ૪૧૧૧.૭૯ | ૨૭૭૩.૬૭ | ૨૬૦૯.૦૫ | ૨૦૫૩૧.૫૯ |
| ૫ | ભરૂચ | ૪૧૬૦.૮૦ | ૧૬૩૮.૯૦ | ૧૩૮૬.૮૦ | ૧૨૦૬.૦૦ | ૧૦૫૯.૮૦ | ૯૪૫૨.૩૦ |
| ૬ | ભાવનગર | ૩૧૭.૫૩ | ૨૨૩.૫૫ | ૧૨૪.૨૦ | ૩૧૪.૫૭ | ૫૭૭.૬૯ | ૧૫૫૭.૫૪ |
| ૭ | દાહોદ | ૪૫૧૯.૧૬ | ૧૧૭૬૧.૦૪ | ૧૨૦૬૯.૭૭ | ૯૩૪૨.૯૯ | ૮૧૪૭.૬૭ | ૪૫૮૪૦.૬૩ |
| ૮ | ડાંગ | ૧૧૬૮.૨૦ | ૧૩૪૪.૭૦ | ૧૨૨૮.૬૬ | ૩૮૧.૯૦ | ૧૮૯૧.૩૯ | ૬૦૧૪.૮૫ |
| ૯ | ગાંધીનગર | ૫૦૪.૬૦ | ૧૪૬.૯૪ | ૫૦.૯૨ | ૧૮૬.૧૬ | ૨૪૨.૯૫ | ૧૧૩૧.૫૭ |
| ૧૦ | જામનગર | ૯૮.૬૫ | ૯૩.૦૩ | ૧૩૪.૬૮ | ૨૫૦.૭૯ | ૨૧૦.૭૨ | ૭૮૭.૮૭ |
| ૧૧ | જુનાગઢ | ૪૫૫.૨૯ | ૩૪૯.૪૭ | ૩૬૫.૯૭ | ૫૬૪.૮૫ | ૯૩૮.૪૪ | ૨૬૭૪.૦૨ |
| ૧૨ | કચ્છ | ૪૩૯.૬૮ | ૨૦૪.૩૫ | ૨૪૮.૦૧ | ૨૮૭.૯૭ | ૪૯૪.૪૫ | ૧૬૭૪.૪૬ |
| ૧૩ | ખેડા | ૮૩૧૦.૭૨ | ૪૩૭૪.૫૯ | ૩૦૮૯.૦૧ | ૧૧૬૦.૨૬ | ૧૩૯૭.૩ | ૧૮૩૩૧.૮૮ |
| ૧૪ | મહેસાણા | ૧૨૬૦.૬૯ | ૯૬૪.૪૫ | ૮૨૮.૦૮ | ૮૯૧.૨૮ | ૫૬૨.૨૧ | ૪૫૦૬.૭૧ |
| ૧૫ | નર્મદા | ૬૧૧૭.૬૬ | ૫૦૩૮.૦૭ | ૩૧૬૫.૨૬ | ૧૫૯૮.૨૭ | ૧૦૮૯.૫૭ | ૧૭૦૦૮.૮૩ |
| ૧૬ | નવસારી | ૫૭.૦૪ | ૨૯૩.૪૯ | ૧૬૩.૨૦ | ૬૨૨.૫૯ | ૧૯૧૦.૬૧ | ૩૦૪૬.૯૩ |
| ૧૭ | પંચમહાલ | ૮૨૩.૧૩ | ૨૮૬૫.૨૦ | ૨૭૨૯.૭૮ | ૨૩૪૬.૭૯ | ૨૪૬૨.૦૬ | ૧૧૨૨૬.૯૬ |
| ૧૮ | પાટણ | ૨૯૯૫.૧૪ | ૧૫૨૮.૩૫ | ૮૪૬.૨૩ | ૧૧૬૦.૭૩ | ૧૧૧૪.૪૮ | ૭૬૪૪.૯૩ |
| ૧૯ | પોરબંદર | ૧૦૭.૭૯ | ૮૩.૮૬ | ૧૬૪.૮૫ | ૧૬૮.૫૫ | ૧૯૧.૬૯ | ૭૧૬.૭૪ |
| ૨૦ | રાજકોટ | ૧૧૫૨.૯૫ | ૫૧૬.૯૮ | ૫૫૫.૨૫ | ૯૧૯.૬૫ | ૯૫૭.૬૩ | ૪૧૦૨.૪૬ |
| ૨૧ | સાબરકાંઠા | ૩૦૮.૭૫ | ૩૮૯૨.૮૭ | ૨૨૮૩.૦૧ | ૨૭૪૨.૫૮ | ૪૬૮૫.૯૧ | ૧૩૯૧૩.૧૨ |
| ૨૨ | સુરત | ૪૦૫૩.૩૩ | ૧૦૮૩.૬૮ | ૩૭૩.૪૪ | ૯૮૮.૧૯ | ૧૭૦૭.૦૩ | ૮૨૦૫.૬૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૭૭૯.૦૪ | ૧૨૫૧.૦૮ | ૬૧૩.૩૪ | ૫૯૧.૮૩ | ૮૪૯.૭૯ | ૫૦૮૫.૦૮ |
| ૨૪ | વડોદરા | ૭૩૧૨.૫૩ | ૫૪૮૫.૭૬ | ૨૦૨૪.૩૫ | ૧૮૪૨.૪૯ | ૧૭૧૯.૨૩ | ૧૮૩૮૪.૩૬ |
| ૨૫ | વલસાડ | ૪૫૦૬.૧૯ | ૧૩૯૧.૭૪ | ૧૦૩૨.૬૮ | ૯૧૫.૯૨ | ૯૮૪.૦૧ | ૮૮૩૦.૫૪ |
| ૨૬ | તાપી | ૪૦૧૭.૯૧ | ૯૩૪.૪૦ | ૩૧૭.૫૪ | ૩૬૪.૪૮ | ૪૫૧.૯૮ | ૬૦૮૬.૩૧ |
| | કુલ... | ૭૪૧૩૪.૮૩ | ૫૩૭૪૦.૮૪ | ૪૦૦૪૦.૭૫ | ૩૪૮૮૧.૨૯ | ૩૯૭૯૯.૪૩ | ૨૪૨૫૯૭.૧૪ |

રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા માટે મળેલ અરજીઓ.

અતારાંકિતઃ ૫૦૧૭ (૨૬–૦૮–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર કેટલા આવાસો બનાવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર, જિલ્લાવાર અરજદારોને આવાસ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ અરજદારોને કટેલા સમયમાં આવાસો આપવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી તથા તેના કારણો શા છે ?

માન. પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૩૦-૦૯-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર ૫,૪૧,૪૭૧ આવાસો બનાવવા માટે ૫,૪૧,૪૭૧ અરજીઓ મળી, જેનું વર્ષવાર, જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી ૫,૪૧,૪૭૧ અરજીઓ મંજૂર કરી વર્ષવાર જિલ્લાવાર અરજદારોને આવાસ આપવામાં આવ્યા, જેનું વર્ષવાર, જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક-૧

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૧૭૦૦ | ૧૭૩૯ | ૭૦૫૨ | ૧૯૨૪ | ૧૨૪૧૫ |
| ૨ | અમરેલી | ૪૩૭૧ | ૯૦૨ | ૧૭૧૫ | ૨૦૦૦ | ૪૦૦ | ૯૩૮૮ |
| ૩ | આણંદ | ૧૮૩૮૨ | ૧૭૭૦ | ૧૯૬૭ | ૧૩૦૦ | ૪૫૧ | ૨૩૮૭૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૬૬૩૦ | ૮૭૫૬ | ૬૫૦૦ | ૭૪૭૭ | ૧૭૩૧ | ૪૧૦૯૪ |
| ૫ | ભરૂચ | ૭૩૬૦ | ૬૦૧૯ | ૪૭૧૬ | ૪૫૬૩ | ૧૦૨૬ | ૨૩૬૮૪ |
| ૬ | ભાવનગર | ૪૫૭ | ૬૨૨ | ૨૩૯ | ૧૪૮૫ | ૩૮૬ | ૩૧૮૯ |
| ૭ | દાહોદ | ૧૨૦૪૮ | ૩૪૪૨૪ | ૩૭૭૫૧ | ૧૬૨૨૧ | ૨૮૫૦ | ૧૦૩૨૯૪ |
| ૮ | ડાંગ | ૨૯૩૪ | ૪૬૧૧ | ૪૯૬૩ | ૧૦૨૧ | ૭૭૫ | ૧૪૩૦૪ |
| ૯ | ગાંધીનગર | ૫૪૭ | ૧૮૬ | ૦ | ૪૫૦ | ૨૨૫ | ૧૪૦૮ |
| ૧૦ | જામનગર | ૩૬૬ | ૨૨૫ | ૧૦૩૩ | ૧૭૭૨ | ૭૮૯ | ૪૧૮૫ |
| ૧૧ | જુનાગઢ | ૯૬ | ૧૫૧૭ | ૭૨૮ | ૨૧૫૫ | ૧૪૯૪ | ૫૯૯૦ |
| ૧૨ | કચ્છ | ૩૦૯ | ૩૦૦ | ૫૯૯ | ૯૦૦ | ૩૫૦ | ૨૪૫૮ |
| ૧૩ | ખેડા | ૧૭૬૦૫ | ૧૧૦૯ | ૨૬૮૪ | ૩૧૮૬ | ૯૫૫ | ૨૫૫૩૯ |
| ૧૪ | મહેસાણા | ૩૫૧૪ | ૧૧૭૧ | ૨૧૪૦ | ૧૨૩૦ | ૪૫૪ | ૮૫૦૯ |
| ૧૫ | નર્મદા | ૧૫૧૦૧ | ૮૦૩૯ | ૫૮૨૧ | ૨૩૮૬ | ૩૨૫ | ૩૧૬૭૨ |
| ૧૬ | નવસારી | ૦ | ૬૯૧ | ૬૯૪ | ૩૧૪૩ | ૪૦૦ | ૪૯૨૮ |
| ૧૭ | પંચમહાલ | ૧૮૫૭ | ૧૭૦૩૪ | ૧૯૯૭૮ | ૧૪૦૩૦ | ૨૬૭૫ | ૫૫૫૭૪ |
| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
| ૧૮ | પાટણ | ૯૫૧૧ | ૧૭૧૧ | ૧૫૦૪ | ૨૫૦૦ | ૧૨૯૧ | ૧૬૫૧૭ |
| ૧૯ | પોરબંદર | ૦ | ૧૮૯ | ૩૮૫ | ૩૯૨ | ૧૫૦ | ૧૧૧૬ |
| ૨૦ | રાજકોટ | ૩૫૪૫ | ૧૧૯૦ | ૧૪૩૩ | ૨૦૮૫ | ૧૫૧૨ | ૯૭૬૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૨૫૫ | ૧૦૬૧૩ | ૫૭૬૬ | ૧૩૯૨૪ | ૬૩૬૬ | ૪૨૯૨૪ |
| ૨૨ | સુરત | ૯૧૦૭ | ૧૭૮૬ | ૨૧૨ | ૨૧૪૮ | ૧૯૫૦ | ૧૫૨૦૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૪૩૫ | ૨૧૪૦ | ૨૧૪૭ | ૨૮૫૪ | ૭૯૨ | ૧૩૩૬૮ |
| ૨૪ | વડોદરા | ૧૯૦૪૭ | ૧૪૪૪૬ | ૩૨૩૩ | ૩૭૩૫ | ૮૮૮ | ૪૧૩૪૯ |
| ૨૫ | વલસાડ | ૧૩૭૧૩ | ૧૨૧૦ | ૧૯૫ | ૧૪૯૨ | ૧૦૭૯ | ૧૭૬૮૯ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | તાપી | ૯૯૭૬ | ૨૦૦ | ૫૦૪ | ૧૦૩૦ | ૩૨૯ | ૧૨૦૩૯ |
| | કુલ... | ૧૭૮૧૬૬ | ૧૨૨૫૬૧ | ૧૦૮૬૪૬ | ૧૦૦૫૩૧ | ૩૧૫૬૭ | ૫૪૧૪૭૧ |

પત્રક–૨

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૧૭૦૦ | ૧૭૩૯ | ૭૦૫૨ | ૧૯૨૪ | ૧૨૪૧૫ |
| ૨ | અમરેલી | ૪૩૭૧ | ૯૦૨ | ૧૭૧૫ | ૨૦૦૦ | ૪૦૦ | ૯૩૮૮ |
| ૩ | આણંદ | ૧૮૩૮૨ | ૧૭૭૦ | ૧૯૬૭ | ૧૩૦૦ | ૪૫૧ | ૨૩૮૭૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૬૬૩૦ | ૮૭૫૬ | ૬૫૦૦ | ૭૪૭૭ | ૧૭૩૧ | ૪૧૦૯૪ |
| ૫ | ભરૂચ | ૭૩૬૦ | ૬૦૧૯ | ૪૭૧૬ | ૪૫૬૩ | ૧૦૨૬ | ૨૩૬૮૪ |
| ૬ | ભાવનગર | ૪૫૭ | ૬૨૨ | ૨૩૯ | ૧૪૮૫ | ૩૮૬ | ૩૧૮૯ |
| ૭ | દાહોદ | ૧૨૦૪૮ | ૩૪૪૨૪ | ૩૭૭૫૧ | ૧૬૨૨૧ | ૨૮૫૦ | ૧૦૩૨૯૪ |
| ૮ | ડાંગ | ૨૯૩૪ | ૪૬૧૧ | ૪૯૬૩ | ૧૦૨૧ | ૭૭૫ | ૧૪૩૦૪ |
| ૯ | ગાંધીનગર | ૫૪૭ | ૧૮૬ | ૦ | ૪૫૦ | ૨૨૫ | ૧૪૦૮ |
| ૧૦ | જામનગર | ૩૬૬ | ૨૨૫ | ૧૦૩૩ | ૧૭૭૨ | ૭૮૯ | ૪૧૮૫ |
| ૧૧ | જુનાગઢ | ૯૬ | ૧૫૧૭ | ૭૨૮ | ૨૧૫૫ | ૧૪૯૪ | ૫૯૯૦ |
| ૧૨ | કચ્છ | ૩૦૯ | ૩૦૦ | ૫૯૯ | ૯૦૦ | ૩૫૦ | ૨૪૫૮ |
| ૧૩ | ખેડા | ૧૭૬૦૫ | ૧૧૦૯ | ૨૬૮૪ | ૩૧૮૬ | ૯૫૫ | ૨૫૫૩૯ |
| ૧૪ | મહેસાણા | ૩૫૧૪ | ૧૧૭૧ | ૨૧૪૦ | ૧૨૩૦ | ૪૫૪ | ૮૫૦૯ |
| ૧૫ | નર્મદા | ૧૫૧૦૧ | ૮૦૩૯ | ૫૮૨૧ | ૨૩૮૬ | ૩૨૫ | ૩૧૬૭૨ |
| ૧૬ | નવસારી | ૦ | ૬૯૧ | ૬૯૪ | ૩૧૪૩ | ૪૦૦ | ૪૯૨૮ |
| ૧૭ | પંચમહાલ | ૧૮૫૭ | ૧૭૦૩૪ | ૧૯૯૭૮ | ૧૪૦૩૦ | ૨૬૭૫ | ૫૫૫૭૪ |
| ૧૮ | પાટણ | ૯૫૧૧ | ૧૭૧૧ | ૧૫૦૪ | ૨૫૦૦ | ૧૨૯૧ | ૧૬૫૧૭ |
| ૧૯ | પોરબંદર | ૦ | ૧૮૯ | ૩૮૫ | ૩૯૨ | ૧૫૦ | ૧૧૧૬ |
| ૨૦ | રાજકોટ | ૩૫૪૫ | ૧૧૯૦ | ૧૪૩૩ | ૨૦૮૫ | ૧૫૧૨ | ૯૭૬૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૨૫૫ | ૧૦૬૧૩ | ૫૭૬૬ | ૧૩૯૨૪ | ૬૩૬૬ | ૪૨૯૨૪ |
| ૨૨ | સુરત | ૯૧૦૭ | ૧૭૮૬ | ૨૧૨ | ૨૧૪૮ | ૧૯૫૦ | ૧૫૨૦૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૪૩૫ | ૨૧૪૦ | ૨૧૪૭ | ૨૮૫૪ | ૭૯૨ | ૧૩૩૬૮ |
| ૨૪ | વડોદરા | ૧૯૦૪૭ | ૧૪૪૪૬ | ૩૨૩૩ | ૩૭૩૫ | ૮૮૮ | ૪૧૩૪૯ |
| ૨૫ | વલસાડ | ૧૩૭૧૩ | ૧૨૧૦ | ૧૯૫ | ૧૪૯૨ | ૧૦૭૯ | ૧૭૬૮૯ |
| ૨૬ | તાપી | ૯૯૭૬ | ૨૦૦ | ૫૦૪ | ૧૦૩૦ | ૩૨૯ | ૧૨૦૩૯ |
| | કુલ... | ૧૭૮૧૬૬ | ૧૨૨૫૬૧ | ૧૦૮૬૪૬ | ૧૦૦૫૩૧ | ૩૧૫૬૭ | ૫૪૧૪૭૧ |

## અંતેલા ગામે ગૌચર જમીન પર દબાણ

અતારાંકિતઃ ૫૭૬૨ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) દેવગઢબારીયા તાલુકાના અંતેલા ગામે ગૌચર જમીન પર તા. ૩૧ માર્ચ–૨૦૧૫ની સ્થિતિએ ગેરકાનૂની દબાણો ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ દબાણો કેવા પ્રકારના છે અને તે કેટલા સમયથી છે, અને

(૩) આ ગેરકાયદે દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૩૦–૦૯–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) આ દબાણો હંગામી પ્રકારના હતાં તથા છેલ્લા ૩ (ત્રણ) માસથી દબાણ કરેલ હતાં.

(૩) દબાણ દૂર કરવામાં આવેલ છે.

-------

અમરેલી, સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં નીતિ વિરૂધ્ધ જમીનનો નિકાલ

અતારાંકિતઃ ૫૮૩૪ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં મહેસુલ વિભાગ હસ્તકના તમામ સરોવરો, તળાવો, તલાવડી, જળાશયોની જમીનના નિકાલ કરવા પર રાજ્ય સરકારે તા. ૨૭-૮-૨૦૦૧ના રોજ આદેશ પ્રસિધ્ધ કરી પ્રતિબંધ મુક્યો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમરેલી, સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કયા સરોવરો, તળાવો, તલાવડી, જળાશયોની જમીનનો સરકારની પોલીસીની વિરૂધ્ધ ગેરકાયદે નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શી કાનુની અને શિક્ષાત્મક કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) : (૨૯-૦૯-૨૦૧૫)

(૧) હા જી,

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં નીતિ વિરૂધ્ધ જમીનનો નિકાલ

અતારાંકિતઃ ૫૮૩૬ (૨૭-૦૭-૨૦૧૫) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં મહેસુલ વિભાગ હસ્તકના તમામ સરોવરો, તળાવો, તલાવડી, જળાશયોની જમીનના નિકાલ કરવા પર રાજ્ય સરકારે તા. ૨૭-૮-૨૦૦૧ના રોજ આદેશ પ્રસિધ્ધ કરી પ્રતિબંધ મૂક્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કયા સરોવરો, તળાવો, તલાવડી, જળાશયોની જમીનનો સરકારની પોલીસીની વિરૂધ્ધ ગેરકાયદે નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે જવાબદારો સામ શી કાનુની અને શિક્ષાત્મક કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (મેહસુલ) : (૨૯-૦૯-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

જામનગર જિલ્લામાં નિયમ-૧૦૮(૬) હેઠળના બાકી કેસ

અતારાંકિતઃ ૫૮૮૪ (૨૩-૭-૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૪ની સ્થિતિએ જમીન મહેસુલ નિયમોના નિયમ-૧૦૮(૬) હેઠળના કેટલા કેસો પડતર છે,

(૨) તે પૈકી ૧ વર્ષ સુધીના અને ૬ માસ સુધીના કેટલા કેસો પડતર છે, અને

(૩) ઉકત સ્થિતિએ પડતર કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) : (૧૬-૦૯-૨૦૧૫)

(૧) ૧૬૧

(૨) એક વર્ષ સુધીના-૭૨
 ૬ માસ સુધીના-૪૨

(૩) અર્ધન્યાયિક પ્રક્રિયા હોવા છતાં, બનતી ત્વરાએ

-------

## અતારાંકિત યાદી

### જામનગર જિલ્લામાં વારસાઈ હકકોની નોંધોની અરજીઓ

અતારાંકિતઃ ૫૮૮૬ (૨૩–૭–૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર વારસાઈ હકકોની નોંધોની કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ કેટલી વારસાઈ નોંધો પાડવાની બાકી છે અને તેના શા કારણો છે, અને

(૩) બાકી રહેલ તમામ નોંધો કયાં સુધીમાં પાડવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) : (૧૬–૦૯–૨૦૧૫)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | ૧૦૯ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૧૬૬૦ |
| ૩ | ધ્રોલ | ૬૫૪ |
| ૪ | જોડીયા | ૧૦૫૨ |
| ૫ | કાલાવડ | ૨૧૧૧ |
| ૬ | લાલપુર | ૧૧૧૩ |
| ૭ | જામજોધપુર | ૧૨૯૪ |
| | કુલ | ૭૯૯૩ |

(૨) ઉકત તમામ નોંધો પાડવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### જામનગર જિલ્લામાં હકકપત્રક નોંધોનો નિકાલ બાકી

અતારાંકિતઃ ૫૮૯૦ (૨૩–૭–૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી કેટલા હકકપત્રકોની નોંધોનો આખરી નિકાલ કરી પ્રમાણીત કરવાની તાલુકાવાર બાકી છે,

(૨) ઉકત નોંધ નિકાલ બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) આ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) : (૧૬–૦૯–૨૦૧૫)

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી હકકપત્રકોની નોંધોનો આખરી નિકાલ કરી પ્રમાણિત કરવાના બાકી કેસો |
|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | શૂન્ય |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | શૂન્ય |
| ૩ | ધ્રોલ | શૂન્ય |
| ૪ | જોડીયા | શૂન્ય |
| ૫ | કાલાવાડ | શૂન્ય |
| ૬ | લાલપુર | શૂન્ય |
| ૭ | જામજોધપુર | ૧ (એક) |

(૨) તકરારી હોવાથી,

(૩) તા. ૧૨–૫–૨૦૧૫ ના હુકમથી સદર નોંધ પ્રમાણિત કરી નિકાલ કરવામાં આવેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### જામનગર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોના કોમ્પ્યુટરો બંધ હોવા અંગે

અતારાંકિતઃ ૫૯૧૧ (૨૪–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર જિલ્લાના કયા કયા તાલુકામાં ઈ–ધરા કેન્દ્રોના કોમ્પ્યુટરો તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ બંધ છે,

(૨) તેના શા કારણો છે અને તે માટે કોણ જવાબદાર છે, અને

(૩) ઉકત સ્થિતિએ તમામ બંધ પડેલા કોમ્પ્યુટરો કયારે પુનઃ કાર્યરત કરી દેવાશે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) : (૧૮-૦૯-૨૦૧૫)

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૪ ની સ્થિતિએ કોઈ ઈ-ધરા કેન્દ્રના કોમ્પ્યુટરો બંધ રહેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

રાજ્યમાં વીજ માંગ

અતારાંકિતઃ ૪૮૫૩ (૨૪-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી વિજ માંગ હતી તે સામે કેટલી વિજળીનું ઉત્પાદન થયું, અને

(૨) રાજ્યમાં વિજ માંગને પહોંચી વળવા સરકારે વિજળી કયા ભાવે કોની કોની પાસેથી ખરીદી ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૮-૦૯-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રહેલ મહતમ વિજમાંગની વિગત નીચે મુજબ છે.

રાજ્યના ગ્રાહકોની વિજમાંગ પુરી કરવા હેતુ જી.યુ.વી.એન.એલ. દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં મેળવવામાં આવેલ ઉત્પાદિત વિજળીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મહત્તમ વિજમાંગ (મે.વો.) | જી.યુ.વી.એન.એલ. દ્વારા મેળવાયેલ ઉત્પાદન (મલીયન યુનીટસ) |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૦૪૬૧ | ૬૦૪૭૧ |
| ૨૦૧૧-૧૨ | ૧૧૨૦૯ | ૬૫૮૨૭ |
| ૨૦૧૨-૧૩ | ૧૨૩૪૮ | ૭૩૨૫૩ |
| ૨૦૧૩-૧૪ | ૧૨૫૭૭ | ૭૦૫૪૯ |
| ૨૦૧૪-૧૫ | ૧૪૦૦૫ | ૮૧૩૩૦ |

રાજ્યની સ્થાપિત વિજક્ષમતા, રાજ્યના તમામ ગ્રાહકોની વિજમાંગ પુરી કરવા સક્ષમ હોવાથી, મહત્તમ વિજમાંગ પુરી કરવામાં આવેલ છે.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય દ્વારા ખરીદવામાં આવેલી વીજળીના ભાવની વિગત નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (પ્રોવિઝનલ) |
|---|---|---|---|---|---|
| (અ) પરંપરાગત સ્ત્રોત | | | | | |
| કેન્દ્રીય સાહસો | ૨.૧૯ | ૨.૬૪ | ૨.૫૬ | ૨.૯૩ | ૨.૯૭ |
| ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી લી | ૨.૯૯ | ૩.૨૧ | ૩.૭૪ | ૪.૨૨ | ૪.૧૮ |
| સરકારી ક્ષેત્રના આઇપીપી | ૨.૯૪ | ૩.૨૦ | ૩.૬૧ | ૪.૦૧ | ૪.૦૩ |
| ખાનગી સાહસો | | | | | |
| ખાનગી ક્ષેત્રના આઈપીપી | ૨.૬૭ | ૩.૨૫ | ૪.૦૭ | ૫.૨૪ | ૪.૯૫ |
| સ્પર્ધાત્મક બિડાણ પદ્ધતિની કંપનીઓ | ૨.૮૨ | ૨.૫૭ | ૨.૬૭ | ૨.૭૭ | ૨.૬૩ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૩.૦૯ | ૨.૫૩ | ૨.૬૫ | ૨.૫૨ | ૨.૪૧ |
| (બ) બિનપરંપરાગત સ્ત્રોત | | | | | |
| પવનચક્કી | ૩.૩૯ | ૩.૪૨ | ૩.૩૭ | ૩.૪૪ | ૩.૪૯ |
| સોલારર પાવર | ૧૫.૦૦ | ૧૪.૯૪ | ૧૪.૦૪ | ૧૩.૪૨ | ૧૪.૧૨ |
| બાયોમાસ-મીની હાઈડલ | ૩.૬૮ | ૪.૦૪ | ૩.૮૯ | ૩.૭૩ | ૩.૬૯ |

* ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની લી. ડોમેસ્ટિક ગેસ આધારિત વીજ મથક છે. જેમની સાથે વીજ ખરીદીના લાંબાગાળાના કરાર થયેલ છે. આ વીજ મથકને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકમાંથી પૂરી ક્ષમતાએ વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી. પરંતુ, કરારની શરતો મુજબ ઉપર દર્શાવેલ ફયુલ કોસ્ટ ઉપરાંત ફીક્ષ્ડ કોસ્ટ પણ ચુકવવી પડે છે.

-------

## અતારાંકિત યાદી

### બંદર પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૫૧૪૭ (૨૭–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ બંદરો પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવામાં આવશે, અને

(૪) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (બંદરો) : (૨૮–૦૯–૨૦૧૫)

રાજ્ય સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના બંદર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરી ગુજરાત મેરીટાઇમ બોર્ડની માહિતી ખંડવાર નીચે મુજબ છે.

(૧) મંજુર મહેકમની વિગતો નીચે મુજબ છે.

| બંદર પ્રભાગ | | | ગુજરાત મેરીટાઇમ બોર્ડ | |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૪ | | વર્ગ–૧ | ૯૩ |
| વર્ગ–૨ | ૪ | | વર્ગ–૨ | ૧૯૮ |
| વર્ગ–૩ | ૫ | | વર્ગ–૩ | ૧૦૬૦ |
| વર્ગ–૪ | ૩ | | વર્ગ–૪ | ૯૯૯ |
| કુલ | ૧૬ | | કુલ | ૨૩૫૦ |
| આ અંગેની સંવર્ગવાર માહિતી આ સાથે એનેક્ષર–૧માં સામેલ છે. | | | આ અંગેની સંવર્ગવાર માહિતી આ સાથે એનેક્ષર–૨માં સામેલ છે. | |

(૨) મંજુર મહેકમ પૈકી ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૩ | | વર્ગ–૧ | ૪૪ |
| વર્ગ–૨ | ૪ | | વર્ગ–૨ | ૯૬ |
| વર્ગ–૩ | ૩ | | વર્ગ–૩ | ૬૧૭ |
| વર્ગ–૪ | ૩ | | વર્ગ–૪ | ૮૩૬ |
| કુલ | ૧૩ | | કુલ | ૧૫૯૩ |
| આ અંગેની સંવર્ગવાર માહિતી આ સાથે એનેક્ષર–૧માં સામેલ છે. | | | આ અંગેની સંવર્ગવાર માહિતી આ સાથે એનેક્ષર–૨માં સામેલ છે. | |

(૩) મંજુર મહેકમ પૈકી ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| બંદર પ્રભાગ | | | ગુજરાત મેરીટાઇમ બોર્ડ | |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૧ | | વર્ગ–૧ | ૪૯ |
| વર્ગ–૨ | – | | વર્ગ–૨ | ૧૦૨ |
| વર્ગ–૩ | ૨ | | વર્ગ–૩ | ૪૪૩ |
| વર્ગ–૪ | – | | વર્ગ–૪ | ૧૬૩ |
| કુલ | ૦૩ | | કુલ | ૭૫૭ |
| ૦ આ અંગેની સંવર્ગવાર માહિતી આ સાથે પત્રક–૧માં સામેલ છે.<br>૦ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી | | | ૦ આ અંગેની સંવર્ગવાર માહિતી આ સાથે પત્રક–૨માં સામેલ છે.<br>૦ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. | |

| | | |
|---|---|---|
| કરવામાં આવે છે | | |

(૪)

<table>
<tr><td rowspan="18">તા. ૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં બંદર પ્રભાગમાં કોઈ જગ્યા ભરવામાં આવેલ નથી.</td><td rowspan="18"></td><td colspan="2">તા. ૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત મેરીટાઇમ બોર્ડમાં છેલ્લા ૩ વર્ષમાં ભરવામાં આવેલ જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.</td></tr>
<tr><td>વર્ગ-૧</td><td></td></tr>
<tr><td>૨૦૧૨-૧૩</td><td>૦૭</td></tr>
<tr><td>૨૦૧૩-૧૪</td><td>૦૪</td></tr>
<tr><td>૨૦૧૪-૧૫</td><td>-</td></tr>
<tr><td>વર્ગ-૨</td><td></td></tr>
<tr><td>૨૦૧૨-૧૩</td><td>૧૮</td></tr>
<tr><td>૨૦૧૩-૧૪</td><td>૧૬</td></tr>
<tr><td>૨૦૧૪-૧૫</td><td>૧૨</td></tr>
<tr><td>વર્ગ-૩</td><td></td></tr>
<tr><td>૨૦૧૨-૧૩</td><td>૧૩</td></tr>
<tr><td>૨૦૧૩-૧૪</td><td>૫૦</td></tr>
<tr><td>૨૦૧૪-૧૫</td><td>૨૧</td></tr>
<tr><td>વર્ગ-૪</td><td></td></tr>
<tr><td>૨૦૧૨-૧૩</td><td>-</td></tr>
<tr><td>૨૦૧૩-૧૪</td><td>-</td></tr>
<tr><td>૨૦૧૪-૧૫</td><td>-</td></tr>
<tr><td>કુલ</td><td>૧૪૧</td></tr>
<tr><td></td><td></td><td colspan="2">આ અંગેની સંવર્ગવાર માહિતી આ સાથે પત્રક-૩માં સામેલ છે.</td></tr>
</table>

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-------

રાજ્યમાં નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંકિતઃ ૪૯૯૧ (૨૯-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલયાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પડતર અરજીઓનો નિકાલ કયાં સુધી કરવામાં આવશે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૦૧-૧૦-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત નીચે મુજબ અરજીઓ મળી.

| અનું. | જિલ્લાનું નામ | પાંચ વર્ષ દરમ્યાન મળેલ અરજીઓ | અનું. | જિલ્લાનું નામ | પાંચ વર્ષ દરમ્યાન મળેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૩૭૪ | ૧૮ | મહેસાણા | ૩૧૯૩ |
| ૨ | અમરેલી | ૨૧૫૬ | ૧૯ | પાટણ | ૨૪૪૦ |
| ૩ | બનાસકાંઠા | ૪૦૩૦ | ૨૦ | પંચમહાલ | ૩૨૪૪ |
| ૪ | ભાવનગર | ૪૫૪૬ | ૨૧ | મહિસાગર (લુણાવાડા) | ૨૦૨૮ |
| ૫ | બોટાદ | ૯૭૯ | ૨૨ | દાહોદ | ૧૩૩૫૦ |
| ૬ | ભરૂચ | ૩૭૯૪ | ૨૩ | રાજકોટ | ૬૪૩૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | નર્મદા | ૧૧૬૮ | ૨૪ | મોરબી | ૧૨૫૩ |
| ૮ | ડાંગ | ૫૯૩ | ૨૫ | સુરેન્દ્રનગર | ૧૯૪૯ |
| ૯ | ગાંધીનગર | ૨૪૬૭ | ૨૬ | સાબરકાંઠા | ૨૭૩૯ |
| ૧૦ | જામનગર | ૩૦૫૮ | ૨૭ | અરવલ્લી (મોડાસા) | ૧૬૭૨ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા (વેરાવળ) | ૧૨૭૬ | ૨૮ | સુરત | ૭૦૦૫ |
| ૧૨ | જુનાગઢ | ૨૯૩૭ | ૨૯ | વડોદરા | ૫૬૩૩ |
| ૧૩ | ગીરસોમનાથ | ૨૨૮૬ | ૩૦ | છોટાઉદેપુર | ૧૮૧૫ |
| ૧૪ | પોરબંદર | ૧૧૪૦ | ૩૧ | વલસાડ | ૩૮૭૩ |
| ૧૫ | ખેડા | ૫૩૦૭ | ૩૨ | નવસારી | ૩૦૭૪ |
| ૧૬ | આણંદ | ૧૫૨૦૫ | ૩૩ | તાપી | ૨૭૫૫ |
| ૧૭ | કચ્છ | ૫૪૭૬ | | | |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર નીચે મુજબ છે.

| અનું. | અરજીઓ મંજૂર | અરજીઓ ના મંજૂર | અરજીઓ પડતર |
|---|---|---|---|
| ૧ | ૯૮૪૪૩ | ૨૫૧૪૬ | ૧૯૮૮ |

(૩) બનતી ત્વરાએ

-------

અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૫૧૭૧, ૫૧૮૮, ૫૧૮૯, ૫૫૭૪, ૫૬૯૬, ૫૬૯૮, ૫૮૨૬, ૫૯૨૦, ૫૯૫૯, ૫૯૬૦, ૫૯૬૨, ૬૦૭૧, ૬૨૭૨, ૬૨૭૩, ૬૨૭૫ | ૧૫ |
| ૨ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૬૮૫, ૫૦૫૫, ૫૦૫૯, ૫૭૬૭, ૫૭૬૯, ૫૭૭૧, ૫૭૭૨, ૫૭૭૭, ૫૮૨૫, ૫૮૪૯, ૫૯૫૦, ૫૯૫૧ | ૧૨ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૯૧૯, ૬૧૪૬, ૬૨૬૯ | ૩ |
| ૪ | ગૃહ વિભાગ | ૫૨૭૨, ૫૮૮૨, ૫૯૩૧, ૫૯૩૪, ૫૯૬૩ | ૫ |
| ૫ | કાયદા વિભાગ | ૫૯૦૬, ૫૯૦૭ | ૨ |
| ૬ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૫૯૦૦ | ૧ |
| ૭ | પંચાયતગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૦૧૨, ૫૦૧૭, ૫૭૬૨ | ૩ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૫૮૩૪, ૫૮૩૬, ૫૮૮૪, ૫૮૮૬, ૫૮૯૦, ૫૯૧૧ | ૬ |
| ૯ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૮૫૩ | ૧ |
| ૧૦ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૫૧૪૭ | ૧ |
| ૧૧ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૯૯૧ | ૧ |
| | | કુલ | ૫૦ |

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત રાજય મૂડીરોકાણ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (નાણામંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો વર્ષ ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી જયંતિભાઇ કવાડિયા(રા.ક.ના પંચાયત મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત મેટ્રો લિંક એકસપ્રેસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા(માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું મેટ્રો લિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ,સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી છત્રસિંહ પુ. મોરી (રા. ક.ના પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા( માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત પ્રવાસન નિગમનો લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ( પ્રવાસન મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વર્ષ ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન તથા સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

હિસાબો, ઓડિટ અહેવાલ, વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે
## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગના સન ૧૯૬૩ના ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટ અન્વયેના,

(૧) તાઃ૧૯–૧–૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૬–(૭)–જીઆઇડી–૧૦૨૦૦૯–૯૬૧–(પી.એફ.૧)–જી

(૨) તાઃ૧૯–૧–૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૬–(૮)–જીઆઇડી–૧૦૨૦૦૯–૨૫૧૩–જીના જાહેરનામા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

શ્રમ અને રોજગાર વિભાગનું જાહેરનામું.

શ્રી દિલીપકુમાર વિરાજી ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગનું સન ૧૯૪૮ના ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેનું તા.૧૨–૮–૨૦૧૫નું જાહેરનામા ક્રમાંક–જીએચઆર–૨૦૧૫–૧૪૯–જીએસઇ–૧૯–૨૦૧૩–૩૨૨૮–એમ(૩)નું જાહેરનામું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં બધાને ગમે એવાં નાણાંના મંત્રી ગુજરાત સરકારનું નાણાકીય બજેટ લઇને આવ્યા છે. લોકશાહી વ્યવસ્થામાં જયારે સરકારને નાણાં મળે તો એ નાણાંનો ઉપયોગ તેનાં વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે નાણાં ભલે ગમે પણ "ગમતું મળે તો અલ્યા એને ગુંજે ના ભરીએ, ગમતાંનો કરીએ ગુલાલ." જે સરકારને જે નાણાં મળ્યાં છે તે આપણાં પોતાના, માનીતા, જોડાયેલાં તેના હિત માટે નહીં, તેના ગુંજા કે ઘર ભરવા માટે નહીં પણ તે નાણાંનો ઉપયોગ છેલ્લે બેઠેલાં ઝૂંપડામાં ગરીબને જરૂરિયાત છે તો તેને ગુલાલરૂપ પ્રાપ્ત થાય એના માટેનો એ ઉપયોગ હોવો જોઇએ. કમનસીબે આ બજેટમાં જે આયોજનો થયા છે, જે નાણાંનુ વિતરણ થયુ છે તે સામાન્ય માણસનું હિત નહીં સાધે. Gaps between haves and have nots જેના પાસે ખૂબ છે અને જેના પાસે કંઇક ઓછું છે તેના વચ્ચેનું અંતર વધારવાનું કામ એ આ બજેટ કરશે. બજેટન પ્રવચનના પાના નંબર.૧૭ ઉપર હું જોતો હતો તેમાં આ સરકારે વાત કરી છે કે અમે વાયબ્રન્ટ ગુજરાત કરવાના છીએ ૨૦૧૭ અને ૭૦ કરોડ રૂપિયા અમે વાયબ્રન્ટ ગુજરાતના એ ઉત્સવ પાછળ વાપરવાના છીએ. આ વાયબ્રન્ટ ગુજરાતમાં શું હાલત થાય છે તેનો હું આપને એક માત્ર દાખલો આપવા માગુ છું. એક એમ.ઓ.યુ.થયુ અને ૪૨૫૦ કરોડ રૂપિયાનું એમ.ઓ.યુ. એન.એ.કન્સ્ટ્રકશન સાથે આપે કર્યુ. એ એમ.ઓ.યુ. થયુ મેં કાલે ઇન્ટરનેટ ઉપર બેસીને સર્ચ માર્યુ વાયબ્રન્ટ ગુજરાત અને એન.એ.કન્સ્ટ્રકશન. પ્રેસ કોન્ફરન્સ કરીને એ કહે છે કે અમારી ગુજરાત સરકાર સાથે ભાગીદારી છે. વન બીએચકે ફલેટ અમે આપવાના છીએ અને આ માટે ફલેટની કિંમત દસ લાખ એકાવન હજાર રૂપિયા અને અગિયાર હજાર રૂપિયામાં ફોર્મ મળશે, અઢી લાખ રૂપિયાનો તમારે પહેલો હપ્તો ભરવાનો પછી વીસ વર્ષ સુધી હપ્તા ભરવાના. એક રૂમવાળો ફલેટ લેવા જનારો માણસ તે ગરીબ માણસ હોય છે. તે માણસ જુએ કે આ તો સરકાર સાથે જોઇન્ટ પ્રોજેકટ છે, વાયબ્રન્ટ ગુજરાતમાં આનું એમ.ઓ.યુ.થયેલુ છે એટલે આમાં તો નાણાં રોકવામાં ચિંતા જ શું હોઇ શકે અને માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના એવા ગરીબ,મધ્યમ વર્ગના ૩૨૬૪ લોકોએ આ એન.એ.કન્સ્ટ્રકશનને પૈસા આપ્યા. સાહેબ, એ પછી ખબર પડી કે આ તો ફ્રોડ હતો આના પાસે એક ફૂટ પણ જગ્યા નથી અને લોકોના નાણાં લઇ લીધા છે. ૩૨૬૪ લોકો તે ગરીબ માણસો છે "હાય ગરીબ કી કદી ન ખાલી જાય, મુએ ઢોર કે ચર્મ સે લોહા ભી ભસ્મ હો જાય." આપણને તેનું દર્દ સમજાવું જોઇએ. હું નાણામંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું કે, આ ૩૨૬૪ના નાણાં ડૂબ્યા એ સરકારે વાયબ્રન્ટ ગુજરાતમાં એમ.ઓ.યુ. ના કર્યુ હોત તો ના ડૂબત. જો આપે તરત જ જાહેર કરી દીધુ હોત કે આ સરકારનો જોઇન્ટ પ્રોજેકટ નથી તો આ લોકો પૈસા ના આપત. પ્રેસ કોન્ફરન્સ આવે અને તરત જ આપે જાહેર કર્યુ હોત કે આમાં નાણાં નહીં રોકતા પણ તમારા એક વ્યકિતએ એમ.ઓ.યુ.ની લાયમાં પડયા વગર એની પાસે જમીન છે કે નહીં તે જોવાની ચિંતા કરી હોતને સાહેબ તો આ ગરીબ માણસની આંતરડી કકડે એવો રૂપિયો એમાં ડૂબ્યો ના હોત. ત્યારે મારી વિનંતી આપને છે કે, આ ૩૨૬૪ને, જે એમનાં નાણાં ડૂબ્યાં હોય એ આધાર પૂરાવા લઇને આવે અને સરકાર એ પૈસા ચૂકવી આપે અને એન.એ. કન્ટ્રકશનવાળા પાસેથી નાક દબાવીને જયારે વસૂલ થાય ત્યારે આપ વસૂલ કરજો, અને કદાચ બે લાખ વસૂલ નહીં થાયને તો એ આપણો ગરીબ ભાઇ આપણી ભૂલના કારણે લૂંટાયો છે, એના આશીર્વાદ લેવાનું કામ આ સરકાર કરે, તો ૧૩નો આંકડો કદાચ શૂકનિયાળ હોય તો એ શૂકન માત્ર આપના લાભાર્થે ન હોવું જોઇએ પણ ગુજરાતની જનતાના લાભાર્થે તેરમી વિધાનસભાનું શૂકન પહોંચે એ જોવાનો પ્રયત્ન કરજો.

આ બજેટમાં કહેવામાં આવ્યું છે કે, યુવાનોને રોજગારી, યુવાનોને તક, આપ તો બહુ આંકડાઓ આપો છો ને કે, અમે નંબર વન છીએ, યુવાનોને રોજગારી આપવામાં આ વિભાગે કર્યુ, તે વિભાગે કર્યુ. અરે, સર્ટિફિકેટ લેવા માટે લાંબા કયાં થવાની જરૂર છે? ફિકસ પગારના તલાટી મંત્રીની અઢી ત્રણ હજાર જગ્યા માટે ગુજરાતના લાખો યુવાનો અરજીઓ કરતા હોય આનાથી

વધારે બેરોજગારીનું સર્ટિફિકેટ તમને બીજું કયું જોઇએ છે એ કહો. અને એ પણ કેવું એ જયારે તલાટીની એક્ઝામ આપવા ગયા એમાં ફિક્સ પગારની તલાટીની નોકરીમાં નોકરી મેળવવા એક યુવાન દસ દસ લાખ રૂપિયા આપે છે એ પકડાય છે, આપની સરકારની પોલીસ પકડે છે કે દસ દસ લાખ રૂપિયા લેવાયા હતા, તો એક નોકરીના દસ લાખ રૂપિયા ગુજરાતનો યુવાન આપતો હોય તો તમારી રોજગારી કેટલી મજબૂત હશે કે, દસ લાખ રૂપિયા આપવા માટે મજબૂર થવું પડે છે. પકડાયો એ કોણ પકડાયો? કોની સાથે ફોટા? કઇ પાર્ટીનો એ સભ્ય? એક મંત્રીશ્રી સાથે જોડાયેલી વ્યક્તિ એ તહોમતદાર હોય એવો ફોટો હાઉસમાં રજૂ કરું એ પછી એની ધરપકડ થાય કે આ મંત્રીશ્રીની બાજુમાં છે, એ માણસ પોલીસને મળતા નથી, એ નાસતા–ભાગતા છે અને એ પછી પોલીસ એની ધરપકડ કરે, આ તલાટી કમ મંત્રીની પરીક્ષાઓ? એ પછી એ રદ થયા પછી પરીક્ષાઓ લેવાઇ, એક સીસીટીવીના ફૂટેજ મળ્યા તો સુપરવાઇઝર છે એ એને કાપલીઓ આપીને ચોરીઓ કરાવે છે કે લે લખ, લખ, લખ. એક ગરીબ વિધવાનો કોઇ દીકરો રાત દિવસ મહેનત કરીને ભણીને પરીક્ષા દેવા જાય એને એમ હોય કે મારી મહેનત પ્રમાણે મને નોકરી મળશે, એના બદલે નોકરી પેલા ચોરી કરનારાને જો મળવાની હોય તો આ તંત્રએ જાગવાની જરૂર છે એટલું જ મારે કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સિનિયર મંત્રીશ્રીનો આભાર માનીશ કે, એમણે તક આપી ફિકસ પગારની ચર્ચા કરવા માટે, સબજયુડીસાઇસ મેટરને નામે એને રોકી નહીં શકાય, સરકાર ચર્ચા કરે તો વિરોધપક્ષને અધિકાર મળે. શા માટે આપણે ફિક્સ પગાર આપીએ છીએ? equal pay for equal work એ કોન્સ્ટીટ્યુશનનો સિધ્ધાંત છે. કહેતા હતા કે, આ તો પહેલાંય ચાલતું હતું અને બાપુએ શરૂ કર્યું હતું, અરે, હું કહું છું એમને ગંભીરતાપૂર્વક કહું છું કે, કોઇ રેગ્યુલર મહેકમની જગ્યાઓ ઉપર ફિક્સ પગાર મૂકવાનું કામ ક્યારેય કોઇ સરકારે પહેલાં નહોતું કર્યું, એ કામ આપે આવીને શરૂ કર્યું છે. હા, તમે નવા કોઇ ભરો, જે તમારી ઓફિશિયલ મહેકમની જગ્યા નથી. આ તો તલાટી હોય, શિક્ષક હોય, પોલીસ કોન્સ્ટેબલ હોય, મહેકમની રેગ્યુલર જગ્યાઓ, અને પાંચ વર્ષ થયા પછી પણ એને પૂરતો પગાર મેળવતાં ફાંફાં પડે, ત્રણ વર્ષ તમારી સેવા કરી, અને એણે બીજો ઇન્ટરવ્યુ આપ્યોને એ ઉપર સારી પોસ્ટ પર સિલેક્ટ થાય તો કહે કે હવે ત્યાં આવ્યા એટલે પેલાં ત્રણ વર્ષ ભૂલી જાઓ, હવે નવા પાંચ વર્ષ માટે ફિક્સ પગારમાં નોકરી કરો. શું આ આપના યુવાનો સાથે આપનો વ્યવહાર છે? સરકારી નોકરીઓ કેટલી વસતિએ કેટલાને મળે છે? કેરાલા કે બિહારમાં જઇને પૂછજો, ઉત્તર પ્રદેશમાં પૂછજો અને આપણા આંકડા છે એ ટેબલ ઉપર મૂકજો તો ખબર પડશે કે વસતિદીઠ સરકારી નોકરી કેટલી? આપણે તો પેલા મેળાઓના અને પ્રાઇવેટના જે આંકડાઓ કરીએ છીએ એની વાત હું સમય રહેશે તો પછી કરીશ પણ અત્યારે વિશેષ એની વાત નથી કરવી.

ગરીબનું બાળક એ ઝૂંપડામાં જન્મે અને કોઇ શ્રીમંતને ત્યાં બંગલામાં જન્મેલું બાળક, ઉપરવાળો બંનેને મગજ સરખા આપે છે હું તો કદાચ એમ કહીશ કે, ભગવાન ગરીબના ઘરમાં જન્મેલા બાળકને વધારે તેજ મગજ આપે છે. ઇતિહાસ પણ સાક્ષી છે કે રાજના દીકરાઓને બાણ વિદ્યા ના આવડી કે ભસતા કૂતરાનું મોઢુ સીવી લેવાય, પણ એકલવ્ય જેવો એક આદિવાસીનો દીકરો હતો કે એને વિદ્યા આવડી કે ભસતા કૂતરાનું મોઢુ બહારથી સીવી શકાય. ભસતા કૂતરાનું મોંઢુ બાણથી સીવી શકયા. આપણને એ આદવાસીઓની ચિંતા છે ખરી? એ દીકરા આગળ વધે એક દલિતનો દીકરો આગળ વધે એના માટેની આપણે ચિંતા કરીએ છીએ ખરા? અને જો કરતાં હોઇએ તો જયાં શિક્ષણ લેવા એ દલિત કે આદિવાસીનો દીકરો કે દીકરી જાય છે ત્યાં આગળ એક પણ શિક્ષકની જગ્યા ખાલી ન હોવી જોઇએ એને ભણાવનારા ઉત્તમ શિક્ષકો પૂરતા પગાર સાથે આપણે આપવા જોઇએ. હું એક દાખલો આ સંદર્ભમાં આપીશ. વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં આચાર્યોની ૨૪ જગ્યાઓ છે. અને આ ૨૪–૨૪ આચાર્યોની જગ્યાઓ ખાલી છે. સો ટકા ખાલી, અને એ આજકાલથી ખાલી છે એવું નથી સાહેબ, ૨૪ પૈકીની ૧૮ જગ્યાઓ છે એ સન ૨૦૦૯થી ખાલી છે. બાકીની ૨૦૧૧થી ખાલી છે. આઠ આઠ વર્ષ સુધી આપણે સો ટકા આદિવાસી જિલ્લામાં આચાર્યોની જગ્યાઓ ન ભરતા હોઇએ અને પછી આપણે આદિવાસીભાઇઓને વનબંધુ કલ્યાણ કરીને જો આપણે કરતાં હોઇએ તો મને લાગે છે કે આનાથી મોટું બીજું અપમાન કે અન્યાય આ વિસ્તારને બીજો કોઇ ન હોઇ શકે.

મેઇક ઇન ઇન્ડિયા, જો સૂત્રોના સજાવટથી કામ થઇ જતું હોય તો તો પછી મને લાગે છે કે આપણે કોઇ ચિંતા જ રહેતી નથી. મેક ઇન ઇન્ડિયાનો લોગો એ આપણે બહારના દેશમાં બનાવવા જઇએ, અને ચાઇનાના લોકોને અહીંયા આપણે રીવરફ્રન્ટ પર બોલાવીને મિજબાની કરીએ અને મોરબીનો સિરામીક ઉદ્યોગ હોય, ભાવનગરનો પ્લાસ્ટિક ઉદ્યોગ હોય કે રાજકોટનો નાના મશીનરી સ્પેરપાર્ટસવાળો માણસ હોય એને મુશ્કેલી કોણ કરે છે? ચાઇનાની ડમ્પીંગ પોલિસી કરે છે, ચાઇનાના ઉદ્યોગોના કારણે થાય છે. મારે એ કહેવું છે કે આપ ચાઇનાને ભૂલી જાવ અને અહીંનાને પ્રેમ કરો તો બહુ સારું થશે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આપ મેક ઇન ઇન્ડિયાની વાત કરો છો, આપના અકરીમોટા ખાતે પાવર પ્લાન્ટ છે, આજ સુધી સાહેબ ગુજરાત સરકાર એને ચલાવતી હતી આ મેક ઇન ઇન્ડિયાવાળા મિત્રોએ કોરીયન કંપનીને આપણો પાવર પ્લાન્ટ ચલાવવા આપ્યો અને કહ્યું કે અમે ચલાવી શકીએ તેમ નથી એટલે કોરીયન કંપની વાળો ચલાવે તો શું આને મેક ઇન ઇન્ડિયા કહેશો. શું આપણા પાસે સ્કીલ નથી, શું આપણા લોકો પાવર પ્લાન્ટ ચલાવી શકે તેમ નથી? મંત્રીશ્રી કહેતા હતા બહારથી વીજળી લેતો નથી. મારી પાસે સ્પેર વીજળી છે, કેટલાક મિત્રો તો એમ કહે કે મેં વિદેશ કો વીજળી દે શકતા હું, પાકિસ્તાન કો વીજળી દે શકતા હું ઇતની વીજળી હમારે ગુજરાત કે પાસ હૈ. મારે કહેવું છે કે આતંકવાદીઓ મોકલનારને વીજળી આપવાની તૈયારી બતાવો છો, પાકિસ્તાનને આપી શકીએ તેમ છીએ તો આ ખેડૂતનો દીકરો આપણો દુશ્મન છે એને ૨૪ કલાક આપી દો ને.

માનનીય સૌરભભાઇ, ખેતી સાથે કેટલા જોડાયેલા છે એની મને ખબર નથી. મારી વિનંતી છે આપ મારે ત્યાં લીંમડા ગામે આવો આપણે સાથે જમીએ, આપણે બેય વાડીએ રાત્રે પાણી વાળવા જઇએ, ચાર વાગ્યે ખેડૂતને વીજળી આપો છો. આપણે સવારમાં ચાર વાગ્યે જઇશું મારે સવારમાં જાગવાની તકલીફ હશે પણ એક દિવસ જાગીશ અને ચાર વાગ્યે ત્યાં ગયા પછી એ વાડીના કયારામાં પાણી છૂટે અને એમાથી એક ડેંડુ નીકળશે તો આપણે ગાંધીનગરની દિશા ભૂલી જશું. ખેડૂતને રાત્રે નહિ દિવસે વીજળી આપો, આઠ કલાક આપો છો એ આઠ કલાક તમારે આપવી હોય તો દિવસે આપોને ખેડૂતનો દીકરો છે એને વન્ય પશુઓની વચ્ચે જાનના જોખમે ખેતરમાં પાણી વાળવા જવાનું હોય છે એ ખેડૂત માટે તમે આપો. ઉદ્યોગપતિઓને રાત્રે આપો તો શું ફેર પડશે એને તો ચાર દિવાલ વચ્ચે ચાર દિવાલોમાં કામ કરવાનું છે એટલે એ રાત્રે વીજળી વાપરે જયારે મારો ખેડૂતભાઇને દિવસે વીજળી મળે અહીંયા બેઠેલા આ પાર્ટીના હશે કે આ પાર્ટીના કોઇપણ માનનીય ધારાસભ્યશ્રી અહીંયા હાથ મૂકે અને કહે કે મારી વાત એ રાજકીય વાત કે ખોટી વાત છે અને હું કહું છું એ થોડુંક પણ ખોટું હોય અને આ ગુજરાતનો એક પણ ખેડૂત એમ કહે કે શકિતસિંહની વાત ખોટી છે રાત્રે વીજળી અમને બરાબર છે તો હું આ સરકારની માફી માગવા માટે પણ તૈયાર છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસની બહુ વાતો કરીએ છીએ. અહીં બહાર જોઇએ તો એસ.યુ.વી. અને લક્ઝ્યુરીયસ વાહનો આપણી પાસે છે પણ એસ.ટી. બસનો ઉપયોગ કરનારો એ આમ ગુજરાતી છે. મધ્યમ વર્ગનો માણસ છે. આપ વિકાસની વાત કરો છે. ગુજરાતમાં આટલી વસતિ વધી તે પ્રમાણે વાહનોની સંખ્યા વધવી જોઇએ ને, ૨૦૦૦-૨૦૦૧માં એસ.ટી. કોરપોરેશનના વાહનો ૧૦,૦૪૮ હતા. ભંગાર થયેલા બાદ કર્યા બાદ. આજની તારીખમાં જે વાહનો છે એ વધ્યા નહીં, ૭,૮૭૫ માત્ર થઇ ગયા. માર્ગોની સંખ્યા, ૨૦૦૧માં જે એસ.ટી. રુટ ચાલતા હતા તેની સંખ્યા ૨૦,૧૦૪ હતી. આ વધવી જોઇએ. એ વધી નહીં. ઘટીને ૧૪,૭૦૬ થઇ ગયા. નર્મદા યોજનાના આંકડા મારે આપવા છે. આપણી પાસે નર્મદામાંથી ૧૭,૯૨,૦૦૦ હેકટરને સિંચાઇ પૂરી પાડવાની ક્ષમતા છે. ૨૨ વર્ષથી આ પાર્ટી સત્તામાં છે. અત્યાર સુધી ખરેખર વાસ્તવિક રીતે સિંચાઇમાં કેટલું ઉપયોગમાં લેવાયું? માત્ર ૨,૦૯,૦૦૦ હેકટર. આ આપના બજેટમાંથી પ્રાપ્ત આંકડો છે. આપ કહેશો કે અમને દરવાજા મૂકવા નહોતા દેતા. યુ.પી.એ. અન્યાય કરતી હતી. સાહેબ, ઉપર પાંચ ડેમ છે જે વીજળી પેદા કરે છે. તવા, બાગડી, ઓમકારેશ્વર, ઇન્દિરા સાગર અને નર્મદા સાગર. તેનું પાણી આપણાં નર્મદામાં આવે છે. ૧૧૦ મીટરે પાણી કેનાલમાં વળે છે. દરવાજા બંધ કર્યા વગર પણ પૂરેપૂરું પાણી આજની તારીખે ગુજરાતને ઉપલબ્ધ હતું. આપ આપી શક્યા હોત. બહુ કહ્યું કે આવતાંની સાથે નર્મદાના દરવાજાની અમને છૂટ મળી. મેં કાગળ માગ્યો. અહીંથી મળ્યો નહીં. મેં ઇન્દોર એક આર.ટી.આઇ. કરાવી. નર્મદા કંટ્રોલ ઓથોરિટીને અને ત્યાં આર.ટી.આઇ.માંથી મને એક કાગળ મળ્યો કે કેવી મંજૂરી મળી છે તમને? કોળિયો મોઢા પાસે રાખવાનો પણ ખાવાનો નહીં. દરવાજા ખુલ્લા રાખવાના. બંધ કરવાની મંજૂરી તમને મળી નથી. આ હકીકત છે. આ કાગળની કોપી, તમારે અહીં વાસ્તવિકતા કહેવી જોઇએ કે અમને જે મંજૂરી મળી છે એ દરવાજા બંધ કરવાની મળી જ નથી. ખુલ્લા રાખવાની મળી છે. આ આપની હકીકત છે.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારી છે એ આપણાં હાથ, પગ અને દિમાગ છે. આ કર્મચારીઓને મેળાઓમાં વસતિ ભેગી કરવા માટે વાપરવાના બદલે આપણે તેમને યોગ્ય રીતે..

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : જી, માનનીય અધ્યક્ષશ્રી, અહીં ગાંધીનગરમાં વસતા આપણાં પોલીસ દળના જવાનો જે આપનું, અમારું, સૌ જનતાનું રક્ષણ કરે છે. તે પોલીસ કોન્સ્ટેબલોના ટી.એ. બિલોના પૈસા ગાંધીનગરમાં કેટલા સમયથી નથી મળ્યા તેની ચિંતા આપે કરી છે ખરી? એ પૈસા આપવાની આપણી જવાબદારી નહીં? ટી.એ. તો તેણે ઘરમાંથી વાપર્યું હોય. તેનું રીએમ્બર્સમેન્ટ આપણે આટલા મહિનાઓ સુધી ન આપી શકીએ? અને આપણું દર મહિને રીએમ્બર્સમેન્ટ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં જે જનતાએ અહીં ભૂમિ આપી અને તેના કારણે આ કેપિટલ બન્યું છે અને જેમણે જમીન ગુમાવી છે એવા લોકોને હાઇકોર્ટે કહ્યું છે કે આમને સામે જમીન, આમને સામે કોઇ નાની દુકાન આપો. હાઇકોર્ટનો હુકમ થઇ ગયો. તેની સામે સરકાર અપીલમાં નથી ગઇ અને તેમ છતાં ગાંધીનગરના ગરીબ લોકોને, જેમની જમીન પર આપણે આ કેપિટલ ઉભું કર્યું છે એ જમીન ગુમાવનાર માલિકોને જમીન મળે એવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાણાંમંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં બક્ષી પંચના સમાજ અંગે મારા વિચારો વ્યકત કરું તેના પહેલાં શકિતસિંહજીને મારે કહેવું છે કે જયારે ગુજરાતમાં આપનું રાજ હતું અને ખેડૂતોની ડી.પી.ઓ બળી જતી હતી ત્યારે એક-એક મહિના સુધી આપણે ડી.પી.ઓ આપી શકતા નહોતા. એ રાજ આ ગુજરાતમાં આપણે જોયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે એસ.ટી.ની વાત કરી. હું જયારે ધારાસભ્ય નહોતો, તેમના રાજમાં, ત્યારે હું રોજ એસ.ટી.માં પ્રવાસ કરતો હતો. તો એસ.ટી.માં હોર્ન સિવાય બધું વાગતું હતું. આવી એસ.ટી. પણ જોઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એકવીસમી સદી છે, આ એકવીસમી સદી એ શિક્ષણની સદી છે, આ એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે, આ એકવીસમી સદી એ વિજ્ઞાનની સદી છે. આપણા ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કે '' સમય છે બળવાન, નહીં પુરુષ બળવાન, કાબે અર્જન લૂંટીયો, વહી ધનુષ્ય વહી બાણ'' આ સદીમાં કોઇપણ સમાજે પ્રગતિ કરવી હોય, કોઇપણ સમાજે સમૃદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો એક માત્ર રામબાણ ઇલાજ શિક્ષણ છે. આ શિક્ષણનો સંદેશો ગુજરાતના દરેક સમાજ સુધી પહોંચે એના માટે આ રાજ્ય સરકાર દર વર્ષે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમો ચલાવે છે. સરકારના બહુ જ

## તા.૪થી માર્ચ, ૨૦૧૬
## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમોના કારણે અમારા બક્ષીપંચ સમાજે શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. આજે બક્ષીપંચ સમાજના બાળકો ૧૦૦ ટકા શિક્ષણ લેતા થયા છે. બક્ષીપંચ સમાજના યુવાનો અને યુવતીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી ડોક્ટર અને એન્જિનિયર જેવી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી રહ્યા છે. આપણા રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા સરકારી નોકરીની ભરતીમાં ૩૩ ટકા સ્ત્રી અનામત દાખલ કરવામાં આવી છે. જેના કારણે અમારા બક્ષીપંચની યુવતીઓએ હમણાં પોલીસ ભરતી થઇ એનો લાભ લીધો અને રાજ્ય અને દેશની સુરક્ષામાં પોતાનું યોગદાન આપી રહી છે. આ બક્ષીપંચ સમાજની બહેનોને હું અભિનંદન આપું છું. આવી ઉમદા તક આપવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. બક્ષીપંચ સમાજનો મુખ્ય ધંધો ખેતી, પશુપાલન અને ખેત મજૂરી છે. અગાઉના સમયની અંદર જ્યારે ઓછો વરસાદ હોય, દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોય ત્યારે અમારા ઉત્તર ગુજરાત અને કચ્છમાંથી અમારા સમાજોને ગુજરાન ચલાવવા માટે, મજૂરી કરવા માટે પોતાના વતનમાંથી હિજરત કરી, માથે પોટલા ઉપાડી ગુજરાતના અન્ય ગામડાંમાં મજૂરી કરવા જવું પડતું હતું. કચ્છના માલધારીઓ માટે ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિમાં પોતાનું જીવન ગુજારવું પડતું હતું. '' જીસકા કોઇ નહીં, ઉસકા તો ખુદા હૈ યારોં'' એ ન્યાયે ગુર્જર ભૂમિ ઉપર જન્મ લેનાર સૌ ભાગ્યશાળી છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જન્મના બધા પાપ નાશ પામે છે પરંતુ નર્મદા મૈયાના દર્શન માત્રથી જન્મના બધા પાપ નાશ પામે છે. જે તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રયત્નોથી નર્મદાના નીર ગુજરાતના ગામડે ગામડે પહોંચાડવામાં આવી રહ્યા છે તે કાર્યને ગૌરવભેર આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આગળ વધારી રહ્યા છે. નર્મદા યોજના સાકાર થતાં અમારા ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની અંદર જે વિસ્તારોમાંથી પહેલા લોકો હિજરત કરી અન્ય વિસ્તારમાં જતા હતા એ વિસ્તારમાં હવે અન્ય વિસ્તારના લોકો ધંધા રોજગાર માટે આવતા થયા છે. આ નર્મદા યોજના સાકાર થતા જે વિસ્તારોમાં પીવાનું પાણી નહોતું એ વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે. પહેલા જે વિસ્તારોના માર્કેટ યાર્ડોમાં ધૂળની ડમરીઓ ઉડતી હતી એ માર્કેટ યાર્ડમાં ધાનના ઢગલા જોવા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે વિસ્તારોમાં દુષ્કાળના કારણે લોકો પોતાની દીકરી-દીકરાના લગ્ન કરવા નહોતા ઇચ્છતા એવા લોકો હવે એ વિસ્તારોની અંદર વસવાટ કરતા થયા છે. આવું પવિત્ર કામ એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. નર્મદા યોજના સાકાર થતા આપણા પશુધનમાં ખૂબ મોટો વધારો થયો છે અને દૂધ ઉત્પાદન ખૂબ વધ્યું છે. બનાસકાંઠો જિલ્લો એ દૂધ ઉત્પાદન ક્ષેત્રે દેશ વિદેશમાં અગ્રતાનું સ્થાન મેળવી રહ્યો છે. અમારી જવાદોરી સમાન બનાસ ડેરી એ એશિયાખંડમાં સૌથી વધુ દૂધ ઉત્પન્ન કરતી ડેરી તરીકે નામના મેળવેલ છે અને એવી ગૌરવશાળી ડેરીના ચેરમેન આદરણીય શંકરભાઇ ચૌધરી આ ગૃહના સભ્ય છે અને એ પણ અમારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના છે એનું મને ગૌરવ છે. મારે આપના માધ્યમથી બક્ષીપંચ સમાજની કેટલીક બદીઓની પણ વાત કરવી છે. આ સમાજનો સૌથી મોટો કોઇ દુશ્મન હોય તો વ્યસન છે. આ વ્યસન એ સામાજિક બદી છે એને નાબૂદ કરવા માટે તમામ સમાજો આ બદી એ સમાજના સામાજિક રિવાજો એની રહેણી કરણીના કારણે વ્યસનો આવ્યા છે. હું ગુજરાતના તમામ સમાજોને વિનંતી કરુ છું કે સમયની માંગ છે કે ગુજરાતના તમામ સમાજો એક થઇ અને પોતાના આ રીવાજોની અંદર પરિવર્તન લાવી અને વ્યસનોમાંથી મુકિત મેળવવા માટે પ્રયત્ન કરે એવી હું સૌને વિનંતી કરુ છું. અમારા બનાસકાંઠાની અંદર બનાસ વ્યસન મુકિત માટેનું જે અભિયાન ચાલ્યું એ અભિયાનની અંદર લાખો લોકોએ ભેગા થઇ અને વ્યસનમાંથી મુકિત મેળવવા માટેનો સંકલ્પ કર્યો છે એના માટે હું સૌને આપના માધ્યમથી અભિનંદન આપુ છું અને ગુજરાતની અંદર જે સમાજિક સંગઠનો આ વ્યસન મુકિતનું અભિયાન ચલાવે છે એ સંગઠન ઠાકોર સેનાને હું ખૂબ અભિનંદન આપુ છું. આ ગૃહની અંદર દારૂબંધી અંગેની ખૂબ ચર્ચાઓ થાય છે અને સુત્રોચ્ચાર થાય છે. મારે આપ સૌને પૂછવું છે કે આ •(×××) મારો મત વિસ્તાર એ રાજસ્થાનને અડીને આવેલો વિસ્તાર છે એટલે મારા સામેના ઉમેદવાઓએ ચૂંટણીની અંદર રાજસ્થાનમાંથી *(×××)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આવો આક્ષેપ કર્યો.

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ એમણે કોઇ આક્ષેપ કર્યો હોય તો દૂર કરીશ.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો નાણામંત્રીશ્રી સૌરભભાઇ ભલે ખેડૂતના દીકરા નથી પરંતુ આ વખતના બજેટમાં ગરીબો, ખેડૂતો, યુવાનો, મહિલાઓ માટે, આદિવાસીઓ માટે, દલિતો માટે બજેટમાં ઉદાર હાથે પ્રોવિઝન થઇ રહ્યા છે, ઉદાર હાથે પૈસા આપ્યા છે અને એમની વ્યથાઓને સમજીને બજેટમાં ખેતી માટે, યુવાનોની રોજગારી માટે, મહિલાઓની તકલીફો માટે જે એમણે વ્યવસ્થા કરી છે અને બજેટનું કદ તેર ટકા વધારીને, મોટું બજેટ લાવીને ગુજરાતના વિકાસની હરણફાળ ભરવા માટેનો જે પ્રયત્ન કર્યો છે એ બદલ શ્રી સૌરભભાઇને અને મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલને લાખ લાખ અભિનંદન આપુ છું. સૌ પ્રથમ તો આ વખતના બજેટની જે વિશેષતા છે એમાં યુવા વર્ગ માટે પૂજ્ય ઇન્દુચાચાની યાદમાં યુવા વર્ષ તરીકે જાહેર કરીને યુવાનો માટેની જે ચિંતા કરવામાં આવી છે અને ગુજરાતનો યુવાન એ આવનારા વિશ્વના બધા પડકારો ઝીલે, એટલા માટે એમનું સ્ટાર્ટ-અપ કરવું, એમને એક દિશા આપવી, એના માટેના નાના નાના સ્ત્રોતો ઉભા કરવા આ બધી વ્યવસ્થાઓ કરી છે. હું માનું છું કે ખૂબ યોગ્ય સમયે કર્યું છે. આજે દુનિયામાં સૌથી વધુ યુવાઓ ભારત પાસે છે. એમ કહેવાય છે કે ૧૮ વર્ષથી ૪૦ વર્ષની ઉંમર છે એમાં આપણા દેશની વસતિના ૬૦ ટકા લોકો એ યુવાનો છે અને માટે યુવા ભારત તરીકે આજે જ્યારે દુનિયા જોઇ રહી હોય ત્યારે હું એમ માનું છું કે, યોગ્ય સમયે, રાઇટ ટાઇમ આ વસ્તુને ધ્યાનમાં રાખીને આ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

યુવાશક્તિને એક ચેનલાઇઝ કરીને, મોબિલાઇઝ કરીને એમને આ દુનિયાના પડકારો ઝીલવા માટે ગુજરાત લીડ લે, ગુજરાત હંમેશા ભારતમાં આગળ રહ્યું છે ત્યારે આ યુવા વર્ષમાં પણ હું માનું છું કે, વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાતના યુવાનો આખા દેશને નવી દિશા આપશે. ગઇ કાલે વિરોધ પક્ષના નેતા વડીલ આદરણીય શંકરસિંહ બજેટમાં બોલતા હતા, હું બહુ ધ્યાનથી જોતો હતો, મેં જોયું હતું, પરંતુ આજે શંકરસિંહની વાત ઉપરથી અને માનનીય શક્તિસિંહની વાત ઉપરથી મને એમ લાગ્યું કે કોંગ્રેસ પાસે બોલવાના કોઇ મુદ્દા જ નથી. બજેટની ચર્ચા જે આંકડાકીય રીતે, વિભાગવાર કરવી જોઇએ એમાં કોઇ મુદ્દા જ નથી. કારણ કે બજેટ જે દિવસે મૂકાયું, એ પછીના બીજા દિવસના તમામ છાપા, મારો ખુલ્લો પડકાર છે કે તમામ છાપાઓ જોઇ લો. તમામ છાપાઓમાં ન્યુટ્રલ લોકો, કોંગ્રેસ તો વિરોધ પક્ષ છે એટલે એ તો ટીકા કરે, નિવેદન હોય કે આ બજેટ ચાલાચાલુ છે, આ બજેટ આંકડાની ભ્રમજાળ છે, આ બજેટમાં આટલા આટલા વર્ગોનો કોઇ વિચાર કરવામાં આવ્યો નથી આ બધું ચીલાચાલુ હોય છે. પરંતુ બીજા અર્થશાસ્ત્રીઓ, સામાન્ય લોકો, એમના રીએકશનો એ એનું પ્રતિબિંબ પાડતું હોય છે. બીજા દિવસના અંગ્રેજી કે ગુજરાતી તમામ છાપાઓએ બજેટના ભરપેટ વખાણ કર્યા છે અને એમ કહેવામાં આવ્યું છે કે, આ એક જેન્ડર બજેટ છે. આ બજેટ એક સંતુલિત વિકાસ અને ગુજરાત જે ગ્રોથ એન્જિન બન્યું છે એને દિશા અને બળ આપનારું આ બજેટ છે. એટલા માટે માનનીય શંકરસિંહે પણ કાલે મોટા ભાગનો સમય, મને ખબર નથી કે સૌરભભાઇ ઊર્જા મંત્રી છે એટલે ઊર્જાને ટાર્ગેટ કરીને એમણે આખી સ્પીચ આપી. પરંતુ એમણે જે વાત કરી, એમણે કાલે કહ્યું કે, બજેટમાં ઊર્જામાં કાંઇ કામો થયા નથી. ખાલી આંકડાની ભ્રમજાળ છે. મારે એટલું કહેવું છે. યાદ કરો એ દિવસોને કે આજથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ન હતી ત્યારે ગુજરાતમાં ઊર્જાની હાલત શું હતી? લોકો આવી આવીને કહેતા હતા કે સાહેબ, બીજું કાંઇ ન કરો પણ સાંજે વાળું ટાણે લાઇટ આપો તો પણ ઘણું છે. જૂના પણ ઘણા માનનીય રાઘવજીભાઇ જેવા ધારાસભ્યો બેઠા છે એ યાદ કરે કે ગામડાંની સ્થિતિ શું હતી? ટ્રાન્સફોર્મરો બળી જાય, ૧૫ દિવસ કે મહિના સુધી ટ્રાન્સફોર્મરો આવે નહીં. હું સૌરભભાઇને ઊર્જા મંત્રી તરીકે અભિનંદન એટલા માટે આપું છું કે છેલ્લા ૫-૭ વર્ષમાં ૪ થી ૫ લાખ ખેડૂતોને ભારતીય જનતા પાર્ટીની સરકારે કનેકશનો આપ્યા છે. આ નાની વાત નથી. કેટલા ટ્રાન્સફોર્મરો જોઇએ એની કલ્પના તો કરો. ઓછામાં ઓછા ૫૦૦ થી વધુ સબ સ્ટેશનો આ સૌરભભાઇએ પોતાની કુનેહથી બાંધ્યા છે અને મોટા ભાગના વિસ્તારોની સબ સ્ટેશનોની ફરિયાદ હતી, એક એક જિલ્લામાં ૨૦ થી ૨૫ સબ સ્ટેશનો આ સરકારે આપ્યા છે. આઠ કલાક વીજળી, ક્વોલિટી વીજળી આપી છે. જે ખેડૂતોની મોટરો બળી જતી હતી, મોટરો રીવાઇન્ડ કરાવવા માટે દરરોજ કૂવામાંથી મોટરો કાઢવી પડતી હતી એના બદલે આજે ક્વોલિટી વીજળી, નિરંતર વીજળી અને આખા ભારતમાં મારો ખુલ્લો પડકાર છે કે સૌથી નીચા ભાવે ગુજરાતે વીજળી ખરીદી છે. આક્ષેપ કરવામાં આવે છે કે શા માટે બહારથી ઉંચા ભાવે લો છો? બધા રાજ્યોની કમ્પેરિઝનમાં ગુજરાતે સૌથી નીચા ભાવે વીજળી ખરીદી છે અને એના કારણે આ વીજળી આપણે પ્રજાને વ્યવસ્થિત આપી શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં જે ૧% લેખે ૩ લાખ રૂપિયા સુધીની લોન ખેડૂતોને આપવાની વાત કરી છે આ એક ક્રાંતિકારી નિર્ણય છે. એ અટલા માટે કહું છું કે, ખેડૂતો વ્યાજના ભારણમાં એમને તકલીફ ના પડે અને વ્યાજનું ભારણ ના પડે અને પોતાની ખેતી એ ઓછામાં ઓછા વ્યાજથી સારામાં સારી ખેતી કરે એટલા માટેનો ભારતીય જનતા પાર્ટીની સરકારનો આ એક અભિગમ છે અને ખેડૂતલક્ષી બજેટનું આથી મોટું ઉત્તમ ઉદાહરણ બીજું કોઇ હોઇ ના શકે અને હું એમ માનું છું કે એને કારણે આ ખેડૂતોને આવનારા દિવસોમાં ગુજરાતની ખેતી વધુ સમૃદ્ધ બને એ દિશા માટેનો આ એક પ્રયત્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેવાની શંકરસિંહે વાત કરી. દેવું ગમે તેટલું ગમે તે સરકાર ના કરી શકે. શંકરસિંહ વર્ષોથી હાઉસમાં બેઠેલાં છે. દેવા માટે કાંઇ અહીંયા સૌરભભાઇ નક્કી કરે કે ૧૦,૦૦૦ કરોડનું દેવું લઇ લેવું છે એમ કોઇ દેવુંની છૂટ હોઇ જ ના શકે. વિધાનસભાએ કાયદો ઘડ્યો છે અને વિધાનસભામાં Financial Regulatory Act મુજબ, એ કાયદા મુજબ જ દેવાનું પ્રોવિઝન થઇ શકે. એ દેવું એમ ને એમ વધારો ના કરી શકે અને એ કાયદા મુજબ જ દેવાની વ્યવસ્થા કરી છે અને એ દેવું દરેક વિકાસશીલ બજેટોમાં દેવું હોય. કોંગ્રેસની ૪૫ વર્ષની કોંગ્રેસની કેન્દ્રની સરકાર એકપણ બજેટ દેવા વગરનું દેખાડે તો તમે કહો એ અમારો પડકાર છે. તમે એક તો બજેટ દેખાડો કે દેવા વગરનું છે અને અહીંયા તમારે દેવાની વાત કરવી છે. આ વાત વાજબી નથી અને બીજી વાત એ છે કે, R.B.I. ના પણ Rules છે. રિઝર્વ બેંક પણ દેવા માટેની મંજૂરી ના આપે અને એ રૂલ્સ મુજબ ગુજરાતની Financial discipline એ આખા ભારતમાં સૌથી વધુ સારી છે અને Financial discipline છે એને જ કારણે ગુજરાતમાં આપણે સારી રીતે બધા પાસાનો વિકાસ કરી રહ્યાં છીએ.

માનનીય શક્તિસિંહે પણ આજે ઘણી વાત કરી. મને તો નવાઇ લાગે છે કે નરેન્દ્રભાઇના સૂત્રોથી શું કામ તકલીફ છે? કારણ કે સૂત્ર તો ઇન્દિરા ગાંધીએ પણ આપ્યું હતું. ''ગરીબી હટાવો'' કઇ ગરીબી હટી આજ દિન સુધીમાં? અને એ સૂત્રની વાતમાં આજે દેશમાં શું થયું છે? (ઘોંઘાટ) ''ગરીબી હટાવો'' નું સૂત્ર તમારી સરકારે આપ્યું હતું. એ સૂત્રનું આજે શું થયું છે? દેશમાં ગરીબો વધ્યાં છે. ગરીબી હટી નથી. સૂત્ર આપ્યું હતું ''સમાજવાદ''નું. ક્યાં સમાજવાદ આવ્યો તમારો? અને ઉલટાની સમાજોમાં ખાઇ વધી. મૂડીવાદીઓ અને ગરીબો વચેની ખાઇ આ કોંગ્રેસના શાસનથી વધી છે અને એ અમારા ભાગે આવ્યું છે. એ ખાઇ Haves અને Have nots એ અમારે પૂરવાની છે અને એ પૂરવા માટેના અમે પ્રયત્ન કરી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, Make In India એમાં એક બહુ મોટો વિચાર છે. Make In India નો મતલબ છે કે, આવનારા દિવસોમાં વિશ્વમાં ભારતની b rand popular થાય. ૪૫ વર્ષના કોંગ્રેસના શાસનને કારણે દુનિયામાં ભારતની કોઇ brand નો કોઇ ભાવ પૂછતું નહોતું. ભારતનો માલ કોઇ ખરીદતું નહોતું. ભારતની ક્વોલિટીને કોઇ ગણકારતું નહોતું. આજે એ

ક્વોલિટી ઊભી કરવા માટેનો પ્રયત્ન છે અને આજે હું દાવા સાથે કહીશ કે આ Make In India ને કારણે જે F.D.I. માં ફેરફારો કર્યા. અરે, ડીફેન્સમાં ૧૦૦% કોંગ્રેસ શાસનમાં ટેકનોલોજી આપણે બહારથી ઇમ્પોર્ટ કરતા હતા. આજે નરેન્દ્રભાઇના Make In India ના કારણે આ ટેકનોલોજી ભારતમાં બને છે. અરે, રાજકોટમાં કારખાનાવાળાઓ પણ હવે ડીફેન્સના સાધનો બનાવશે. આ Make In India ના કારણે થયું છે. મારે Make In India ''વંદે માતરમ્ '' નો નારો દેશભક્તિ જગાવનારો નારો છે. ''ભારત માતા કી જય'' એ દેશ ભક્તિ જગાવનારો નારો છે. એમ Make In India પણ દેશ ભક્તિ જગાવનારો નારો છે. એ આવનારા દિવસોમાં ભારતનું ગૌરવ વધે અને એનો વિરોધ કોંગ્રેસ કરે. આ વાત પણ હું એમ માનું છું કે, રાજકીય રીતે બરોબર નથી. જે નવી દિશામાં આપણે આગળ વધવું છે અને વાસ્તવિક આપણાં પડકારો શું છે? આપણાં પ્રશ્નો શું છે? અને એના સંદર્ભમાં સાથે મળી અને હું માનું પણ છું કે, એકલી સરકાર આ કરી નહિ શકે. સૌએ સાથે મળીને કરવું પડશે અને આવનારા દિવસોમાં ચાઇનાની વાત આપણે એટલા માટે કરીએ છીએ કે– આપણા માટે સૌથી મોટો પડકાર ચાઇના છે અને દુનિયા આખી ચાઇના અને ભારત તરફ મિટ માંડીને બેઠી છે. સૌથી વધુ વસ્તી આ બે દેશોમાં છે, સૌથી મોટું માર્કેટ આ બે દેશોમાં છે, સૌથી મોટા ઇન્વેસ્ટમેન્ટના સેન્ટરો આ બે દેશો છે અને એના કારણે આપણે સતત ચાઇનાની હરિફાઇ એ આપણો આધાર લેવાનો છે અને એ દિશામાં પ્રગતિ કરવી હશે તો ચાઇનાને પણ ધ્યાનમાં રાખીને આપણે આગળ વધવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં એમણે વાત કરી એન.એ. કન્સ્ટ્રકશન કંપનીની, ચોક્કસ એમાં ખોટું થયું હોય એ કોઇ પણ ચમરબંધીને સરકાર નહીં છોડે એ અમારો દ્રઢ નિર્ધાર છે અને એમાં પગલાં લઇશું. પરંતુ ગરીબોના નામે •(×××) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ. ચાલો.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોના નામે જે શ્રી શક્તિસિંહજીએ વાત કરી, પણ મારે એ કહેવું છે કોંગ્રેસને કે, ચૂંટણીમાં મતો માટે આપ લોકોએ લાખ્ખો ફોર્મ સો રૂપિયાના છપાવ્યા હતા ઘર ના ઘર માટેના, એ સો રૂપિયાનો હિસાબ તો પ્રજાને આપો. તમે પ્રજાને હિસાબ તો આપો. તમે ગરીબોની વાતો કરો છો એનો હિસાબ તો આપો. (અંતરાય)

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ટુ કીપ ધ રેકર્ડ સ્ટ્રેઇટ, ધીસ ઇઝ ધ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન કે, સો રૂપિયા નહીં એક રૂપિયો પણ કોઇનો લીધો નથી ફોર્મનો.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય શક્તિસિંહે વાત કરી, તલાટીની પરીક્ષા માટે લાખ્ખો લોકો પરીક્ષામાં આવ્યા અને એમણે વ્યથા વ્યકત કરી. મૂળ વાત એ છે કે, આ બધો ગેપ એટલા માટે પડ્યો છે કે, કોંગ્રેસના શાસનમાં ૧૯૯૨ કે ૧૯૯૩ મને ચોક્કસ વર્ષ યાદ નથી, પણ શ્રી રમણભાઇ કહે છે એ પ્રમાણે ૧૯૮૪ થી ૧૯૯૪, કોંગ્રેસે નવી ભરતી ઉપર બાન મૂક્યો હતો. ગુજરાતમાં બાન મૂક્યો, ૩૦ ટકા કાપ મૂક્યો હતો અને એના કારણે આજે આ આખી ભરતીની પ્રક્રિયા એ અટકી ગઇ હતી અને પ્રમોશનો, ભરતી આ બધી વસ્તુમાં આ વસ્તુ અટકી ગઇ હતી. (અંતરાય) એટલે દસ વર્ષ સુધી જે ભરતીની પ્રક્રિયાઓ અટકાવવામાં આવી એના અત્યારે પરિણામો આપણે ભોગવી રહ્યા છીએ. અને એના કારણે (અંતરાય) હા, હું આપને કહું કે, દાખલા તરીકે અમારા ડિપાર્ટમેન્ટમાં જ આજે અમે પ્રમોશનની આખી કેડર ખતમ થઇ ગઇ છે એ ભરતી ના થઇ એના કારણે અને એટલે જ સરકારે છેલ્લા બે વર્ષથી આ ભરતી ઉપર ધ્યાન આપ્યું છે. ટોટલ ત્રણ વર્ષનું વાર્ષિક કેલેન્ડર અને એ કેલેન્ડરમાં નવી ભરતીઓ યોજીને (અંતરાય) રાઘવજીભાઇ મેં શક્તિસિંહને શાંતિથી સાંભળ્યા હતા, તમે બોલજોને જ્યારે બોલવાનો વારો આવે ત્યારે જવાબ આપજો, બાકી શાંતિ રાખો. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે ત્રણ વર્ષની એક સાથે ભરતી કરવી એવો માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે નિર્ણય કર્યો છે અને આવનારા દિવસોમાં આ બધી ભરતીઓ પૂરી થાય એવો સરકારનો નિર્ણય પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજી વાત પણ કરી કે, ફિક્સ પગાર અને તલાટીની ભરતીમાં આટલી બધી સંખ્યા આવી અને તમે એમ કહો છો કે, રોજગારીની નવી તકો ઉભી થઇ છે. હું ચોક્કસ કહીશ. કારણ કે, સરકારી નોકરી એ સૌને જોઇએ છીએ. કારણ કે, સરકારી નોકરીમાં એ લોકો સેઇફનેસ અનુભવે છે. હવે એ શું છે એ મને ખબર નથી પણ એમને સેઇફનેસ છે, સુરક્ષા છે. એટલે લોકો પ્રાયવેટમાં ધંધો – નોકરી હોય છે, કમાતા હોય પરંતુ સરકારી નોકરી મળે અને એટલા માટે એ લોકો અરજીઓ કરતા હોય છે અને અધુરામાં પૂરું અમારી સરકારે યુવા સ્વાવલંબી યોજનામાં પાંચ વર્ષની મુદત વધારી છે કે ઉંમરની મર્યાદા જે હતી એ પાંચ વર્ષની વધારી છે એને કારણે પણ લોકોને તક મળી છે અને મોટી સંખ્યામાં અરજીઓ આવી રહી છે, એનો અર્થ એ નથી કે, બધા બેકાર છે. હું દાવા સાથે કહીશ કે, યુ.પી.એ.ની સરકારમાં પણ કેન્દ્રની સરકારના રોજગારીઓના આંકડાઓ પ્રસિદ્ધ થતા હતા. સ્ટેટેસ્ટીક્સ વિભાગના ફિગરો પણ આજે ઓન રેકર્ડ છે. અને આ વર્ષે પણ પહેલી વખત એન.ડી.એ.ની સરકારના પણ ફીગર આવ્યા છે. એમાં ગુજરાત સૌથી પ્રથમ છે કે જેણે વધુ રોજગારી ક્રિએટ કરી હોય. નવાઇની વાત તો એ છે કે ૮૬ ટકા રોજગારી , કુલ રોજગારી જે દેશમાં ક્રિએટ થઇ એમાં ૮૬ ટકા રોજગારી એકલા ગુજરાતે ક્રિએટ કરી છે અને બીજો નંબર એ ૩ ટકામાં મહારાષ્ટ્રનો આવે છે. એ ત્રણ ટકા અને આપણે ૮૬ ટકા આટલો મોટો તફાવત છે અને એમાં પણ આદિવાસીઓને વધુ રોજગારી આપી એ ભા.જ.પ.ની સરકારે આપી છે, મહિલાઓને વધુ રોજગારી આપી, ભા.જ.પ.ની ગુજરાતની સરકારે આપી , દલિતોને રોજગારી આપી એમાં પણ સૌથી વધુ રોજગારી ગુજરાતમાં ભા.જ.પ.ની સરકારે આપી. આ રીતે રોજગારીમાં પણ ભારતીય જનતા પાર્ટીની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે
## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ગુજરાતની સરકારે એક શ્રેષ્ઠ કામગીરી કરી છે એનો મતલબ એ નથી કે હજુ બધાને રોજગારી મળી ગઇ છે. હજુ ઘણું કરવાનું છે આપણે અને એટલા માટે જ આ વાઇબ્રન્ટ ગુજરાતના પ્રયોગમાં આપણે સફળ થયા છીએ. હજારો એમ.ઓ.યુ. થયા છે. લક્ષ્યાંકો બને છે એમાં કદાચ ૫–૫૦ એમ.ઓ.યુ. ન પણ અમલમાં આવે પણ જે આવી રહ્યા છે એનો પોઝીટીવ વિચાર કરીને એ ઇન્વેસ્ટમેન્ટ અને એના આધાર ઉપર ગુજરાતનો વિકાસ એનો વિચાર કરવાની આવશ્યકતા છે ખાસ કરીને જે રીતે આદિવાસીઓની પણ વ્યથા માનનીય શકિતસિંહજીએ વ્યકત કરી. પહેલી વખત નરેન્દ્રભાઇએ વનબંધુ યોજના જાહેર કરી અને ભા.જ.પ.ની સરકારે એ યોજના અંતર્ગત હજારો, કરોડો રૂપિયા આ વનબંધુના વિકાસ માટે, સર્વાંગી વિકાસ માટે ભા.જ.પ.ની સરકારે આપેલા છે અને એમાંય અધુરામાં પૂરું શિક્ષણની જે વ્યવસ્થા કરી પહેલી વહેલી યુનિવર્સિટી પંચમહાલમાં આદિવાસીના ગુરુ ગોવિંદના નામે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વિસ્તારમાં યુનિવર્સિટી ઉભી કરી અને એના આધારે આદિવાસી યુવાનો, બહેનો વધુ ભણે, વધુ આગળ આવે અને દેશના વિકાસમાં કામે લાગે એ માટેનો પણ અમારો પ્રયત્ન છે. જે રીતે આ બજેટમાં ૬૬૦૦૦ નવી નોકરીઓ, સરકારી નોકરીઓ માટે પણ જે રીતે સૌરભભાઇએ વ્યવસ્થા કરી છે હું એમ માનું છું કે પહેલી વખત આ બજેટમાં રોજગારી માટેનું કમીટમેન્ટ અમારી સરકારે આપ્યું છે. એ કમીટમેન્ટ છે અને એના આધાર ઉપર અમે આગળ વધવા માગીએ છીએ. શહેરી વિકાસ માટે પણ ખૂબ વિચાર થયો છે. સ્માર્ટ સિટી એવી રીતે સ્માર્ટ વિલેઝીસ આ નવો વિચાર ગુજરાતે મૂકયો છે. સ્માર્ટ વિલેજીસના અંતર્ગત ગામડાંઓ પણ પહેલા ગોકુળ ગ્રામ ભા.જ.પ.ની સરકારે ઉભા કર્યા અને કેટલાય ગામોમાં રસ્તા નહોતા એ રસ્તા ભા.જ.પ.ની સરકારે આપ્યા છે. તમારા વખતે રસ્તા નહોતા રાઘવજીભાઇ એ રસ્તા ભા.જ.પ.ની સરકારે એકએક ગામડાંને લીંક અપ કર્યા છે. લાખો ચેકડેમ બનાવ્યા આ ગામડાંઓમાં અમારી સરકારે બનાવ્યા છે. પાણીની વ્યવસ્થા એ પણ ભા.જ.પ.ના જ હતા ને? કયાં કોંગ્રેસના હતા? અને એ રીતે અમે કર્યું છે ત્યારપછી માનનીય આનંદીબેને સ્માર્ટ વિલેજીસના આધાર ઉપર સ્માર્ટ વિલેજ કરીને સ્માર્ટ સિટીની સાથે ગામડાંઓ આગળ વધે એની પણ આ બજેટમાં વ્યવસ્થા કરી છે. ત્રણ કરોડ મહિલાઓનો વિચાર કે આ ગુજરાતમાં ડાયાબીટીશનો રોગ વધી રહ્યો હોય ત્યારે ડાયાબીટીશની મફત સારવાર આપવાનું નકકી કરીને આ સરકાર પ્રજાની સરકાર છે એ એમણે પ્રસ્થાપિત કર્યું છે. બહેનોને બ્રેસ્ટ કેન્સર, ગર્ભાશયનું કેન્સર એની પણ સારવાર મોટા પાયે થાય એ માનનીય આનંદીબેનની વાત્સલ્યપૂર્વક આ બહેનો માટેની લાગણી પણ બજેટમાં અભિવ્યકત કરી છે. આ બજેટમાં શિક્ષણથી માંડી અને રમતગમત સુધી ખૂબ મોટા પાયા ઉપર સોરભભાઇએ ઉદારમને પૈસાની વ્યવસ્થા કરી છે અને એના આધારે ગુજરાતમાં એક પણ તાલુકો કોલેજ વગરનો ન રહે. દરેક તાલુકામાં કોલેજ થાય. જે રીતે ચર્ચા ચાલતી હતી કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની સામે સરકારી કોલેજો પણ મોટા પાયે બને એ માટે બજેટમાં તાલુકે તાલુકે કોલેજ થાય એવો પણ પ્રયત્ન કર્યો છે અને એના આધાર ઉપર (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપના સભ્યશ્રી શકિતસિંહજી બોલતા હતા ત્યારે સમગ્ર શાસક પક્ષના કોઇ સભ્યશ્રીએ એમને ડીસ્ટર્બ કર્યા નથી. એટલે આપ સૌને વિનંતી છે કે આપ શાંતિ રાખો અને એમને બોલવા દો. શકિતસિંહજી, આપ જયારે બોલ્યા ત્યારે બિલકુલ સાઇલન્ટ હતું.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : ના, ના એક શબ્દ નથી બોલ્યા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થયું તે પછીની વાત હતી. બંનેય પક્ષે શાંતિ રાખો.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : અંત્યોદયના આધાર ઉપર આપણા ગુજરાતમાં છેવાડાનો માનવી ભૂખ્યો ન રહે. જે રીતે કોંગ્રેસ રાઇટ ટુ ફૂડ પોતાના ખાતાની વાત કરે છે. મારે કહેવું છે જેમ કેશુભાઇને યાદ કર્યા. ભય, ભૂખ, ભ્રષ્ટાચારની આ વાત લઇને કેશુભાઇ ત્યારે અહીંયા બેઠા હતા. ૧૫ વર્ષ પહેલાં ર રૂપિયા કિલો ઘઉંની યોજના આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ચાલુ કરી હતી. કોઇ માણસ ભૂખ્યો ન સૂવે તેની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. તેના આધાર ઉપર પ્રતિ વ્યક્તિ ૫ કિલો અનાજ પ્રજાને મળે એ ચિંતા આ બજેટમાં વ્યક્ત કરવામાં આવી છે. ૩ કરોડ નાગરિકોને એનો લાભ મળશે. છેવાડાના અંત્યોદય વાળા ગરીબ માનવીને મહિને ૩૫ કિલો અનાજ સસ્તા ભાવે મળે,તેના માટેનો આખો પ્રયત્ન અમારા પુરવઠા વિભાગે કર્યો છે. છેલ્લે એમણે નર્મદાની વાત કરી. તો જે રીતે એમણે કહ્યું મને મોકો આપ્યો તો તે રીતે મને પણ નર્મદાનો મોકો આપ્યો છે. નર્મદાની ઉંચાઇ વધારવા માટે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇને ઉપવાસ કરવા પડ્યા હતા. કોંગ્રેસે હજુ સુધી શા માટે મંજૂરી નહોતી આપી, એનો જવાબ હજુ સુધી પ્રજાને આપ્યો નથી. ઉપવાસ કરવા પડ્યા અને નાછુટકે કોંગ્રેસની સરકારે મંજૂરી આપવી પડી. એના કારણે હાઇટ વધી. તમારા શાસનમાં કદી હાઇટ વધવાનો વિચાર નહોતો થયો. નર્મદા યોજનાના ખાલી ખાતમુહૂર્ત થયા હતા. ડેમ ન બંધાયો. પછી દરવાજા માટે ૭ વર્ષ સુધી દિલ્હીના ધક્કા અમારા બધા મંત્રીઓએ ખાધા હતા. ૭ વર્ષ સુધી દરવાજાની મંજૂરી નહોતા આપતા. દરવાજા બનતા ૩ વર્ષ થાય તે એમને ખબર હતી, છતા મંજૂરી નહોતા આપતા. આ દરવાજાની મંજૂરી નરેન્દ્રભાઇએ ૧૭ દિવસમાં આપી અને નર્મદાના પાણી ગુજરાતના છેવાડાના માનવી સુધી પહોંચે તેના માટેના પ્રયત્નો સરકારે કર્યા છે. મારી સભાગૃહને વિનંતી છે કે બજેટ ખરેખર જેને કહીએ સમતોલ અને સર્વાંગી વિકાસ સાથેનું છે. ભવિષ્યનું ગુજરાત એ આપણે ગૌરવ લઇ શકીએ, કારણ કે આ મહાત્મા ગાંધીનું ગુજરાત છે. આ ગુજરાત સરદાર પટેલનું છે. આ ગુજરાત ઝવેરચંદ મેઘાણીનું છે. આ ગુજરાત નરસિંહ મહેતાનું ગુજરાત, જલારામ બાપાનું ગુજરાત છે. મોરારી બાપુનું ગુજરાત છે. આ ગુજરાત નરેન્દ્ર મોદીનું પણ છે. અને આ ગુજરાતનું ગૌરવ વધે, વિકાસ વધે તેના માટે આપણે સૌ સાથે મળીને બજેટને આવકારીએ. આવનારા દિવસોમાં ફરી વખત

નંબર–૧ ગુજરાત બની રહે તે જ અપેક્ષા. આભાર.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૧૧–૦૦ કલાકે મળશ

( વિરામ ૧૦–૩૦ થી ૧૧–૦૦)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા હું ઉભો થયો છું. શાસક પક્ષના લોકો હંમેશા એમ કહેતા હોય છે કે, ૬૦ વર્ષથી તમારું રાજ છે. હમણા બેઠાં બેઠાં હિસાબ કરતો હતો કે, ગુજરાતનો જન્મ થયો એને ૫૬ વર્ષ પણ હજુ પૂરાં નથી થયા, આનાથી અડધા એટલે કે ૨૮ વર્ષ ફક્ત કોંગ્રેસે ગુજરાતનું રાજ કર્યું છે, બાકી ૨૮ વર્ષમાં ૩ વર્ષ રાષ્ટ્રપતિ શાસન હતું, ૫ વર્ષ બી.જે.પી.ની ભાગીદારીવાળી સરકાર હતી અને છેલ્લા ૨૧ વર્ષથી આપનું શાસન ચાલે છે, આ ખુલાસો વધારે વાજબી લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે વાત કરું શિક્ષણની પ્રાથમિક સ્કૂલમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૯૨ લાખ, હાઇસ્કૂલમાં ૧૯.૬૦ લાખ, કોલેજીસમાં ૧૫ લાખ આ આંકડો ધીરે ધીરે ઘટતો જાય છે. આનો અર્થ એ થાય છે કે, ડ્રોપઆઉટ રેશિયો નજર સમક્ષ આવીને ઉભો રહે છે. ગુજરાતમાં ૧.૨૫ કરોડ સ્ટુડન્ટ છે અને આ ૧.૨૫ કરોડ સ્ટુડન્ટનો જન્મ તમારા રાજમાં થયો છે. પ્રાથમિક અને સર્વશિક્ષા અભિયાનની અંતર્ગત અંદાજીત ૨૦૦૦ કરોડનું બજેટ ફાળવ્યું છે સ્પેશિયલી ઓરડા બાંધવા માટે અથવા બ્લોક બાંધવા માટે તો શું ૨૦ વર્ષ સુધી આપણે ઓરડા બાંધતા ન હતા? કે સ્ટુડન્ટની સંખ્યા વધી ગઇ ત્યારે આપણું એમાં ધ્યાન નહોતું ગયું? શિક્ષકોની ઘટ તો બહુ મોટી છે. ઓરડા ઓછા, શિક્ષકોની ઘટને કારણે પ્રાથમિક શિક્ષણમાંથી છોકરાઓ પ્રાઇવેટ ટ્યુશનમાં ગયા, પ્રાઇવેટ સ્કૂલમાં ગયા, સેલ્ફ ફાઇનાન્સમાં જવા માંડ્યા છે. પ્રાથમિક શિક્ષણ એટલું નબળું થઇ ગયું છે કે, ૮માં ધોરણ પાસ થઇને કોઇ વિદ્યાર્થી અમારી સંસ્થામાં જ્યારે આવે છે ત્યારે એમાં ૩૫૦ જેટલી છોકરીઓ અમારી સંસ્થામાં આવતી હોય છે એમાંથી ૫૦ ટકા છોકરીઓ એવી હોય છે કે ૧ થી ૧૦ કે કકો બારખડી નથી આવડતા હોતા, જેના કારણે ૯માં ધોરણમાં અમારે ૧ થી ૯ ભણાવવું પડે છે, પછી ૧૦, પછી ૧૧, પછી ૧૨ અને એમ આગળ મોકલતા હોઇએ છીએ. આ અમારી શાળા ગ્રાન્ટ ઇન એઇડ છે. એની શિક્ષકની સંખ્યાની વાત કરવા બેસું તો માધ્યમિક શાળામાં ૩૩ ટકા શિક્ષકોની ઘટ છે, ઉચ્ચતર માધ્યમિકમાં ૬૬ ટકા ઘટ છે, ૫૦ ટકા શિક્ષકો સાથે અમે કામ કરીએ છીએ. આ જે ઘટ છે એ ફક્ત આમાં નથી એ કોલેજમાં પણ ચાલુ રહે છે. કોલેજની જેમ આ અમારા જિલ્લાને યુનિવર્સિટી પણ ફાળવી છે, નરસિંહ મહેતા યુનિવર્સિટી એમાં ૩૩ કરોડ રૂપિયા આમ તો ફાળવ્યા છે. એક વી.સી. અને એક પ્યુન અમારી પાસે છે સત્તા કોઇ નથી, ક્યારે સત્તા મળશે એ જોવાનું રહે છે.

ઉપાધ્યક્ષશ્રી : અધિકારીશ્રીઓ ગેલેરીમાં વ્યવસ્થિત રીતે બેસે, આ બીજી વાર ટકોર છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને હમણા ધ્યાનમાં આવ્યું કે, અમુક તાલુકા એવા છે કે, જ્યાં એક પણ કોલેજ નથી. એમાં એક તાલુકો મારા વિસ્તારનો પણ છે, વંથલી તાલુકો ત્યાં એક પણ કોલેજ નથી. સરકારે આ વખતે એ તાલુકામાં કોલેજ મંજૂર કરી છે, એવી ૧૦૦ કોલેજ મંજૂર કરી છે. બજેટ ૨ કરોડનું એક કોલેજનો ખર્ચ ૧૨.૫૦ લાખનો તો મને સમજાતું નથી કે એમાંથી બે ત્રણ ઓરડા બાંધશે કે બે ત્રણ શિક્ષકનો વાર્ષિક પગાર આપવાના છે? બાકીના ૨૮ વર્ષમાં મા અમૃતમ કાર્ડ, જેની બહુ ચર્ચા થઇ છે. મોટી બિમારી થાય અને બિમારીમાં કાર્ડનો ઉપયોગ થાય એની વાત કરું તો એક ગરીબ બહેન મારી પાસે આવ્યા હતા અને કહે " ભાઇ મારો પગ ભાંગી ગયો છે પણ આ મારું કાર્ડ ચાલતું નથી." એટલે જો રોજબરોજની જરૂરિયાતમાં કાર્ડ ચાલતુ ન હોય તો મોટી બિમારીની આપણે રાહ જોવી? આ કાર્ડનો ઉપયોગ સામાન્ય રોગમાં પણ થાય અને દવા બહારથી ન લખાય એનું સરકાર ધ્યાન રાખે તો જ વાજબી ફાયદો થવાનો છે. આને આપણે મા કાર્ડ કહીએ છીએ, અમૂક જગ્યાએ •(×××) પણ કહેવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××)

એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માણસો બોલે છે, *(×××) તો બોલી શકાયને સાહેબ? હવે વાત કરું કુપોષણની, કુપોષણમાં કેટલા બાળકો છે? એની સંખ્યાનો હિસાબ કરવા બેઠો તો ગુજરાતનો હિસાબ તો બહુ મોટો થઇ ગયો છે એટલે મેં મારા જિલ્લાનો હિસાબ કર્યો. સરકારી આંકડા પ્રમાણે ૮૦ હજાર બાળકો એવા છે કે જે કુપોષણથી પિડાય છે. રાજ્ય સરકારે ખર્ચ એમાં ૮૦ લાખનો કર્યો છે. આનો અર્થ એ થાય કે, એક બાળક દીઠ ૧૦૦ રૂપિયાનો ખર્ચ, ૨૦૦ વર્કીંગ દિવસ એટલે પર ડે ખર્ચ ૫૦ પૈસાનો થાય છે એમાં હવે દૂધ ઉમેર્યું આપે. શું દૂધ ચમચીથી આપવાના છો? દવાની જેમ. આ કૂપષણમાંથી આપણે બહાર નીકળવું હોય, નંબર વન જેમાં બની ગયા છીએ તો એમાં સારી રીતે ધ્યાન રાખવું પડે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની વાત કરું તો ૧૬૦૦ નવી બસો આપણે મંજૂર કરી છે. છેલ્લા દસ વર્ષમાં ૧૦ હજાર નવી બસો આપણે લીધેલી છે પણ ગામડાંમાં કોઇ નવા રૂટ ચાલુ નથી થતાં, જૂના રૂટ હતા એ પણ ધીરે ધીરે બધા બંધ થવા માંડ્યા છે. તકલીફ ક્યારે પડે છે જ્યારે સ્ટુડન્ટને માટે બસની જરૂર પડતી હોય ત્યારે સવારે બાળક તૈયાર થઇને બેસી રહ્યો અને બસ ના આવે એટલે અમે ફોન કરીએ તો કહે કૃષિમેળો છે ત્યાં બસ ગઇ છે. ધારો કે બાળક સ્કૂલે પહોંચી ગયો હોય તો રિટર્નમાં બસ

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મળતી નથી એટલે ગમે ત્યારે બસમાં ફેરફાર થાય અને બસ બંધ થઇ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે વાત કરીએ ઊર્જા વિભાગની. ગરીબ માણસો માટે ૪૨ હજાર નવા કનેકશન તો આ ૨૦ વર્ષ પછી પણ એવા ૪૨ હજાર કુટુંબો આપણાં ગુજરાતમાં પડયા છે જયાં આપણી વીજળી પહોંચી નથી. વિજયભાઇએ બહુ સરસ વાત કરી કે ગુજરાત સૌથી સસ્તી વીજળી ખરીદે છે પણ ગુજરાત ભારતમાં સૌથી મોંઘી વીજળી વહેંચે પણ છે. આ વચ્ચેનો ફર્ક જે છે તે કયાં ખવાઇ જાય છે તેની અમને ખબર નથી પણ સૌથી સસ્તી વીજળી લેતાં હોય તો સૌથી મોંઘી વેંચવાની જરૂર શા માટે ઉભી થઇ છે ?

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોના હાઉસીંગની વાત કરીએ તો ઇ.ડબલ્યુ.એસ.ર હેઠળ સાડા સાત લાખથી સાડા પાંચ લાખનું મકાન કરી દેવામાં આવ્યું. બજેટની ફાળવણી સાડા સાતસો કરોડની આ આખી ગરીબોની મકાન યોજના તે એક વેપારી યોજના જેવી લાગે છે. આજે છાપામાં જ વાંચ્યુ ઉપદેશ આપવો બહુ સહેલો છે આચરણ કરવું અઘરું છે. આ હાઉસીંગની વાત કરું તો જમીન તમારી અને મકાન મારું બાંયેધરી આપું છું. તમારા ભાવે બાંધી આપવા તૈયાર છું તો આમાં સાડા સાતસોની જરૂર કયાં પડી ? મારો જીલ્લો હું સંભાળી શકુ તેમ છું તેમ દરેક જિલ્લામાં એવા માણસો છે જ કે જેને ગરીબોના કામ કરવા છે. આ ઉચ્ચારણની વાત પૂરેપૂરી ગેરંટી આપું છું ગરીબોની સ્કીમ તેના ઘર સુધી પહોંચે એવી સરકારની ખુદની ઇચ્છા હોય તો સરકાર જમીન આપવા તૈયાર હોય તો બાંધવા હું તૈયાર છું તો કહેજો, આપનો આભાર.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી જે બજેટની જોગવાઇઓ લઇને આવ્યાં છે તે ગુજરાતના તમામ વર્ગને તેનાથી તેનો ફાયદો થાય તે પ્રકારની યોજનાઓ લઇને આવ્યા છે. અગાઉની સરકારો હમણાં જવાહરભાઇ કહી રહ્યા હતા આખું ગુજરાતનું ટોટલ બજેટ જેટલું હોય તેના કરતાં પણ વઘુ એટલે એકે એક વિભાગોની અંદર જે નાણામંત્રીશ્રી ફાળવણી લઇને આવ્યા છે તેને હું આવકારવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં આપણે બધા જ સમજીએ છીએ તેમ જળ એ જ જીવન છે. પીવાના પાણી વગર કોઇ પણ જગ્યાએ વસતિને ટકાવવી માણસોનું જીવન મુશ્કેલ હોય છે. મારે નાણામંત્રીશ્રીને વિશેષ અભિનંદન આપવા છે કે, આ બજેટની અંદર ગુજરાતની અંદર પીવાના પાણી માટે રૂપિયા ૩૪૦૦ કરોડ જેવી માતબર રકમની જે ફાળવણી કરી છે તેના માટે હું અભિનંદન આપું છું. નર્મદાની કેનાલ આધારિત તે સૌરાષ્ટ્ર વિસ્તાર હોય, અમારો કચ્છ વિસ્તાર હોય, ઉત્તર ગુજરાત વિસ્તાર હોય કે તમામ ગુજરાતના વિસ્તારની અંદર પીવાના પાણી માટે જે ફાળવણી કરી છે તે ઐતિહાસિક છે અને માતબર છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની અંદર કુલ ૬ બેલેન્સીંગ રીઝર્વોયર માટે પણ ૪૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. વન બંધુઓના વિસ્તાર માટે પણ આ વિસ્તારના પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે ૭૩૦ કરોડ રૂપિયાની જે ફાળવણી કરવામાં આવી છે તે ધન્યવાદને પાત્ર છે, અભિનંદનને પાત્ર છે. હું મારા કચ્છની વાત કરું તો આજે શરૂઆત અમારા કચ્છના ધારાસભ્યશ્રી શકિતસિંહભાઇએ કરી. મને દુઃખ થયુ કે તેમણે બજેટની અંદર માનનીય શકિતસિહજી, આપે બજેટની અંદર કોઇ સૂચન કર્યા હોય તો અમને ગમત, પણ એની જગ્યાયે હું રોજ કહેતો આવું છું એમ, અને અમારા પાણી પુરવઠા મંત્રીશ્રીએ કહ્યું એમ વાસ્તવિક વાતો કરવાની જગ્યાએ એ • (×××) કાર્ય તો થઇ શકે પણ દૂધમાંથી પોરા કાઢવાનું કાર્ય...

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી પંકજ અ. મહેતા: સાહેબ, પાણીમાંથી થઇ શકે એમ કહ્યું મેં, અને આ તો એક કહેવત છે અને એમાં કોઇ આપત્તિ હોય તો મને કોઇ વાંધો નથી.

ઉપાધ્યક્ષશ્રી : બધી કહેવતો સંસદીય નથી.

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, કંઇ વાંધો નહીં. એ કાર્ય જયારે થયું ત્યારે અને એની સામે અમારા પાણી પુરવઠાના મંત્રીશ્રી અને અમારી પાર્ટીના પાણીદાર પ્રમુખ માનનીય વિજયભાઇએ જે પ્રકારે વાસ્તવિક વાતો કરીને આ બજેટની અંદર જે જોગવાઇઓ કરી છે, એની વાસ્તવિક વાતો આ ગૃહ સમક્ષ મૂકી. મારે કહેવું જોઇએ કે,પાણી પુરવઠાના વિભાગ દ્વારા કચ્છ જિલ્લાની અંદર એક સમય એવો હતો કે,પાણીની અછતના કારણે લોકો કચ્છ છોડીને અન્ય જગ્યાએ રોજી રોટી કમાવા જતા હતા. આજે કચ્છની અંદરથી લગભગ સાડા ત્રણથી ચાર લાખ લોકો અન્ય પ્રાંતમાં જઇને વસ્યા છે, એનાં ઘણાં કારણોમાંનું એક કારણ મુખ્ય કારણ પીવાના પાણીની સમસ્યા વર્ષોથી હતી. આજે એ જ કચ્છ છે એ કચ્છના છેવાડાના વિસ્તાર સુધી, એ અબડાસા કે લખપત વિસ્તાર સુધી પીવાનું પાણી સરકારશ્રીએ જે પ્રકારે આયોજન કરીને આપ્યું છે, બીએસએફની ચોકીઓ સુધી બોર્ડરની અંદર રક્ષા કરતા જવાનોને પણ નર્મદાનું શુદ્ધ પાણી મળે એ પ્રકારનું આયોજન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. લખપત અને અબડાસાના વિસ્તારની અંદર અંદાજિત ૩૧૪ કરોડ રૂપિયાના કામો પૈકી ૯૪ કરોડ રૂપિયાના કામો પૂર્ણતાના આરા ઉપર છે અને આ છેવાડાના સરહદી વિસ્તારની અંદર વર્ષોથી ટેન્કરના માધ્યમથી જે પાણી અપાતું હતું એની જગ્યાએ મહત્તમ પાઇપલાઇન દ્વારા પાણી પહોંચે એ પકારનું સુનિશ્ચિત પ્રકારનું આયોજન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

---

• આ શબ્દ માનનીય ઉપાધ્યક્ષીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

એવો જ વિસ્તાર અમારા કચ્છ જિલ્લાનો બોર્ડરનો વિસ્તાર ધોળાવીરા અમારા મતવિસ્તારનો એરિયા, પ્રવાસનનું પણ ગામ છે, ખૂબ પછાત વિસ્તાર છે, એ ધોળાવીરા સુધી પણ પાણી પહોંચે એટલા માટે એક જ વર્ષની અંદર ૧૯ કરોડ રૂપિયાની ફાળવણી કરીને કામ પણ પૂર્ણ કર્યું છે, તો આને કહેવાય ગતિશીલ ગુજરાત.

મિત્રો, કચ્છ આવે એટલે પ્રવાસન આવે જ, અનેક પ્રકારનું પ્રવાસન જો ડેવલપ થયું હોય તો એની અંદર પણ કયાંકને કયાંક આ પાણી એ નિમિત્ત છે. પ્રવાસનની બાબતમાં ઘણા પ્રકારના ટુરિઝમોની વાત આપણે સૌએ સાંભળી છે, મેડીકલ ટુરિઝમ પણ હોય, ઇકો ટુરીઝમ પણ હોય પણ અમારા ત્યાં કચ્છની અંદર તો પોલિટિકલ ટુરીઝમ પણ શરૂ થયું છે. કેટલાક પોલિટિકલ મિત્રો કચ્છની અંદર એ લોકસભા હોય કે વિધાનસભા હોય એ કચ્છને પસંદ કરતા થયા છે તો આ એ જ કચ્છ છે કે એક સમયે આ કચ્છ છોડીને લોકો કચ્છની બહાર જતા હતા, આ એ જ કચ્છ છે કે સાડા ત્રણથી ચાર લાખ લોકો પર પ્રાંતમાં વસ્યા છે, અને અહીંયાં જે રોજગારીની બધી વાતો થતી હોય છે. કચ્છની અંદર આજે ઉદ્યોગની દ્રષ્ટિએ પણ કચ્છ ખૂબ ડેવલપ થયું છે અને આ બધા જ ડેવલપમેન્ટની પાછળ અગર કોઇ બાબત હોય તો એ પીવાનું પાણી કચ્છના એકેએક ગામડાં સુધી પહોંચાડ્યું છે અને એકેએક શહેરો સુધી પહોંચાડ્યું છે એના માટે નિમિત્ત છે એના માટે આ રાજયની સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

સાહેબ, મારા વિસ્તારની અંદર, કચ્છ જિલ્લાની અંદર વાસ્મોના સહયોગથી અંદાજિત ૧૦૫ કરોડ રૂપિયાની કુલ ૨૦૧ ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠાની યોજનાઓ મંજૂર થયેલ છે અને ૧૧૦ યોજનાઓનાં કામો ૭૧ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણતા તરફ છે. એક સમય એવો હતો કે, આ કોંગ્રેસના મિત્રો, જયારે હમણાં માનનીય જવાહરભાઇ ૨૮ વર્ષની તુલના કરતા હતા ત્યારે એ ૨૮ વર્ષની પહેલાં એક ગામની અંદર કૂવો કે બોર આપવો હોય તો તેના ઉપર પાંચ વર્ષની આખી રાજનીતિ ચાલતી હતી. ગામનો સરપંચ એના ગામની અંદર કુવો બનાવવો હોય, બોર બનાવવો હોય, એની મોટર લેવી હોય તો પાંચ વર્ષ સુધી એક મોટરના ઇસ્યુ ઉપર પાંચ વર્ષ સુધીની રાજનીતિ ચાલતી હતી, આ પ્રકારે વોટબેંકની રાજનીતિ ચાલતી હતી. આજના દિવસે, અત્યારના સમયની અંદર એ રાજનીતિ ચાલતી નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીના નાણા બજેટ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ભારતીય જનતા પાર્ટીના એક સન્માનનીય સભ્યશ્રીને હું બહુ ધ્યાનથી સાંભળતો હતો. તેઓ વ્યસન મુકિત માટે ઘણી સારી વાત કરતા હતા. એ ખૂબ જ સારી વાત છે. મારે એમને કહેવું છે કે એક ભૂવો ફળિયામાં ધુણતો હતો અને એમ કહેતો હતો કે આકાશ બાંધુ પાતળ બાંધુ બાંધુ ભૂત પલીત, ડેણ બાંધુ ડાકણ બાંધુ. ત્યાં એની ઘરવાળી બોલી, તારી ડોહી આ ઝાંપલી તો બંધ કર એને બાંધી દે પછી બીજું બાંધજે. મારે ભારતીય જનતા પાર્ટીના સન્માનનીય સભ્યશ્રીને કહેવું છે. અમદાવાદમાં •(×××)

ઉપાધ્યક્ષશ્રી : પાર્ટીના નામ સાથે વાત કરી છે એટલે એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર વ્યસન મુકિતની વાત કરતી હોય, દારૂ પકડવા માટેની વાત કરતી હોય ત્યારે મારે એમને કહેવું છે કે ઠાકોર ક્ષત્રિય સેનાના પ્રમુખ અલ્પેશભાઇ ઠાકોર રાજયના મુખ્યમંત્રીશ્રીને મળીને બનાસકાંઠા પાટણ અને મહેસાણા જિલ્લામાં જેટલા જેટલા દારૂના અડ્ડા ચાલે છે એની યાદી આપી આવ્યા છે શું પોલીસને ખબર નથી? *(×××) આ રાજયમાં અબજો રૂપિયાનો દારુ વેચાય છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય રાઘવજીભાઇ, આપ સિનિયર સભ્ય છો, સંસદીય પ્રણાલિકાના જાણકાર છે એટલે એવા શબ્દોનો ઉપયોગ કરો કે જે રેકર્ડ ઉપર રહે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારે એ કહેવું છે કે માનનીય સભ્યશ્રી વાત કરતાં હોય તો અમારે એનો જવાબ તો આપવો પડે ને? તમે ખેડૂતોને સમૃદ્ધ કરવાની વાત કરો છો ત્યારે મારે નાણામંત્રીશ્રીને યાદ અપાવવું છે કે સન ૨૦૧૫–૧૬ના વર્ષના અંદાજપત્ર પ્રવચનમાં પાના નંબર પાંચ ઉપર રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના માટે ૬૦૧ કરોડની ફાળવણી કરી હતી. જયારે ચાલુ વર્ષે ફકત ૩૦૦ કરોડ રૂપિયાની જ ફાળવણી કરવામાં આવી છે. એટલે કે ૩૦૦ કરોડ રૂપિયાનો કાપ મૂકવામાં આવ્યો છે. મારે નાણામંત્રીશ્રીને કહેવું છે કે તમે ખેડૂતો, ખેતર અને ગામડાંની વાત કરતાં હોય તો ખેડૂત સમૃદ્ધ હશે તો ગામ સમૃદ્ધ થશે. ગામડું સમૃદ્ધ થશે તો દેશ સમૃદ્ધ થશે એના માટે તમારે એ કરવું પડશે. ખેડૂતને સિંચાઇ માટે પાણી, વીજળીની પૂરતી સવલત અને સાથે સાથે ખાતર બિયારણની સગવડ આપવી પડશે અને એની સાથે સાથે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે એના માટેની વ્યવસ્થા કરવી પડશે. આ બજેટમાં કપાસ હોય કે મગફળી હોય, બટાટા હોય કે ડુંગળી હોય ગુજરાતના ખેડૂતોના આ મહત્વના પાકો છે. ખેડૂતોને આ પાકોના પોષણક્ષમ ભાવો મળતા નથી જયારે પડતરથી નીચી કિંમતે બજારમાં જાય ત્યારે રાજય સરકારે એની માટે પૂરતું ભંડોળ ફાળવવું જોઇએ જેથી કરીને ગુજરાતના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે અને ખેડૂતોની આર્થિક બરબાદી ન થાય. માનનીય નાણા મંત્રીએ પ્રવચનમાં બહુ સારુ સારુ લખ્યું છે પણ આનો કયાંય ઉલ્લેખ કર્યો નથી. એવી જ રીતે ખેડૂતોને કુદરતી આફતો સામે પાક વીમાનું રક્ષણ આપવાની વાત કરી છે પણ અત્યાર સુધીનો ઇતિહાસ બતાવો કે આ ગુજરાતના ખેડૂતોને ભારતીય જનતા પાર્ટીની સરકારે કયારેય પાક વીમા યોજનાના નાણાં સમયસર અને પૂરતાં નથી ચૂકવ્યા.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

એવી જ મારે બીજી વાત કરવી છે ગુજરાતનો હીરા ઉદ્યોગ મોટામાં મોટો રોજગારી આપતો ઉદ્યોગ છે. એક ખેતી, બીજો માછીમારી અને ત્રીજો હીરા ઉદ્યોગ છે આ ત્રણેય ઉદ્યોગ ગુજરાતમાં મોટામાં મોટી રોજગારી પૂરી પાડે છે. પણ અહીં આ ઉદ્યોગના વિકાસ માટે હીરામાં કામ કરતા રત્નકલાકારો માટે સરકારે કોઇ વિશેષ જોગવાઇ કરી નથી. એટલું જ નહીં સાહેબ, હીરા ઉદ્યોગને ગૃહ ઉદ્યોગ તરીકેનો દરજ્જો પણ આ સરકારે આપ્યો નથી ત્યારે સુરત હોય, રાજકોટ હોય, અમદાવાદ હોય, ભાવનગર હોય. આ શહેરોમાં આ ઉદ્યોગ ધમધમ્યો છે અને હજારો અને લાખોની સંખ્યામાં બેરોજગાર યુવકોને રોજીરોટી આપે છે ત્યારે આ ધંધા માટે રાજ્ય સરકારે જરાય ચિંતા નથી કરી તેનું મને દુઃખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર આ ગૃહમાં કહેવામાં આવતું હતું કે કેન્દ્રની કોંગ્રેસની સરકાર ગુજરાતને અન્યાય કરે છે. મારે કહેવું છે કે ૨૦૧૩માં ગુજરાતના કેન્દ્ર પાસે ૧૦૯ પ્રશ્નો પડતર હતા. એ ૧૦૯ પ્રશ્નોમાં કૃષિમાં ૬, શિક્ષણમાં ૧૧, ઉદ્યોગ–ખાણમાં ૧૧, ઊર્જા પેટ્રોકેમિકલ્સમાં ૫, નાણાંમાં ૫, વન–પર્યાવરણમાં ૭, ગૃહમાં ૮, પ્રવાસનમાં ૧, નર્મદા જળસંપત્તિ ૪, બંદરો ૫, માર્ગ અને મકાન ૨૦, રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આમ ૧૦૯ પ્રશ્નો કેન્દ્રમાં પડતર હતા. એ વખતના મુખ્યમંત્રી એમ કહેતા હતા કે તમે અમારો ટેક્સ લેવાનો બંધ કરો. અમે અમારું ફોડી લેશું. આવી ભાષામાં વાત કરતા હતા. હવે શું કહે છે સાહેબ, પ્રશ્ન તો હજી પણ પડતર છે. હવે એમ કહે છે કે સંઘર્ષ નહીં, સંવાદ કરો. હમણાં એમના સંસદસભ્યશ્રીઓ સાથે પ્રધાનમંત્રીશ્રીએ મિટિંગ ગોઠવી. એમાં જુદી વાત કરી. પહેલાં એમ કહેતા હતા કે અમારો ટેક્સ લેવાનો બંધ કરો. અમે અમારું ફોડી લેશું. હવે એમ કહે છે, સંઘર્ષ નહીં, સંવાદથી પ્રશ્ન ઉકલશે. ગુજરાતના પ્રશ્નો. સાહેબ, મોસાળે જમણ અને માં પીરસનારી હોય. ગુજરાતના વિકાસની વાત કરનાર આપણાં મુખ્યમંત્રી આજે ત્યાં વડાપ્રધાન તરીકે બેઠાં હોય અને આપણાં આટલા પ્રશ્નો પડતર હોય આનાથી શરમજનક બાબત બીજી ન હોઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, એક એવો જ મહત્વનો પ્રશ્ન છે. આ સરકારે કે.જી. બેઝીનમાં ધંધુકા પાસે, છેલ્લે ઈજીપ્તમાં જઇને જી.એસ.પી.સી. કંપની દ્વારા ક્રુડનું અને ગેસનું શારકામ કર્યું. તે દિવસે એવી વાતો કરતા હતા કે ગુજરાત તો ન્યાલ થઇ જશે. ચકલી ખોલો અને ક્રુડ આવશે. ઘરે ઘરે ગેસની પાઇપ લાઇનો આવશે. ગુજરાતમાં તો સમૃદ્ધિ આવી જશે. મારે આ સરકારને પૂછવું છે કે ૧૪ હજાર કરોડ રૂપિયાનું પાણી કરી નાખ્યું. એક પણ ઠેકાણે નથી ક્રુડ મળ્યું, નથી ગેસ મળ્યો. ઉલટાનું સાહેબ, આટલું બધું પાણી કરનાર જે અધિકારી હતા તેને તો સાહેબ દિલ્હી લઇ ગયા. અહીં ગુજરાતના ૧૪ હજાર કરોડ રૂપિયાનું આંધણ કરી નાખ્યું. હવે ત્યાં દિલ્હીમાં કેટલું કરશે, ઇશ્વર જાણે. પણ આ પૈસાનું ગુજરાતની જનતાને વળતર શું મળ્યું એ તો કહો. આ બજેટમાં તેના માટેની પણ કોઇ વાત કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતની વાતો કરે છે. ગતિશીલ ગુજરાત માટે બજેટ પણ ફાળવે છે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ૨૦૧૫–૧૬ના બજેટમાં તમે પંચાયત માટે ૩,૬૮૯ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. ડિસેમ્બર સુધીમાં ખર્ચ માત્ર ૧૦૬૧ એટલે કે ૨૮ ટકા ખર્ચ કર્યો છે. એવી રીતે કૃષિમાં ૨૯.૨૮ ટકા ખર્ચ કર્યો છે. શિક્ષણમાં ૩૧.૩૮ ટકા ખર્ચ કર્યો છે. ગૃહમાં ૩૪.૮૭ ટકા ખર્ચ કર્યો છે. માત્ર બે મહિના છે. આવડા મોટા બજેટની ફાળવણી સામે જયારે આટલો ખર્ચ કર્યો હોય ત્યારે આ સરકાર બાકીના પૈસા કયારે વાપરી શકશે એની અમને ચિંતા છે.

ઉપાધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬–૧૭ના રજૂ કરેલા ગતિશીલ ગુજરાતના આ બજેટને, ગુજરાતના ઇતિહાસમાં સૌથી મોટા કદના અને સર્વાંગી વિકાસવાળા આ બજેટને હું આવકારું છું અને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગ દ્વારા ગ્રામસ્વરોજગારીની તકો ઉભી કરવા તથા વધારવામાં ખૂબ જ મહત્વનો ફાળો આપેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમાં કૌશલ્ય સુધારણા, ટેકનોલોજી સુધારણા, નાણાકીય સહાય, બજાર પ્રોત્સાહન, આંતરમાળખાકીય સુવિધાના વિકાસ દ્વારા કારીગરોને સક્ષમ કરી અને તેઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. ડિસેમ્બર ૨૦૧૫ સુધીમાં રૂ.૧૪૧/– કરોડનો ખર્ચ કરી ૧,૩૬,૪૪૮ લોકોને સ્વરોજગારી માટે પ્રોત્સાહન અને લાભ આપવામાં આવ્યો છે અને ચાલુ વર્ષમાં એના ડબલ કરી અને રૂ.૨૯૦/– કરોડની બજેટમાં જોગવાઇ કરી ૨,૬૩,૧૦૫ લાભાર્થીઓને પૂરક રોજગારી પૂરી પાડવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. રૂ.૮૫૫૫૭/– કરોડ આખા ગુજરાતનું બજેટ છે. એમાં ઉદ્યોગનું રૂ.૨૯૫૫/– કરોડ એમાં કુટિર ઉદ્યોગના રૂ.૩૧૦/– કરોડ. આટલા બજેટમાં ૨,૬૩,૦૦૦ લોકોને રોજગારી માટે પ્રેરણા આપનાર આ ગુજરાત રાજ્યની રોજગારલક્ષી નીતિ બતાવતું બજેટ છે. નાનું બજેટ હોવા છતાં રોજગારીની કેટલી બધી ચિંતા કરી છે! આ બેકારી માટે ગૃહમાં ચિંતા થઇ. બેકારી આ દેશ અને વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. એમાં આપણી ગતિશીલ ગુજરાતની સરકારે કઇ રીતે વધુમાં વધુ ગુજરાતની જનતાને એનો લાભ મળે એના માટે પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે એ કહીશ કે જો આપણે ટુજી અને થ્રીજી જોયા પછી લાખો રૂપિયાની વાત સાંભળી હોય તો રૂ.૧૦૦૦/– તો કીડીના પગ જેટલા લાગે. પણ ગુજરાત સરકારે નક્કર પગલા ભરી અને છેવાડાના માનવી સુધી ગુજરાતનો વિકાસ જાય એના ફળ મળે એના માટે પૂરતા પ્રયત્નો કર્યા છે. આ બેકારી આપત્તિ છે. આપણા આદરણીય વડાપ્રધાન અને જેમણે પોતાનું સમગ્ર જીવન ભારત માતાને સમર્પિત કર્યું છે એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્નને સાકાર કરવા માટે આપત્તિને અવસરમાં પલટવાનું ભગીરથ કાર્ય હાથ ઉપર લીધું છે. હમણાં ઘણા દિવસોથી ગુજરાતમાં બેકારીની વાતો ચાલે છે. વિપક્ષના મિત્રોએ બેકારીની ખૂબ વાતો કરી. તલાટીની બાબતમાં અમારા આદરણીય અધ્યક્ષ અને મંત્રીશ્રી વિજયભાઇએ જવાબ આપ્યો. એની અંદર

ઉંમરમાં વધારો કર્યો એના કારણે અને મારી દ્રષ્ટિએ એમાં લાખો યુવાનો એટલા માટે આવ્યા કે આ યુવાનોને ગુજરાતની અંદર આ ગુજરાત સરકાર દ્વારા હજારો લોકોને પારદર્શી નીતિ દ્વારા વગર પૈસે નોકરી આપવાનો સીલસીલો ચાલુ કર્યો છે એ જોયું. પહેલાની સરકારમાં જેમ થેલા ભરી રૂપિયા લઇને જવું પડતું હતું એ હવે જવું પડતું નથી અને ગુજરાત સરકારની નીતિ પારદર્શક છે માટે પોતાનું નસીબ અજમાવવા ગુજરાતના લોકો આવ્યા. ૧૯૮૯-૯૦માં આદરણીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી અને અમે યુવા મોરચાની ટીમમાં સાથે કામ કરતા હતા. એક સમયે અમારા માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી અને અમે શહેરની યુવા મોરચાની ટીમમાં ૧૯૮૯-૯૦માં કામ કરતા હતા અને આદરણીય શંકરસિંહજી અમારા શીર્ષસ્ત નેતા હતા. એ દર વખતે બે વાતો સૌથી વધારે કરતા. એક આપણી વિચારધારા માટે આપણે ધૂપસળીની જેમ સળગી જવું અને સુગંધ ફેલાવવી અને બીજી એમની એક વાત હતી કે આઝાદી માટે સ્થાપના કરેલી આ કોંગ્રેસનું આઝાદી પછી વિસર્જન કરવું. આટલા દિવસોના વિચાર કર્યા પછી મને આજે એવું લાગે છે કે મહાત્મા ગાંધી બાપુએ જે કહ્યું હતું એ અમારા શંકરસિંહજી બાપુ, અંદર જઇ, બંધ કરી, વિસર્જન કરી, તાળુ મારી અને ચાવી લઇને આવશે આવો મારો અટલ વિશ્વાસ છે. અત્યારે કુટિર ઉદ્યોગમાં ૬૫ હજાર લાભાર્થીને ટુલ કીટ આપવા માટે પાંચ હજારની મર્યાદા છ હજાર કરી છે. જયારે ગરીબ કલ્યાણ મેળામાં આ લોકોને ટુલ કીટ આપવામાં આવે છે અને વારેઘડીએ લોકોને મેળાઓમાં બોલાવી અને ગુજરાતની ગરીબ પ્રજાનું જે કોંગ્રેસ દ્વારા અપમાન કરવામાં આવે છે. આ પૈસા આ મેળાવડામાં ખર્ચ શેનો થાય છે, એમને બસોમાં લઇ જવા અને લાવવાનો ખર્ચ, એમને સારામાં સારું ફુડ પેકેટ આપવાનો ખર્ચ, એમના બેસવા માટે મંડપનો ખર્ચ, પંખાની વ્યવસ્થા, અને એ લોકોમાં જે લોકોએ કીટ લઇ અને દર મહિને દસ-પંદર હજાર કમાયા હોય એની એ લોકોમાંથી આવી અને વકતવ્ય આપે છે અને એ લોકોને પ્રેરણા લેવા જેવું હોય છે.

શ્રી અનિલભાઇ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પોતાનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. રૂપાણીસાહેબ હમણાં વાત કરતા હતા. ૧૮ થી ૪૦ વર્ષના યુવાનોની સંખ્યા ૬૦ ટકા છે એમની આજે ચિંતા કરી છે. મારે એમને કહેવું છે કે આજે બાવીસ વર્ષની સરકાર થઇ ત્યાં સુધી એમને યુવાનો યાદ ના આવ્યા, આજે બાવીસ વર્ષથી યુવાનો નોકરીઓની રાહ જોઇને બેઠા છે. આજે કોઇપણ વિભાગ જુઓ, ગામડાંમાં તાલુકા પંચાયત જુઓ કે મામલતદાર ઓફીસ કે કલેકટરની ઓફીસ જુઓ કે સચિવાલયમાં કોઇપણ જગ્યાએ ૬૦ ટકાથી વધુ જગ્યા ખાલી છે. માનનીય રૂપાણીસાહેબે ૧૯૯૨થી દસ ટકાના કાપની વાત કરી. એમને કદાચ કયાંક જોવાની ભૂલ હશે, ૧૯૯૨માં કયારેય કોંગ્રેસ સત્તા ઉપર નહોતી, ત્યારે ભા.જ.પ. અને જનતાદળની સરકાર હતી અને એમની સરકારમાં આ નિર્ણય કર્યો હતો. મારે તો એનાથી આગળ વધીને કહેવું છે કે ગરીબ માણસો માટેના એમના વિભાગના પૈસા જે ગરીબ માણસો બાંધકામક્ષેત્ર સાથે સંકળાયેલા છે એના પંદરસો કરોડ રૂપિયા એમને એમ પડયા છે. એક ટકો પણ પૈસા વપરાયા નથી. મારી વિનંતી છે કે એ પૈસાવાપરો. નાણા મંત્રી બજેટમાં કરવેરા લઇને આવ્યા છે. એની આવક જે છે એ ૭૧૩૬૯ કરોડ લગભગ કરવેરામાંથી મેળવવાના છે. સારું છે કરવેરા નાખો આવક થાય અને આપણે વિકાસ કરીએ પણ આજે આંતરરાષ્ટ્રીય લેવલે ક્રુડનો ભાવ ઘટતા જે પહેલા ૧૩૦ ડોલર પર બેરલ હતું આજે એ ૩૦ ડોલરે થઇ ગયું છે. અમને તો એમ હતું કે ઉપરવાળા એટલે દિલ્હીવાળા એ પણ એકસાઇઝ ડયુટીના નામે પૈસા લે, અને ગુજરાતમાં તમે પણ વેટ અને સેસ ચાલુ જ રાખ્યું છે. જે ૨૪ થી ૨૫ ટકા હતું એ આજે ૨૮ ટકા કરી નાખ્યું છે. વેટથી સંતોષ ના થયો સેસ નાખ્યું તમે. પ્રજા ત્રાહિમામ પોકારે છે. ખેડૂતોની શું દશા છે? મારે ખેડૂતોની વાત કરવી છે. હમણાં ખેડૂતોની વાત કરી કે લાઇટ બહુ આપી. સરકારના આંકડા જ કહેશે કે તમારી ૨૦૦૨માં તમે ખેડૂતોને જે લાઇટ આપતા હતા એ ૧૫૬૯૫ મિલિયન યુનિટ મળતી હતી. આજે આ તમારા ૧૫-૨૦ વર્ષ થઇ ગયા, તમે કનેકશનો આપ્યા હશે, સબસ્ટેશન નાખ્યા હશે,ઘણું બધું કર્યુ હશે પણ આજે પણ ખેડૂતોને વીજળી કેટલી મળે છે? એટલી જ મળે છે બહુ વધારો નથી થયો, ૧૬૪૫૦ મિલિયન યુનિટ જ થઇ છે આ તમારો રેકોર્ડ કહે છે. એનો મતલબ એ થયો કે તમે જે જાહેરાતો કરો છો એમાં ક્યાંકને ક્યાંક મુશ્કેલી છે. કાં તો ખેડૂતોને વીજળી આપતા નથી એ દેખાઇ રહ્યું છે. મારો તો ચોખ્ખો આક્ષેપ છે કે ખેડૂતોને પહેલાં ૮ કલાક વીજળી દિવસે આપવાની વાત થઇ હતી. એમને એમ થયું કે ખેડૂતોને ૫૦ પૈસે યુનિટ આપવી દેવાની? એટલે એમને એમ થયું કે ખેડૂતોને ન આપો અને એ વીજળી ઉદ્યોગોને આપવાનું પ્લાનીંગ કર્યું. હમણાં શકિતસિંહે કહ્યું હતું કે તમે રાત્રે પાણી આપી શકવાના છો? સસ્તી વીજળી ૫૦ પૈસે યુનિટ છે એ ખેડૂતો વાપરી શકતા નથી. આપ ખરેખર ખેડૂતોની ચિંતા કરો. આ વીજળી ખેડૂતોને ખરેખર મળે એવા પ્રયત્નો કરો એવી મારી વિનંતી છે. તમે વીજળીની વાત કરતા હો તો બીજું તમે કહ્યું છે કે અમે ખાતર, બિયારણ આપીએ છીએ, કૃષિ મેળાઓ કરીએ છીએ. ગઇ કાલે સંકલ્પ હતો, શા માટે સભ્યશ્રી જતા રહ્યા કે એને મોકલી આપવામાં આવ્યા એ ખબર નથી. તમારો કૃષિ મેળાઓમાં રથ ચાલે છે એ પહેલાં ગામડાંની વાત કરતા હતા પણ તાલુકા અને હવે જિલ્લામાં, કારણ કે લોકોનો આક્રોશ હતો એ દેખાઇ આવ્યો અને કૃષિ અને સંલગ્ન માટે ફંડ ફાળવો છો એ ફંડ ૨૦૧૪-૧૫માં જે ફાળવ્યું હતું એ વપરાયું જ નથી. ૧૦૪૮ કરોડ રૂપિયા તમે વાપરી શક્યા નથી. એનો મતલબ એમ થયો કે કૃષિ માટે અને ખેડૂતો માટે આ સરકારને કંઇ પડી હોય એમ દેખાતું નથી. મારી વિનંતી છે કે પરકોલેટ પણ થાય છે. આજે દરેક ક્ષેત્રમાં પ્રોડકશન ૨૫ ટકા ઘટી ગયું છે. મકાઇ, ઘઉં, બાજરી, તેલિબીયા એ બધામાં પ્રોડકશન ઘટી ગયું છે એની ચિંતા કરો કે કેમ પ્રોડકશન ઘટી રહ્યું છે. ખેડૂતો આજે ખેતી છોડવા લાગ્યા છે. મારી આપને વિનંતી છે કે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે એના માટે પ્રયત્ન કરો. એના માટે કમિટિ બેસાડો. તમામ સભ્યો વતી વિનંતી છે કે પોષણક્ષમ ભાવો મળી રહે એના માટે ખેડૂતો માટે એક કમિટિ બનાવો. એની પડતર કિંમત શું થાય છે એ નક્કી કરીને એના માટે ગુજરાત પહેલ કરશે તો મને આનંદ થશે કે ખેડૂતોના હિત માટે કંઇક કર્યું.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર દેવાની વાત કરતાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે કડકા માણસને દેવું ન મળે, અમે સદ્ધર છીએ. ૨૭.૧ ટકા દેવું કરી શકીએ પણ આમાં પરિસ્થિતિ શું થાય છે? તમે દેવું કરો છો એ દેવું અને વ્યાજ ચૂકવવામાં ૨૯,૫૦૦ કરોડ લો છો એમાંથી ૨૬,૦૮૭ કરોડ તમારા દેવું અને વ્યાજ ચૂકવવામાં જાય છે. તમારી પાસે બચે શું? દર વર્ષે ગણતરી કરતાં કરતાં આજે ૧ લાખ ૮૪ હજાર કરોડ ઉપર પહોંચી ગયા. આખા દેશની શું પરિસ્થિતિ થઇ રહી છે? આજે બાળક દેવું લઇને જન્મે છે. આખી અર્થ વ્યવસ્થા છે એ લાંબાગાળે પડી ભાંગશે. તમે દેવું કરવા સદ્ધર હો તો દેવું કરવાની છૂટ છે પણ ધીમે ધીમે ઓછું કરો તો અર્થતંત્ર સુધારી શકો. સામાજિક સેવાઓ માટે યશ બહુ લે છે કે અમે એમાં સૌથી વધારે બજેટ ફાળવ્યું છે. તમે બજેટ ફાળવો છો પણ ખર્ચ કરો છો કે નહીં એ જોયું છે ખરું? છેલ્લા સાત વર્ષથી સરકાર પૈસા ફાળવે પણ વાપરતી નથી. ૨૦૦૮-૦૯માં ૬૪૨ કરોડ ન વપરાયા. ૨૦૦૯-૧૦માં ૯૬૪ કરોડ, ૨૦૧૦-૧૧માં ૧૩૯૯ કરોડ, ૨૦૧૧-૧૨માં ૬૪૧ કરોડ, ૨૦૧૪-૧૫માં ૮૦૪૩ કરોડ ન વાપરી શકાયા. આજે સામાજિક સેવાઓની પરિસ્થિતિ બહુ ખાડે ગઇ છે. તમે શિક્ષકો જ ભરતા નથી. દરેક જગ્યાએ પ્રાથમિક શાળાઓ અંગેનો પ્રશ્ન આજે પ્રશ્નોત્તરીમાં પણ હતો. આજે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ સાવ કથળી ગયું છે. શાળા, હાઇસ્કૂલ કે કોલેજોમાં તમામ જગ્યાએ જગ્યાઓ ખાલી છે. જે રાજ્યનું શિક્ષણ બગડ્યું એ સમજી લેવાનું કે એ રાજ્ય પાછળ જવાનું, આગળ નથી જવાનું. મારી આપને વિનંતી છે કે ગંભીરતાપૂર્વક આ વર્ષે આ જગ્યાઓ ભરો અને સાથોસાથ આદિવાસી વિસ્તારમાં કોલેજો અને સ્કૂલો, તમે કહ્યું કે ગ્રાન્ટેડ સ્કૂલો આપવાની નીતિ બંધ કરી છે. શા માટે બંધ કરી છે? એક તો સરકારી સ્કૂલો આપતા નથી અને બીજી બાજુ ગ્રાન્ટેડ સ્કૂલ અને કોલેજો આપવાનું બંધ કરો છો તો આ બેમાંથી એક નીતિ ચાલુ રાખો. શું આપણે ખાનગીકરણ તરફ લઇ જવા માગીએ છીએ? ગરીબ માણસો ભણી શકતા નથી. આ ગ્રામીણ વિકાસમાં જે પૈસા ફળવાતા હતા એ પૈસા પણ ધીરે ધીરે ઓછા થતા જાય છે. મારે આદિવાસી વિસ્તારની વાત કરવી છે....(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ડો. જોષીયારા, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી જનકભાઇ કાછડીયા. શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : આદરણીય અધ્યક્ષ મહોદય, અંદાજપત્ર ૨૦૧૬-૨૦૧૭ માં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં જે જોગવાઇ કરવામાં આવી છે તેના માટે મારાં મંતવ્યો આપવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઊભો થયો છું.

આદરણીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના વિચાર પુરુષ અને જેણે વિશ્વને અંત્યોદય અને એકાત્મવાદ માનવતાવાદના દર્શનના સિધ્ધાંતો આપ્યાં છે એવા પંડિત દીન દયાળ ઉપાધ્યાયના સંદેશા પ્રમાણે સમાજના અંતિમ વ્યક્તિથી વિકાસની શરૂઆત થવી જોઇએ. આ વિચારને ધ્યાનમાં રાખીને પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારના માધ્યમથી સમગ્ર ગુજરાતમાં જે લોકોની જરૂરિયાત છે અને આર્થિક રીતે પછાત છે એવા પરિવારો સુધી અનાજ પહોંચાડીને રાજ્યનો અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ પોતાની કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરી રહ્યો છે તેના માટે આ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આદરણીય અધ્યક્ષશ્રી, આપણાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ અને આરાજ્યના માતૃસ્વરૂપ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને લાખ લાખ અભિનંદન આપું છું. કારણ કે, તેઓશ્રીની દૂરંદેશી દ્રષ્ટિ દ્વારા અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપવા માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને તમામ સરકારી વિભાગો પારદર્શકતા સાથે વહીવટ કરે તેના માટે ઓન લાઇન પધ્ધતિ, સી.સી.ટી.વી. કેમેરા, થમ્પ ઇમ્પ્રેશન આવી અનેક પધ્ધતિઓ દાખલ કરી છે. આવી જ રીતે રાજયના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં ભૂતકાળમાં જે રીતે ભ્રષ્ટાચાર થતો અને સરકારે સપ્લાય કરેલું અનાજ જે લોકોને ખરેખર જરૂર હોય ત્યાં સુધી પહોંચવાને બદલે વચેટિયાઓ દ્વારા અનાજ સગેવગે કરી દેવામાં આવતું હતું. તેમાંથી આ દૂષણ અને બદીને દૂર કરવા માટે સરકારે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થાના માળખાને વધુ સૃદઢ બનાવવા માટે બાર કોડેડ રેશનકાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યાં છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે નાણામંત્રીશ્રીએ રૂ.૧૦૨૯.૭૮ કરોડની જોગવાઇ કરી છે તેના માટે તેમને લાખ લાખ અભિનંદન આપું છું. આ રાજ્યની ગરીબી રેખા હેઠળના પરિવારો અને અંત્યોદય કુટુંબોને સરકાર એકદમ સસ્તા દરે અનાજ પૂરું પાડે છે. જેમાં ગત વર્ષે ૧૬ લાખ મેટ્રિકટન ઘઉં અને ૩.૫ લાખ મેટ્રિકટન ચોખા પૂરાં પાડ્યાં હતા. નાગરિકો સન્માનભેર પોતાનું જીવન જીવી શકે તેના માટે પહેલી એપ્રિલ ૨૦૧૬થી નવા બજેટમાં જાહેર વિતરણ વ્યવસ્થામાં મહત્વપૂર્ણ ફેરફારો આવી રહ્યાં છે. ગુજરાતના અંત્યોદય કુટુંબોને ૩૫ કિલો અનાજ તેમજ આર્થિક પછાત કુટુંબોને પ્રતિ વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ દર મહિને આપવામાં આવશે. જેમાં ઘઉં ફક્ત બે રૂપિયે કિલો અને ચોખા ત્રણ રૂપિયે પ્રતિ કિલોના ભાવે આપવામાં આવશે, જેનો લાભ આ રાજ્યની સાડા ત્રણ કરોડની જનતાને મળવાનો છે, તેના માટે આ બજેટમાં રૂ.૪૫૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તેના માટે નાણામંત્રીશ્રી સૌરભભાઇને અભિનંદન આપું છું. જાહેર વિતરણ વ્યવસ્થા ખૂબ સારી રીતે અને પારદર્શક રીતે વહીવટ કરી શકે તેના માટે આ વિભાગ દ્વારા અનેક યોજનાઓ મૂકવામાં આવી છે અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કઇ રીતે છેલ્લા અંતિમ વ્યક્તિ સુધી અનાજ વ્યવસ્થિત રીતે પહોંચે એના માટે અનેક પ્રકારની પધ્ધતિઓ દાખલ કરવામાં આવી છે.

આદરણીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે નાનપણમાં મેં વાતો સાંભળેલી હતી કે ત્યારના કોંગ્રેસના પ્રધાનમંત્રી રાજીવ ગાંધી એવું બોલ્યાં હતાં કે – અમારી સરકાર દિલ્હીથી તો ૧૦૦ રૂપિયા મોકલે છે પણ વ્યક્તિ સુધી પહોંચતા પહોંચતા બે રૂપિયા થઇ જાય છે (અંતરાય) કે રૂપિયાના પંદર પૈસા થઇ જાય છે. એક જ વાત છેને, પણ આ બદીને દૂર કરવા માટે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા એકદમ પારદર્શક વહીવટ આપવા માટે આ વિભાગ દ્વારા અનેક યોજનાઓ આપવામાં આવી છે. તેમાં અંત્યોદય અન્ન યોજના, એ.પી.એલ. યોજના, અન્નપૂર્ણા યોજના, ફૂડ હેલ્પ લાઇન યોજના, મોર્ડન ફેર પ્રાઇસ શોપ, બાર કોડેડ રેશન કાર્ડ,

## તા.૪થી માર્ચ, ૨૦૧૬

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઇ.પી.એફ.એસ. પદ્ધતિ, બાયોમેટ્રિક આધારિત બાર કોડેડ રેશન કાર્ડ, ઓન લાઇન પરમિટ, ડોર સ્ટેપ ડિલેવરી, વિલેજ ગ્રેઇન બેન્ક, જી.પી.એસ. બેઇઝ વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ, માનનીય અધ્યક્ષશ્રી, બોલી બોલીને થાકી જાવ એટલો સુધારો આ વિભાગમાં કરવામાં આવ્યો છે. એના ઉપરથી નક્કી થાય છે કે, આ વિભાગમાં કેટલો ભ્રષ્ટાચાર ભૂતકાળમાં થતો હશે.

માનનીય અધ્યક્ષશ્રી, કબીર સાહેબનો દોહો મને યાદ આવે છે કે, સમાજના અંતિમ વ્યક્તિને આપણે જે આપીએ છીએ એને અનાજનું કેટલું મહત્વ છે એ હું ખૂબ સારી રીતે જાણું છું, ખૂબ સારી રીતે સમજી શકું છું. કારણ કે, આ દેશનું સૌથી મોટું અન્નક્ષેત્ર જો ક્યાંય ચાલતું હોય તો એ મારા ગામ બગદાણામાં બાપ સીતારામ આશ્રમમાં ચાલી રહ્યું છે, એટલે અનાજનું મહત્વ હું ખૂબ સારી રીતે સમજી શકું છું. કબીરે કહ્યું કતું કે,

"કહે કબીર કમાલ કો, દો બાતા શીખ લે,
કર સાહિબ કી બંદગી ઔર ભૂખે કો અન્ન દે".

માનનીય અધ્યક્ષશ્રી, આ ભૂખ્યા લોકોના અનાજના ભાગમાંથી ભૂતકાળમાં એ અનાજ પણ એ લોકોને નહોતું પહોંચતું. મને જવાહરભાઇના શબ્દો યાદ આવે છે, એ બોલ્યા કે "મા યોજના"માં "મા" કહેવાના બદલે હું •(×××) કહીશ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. આપ શેના માટે ઉપયોગ કરો છો ?

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : અમે તો અમારી મા ને જ મા કહીશું , અમે કોઇ પરદેશી વ્યક્તિને મા કહેનારા નથી. આદરણીય અટલજીના પણ શબ્દો છે કે,

"ચલો જલાયે દિપ, જહાં અભી તક અંધેરા હૈ".

આ સરકાર એવી જગ્યાએ દિવડો પ્રગટાવી રહી છે કે, જે પરિવારોને હજુ બે ટંક ખાવાનું અનાજ નહતું મળતું ત્યાં અનાજ વ્યવસ્થિત રીતે પહોંચાડી એ લોકોને યોગ્ય મકાન મળે, એના બાળકોને શિક્ષણ મળે એના માટે ચિંતા કરે છે. આવા કોઇ પ્રયાસો જ નહતા થયા. શ્રી નરેન્દ્રભાઇ એજ શબ્દોને દોહરાવે છે કે,

"માના કિ અંધેરા ઘના હૈ, માના કિ અંધેરા ઘના હૈ, લેકિન દિયા જલાના કહાં મના હૈ?".

તો આ શ્રી નરેન્દ્રભાઇના શબ્દોને સાર્થક કરવા માટે આ સરકાર કામ કરી રહી છે. આદરણીય શક્તિસિંહજીએ કહ્યું કે મેઇક ઇન ઇન્ડિયાનો લોગો તમે પરદેશી વાપર્યો છે. એમને ખ્યાલ નથી કે, લોગો મદ્રાસના એક યુવાને બનાવ્યો છે એનો મને ખ્યાલ છે. પરદેશી લોગોની તમે વાત કરો છો. તમે કોંગ્રેસના વડીલો તો જીવનસાથી પણ પરદેશી લાવી રહ્યા છો. એણે એ જોવું જોઇએ, એણે વિચારવું જોઇએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે, ભા.જ.પ.ના કોરપોરેટર દારૂ પીતા ઝડપાયા. અમારા સુરતમાં તમારા પૂર્વ ધારાસભ્ય મનીષ ગિલીટવાળા મહેફિલમાં ઝડપાયા...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી: જનકભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી રમેશભાઇ ચાવડા. રમેશભાઇ આપની પાસે છ મિનિટ છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ કૃષિ પ્રધાન દેશ છે. આપણે રોજ કહીએ છીએ કે, દરવાજા ખૂબ મોટા કરી દીધા અને આ દરવાજા મોટા કરી દીધા પણ નહેરમાં તો પાણી જે પહેલાં આવતું હતું એનાથી પણ ઓછું થઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ખૂબ જ નહેરો. મારા વિસ્તારમાં આખા તાલુકામાં સૌરાષ્ટ્રની પણ નહેર પણ નીકળે છે અને કચ્છની નહેર પણ નીકળે છે. હમણાં સરકારમાંથી નોટિસો આપવામાં આવી છે કે, પાણીની નહેરો કે લાઇનો તો આપતા નથી પણ જે લોકો નહેરો ઉપર મશીન મૂકીને પાણી પોતાની મેળે લે છે એવા લોકોને પણ મશીનથી પાણી નહેરમાંથી નહીં લેવાનું અને મશીનો હટાવી લેવાની નોટિસો આપી છે અને એ નહીં હટાવી લો તો સરકાર તરફથી મશીન ઉપાડી જવામાં આવશે એવી નોટિસો આપવામાં આવી છે.

મારા વિસ્તારમાં ખાખરિયા ટપ્પો છે અમારા વિસ્તારમાં નદીની બે નહેરો આવેલી છે એના કારણે વરસાદી પાણીનો ખૂબ મોટો જે પ્રવાહ ચાલતો હતો એ અટકી ગયેલ છે. માનનીય મંત્રીશ્રી સૌરભભાઇએ આની સુચના માટે અમને બધાને ભેગા કરેલા. હું પણ ત્યાં ગયેલો ત્યાં મેં કહ્યું કે, અમારે ત્યાં નાળાઓની સખત જરૂર છે. ઓછો વરસાદ આવે તો પણ આખા ગામને ગામ ડૂબમાં જાય છે અને દર વર્ષે આખા ગામને ત્યાં ફેરફાર કરીને સ્કૂલોમાં રહેવા માટે મોકલવા પડે છે. ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે બજેટમાં કયાંય પણ નાળા માટેની વ્યવસ્થા કરવામાં આવી નથી. ખાખરીયા વિસ્તારના ખેડૂતોને અને નાગરિકોને ખૂબ જ તકલીફવાળું જીવન જીવવું પડે છે. હું સિવિલ હોસ્પિટલની વાત કરું તો આપણી અમદાવાદની સિવિલ હોસ્પિટલ એશિયાની મોટામાં મોટી છે. કોઇપણ દર્દી એકસીડન્ટમાં વધારે ઘવાય તો એને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે. સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોની ત્યાં ભરતી કરવામાં આવતી નથી અને જે કોઇ ડોકટરો છે એમને જોઇતા હોય એવા સાધન સામગ્રી કે મશીનરી પૂરી પાડવામાં આવતી નથી. કોઇને એમ.આર.આઇ. કરાવવાનું હોય કે એવું કંઇ જરૂરિયાતવાળું હોય તો એને હોસ્પિટલમાંથી બહાર જઇને એકસરે કરાવી આવો કે એમ.આર.આઇ. કરાવી આવો એ રીતે દર્દીને મોકલવામાં આવે છે આથી દર્દીને અને તેના વાલીને ખૂબ જ તકલીફ પડે છે. સિવિલ હોસ્પિટલમાં વપરાતી દવાઓ ગુણવત્તામાં ખૂબ જ નીચા પ્રકારની હોય છે. આ મશીનરીઓ અને

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ છે.

દવાઓ જો સ્થાનિક હોસ્પિટલના જવાબદાર ડોકટરોને કે જવાબદાર લોકોને સોંપવામાં આવે તો તેમની જરૂરિયાત પ્રમાણેની ખરીદી કરી શકાય તો હોસ્પિટલમાં આવતા દર્દીઓને આનો ખૂબ જ મોટો લાભ મળે. આજે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરકારશ્રી બાબા સાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતિ ઉજવવા જાય છે. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણીમાં ડાયરાઓ બોલાવે છે, ભવાઇઓ કરે છે અને નાટકો કરે છે. નાટકો કરવાથી અનુસૂચિત જાતિનો કોઇ વિકાસ થવાનો નથી. કોઇ નકકર પરિણામ મળવાની જરૂર છે. અનુસૂચિત જાતિની કન્યાઓને આવક મર્યાદા વિના ફ્રીશીપ કાર્ડ આપવાની જરૂરીયાત છે જેમકે આદિજાતિની વિદ્યાર્થીનીઓને આપવામાં આવે છે. આ ગરીબ જાતિના અનુસૂચિત જાતિના લોકોને તમામને બી.પી.એલ. કાર્ડની જરૂર છે. અનુસૂચિત જાતિની બહેનો આજે પણ કાગળ વીણીને અમેના ઘરનું ગુજરાન ચલાવે છે. અનુસૂચિત જાતિના વિસ્તારમાં જે ગ્રાન્ટ વાપરવામાં આવે છે એ અનુસૂચિત જાતિના લોકોની ગ્રાન્ટ બીજા વિસ્તારમાં વાપરવામાં આવે છે. કડી નગરપાલિકાનો હમણા એક દાખલો આપું કે ૯૪ લાખ રૂપિયા બીજા વિસ્તારમાં બગીચો બનાવવા માટે વાપરી નાખ્યા છે અને એ બગીચો બનાવવા માટે કલેકટરને ત્યાં સંકલનમાં પૂછયું તો જવાબ એવો આપ્યો કે બગીચાની પાસે અનુસૂચિત જાતિના લોકોનો મહોલ્લો છે અને સોસાયટી છે. આ બગીચો જે બનાવ્યો છે એ સરકારી જમીનમાં બનાવ્યો નથી બીજાની માલિકીની જમીનમાં બનાવેલો છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતમાં વાસંતી માહોલ જામ્યો છે. વિકાસના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે વસંત આણી છે. તેની સાથેસાથે નારીની શકિત, સામર્થ્ય અને ગરીમાના સ્વીકાર સાથે સ્ત્રીસશકિતકરણ માટેનું વાતાવરણ પણ અત્યારે સર્જાયેલ છે ત્યારે ગુજરાતમાં મહિલાઓની વિકાસમાં સક્રિય ભાગીદારીને ધ્યાનમાં રાખીને મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે તે માટે અનેકવિધ યોજનાઓનો આ બજેટમાં અમલ થયો છે. વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં પણ જેન્ડર બજેટ તૈયાર થયું છે. આ જેન્ડર બજેટમાં મહિલા સશકિતકરણની અંદાજે ૫૯૩ જેટલી યોજનાઓ આવરી લેવાઇ છે. એ પૈકી ૧૩૨ જેટલી યોજનાઓ સંપૂર્ણપણે મહિલાલક્ષી છે. જેમાં મહિલાઓ અને કન્યાઓનું શિક્ષણ, આરોગ્ય, શિક્ષણ, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશકિતકરણ જેવી વિશેષ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રૂપિયા ૨૦૭૫ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. બાળકોનું કુપોષણ દેશ અને રાજ્ય માટે સૌથી ચિંતાનો વિષય છે. ગુજરાતને કુપોષણમાંથી બહાર લાવવા માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ દ્રઢ સંકલ્પ સાથે નવતર અભિયાન ઉપાડ્યું છે. જવાહરભાઇ કહેતા હતા કે ખાલી અતિ કુપોષિત આંકડા ગણવાથી નહિ વળે. તમે શું કરો છો અને એમાંથી કેટલાં બાળકો બહાર આવ્યાં એ પણ વિચારવું જોઇએ. અતિ કુપોષિત બાળકોને જુદાં તારવીને એને વિશેષ દેખરેખ નીચે ઉપચાર કરવાનું આયોજન થયું છે. હું આ બાબતની સાક્ષી છું કે આવાં બાળકોને અલગ અલગ તારવીને, અતિ કુપોષિત બાળકો છે કે જે પોતાનો બીજો જન્મ દિવસ જોઇ શકે નહિ, એવી સ્થિતિમાં અહીયા લાવવામાં આવે છે અને અલગ ડૉક્ટર અને નર્સ લાવીને આ બાળકોનું જતન કરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે એક નવજાત શિશુનું ઊજળું ભવિષ્ય આવતો સૂરજ ઉગતો દેખાય છે, ત્યારે રાજય સરકારે નવીનતમ યોજના કરી છે તે માટે આનંદીબેનને આ વ્યવસ્થા માટે નતમસ્તકે હું વંદન કરું છું. ગુજરાતમાં માતા મૃત્યુ દર અને બાળક મૃત્યુદર ઘટાડવા માટે આપણે ચિરંજીવી યોજના અને બાળસખા યોજના લાવ્યા અને એના કારણે નોંધપાત્ર સુધારો લાવી શક્યા છીએ. હવે ગુજરાતમાં અમદાવાદ ખાતે માતા અને બાળકો માટે ગુજરાતમાં પ્રથમ સ્પેશ્યાલિસ્ટ મધર એન્ડ ચાઇલ્ડ હોસ્પિટલ શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય આ ગુજરાતમાં થયો છે તે ખૂબ પ્રશંસનીય છે. વિવેકાનંદ એવું માનતા જ્યાં સુધી મહિલાઓની સ્થિતિમાં સુધારો નહિ થાય ત્યાં સુધી વિશ્વ કલ્યાણ નહિ થઇ શકે. એટલા માટે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી મહિલાઓના હામી છે અને આ વાત સારી રીતે જાણે છે, એટલે જ માત્ર વિભાગની યોજનાઓ જ બનાવવી એમ નહિ, પણ એથી આગળ વધીને મહિલાઓની આશા, અપેક્ષા અને સ્વપ્નને સજાવવાનું કામ થયું છે. ગુજરાતનો મૂળભૂત સ્વભાવ સાહસિકતા અને વેપારને વરેલો છે. આજ સુધી આ સાહસિકતા પુરુષો પૂરતી સીમિત હતી. મને જણાવતા આનંદ થાય છે કે મહિલાઓની સાહસિકતા અને વેપારી ઉદ્યમી ક્ષમતાનો જે વિચાર આ રાજ્ય સરકારે કર્યો છે અને એટલા માટે સાણંદ ખાતે મહિલાઓ માટે પહેલી વુમન જી.આઇ.ડી.સી.ની સ્થાપના આ બજેટમાં કરવામાં આવી છે. બહેનો બ્યૂટીપાર્લરથી બ્યૂટી પ્રોડક્ટ બનાવવા સુધી વેપારમાં હિસ્સેદાર બની છે. સીલાઇ મશીન ચલાવતા ચલાવતા આજે ફેશન ડિઝાઇનરની ઓળખ ઊભી કરી શકી છે. મને આશા છે કે આ મહિલાઓને તક મળશે તો તે ચોક્કસ આવતા દિવસોમાં સારી ઉદ્યોગપતિ મહિલા બની શકવાની છે. મહિલા અને બાળકલ્યાણ વિભાગની સાથે સાથે મહિલાઓને ઉપયોગી થાય તે માટે મહિલા આયોગ, મહિલાઓને સરળતાથી ન્યાય મળી શકે તે માટે નારી અદાલત, મહિલાઓને કનડગત અને હેરાનગતિ સામે રક્ષણ આપવા માટે ૧૮૧ અભયમ્ હેલ્પ લાઇન આ રાજય સરકારે શરૂ કરી છે. મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ અને મહિલા દૂધ મંડળી બનાવીને ગ્રામ્ય કક્ષાની મહિલાઓના હાથમાં આ વ્યવસ્થા આપવાની શરૂઆત આ સરકારે કરી છે. મહિલા ખેલાડી હોય તો એને પ્રોત્સાહન આપવામાં આવે. મિશન મંગલમ દ્વારા રોજગારી અને મહિલાઓની ઇકોનોમીને મજબૂત બનાવવાનું કામ રાજય સરકારે કર્યુ છે. આ ઉપરાંત રોજગારીની તકોમાં ૩૩ ટકા રિઝર્વેશન જેવા ઉમદા નિર્ણય કરી મહિલાઓમાં આત્મબળ પુરવાનું કામ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. રાજયની શાસન વ્યવસ્થાનું મૂળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ હોય છે. ''જે કર ઝુલાવે પારણુ તે જગ પર શાસન કરે''. આ પંક્તિને ચરિતાર્થ કરતા મુખ્યમંત્રીશ્રીએ હિંમતપૂર્વક ૫૦ ટકા મહિલા રિઝર્વેશન આપી મહિલાઓને લોકપ્રતિનિધિ પૂરી પાડવાની તક આપી છે, તે બદલ હું ખૂબ ખૂબ

અભિનંદન આપું છું. ઘણા લોકો એવું માને છે કે ૫૦ ટકા મહિલાઓ આવવાથી વ્યવસ્થાઓ કમજોર બનશે. મારે વધારે નથી કહેવું, પરંતુ આપણી સામે રાજ્યના મુખ્યમંત્રી આવડા મોટા ગતિશીલ ગુજરાતને સંભાળી રહ્યા છે તે જ આપણા માટે ઉત્તમ ઉદાહરણ છે. માત્ર જરૂર છે નજરિયા બદલવાની. આપો આપ બધુ ગોઠવાઇ જશે. બહુ સારું થશે એવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી એક મહિલા છે અને અન્ય મહિલાઓ આ બધી યોજનાઓથી અવગત બને, સશક્ત બને એટલા માટે રાજ્યની અંદર પ્રથમ વખત મહિલાઓ માટેનું પખવાડિયું સશક્તિકરણનું શરૂ થયું. એમાં મહિલાઓને વિચારોથી સશક્ત બનાવવાનું કામ થયું. મહિલાઓને યોજનાઓથી વાકેફ કરવાનું કામ થયું. ક્ષમ્ય અને વિવેકી મહિલાઓનું નિર્માણ થાય તે માટે આ કાર્યક્રમની શરૂઆત થઇ અને એમાં લાખો મહિલાઓએ ભાગ લીધો.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગે આંગણવાડીને નવો રંગ પૂર્યો છે, એક નવી ઓળખ ઉભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી બહેનો નાના નાના બાલુડાઓને તો સંભાળે છે પણ એની સાથે સાથે કુપોષિત બાળકોની સેવા કરવાનું કામ પણ હાથમાં લઇ એક ડોકટરની જેમ એની સારવાર કરે છે. આંગણવાડીના નંદઘર હોય, આંગણવાડી માટેના રસોઇના સાધનો, રમકડાં તથા અન્ય શંસાધનો પૂરાં પાડીને આજે આંગણવાડીને સૌથી મહત્વનું અંગ રાજય સરકારે સાબિત કર્યું છે અને એની બજેટમાં પણ ફાળવણી કરી છે. છેલ્લા દસકામાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગમાં જે અભૂતપૂર્વ કામ થયું છે એના કારણે મહિલાઓનું ઉત્થાન સાચા અર્થમાં થયું છે ત્યારે આ ૨૧મી સદી મહિલાઓની સદી આપણને દેખાઇ રહી છે. ભાઇઓ બહુ ચિંતા ન કરતા વિકાસની દોડમાં અને સમાજના સર્વાંગી વિકાસ માટે પણ રથના બે પૈડાં મજબૂત બનાવવા અને સમાન બનાવવા બહુ જરૂરી છે અને એ દિશામાં ગુજરાતની રાજય સરકાર આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની મહિલાઓ બીજા રાજય કરતા સશક્ત, સમૃદ્ધ, સ્વાવલંબી અને સ્વાભિમાની છે જેનું મને ગૌરવ છે. દૂધ મંડળી ચલાવતી મારી બહેન હોય કે આંગણવાડીની વર્કર બહેન હોય, સરપંચ હોય કે તલાટી હોય, શિક્ષક હોય કે અનેક જવાબદારી જોતી મારી કોઇ પણ બહેન હોય એ આજે આ બધું કરવા માટે જે વાતાવરણ ઉભું કર્યું છે એનો એક માત્ર શ્રેય આપવો હોય તો રાજયના આપણા લોખંડી મહિલા મુખ્ય મંત્રી આદરણીય આનંદીબેન પટેલને આપવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક વર્ષે મહિલા અને બાળકોની સેવા માટે ઉત્તરોતર બજેટમાં નોંધપાત્ર વધારો કર્યો છે તે માટે રાજયના નાણા મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું અને અંદાજ પત્રને મારું અનુમોદન આપું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર રાજયના ખેડૂતોને ખૂબ મોટી અપેક્ષા અને આશા હતી. પણ જ્યારે ટી.વી. માં સાંજે જોયું બજેટ ત્યારે આ રાજયનો ધરતી પુત્ર અને આ જગતનો તાત ખૂબ જ નિરાશ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, કપાસના આટલા મોટા આંદોલનો થયા, સરકારનું ખેડૂતોએ ખૂબ જ ધ્યાન દોર્યું ત્યારે ખેડૂતોને એમ હતું કે આવનારા બજેટમાં કપાસ વિશે સરકાર કાંઇક ખેડૂતોને રાહત આપશે, કપાસમાં પણ કાંઇ એને રાહત ન મળી. જ્યારે બે વર્ષ પહેલા સભાઓ થતી હતી ત્યારે આપણા ગુજરાતના એક આગેવાન પ્રવચન કરતા, મારા ભાઇઓ બહેનો અમારી સરકાર આવશે તો ૧૫૦૦ રૂપિયા કપાસના કરશું પણ બે મણના, આમ આંગળીઓ રાખતા. આ ખેડૂતો બધા સમજી ગયા છે માટે આવી નબળી વાતો કરીને તમે મત લઇ ગયા છો હવે ખબર પડશે? આ બજેટમાં હમણા એક વાત થઇ કે, રાજયના ખેડૂતો માટે એક નવી પાક વીમા યોજના આવી છે. આ યોજનાની અંદર સરકારે એવો પરિપત્ર જાહેર કર્યો છે કે, ખેડૂતો ૩૧ માર્ચ પહેલા એનું ધિરાણ ભરી દેશે તો એને ૩ ટકાની રાહત આપવાંમાં આવશે. પણ ૩૧ માર્ચ પહેલા ભરી દે તો. ખેડૂતનો દીકરો ૩૧ માર્ચ પહેલા ક્યાંય ભરી શકે? એના ઘરમાં પૈસા મેં–જૂનમાં આવે. આવી ખોટી વાતો કરી ખેડૂતોને ભરમાવે નહીં એ પણ મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ગીર વિસ્તારમાં એક નવો કાયદો લાવ્યા છે ઇકો સેન્સેટિવ ઝોન. આ ઝોન અમારે ત્યાં એવો ફીટ કર્યો છે ૦ થી ૧૦ કિલોમીટર જંગલની બોર્ડરમાં આ ઝોન લાગુ પડે છે, આમાં ૧૭ વિધાનસભાની સીટો આવે છે. ૦ થી ૧૦ કિલોમીટરની અંદર ખેડૂતને એની વાડીએ કૂંડી બાંધવી હોય તો એણે જંગલ ખાતાની મંજૂરી લેવા જવું પડે, ખેડૂતે એની વાડીએ ઓરડી બાંધવી હોય, ઢાળિયું બનાવવું હોય તો એક ભાઇને પેલા જંગલ ખાતાની મંજૂરી લેવા મોકલવા પડે, ખેડૂતે પોતાની વાડીએ ટ્રેક્ટર લઇને પાવડો હાંકવા જવું હોય કે પાળો બાંધવા જવું હોય તો એક ભાઇએ જંગલ ખાતાની ઓફિસે જવાનું, મંજૂરી લેવાની પછી જ આ ટ્રેકટર તેની વાડીએ ઘૂસે. સિંહને અવાજ આવે છે તે કહે છે ડિસ્ટર્બ થાય છે.

પોઇન્ટ ઓફ કલેરીફિકેશન

ઇકો સેન્સેટિવ ઝોન જાહેર કરવા અંગે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સુપ્રીમ કોર્ટની જે સૂચના છે તે મુજબ ઇકો સેન્સેટિવ ઝોન જાહેર થયેલો છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તો એણે સુપ્રીમ કોર્ટને પણ કહેવું જોઇએ હું આ વાત કહેવા માગુ છું. આવા •(×××) ખેડૂતો ઉપર જયારે આવતા હોય ત્યારે રાજય સરકારે ધ્યાન દોરવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૪, ૧૯૩૭ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરુ કે હમણાં જ મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી યુવાનોની રોજગારીની વાતો કરતા હતા. ગઇકાલે આપે પેપરમાં વાંચ્યુ હોય તો એક યુવાને ઝેર પીધું. આ રાજયની અંદર રોજગારીની વાતો થાય છે પણ આ ગુજરાતના યુવાનો આજે આત્મહત્યા કરી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, એ યુવાન પાટીદાર યુવાન હતો. આ પાટીદાર યુવાને..

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ, યુવાનની વાત કરો તેમાં કોઇ સમાજને લાવવાની જરૂર નથી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તે યુવાને સ્યુસાઇડ નોટ લખી છે. તેણે સ્યુસાઇડ નોટના લખેલા શબ્દો આ સ્યુસાઇડ નોટમાં ઉલ્લેખ કરાયો છે કે, હું સરકારને વધારે એક જીવ આપું છું. જેથી સરકારને સમજણ આવે. હું સરકારને કહેવા માગુ છું કે, વહેલી તકે અનામત આપે નહીંતર કેટલાયની બલિ ચડી જાશે આ પગલુ ભરું છું જેથી સરકારને ખબર પડે. સરકાર જાણે નીંદરમાં હોય તેમ લાગે છે. પાટીદાર અત્યાચાર દયાવાન અત્યારનો દયાવાન બની ગયો છે. ચાર ચાર વર્ષ ફેઇલ થયા છતાં આ સરકાર ઉપર સ્યુસાઇડ નોટમાં આક્ષેપ આવે તો આ સરકાર માટે શરમજનક બાબત કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ૨૮મી તારીખે મહેસાણાની અંદર એક મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. આ સંમેલનમાં તેને પરમિશન નહોતા આપતાં. અમારી માતા–બહેનોએ નક્કી કર્યુ પરમિશન કેમ ના મળે ? અને જયારે થાળી–વાટકા મૂકીને *(×××) નક્કી થયુ એટલે પરમિશન આપવી પડી.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપણે હાઉસમાં શિસ્તની ભાષાનો પ્રયોગ કરીએ મી. રીબડિયા આ તમારી જાહેરસભા નથી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં સભ્યશ્રી કેશાજીએ વાત કહી જી.ઇ.બી.ની કે પહેલાનાં જમાનામાં ટ્રાન્સફોર્મર ૧૫ દિવસે ચડતા જેને અમારે ત્યાં ટી.સી.કહે. માનનીય અધ્યક્ષશ્રી, હું સભ્યશ્રીનું ઘ્યાન દોરવા માગુ છું કે, અત્યારે શું સ્થિતિ છે. અત્યારે ખેડૂતને એક વખત ટી.સી.બળ્યું હોયને એનું એ ટી.સી.કોઇ ટેકનિકલ ખામીને હિસાબે પાછું એ જો પાંચ કે છ મહિનાની અંદર બીજી વખત બળ્યું તો એ ખેડૂતને એક એક મહિના સુધી ટી.સી. ચડાવવામાં આવતું નથી.

ઉપાધ્યક્ષશ્રી :આપની પાસે એક મિનિટ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એ ખેડૂત પાસે લોડ વધારાનું તગડું બિલ વસૂલ કરીને પછી ટ્રાન્સફોર્મર ચડાવવામાં આવે છે. આ ખેડૂતને સરકાર દ્વારા બહુ મોટું નુકસાન થાય છે. જી.ઇ.બી.ની જ વાત કરું ઉદ્યોગ અને ખેતીમાં કેમ આટલો ફરક છે ? માનનીય સૌરભભાઇ આપને પણ કહું છું કે ઉદ્યોગમાં તમે સો હોર્સ પાવરનું કનેકશન હોય તો દસ દસ ઇલેકટ્રીક મોટર ઉદ્યોગમાં ચલાવી શકીએ છીએ. પણ આ ખેડૂત ૫૦ એચ.પી.નું કનેકશન ધરાવતો હોય તો તેને ફકત ૧૦–૧૦ એચ.પી.ની બેજ મોટર ચલાવવી છે અને ૩૦ એચ.પી.વધે છે તો પણ પાવર ચોરીમાં તેને ફીટ કરી દેવામાં આવે છે આની સામે સરકાર કાંઇક વિચારે. હમણાં જ આપણાં સભ્યશ્રીએ વાતો કરી માતાઓ–બહેનોની. અરે,ભાઇ અમે તો આ પૃથ્વી ઉપરની કોઇ પણ માતા કદાચ વિદેશી હોય તેને પણ મા તરીકે બોલાવીએ છીએ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને સરકારના માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગુજરાત માટે વિકાસશીલ બજેટ લઇને આવ્યા છે તેમને હું આવકારું છું અને સમર્થન આપું છું અને આ બજેટમાં વાહન વ્યવહાર વિષય વિશે મારી વાત રજૂ કરવા માગું છું.

ગુજરાત જે ઝડપથી વિકાસ સાધી રહ્યું છે, તેને રેલ અને રોડ ઉપરાંત વૈકલ્પિક યાતાયાતથી જોડવામાં આવે તે અનિવાર્ય બની ગયું છે. ગુજરાતમાં વિકાસની સાથે સાથે લોકોની અપેક્ષાઓ તેમજ જરૂરિયાતો પણ વધી ગઇ છે. છેલ્લા દસકામાં ગુજરાતમાં લોકો દ્વારા વપરાતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. સને ૨૦૦૦ની સાલમાં ગુજરાતમાં વાહનોની સંખ્યા પર લાખ હતી, જે વધીને ૨૦૧૫–૧૬ના વર્ષમાં ૨૦૦ લાખ જેટલી થયેલ છે. ૨૦૧૨ની સ્થિતિએ દેશમાં ૧૦૦૦ વ્યકિતએ વાહનોની સંખ્યા ૧૨૧ હતી, જયારે ગુજરાતમાં ૧૦૦૦ વ્યકિતએ ૨૩૮ વાહનો છે જે ગુજરાતની સમૃધ્ધિ બતાવે છે.

વધુમાં, ગુજરાત દેશની કુલ વસતિના પ્રમાણમાં વાહનોની સંખ્યા ૧૩.૧૬ ટકા હતી જયારે ગુજરાતમાં કુલ વસતિના પ્રમાણમાં વાહનોની સંખ્યા ૨૩.૮૪ ટકા છે જે ગુજરાતના આર્થિક વિકાસનું પ્રતિબિંબ રજૂ કરે છે. ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા નાગરિકો માટે સેવામાં રોજિંદી ૧૧૦૦ જેટલી નવી ટ્રીપનો ઉમેરો કરવા માટે ૩૬૧ કરોડ રૂપિયાના ખર્ચથી ૧૬૦૦ જેટલી નવી બસો સંચાલનમાં મૂકવામાં આવશે. માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે મધ્યસ્થ યંત્રાલયના આધુનિકીકરણ બસસ્ટેશનો, ડેપો બિલ્ડીંગના આધુનિકીકરણ માટે ૧૧૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એવી રીતે નવરચિત આર.ટી.ઓ. કચેરી માટે ૩૭ કરોડ રૂપિયા, રાજયની તમામ ચેકપોસ્ટ અને આર.ટી.ઓ. કચેરીને મુખ્ય કચેરી સાથે સેન્ટ્રલ સરવરથી જોડવા માટે ૨૦ કરોડ રૂપિયા, સિંગલ વીન્ડો સીસ્ટમ અને કચેરીની સુધારણા માટે પર કરોડ રૂપિયા.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનો ઉપર વેરો વર્ષોથી લેવામાં આવે છે. જે ૨૦૦૧ની મહિનાની આવક ૬૮૫ કરોડ રૂપિયાની હતી, જેમાં સુધારો કરી ૨૦૧૫–૧૬ના વર્ષમાં ૨૭૧૫ કરોડ રૂપિયાની આવક ગુજરાત સરકારને થઇ છે. આર.ટી.ઓ. કચેરીમાં સરકારશ્રીએ અનેક સુધારાઓ કર્યા છે. મિત્રો, આજે પંદર વર્ષ પહેલાં કોઇ વ્યકિતએ લાયસન્સ મેળવવું હોય, તેમજ વાહનોની નોંધણી કરાવવી હોય તો આર.ટી.ઓ. કચેરીમાં ઘણી બધી બારીઓ સામે ઉભું રહેવું પડતું હતું. જેના કારણે વ્યકિતનો સમય, શકિત અને નાણાંનો વ્યય થતો હતો અને ઘણા બધા વચેટિયાઓ આવતા હતા તે બંધ કરાવી ફકત એક જ બારી પરથી લાઇસન્સ

તથા નોંધણીના દસ્તાવેજ મળે એવી સરકારે સગવડ કરી છે. સરકારશ્રી તરફથી લાયસન્સ તેમજ આર.સી. બૂક સ્પીડ પોસ્ટ દ્વારા વિતરણ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેના લીધે લોકોને વારંવાર આર.ટી.ઓ. કચેરીના ધક્કા ખાવા પડતા નથી. સમગ્ર દેશમાં આ નવો રાહ ચિંધવાનું કાર્ય ગુજરાત સરકારે કર્યું છે. ગુજરાત સરકારે વાહન વ્યવહાર સાથે સંકળાયેલા માર્ગ અને સલામતી માટે પણ જાગૃત્તી બતાવી છે. જે માટે સરકારે થ્રી-ઇ નામના અભિયાનની શરૂઆત કરેલ છે. વાહનોને લગતા ગુના અટકાવવા માટે સરકારે હાઇ સીકયોરીટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાવવાની કાર્યવાહી કરેલ છે. ગુજરાતમાં સમાજના બધા વર્ગોને ખાસ કરીને નવી પેઢીને ટ્રાફિકનું શિક્ષણ આપવું જરૂરી છે, જે માટે સરકારે ટ્રાફિક નિયમો સમજતા થાય તેમજ તેને સ્વીકારે તે બાબતનું શિક્ષણ શાળામાં આપવામાં આવે તે બાબતે શિક્ષણ વિભાગ સાથે રહીને પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં દર વર્ષે ૭૫૦૦ થી ૮૦૦૦ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. એટલા જ લોકોને અકસ્માતથી નાની મોટી ઇજાઓ થાય છે. આ અકસ્માતોમાં પાંચથી છ ટકા અકસ્માતો ડ્રાઇવરની ભૂલના કારણે થાય છે. માટે રાજય સરકારે ચિંતા કરીને એપ્રિલ, ૨૦૧૬ થી ઓટો સેઇફ ડ્રાઇવીંગ કૌશલ્ય નોલેજ પદ્ધતિ દાખલ કરવામાં આવી. આનાથી આવતા દિવસોમાં અકસ્માતોમાં જરૂર ઘટાડો થશે. આટલી કાળજી છતાં બસોનો અકસ્માત થાય તો રાજય સરકાર તરફથી ભોગ બનેલ લોકો માટે કે પરિવાર માટે આશ્વાસન અને આર્થિક મદદ આપવાનું કાર્ય કરેલ છે. નવસારી ખાતે આજથી એક મહિના પહેલા એસ.ટી બસ અકસ્માતમાં માર્યા ગયેલ ૪૧ વ્યકિતઓને ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે એમના પરિવારોની મુલાકાત લઇને દરેક કુટુંબને ચાર લાખની સહાય કરી છે અને ઇજા પામેલ દરેક વ્યકિતનો હોસ્પિટલનો તમામ ખર્ચ સરકારે ભોગવેલ છે. જે માટે હું વાહન વ્હાર મંત્રી તથા આનંદીબહેન પટેલનો અભિનંદન સાથે આભાર માનું છું.

સરકારશ્રી દ્વારા ચેકપોસ્ટની પ્રસંશનીય કામગીરી કરેલ છે. રાજયમાં પ્રવેશતા વાહનો કાયદાના નિયમોનું ચૂસ્ત પાલન કરે, ટેકસ ભરે એ ચકાસવા માટે ચેકપોસ્ટનું કોમ્પ્યુટરાઇઝેશન અને ઓટમેટિક વે બ્રીજની કામગીરીથી સજ્જ કરવામાં આવેલ છે. આ કામગીરીમાં ગુજરાત દેશમાં પ્રથમ રાજય હતું જેથી ભ્રષ્ટ્રાચાર બંધ થયો. કોમ્પ્યુરાઇઝેશન રજિસ્ટ્રેશન પદ્ધતિથી પહેલા ૩૨ કરોડની આવક હતી એ ૨૦૧૫-૧૬ માં ૨૭૫ કરોડની થઇ છે.

એસ.ટી. વાહન વ્યવહાર દ્વારા રાજયભરમાં દૈનિક ૨૫ લાખ પેસેન્જરોને પરિવહન સેવા પૂરી પાડી ઘર માટે અવિભાજય અંગ બની ગયેલ છે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ(લિંબાયત) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું અનુમોદન આપવાની અનુમતિ લઉં છું.

પ્રવાસન વિભાગ માટે રૂપિયા ૮૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેના અંતર્ગત પ્રવાસન નીતિ જાહેરાત કરીને પ્રવાસન વિભાગને પ્રથમ વખત જ ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવ્યો છે. મનુષ્યનો સ્વભાવ નવું જોવાનો, નવું જાણવાનો હોય છે. નવું જોવા અને જાણવા માટે મનુષ્ય નવી નવી જગ્યાએ ફરવા જવા માગતો હોય છે. ગુજરાતમાં ફરવા લાયક એવા અનેકવિધ સ્થળો આવેલા છે. ધાર્મિક સ્થળોની વાત કરું તો સોમનાથ, દ્વારકા, વિરપુર, શામળાજી, અંબાજી, ડાકોર જેવા અનેક ધાર્મિક સ્થળો અને હીલ સ્ટેશન સાપુતારા, કચ્છ. કચ્છનું સફેદ રણ, શબરીધામ, સાસણગીર જેવા અનેક સ્થળો આવેલા છે. સિમેન્ટ કોંક્રીટના મકાનોમાં રહીને કંટાળેલા લોકો કુદરતી સાનિધ્યને શોધતા હોય છે. ગામડાંની શેરીઓનું જીવન સમજે તો એને આનંદ માણવાનો પ્રયત્ન માનવ સતત કરતો આવ્યો છે.

રાજયના પ્રવાનસ ક્ષેત્રને વધુ સારુ અને આકર્ષક બનાવવા માટે જરૂરી તમામ સુવિધા અને સુલભ બનાવવાની દિશામાં પ્રવાસન વિભાગ સતત પ્રયત્નશીલ છે. આપના લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના પ્રવાસન વિકાસના દ્રષ્ટિકોણને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ પણ એટલા ઉત્સાહથી આગળ ધપાવી રહ્યા છે. વિવિધ પ્રવાસન સ્થળોના વિકાસ પ્રત્યેનો સકારાત્મક અભિગમ અને વ્યકિતગત રસ આ બાબતનું પ્રમાણ છે. એટલે પ્રવાસીઓની ગુજરાતમાં વધતી સંખ્યાને પ્રવાસન વિભાગની વિકાસની સાક્ષી પૂરવાર કરે છે. પ્રવાસન વિભાગના વિવિધ કાર્યોને રાજયની પ્રવાસન નીતિને વેગ મળ્યો છે એટલું જ નહિ પ્રવાસન સાથે જોડાયેલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વધુ રોજગારી મળી રહી છે.

રાજયના પ્રવાસન ક્ષેત્રની વિકાસ ગાથાને વધુ આગળ લઇ જવા માટે એના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. સરકારે પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રસંગ આધારિત પ્રવાસન પર ભાર મૂકયો છે જેના પરિણામ સ્વરૂપ નવરાત્રી મહોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, રમતોત્સવ અને તરણેતરના ભાતીગળ મેળા દર વર્ષે પ્રસંગ આધારિત ઉત્સવના રૂપમાં યોજવામાં આવે છે. જેને પ્રવાસીઓનો જબરજસ્ત પ્રતિભાવ પણ પ્રાપ્ત થઇ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, દેશના ખૂણે ખૂણે બિરાજમાન બાર જયોર્તિલીંગ દેશની એકતાનું પ્રતીક છે. તેમાંથી એક પહેલું જયોર્તિલીંગ સોમનાથ મંદિર છે. સોમનાથમાં ભગવાનના દર્શન કરવા માટે દેશ વિદેશથી લોકો આવે છે. જેના કારણે ત્યાંના સ્થાનિક લોકોને માટે રોજગારી ઉત્પન્ન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોક્ષનું દ્વાર છે દ્વારકા. ચાર ધામમાંથી એક ધામ છે દ્વારકા. જ્યાં વસે છે મુરલી મનોહર શ્યામસુંદર. સમૃદ્ધિનું એક અદ્ભૂત પ્રતિક છે શ્રી કિષ્ણની આ નગરી. દ્વારકાની ઝાંખીઓ જોવા માટે પણ ભકતોનો ધસારો કાયમ જ હોય છે. વિશ્વ પ્રસિદ્ધ આ દ્વારકા ખાતે દેશ વિદેશના પ્રવાસીઓ માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું પ્રદૂષણ રહિત અને કુદરતી સૌંદર્યથી ભરપૂર ગિરિમથક એટલે સાપુતારા. 'ગુજરાત કા આંખો કા તારા હૈ સાપુતારા' પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે આવેલ એક માત્ર ગિરિમથક

છે સાપુતારા. સાપુતારા પાસે ભગવાન શ્રી રામે શબરીના એંઠા બોર ખાધા હતા. અહીં શબરીધામ અને જાનકીવન જવા માટે પણ પ્રવાસીઓનો ધસારો રહે છે. જેના કારણે ત્યાંની હોટલો પણ ઉભરાઇ જતી હોય છે. ત્યાંના સ્થાનિક વેપારીઓને પણ આનો સારો એવો લાભ મળે છે. આદિવાસી સંસ્કૃતિના દર્શન પણ આપણને ત્યાં જોવા મળે છે. સાપુતારાના જોવા લાયક સ્થળોમાં સનસેટ પોઇન્ટ, બોટીંગ કરવા માટે, દેશ વિદેશથી લોકો સાપુતારામાં કુદરતી નજારો જોવા આવે છે. જેના લીધે ત્યાં સ્થાનિક લોકોને રોજગારી ઉપલબ્ધ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની વાત કરું તો કચ્છ તો પ્રવાસન માટે હિંદુસ્તાનનું તોરણ બની ગયું છે. ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર શ્રી અમિતાભ બચ્ચનજીએ ગુજરાતનો પ્રવાસ કર્યો ત્યારે જે કહ્યું છે તેના પરિણામે કચ્છના પ્રવાસન તરફ પર્યટકોનું આકર્ષણ અનેકગણું વધ્યું છે. અમિતાભ બચ્ચનજીએ એટલે જ કહ્યું છે કે–'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા, યહાં ખૂશ્બૂ હૈ ગુજરાત કી. કુછ દિન તો ગુજારો ગુજરાત મેં '. એમના આ શબ્દો પ્રવાસીઓના મનને સ્પર્શી જાય છે. ૨૦૧૨થી શરૂ થયેલ આ કચ્છ રણોત્સવની ઉત્તરોત્તર સફળતા અને પ્રવાસી પ્રેમીઓના આકર્ષણના કારણે પહેલાં ત્રણ દિવસ ચાલતો રણોત્સવ આજે ત્રણ–ત્રણ મહિના સુધી ચાલે છે. મને કહેતા આનંદ થાય છે કે માતૃતુલ્ય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે આ વર્ષે જયારે અમોને મહિલા ધારાસભ્યોને રણોત્સવના ઉદ્ઘાટનમાં જવાની તક મળી હતી ત્યારે અમે કચ્છનું કુદરતી સૌંદર્ય અને નયનરમ્ય નજારો જોઇને દંગ થઇ ગયા હતા. કચ્છના સફેદ રણનો પુનમની ચાંદની રાતનો અલૌકિક સૌંદર્યનો નજારો જોઇને આપણે વિદેશમાં હોઇએ એવી અનુભૂતિ થઇ રહી હતી. છેલ્લા ૪૫ વર્ષમાં કોઇની જે તરફ નજર ગઇ નહોતી તે કચ્છના પ્રાકૃતિક સૌંદર્યને આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રણ મહોત્સવના સફળ માધ્યમથી વિશ્વના પ્રવાસન ફલક પર મૂકી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સુરત શહેરની વાત કરું તો સુરત શહેરમાં ૧૬મી સદી દરમ્યાનનું ગોપી તળાવ આવેલું છે. શહેરની શોભા માટે મલક ગોપીએ સન ૧૫૧૫માં આ તળાવ બનાવ્યું હતું. સુરતના નવાબ હૈદરઅલીખાને શહેરની ફરતે દિવાલ બાંધવા માટે તળાવના પથ્થરો ખોદી નાખ્યા હતા. ત્યાર બાદ તળાવનો પટ ભગ્ન થઇ ગયો હતો. આટલા વર્ષો પછી એસ.એમ.સી. દ્વારા તળાવમાં પાણી ભરીને ૪૮.૨૮ કરોડના ખર્ચે તેનું રીડેવલપમેન્ટ કરાવવામાં આવ્યું હતું. આ ગોપી તળાવ સુરતના લોકો માટે એક નજરાણું બન્યું છે અને તેની આજ દિન સુધી આઠ લાખ લોકોએ મુલાકાત લીધી છે. સુરત મહાનગરપાલિકાને રૂ. ૨૭.૭૪ લાખની આવક થઇ છે. મુખ્યમંત્રી આનંદીબેનની સૂચનાથી આ ગોપીકલા ઉત્સવ–૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં અંદાજે ૩૦૦ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમો થયા હતા. અંદાજે ચાર લાખ જેટલા લોકોએ તેમાં ભાગ લીધો હતો. ગુજરાતના પ્રવાસન ધામ માટે મને એક શાયરી યાદ આવે છે.

' ગુલશન ગુલશન ફૂલ ખિલે હૈં, પંખ લગી વિકાસ કો.
જો સ્વર્ગ ન દેખા હો તો દોસ્તોં, આ કર દેખો ગુજરાત કો. '

અધ્યક્ષશ્રી : સંગીતાબહેન, આપનો સમય પૂરો થાય છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાણામંત્રીશ્રી ૨૦૧૬–૧૭ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે ત્યારે એમાં સામાજિક ઉત્થાનના કાર્ય માટે સૌથી વધારે બજેટની ફાળવણી કરી છે. આ વર્ષે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના, આર્થિક રીતે પછાતવર્ગના, લઘુમતી, વિચરતી અને વિમુક્ત જાતિઓ માટેની બજેટમાં જોગવાઇઓ છે. આ સરકાર એમના ઉત્થાન માટે કામ કરી રહી છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી મળ્યા બાદ સમાજનો સર્વાંગી વિકાસ થાય તે માટે બંધારણમાં જોગવાઇઓ કરી અને અધિકારો આપ્યા છે. સમાજનું કોઇપણ અંગ પછાત ન રહેવું જોઇએ. કોઇપણ સમાજ પોતાની જગ્યાએ કોઇપણ કારણસર સામાજિક રીતે પછાત હોય, આર્થિક રીતે પછાત હોય, વિચરતી અને વિમુક્ત જાતિનો હોય તો એના ઉત્થાન માટે અને એના ઉત્કૃષ્ટ વિકાસ માટેનું આ બજેટ છે. વિકસીત સમાજની હરોળમાં લાવવા માટે અને આ સમાજના વિકાસ માટે નિયામકશ્રી સમાજ કલ્યાણ નામનો વિભાગ શરૂ કર્યો. ૧૯૯૦થી ૨૦૦૦ સુધી એટલે કે દસ વર્ષના ગાળામાં આ વિભાગ દ્વારા સમાજના ઉત્થાન માટે રૂ.૫૭૨/– કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી. ૨૦૦૧ થી ૨૦૧૫ સુધી સતત ભારતીય જનતા પાર્ટી રાજ્યમાં સત્તા પર આવી છે અને આ સમાજના ઉત્થાન માટે બજેટમાં સતત વધારો કર્યો છે. ૨૦૦૧થી ૨૦૧૫ના ગાળા દરમિયાન રૂ.૪૫૪૨/– કરોડ આ સમાજ માટે ફાળવ્યા છે. એટલે સરેરાશ ગણીએ તો દર વર્ષે રૂ.૩૦૦/– થી ૫૦૦/– કરોડનું બજેટ આ સમાજ માટે ફાળવવામાં આવ્યું છે. બક્ષીપંચના દીકરા–દીકરીઓને ભણવા માટે વધુ સારી સુવિધા મળે એ માટે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ધોરણ ૧ થી ૮ માં ભણતા વિદ્યાર્થીઓને ૨૦૦૦ની સાલ પહેલાં અને પછી પણ વેકેશન ખૂલે ત્યારે એના માટે શિષ્યવૃત્તિ અને મફત ગણવેશ આપવાની યોજના છે. ૨૦૦૦ની સાલ પહેલાં નવેમ્બર–ડિસેમ્બરમાં આ યોજનાની અમલવારી થતી હતી અને ખૂબ ફરિયાદો આવતી હતી. ૨૦૦૦ની સાલ પછી વેકેશન ખૂલતાની સાથે જ પ્રવેશોત્સવમાં જ એમને શિષ્યવૃત્તિ અને નાના ભૂલકાઓને ગણવેશ આપવામાં આવે છે. આ રીતે આ યોજનાની સારામાં સારી અમલવારી આ સરકારે કરી છે. ૨૦૦૦ની સાલ પહેલાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વિદેશમાં જવું પડે તો કોઇ સહાય મળતી ન હતી. ૨૦૦૧થી ૨૦૧૪ સુધીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને વિદેશમાં મેડિકલ, એન્જિનિયરીંગ, કમ્પ્યુટર, પી.એચ.ડી. અથવા તો ઉચ્ચ શિક્ષણની તાલીમ લેવાની હોય અને ભણવા જવું હોય તો તેમને લોન સહાય કરવામાં આવે છે. આ સહાયમાં ૨૦૦૧થી ૨૦૧૪ સુધીમાં ઉત્તરોત્તર વધારો કરીને રૂ.૧૫/–લાખની લોન સહાય આપવામાં આવે છે. એવી

જ રીતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૦૦ પહેલાં પાયલોટની કોમર્શિયલ તાલીમ લેવી હોય તો ફક્ત રૂપિયા બે લાખની લોન મળતી હતી. પાયલોટની તાલીમના ટ્યુશન માટે અત્યારે ૨૫ લાખ રૂપિયા સુધી આપણે આ સમાજના બાળકને આપીએ છીએ. ૨૦૦૦ના વર્ષ પહેલા વિભાગ દ્વારા પાયલોટની તાલીમના ટ્યુશન માટે ફક્ત બે લાખની લોન મળતી હતી. આ સરકારે ૨૦૦૧થી ૨૦૧૫ના ગાળામાં અત્યારે ૨૫ લાખ રૂપિયા સુધી એને લોન સહાય આ સમાજના બાળકોની ઉચ્ચ કારકિર્દી માટે આ વિભાગ આપે છે. ૨૦૦૦ના વર્ષ પહેલા આ રાજયની અંદર આદર્શ નિવાસી શાળાઓ અમલમાં હતી પરંતુ એમાં મદદનીશ શિક્ષકો, આચાર્યશ્રીઓની ભરતીનો લગભગ બાન હતો એનું પરિણામ એ આવ્યું કે એસ.એસ.સી.માં ૪૦ થી ૪૫ ટકા પરિણામ આવતું આદર્શ નિવાસી શાળાઓમાં પણ ૨૦૦૦ની સાલ પછી આ શિક્ષણ વિભાગ અને આ ઓ.બી.સી. વિભાગે એમની ખાસ કાળજી લીધી છે. આ સમાજ માટે જે કરવું ઘટતું હતું એ કર્યું. એમાં ૯૦ જેટલા મદદનીશ શિક્ષકોની ભરતી કરી. ૨૬ જેટલા આચાર્યોની ભરતી કરી અને પરિણામે આદર્શ નિવાસી શાળાઓમાં સતત ઉન્નતિ થતી ગઇ. છેલ્લે છેલ્લે ૯૯.૬૬ ટકા આદર્શ નિવાસી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનું એસ. એસ.સી.માં પરિણામ આવ્યું. આ સરકારે અને વિભાગે સમાજ માટે કાળજી લીધી કહેવાય. જે એની જવાબદારીઓ છે આવાસની, એમાં આ સમાજ વિચરતી જાતિ, લઘુમિત જાતિ અને જે ખૂબ આર્થિક રીતે પછાત હોય એમને આવાસની યોજના પણ આ વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ૨૦૦૦ના વર્ષ પહેલા ૩૧૧૩૫ લાભાર્થીઓને ફકત ૧૭.૯૪ કરોડ રૂપિયાની દસ વર્ષમાં સહાય આપવામાં આવી. ૨૦૦૧ થી ૨૦૧૨ આ દસકાની અંદર ૧,૬૫,૦૦૦ જેટલા લાભાર્થીઓને મકાન બનાવવા માટે ૩૫૭ કરોડ રૂપિયાની આ રાજ્ય સરકારે સહાય આપી જેમાં કલસ્ટર સહિત ૫૩૦ વસાહતો પણ બનાવવામાં આવી. આ વસાહતોનું એમના માર્ગદર્શન હેઠળ સરસમાં સરસ બાંધકામ થયું અને આ આવાસોને ભારત સરકારની વિચરતી અને વિકસતી જાતિના આયોગે પ્રસંશા કરી અને આ રાજયના મુખ્યમંત્રીની પ્રસંશા કરી અને અભિનંદન પણ કેન્દ્રના આ વિભાગે પાઠવ્યા છે. ગુજરાત રાજયની વિધાનસભાની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કમિટી, આપણી જાહેર સમિતિએ પણ આ વિભાગની કામગીરી, એના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સાનિધ્યમાં નાણામંત્રીશ્રી સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં ખાણ અને ખનિજ વિભાગમાં હું કહેવા માગુ છું અને મારું બજેટને સમર્થન અને શુભેચ્છા છે. જનતાલક્ષી અને ગરીબોની બેલી, સામાન્ય જનતાની અપેક્ષા પૂર્ણ કરવા માટે ખેડૂતોને મહિલાઓને અને યુવકોને પ્રોત્સાહન આપવા માટેનું આબજેટ છે. આ બજેટની અંદર સર્વ સમાજને ધ્યાનમાં રાખીને બેલેન્સ કરવા માટે કામગીરી કરવામાં આવેલી છે. ખરેખર તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રીએ દીર્ઘદ્રષ્ટિથી જોયું ત્યારે ખબર હતી કે ધરતીના પેટાળની અંદર ખૂબ ખનિજ રહેલા છે અને આ ખનિજનું ઉત્પાદન ગમે તેમ વેડફાઇ જતું હતું તે વેડફાય નહીં એટલા માટે અને સરકારે બજેટની આટલી બધી માગણી હોવા છતાં પણ ઓછામાં ઓછો ટેક્સ નાખીને સરકારશ્રીએ બેલેન્સ કરવા માટેના પ્રયત્નો કરેલા છે. એના આવકના સ્ત્રોત માટે ખાણ ખનિજ ગુજરાતના ધરતીના પેટાળની અંદર ખૂબ રહેલા છે. એની અંદર લાઇમ સ્ટોન, લીગ્નાઇટ, બોકસાઇટ, ગ્રેનાઇટ, માર્બલ, રેતી અને કપચી ડોલોમાઇટ ફલોરોસ્પાર જેવા અનેક ખનિજ આવેલા છે એની સરકારશ્રી તરફથી ખૂબ સારું વળતર લેવામાં આવે છે અને સરકારશ્રી તરફથી રોયલ્ટી કવર કરીને આ સરકારના બજેટની અંદર પૂરવણી થાય છે. પહેલાના સમયની અંદર જેમ ફાવે તેમ આ ખનિજોનું ખોદકામ થતું હતું. કોઇ બોલનાર નહોતું,કોઇ ટોકનાર નહોતું અને કોઇ કહેનાર નહોતું એમ ખનિજનું ખોદકામ થતું હતું અને એ ખનિજની લૂંટફાટ થતી હતી. ખનિજ માટે કોઇ કેર લીધી ન હતી. વહેવારવાદ અને વેપારવાદ ચાલી રહ્યો હતો. જેમ ફાવે તેમ ખોદકામ થતું હતું. લીઝમાં બ્લોક હોય એની બાઉન્ડ્રી હોય એ પણ ન હતી. આપણા દીર્ઘદ્રષ્ટા નરેન્દ્રભાઇએ આ વિષયને હાથ ઉપર લઇ ખૂબ જ ધ્યાન આપેલ હતું. ટ્રકો ઉપર કોઇ નિયંત્રણ ન હતું. ટ્રકોમાં બેફામ રેતી કે કોઇપણ ખનિજ ઉત્પાદન ભરીને જતા હતા ત્યારે કોઇ બોલતું ન હતું કે કોઇ કાંઇ જોતું પણ ન હતું. •(×××) પહેલાના સમયમાં આમાં ઘણું બધું થયું છે. લીઝની ઉપર કેમેરા લગાવવામાં આવ્યા છે. લીઝની ઉપર વે-બ્રિજ મૂકવામાં આવ્યા છે, જેના કારણે ખનિજની ચોરીમાં નિયંત્રણ આવ્યું છે. ઓન લાઇન રોયલ્ટી નીકળે છે અને રોયલ્ટી પણ સમય પ્રમાણે ૬ થી ૬ નીકળે છે. રોયલ્ટી પણ ખાસ મુદ્દાસરની નીકળે છે. પહેલાના સમયમાં રોયલ્ટી હતી નહીં અને હતી તો છાપેલી હતી. નામ લખે ના લખે, ગાડી નંબર લખે ના લખે અને આ રોયલ્ટી જતી હતી અને સરકારની આમદાનીમાં ખૂબ મોટું નુકસાન થતું હતુ. હાલના સમયમાં સૌરભભાઇના સાનિધ્યમાં ખૂબ સુંદર રીતે આનો વહીવટ થઇ રહ્યો છે. ખનિજમાં પણ ઓન લાઇન બ્લોકની હરાજી થાય છે. ઓફર કરવામાં આવી છે એમાં પણ ૧૪૭ બ્લોકની ઓન લાઇન હરાજી કરવામાં આવી છે. જાહેર જનતા માટે અખબારમાં, નોટિસ બોર્ડ અને વેબસાઇટ અને માધ્યમો દ્વારા ટેન્ડરો મગાવવામાં આવે છે અને તંદુરસ્ત રીતે આ ખનિજોનું ઓકશન કરવામાં આવે છે. એની આવક સરકાર ખૂબ સારી રીતે મેળવી રહી છે. જેના કારણે રાજ્ય સરકારને મહત્તમ આવક મળી રહી છે. આવકના આ સ્ત્રોત બાબતે ક્યારેય કોઇ સરકારે વિચાર્યું ન હતું. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે આ આવકના સ્ત્રોતો વિશે વિચાર્યું ત્યારે છેલ્લા ૧૫ વર્ષથી એની અંદર ઓછામાં ઓછો ટેક્સ નાખી આવક વધારવા માટે ખૂબ સુંદર રીતે આ વિષય ઉપર ધ્યાન આપીને ખનિજોમાં થતી ચોરી અને બેફામ લૂંટ ઉપર કાબુ મેળવી સરકાર ખૂબ સારી આવક મેળવી રહી છે. સરકારના વહીવટમાં પારદર્શિતા છે અને એના કારણે આ બ્લોકોની હરાજીમાં એક એક

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હેકટરમાં એક એક કરોડની આવક સરકારને થઇ રહી છે અને સરકાર પારદર્શક રીતે આ ખનિજોના ઉત્પાદન ઉપર નિયંત્રણ રાખી ખૂબ મોટી આવક આ લીઝોમાંથી મેળવી રહી છે. તમામ લીઝોમાં સરકારનો વહીવટ પારદર્શક હોવાથી ખૂબ સારી આવક થઇ રહી છે. મારા વિસ્તારમાં છોટા ઉદેપુર જિલ્લાની અંદર કડીપાણી ખાતે જી.એમ.ડી.સી.ને ફ્લોરોસ્પાન ખનિજ મળે છે. છેલ્લા ઘણા સમયથી આ ઉત્પાદન બંધ છે. ખરેખર ૧૦૦ વર્ષ ચાલે એવું ફ્લોરોસ્પાન ત્યાં છે. માનનીય સૌરભભાઇને વિનંતી કરું છું કે આમાં ધ્યાન આપે તો સારી આવક થાય તેમ છે. જી.એમ.ડી.સી.નો પ્રોજેક્ટ આજે અમારા વિસ્તારમાં બંધ છે. ખનિજ વિસ્તારમાં ખૂબ સુંદર રીતે સરકાર કામગીરી કરી રહી છે. પારદર્શિતાથી કામગીરી થતી હોય ત્યારે આવકખૂબ સારી થાય જ. આ સરકારમાં આમ આદમી અને આમ જનતાની સેવા થતી હોય અને એમને લાભો આપતા હોય ત્યારે ગરીબ અને આદિવાસીઓ માટે પૂરતું ધ્યાન અપાતું હોય અને બજેટની અંદર ઓછામાં ઓછો ટેક્સ નાખી અને કાર્યવાહી કરવામાં આવી હોય ત્યારે આવા આવકના સ્ત્રોતો ઉભા કરીને સરકારે ખૂબ સુંદર કામગીરી કરી છે. આ બજેટને આવકારું છુ, શુભેચ્છા પાઠવું છું અને અભિનંદ આપું છું કે ખૂબ સુંદર રીતે આ બજેટ મૂકેલ છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬-૧૭નું નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એને આવકારવા માટે અને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબેન પટેલ અને નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલને હું લાલપુર તાલુકાના તમામ વિદ્યાર્થીઓ વતી આભાર માનું છું કે, સરકાર દ્વારા સરકારી કોલેજ બનાવવા માટેની બજેટમાં જોગવાઇ કરી છે. બીજી વાત મારા લાલપુર તાલુકાની અંદર ગ્રામ પંચાયત સંચાલિત જે માધ્યમિક શાળા અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા હતી અને એની બિલ્ડીંગો એકદમ જર્જરિત થયેલી હતી અને વિદ્યાર્થીઓ બેસી શકે તેમ ન હતા એવા સંજોગોમાં માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરી અને નવી આઇટમ તરીકે ગ્રામ પંચાયત અને નગરપાલિકા સંચાલિત બિલ્ડીંગો બનાવવા માટે જે નાણાની જોગવાઇ કરી છે એ બદલ પણ હું એમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કહેવી છે કે, શક્તિસિંહભાઇ બોલવા ઊભા થયાં ત્યારે સૌરભભાઇને કહેતા હતા કે, ખેડૂતોને રાત્રીના સમયે પાવર સપ્લાય મળતો હોય છે અને ત્યારે પાણી વાળવામાં કેટલી મુશ્કેલી પડે? તમે મારી સાથે આવીને એક સમય આવો તો તમારાં ધ્યાન ઉપર આવે, ત્યારે મારે શક્તિસિંહભાઇને એટલું ચોક્કસ કહેવું છે કે સૌરભભાઇ પટેલ ખેડૂત છે પણ જાતે ખેતી કરી નથી પણ ખેડૂતની વેદના અને મુશ્કેલી સમજી શકે છે એટલા માટે ચાલુ વર્ષે ખેડૂત પોતાના ખેતરની અંદર પાણીની ટાંકી બનાવી શકે એના માટેની નવી આઇટમ તરીકે બજેટમાં જોગવાઇ લઇને આવ્યાં છે એટલા માટે સમગ્ર ગુજરાતના ખેડૂતો વતી હું નાણામંત્રીનો અંત:કરણપૂર્વક આભાર માનું છું અને અભિનંદન પાઠવું છું. સૌની યોજના. આ મહત્વની યોજના છે. બાકીના કામો ક્રમશ: વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૧૯માં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌની યોજનાની કામગીરી પૂર્ણ થયે, ઉપરોક્ત લીંક કેનાલ ચાર પાઇપલાઇન લીંક કેનાલ દ્વારા સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો ભરવા માટેનું આયોજન છે. જેના દ્વારા આશરે ચાર લાખ હેકટર જમીનને સિંચાઇનો વધારાનો લાભ મળશે. તેમજ સૌરાષ્ટ્ર વિસ્તારમાં અવારનવાર સર્જાતી જળ સમસ્યાનો અંત પણ આવશે. સૌરાષ્ટ્ર વિસ્તાર દાયકાઓથી ઓછા વરસાદના કારણે અછતગ્રસ્ત રહેલો છે. દર ત્રણ વર્ષે એક વર્ષ દુષ્કાળનો સામનો કરવો પડતો હોય છે. સૌરાષ્ટ્રના વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ ઊંધી રકાબી જેવી છે. જેમાં મધ્યમાં ચાટિલા અને જસદણ વિસ્તાર આવે છે. આ વિસ્તારથી બધી બાજુ ઢોળાવ છે. આ વિસ્તારમાં નીકળતી નદીઓ ટૂંકી લંબાઇથી દરિયાને મળે છે અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં કોઇ મોટી લાંબી કે બારમાસી નદીઓ આવેલી નથી. રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર વિસ્તાર માટે નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી ફાળવેલ છે. આ પાણી સૌરાષ્ટ્રના વિવિધ જળાશયોમાં પહોંચાડવા માટે રાજ્ય સરકારે ૧૦,૮૬૧ કરોડના અંદાજી ખર્ચવાળી સૌરાષ્ટ્ર નર્મદા અવસરણ સિંચાઇ યોજના એટલે કે સૌની યોજના અમલમાં મૂકી છે. નર્મદાના પૂરના વધારાના વહી જતાં પાણીને સુરેન્દ્રનગર નજીક ધોળી ધજા ડેમમાં લાવવામાં આવશે. ત્યાંથી ૧,૧૨૬ કિલો મીટર કુલ લંબાઇની ચાર લીંક કેનાલ દ્વારા સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયોમાં પાણી પહોંચાડવામાં આવશે. જેનાથી ૧૦,૨૨,૫૯૨ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળશે. આ મહાત્વાકાંક્ષી યોજનામાં કુલ ચાર લીંક કેનાલ થશે. એક મચ્છુ-૨ જે મોરબીથી જામનગર જિલ્લાના સાની ડેમ સુધીની લીંક નહેરની લંબાઇ ૧૮૦ કિલો મીટરની છે. આ લીંક કેનાલમાં ૦૨૨૫ મિલિયન એકર ફીટ પાણીનું વહન થશે. તેની અંદાજીત કિંમત ૧,૫૩૩ કરોડ છે. આ લીંક યોજનાથી રાજકોટ, જામનગર જિલ્લાના ૩૦ જળાશયોને કુલ ૨,૦૨,૧૦૦ એકર વિસ્તારને પાણીનો લાભ મળનાર છે. બીજી લીંક કેનાલ ભાવનગર જિલ્લાના લીંબડી ભોગાવો-૨ થી અમરેલી જિલ્લાના રાયડી ડેમ સુધીની લીંક નહેરની લંબાઇ ૨૫૩ કિલો મીટર છે. આ લીંક કેનાલથી ૦૨૬૯ મિલિયન એકર ફીટ પાણીનું વહન થનાર છે અને તેની અંદાજીત કિંમત ૩,૨૨૯ કરોડ રૂપિયા છે. આ લીંક કેનાલ યોજનાથી ભાવનગર, અમરેલી જિલ્લાના ૧૭ જળાશયોની કુલ ૨,૭૪,૭૦૦ એકર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. અત્રે ઉલ્લેખ્ કરવો જરૂરી છે કે આ યોજનાના એક ભાગરૂપે હાલમાં બોટાદ જિલ્લામાં બોટાદ તાલુકાના ચાર હયાત જળાશયો સુખભાદર, ગોમા, કાનિયાડ તથા કૃષ્ણસાગર જળાશયને નર્મદા યોજનાની બોટાદ બ્રાંચ નહેરમાંથી પાણી ભરવાની યોજના ૨૨૩.૭૧ કોરડના અંદાજીત ખર્ચવાળી પાઇપ લાઇન યોજનાના કામ પૂર્ણ થયેલ છે. જેનાથી બોટાદ, રાણપુર, ચુડા, સાયલા તાલુકાને આશરે ૮,૬૦૦ હેકટર જમીન વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. ત્રીજી જે લિન્ક કેનાલ છે એ સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમથી રાજકોટ જિલ્લાના વેણુ-૧ ડેમ સુધીની આ લિન્ક નહેર છે. જેની લંબાઇ ૨૪૫ કિલો મીટર છે, તેની અંદાજીત કિંમત ૨,૩૧૪/- કરોડ રૂપિયા છે. આ લિન્ક યોજનાથી રાજકોટ, જામનગર,

પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લાના ૨૮ જળાશયોને કુલ ૧,૯૮,૦૬૭ એકર વિસ્તારને પાણીનો લાભ મળનાર છે. એજ રીતે ચોથી લિન્ક કેનાલ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી–ભોગાવો ડેમથી જુનાગઢ જિલ્લાના હિરણ–૨ ડેમ સુધી લિન્ક નહેરની લંબાઇ ૪૪૮ કિલો મીટર છે. અને તેની અંદાજીત કિંમત ૩,૪૮૫ કરોડ છે. આ લિન્ક યોજનાથી રાજકોટ, જુનાગઢ, પોરબંદર, અમરેલી અને ભાવનગર જિલ્લાના ૪૦ જળાશયોને ૩,૪૭,૪૨૨ એકર વિસ્તારને પાણીનો લાભ મળનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોક્ત ચારેય લીન્ક યોજનાના બાર પેકેજના રૂપિયા ૬,૪૬૧ કરોડના કામો મંજૂર કરવામાં આવેલ છે અને આ કામો પાછળ ડિસેમ્બર, ૨૦૧૫ સુધીમાં રૂપિયા ૪,૫૮૩ કરોડનો ખર્ચ થવા પામેલ છે. મોટા ભાગના કામો પાઇપ લેઇંગના કામો શરૂ થઇ ગયેલ છે. પાઇપ લેઇંગની કુલ લંબાઇ ૨૩૦ કિલો મીટરમાંથી ૧૮૮ કિલો મીટરમાં લેઇંગનું કામ પૂર્ણ થયેલ છે. આ તમામ કામો સમયસર પૂર્ણ કરવા માટે આ વર્ષે ૧,૫૬૧/– કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ બજેટમાં કરવામાં આવેલ છે અને આગામી વર્ષમાં આ પ્રગતિ હેઠળના તમામ કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજનાના પ્રથમ તબક્કા હેઠળના ૧૨ પેકેજોની કામગીરીમાં નીચે મુજબની પ્રગતિ થયેલી છે. કટિંગ કેનાલ, રાજય સરકારે પાણીને બચાવવા માટે વધુમાં વધુ ખેડૂતોને સિંચાઇનો લાભ આપવા માટે કટિંગ કેનાલનો નવો કન્સેપ્ટ દાખલ કરી પાણીનો વપરાશ ઘટે, મહત્તમ સિંચાઇ ક્ષમતા પ્રાપ્ત થાય તે માટે હયાત કેનાલ માળખાના બદલે કટિંગ કેનાલ કરી ઉદ્વહનથી ખેડૂતોને પાણી આપવાની યોજના માટે બોટાદ, જામનગર તથા મોરબી જિલ્લાના કટિંગ કેનાલના કામોનું આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે ક્ષાર નિવારણના કામો પણ જળ સંપત્તિ વિભાગ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં કરવામાં આવનાર છે. સમગ્ર ભારતના દરિયા કાંઠાની લંબાઇમાં ૪,૮૦૦ કિલો મીટર પૈકી ગુજરાતમાં ૧,૬૦૦ કિલો મીટરની લંબાઇનો દરિયા કિનારો આવેલો છે. તે પૈકી સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના દરિયા કિનારાની લંબાઇ ૧,૧૨૫ કિલો મીટર જેટલી છે. ક્ષારની ગંભીર સમસ્યા તેમજ તેની વિનાશક અસરોને ધ્યાનમાં લઇને ક્ષારની સમસ્યાના અભ્યાસ તેમજ તેના નિવારણ માટે સરકારશ્રી દ્વારા અનુક્રમે વર્ષ ૧૯૭૬માં તત્કાલિન મુખ્ય સચિવશ્રી એચ.કે.એલ. કપુરના વડપણ હેઠળ ઉના – માધવપુર વિસ્તારમાં ઉચ્ચ કક્ષાની સમિતિ–૧ ની તેમજ તત્કાલિન મુખ્ય સચિવશ્રી કે. શીવરાજના વડપણ હેઠળ વર્ષ ૧૯૭૮માં ઉના–ભાવનગર તેમજ માધુપુર – માળિયાના વિસ્તાર માટે ઉચ્ચ કક્ષાની સમિતિ–૨ ની રચના કરેલ. ઉચ્ચ કક્ષાની સમિતિ–૧ દ્વારા ઉના–માધવપુર વિસ્તારમાં અંદાજીત કિંમત રૂપિયા ૧૦૦.૨૪ કરોડ તેમજ ઉચ્ચ કક્ષાની સમિતિ–૨ દ્વારા ઉના–ભાવનગર વિસ્તારમાં અંદાજીત કિંમત ૮૦૨.૫૪ કરોડ તથા માધુપુર–માળિયા વિસ્તારના અંદાજીત ૧૪૨૭.૮૭ કરોડની વિવિધ ક્ષાર નિવારણ કામના સુચવેલા કામો હતા. ઉચ્ચ કક્ષાની સમિતિ–૧ અને ૨ દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ભલામણ કરાયેલા કામો પૈકી અત્યાર સુધીમાં ૧૪ ભરતી નિયંત્રકો, ૩૨ બંધારાઓ, ૧૮ પુન:પ્રભરણ જળાશયો, ૩૨ પુન:પ્રભરણ તળાવો, ૨૨૦ કિલો મીટર વિસ્તરણ નહેર, ૬૭૨ એક ડેમો, ઘેડ વિસ્તાર સહિત ૨૧૪ કિલો મીટર રેડિયલની....

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય શ્રી જીતુભાઇ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીનું પ્રવચન જેમ સરકારની નીતિઓનું પ્રતિબિંબ પાડતું હોય છે એ જ રીતે નાણામંત્રીશ્રી બજેટ રજૂ કરે તે આર્થિક જોગવાઇઓ જે લઇને આવે છે તે સરકારની નીતિઓ અને યોજનાઓની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ખેડૂતપુત્રી અને રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ કરવાની ભા.જ.પ.ની નીતિના કારણે ગુજરાત વિકાસની પટરી પર એકધારી ગતિ કરી રહ્યું છે. એમાં ગતિશીલતા પૂરવાનું ઇંધણ માનનીય આનંદીબેનના માર્ગદર્શન નીચે નાણામંત્રી સૌરભભાઇએ બજેટ સ્વરૂપે પૂરીને ગુજરાતની વિકાસની પટરીને તેજ ગતિ આપવાનું કામ કર્યું છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને ભા.જ.પ.ની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજકાલ ભારત સહિતના દુનિયાના દેશોએ પ્રગતિનો આધાર માનવ સૂચકાંક બનાવ્યો છે ત્યારે ૨૦૧૬–૧૭નું ૮૫૫૫૭.૭૮ કરોડની વાર્ષિક વિકાસ યોજનાનું કદ લઇને આપણી સરકાર આ ગૃહ સમક્ષ આવી છે ત્યારે મારે કહેવું જોઇએ કે સામાજિક સેવાના સદરે ૪૦૨૮૫ કરોડ એટલે કે લગભગ ૫૦ ટકા જેવું બજેટ આ ગૃહમાં રજૂ થયું છે ત્યારે હું વિશેષ અભિનંદન આપું છું. આ બજેટ સર્વવ્યાપી, સર્વ જન હિતાય, સર્વ જન સુખાય લઇને આવ્યા છે ત્યારે મારે આ સભાગૃહ સમક્ષ એક વાત કરવી છે. આ સન્માનનીય સભાગૃહના એક સભ્ય જે રનીંગ સભ્ય હોય અને દેશના વડાપ્રધાન પૂર્ણ બહુમતી સાથે બને ત્યારે મને ગર્વ થાય છે. આ ગૃહના રનીંગ સભ્ય આદરણીય આનંદીબેન પટેલ મુખ્યમંત્રીશ્રી બને, આ જ ગૃહના સન્માનનીય રનીંગ સભ્ય મહાન દેશ અને મહાન ભારતીય જનતા પાર્ટીના બે બે વાર અમિતભાઇ શાહ રાષ્ટ્રીય અધ્યક્ષ બને. આ જ સભાગૃહના રનીંગ સભ્ય રૂલીંગ પાર્ટી ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ વિજયભાઇ રૂપાણી બને એટલું જ નહીં, આ સભાગૃહના સન્માનનીય અધ્યક્ષપદે આપ આદિવાસી સમાજનું નેતૃત્વ કરતા હો, ઉપાધ્યક્ષપદે દલિત સમાજના આદરણીય આત્મારામભાઇ પરમાર નેતૃત્વ કરતા હોય ત્યારે આથી વધારે ગૌરવની કોઇ બાબત હોઇ ન શકે. આવું ગૃહને કોઇએ સન્માન આપ્યું હોય તો એ પાર્ટી માત્ર ભારતીય જનતા પાર્ટી છે. મહેસૂલ વિભાગની વાત મારે અહીંયા કરવી છે. મારે નાણામંત્રીશ્રીને અભિનંદન પણ આપવા છે. જનસામાન્યને અસર કરતી આ મહેસૂલની બાબતો એ કુટુંબની અર્થવ્યવસ્થાથી માંડીને રોજીંદા જીવનમાં ખૂબ ખેડૂત, વ્યાપારી, વકીલ, સ્ત્રી, પુરુષ, સુખીસંપન્ન કે પછાત વર્ગને અસર કરતું હોય છે. આનંદીબેન પટેલે મહેસૂલી સેવાને લગતા અનેક પ્રશ્નોના ત્વરીત નિકાલ કર્યા છે ત્યારે ભા.જ.પ.ની સરકારે જમીનને લગતી વહીવટી કામગીરી આધુનિક ઓપ આપીને

ટેકનોલોજીના વિનિયોગથી ઝડપી, પારદર્શી, સરળ બનાવી છે. ૭/૧૨ અને ૮(અ)ના ઉતારા જમીનને લગતા દસ્તાવેજોની જરૂર હોય છે તે બધું જ એક જ જગ્યાએ આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવ્યું છે ત્યારે મારે એમને અભિનંદન આપવા છે. મહેસૂલી કાયદાનું સરળીકરણ, લોકાભિમુખ વહીવટ, ખેત જમીન રેકર્ડનું અપગ્રેડેશન, ખેડૂતલક્ષી કાયદાઓમાં એકસૂત્રતા, પશુપાલકોને લાભદાયી ગૌચર નીતિ જેવા જનલક્ષી નિર્ણયો રાજયની મહેસૂલ સેવા અન્ય રાજયને માટે આજે દાખલારૂપ બની છે. મારે કમ્પેર કરવું છે અહીંથી જયારે બજેટની વાત થતી હોય છે વિપક્ષી સભ્યો કહે છે ત્યારે છેલ્લી એમની સરકાર, છેલ્લી એટલા માટે કહું છું કે પછી આવી નથી અને હવે આવવાની નથી. ૧૯૯૧-૯૨માં વાર્ષિક યોજનાનું કદ ૧૭૫૦ કરોડ રૂપિયા હતું. ૧૯૯૨-૯૩માં ૧૮૭૫ કરોડ રૂપિયા હતું. ૧૯૯૩-૯૪માં ૨૧૭૦ કરોડ રૂપિયા હતું. ૧૯૯૪-૯૫માં ૨૨૪૦ કરોડ રૂપિયા અને અત્યારે વિપક્ષના નેતા અને જે તે વખતે મુખ્યમંત્રી હતા, કોંગ્રેસનો ટેકો હતો. બાબુભાઇ મેઘજીભાઇ શાહ નાણામંત્રી હતા. ત્યારે માત્ર ૪૫૦૦ કરોડ રૂપિયા. ૨૦૧૬-૧૭ નું બજેટ ૮૫,૫૫૭.૭૮ કરોડ. એટલે જો ૧૯૯૭-૯૮ કમ્પેર કરીએ તો ૧૮ ગણું બજેટ રાજ્યની જનતા માટે લઇને આવ્યા છે, ત્યારે વિશેષ અભિનંદન આપું છું. ૨,૮૯૩.૪૫ કરોડ રૂપિયાની મહેસૂલ વિભાગ હેઠળની પ્લાન અને નોન પ્લાન સદરે જોગવાઇ લઇને આવ્યા છે, ત્યારે અન્ય કુદરતી આપત્તિ હોય, ખેતીનો રી-સરવે હોય કે ડિજીટલ ઇન્ડિયાનું મહેસૂલ રેકર્ડ અને તેના પ્રત્યેનું સંકલિત વ્યવસ્થાપન ઊભું કરવાનું હોય કે જી.આઇ.સી. આધારિત ઇન્ટીગ્રેટેડ લેન્ડ મૅનેજમેન્ટ સિસ્ટમ દ્વારા નાગરિકોને પારદર્શક ગતિશીલ સુવિધા પૂરી પાડવાની જોગવાઇ લઇને આવ્યા છે, ત્યારે ભાવનગરની નવી કલેક્ટર ઓફિસ હોય સાથે સાથે મારે વાત કરવી છે. કાળિયાબીડનો એક વિસ્તાર જેની જમીન અંગે વર્ષો સુધી અહીયા વાતો થઇ, ત્યાં વાતો થઇ. એની રેવન્યુ સરવે નંબર કાયદેસર કરવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની આનંદીબેનની સરકારે કર્યુ છે, એટલે હું કાળિયાબીડની જનતા વતી આભાર માનું છું. ગૌચરની જાળવણી અને વિકાસની પ્રતિબદ્ધતા દર્શાવતી નીતિ આ સરકારે બનાવી છે. ગૌચર ડેવલપમેન્ટ મીશન અંતર્ગત ૧૭-૧-૨૦૧૫ ના ઠરાવથી એ નીચેના ગામના લોકોની કમિટી બની છે. એ.પી.એમ.સી. વિશેષ ધિરાણ મંડળીઓ, ખરીદ વેચાણ સંઘ આ બધાને ખૂબ સસ્તા દરે એટલે ૧૦ થી ૨૦ ટકાના જંત્રીની રકમથી જમીન ફાળવવાનું નક્કી કર્યુ છે, ત્યારે હું અભિનંદન આપું છું. કોંગ્રેસના શાસનમાં ખેડૂત એટલે કેવો? હથેળીની ચામડી ઉખડી ગઇ હોય, ચામડી બરડ થઇ ગઇ હોય, ગાલમાં ખાડા પડી ગયા હોય, આંખો અંદર જતી રહી હોય, બિચારો બાપડો થઇને કતારમાં ઊભો હોય. આ ભાજપની સરકારમાં શારીરિક ગુલાબના ગોટા જેવા ગાલ આપ્યા છે અને સ્વમાનભેર જીવી શકે છે. જમીન સુધારણાની અંદર અનેક ફેરફારો કરાયા છે. મહેસૂલ વિભાગ દ્વારા જમીન સુધારણા માટે ધરખમ ફેરફારો કર્યા છે. ગણોતધારા કલમ-૩૨-એ માં ખરીદ કિંમતમાં મુદત વધારો હોય, તેમાં કલમ-૭૦(ક) નવી દાખલ કરીને વિનિયમીત કરવા માટેની ચોક્કસ જોગવાઇઓ જમીન સુધારણા માટે કરી છે. એવી જ રીતે જમીન વેચનાર ખેડૂતને ઇક્વિટીનો ભાગ આપવા બાબતે સુધારો કરી ગુજરાત રાજ્ય દેશનું સૌ પ્રથમ રાજય બન્યું છે. ખેતીની જમીન વાળા બોનાફાઇડ પરચેઝર ખેડૂતો, સંસ્થાઓ બાબતોનો સુધારો તેમજ ઔદ્યોગિક હેતુ માટે ખેતીની જમીન ખરીદવા માટેની જોગવાઇનો મુદત વધારો કરવો, વેચાણ કરારો કરવા, ઇન્ડસ્ટ્રિયલ પાર્ક અંગેનો સુધારો, બિનકાયદેસર રીતે બિનખેડૂતવાળા જમીન ખરીદીને બનેલ ખેડૂતો અંગે કરવામાં આવેલા સુધારા અવિસ્મરણીય છે. સ્ટેમ્પ પ્રભાગમાં લાઇસન્સ સ્ટેમ્પ વેન્ડર આપ્યા. ફ્રેન્કિંગ મશીનો, ઇ-સ્ટેમ્પિંગ, સિક્યોરિટી કોમોડિટી, સ્ટેમ્પ ડ્યૂટી આ બધું કર્યુ. મને કહેતા આનંદ થાય છે ખેતીના દસ્તાવેજોનું વીડિયો રેકોર્ડીંગ કર્યુ. આ પહેલાં કોઇ ખેડૂત એ સુરક્ષિત નહોતો. *(xxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

